॥ શ્રી હરિઃ ॥

શ્રી વલ્લભસુધા

❑ વચનસુધા ❑

ખરી વાત છે, કે અહંકારના પોષણ વગર માણસને ચેન નથી પડતું. એને અહંકારનું પોષણ જોઈએ જ, પણ અહંકારનું પોષણ ભગવદીય દ્રષ્ટિએ કરી એ તો પતનની સંભાવના નથી, અને જો આપણી દ્રષ્ટિએ કરવા જશું તો, આત્મપતન થશે.

વલ્લભાચાર્યે એટલા માટે જ આ વિચારીને કહ્યું કે ''અભિમાનશ્ચ મંત્યાજ્ય'' (પોતે) ભગવદ્રૂપ હોવા છતાં આ ભાવના કરે છે કે, ''સેવકોહંનચાન્યથા'' મારી કોઈ સ્વતંત્ર મરજી હું રાખતો નથી. જ્યારે ભગવાન હોવા છતાં, ભગવાન સ્વતંત્ર મરજી રાખે છે, તો શ્રીહરિનો હરિ જે ભગવદ્ ભક્ત છે, જેને આચાર્યશ્રી કહે છે કે ''હરિનો પણ હરિ છે. હરે રિડપહરિસ્મૃત'' હરિ વિશ્વનું દુઃખ હરણ કરે, શ્રમનું નિવારણ કરે, પણ એના જે શ્રમનું નિવારણ કરે તો, ભક્ત હરિનો હરિ છે. એની મહાનતા શું હોવી જોઈએ? એમ ભગવદીનું સ્વરૂપ છે. એને પોતાના સ્વરૂપની વિસ્મૃતિ છે–એજ અવિદ્યા છે. આજે સ્વરૂપ વિસ્મૃત સમાજમાં પરિષદને એક શોષક સોસાયટી તરીકે નહીં ગણવાની. ઠીક છે, સમાજ જે છે એ ક્યારે થાય? સમાજ શબ્દની વ્યાખ્યા જ આ ''પશુનાં સમજ.સમાજસ્તુ સધર્મીણાં'' સધર્મી લોકોનું જે (સંગઠન) હોય એ સમાજ કહેવાય. સમજ (સંસ્કૃત શબ્દ પશુનું ટોળું) એક ટોળું. એ સમાજ નથી.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૫૦–૫૧)

ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો

❑ પ્લાસ્ટીકની પાતળી કોથળી જયાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

❑ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન.ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ **અંક : ૧**

વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **એપ્રિલ, ૨૦૦૧**

વાર્ષિક લવાજમ રૂ.૪૦/– **આજીવન લવાજમ રૂ.૫૦૧/–**

''શ્રીવલ્લભસુધા'' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

ચૈત્ર વદ ૪ તા. ૧૧–૪–૨૦૦૧ બુધવાર : ગો.શ્રીયદુરાયજી મહારાજ (મુંબઈ)નો તથા ગો.શ્રીયશોદાનંદજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

ચૈત્ર વદ ૬ તા. ૧૩–૪–૨૦૦૧ શુક્રવાર : પ્રથમેશ ગો.શ્રીલાલમણીજી મહારાજ (કોટા–જતિપુરા–મુંબઈ)નો તથા ગો.શ્રીત્રિલોકીભૂષણજી મહારાજ (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

ચૈત્ર વદ ૭ તા. ૧૪–૪–૨૦૦૧ શનિવાર : ગો.શ્રીવિઠ્ઠલનાથ પ્રભુ (નાથદ્વારા) પાટોત્સવ.

ચૈત્ર વદ ૧૧ તા. ૧૯–૪–૨૦૦૧ ગુરૂવાર : વરુથિની એકાદશી વ્રત. શ્રીમદ્‌વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીનો પ્રાકટય મહોત્સવ (સં.૧૫૩૫). શ્રીવલ્લભાબ્દ ૫૨૪ આરંભ.

ચૈત્ર વદ ૧૨ તા. ૨૦–૪–૨૦૦૧ શુક્રવાર : ગો.શ્રીવલ્લભલાલજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૩ તા. ૨૬–૪–૨૦૦૧ ગુરૂવાર : અક્ષય તૃતીયા. ચંદનયાત્રા, ત્રેતા યુગાદિ. જલકુંભદાન. શ્રીપ્રભુને આજથી બે માસ પર્યંત શીતોપચાર કરવો. ગો.શ્રીઅક્ષયકુમારજી (પોરબંદર)નો જન્મદિન. શ્રીપરશુરામ જયંતિ. અષ્ટસખા પૈકી ભક્ત કવિશ્રી કૃષ્ણદાસજીનો જન્મદિન (સં.૧૫૫૩). ગ્રીષ્મ ઋતુની શરૂઆત થઈ તે અષાડ સુદ ૫ સુધી.

વૈશાખ સુદ ૪ તા. ૨૭–૪–૨૦૦૧ શુક્રવાર : ગો.શ્રીપીતાંબરજી મહારાજ (કાંકરોલી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૫ તા. ૨૮–૪–૨૦૦૧ શનિવાર : અષ્ટસખા પૈકી ભક્ત કવિશ્રી સૂરદાસજીનો જન્મદિન (સં.૧૫૩૫). શ્રીનટવરલાલજી (અમદાવાદ)નો પાટોત્સવ (સં.૧૮૫૧).

વૈશાખ સુદ ૬ તા. ૨૯–૪–૨૦૦૧ રવિવાર : ગો.શ્રીકિશોરચંદ્રજી મહારાજશ્રી (માંડવી–જુનાગઢ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૭ તા. ૩૦–૪–૨૦૦૧ સોમવાર : તિલકાયત શ્રીગિરિધારીજી મહારાજશ્રીનો ઉત્સવ (સં.૧૬૯૦). ગંગોત્પતિ, ગંગાસપ્તમી, ગંગાપૂજન. ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ સુદ ૯ તા. ૨–૫–૨૦૦૧ બુધવાર : ગો. ચિ.શ્રીકૃષ્ણજીવનજી (મુંબઈ–ચેન્નાઈ)નો તથા ગો.શ્રીમુરલીમનોહરજી મહારાજ (માંડવી)નો જન્મદિન. (દશમનો ક્ષય હોવાથી આજે).

વૈશાખ સુદ ૧૨ તા. ૪–૫–૨૦૦૧ શુક્રવાર : મોહિની એકાદશી વ્રત. શ્રીહરિવંશજીનો જન્મદિન (સં.૧૫૫૯).

વૈશાખ સુદ ૧૩ તા. ૫–૫–૨૦૦૧ શનિવાર : ગો.ચિ.શ્રીરાજીવલોચનજી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૪ તા. ૬–૫–૨૦૦૧ રવિવાર : શ્રીનૃસિંહ જયંતિ વ્રત. ગો.ચિ.શ્રીરણછોડલાલજી (માંડવી–રાજકોટ)નો તથા ગો.ચિ.શ્રીરસિકરાયજી (માંડવી)નો જન્મદિન.

વૈશાખ સુદ ૧૫ તા. ૭–૫–૨૦૦૧ સોમવાર : પૂર્ણિમા. વૈશાખ સ્નાન સમાપ્તિ, કૂર્મ જયંતિ, બુદ્ધ જયંતિ, શ્રીરાધારમણનું પ્રાકટય, ભક્તશ્રી નરસિંહ મહેતાનો જન્મદિન.

॥ શ્રી હરિ: ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૧ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ એપ્રિલ, ૨૦૦૧

[ચોરાશી અપરાધ]

અપરાધ એકાવનમો : " જબતાંઈ રાજભોગ ન સરે તબતાંઈ મહાપ્રસાદ ન લેં."

શ્રીઠાકોરજીને રાજભોગ ધર્યા હોય ત્યારે અગાઉનો ધરેલો પ્રસાદ ઘરમાં હોય તે પણ ન લેવાય કેમ કે જ્યારે પોતાના સ્વામી આરોગી રહ્યા હોય ત્યારે સેવકે સાથોસાથ ભોજન લેવું એ અપરાધરૂપ ગણાય.

અપરાધ બાવનમો : " થાર–ભોગકો ઉઠાય, આચમન કરાય, ચોકા ફેર દઈએ"

શ્રીઠાકોરજીને રાજભોગ સરે ત્યારે ભોગનો થાળ જે હોય તે ઉઠાવી– પ્રસાદી ઠેકાણે ધરીએ. આચમન કરાવી–બીડા આરોગાવી બાદમાં જ્યાંથી થાળ ઉઠાવ્યો હોય ત્યાં (ચોકો દેવો) ગોબર, માટીથી પોતનું કરવું. આચમન કરાવ્યા પહેલા પોતનું ન કરાય.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર શ્રીબાબુભાઈ પી. નાયક— કડી

શ્રીમહાપ્રભુજીએ તત્ત્વાર્થદીપ નિબંધમાં સંન્યાસ નિર્ણય વિશે લખતાં કેટલાક જિજ્ઞાસુ વૈષ્ણવોને શ્રીભાગવતમાં બતાવેલો ત્રિદંડ સંન્યાસ વિધિપૂર્વક ગ્રહણ કરવાનો પ્રકાર બતાવ્યો છે. આપશ્રી આજ્ઞા કરે છે કે 'ત્રિદંડપરિગૃહ્ણીત સર્વશાસ્ત્રાવિરોધિતત્' એટલે કે ત્રિદંડવિષયક સંન્યાસ ઈષ્ટ સાધનોથી, ભ્રમિત થયા વિના, પુષ્ટિમાર્ગમાં પણ તુરીય—આશ્રમમાં ત્રિદંડ ગ્રહણ કરીને સંન્યાસ લેવામાં આવે તો પણ વૈષ્ણવને પશ્ચાતાપ જ પ્રાપ્ત થાય છે. તેથી આપશ્રીની કૃપાથી પુષ્ટિમાર્ગમાં સંન્યાસ કેવો હોય તેના વિચારનો પૂ.પા.ગો.શ્રીચાચા ગોપેશજી આરંભ કરે છે.

પશ્ચાતાપ નિવૃત્ત્યર્થં પરિત્યાગો વિચાર્યતે ।
સ માર્ગદ્વિતયે પ્રોક્તો ભક્તૌ જ્ઞાને વિશેષતઃ ॥ ૧ ॥

શ્લોકાર્થ: પશ્ચાતાપ દૂર કરવા માટે પરિત્યાગનો વિચાર કરવામાં આવે છે. એ ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગ એમ બે માર્ગોના ભેદથી જુદી રીતે કહેલો છે—૧

ભાવાનુવાદ : કલિકાલના દોષોને દૂર કરવા, કર્મમાર્ગીય કર્મ કરવામાં વિલંબ થવાથી કર્મનું ફળ ઉત્પન્ન થવામાં વિલંબ થાય છે. વળી જ્ઞાનમાર્ગીયનો પરિત્યાગ સદોષવાળો હોય છે. એટલે તેનું ફળ પણ જલદી મળતું નથી. જો કર્મમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં આવું જ હોય તો પછી પુષ્ટિમાર્ગમાં પરિત્યાગ કરવાનું શું પ્રયોજન છે? અહીં ગુરૂ કોણ? સાધન પણ કયું કરવાનું ? અને પરિત્યાગની વ્યવસ્થા પણ કેવી હોય? વગેરેનો અહીં વિચાર કરવામાં આવ્યો છે. આ પ્રમાણેના વિચારથી પુષ્ટિમાર્ગના પરિત્યાગનો નિર્ણય કરવામાં આવ્યો છે.

બીજી જગ્યાએ સંન્યાસનો નિર્ણય કરવા અને તેમ કરવા જતાં પશ્ચાતાપ થાય તો તે વખતે શું કરવું તેના ભાવનો અહીં હવે વિચાર કરવામાં આવે છે. તેવો પરિત્યાગ ભક્તિમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં કેવી રીતે કરવો તે કહેવામાં આવે છે. તે માટે શ્રીમહાપ્રભુજી વિશેષતઃ પદનો પ્રયોગ કરે છે.

'માર્ગદ્વિતયોક્તૌ અપિ' બીજો માર્ગ એટલે જ્ઞાનમાર્ગ સમજવો. તેનો ભાવ એવો સમજવો કે વેદ, સ્મૃતિ, પુરાણ અને ઈતિહાસ વગેરેમાં સર્વત્ર આ પ્રસિદ્ધ છે, પણ ભક્તિમાર્ગમાં તો ભગવાનનો કેવળ અનુગ્રહજ (કૃપા જ) ભજનાનંદની પ્રાપ્તિની યોગ્યતા પ્રાપ્ત કરવા અને વિરહની અનુભૂતિ માટે ભગવાન જ જીવનું વરણ કરે છે. તે હેતુથી વિશેષતઃ પદપ્રયોગ શ્રીમહાપ્રભુજી કરે છે. તેવો ભાવ સમજવો—૧.

હવે બીજા માર્ગ વિશે વિચારવાનું કહે છે અને તે કર્મમાર્ગીય માટે છે. તેનો શો હેતુ છે તેનું નિરૂપણ હવે કરે છે :

કર્મમાર્ગે ન કર્તવ્યઃ સુતરાં કલિકાલતઃ ।
અત આદૌ ભક્તિમાર્ગે કર્તવ્યતાદ્વિચારણા ॥ ૨ ॥

શ્લોકાર્થ : કલિકાલ હોવાને લીધે કર્મમાર્ગમાં જરાપણ ત્યાગ કરવો ન જોઈએ. ભક્તિમાર્ગમાં ત્યાગ કરવો યોગ્ય ગણેલ હોવાથી, આરંભમાં એ સંબંધી વિચાર કરીએ છીએ—૨.

ભાવાનુવાદ : ખરી રીતે તો જ્ઞાનમાર્ગમાં પણ સંન્યાસ ગ્રહણ કરવાનું કહ્યું નથી, કારણ કે જ્ઞાનમાર્ગમાં અનંત જન્મો પછી સિદ્ધિ પ્રાપ્ત થવાનું કહ્યું છે, પરંતુ તેમ છતાં પણ જ્ઞાનમાર્ગમાં દૈવની કૃપાથી પાક્ષિક જ્ઞાનસિદ્ધિ થવાનું કહેલું છે. તેથી તે કરવા યોગ્ય છે, પરંતુ કર્મમાર્ગમાં એમ કરવાનું કહ્યું નથી. 'કર્મમાર્ગે તુ ન કર્તવ્યઃ' એવા હેતુથી તે સરળ છે. 'સુતરામ્' એમ કહ્યું છે. અથવા શ્રીમહાપ્રભુજીએ એવો બોધ કર્યો છે. તેવો બોધ કરવાનું કારણ કલિકાલ છે તે બતાવ્યો છે.

કલિકાલને લીધે કર્મમાર્ગમાં દેશ, કાળ, દ્રવ્ય, કર્તા, કર્મ વગેરે શુદ્ધ રહ્યાં નથી. તેમની અશુદ્ધિને લીધે કર્મમાર્ગમાં ત્રણ કાળમાં પણ જલદીથી સિદ્ધિ મળવી અસંભવ હોવાથી તેનું ફળ સંદિગ્ધ છે. આથી જીવે કર્મમાર્ગમાં નિર્દોષ કર્મ હોય અને તે કરવું આવશ્યક હોય તો જ કરવું. તે હેતુથી જ્ઞાનમાર્ગીય પરિત્યાગનો વિચાર કરવામાં આવે છે. આવો વિચાર કરતાં પહેલાં પ્રથમ ભક્તિમાર્ગના પરિત્યાગનો વિચાર કરવામાં આવ્યો છે—૨.

—ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્ગારો

૯૧. પ્રભુનું સ્વરૂપ અને સૃષ્ટિની ઉત્પત્તિ

મૂળ સત્, ચિત્ત ને આનંદ. તે સત્ અને ચિત્થી એક રોમ ભાગ તેનાં કરોડો ભૂ મંડાયા. જડને મૂળ તો એમ ને એમ છે. ચિત્માંથી આ સર્વે જીવ નીકળ્યા છે, તે એના રોમમાંથી ચિત્ ભાગ એમને એમ રહ્યો.

આનંદમાંથી કરોડો ભગવત્સ્વરૂપ થયાં, પણ તે આનંદ એમનો એમ છે. જેના એક રોમમાં કરોડો બ્રહ્મા, કરોડો શિવ ને વિષ્ણુ અથડાયાં કરે છે, એવા પ્રભુ મોટા છે, માટે જેમ સેવાય તેમ સેવા કરવી, ને જેમ ભજન થાય તેમ કરવું, ફરી પ્રભુ મળે એમ નથી.

શ્રીગુસાંઈજીએ લખ્યું છે કે શ્રીકૃષ્ણની સેવા ને સ્મરણ એજ કર્તવ્ય છે એમ પત્રમાં લખે છે. ૯૧

☐☐☐

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

જેની રચના જોઈને ઘણો મોહ ઉપજે મંન
તે કર્તામાં શી ખામી હશે? તું જો ને વિચારી જંન
જન, પૂર્ણ મનોરથ થાશે તારો, ઘાટે શું મોહ્યો? તું જો ઘડનારો
તેને મળ્યે પૂર્ણાનંદ થાશે, ભવ વૈભવ તૃષ્ણા ટળી જાશે
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૩)

વિવેચન : ૮૧–૮૨ ચંદ્રાવળામાં કર્તાપણાના અભિમાનનો ત્યાગ બતાવ્યો. હવે આ ૮૩ માં કહે છે કે આ વિશ્વ એનું રચેલું છે, તેમાં અનેક મોહક વસ્તુ છે, તે મોહક નામ માયાની રચનામાં તું શીદ મોહીને રહ્યો છે, તેનો રચવાવાળો કોણ? તેને તું જોવા વિચાર કર.

આ વિશ્વની રચના પ્રભુએ કરી છે. તેમાં અનેક પહાડો, નદીઓ, વનસ્પતિઓ, અનેક જાતનાં જીવ, જાનવર, પશુ, પક્ષીઓ, બાગબગીચાઓ, નાના મોટા જળાશયો, સમુદ્રો, બારેમાસ વહેતી વિશાળ નદીઓ, વિગેરે એકથી એક સુંદરતાથી ભરેલી આ સૃષ્ટિ છે. તેમાં માનવજીવન છે, તે સર્વથી શ્રેષ્ઠ હોઈ, દરેકનો ઉપભોગ કરે છે.

સૃષ્ટિની સૌંદર્યતામાં વધારો કરતા અનેક વૃક્ષો, પત્રો, પુષ્પો, તે સહુના જુદા જુદા રંગો, જુદા જુદા આકારો, વૃક્ષો ઉપર લટકી રહેલ તરેહ તરેહનાં ફળો જેમ કે આંબા(કેરી), બોર, નારંગી, મોસંબી, રાણો, જાંબુ વિગેરે, ફૂલમાં ગુલાબ, મોગરો, ચમેલી, જાઈ, જાુઈ, સેવંતી આદી, ગણતા પાર ન આવે તેટલી જાતનાં ફૂલો, વિવિધરૂપ રંગેથી સર્જાયેલા છે. સવારમાં મીઠો કલરવ કરી પક્ષીઓ પોતાની કિલકારીથી વાતાવરણ આનંદમય બનાવી આપે છે. સવારમાં ખીલતું ફૂલ જોઈને મન લલચાય છે કે, હું આને તોડી લઉં, પરંતુ સાંજ પડતાં તે જ ફૂલ કરમાઈ જઈ જમીન ઉપર પડયું, તેનાં ઉપર પગ દઈને ચાલ્યા જાય તો પણ તેનો ખ્યાલ ન રહે.

આવી જ રીતે સંસારમાં વિવિધ દેશો, તરેહતરેહ માનવીઓના પણ રંગ છે. કોઈ કાળા, કોઈ ગોરા, કોઈ મધ્યમાં, દરેકનાં ચહેરા જુદા જુદા તેમજ દેશ દેશની ભાષા, રહેણી, કહેણી, આ બધું જુદું જુદું હોય છે, પરંતુ પરમાત્માને તો બધા સમાન જ હોય છે, કેમ કે રચના કરવાવાળો પોતે જ છે. તેવી જ રીતે નારી જાતિ, દરેક દેશના રિવાજ મુજબ વસ્ત્ર, ખોરાક, ભાષા, રહેન સહેન, બધું જુદું જોવામાં આવે છે. સુંદર રૂપ જોઈને મન મોહીત થાય છે. બધાને ઉપરની ચામડી છે ભીંતર હાડ માંસ રૂધિરનું બનેલું શરીર છે, છતાં સુંદર રૂપ જોઈ મોહીત થઈ જવાય છે. અને કવિશ્રી ટકોર કરે છે તું ઘાટમાં શું મોહ્યો, ઘાટને ઘડનારાને જો. આ તો બધી તેની રચેલી

માયા છે. તું માયા પતિને જોવાની ઈચ્છા કર. આ બધી નાશવંત છે. જળ ત્યાં સ્થળ, પહાડ ત્યાં ખાઈ અને આને પલટો થતાં વાર નથી લાગતી. એક ધરતીકંપ થાય ત્યાં ગામનાં ગામ જમીનમાં સમાઈ જાય, જળ ત્યાં સ્થળ થાય, મહેલ ત્યાં મશાણ બની જાય, આ તો ઈશ્વરી માયા છે, તે તો તરેહ તરેહનાં રૂપ ધારણ કરીને પોતાનામાં આકર્ષિત કરે છે. જ્યાં જીવન જ નાશવંત છે, પળ ની ખબર નથી, ત્યાં મનને માયામાં ભટકાવવામાં આનંદ માન્યો તે તો મિથ્યા જ છે. આનંદ ત્રણ પ્રકારના છે. બ્રહ્માનંદ, ભજનાનંદ અને વિષયાનંદ.

(૧) બ્રહ્માનંદ : જ્ઞાની પુરૂષ ઉંચ કર્મ કરી, જેમ કે તપ, તીરથ, યોગ, યાગ, વિગેરે તે પરિપૂર્ણ કરે તો બ્રહ્મમાં લીન થાય.

(૨) ભજનાનંદ : ભજનાનંદ સર્વથી શ્રેષ્ઠ જાણવો. તેમાં તો માયાને નહીં પણ માયાપતિને જોવા માટે જ પ્રયત્નો થાય છે. ભગવદ્ આશ્રય કરી તન, મન, ધનથી પ્રભુ પરાયણ જીવન વ્યતિત કરાય છે. પોતાનું સુખ નહીં, પ્રભુનું જ સુખ વિચારી, સ્વામી સેવકનો ભાવ રાખી, જીવન વ્યતિત કરાય, તે ભજનાનંદ છે.

(૩) વિષયાનંદ : આ સંસારમાં મોહિત થઈને રહેવું, સંસારી સુખ માટે જ દરેક પ્રયત્ન કરવા, સંસારી સુખની વિશેષ લાલસામાં દોડાદોડી કરી તેમાં જ જીવન પુરૂં કરવું, તે વિષયાનંદ. તેનું ફળ પણ કર્મને આધારે સુખ અને દુઃખ, જન્મમરણ આ પ્રક્રિયા ચાલુ રહે છે. તે માયામાં મોહિત થનારા જીવો માટે માયા જ ફળ છે. તે ઘડનારાને જોઈ શકાતા નથી. ત્યારે ભજનાનંદવાળા જીવો તો છળકપટથી દૂર રહે છે. મોહની માયાની ઝપટમાં ફસાતા નથી. આશા, તૃષ્ણા, મદ, અભિમાન, વિગેરેથી દૂર રહી, તે તો કેવળ માયાનાં પતિને જ જોવા ઈચ્છે છે. આમ જે જેને ભજે તેને તેની પ્રાપ્તિ થાય. સુંદરતા જગતની જોઈને શું મોહ્યાં અરે, તેનાં કરતાં ઘડનારો જે ભગવાન તેના મુખારવિંદની ઝાંખી કરવાની ઈચ્છા કર.

અક્ષણવતાં ફલમિદમ્ નપરંમ વિદામ્

આ શ્લોક વેણુગીતમાં ૭ મો શ્લોક છે કે, આ સંસારમાં જોવા જેવું કશુંજ નથી. કદાચ છે તો એક જ કે નંદનંદન યશોદોત્સંગ લાલિત તેનાં મુખારવિંદના દર્શન, તેનાથી વિશેષ કોઈ સુંદર નથી. આમ ગોપીજનોએ ગાયું છે. મતલબ કે માયામાં શું મોહ્યો, ઘડનારાને જો. જો વિચાર કરી, મનને પ્રભુપરાયણ કરાય તો જ સંસારમાં આવ્યા પ્રમાણ સમજવું. પ્રભુ પૂર્ણાનંદ છે તેને મળવાથી જ પૂર્ણાનંદ થશે. પૂર્ણમાંથી પૂર્ણ કાઢો તો પણ પૂર્ણ જ રહેશે. એક નંદનંદન સ્વરૂપ જ પૂર્ણરૂપ છે. આને જોંવાની ઈચ્છા કરો તો પછી સંસારનાં દુઃખ, સુખ, વૈભવ, તૃષ્ણા આ બધાનો મોહ ટળી જાશે. ધન્ય જેણે હરિ ગુણ ગાયા, સંસારીયામાં ધન્ય જેણે હરિગુણ ગાયા. બધા સંસારમાં તે નર જીત્યા, બાકી સહુ છે વહેવાયા, સંસારમાં. આ સંસારમાં આવીને જેણે પ્રભુનું ગુણાનુવાદ કર્યું તેજ જીવ ધન્યવાદને પાત્ર છે, કેમકે તેને આ વિશ્વનો ઘડનારો છે તેનો જ મોહ રહે છે. માટે જ કવિશ્રી કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૮૩)

॥ શ્રીહરિઃ ॥

શ્રીમદ્ વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.

ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

૧૨. બ્રહ્મવાદના કેટલાક સિદ્ધાંતો અને તેની સમજ

બ્રહ્મવાદના કેટલાક સિદ્ધાંતોનું દિગદર્શન કરાવતાં પહેલાં બ્રહ્મવાદનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે તો સમજનારા વર્ગને ઘણીજ સુગમતા રહે.

અમો પહેલેથી કહેતા આવ્યા છીએ કે ભગવાન શ્રીકૃષ્ણને જ બ્રહ્મ કહે છે. સ્મૃતિમાં જેને પરમાત્મા અને પુરાણોમાં જેને ભગવાન કહ્યા છે. તેને જ વેદોમાં બ્રહ્મસંબંધથી સંબોધિત કર્યા છે. 'બ્રહ્મ' શબ્દનો વેદ, શાસ્ત્રો આદિએ સમન્વિત અર્થ કર્યો છે–

નિર્દોષ પૂર્ણ ગુણ વિગ્રહ આત્મ તન્ત્રો નિશ્ચેતનાત્મકશરીર ગુણૈશ્ચ હીનઃ ।
આનન્દ માત્ર કર પાદ મુખોદરાદિઃ સર્વત્ર ચ ત્રિવિધ ભેદ વિવર્જીતાત્મા ॥ (નિ.શા.૪૪)

અર્થ : જે દોષ રહિત છે, સર્વગુણોથી સંપૂર્ણ છે, સ્વતંત્ર છે. જડ શરીરના ગુણોથી રહિત છે, કર, પાદ, મુખ તથા ઉદર ઈત્યાદિ અવયવ જેના આનન્દ માત્ર સ્વરૂપવાળા છે અથવા ત્રિવિધ ભેદ રહિત છે, તે બ્રહ્મ છે.

આવા બ્રહ્મના સ્વરૂપનું જ્ઞાન કરાવવાવાળો તે બ્રહ્મવાદ છે. બ્રહ્મના સ્વરૂપનું શાસ્ત્રોમાં આ પ્રમાણે વર્ણન કરેલું છે.

સર્વત્રઃ શ્રુતિ મલ્લોકે સર્વ માવૃત્ય તિષ્ઠતિ ।
અનન્ત મૂર્તિતદ્ બ્રહ્મ હ્યવિભક્તં વિભક્તિમત્ ॥ (નિ.શા.૪૪)

અર્થ : બ્રહ્મને ઈન્દ્રિય આદિ સર્વ છે. બ્રહ્મ સર્વત્ર વ્યાપ્ત હોઈને સ્થિતિ કરવાવાળા છે, તે અનંતમૂર્તિ છે. તે વિભાગ રહિત છે, અને (પ્રગટ થવાની ઈચ્છાથી) વિભાગવાળા છે.

સચ્ચિદાનન્દ સ્વરૂપં તુ બ્રહ્મ વ્યાપકવ્યયમ્ ।
સર્વ શક્તિ સ્વતંત્ર ચ સર્વજ્ઞં ગુણ વર્જીતમ્ ॥ (નિ.શા.૬૫)

અર્થ : બ્રહ્મ, સત્, ચિત્ અને આનંદ સ્વરૂપ છે. તે વ્યાપક છે, નાશ રહિત છે. સર્વશક્તિમાન છે, સ્વતંત્ર છે. સર્વજ્ઞ છે અને પ્રાકૃતગુણ રહિત છે.

સજાતીય વિજાતીય સ્વગતદ્વૈતવર્જીતમ્ ।
સત્યાદિ ગુણ સાહસ્ત્રૈર્યુક્ત મૌત્પત્તિ કેઃ સદા ॥ (નિ.શા.૬૬)

અર્થ : તે બ્રહ્મ સજાતીય, વિજાતીય, સ્વગત ભેદરહિત છે. અને નિત્યં સ્વાભાવિક સત્ય આદિ હજારો ગુણોથી યુક્ત છે.

સર્વાધારં વશ્યમા યમાનંદકારમુત્તમમ્ ।
પ્રાપંચિક પદાર્થાનાં સર્વેષાં તદ્વિલક્ષણમ્ ॥૬૭॥

અર્થ : બ્રહ્મ સ્વયં જગતનું આધારભૂત છે. માયાને વશમાં રાખવાવાળું, આનંદાકાર, ઉત્તમ અને સર્વ પ્રાપંચિક ગુણ પદાર્થોથી અને ધર્મથી વિલક્ષણ છે.

જગતઃ સમવાયિ સ્યાત્ તદેવ ચનિમિત્તકમ્ ।
કદાચિદ્ર મતે સ્વસ્મિન્ પ્રપંચ્ચેઽપિ ક્વચિત્સુખમ્ ॥૬૮॥

અર્થ : તે બ્રહ્મ જ જગતનું સમવાયિ કારણ છે, અને તે જ જગતનું નિમિત કારણ પણ છે. તે બ્રહ્મ ક્યારેક પોતાના સ્વરૂપમાં રમણ કરે છે. અને ક્યારેક પ્રપંચમાં સુખેથી રમણ કરે છે.

યત્ર યેન યતો યસ્ય યસ્મૈ યદ્યદ્યથા યદા ।
સ્યાદિદં ભગવાન્સાક્ષાત્પ્રધાન પુરૂષેશ્વરઃ ॥૬૯॥

અર્થ : જેના વિષયમાં, જેના દ્વારા, જેનાથી, જે સંબંધ દ્વારા જેને લીધે અને જે જે પ્રકારે જે થાય છે તે દેશ, તે હેતુ અને તે અપદાન, તે સંબંધ, તે પ્રયોજન અને તે પદાર્થ બધું જ પ્રધાન પુરૂષના નિયંતા સાક્ષાત્ ભગવાન શ્રીકૃષ્ણ છે.

અનન્તમૂર્તિ તદ્બ્રહ્મ કૂટસ્થં ચલમેવ ચ ।
વિરુદ્ધ સર્વધર્માણામાશ્રયં યુક્તગોચરમ્ ॥૭૨॥

અર્થ : તે બ્રહ્મ અનંતમૂર્તિ છે. સ્થિર અને ચલ પણ છે. આ વિરુદ્ધ ધર્માશ્રય છે, અને યુક્તિઓ માટે અગમ્ય છે.

આવિર્ભાવતિરોભાવૈર્મોહનં બહુરૂપતઃ ।
ઈન્દ્રિયાણાં તુ સામર્થ્યાદ દશ્યં સ્વેચ્છયા તુતત્ ॥

અર્થ : આવિર્ભાવ અને તિરોભાવ બ્રહ્મની શક્તિ છે. તે શક્તિઓ દ્વારા બ્રહ્મ નાના પ્રકારે મોહ ઉત્પન્ન કરે છે. તે ઈન્દ્રિયોના સામર્થ્યની બહાર છે, તેજ પ્રમાણે પોતાની ઈચ્છાથી દશ્ય પણ છે.

સ એવ હિ જગત્ કર્તા તથાપિ સગુણે હિ ।
ગુણાભિમાનિનો યે વૈ તદંશાઃ સગુણાઃ સ્મૃતાઃ ॥૭૩॥
કર્તા સ્વતંત્ર એવ સ્યાત્સગુણત્વે વિરૂધ્યતે ।

અર્થ : તે બ્રહ્મ જગત કર્તા છે તો પણ સગુણ નથી. ત્રણ ગુણોથી યુક્ત જે દેવતાઓને ગુણાભિમાની કહ્યા છે. તે બ્રહ્મના (ભગવાન શ્રીકૃષ્ણના) અંશ છે. તે દેવતા સગુણ છે. પરંતુ કર્તા તો સ્વતંત્ર જ હોય છે. સ્વતંત્રતામાં સગુણત્વ વિરુદ્ધ હોય છે.

૧૨—૧. બ્રહ્મનું સ્વરૂપ

શ્રીમદ્વલ્લભાચાર્ય પ્રભુએ બીજા સ્થળોમાં પણ બ્રહ્મનું સ્વરૂપ કેવું માન્યું છે તે વાતને આપણે હવે નિરૂપણ કરીએ છીએ. નિબંધમાં આપ આજ્ઞા કરે છે

યજ્ઞરૂપો હરિઃ પૂર્વ કાંડે બ્રહ્મ તનુઃ પરે ।
અવતારીહરિઃ કૃષ્ણઃ શ્રીભાગવત ઈર્યતે ॥ શા. ॥૧૧॥

અર્થ : વેદના પૂર્વકાંડમાં (ક્રિયા શક્તિ વિશિષ્ટ) યજ્ઞ રૂપ હરિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. જ્ઞાન પ્રવિષ્ટ બ્રહ્મરૂપનું ઉત્તરકાંડમાં નિરૂપણ કર્યું છે અને (ક્રિયા તથા જ્ઞાન ઉભય વિશિષ્ટ) અવતારી હરિ શ્રીકૃષ્ણનું ભાગવતમાં નિરૂપણ કરવામાં આવ્યું છે.

સુર્યાદિરૂપધૃક્બ્રહ્મ કાંડે જ્ઞાનાંગમીર્યતે ।
પુરાણેષ્વપિ સર્વેષુ તત્તદ્રૂપો હરિ સ્તથા ॥ (નિ.શા.૧૧)

અર્થ : સૂર્યાદિરૂપ ધારણ કરવાવાળા હરિ બ્રહ્મકાંડમાં જ્ઞાનનું અંગ કહેવામાં આવે છે. અને તે પ્રમાણે સર્વપુરાણોમાં પણ જે જે નામો લખવામાં આવ્યા છે તે તે રૂપ શ્રીકૃષ્ણ જ છે.

પંચાત્મકઃ સ ભગવાન્ દ્વિષડાત્મકોઽ ભૂત્ પંચદ્વયીશત સહસ્ત્ર પરા મિતશ્ચ ।
એકઃ સમોપ્યખિલ શેષ સમુજ્જ્ઝિતોઽપિ સર્વત્ર પૂર્ણગુણ કોપિ બહૂપમોઽભૂત ॥ (નિ.શા.૪૨)

અર્થ : તે બ્રહ્મ પાંચ રૂપ ધારણ કરવાવાળા છે. તે જ દ્વાદશ સ્વરૂપાત્મક છે. દશરૂપ પણ આપજ છે. તેજ પ્રકારે સો, હજાર અને અસંખ્ય વિભૂતિરૂપ પણ આપજ છે. તે સર્વત્ર અને બધાયમાં એકજ છે. સમ(સરખું)છે. સર્વદોષ વિવર્જિત છે. સર્વત્ર પૂર્ણ ગુણવાન પણ અનંત ઉપમાયુક્ત છે.

ભજનં સર્વરૂપેષુ ફલસિદ્ધયૈતથાપિ તુ ।
આદિમૂર્તિઃ કૃષ્ણ એવ સેવ્યઃ સાયુજ્યકામ્યયા ॥૧૩॥

અર્થ : શાસ્ત્રોમાં ફલસિદ્ધિ માટે ભગવાનના સર્વ રૂપોના ભજન કરવાનું કહ્યું છે. પરંતુ પરબ્રહ્મના વિષયમાં અને તેના દિવ્યરાજ્યમાં પ્રવેશની ઈચ્છા માટે તો અદિમૂર્તિ ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર એક જ સેવ્ય છે.

૧૨—૨. બ્રહ્મવાદ

'બ્રહ્મવાદ' શું છે તેનું દર્શન અહીં ખૂબજ સંક્ષેપમાં કરવામાં આવે છે. એનું અને એના સ્વરૂપનું વિસ્તૃત વિવેચન આગળ ઉપર કરવામાં આવશે.

શ્રીમદ્વલ્લભાચાર્યજીએ બ્રહ્મવાદની વ્યાખ્યા પોતાના ગ્રંથમાં આ પ્રમાણે કહી છે.

આત્મૈવ તદિદં સર્વ સૃજ્યતે સૃજતિ પ્રભુઃ ।
ત્રાયતે ત્રાતિ વિશ્વાત્મા હ્રિયતે હરતીશ્વરઃ ॥ (શા.૧૮૩)

અર્થ : આ જે કાંઈપણ દેખાય છે. તે સર્વ નિશ્ચયે આત્મા છે. (બ્રહ્મ જ છે) ને સ્વયં સૃષ્ટિ કરે છે. અને પોતે સૃષ્ટિ પણ બની જાય છે. વિશ્વાત્મા આપ રક્ષણ પણ કરે છે અને રક્ષિત પણ આપજ હોય છે. અને તે હરણ પણ કરે છે અને તે પોતાનું જ હરણ પણ કરવામાં આવે છે. આ વિશિષ્ટતા અને વિચિત્રતા છે.

આત્મૈવ તદિદં સર્વં બ્રહ્મૈવ તદિદં તથા ।
ઈતિ શ્રુત્યર્થમાદાય સાધ્યં સર્વૈર્યથા મતિ : ॥
અયમેવ બ્રહ્મવાદઃ શિષ્ટં મોહાય કલ્પિતમ્ ॥ (શા.૧૮૪)

અર્થ : આ સર્વે આત્મા જ છે. તે પ્રકારે આ બધાય બ્રહ્મ છે. સર્વ શ્રુતિઓનો આ જ અર્થ અને તાત્પર્ય છે. આ ગ્રહણ કરીને પુરૂષ માત્રે પોતાની બુદ્ધિ અનુસાર વેદાર્થ સાધ્ય કરવો જોઈએ. તેને બ્રહ્મવાદ કહે છે. બીજે જે કાંઈ કહેવામાં આવે તે બધું કલ્પિત છે. અને તેથી ભ્રામક છે.

અથોડયમેવ નિખિલૈરપિ વેદવાક્યૈઃ રામાયણૈઃ સહિત ભારત પંચરાત્રૈઃ ।
અન્યૈશ્ચ શાસ્ત્ર વચનૈઃ સહ તત્ત્વસૂત્રૈર્નિર્ણીયતે સહૃદયં હરિણા સદૈવ ॥

અર્થ : આ બ્રહ્મવાદના અર્થને ભગવાન્ શ્રીકૃષ્ણએ સમગ્ર વેદવાક્ય, રામાયણ, ભારત, પંચરાત્ર, અન્ય શાસ્ત્રોનાં વચન અને વ્યાસસૂત્રો દ્વારા, એકવાક્યતા કરીને, રહસ્ય સહિત સર્વકાળને માટે શ્રીમદ્ ભગવત્ ગીતામાં નિર્ણય કર્યો છે.

૧૨.૩ બ્રહ્મવાદ અને માયાવાદમાં ભેદ

શ્રીવલ્લભાચાર્ય દ્વારા પ્રતિપાદિત મતને બ્રહ્મવાદ કહે છે. અને શ્રીશંકરાચાર્ય દ્વારા પ્રવર્તિત મતને અમારે ત્યાં માયાવાદ કહેવાય છે. પાઠકોની જાણ માટે અહીં આ બંને વાદના સિદ્ધાંતોને જણાવવામાં આવ્યા છે. અને તેના ઉપરથી આપ જ નક્કી કરી લ્યો કે કેનો મત બ્રહ્મસૂત્રોને પ્રાકૃત અનુસરણ કરે છે.

શ્રીમદ્‌વલ્લભાચાર્યકા બ્રહ્મવાદ	શ્રીશંકરાચાર્યકા માયાવાદ
૧. જગત સત્ય છે. અને બ્રહ્મસ્વરૂપ છે. જીવ દ્વારા અહંતા—મમતા કહી કલ્પેલો સંસાર મિથ્યા છે. આ જગત વિશે પ્રવર્તતા બે પ્રકારનું છે.	૧. આ દશ્યમાન અને શ્રુત જગત બધું જ મિથ્યા છે. વેદ, સ્વર્ગ, વૈદિક કર્મ અને ભક્તિ બધુંજ માયામય છે,—મિથ્યા છે. તેથી વ્યવહારમાં અથવા અજ્ઞાન અવસ્થામાં જ અનુભવવાને લાયક છે.
૨. સ્વપ્ન, મૂર્તિ આદિ ભગવદલક્ષીમાં લૌકિકતા જોવી, ગંધર્વનગર શુક્તિ રજત આદિ અસત્ય પ્રપંચ છે. સત્ય પ્રપંચમાં	૨. જીવ બ્રહ્મથી જુદો પદાર્થ નથી. પરંતુ અવિદ્યા અથવા માયાયુક્ત બ્રહ્મને જ જીવ કહે છે. તેથી તે બ્રહ્મના અંશ જેવો છે.

નશ્વરતા વગેરે જોવું તે માયિક છે.	
૩. પંચમહાભૂત અને તેનાથી બનેલા પદાર્થો, વેદ, સ્વર્ગ, મોક્ષ વગેરે પ્રપંચ સત્ય છે. અને બ્રહ્માત્મક છે.	૩. 'તત્ત્વમસિ' ઈત્યાદિ દસ મહા વાક્યોનો અર્થ જાણવા માત્રથી 'અહં બ્રહ્માસ્મિ' હું બ્રહ્મ છું. તે બ્રહ્મજ્ઞાન થવાથી જીવને માટે કાંઈપણ કર્તવ્ય શેષ રહેતું નથી.
૪. જીવ બ્રહ્મનો જ અંશ છે.	૪. જગતના કર્તા માયિક ઈશ્વર છે. ઈશ્વરનો ધર્મ, રૂપ, આકાર, પ્રભૃતિ બધું કાલ્પનિક છે. શ્રીકૃષ્ણ આદિ તે માયિક બ્રહ્મના અંશાવતાર છે. તેથી તેના આકાર, ઉપદેશ અને સ્વરૂપાદિક માયિક છે.
૫. જગતનો કર્તા અક્ષરબ્રહ્મ છે. તે અક્ષરબ્રહ્મ માયા અથવા અવિદ્યાથી રહિત છે. અને તેમાં વિરુદ્ધ, અવિરુદ્ધ સર્વશક્તિ અને ધર્મ રહે છે. અધિકાર અનુસાર તે બ્રહ્મની અનેક સ્ફુર્તિ થાય છે.	૫. સ્વર્ગ આદિ કોઈ પદાર્થો સત્ય નથી. કર્મ કરાવવા માટે વેદમાં ઝૂઠ મૂઠ લાલચો આપવામાં આવી છે. શુદ્ધ બ્રહ્મ નિર્ધર્મક, નિર્વિશેષ અને નિરાકાર છે.
૬. શ્રીકૃષ્ણ જ પરાત્પર, નિર્દોષ, આનંદ માયાકાર અને અપ્રાકૃત સર્વગુણ યુક્ત વસ્તુ છે.	
૭. શ્રીકૃષ્ણનો સાક્ષાત્કાર, તેની સાયુજ્ય પ્રાપ્તિ મળવી, તેની સેવા પ્રાપ્તિ અને સેવાનો અધિકાર તેજ પરમ પુરૂષાર્થ કે ચતુર્થ પુરૂષાર્થ (મોક્ષ) છે.	
૮. મોક્ષનો કેવળ આનંદ પ્રાપ્તિનો એકમાત્ર ઉપાય ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરવી તે છે.	
૯. ભગવાનની કૃપાથી જ ભક્તિ અને અન્ય ફલોની પ્રાપ્તિ થાય છે.	
૧૦. શ્રીકૃષ્ણની ભક્તિ કરવી તે જ જીવનું મુખ્ય નિષ્કામ કર્તવ્ય છે. તે જ જીવનો ધર્મ છે.	
૧૧. જેટલો અને જ્યાં સુધી દેહાધ્યાસ બન્યો રહે તેટલું તથા ત્યાં સુધી જ વર્ણાશ્રમ આદિ ધર્મ પોતાનો માનીને કર્તવ્ય બને છે. અનંતર તો એક માત્ર ભક્તિ જ જીવનો ધર્મ છે. જ્ઞાનીને માટે પણ લોકસંગ્રહને માટે શાસ્ત્રોક્ત ધર્મ કર્તવ્ય થઈ રહે છે.	

દેવર્ષિ નારદ રચિત

ભક્તિસૂત્ર – પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે મહર્ષિ શાંડિલ્યનો મત દર્શાવે છે–

આત્મરત્યવિરોધેનેતિ શાણ્ડિલ્યઃ ॥૧૮॥

શાંડિલ્ય ઋષિના મતે આત્મરતિના અવરોધી વિષયમાં અનુરાગ હોય એ જ ભક્તિ છે. ૧૮

અવિચ્છિન્નરૂપે શુદ્ધ આત્મસ્વરૂપમાં મગ્ન રહેવુ એ જ આત્મરતિ છે. આ આત્મરતિમાં નિત્ય સ્થિર રહેલાને જ અવ્યક્ત ઉપાસક મહાનુભાવ ભક્તિ કહે છે.

શ્રીશંકરાચાર્યજી કહે છે–

મોક્ષકારણસામગ્રયાં ભક્તિરેવ ગરીયસી ।
સ્વ સ્વરૂપાનુંસન્ધાનં ભક્તિરિત્યભિધીયતે ॥

આત્મારૂપે પ્રત્યેક પ્રાણીમાં શ્રીભગવાન જ બિરાજમાન છે. તેથી એ સર્વાત્મામાં પ્રેમ હોવો ખરેખર ભગવાનની ભક્તિ જ છે અને આવી ભક્તિ કરવાવાળાને મુક્તિ પ્રાપ્ત થવામાં કોઈ સંદેહ નથી–૧૮.

ભાષ્યાર્થ : બ્રહ્માત્મ પ્રેમમાં અડચણ ન આવે એ રીતે પૂજા કથા વગેરેમાં પ્રીતિ એટલે ભક્તિ એવો મહર્ષિ શાંડિલ્યનો મત છે, કેમ કે ''બ્રહ્મ એ મારો આત્મા છે'' એવું સતત અનુસંધાન જ પરમ પુરૂષાર્થ છે. જ્યારે જ્યારે પુરૂષ બ્રહ્માત્મદર્શનમાંથી ભ્રષ્ટ થાય છે, ત્યારે ત્યારે તે દર્શનના છિદ્રમાં સંસારની વાસના સ્ફુરે છે અને દ્રઢીભૂત થયેલી સંસારની વાસના તો યોગરૂઢ ને પણ બલાત્ નીચે પાડનારી થાય છે.

પોતાની જાતને સ્વસ્થ માનતો પુરૂષ જો આત્મદર્શનના અભ્યાસમાં શિથિલતા કેળવે તો જરૂર હેઠો પડે અને એક વખત પડેલો સેંકડો વખત અવનતિ અનુભવે. આથી પ્રાજ્ઞ પુરૂષ તો નિરંતર સ્વાત્મામાં જ ડૂબેલો રહે. આથી આત્મરતિ પુરૂષને તો કથા વગેરેમાં તેટલો જ અનુરાગ રહે જેટલાથી વ્યુત્થાન કાલે તેને સ્વાત્માનું અદર્શન ન થાય.

આમ સ્વાત્મરતિની સાથે સંવાદી રીતે પૂજા વગેરેમાં અનુરાગ એટલે ભક્તિ એ વચન યોગ્ય જ છે. અહીં આટલું સમજવું. આત્મરતિ યમ નિયમ વગેરેનાં નિરંતર અનુષ્ઠાનની અપેક્ષા રાખે છે, કેમકે છેવટે તો યમ નિયમનું આચરણ જ આત્મરતિમાં પરિણામ પામે છે. આથી આ ભક્ત જો આરુરુક્ષ–ભક્તિના શિખરે ચડવાની ઈચ્છાવાળો હોય તો તો તેણે નિરંતર યમનિયમ વગેરે દસના

પરિપાલનમાં જ કેડ કસેલી રાખવી પડે છે અને યમનિયમના પાલનમાં જે કાંઈ વિરોધી હોય તેમાં તેણે દ્રઢ ઉદાસીનતા કેળવવી જ રહી. જે આ ઔદાસીન્ય તે જ "સ્વાત્મરતિ અવરોધ છે" એમ જાણવું. ૧૮

હવે પોતાના મતનું નિરૂપણ કરતાં ભક્તિ તો નિષ્કામ જ હોય છે એ દ્રઢતાથી સાધતાં કહે છે–

નારદસ્તુ તદર્પિતાખિલા ચારિતા તદ્વિસ્મરણે પરમ વ્યાકુલતેતિ ॥૧૯॥

પરંતુ દેવર્ષિ નારદના મત પ્રમાણે પોતાના બધા કર્મો ભગવાનને અર્પણ કરવા અને ભગવાનનું જરાપણ વિસ્મરણ થતા પરમ વ્યાકુળ થવું એજ ભક્તિ છે. ૧૯

નારદજીને મહર્ષિ વ્યાસ, ગર્ગ અને શાંડિલ્ય દ્વારા કહેવાયેલ ભક્તિના લક્ષણો સાથે કોઈ વિરોધ નથી ભગવાનની પૂજા કરવી, ભગવાનના ગુણગાન કરવા અને સર્વાત્મરૂપ ભગવાનમાં પ્રેમ કરવો યોગ્ય અને આવશ્યક છે. વ્યાસજીને તો ભગવદ્ ગુણગાનમાં શ્રીનારદજીએ જ લગાડયાં હતા. તેથી આ લક્ષણોનું ખંડન કરવા કે તેમને તુચ્છ બતાવવા માટે નહીં, પરંતુ તેમને વધારે પુષ્ટ કરવા માટે નારદજી આ બધા લક્ષણોયુક્ત એક સર્વાંગપૂર્ણ ભક્તિનું લક્ષણ બતાવતાં કહે છે કે પોતાના સમસ્ત કર્મ (વૈદિક અને લૌકિક) ભગવાનમાં અર્પણ કરી પ્રિયતમ ભગવાનનું અખંડ સ્મરણ કરવું અને પલભર માટે પણ જો તેમનું વિસ્મરણ થઈ જાય (પ્રિયતમને ભૂલી જવાય) તો પરમ વ્યાકુલ થઈ જવું. એ સર્વલક્ષણ યુક્ત ભક્તિ છે. આમાં પૂજા કથામાં અનુરાગ અને વિશ્વાત્મા ભગવાનમાં રતિ તો રહે જ છે. ભગવાને શ્રીમદ્ ભગવત્ ગીતામાં બધા પ્રકારના યોગીઓમાં આવા લક્ષણોવાળા ભક્તિયોગીને સર્વોત્તમ બતાવેલ છે.

તપસ્વિભ્યોઽધિકો યોગી જ્ઞાનિભ્યોઽપિ મતોઽધિકઃ ।
કર્મિભ્યશ્ચાધિકો યોગી તસ્માદ્યોગી ભવાર્જુન ॥
યોગિનામપિ સર્વેષાં મદ્ગતેનાન્તરાત્મના ।
શ્રદ્ધાવાન્ ભજતે યો માં સ મે યુક્તતમો મતઃ ॥

(ગી. ૬/૪૬–૪૭)

તપસ્વીઓથી, શાસ્ત્ર જ્ઞાનીઓથી અને સકામ કર્મિઓથી પણ યોગી શ્રેષ્ઠ છે. તેથી હે અર્જુન! તું યોગી બન. પરંતુ સંપૂર્ણ યોગીઓમાં પણ તે ભક્તિયોગી મારા મતે પરમ શ્રેષ્ઠ છે. જેને મારામાં શ્રદ્ધા છે અને અંતરાત્માને મારામાં લગાવીને નિરંતર મને ભજે છે.

ભગવાને ફરીને આજ્ઞા કરી છે–

તસ્માત્ સર્વેષુ કાલેષુ મામનુસ્મર યુધ્ય ચ ।
મય્યર્પિતમનો બુદ્ધિર્મામેવૈષ્યસ્યસંશયમ્ ॥

(ગી. ૮/૭)

તેથી હે અર્જુન! તું બધો સમય (અટક્યા વગર) મારું સ્મરણ કર અને (સ્મરણ કરતા કરતા જ મારા માટેજ) યુદ્ધ કર. આ રીતે મારામાં જ મન–બુદ્ધિ અર્પણ કરીને તું નિઃસંદેહ મને જ પ્રાપ્ત થઈશ.

માન–અપમાન, લાભ–હાનિ, જય–પરાજય, સુખ–દુઃખ વિગેરેની પરવા કર્યા વગર, આસક્તિ અને ફળની ઈચ્છા છોડીને, શરીર અને સંસારમાં પોતા માટે અહંતા–મમતા વગરના બનીને, એકમાત્ર પરમ પ્રિયતમ શ્રીભગવાનને જ પરમ આશ્રય, પરમ ગતિ, પરમ સુહૃદ સમજીને અનન્યભાવથી,

અત્યંત શ્રદ્ધા સાથે, પ્રેમપૂર્વક નિરંતર તેલની ધારની માફક તેના નામ, ગુણ, પ્રભાવ અને સ્વરૂપનુ ચિંતન કરતા કરતા, પરમાનંદમાં મગ્ન રહેવું અને આ રીતે ચિંતન પરાયણ રહેતા, રહેતા જ ફક્ત પરમ પ્રિયતમ ભગવાન માટે, તેમની રુચિ તથા ઈચ્છા અનુસાર તેમની પ્રીતિ માટે, તેમને સુખ પહોંચાડવાના દ્રઢ અને પરમ સ્વાર્થથી પ્રેરિત થઈને સર્વથા નિઃસ્વાર્થ ભાવથી સમસ્ત દૈહિક, વાચિક અને માનસિક કર્મોનું આચરણ કરવું. જો કોઈ કારણવશાત્ ક્ષણભર માટે તેમનું ચિંતન સ્મરણ છૂટી જાય તો પાણીમાંથી કાઢેલ માછલીથી પણ અનેકગણી વધારે વ્યાકુળતનો અનુભવ કરવો, એ સર્વોચ્ચ ભક્તિ છે.

આવો પૂર્ણ સમર્પણ કરનાર પ્રેમી ભક્ત ત્રિલોકના રાજ્ય સુખની વાત જ ક્યાં છે? અપુનરાવર્તી મોક્ષ માટે પણ, કોઈ પણ હાલતમાં પોતાના પ્રિયતમ ભગવાનનું સ્મરણ છોડવા નથી ચાહતો. ભગવાન એવા ભક્તની પ્રસંશા કરતા ઉદ્ધવને કહે છે–

ન તથા મે પ્રિયતમ આત્મયોનિર્ન શઙ્કરઃ ।
ન ચ સઙ્કર્ષણો ન શ્રીર્નૈવાત્મા ચ યથા ભવાન્ ॥
નિરપેક્ષં મુનિં શાન્તં નિર્વૈરં સમદર્શનમ્ ।
અનુવ્રજામ્યહં નિત્યં પૂયેત્યઙ્ઘ્રિરેણુભિઃ ॥
નિષ્કિઞ્ચના મય્યનુરક્તચેતસઃ શાન્તા મહાન્તોઽખિલજીવવત્સલાઃ ।
કામૈરનાલબ્ધધિયો જુષન્તિ યત્ તન્નૈરપેક્ષ્યં ન વિદુઃ સુખં મમ ॥

(શ્રીમદ્ ભા. ૧૧/૧૪/૧૫–૧૭)

હે ઉદ્ધવ ! આ પ્રકારના તમે ભક્ત મને જેવા પ્રિય છો તેવા પ્રિય બ્રહ્મા, શંકર, બલરામ, લક્ષ્મી અને પોતાનો આત્મા પણ નથી. આવા કોઈ વસ્તુની ઈચ્છા ન રાખનાર, શાંતચિત્ત, નિર્વૈર, સર્વત્ર સમભાવથી મને જોનાર અને નિરંતર મારું મનન કરનાર પ્રેમી ભક્તોની ચરણરજથી પોતાને પવિત્ર કરવા માટે હું હંમેશા સર્વત્ર તેમની પાછળ પાછળ ફરતો રહું છું. મારા ચિત્તને ઓતપ્રોત કરી રાખનાર સર્વસ્વ મને અર્પણ કરીને અકિંચન બનેલ એવા શાંત અને મારા સંબંધે બધા જીવો પ્રતિ સ્નેહ કરનાર તથા બધા પ્રકારની કામનાઓથી શૂન્ય હૃદયવાળા જે પરમસુખનો અનુભવ કરે છે, તે નિરપેક્ષ પરમાનંદને બીજા લોકો જાણતા નથી. બસ, શ્રીનારદજીના મત પ્રમાણે આ ભક્તિ છે. આવો ભક્ત સમસ્ત આચરણ શ્રીભગવાનને અર્પણ કરીને અવિરતપણે ભગવત્ સ્મરણ કરતો રહે છે અને કદાચ જરાપણ ભૂલી જવાથી ખૂબજ વ્યાકુળ થઈ જાય છે. ૧૯

ભાષ્યાર્થ : નારદજીના મત મુજબ ભગવાનમાં સમસ્ત કર્મનો સંન્યાસ, તે ભગવાનનું અખંડ સ્મરણ અને તેનાં વિસ્મરણમાં પરમ વિરહ દુઃખ એટલે ભક્તિ છે. લોક અને શાસ્ત્રને સંમત એવા તમામ કર્મો ભક્ત કરે છે છતાં તેને તે કર્મોમાં આસક્તિનો લેશ માત્ર પણ હોતો નથી. ભગવાનની પ્રીતિને ખાતર જ તે સમસ્ત કર્મો કરે છે, સ્વાર્થ માટે નહીં, કેમ કે તેને તો ભગવાન જ પરમ સ્વાર્થ છે. કર્મો અને તેના ફળો તો કંજૂસને માટે પ્રાર્થનીય છે. વળી, જે કર્મોમાં કર્તૃતવ અને ભોક્તૃત્વની સમજ રાખે છે તેને માટે કર્મથી ઉપજનારી અને જન્મ, આયુષ્ય અને ભોગમાં અંતે પરિણમનારી અશુદ્ધિ રહેજ અને જો તેમ થાય તો તેને સંસારમાં અને નહીં કે ભગવાનમાં પ્રીતિ છે એમ સિદ્ધ થાય છે.

વળી સ્પૃહાયુક્ત કર્મથી સંસારમાં સરતો તેવો પુરૂષ તો પોતાના પ્રિયતમની પ્રાપ્તિ માટે વિલંબ કરી રહ્યો છે. પ્રિયની પ્રાપ્તિ માટે તેને અધૈર્ય નથી અને સ્વાર્થનો ત્યાગ પણ નથી. અને પ્રેમ તો સ્વાર્થત્યાગને બહુ માને છે. સ્વાર્થના સ્વીકારને નહીં. આથી કર્મને કરતો અને તેમાં આસક્ત પુરૂષ સંસારમાં પોતાનો અનુરાગ છે એમ વ્યક્ત કરે છે, પરમાત્મામાં નહીં અને એમ છે તો પછી તેનો પરમાત્મામાં પરમપ્રેમ નથી. આથી તે વાસ્તવિક રીતે ભક્ત નથી. કર્મ અને તેના ફળમાં પ્રીતિ હોવી એ તો પ્રેમની અશુદ્ધિ છે. જ્યાં સુધી ભક્ત કર્મ અને કર્મના ફલનો પૂર્ણ રીતે સંન્યાસ નથી કરતો ત્યાં સુધી તે અશુદ્ધ છે, પણ ભક્ત તો શુદ્ધ હોય છે. શુદ્ધિ જ પ્રેમની જનેતા છે. જેમ જેમ આ શુદ્ધિ વધે છે તેમ તેમ, અશુદ્ધિના ક્ષય અનુસાર પ્રેમની દીપ્તિ પણ વધે છે. તે આ પ્રેમની દીપ્તિ 'સ્વ'ના વિસ્મરણમાં અને પ્રેમપાત્ર ભગવાનના અખંડ સ્મરણમાં વિવૃદ્ધિની હદ અનુભવે છે, ફલનું અનુસંધાન જ તો માણસને ધ્યેય ભ્રષ્ટ કરે છે. ભક્તને તો આ નિઃસંશય ખાતરી હોય છે કે પરમાત્મા છે તે સર્વજ્ઞ, સર્વશક્તિ, નિયન્તા સર્વસાક્ષી, કર્મફલનો દાતા, વિશ્વનો વ્યવસ્થાપક, કરુણાસાગર, પ્રેમનો વારિધિ, સમસ્ત જીવના અનુગ્રહ માટે તૈયાર છે.

આ પરમાત્મા સમસ્ત જીવસમૂહનાં સમસ્ત શુભાશુભ કર્મોને સાક્ષાત્ જુવે છે. એ સચ્ચિદાનંદ પરમાત્મા જ મારો જીવનરસ છે. તેનું તર્પણ કરવું એ મારો ધર્મ છે. આથી ભક્ત કર્મ કરતો હોઈને પણ તેનું કર્તૃત્વ કે ભોક્તૃત્વ સ્વપ્ને પણ પોતાના ઉપર લાદતો નથી. ઉલટું તે પરમાત્મામાં જ આરોપણ કરે છે. એ ન્યાસના માહાત્મ્યથી હંમેશા તે એકાગ્રચિત્ત હોઈને પરમાત્માને જ સ્મરે છે અને સદા તન્મય રહે છે. અને જ્યારે કવચિત્ તે પરમપ્રિય પરમાત્માના સ્મરણમાં છીદ્ર પડે છે ત્યારે તે સત્યનો ત્યાગ કરતો હોવાથી અને અસત્યમાં પ્રતિષ્ઠિત હોવાથી તેને મહાન્ સંક્ષોભ ઉપજે છે, કેમકે પરમાત્મા જ સત્ય છે, તે સિવાયનું બધું અસત્ છે અને આત્મનિષ્ઠ માણસ જ્યારે પ્રકૃતિનાં ખોળામાં બેસી જાય છે ત્યારે તેને અત્યંત સંતાપ થાય છે અને આથી જ સત્ય સ્વરૂપ પરમાત્માનું સ્હેજે થોડીવારને માટે પણ વિસ્મરણ ભક્તને માટે અતિશય વ્યથા ઉપજાવનારું નીવડે છે, કેમકે તે વેળા તે સ્વસ્થ નથી પણ અસ્વસ્થ છે અને ભક્તને તો આવી નિરંતર આત્મસ્મરણમાંથી ચ્યુતિ અસહ્ય થઈ પડે છે અને આથી જ શ્રીનારદજીના મતે સમસ્ત કર્મ અને તેના ફળના સંન્યાસપૂર્વક પરમ પ્રેમાશ્રય પરમાત્માનું અખંડ ભાન અને તે ભાનની ચોરી થતાં નિરતિશય વિરહ વ્યથાનો જન્મ એટલે ભક્તિ છે.

ભગવાન વાસુદેવ કહે છે કે—

સર્વ ધર્માન્ પરિત્યજ મામેકં શરણં વ્રજ ।
અહંત્વા સર્વપાપેભ્યઃ મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥

(ગી.૧૮–૬૬)

(બધા ધર્મો છોડીને તું મારા એકલાને શરણે આવ. હું તને બધાં પાપથી મુક્ત કરીશ. તું શોક ન કરીશ. ગી.૧૮–૧૬)

આ પરમ શરણાગતિ એ જ નારદમતનું રહસ્ય છે. અર્થાત્ પોતાના અહંકારની અત્યંત શૂન્યતા અને પરમાત્માના ભાનની અખંડતાપૂર્વક પરમાત્માની ઈચ્છા મુજબ વર્તવાનું શીલ એટલે ભક્તિ. એ છે નારદજીની ઉક્તિનું હૃદય. ૧૯

—ક્રમશઃ

અવધૂત ગીતા

જેઠાલાલ છોટાલાલ શાહ, 'ઉર્મિલ'

એકાદશ સ્કંધના છઠ્ઠાથી ઓગણત્રીસ સુધીના ૨૪ અધ્યાયોમાં જીવની સાયુજયરૂપા મુક્તિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ મુક્તિ ભક્તિથી પ્રાપ્ત થાય એવી છે. એમાં અવધૂત બ્રાહ્મણ હંસ, ભીષ્મ, ભિક્ષુ અને પુરુરવા એ પાંચ ઉપદેશ કરનારા છે. ભક્તિનાં સાધનોનો ઉપદેશ કરનાર સૌથી ઉત્તમ ભગવાન સ્વયં પણ મૂલ સ્વરૂપથી અને અવતાર સ્વરૂપથી એમ બે સ્વરૂપથી ઉપદેશ કરે છે. અવધૂત હંસ આદિ પાંચ અને શ્રીકૃષ્ણ એમ છ થાય છે એટલે છ ગુણાવાળા પૂર્ણ ભગવાન શ્રીકૃષ્ણનેજ અહીં ઉપદેશ કરનાર કહ્યા છે.

ભગવાન દેવોનું કાર્ય કરવા પધાર્યા હતા. હવે બ્રહ્મા, શંકર, ઈન્દ્ર આદિ દેવોની પ્રાર્થનાથી સ્વધામ સિધાવી જશે. પરંતુ હજુ એક કાર્ય યદુકુલોપસંહાર બાકી રહ્યું છે. દ્વારકામાં મોટા ઉત્પાતો થવા લાગ્યા. શ્રીકૃષ્ણે યાદવોને પ્રભાસ જેવા પવિત્ર તીર્થોમાં જવાની સલાહ આપી. તે પવિત્ર સ્થાનમાં સ્નાન કરી, પિતૃઓ અને દેવોને તૃપ્ત કરી, સુપાત્ર બ્રાહ્મણોને જમાડી શ્રદ્ધાથી મોટા દાન કરીશું તો ઉત્પાતો અને દુઃખોથી બચીશું એમ કહ્યું. ભગવાનની સલાહ યોગ્ય પ્રતીત થતાં સર્વ યાદવોએ પ્રભાસ જવા રથો જોડયા. ભગવાનને અનુસરતા ભગવત્પ્રિય મહાનુભાવ ઉદ્ધવજી પછી શ્રીકૃષ્ણને એકાંતમાં મળ્યા અને તેમને વંદન કરી કહેવા લાગ્યાઃ હે યોગેશ્વર ! હે પવિત્ર શ્રવણ કીર્તનવાળા ! આપની ઈચ્છા મેં જાણી. યાદવ કુલનો સંહાર કરી આપ સ્વધામ જવાના. આપ સમર્થ છો. છતાં આપે બ્રાહ્મણોના શાપને ટાળ્યો નથી. એટલે આપ ધાર્યું કરીને યાદવોને સંહારી ભૂભાર ઓછો કરવાના છોજ. પરંતુ હે કેશવ ! હું તો આપનો દાસ છું. ધર્મ પરાયણ ભક્ત છું. આપના ચરણકમળના ત્યાગ માટે અશક્ત છું, માટે હે નાથ ! મને પણ આપ સાથે લઈ જાઓ. આપને ત્યજવા અસમર્થ છું એટલે જ પ્રાર્થના કરું છું.

પોતાના એકાંત ભક્ત ઉદ્ધવજીની આવી વિનંતીથી દેવકી પુત્ર ભગવાન એમને કહેવાં લાગ્યા : ભગવાન બોલ્યા : હે મહા ભાગ્યવાન ઉદ્ધવ ! તમે જેમ કહો છો તેમ જ હું કરવાની ઈચ્છા રાખું છું. દેવોનું કાર્ય સર્વાંશે મેં પુરૂ કર્યું છે. બ્રાહ્મણોના શાપથી યદુકુળ પરસ્પર ક્લેશ કરીને નાશ પામશે અને આજથી સાતમા દિવસે આ નગરી પણ સમુદ્રમાં ડુબી જશે. મારા ગયા પછી કલિયુગનો પગપેસારો થશે. માટે તમારે સ્વજનો અને બંધુઓ પરનો લૌકિક સ્નેહ ત્યજી મારા વિશે મનને સ્થાયી કરીને તથા સમદષ્ટિ થઈને ભક્તોના સત્સંગને માટે પૃથ્વી પર ફરવાનું છે. હે સ્વજન ! આ જે કાંઈ મન, વાણી, ચક્ષુ શ્રવણ વગેરેથી નશ્વર ગ્રહણ થાય છે તેને સંસાર જાણો. મારી અવિદ્યા શક્તિથી મોહિત મન વડે ઉત્પન્ન થયેલો એ સંસાર જાણો. અહીં ભગવદ્

જગતને માયિક કહ્યું નથી. અવિદ્યા માયાથી મોહિત મનથી ઉદ્‌ભવેલા જીવકૃત સંસારને માયિક કહ્યો છે. એના તિરોભાવ માટે જ્ઞાનને સાધન કહ્યું. ઈન્દ્રિયો અને ચિત્તને મારામાં યોજીને જગત અને આત્માને ઓળખવાનો ઉપદેશ કરવાનો છે. ઉપક્રમમાં ઉદ્ધવજીને પછી સર્વત્ર ભક્તિ સુલભ થાય તેના સાધનરૂપ જ્ઞાન, બ્રહ્મવાદનો ઉપદેશ આપવાનો છે. ભગવાનના મુખ્ય સેવક એવા ઉદ્ધવજીને પોતાનો અધિકાર હજુ પ્રત્યક્ષ થયો નથી. ભક્તિ કરવાનો અધિકાર પણ હોય એમેય લાગતું નથી એટલે તેઓ પછી ભગવાનને જ્ઞાન સંબધી પ્રશ્ન કરે છે. ભગવાને પોતે વિચાર કર્યો અને જ્યારે અન્વય અને વ્યતિરેકથી ભગવાનનું જ્ઞાન થાય ત્યારે જ આપેલો બોધ ફળશે અને ઉદ્ધવને ભક્તિની અથવા ભગવાનની એટલે કે પોતાની પ્રાપ્તિ કરાવશે એમ વિચારી તેમણે અવધૂતની કથા કહી. અન્વય અને વ્યતિરેકથી ભગવાનને સર્વત્ર અનુભવ કરવાની શક્તિ ન હોય ત્યારે આ અવધૂતની કથા અર્થાત્ અવધૂત ગીતા કહેવામાં આવે છે. યદુ રાજા સાથે અવધૂતનો સંવાદ છે. ગુરૂ અને શિષ્ય સમાન હોય ત્યારે જ્ઞાનફળ કરાવે. આ સમયે ઉદ્ધવ યદુ રાજા જેવો હતો, તેને પોતાના અધિકારનું ભાન નથી એટલે ભગવાને તેને માટે ગુરૂ પણ જડ વિચાર્યા અને એ સંવાદ કહ્યો.

તરુણ અને વિદ્વાન બ્રાહ્મણ ગુરૂ દત્તાત્રેયજીને જડ અથવા અવધૂત વેશે ફરતા જોઈ ધર્મ જાણવાની જીજ્ઞાસાવાળા યાદવોના પૂર્વજ યદુ રાજાએ એમને અંતઃકરણમાં આનંદનું કારણ પૂછ્યું. તમે સુંદર છો, મધુર ભાષી છો, શરીરે સશક્ત છો, કશું જ કર્મ કરતા નથી, જડ અવધૂત વેશે ફરો છો છતાં તમે મસ્તપણે આમ આત્માને આનંદ અનુભવો છો એનું શું કારણ એમ પૂછ્યું.

અવધૂત બ્રાહ્મણે ઉત્તરમાં બુદ્ધિથી જેમની પાસેથી આત્માને સમુજ્જ્વલ બનાવે એવી વિવેક બુદ્ધિ પ્રાપ્ત થઈ હતી તેવા જ્ઞાનદ ગુરૂઓ આ રીતે ગણાવ્યા :—

પૃથિવી વાયુરાકાશ માપોઽગ્નિશ્ચન્દ્રમા રવિઃ ।
કપોતોઽજગરઃ સિન્ધુઃ પતઙ્ગમધુકૃદ્ ગજઃ ॥ ૩૩ ॥
મધુહાહરિણો મીનઃ પિઙ્ગલાકુરરોઽર્ભકઃ ।
કુમારીશરકૃત્ સર્પઉર્ણનાભિઃ સુપેશકૃત્ ॥ ૩૪ ॥

(અ.૭)

આ જ્ઞાનદ્ ગુરૂઓને ક્રમશઃ જોઈએ.

(૧) પૃથ્વી— વિષ્ણુપત્ની અને ભક્ત છે છતાં ભૌતિક રૂપે સૌનો ભાર સહે છે. પાદપ્રહાર આદિ અવજ્ઞા સહે છે. પોતે મહાન છતાં અપમાન ભાર વગેરે સહન કરે છે. અચલ રહે છે. સૌને ક્ષમા આપે છે. સાધુ પુરૂષોએ પૃથ્વીની જેમ સર્વોપયોગી બનીને જીવવાનું છે.

—ક્રમશઃ

વચનામૃત

શ્રીકાકા વલ્લભજીના વચનામૃત નં. ૧

મોતી ઝલકે રે, મન મારું મલકે રે !

વાર્તારૂપે– પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

શ્રીગોકુલેશ પ્રભુને ત્યાં વચનામૃત સાંભળવા જતાં રસ્તે ચાલતાં ચાલતાં એક વૈષ્ણવભાઈએ પોતાના સાથીદારને કહ્યું : 'પેલા બે ભાઈઓ જાય છે તેમને જોયા? બંને પિતા–પુત્ર છે, વૈષ્ણવ છે, પરંતુ સત્સંગમાં જુદા જુદા સ્થળે જાય છે'

સાથીદારે કહ્યું : 'હોય ભાઈ, જેવી જેની જ્યાં રુચિ અને પ્રીતિ.'

એકવાર પિતા પુત્રને સંબોધીને કહે : 'જો બેટા, આપણે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ છીએ. બંને ગોસ્વામી શ્રીઘનશ્યામલાલજી મહારાજશ્રીના સેવક છીએ. આપશ્રી આપણા બંનેના ગુરૂ છે. મારા મનમાં એક વાત ખૂંચે છે એટલે તને કહું છું.'

પુત્ર કહે : 'મારી એવી કઈ વાત હોઈ શકે કે જેનાથી આપ નારાજ છો, પિતાજી?'

પિતા કહે : 'તું શ્રીઘનશ્યામલાલજીની ભાગવત કથા શ્રવણ કરવા નહીં આવતાં શ્રીગોકુલેશ પ્રભુને ત્યાં વચનામૃત શ્રવણ કરવા માટે જાય છે તે અજુગતું નથી? તું મારી સાથે શ્રીઘનશ્યામજીને ત્યાં કથામાં આવતો હોય તો કેવું સારું?'

પુત્ર કહે : 'પિતાજી, એમાં અજુગતું શું છે? મને વચનામૃત સાંભળવા વધુ ગમે છે, તેમાં મને કોઈ અનેરો આનંદ આવે છે.'

પિતા કહે : 'જો બેટા, તું શ્રીઘનશ્યામલાલજી મહારાજનો સેવક છો, તો તેમને ત્યાં કથાશ્રવણ માટે તારે આવવું જોઈએ. વળી શ્રીગોકુલેશજીને ત્યાં તો બહુધા હાસ્યવિનોદ વધુ થયા કરે છે. ત્યાં જવાથી આપણું શું કલ્યાણ થઈ શકે? માટે ત્યાં જવા કરતાં તું શ્રીઘનશ્યામજીને ત્યાં આવવા જવાનું રાખે તો એ ઉચિત રહેશે.'

પુત્ર કહે : 'પિતાજી, હું આપને આ વિશે નાના મોઢે વધારે કાંઈ નહીં કહું. શ્રીઘનશ્યામલાલજી અને શ્રીગોકુલેશજી બંને શ્રીવલ્લભકુળના મહાનુભાવી ગોસ્વામી બાલકો છે. આપણા માટે એ બંને સમાન આદર–માનને પાત્ર છે. પરંતુ હું આપને માત્ર એક વાત કહું. આપ માત્ર એક વાર શ્રીગોકુલેશજી પ્રભુને ત્યાં આવો અને આપશ્રીના શ્રીમુખના વચનામૃતો તો સાંભળો. આપશ્રીનાં વચનામૃતમાં ખરેખર અમૃત ઝરે છે. અલૌકિક સ્નેહની સરવાણી ફુટે છે, એમાં દિવ્ય રસની અનુભૂતિ થાય છે.'

બીજે દિવસે પિતા પુત્રને કહે : 'તારો આગ્રહ છે તો ચાલ, આજે હું તારા સંગાથમાં શ્રીગોકુલેશ પ્રભુને ત્યાં વચનામૃત સાંભળવા માટે આવું છું.'

પિતા પુત્ર બંને વચનામૃતનું પાન કરવા શ્રીગોકુલેશ પ્રભુની સન્મુખ શ્રોતામંડળમાં ગોઠવાયા. પુત્ર કોઈ કોઈ વાર પિતાના મુખના હાવભાવ જોવા એક ઉડતી નજર કરી લેતો. પિતાના ચહેરા પર આનંદ જોઈ તેને ખુશી ઉપજી.

પિતા કહે : 'બેટા, તારા કહેવાથી આજે હું કથામાં નહીં જતા અહીં આવ્યો. આજે અહીં શ્રીગોકુલેશ

પ્રભુના વચનામૃત શ્રવણ કરી જાણે મારા હૃદયમાં પ્રકાશ પથરાઈ ગયો હોય તેવા અલૌકિક આનંદની અનુભૂતિ મને થઈ રહી છે. કથાશ્રવણના આનંદ કરતાં આજે મને અદકેરો આનંદ પ્રાપ્ત થયો.'

પુત્ર કહે : 'તો હું વચનામૃત સાંભળવા જાઉં તેમાં આપને હવે કાંઈ અજુગતું નો નથી લાગતું ને પિતાજી !'

પિતા કહે : 'ના બેટા, હવે મને એમાં જરાપણ અજુગતું નથી લાગતું. તું સુખેથી શ્રીગોકુલેશ પ્રભુના વચનામૃત સાંભળવા જવાનું જારી રાખજે. આજે કથાશ્રવણને બદલે શ્રીગોકુલેશ પ્રભુના વચનામૃત સાંભળવાનો મને અલભ્ય લાભ મળ્યો. અરે ! મને કહેવા દે કે એક વચનામૃત પર દશ હજાર ભાગવત કથા વારી દઈએ તો પણ ઓછું છે. હું પણ તારા સંગાથે નિત નિયમ રાખી વચનામૃત સાંભળવા દરરોજ આવીશ.'

આ રીતે પિતા પણ પુત્રના સંગાથમાં શ્રીગોકુલેશ પ્રભુના વચનામૃતોનું પાન કરવા આવતા થઈ ગયા. પુષ્ટિમાર્ગીય વચનામૃત–મહાસાગરમાંથી જાણે અણમોલ મૌક્તિકોની પ્રાપ્તિ થઈ રહી હોય તેવા અલૌકિક આનંદની અનુભૂતિ પિતા પુત્ર બંનેને થવા લાગી.

પિતા–પુત્ર બંનેના હૃદયમાંથી જાણે આનંદ પ્રતિઘોષિત થવા લાગ્યો :

'વચનામૃત મોતી ઝલકે રે, મન મારું મલકે રે'

શ્રીગોકુલનાથજીના શ્રીમુખના વચનામૃત આવા અનિર્વચનીય છે !

●

શુદ્ધ (સાકાર) બ્રહ્મવાદઃ શુદ્ધાદ્વૈત-વાદઃ શ્રીવાલ્લભમતઃ

પરબ્રહ્મ પરમાત્મા (સ્વયં) ભગવાન શ્રીકૃષ્ણ જ પરમાર્થ સત્ય તત્ત્વ છે. આ જગત બ્રહ્મનું અવિકૃત પરિણામ છે. બ્રહ્મ જ સ્વેચ્છાથી પોતાની લીલા માટે જગદ્રૂપે સ્વલ્પાંશથી–અવિકૃત–પરિણામ પામે છે. જગત ઉત્પત્તિ, સ્થિતિ, લય ત્રણે સ્થિતિમાંથી બ્રહ્મથી જુદું નથી, અનન્ય છે, તેથી સત્ય છે.

આવિર્ભાવ–તિરોભાવ ભગવાનની શક્તિ છે, તેનાથી તે જગત્રૂપે ઉત્પત્તિ, સ્થિતિ, લય લીલા કરે છે. સાકરમાંથી વિવિધ આકારો બને, પૂતળી, નાળીયેર, કતરી વિગેરે. તેમાં સાકરનું સ્વરૂપ બદલાતું નથી, આકાર, નામ, કાર્ય વગેરે બદલાય છે, ઓળખ બદલાય છે, અનુભવ જુદો થાય છે, વસ્તુ–તત્ત્વ તો બદલાતું નથી; તેમ જડ, જીવ, અંતર્યામી રૂપે બ્રહ્મ જ લીલા કરે છે. તેમાં તેને પ્રકૃતિ, પુરૂષ, માયા, અવિદ્યા, વાસના, કર્મ, સ્વભાવ, કાલ વગેરેની અપેક્ષા રહેતી નથી, તે સર્વ રૂપે પોતે જ લીલા કરે છે.

સચ્ચિદાનંદ બ્રહ્મના સદંશમાંથી જડો, ચિદંશમાંથી જીવો, આનંદાંશમાંથી અંતર્યામીઓ

થાય છે. તેમાં જડમાં ચિદાનંદ અને જીવમાં આનંદ તિરોહિત છે. તે આવિર્ભૂત થતાં બધું સચ્ચિદાનંદ, બ્રહ્મરૂપ જ છે. જીવ બ્રહ્મનો અંશ છે, દાસ છે. કાર્ય–કારણ, જીવ–બ્રહ્મ, રૂપ–નામનું છે તેવા રૂપમાં, વેદ–ગીતા, બ્રહ્મસૂત્ર– શ્રીભાગવતમાં દર્શાવેલું, કોઈ જ ફેરફાર વગરનું શુદ્ધ–અદ્વૈત છે, બે શુદ્ધનું અદ્વૈત છે.

કૃષ્ણા–વાક્યાનુસારેણ શાસ્ત્રાર્થ યે વદન્તિ હિ ।
તે હિ ભાગવતાઃ પ્રોક્તાઃ શુદ્ધાસ્તે બ્રહ્મવાદિનઃ ॥

–શાસ્ત્રાર્થ (૨૧)

કૃષ્ણ–વાક્યાનુસાર જેઓ (વેદાર્થ) શાસ્ત્રાર્થને કહે છે, તે જ ભાગવતો કહેવાય છે, તે શુદ્ધ–બ્રહ્મવાદીઓ છે. યથોક્ત કર્મજ્ઞાનથી શુદ્ધ અને યથોક્ત બ્રહ્મ–સ્વીકારથી જ્ઞાની, તે બ્રહ્મવાદીઓ છે.

પુરૂષોત્તમ ક્ષેત્રમાં ભગવાન શ્રીજગન્નાથજીએ સ્વહસ્તે લખીને આપેલો સિદ્ધાન્ત સ્પષ્ટ છે.

એકં શાસ્ત્રં દેવકી પુત્રગીતમેકો, દેવો દેવકીપુત્ર એવ ।
મન્ત્રોઽપ્યેકસ્તસ્ય નામાનિ યાનિ કર્માપ્યેકંતસ્ય દેવસ્ય સેવા ॥

–શાસ્ત્રાર્થ (૪)

શાસ્ત્ર એક જ છે, દેવકીપુત્રે (કૃષ્ણે) ગાયેલી–ગીતા–તેમાંના ભગવદ્ વાક્યો શાસ્ત્ર છે, વેદોનો પણ અર્થનિર્ણય તેમણે કહેલા પ્રકારે જ થાય. (ઉપાસ્ય) દેવ એક જ છે, દેવકીપુત્ર (શ્રીકૃષ્ણ) ! મુળભૂત ભગવાન ! (સર્વદા સ્મરણ માટે સાધનરૂપ) મંત્ર પણ એક જ છે, તે (શ્રીકૃષ્ણ)નાં જે નામો છે તે ! (કર્તવ્ય)કર્મ પણ એક જ છે, તે (શ્રીકૃષ્ણ)દેવની સેવા ! કૃષ્ણને મનુષ્યપણે નહીં, ભગવાન જ જાણવા. તેમની સેવા જ કર્તવ્ય છે.

શાસ્ત્રમવગત્ય મનોવાગ્દેહૈઃ કૃષ્ણઃ સેવ્યઃ ।

શાસ્ત્ર (સારી રીતે) સમજીને મન, વાણી, દેહ વડે શ્રીકૃષ્ણ સેવવા યોગ્ય છે, જરૂરી છે. ભગવાન જેને ઈચ્છે, જેનું વરણ કરે, જેના પર અનુગ્રહ કરે, તેને તે પોતે સુલભ થાય છે. ભગવાન ઈચ્છે તો અવાન્તર વ્યાપારરૂપ ભક્તિ પ્રદાન કરીને સેવા પણ કરાવે છે.

પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ તો પ્રસાદૈક લભ્ય છે, કે પ્રસાદજન્ય ભક્તિ લભ્ય છે. શાસ્ત્રમાં ભક્તિમાર્ગ કહેલો હોવાથી "પુષ્ટિ" છે જ, તે નિત્ય સિદ્ધ છે. પૂર્ણાનંદ કૃષ્ણની સાથે ગુપ્તાનંદ જીવનો યથેષ્ટ સર્વકામોપભોગ આ નિરાનંદ જગતમાં પણ થાય, ગણિતાનંદ બ્રહ્મના આનંદથી પણ અધિક સ્વરૂપાનંદાનુભવ થાય, તે પુષ્ટિભક્તિ ફલ છે. આવું પ્રદાન છે શ્રીવલ્લભાચાર્યજીનું !

[પુષ્ટિ પુલિનમાંથી સાભાર]

કાવ્ય – કુંજ

ઓ મહાપ્રભુજી પ્યારા !

[ઓ કરુણાના કરનારા... એ ઢાળમાં]

ઓ મહાપ્રભુજી પ્યારા, તમ કૃપા તણો કોઈ પાર નથી
શ્રીવલ્લભપ્રભુજી વહાલા, તમ કૃપા તણો કોઈ પાર નથી. (ટેક)

જ્યારે મ્લેચ્છ તણાં સામ્રાજ્યે, થઈ ધર્મ તણી બહુ ગ્લાનિ,
ભૂતલ પર અવતરનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૧
શ્રીકૃષ્ણ કમલ મુખ રૂપે, અગ્નિકુંડે તમે પ્રગટયા,
વૈશ્વાનર વલ્લભ પ્યારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૨
વેદો શાસ્ત્રો ને પુરાણો, બધાં જાણી ને બહુ નાણી,
પુષ્ટિ પથ આ રચનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૩
ચોરાશી દૈવી જીવોને, નિજ સેવક શુભ કરનારા,
અષ્ટાક્ષર મંત્ર દેનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૪
શ્રીમુખથી કૃષ્ણ કથાઓ, કહી ચોરાશી શુભ સ્થળમાં,
નિજ બેઠકજી વસનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૫
રચ્યાં 'ષોડશગ્રંથ' મધુરા, વળી 'સુબોધિની' સમ ટીકા,
'અણુભાષ્ય' મહા રચનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૬
પ્રભુ વિજયનગર નાં રાજ્યે, શાસ્ત્રાર્થો ભવ્ય કરેલા,
પંડિતો વાદે હરાવ્યા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૭
કર્યું માયાવાદનું ખંડન, વળી 'શુદ્ધાદ્વૈત'નું સ્થાપન,
'કનકાભિષેક' ને પામ્યા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૮
કોટિ કુસુમાયુધ રૂપ શાં, શુભ લાવણ્યે દીપનારા,
પુષ્ટિજન મન હરનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૯
ખૂલ્લાં શ્રીચરણે કીધી, ભારતની ત્રણ પરિક્રમા,
નિજભક્તોને સુખ દેનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૧૦
વ્રજગિરિકંદરાથી આપે, શ્રીજી બેસાડયા પાટે,
ત્યાં પ્રથમમિલન કરનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૧૧
શ્રીકૃષ્ણ તણી ગૃહ સેવા, શુભ માર્ગ મધુર રચનારા,
શુચિ ગદ્યમંત્ર દેનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૧૨
આ મોટું ભાગ્ય અમારું, મળ્યું શરણ તમારું પ્યારું,
દ્રઢ આશ્રયને દેનારા, તમ કૃપા તણો કોઈ પાર નથી. ૧૩

– રચયિતા : જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'

કાવ્ય – કુંજ

પુરૂષોત્તમ પ્રકટ્યાં રે !!!

સહુ દૈવી જીવોને નીજ શરણે લેવાને
પુરૂષોત્તમ પ્રગટયા રે, અગ્નિસ્વરૂપ થઈને.(૨)

દિવ્ય ચંપારણ્યમાં અદ્‌ભુત લીલા કીધી
ગોલોક ઉતર્યું ભૂમિ પર, લીલા તાદશ કીધી
અગ્નિજવાળા વચ્ચે સોહી રહ્યાં બાળ રૂપે–પુરૂષોત્તમ. ૧

નંદબાવા આવ્યાં ને, આવ્યાં જશોદાજી માત
નિરખીને શ્રીવલ્લભને, હરખ્યાં લક્ષ્મણભટ્ટજી તાત
પલનામાં ઝૂલાવ્યાં, ઈલ્લમાએ શ્રીવલ્લભને–પુરૂષોત્તમ. ૨

શીવ બ્રહ્માદિક દેવો ને, આવ્યાં સહુ મુનિજન રે
પાવન થયાં ઝાંખી કરીને, આનંદે નાચ્યાં રે
ઉડી દહીં દૂધની છોળો, નંદ ઓચ્છવ કીધો રે–પુરૂષોત્તમ. ૩

શાસ્ત્રાર્થ કરીને જૂઠો, ઠરાવ્યો રે માયાવાદ
સ્વીકારાવી ચાર પ્રમાણ, સાચો સ્થાપ્યો બ્રહ્મવાદ
વિદ્યાનગરીમાં રાયે કનકાભિષેક કીધો રે–પુરૂષોત્તમ. ૪

સુણી ભગવદ્ આજ્ઞાને, પડતાં મેલી સહુ કામ
સ્વામીને મળવાને, આવ્યાં આન્યોર ગામ
રમણિય ગીરીકંદરામાં થયું મિલન મધુરું રે–પુરૂષોત્તમ. ૫

પુષ્ટિમાર્ગ સ્થાપ્યો, સમજાવી સેવા રીત
ઉદ્ધાર કર્યો જીવોનો, એના હાથમાં તૂલસી દઈ
રચ્યાં ષોડશગ્રંથો, કરી અદ્‌ભુત દિવ્ય લીલા–પુરૂષોત્તમ. ૬

શ્રીવલ્લભરૂપ ગુરુએ, કૃપા કીધી એવી
પહેરાવી કંઠીને, દાસીને અપનાવી
કરાવી બ્રહ્મસંબંધ, સોંપી ઠાકોરજીને –પુરૂષોત્તમ. ૭

– શ્રીમતિ રશ્મિબેન વિજયભાઈ દોશી, બોરીવલી (પૂર્વ)

પુસ્તક પરિચય

☐ **૧. બાળલીલાના પદ :** (સરળ ગુજરાતી ભાવાર્થ સાથે)

સંપાદક–વિવેચકઃ શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા (મુખીયાજી હીંગનઘાટવાળા)

પ્રકાશક– પ્લસ કોર્પોરેશન ૨૦૩–શાંતિ કોમ્પ્લેક્ષ, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન (૦૨૮૧) ૨૩૫૬૧૧, ૨૩૪૨૬૨.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૧૨ ઓફસેટ પ્રિન્ટીંગ સેક્શન સિલાઈ, માખણચોરી લીલાનું બહુરંગી ચિત્રજીવાળું ટાઈટલ. ન્યોછાવર રૂ.૩૫/– (પોસ્ટેજ અલગ)

શ્રીકૃષ્ણની માધુર્યથી ઓતપ્રોત લીલાઓમાં 'બાળલીલા' કે જે અનુરાગમયી લીલા છે. વાત્સલ્યના આનંદને પ્રકટ કરતી લીલાઓને નિરંતર અનુભવ કરતાં ભક્તોની એ આર્ષ–વાણી છે. આવા અસંખ્ય પદોમાંથી ૧૨૫ પદોનું સંકલન કરીને તેમની સરલ શૈલીમાં શ્રીમથુરાદાસ મુખીયાજીએ સરળ શૈલીમાં ગુજરાતી ભાષાંતર લખેલ છે જેનું મનન કરવાથી ભગવદીયોનાં અનુભવોને માણવાનો અલૌકિક અવસર પ્રાપ્ત થાય છે. તેમજ બાળલીલાનાં સુંદર બહુરંગી ચિત્રજીઓ મૂકવામાં આવ્યા છે તે દર્શનીય છે. તેનું 'શુભા સંશા' વચનોનું લખાણ પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–રાજકોટ–ઉપલેટા)એ લખેલ છે તેમજ આપશ્રીના વરદ કરકમલો દ્વારા વિમોચન થયેલ છે.

આ પુસ્તક ભગવદ્નામ પ્રચારાર્થે તેમજ વૈષ્ણવોને ભગવદ્સેવા કાર્યમાં તેમજ અન્ય અવસરે ઉપયોગી થાય તેવું છે.

☐ **૨. આશૌચ નિર્ણય (શ્રીનિર્ભયરામ ભટ્ટજી કૃત):** પ્રકાશક–પ્રાપ્તિસ્થાન : શ્રીવલ્લભ યુવક મંડલ, રાજકોટ. અધ્યક્ષ–પૂ.પા.ગો.શ્રીરવિન્દ્રકુમારજી મહોદય (માંડવી–કચ્છ–રાજકોટ), 'ભક્તિવર્ધિની' ૬/૧૩ જયરાજ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧.

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૬૪.

વૈષ્ણવોએ ભગવદ્સેવાના અંગરૂપે વૈદિક સદાચારનું પાલન કરવાની શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. આ સદાચાર માં ના–સૂતક (મૃતાશૌચ) અને પીંડરૂ (જનનાશૌચ) કેટલાં સંબંધમાં કેટલા પાળવાં જોઈએ તેનો અનેક પ્રમાણગ્રંથોનો સંદર્ભ લઈ લગભગ સવાસો દોઢસો વર્ષ પહેલાં કાંકરોલી ગૃહના સેવક વિદ્વાન શ્રીનિર્ભયરામ ભટ્ટજીએ સંસ્કૃતમાં 'આશૌચ નિર્ણય' નામનો ગ્રંથ રચેલ છે. જે આપણા પુષ્ટિસંપ્રદાયમાં જનન–મરણાશૌચના નિર્ણયમાં પ્રમાણભૂત ગણાય છે. તેનું વર્ષો પહેલાં શ્રીહરિકૃષ્ણ શાસ્ત્રીજીએ વ્રજભાષા તથા ગુજરાતી ભાષામાં ભાષાંતર કરેલ છે તેમજ સંબંધોની તારવણી કરીને કોષ્ટકરૂપે કોને કેટલું આશૌચ લાગે તે વ્યવસ્થિત દર્શાવ્યું છે.

આવા પ્રમાણભૂત પુસ્તકની ઘણા સમય થયાં ખોટ વરતાતી હતી. અને આવી યોગ્ય માહિતી હાથવગી ન હોવાથી કાં તો ઓછું આશૌચ રાખી અનાચાર થતો અથવા વધુ આશૌચ પાળી એટલો સમય ભગવદ્ સેવાથી દૂર રહેવાતું. આ ઉણપને પૂ.પા.ગો.શ્રીરવિન્દ્રકુમારજી મહોદયે આ પ્રકાશન કરાવીને દૂર કરી છે. પ્રત્યેક સદાચારી

વૈષ્ણવો–શાસ્ત્રીજીઓ વગેરેએ સૂતક–પીંડરૂનો નિર્ણય કરવામાં ખૂબજ ઉપયોગી આ પુસ્તક અવશ્ય વસાવવું જોઈએ.

☐ **૩. શ્રીસુબોધિનીજી ભાગ–૭ :** સંપાદક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ. પ્રાપ્તિસ્થાન–શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ, મર્સીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂર્વ) મુંબઈ–૪૦૦ ૧૦૧.

પૃષ્ઠ સંખ્યા ૨૦૮+૮=૨૧૬. ન્યોછાવર રૂ.૫૦/– પોસ્ટેજ રૂ.૨૦/–

શ્રીમદ્‌ભાગવતજીના દશમસ્કંધ પરની શ્રીમહાપ્રભુજી વિરચિત શ્રીસુબોધિનીજી પ્રકાશન યોજના અંતર્ગત આ ભાગ–૭ પ્રકાશીત થયેલ છે. જેમાં તામસ પ્રકરણ–અવાંતર તામસ ફલ પ્રકરણ, અધ્યાય ૬ અને ૭, રાજસ પ્રકરણ– અવાંતર રાજસ પ્રકરણ અધ્યાય ૧ થી ૪ દશમ સ્કંધ અધ્યાય ૩૪ થી ૩૯ યુગલગીત સાથે સમાવેશ કરેલ છે.

સંપાદકશ્રી યોજના અનુસાર શ્રીસુબોધિનીજી અંગેના અવિરતપણે નિયમિત જે ભાગો પ્રકાશીત કરી રહ્યા છે જે માટે ધન્યવાદ. સુંદર, સરલ અનુવાદ અને શૈલીથી સુગમતાથી વાંચી–અવધારણ કરી શકાય તેવું પ્રકાશન છે.

☐ **૪. તુલસીક્યારો ભાગ–૧૧ : [વૈષ્ણવ પરિવાર વિશેષાંક માર્ચ–૨૦૦૧ ભેટપુસ્તક]**
પ્રકાશક – શ્રીહરસાનીજી પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટ વતી તંત્રી અને પ્રકાશક વસંતબેન રમેશભાઈ પરીખ, ૩૧–શિવ સોસાયટી નં–૨, બી.કે.સિનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪ ૦૦૨.

પુષ્ટિમાર્ગની એક વિશેષતા છે કે જીવ ગમે તેવો હોય તો પણ તેના ઉપર ભગવદીયની કૃપા થાય તો તે જીવ તેમનો હાથ પકડીને સરળતાથી શ્રીઠાકોરજી સુધી પહોંચી જાય છે. તેથી જ આપણે ત્યાં ભગવદીયોનો મહિમા ગવાયો છે.

લગભગ ૫૦૦ વર્ષથી ભૂતલ ઉપર વિવિધ સ્વરૂપે પ્રગટ થતા રહેલા ભગવદીય રત્નોની પહેચાન કરાવતી "તુલસીક્યારો" ગ્રંથ શ્રેણીનો આ અગીયારમો અને છેલ્લો ભાગ છે. શ્રીવલ્લભનો માર્ગ સનાતન છે. ૮૪–૨૫૨–૭૮ ભગવદીયો પછી ઘણા એવા ભગવદીયો થયા, જેમણે આપણને ખાત્રી કરાવી કે શ્રીવલ્લભના સિદ્ધાંતો અનુસાર આજે પણ જીવન જીવી શકાય છે. તેમાંના કેટલાક ભગવદીયોના ચરિત્રો ભાગ–૧૧ માં સમાવવામાં આવેલા છે.

આ ભગવદીઓએ શ્રીપ્રભુની નામસેવા અને સ્વરૂપ સેવા દ્વારા શ્રીપ્રભુની કૃપા પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો છે. શ્રીવલ્લભના સિદ્ધાંતો જીવનમાં તેમણે આચરી આપણી સામે ઉત્તમ દૃષ્ટાંતો મૂક્યાં છે. આપણને ભગવન્માર્ગે ચાલવા માર્ગદર્શન આપ્યું છે. ભગવદ્ સેવા–સ્મરણ કરવા પ્રેરણા આપે છે.

આવી પ્રેરણાદાયી ગ્રંથ શ્રેણીનો ૧૧ મો લોકભોગ્ય શૈલીમાં લખાયેલ છે. વાંચવા, માણવા અને વસાવવા યોગ્ય પુસ્તક.

લેખકો તથા પ્રકાશકને ધન્યવાદ...

સમાચાર

☐ **રાજકોટ :** શ્રીભગવદ્નામ જપયજ્ઞ : ભૂકંપના કારણે જે વિપરીત પરિસ્થિતિ ઉદ્ભવેલ તેના કારણે મન અશાંત અને અસ્વસ્થ થયેલ. તેને માત્ર ભગવદ્નામ જ સ્વસ્થતા આપી શકે અને આ ઉદ્દેશથી શ્રીવલ્લભ વિઠ્ઠલ વૈષ્ણવ મંડલે ભગવદ્નામ જપ કરવા અનુરોધ કરેલ છે. આ માટે દૈનિક જે માળા–પાઠ થાય તેની નોંધ કરવા માટે કાર્ડ પણ પ્રકાશિત કરેલ છે.

☐ **વડોદરા : સંકટ સમયે સહાય :** ધરતીકંપના કારણે જ્યાં સૌથી વધુ તારાજી થયેલ તે વિસ્તાર કચ્છની મુલાકાત લેતા પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી તેમજ અન્ય શ્રીવલ્લભકુળના આચાર્ય ચરણોએ શ્રીવલ્લભાચાર્ય કલ્યાણ કૃપા ટ્રસ્ટના નેજા હેઠળ અંજાર તાલુકાના અમરાપર ગામને પૂર્ણ રીતે પુર્નવિકસીત કરવાની જાહેરાત કરી. શ્રીવલ્લભાચાર્ય કલ્યાણકૃપા ટ્રસ્ટ અમદાવાદ, શ્રીમહાપ્રભુજીની બેઠક નરોડા તથા શ્રીવલ્લભવિહાર એજ્યુ. એન્ડ ચેરી. ટ્રસ્ટ આ સંગઠનોના સદસ્યોની ટુકડી ભૂકંપગ્રસ્તો માટે રાહત સામગ્રી સાથે કચ્છ ભૂજ ગયેલ હતી. તેમની પાસેથી અસરગ્રસ્ત વિસ્તારની માહિતી પ્રાપ્ત કરીને પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં તથા પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી (ચંપારણ્ય–કાંદીવલી), પૂ.પા.ગો.શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી (મુંબઈ) અને પૂ.પા.ગો.શ્રીનૈમિષકુમારજી મહોદયશ્રી એક ટુકડી સાથે કચ્છ ભૂજ રાહત સામગ્રી–જીવનજરૂરી વસ્તુઓ–તંબુ વિગેરે લઈને ગયા હતા. તે સમયે નિરાશ અને હતાશ થયેલા ગ્રામજનોમાં આનંદની લાગણી વ્યાપી ગઈ હતી.

☐ **પોરબંદર :** અત્રે પૂ.પા.ગો.શ્રીવસંતકુમારજી મહોદયશ્રી (મથુરા–પોરબંદર) આશીર્વાદ માર્ગદર્શન હેઠળ ભૂકંપગ્રસ્ત લોકોને ત્રિવિધ સહાય પહોંચાડવામાં આવેલ છે. અને રાજકોટમાં સ્થપાયેલ શ્રીવલ્લભાચાર્ય રાહત ફાઉન્ડેશન દ્વારા હાલારના ગામોમાં પુનર્વસન કાર્યમાં પણ સહયોગ આપવાનું જાહેર કરેલ છે.

☐ **અમદાવાદ :** અત્રે રાયપુર ચકલામાં આવેલ શ્રીદ્વારકાધીશ પ્રભુનું પ્રાચીન મંદીર (૪૦૦ વર્ષ જુનું) ધરતીકંપને કારણે ખૂબજ ક્ષતીગ્રસ્ત થયેલ છે. જેને પુનઃનિર્માણ માટે આર્થિક સહયોગની અપીલ થયેલ છે.

સંપર્ક સ્થળ : શ્રીદ્વારકાધીશ મંદિર ટ્રસ્ટ, બઊઆની પોળ, રાયપુર ચકલા, અમદાવાદ–૧.

।। पुष्टिमार्ग को हिन्दीमें समझीये ।।

शुद्धाद्वैत पुष्टि संप्रदाय अेक मात्र ही पुष्टि प्रभु को पाने का समझनेका मार्ग है । अेसे वैष्णव संप्रदाय का ज्ञान अर्जीत करने के लिए गुजराती में बहुत मात्रामें सामग्री उपलब्ध है । लेकीन हिन्दी भाषामें यह साहीत्य उपलब्ध न होने के कारण हिन्दी क्षेत्र यह लाभ से वंचित रहा है । यह जानकर तृतीय गृह युवराज पू.पा.गो.१०८ श्रीवागीशकुमारजी बावा साहबने उनके द्वारा चलाई जाने वाली श्रीवल्लभ विद्यापीठको **मई–२००१ से हिन्दी** भाषामें शुरू करने का निश्चय कर लिया है । यह हिन्दी भाषी क्षेत्रोके वैष्णवो के लिए आनंद की सूचना है । प्रथम वर्ष की न्योछावर रू.१५०/- मात्र है । आप तत्काल ही इसके सदस्य बनकर पुष्टि संप्रदाय का पूर्ण रूपेण मार्गदर्शन प्राप्त करे । मनुष्य के पास जीवन में समय बहोत कम है इस हेतु आज ही आप इस विद्यापीठके परीक्षार्थी बने ।

आप उसकी विशेष जानकारी के लिए कृपया निम्नलिखित पते पर संपर्क करें । ओर आपका प्रवेश निश्चिंत कर लें ।

श्रीवल्लभ विद्यापीठ

श्री बेठक मंदिर, केवडा बाग, मदन झांपा रोड, बडोदा - ३९० ००१ (गुजरात)
फोन नं. (०२६५) ४३५५४३

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–લેખક 'માધુરી', રાજકોટ

પદ–૮૫

જયતિ જય મિત્રજા સર્વ કલ્યાણ પ્રદ
શ્યામ પદ પદ્મ રતિ મંજુ દૈની;
તટસ્થ નવ વિપિનિ આમોદ યુત પુષ્પઘન
કૃષ્ણ સંગ કેલિ કલ કંજ નૈની...૧
સિદ્ધ ગંધર્વ સુર કરત નિત વીનતી,
દ્રવહુ બલિ વેગિ કરિ ભૂરિ દાયા;
શરણ જન 'વલ્લભી' પાતુ શ્રીહંસજા
અચલ સૌભાગ્ય ગોપાલ જાયા...૨

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી શ્રીયમુનાજીનું યશોગાન કરતા દાસી ભાવથી જયજયકાર કરે છે.

કમલના મિત્ર એવા સૂર્યની પુત્રી આપનો જય થાઓ જય થાઓ. શ્યામસુંદરના ચરણમાં પ્રિતિ (રતિ) ઉત્પન્ન કરવાવાળી આપનો જય થાઓ. તટ (કિનારા) ઉપર અનેક નવિન સુંદર વૃક્ષાવલીની શોભા ધરાવનાર તેમાં લાગેલા રંગબેરંગી સુગંધીત પુષ્પોથી ભરપુર વૈભવવાળા આપનો જય થાઓ.

જળ પ્રવાહમાં સુંદર મધુર નાદ ઉત્પન્ન કરવાવાળી સિદ્ધ, ગંધર્વ, આદિ દેવતાઓથી સ્તુતિ કરાયેલ અને જળપ્રવાહથી વહેતા જાણે ભક્તો ઉપર કૃપા કરવા આનંદની લહેરોની હારમાળાં ધરાવતી આપની જય થાઓ.

હે સૂર્યપુત્રી ! અખંડ સૌભાગ્યી ગોપાલકૃષ્ણની પટરાણી આપની આ દાસી વલ્લભી ઉપર કૃપા કરો–૮૫

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ.. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ; મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-04-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ. ગ્રા. નં. ૧૫૮
HRI N. K. PARIKH
ARATI SOCIETY, NEHRU
VILLE PARLA (EAST),
JMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

સુમતિ દેહુ મો મન, હરી !
સુસંગ નિજપેં પ્યાર ।
ફીર ન ભજ્યું તો દીજિયોં,
મો સિર લખ પૈંજાર ॥ (૭૭)

ટીકા : હે શ્રીકૃષ્ણચંદ્ર ! મારું મન બુદ્ધિ સર્વ પ્રચંચાસક્ત થયાં છે, દુઃસંગને પ્રતાપે તે અવિદ્યા જીતવાનું બળ કાંઈ હું માં તો નથી, તે તમે જાણો છો.એ માયા તો તમારે વશ છે. જો તમારું ભજન કરાવવું હોય તો મારી પાસે તો મને બાધ કરે છે તે અવિદ્યાને ટાળીને મને સુબુદ્ધિ આપો ને સત્સંગ આપો, ને તમારી ઉપર પ્રીત આપો, ને મારું મન તમે હરી લ્યો. પછી જો હું તમને ન સેવું તો મારા માથામાં લાખ ખાસડાં મારજો. ૭૭

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લૉટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ –૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત

શ્રી વલ્લભસુધા

વચનસુધા

આપણો સ્વધર્મ શું ? ભગવદ્ ઈચ્છાના આધિન કાર્ય કરવું, એ સેવકનો ધર્મ છે. આપ્રતિપાદન ''ગીતા તાત્પર્ય''માં શ્રીગુસાંઈજી આપણને દેખાડે છે. આનું ઉદાહરણ શા માટે આપું છું ? કે આપણે ત્યાં વલ્લભાચાર્યના સિદ્ધાન્તનું જે વ્યાખ્યાન છે– સિદ્ધાન્તનું વ્યાખ્યાન, એ ''ગીતા''ના આધારે છે. શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદ છે એના આધારે વ્યાખ્યાન કર્યું. અને એના માટે શાસ્ત્રાર્થ પ્રકરણ આખું એને અનુસરીને લખાયું છે. અને અન્ય શાસ્ત્રોનું પણ એમાં સમન્વય છે– ''નિબંધમાં એટલે એને ગીતાર્થ'' નિબંધ નથી કહ્યો, પરંતુ શાસ્ત્રાર્થ નિબંધ કહ્યો. કારણ કે શાસ્ત્ર એજ છે કે, ભગવદ્વાણીને ભગવદ્ વાક્યને અનુસરીને, એકવાક્યતા કરીને ચાલે. નોખા–નોખા પડીને ચાલે એમ નહીં.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૫૧–૫૨)

● ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો ●

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ **અંક : ૨**

વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૩** **મે, ૨૦૦૧**

વાર્ષિક લવાજમ રૂ.૪૦/– **આજીવન લવાજમ રૂ.૫૦૧/–**

''શ્રીવલ્લભસુધા'' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

વૈશાખ વદ ૨ તા. ૯–૫–૨૦૦૧ બુધવાર : તિલકાયત શ્રીદાઉજી મહારાજ કૃત ચાર સ્વરૂપનો ઉત્સવ. શ્રીકલ્યાણરાયજી (વડોદરા) પાટોત્સવ.

વૈશાખ વદ ૪ તા. ૧૧–૫–૨૦૦૧ શુક્રવાર : ગો.ચિ. શ્રીદિવ્યેશ બાવાશ્રી (નાથદ્વારા–દ્વિતીયગૃહ)નો જન્મદિન.

વૈશાખ વદ ૭ તા. ૧૪–૫–૨૦૦૧ સોમવાર : ચિ.ગો. શ્રીશરદકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૦ તા. ૧૮–૫–૨૦૦૧ શુક્રવાર : ગો. ચિ. શ્રીચંદ્રગોપાલજી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૧ તા. ૧૯–૫–૨૦૦૧ શનિવાર : અપરા એકાદશી વ્રત.

વૈશાખ વદ ૧૨ તા. ૨૦–૫–૨૦૦૧ રવિવાર : ગો. શ્રીવ્રજરમણલાલજી મહારાજ (મથુરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૩ તા. ૨૧–૫–૨૦૦૧ સોમવાર : ગો.ચિ. શ્રીવ્રજાભરણ બાવાશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

વૈશાખ વદ ૧૪ તા. ૨૨–૫–૨૦૦૧ મંગળવાર : ગો. શ્રીગોવિંદરાયજી (મુંબઈ–ચેન્નાઈ)નો જન્મદિન.

જેઠ સુદ ૧ તા. ૨૪–૫–૨૦૦૧ ગુરૂવાર : ગંગાદશરા પ્રારંભ. પનઘટ–જલક્રિડા, શ્રીયમુનાજીના પદ બોલાય. ગો.ચિ.શ્રીદ્વારકેશલાલજી બાવાશ્રી (કાંદીવલી–અમરેલી)નો જન્મદિન. (બીજનો ક્ષય હોવાથી આજે)

જેઠ સુદ ૩ તા. ૨૫–૫–૨૦૦૧ શુક્રવાર : આજથી આરંભી જેઠ વદ ૧ તા. ૭–૬–૨૦૦૧ ગુરૂવાર પંદર દિવસ સુધી શ્રીશીતોપચાર સેવા કરવી.

જેઠ સુદ ૪ તા. ૨૬–૫–૨૦૦૧ શનિવાર : ગો.ચિ. શ્રીકુંજરાયજી (શ્રીયોગેન્દ્રકુમારજી) બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

જેઠ સુદ ૫ તા. ૨૭–૫–૨૦૦૧ રવિવાર : રશ્મિકાર યોગી શ્રીગોપેશ્વરજીનો પ્રાગટ્ય દિન (સંવત ૧૮૩૬). ગો.ચિ.શ્રીવાગીશકુમારજી (કાંકરોલી–વડોદરા)નો તથા ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

જેઠ સુદ ૮ તા. ૩૦–૫–૨૦૦૧ બુધવાર : ગો. ચિ. શ્રીમુકુન્દરાયજી બાવાશ્રી (માંડવી)નો તથા ગો.ચિ.શ્રીવિઠ્ઠલેશજી (શરણમ્) (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

જેઠ સુદ ૧૦ તા. ૧–૬–૨૦૦૧ શુક્રવાર : ગંગાદશમી. ગંગાદશહરા સમાપ્તિ. શ્રીયમુનાજીનો ઉત્સવ.

જેઠ સુદ ૧૧ તા. ૨–૬–૨૦૦૧ શનિવાર : નિર્જલા એકાદશી (ભીમ અગીયારસ) વ્રત. ગો.ચિ. શ્રીપ્રબોધકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

જેઠ સુદ ૧૪ તા. ૫–૬–૨૦૦૧ મંગળવાર : જ્યેષ્ઠાભિષેક માટેના સ્નાનના જલનું અધિવાસન કરવું. ગો.ચિ. શ્રીવ્રજાલંકારજી બાવાશ્રી (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

જેઠ સુદ ૧૫ તા. ૬–૬–૨૦૦૧ બુધવાર : જ્યેષ્ઠાભિષેક–સ્નાનયાત્રા, મન્વાદિતિથિ, ગો.ચિ. શ્રીગોપિકાલંકારજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૨ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૩ ☐ મે, ૨૦૦૧

[ચોરાશી અપરાધ]

અપરાધ ત્રેપનમો : " બીડા તુરત ઉઠાવે નહીં "

શ્રીઠાકોરજીને સખડી, અનસખડી ભોગ જ્યારે જ્યારે ધરાય ત્યારે ત્યારે આચમન કરાવી મુખવસ્ત્ર કરી બીડા(પાન–ના બીડા) અથવા સોપારીનો એલચી–બરાસ વિગેરે સુગંધીયુક્ત ઝીણો ચૂરો ધરાય છે. તેમજ અનવસરમાં (બપોરે રાજભોગથી સાંજના ઉત્થાપન સુધી, તેમજ રાત્રીના શયનથી પ્રાતઃકાળ સુધી) પણ બીડા અથવા સોપારીનો ચૂરો બંટામાં મૂકી ધરાવાય છે. આ બીડા કે ચૂરો ધર્યા પછી તુરત ન સરાવવો પણ જ્યારે અનવસરના નવા બીડા કે ચૂરાનો બંટો ધરીએ ત્યારે જ પહેલાં ધરેલ બીડા કે ચૂરો સરાવી પ્રસાદીમાં મૂકવો. પ્રભુ વારંવાર બીડા આરોગી પ્રસન્નતાથી અધરામૃત આપે તેવી શુદ્ધ હૃદયથી ભાવના કરતાં બીડા ધરવા. આમ ન કરતાં અપરાધ લાગે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

શ્રવણાદિપ્રવૃત્યર્થં કર્તવ્યશ્ચેત્ નેષ્યતે ।
સહાયસંગસાધ્યત્વાત્ સાધનાનાં ચ રક્ષણાત્ ॥૩॥

શ્લોકાર્થ : શ્રવણ વગેરેમાં પ્રવૃત્તિ થાય એ માટે ત્યાગ કરવો એમ જો કહેવામાં આવે તો તે ઈચ્છવા યોગ્ય નથી, કારણ કે શ્રવણ વગેરે પ્રેરકના સંગથી ત્યાગ થઈ શકે તેવો છે. માટે શ્રવણ વગેરે સાધનોનું રક્ષણ કરવું—૩

ભાવાનુવાદ : ઘરમાં રહીને એક આસક્તિના કારણે પ્રેમજનક શ્રવણાદિ કરવાથી સારી સિદ્ધિ મળે તે હેતુથી પ્રેરાઈને પરાણે સિદ્ધિ મળે તે માટે પરિત્યાગ કરવો જોઈએ તે પક્ષ ઈષ્ટ નથી. તેમાં જીવનું અનિષ્ટ છે એમ કહેવાનો હેતુ છે. શ્રવણમાં શ્રવણ કરનારાઓનો સંગ શ્રવણના માટે સાધ્ય બને છે, જ્યારે પરિત્યાગમાં તો સર્વસંગરહિત સ્થિતિ બની રહે તે જ અપેક્ષિત છે.

ખરેખર ! કથાશ્રવણ માટે આવું ન બને તો શંકા થાય કીર્તન, સ્મરણ વગેરે નિમિત્તે પરિત્યાગ કરવામાં આવે તો કયો દોષ થાય? તેવી શંકાના સમાધાન માટે કહે છે.

કીર્તન, સ્મરણ વગેરે સાધનો કરવા માટે, તથા વાંગમય મનથી પ્રેમ પ્રેમનો અભાવ હોવાથી સહજ રીતે નહીં પ્રવર્તતો એવો પ્રયત્ન કરવાથી કીર્તન, સ્મરણ વગેરેનું સ્થાપન કરવાથી ફેલાતું થાય ત્યાં સુધી જ આવો પ્રયત્ન કરવો.

તે જ રીતે સહજ પ્રવૃત્તિરહિત ઈન્દ્રિયો બળપૂર્વક ફેલાવાથી વિક્ષેપ થાય છે એવો કહેવાનો ભાવ છે. આ પ્રમાણે પાદસેવનાદિમાં સર્વત્ર ઈન્દ્રિયોનો સમુદાય પ્રવૃત્ત રહે છે.

અભિમાનાન્નિયોગાચ્ચ તદ્ધર્મૈશ્ચ વિરોધતઃ ।
ગૃહાદેર્બાધકત્વેન સાધનાર્થં તથા યદિ ॥૪॥

શ્લોકાર્થ : અભિમાનને લીધે અને શાસ્ત્રની આજ્ઞાને કારણે શ્રવણાદિ માટે ત્યાગ જરૂરી નથી, કારણ કે તે ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે. શ્રવણાદિમાં ઘર વિગેરે વિઘ્ન કરનાર હોવાથી એ ત્યાગ કરવો યોગ્ય છે—૪

ભાવાનુવાદ : સંન્યાસ લીધા પછી તેની દઢતા માટે કહે છે. સંન્યાસ લેનાર એવું અભિમાન કરે કે સંન્યાસ સ્વીકારવા મેં સર્વસ્વનો પરિત્યાગ કર્યો છે એટલે મારી બરોબરી કરવા કોણ સમર્થ છે? અર્થાત્ મારા જેવો કોઈ નથી. વગેરે કારણોને લીધે તેને ગર્વ થાય છે. આવો ગર્વ થવાને કારણે તેને મનમાં ઉદ્વેગ ઉત્પન્ન થાય છે. તેનાથી આ લોકમાં વેદ, સ્મૃતિ વગેરેની તેનાં મનમાં નિંદા થઈ જાય

છે અને પારલૌકિક ઉપદ્રવ ઉત્પન્ન થાય છે. હવે માનો કે ભક્ત જો અભિમાનનો ત્યાગ કરે પછી તેને કયો દોષ રહ્યો ? તો બીજા દોષનું નિરૂપણ કરે છે.

આવો ત્યાગ ધર્મશાસ્ત્રની આજ્ઞાના ધર્મોથી વિરુદ્ધ છે. ઈશ્વરની આજ્ઞાનું લક્ષણ તો વેદાદિ છે, કારણ કે વેદની આજ્ઞા તો ધર્મનું અનુષ્ઠાન કરવાની છે તે પ્રસિદ્ધ છે. અનુષ્ઠાનરૂપ અભ્યાસથી શ્રવણની સારી સિદ્ધિ મળે છે. અનુષ્ઠાનના અભાવમાં પતિત થવાય છે. માટે શાસ્ત્રવિરૂદ્ધ ધર્મ ઉપદ્રવ ઉભો કરે છે. તેથી જીવે ત્યાંથી કર્મોનું નિવેદન કરવું કે જ્યાં સુધી તે મારી કથા વગેરેના શ્રવણથી તેનામાં શ્રદ્ધા ન પ્રગટે. આ વાક્યથી નક્કી થાય છે કે પુષ્ટિમાર્ગીય જીવે ભગવદીયોની સાથે મળીને કથા શ્રવણાદિ કરવા. આ પ્રમાણે સત્સંગ કરવાથી ધીમે ધીમે સહજ પ્રવર્તમાન ઈન્દ્રિયો ગર્વ કરે તો પણ ઉપરના વાક્ય અનુસાર ભક્તિમાર્ગના ધર્મોનું પણ તે અનુષ્ઠાન ન કરે તો, સત્સંગ વગેરે સિવાય બીજું બધું ત્યજીદો શું દોષ થાય? એવી શંકાના સમાધાનમાં કહે છે. પુષ્ટિમાર્ગીય પરિત્યાગ એ જ ધર્મ છે પુષ્ટિમાર્ગીયમાં થતો રસિક અનુભવ એ જ સાક્ષી છે. તે ત્યાગ તો ભગવદ્ વરણરૂપ પરિત્યાગ છે. ભાવનારૂપ આવો પરિત્યાગ ભાવના સિદ્ધ છે.

જ્યાં સુધી સાધના ન બને અને ભાવપોષક વિરહનો અનુભવ ન થાય ત્યાં સુધી બધું નિરર્થક છે. ભૌતિક પદાર્થો પરનો વ્યાસંગ (આસક્તિ) અંતરમાં ઉત્પન્ન થવાથી, તેનો અનુભવ સાક્ષીભાવે પ્રકૃત પરિત્યાગના ધર્મોથી વિરૂદ્ધ હોવાથી પરિત્યાગના કારણે શ્રવણાદિ પ્રેમજનક સિદ્ધિ માટે કરવો એવું કહેવાનો અહીં હેતુ નથી. તેવા વિચારનો ઉદ્‌ભવ થવાથી પ્રકૃત હેતુરૂપ સિવાયનો પરિત્યાગ કહે છે. જેવા તેવા બીજા વિરહના પ્રયોજનરૂપ પરિત્યાગ પુષ્ટિમાર્ગીય ભક્તોની બુદ્ધિમાં ઉત્પન્ન થતો નથી, કારણ કે તે પુષ્ટિમાર્ગના જીવનું ક્યાં કર્તવ્ય છે એવું કહેવાનું ધ્યેય છે. માટે શ્રવણાદિ ભાવ વિરોધી ન હોવું જોઈએ, પરંતુ તે પુષ્ટિમાર્ગીય ભક્તને ઉપદેશાત્મ પ્રકારનું હોવું જોઈએ.

ઉપરનું ભાવ લક્ષણ જ્યારે સિદ્ધ થાય ત્યારે સ્વરૂપાનંદના સાધનમાં પ્રતિબંધક થવામાં ભાર્યાદિ પ્રતિબંધક બનતા હોય તો ત્યાગ કરવામાં આવે તો તેમાં શું દોષ? તેનું સમાધાન કરતાં આપશ્રી આજ્ઞા કરે છે.

સાધનાર્થે ભાવસિદ્ધિને કારણે જો પરિત્યાગ કરવાની જરૂરિયાત જણાય તો પરિત્યાગ કરવો જોઈએ. તે જ પ્રમાણે પ્રતિબંધની નિવૃત્તિ માટે ઘર, ભાર્યા વગેરેના ઉપદ્રવ પ્રતિબંધક બનતા હોય તો પરિત્યાગ ભાવરૂપ સાધનની સિદ્ધિ માટે છે. માટે તે પરિત્યાગ છે એમ કહેવાનો ભાવ છે—૪

—ક્રમશઃ

|| શ્રીહરિ: ||

શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

૧૩. જગત

આપણા સંપ્રદાયમાં જગતને સત્ય માનવામાં આવ્યું છે. અને વાસ્તવમાં વિચારશીલ લોકો જોશે કે આપણો આ સિદ્ધાંત કેટલો સાચો છે.

જગતના સત્ય તત્વને બતાવતાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર ગીતામાં આજ્ઞા કરે છે–

નાસતો વિદ્યતે ભાવો ના ભાવો વિદ્યતે સતઃ ।

અર્થ– જે પદાર્થ મિથ્યા છે તેને માટે ભાવ જ થતો નથી. અને જે સત્ય છે. તેને માટે હંમેશા ભાવ થાય છે.

આ જગત બ્રહ્મથી ઉત્પન્ન થયું છે. તેથી તે જ પ્રમાણે બ્રહ્મ સત્ય છે. તે પ્રમાણે જગત સત્ય છે.

છાંદોગ્યોપનિષદ્ માં લખ્યું છે કે–

'સર્વં ખલ્વિદં બ્રહ્મ તજ્જલાનિ'તિ'

અર્થ—આ બધું દશ્યમાન જગત બ્રહ્મરૂપ છે. કારણ કે આ જગત બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે. બ્રહ્મમાં જ તેની સ્થિતિ છે. અને એક દિવસ તે બ્રહ્મમાં જ લય થઈ જાય છે. તેથી નામરૂપ સર્વ જગત બ્રહ્મરૂપ છે. તેથી સત્ય છે.

'સર્વ ખલ્વિદં બ્રહ્મ' આ શ્રુતિમાં જે 'ઈદમ' શબ્દનો પ્રયોગ થયો છે. તે સમીપવાચી અને પ્રત્યક્ષ કહેવાવાળો છે. તેથી પ્રત્યક્ષ દેખાતું સર્વ જગત બ્રહ્મરૂપ છે. તેથી સત્ય છે.

આ જગત સનાતન બ્રહ્મરૂપ છે. આ વાત ઉપનિષદમાં શ્વેતકેતુના ઉપાખ્યાનમાં કહી છે. ત્યાં ઉદાલક ઋષિ કહે છે–

સન્મૂલાઃ સૌમ્યેમાઃ પ્રજાઃ સદાયતનાઃ સત્પ્રતિષ્ઠાઃ ।
તત્સત્યં યદિદં કિં ચ તત્સત્યમિત્યાચક્ષતે ॥

અર્થ—હે સૌમ્ય! આ પ્રજાનું મૂળ સદ્‌રૂપ બ્રહ્મ છે. તેનું નિવાસ સ્થળ પણ બ્રહ્મ છે. અને અંતમાં તેની ગતિ પણ બ્રહ્મ જ છે. તેથી આ સત્ય છે.

વેદમાં કહ્યું છે–

કથમસતઃ સજ્જાયેત

અર્થ—અસત્યથી સત્ય કેવી રીતે ઉત્પન્ન થઈ શકે? બ્રહ્મ જ્યારે સત્ય છે. તો જગત પણ સત્ય છે. કારણ કે બ્રહ્મમાંથી જ જગત ઉત્પન્ન થયું છે.

જગતને સત્ય માનવું જ પડે. કારણ કે જ્યારે આપણે તેને સત્ય માનીશું ત્યારે જગતમાં આવેલાવેદ, ગુરૂ અને અનેક વાક્યોને પણ આપણે સત્ય માનવા પડે. અથવા તેથી વિરૂદ્ધ જો આપણે જગતને મિથ્યા માનીશું તો જગત સ્થિત સમસ્ત પદાર્થ, એટલે સુધી કે વેદ, શાસ્ત્ર, ગુરૂ તથા તેમના પવિત્ર અને સત્ય વાક્યોને પણ આપણે મિથ્યા માનવા જોઈએ. તો પછી આવા અસદ્ ઉપદેશથી સદ્રૂપ બ્રહ્મની સિદ્ધિ કેવી રીતે થઈ શકે ! આવા અનેક વિચાર છે. જેના દ્વારા જગતને મિથ્યા માનવામાં દોષ છે.

જગતની સત્યતાનું પ્રતિપાદન કરવાવાળા એક મનોહર અને સુંદર દષ્ટાંત છાન્દોગ્યોપનિષદ્‌ના છટ્ઠા પ્રપાઠકમાં આપ્યું છે. તે અહીં રજુ કરીએ છીએ.

મહાત્મા ઉદાલકનો પુત્ર શ્વેતકેતુ પોતાની પ્રથમ યૌવન અવસ્થામાં બિલકુલ અભણ હતો. શુદ્ધ બ્રાહ્મણ કુળમાં જન્મ હોવા છતાં પણ તે બ્રાહ્મણોચિત આચરણમાં મીંડુ હતો. પિતાજીને એની (પુત્રની) આ દશા પર ઘણું દુઃખ થયું અને એક દિવસ મુનીએ પોતાની પાસે બોલાવીને કહ્યું—'વત્સ! આજથી તું બ્રહ્મચર્ય ધારણ કરીને વિદ્યાભ્યાસ કર. આપણા કુળમાં હજુ સુધી બ્રહ્મબંધુ એટલે કે વિદ્યાહીન ક્યારેય કોઈ પણ થયો નથી. તેથી તારે પણ આચાર નિષ્ઠ અને વિદ્વાન થવું યોગ્ય છે'

પિતાજીનો આ ઉપદેશ સાંભળીને શ્વેતકેતુને જ્ઞાન થયું અને પોતાની આ અવસ્થા (અભણ) હોવાથી ખૂબજ શરમીંદો થયો. તે સમયે તે ઘણી જ નાની ઉંમરનો હતો. પરંતુ ઉત્તમ બ્રાહ્મણપુત્ર હોવાથી બુદ્ધિનો અભાવ ન હતો.. બાર વર્ષ સુધી કઠિન તપ કરી વિદ્યાની પ્રાપ્તિ કરી. જ્યારે ચોવીશ વર્ષનો યુવાન થયો ત્યારે તેણે સમગ્ર વેદ, ઈતિહાસ, પુરાણ અને દર્શનશાસ્ત્રનો સારી રીતે અભ્યાસ પૂરો કર્યો. તે સમયે તેને અભિમાન થયું કે પોતાના જેટલું કોઈ ભણ્યું નથી. તેમ તે માનવા લાગ્યો. તેની આવી અવસ્થા જોઈને પિતાએ તેનું અભિમાન દૂર કરવા માટે અર્થ પૂછયો કે—

યન્તુ સૌમ્યેદં મહામના અનુચમાની સ્તબ્ધોસ્યુત તમા દેશમ પ્રાક્ષ:? યેના શ્રુતં શ્રુતં ભવત્યમતં મતમ વિજ્ઞાતં વિજ્ઞાત મિતિ ।

ઋષિએ કહ્યું —'હે સૌમ્ય શ્વેતકેતો ! તું જે માને છે કે મારા સમાન સદશ્ય વિદ્વાન કોઈ નથી. અને એટલો બધો અભિમાની અને ઉદ્ધત તું થઈ ગયો છે તો તું આટલું બતાવ કે જેને જાણવાથી કદી સાંભળ્યું ન હોય તે સાંભળેલું થઈ જાય. અને કદી માનવામાં આવ્યું ન હોય તે પણ માની લેવું પડે અને જે જાણતા હોય તે નિશ્ચિત રીતે જાણી શકાય?'

પિતાનો આ પ્રશ્ન સાંભળીને શ્વેતકેતુ વિચારમાં પડી ગયો. અને તેને પોતાના ઉદ્ધત સ્વભાવ ઉપર મોટો અફસોસ થયો. તે પોતાના પિતાને પગે પડયો અને કહેવા લાગ્યો—'ગુરૂ! હું મોટો મૂર્ખ છું. મેં અલ્પ અભ્યાસ કરીને એ માની લીધું કે હું સર્વજ્ઞ થઈ ગયો છું. આજે આપે મારી આંખો ખોલી દીધી. હું મહા મૂર્ખ છું. કૃપા કરીને મને આ વાતનું રહસ્ય બતાવો. પુત્રનો આ વિનય જાણીને ઋષિ બોલ્યા—

યથા સૌમ્યેકેન મૃત્પિણ્ડેન સર્વં મૃણ્મયં વિજ્ઞાતં ભવતિ ।
વાચારભણં વિકારો નામ ધેયં મૃત્તિકેત્યેવ સત્યમ્ ।

અર્થ—'હે વત્સ શ્વેતકેતો ! જે પ્રમાણે માટીના એક પિંડને જાણી લેવાથી સમગ્ર માટીના પદાર્થોનું જ્ઞાન થઈ જાય છે. તે પ્રમાણે એક બ્રહ્મને જ જાણી લેવાથી બ્રહ્મમાંથી ઉત્પન્ન થયેલા સર્વકાર્યરૂપ જગતને જાણી શકાય છે. માટીમાંથી જેમ ઘડો બન્યો છે, અને તેના માપ સાઈઝ રૂપ વિકાર છે. તે વાણીથી ક્રિયા રૂપ જ છે. માટીથી ઘડો જુદો છે. તે વાત તેના જુદા જુદા આકારોથી સિદ્ધ થતી નથી' જે રીતે પુરૂષ સૂતેલો હોય; બેઠેલો હોય કે ઉભો રહેલો હોય તે ભિન્ન નથી તે પ્રકારે ભિન્ન ભિન્ન અવયવો રાખીને માટી પણ ભિન્ન રૂપોમાં વહેંચાયેલી છે. તેનો અર્થ માટીથી ઘડો અલગ છે તેવો અર્થ થતો નથી. કારણ કે માટીથી ઘડાનું તત્વ જુદું નથી. તે માટે કહેવામાં આવ્યું છે કે 'મૃતિકેત્યેવ સત્યમ્'। તેથી બ્રહ્મમાંથી જગતની ઉત્પત્તિ થઈ છે. તે ભિન્ન પ્રકારે કેવળ બ્રહ્મ જ છે. તેથી બ્રહ્મનું સદશ સ્વરૂપ સત્ય છે.

જગત બ્રહ્મથી જુદું નથી એ બતાવતાં બ્રહ્મસૂત્રમાં પણ કહેવામાં આવ્યું છે કે—

તદનમ્યત્વ મારં ભણશબ્દાદિભ્યઃ ।

અર્થ—બ્રહ્મથી અનમ્યત્વ (એકતા) જગતને સિદ્ધ છે. કારણ કે 'વાચારમ્ભણમ્' ઈત્યાદી શ્રુતિઓમાં બ્રહ્મથી જગત ભિન્ન માનવું તે તો આસુરી સંતપવાળાઓનું કર્તવ્ય છે. શ્રીમદ્ ભાગવત ગીતામાં ભગવાને સ્પષ્ટ રીતે કહ્યું છે—

અસત્યં પ્રતિષ્ઠં તે જગદાહુરનીશ્વરમ્ ।

અર્થ—તે આસુર જીવ જગત અસત્ય છે તે કહે છે. કેટલાયે કહે છે કે જગત સ્થિતિ વિનાનું છે. અને કેટલાયે કહે છે કે જગતનો કોઈ ઈશ્વર નથી. તેથી જગતને અસત્ય માનવું તે વિચારશીલો માટેનું મંતવ્ય નથી. વૈષ્ણવ જગતને સત્ય માને છે.

જે પ્રમાણે જીવ બ્રહ્મનો એક અંશ છે. તે પ્રકારે પૃથ્વી, જલ, વાયુ, આકાશ આદિ પણ બ્રહ્મથી જ ઉત્પન્ન થયા છે. જગત બ્રહ્મથી જ ઉત્પન્ન થયું છે. આ વિષયમાં મુણ્ડકોપનિષદમાં કહ્યું છે કે—

યથોર્ણનાભિઃ સૃજતે ગૃહ્ણતે ચ,
યથા પૃથિવ્યામોષધયઃ સમ્ભવન્તિ ।
યથા સતઃ પુરૂષાત કેશલોમાનિ
તથા ક્ષરાત્સંભવતીહ વિશ્વમ્ ॥

અર્થ—જે પ્રમાણે કરોળીયો જાળ ફેલાવે છે, અને પોતાની ઈચ્છા મુજબ તેને સમેટી લે છે. અથવા જેમ પૃથ્વીમાં ઔષધી ઉત્પન્ન થાય છે. જે રીતે જીવંત મનુષ્યમાં કેશલોમાદિ ઉત્પન્ન થાય છે. તેવી જ રીતે અક્ષરબ્રહ્મથી આ જગત ઉત્પન્ન થાય છે.

નામરૂપાત્મક સારૂં જગત બ્રહ્મ જ છે. બ્રહ્મ જગતને ઉત્પન્ન કરે છે. માનો સ્વયં ઉત્પન્ન થાય છે. તે જ રક્ષા કરે છે તે જ માની લો કે રક્ષિત પણ જગતરૂપી પોતે જ છે. પોતાની ઈચ્છાથી તે જગતનો સંહાર કરે છે. માનો કે આપથી જ સંહાર થાય છે.

શાસ્ત્રોથી જાણવામાં આવ્યું છે કે બ્રહ્મને રમણ કરવાની ઈચ્છા થઈ અને રમણ એકલા થઈ શકતું

નથી. તેથી ભગવાને એક રમકડું બનાવ્યું. બસ તે જ જગત થઈ ગયું.

ભગવાનના ત્રણ અંશ છે. સત્, ચિત્ અને આનંદ. જે પદાર્થ બ્રહ્મના સદંશમાંથી નીકળે છે લોકોમાં તેને જડ પદાર્થ કહેવામાં આવે છે. જે ચિદંશમાંથી નીકળે છે તે જીવ હોય છે અને જે તેના આનંદ અંશમાંથી નીકળે છે તે અંતર્યામી હોય છે. આ બધાની અભિવ્યક્તિ સત્યરૂપ બ્રહ્મમાંથી થાય છે તેથી તે સત્ય છે. તેથી આ જગત અસત્ય ન હોઈ શકે.

આવિર્ભાવ અને તિરોભાવ એ પરબ્રહ્મની બે શક્તિઓ છે. જ્યારે પરબ્રહ્મની આવિર્ભાવ શક્તિની ક્રિયા ચાલતી હોય છે તે સમયે જગત અસ્તિત્વમાં આવે છે. જ્યારે ઈશ્વરની તિરોભાવ શક્તિ ક્રિયાવંત થાય છે તે સમયે કેવળ ભગવાન જ અવશિષ્ટ રહે છે. જગત બ્રહ્મમાં લીન થઈ જાય છે.

જગત ત્રણેય કાળમાં સત્ય છે. તેથી તેને બ્રહ્મત્વ છે. અને 'સત્ત્વાચ્ચાવરસ્ય' આ સૂત્રમાં આ વાત સારી રીતે પ્રમાણિત થઈ જાય છે. શ્રુતિમાં પણ કહ્યું છે—

સદેવ સૌમ્યે દમગ્ર આસીત્ ।

તૈતરીય ઉપનિષદ્‌માં પણ કહ્યું છે—

યદિદં કિંચ તત્સત્યમિત્યાચક્ષતે ।

અર્થ—આ નામ રૂપાત્મક જગત પ્રથમ સત્ય જ હતું અને અત્યારે પણ જે કાંઈ છે તે બધુંય સત્ય છે. આ શ્રુતિઓથી આપણે સારી રીતે જાણી શકીશું કે જગત પૂર્વમાં પણ સત્ય હતું તથા વર્તમાનમાં પણ સત્ય છે. અને ભવિષ્યમાં પણ સત્ય રહેશે. જગતના વિષયમાં ભ્રાન્તિ રહેવાથી તેમાં વિકાર દેખાય છે. વાસ્તવમાં તે વિકારવાન નથી. કેવળ આવિર્ભાવ અને તિરોભાવની શક્તિ છે. તે તેમાં જન્મ અને મરણની ભ્રાન્તિ કરાવે છે. તેથી જે જગતને શ્રુતિ, સ્મૃતિ અને પુરાણ સત્ય કહે છે. તેને આપણે અસત્ય કદી ન કહી શકીએ.

જીવ, ઈશ્વર અને જગત આ વ્યવહાર દશામાં જ સત્ય છે. તે કહેવાથી તેનું સ્વરૂપ જ નષ્ટ થઈ જાય છે. જે ઈશ્વર પરમાર્થ દશામાં સત્ય ન હોય તો તેનું ભજન કરવાથી અથવા તેની ઉપાસના કરવાથી કોઈપણ લાભ થઈ શકતો નથી અને તેથી કરીને ભક્તિ અને શ્રદ્ધાને દઢ કરવાનો કોઈપણ ઉપાય ન હતો.

—ક્રમશઃ

વડોદરાના પ્રતિનિધિ

શ્રી કૃષ્ણકાન્ત એમ. મહેતા

C/O. ગોવર્ધન હવેલી, ૬૦–૬૧ ઉર્મી સોસાયટી,
પ્રોડક્ટીવીટી રોડ, અલકાપુરી, વડોદરા– ૩૯૦૦૦૭ ફોન. ૩૧૧૮૩૦

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

કરવા ચાહે પ્રસન્ન પ્રભુને તો અભિમાન અળગું નાખ
શીઘ્ર દયા કેશવતણી ઈચ્છે, તો તું દીનતા રાખ.
રાખ દીનતા એકજ કરીને, કરવા કૃપા મન થાશે હરિને
બોત્તેર કોટીયે સર્યું ન કામ, દીનતા એક બંધાયા દામ
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૪)

વિવેચન : આ કડીમાં તત્ત્વ બતાવે છે કે, હે જીવ, જો તું પ્રભુને પ્રસન્ન કરવાની પ્રબળ ઈચ્છા રાખતો હો તો, અભિમાનને છોડી દે અને દીનતા ગ્રહણ કરી લે.

ભગવાનને પ્રસન્ન કરવા માટે દીનતાની પૂર્ણ આવશ્યકતા છે, માટે તું દીનતા રાખી, અભિમાનનો ત્યાગ કરીને જો, તને કેટલો આનંદ થશે. તે આનંદ પ્રભુને મેળવી દેશે.

કૃષ્ણે સર્વાત્મકે નિત્યં સર્વથા દીન ભાવનાં
અહંકારં ન કુર્વતિ માનોપેક્ષાય વર્જયત્

ભગવાનને પ્રાપ્ત કરવા માટે દીનતા ભાવ રાખવો જરૂરી છે, કેમકે અભિમાન અહંકાર આ ગુણો પ્રભુ પ્રાપ્તિનાં વિરોધી છે. તેથી જ ભગવદ્ પ્રાપ્તિ કરવાની ઈચ્છાવાળાએ તો અભિમાનથી દુર જ રહેવું. શિક્ષાપત્ર ૩૮ મું શ્લોક ૧૭ મો—

કૃષ્ણ કૃપા પરાધિનો દીનાનામનુંપેક્ષકઃ
સ્વકિયાનામ અન્ય ભાવાત્કરિષ્ય ત્યવનં સ્વતઃ

શ્રીહરિરાયજી આજ્ઞા કરે છે કે, પ્રભુમાં રહેલાં ગુણ જે કૃપા છે તેને આધારે જે જે ભક્તો દીનતા રાખી, શરણ ગ્રહીને રહ્યા છે, સેવાસ્મરણ કરે છે. તે ભક્તોને આપ કૃપા કરી ભક્તિનું દાન આપો છો. એટલું જ નહીં, પ્રભુ સ્વયં ભક્તને આધીન બની જાય છે. માટે દીનતા રાખવી હોય તો અભિમાનને છોડવું જ પડશે.

દીનતાનો ભાવ રાખી અભિમાન થાય નહી
જો જો હો જીવનીયું એળે વહી જાય નહી

ઉપર મુજબ એજ તાત્પર્ય છે કે જો આ જીવનને સફળ બનાવવું હોય તો દીનતા ભાવ રાખવો, નહીં તો વૃથા જન્મ ગુમાવવો પડશે. શિક્ષાપત્ર—૧૯, શ્લોક ૧ લો—

સદા સ્વભક્ત હૃદયા વાસઃ સ્વાચાર્ય ભાવિતઃ
યશોદાતિ પ્રિયઃ શ્રીમાનં નંદ સૂનુવૃજેશ્વરઃ

તાત્પર્ય—ભગવદિય, દીનતારૂપી સાધન કરી, પ્રભુનાં કૃપારૂપી ધર્મને પ્રાપ્ત કરી, પોતાના હૃદયમાં પધરાવીને નિશ્ચિંત બને છે. શ્રીમહાપ્રભુજીના ભાવથી ભાવિત, શ્રીયશોદાજીનાં અતિપ્રાણ પ્રિય નંદરાયજીનાં પુત્રએવા પ્રભુ, સદા ભક્તનાં હૃદયમાં નિવાસ કરી રહે છે. જેવી રીતે ગોપિજનોનાં હૃદયગામી પ્રભુ તેમને વશ થઈને રહ્યા, ગોપિજનોને ઈચ્છીત ફળ આપ્યું, તેવી જ રીતે શ્રીમહાપ્રભુજીનાં ભાવથી ભાવિત પ્રભુ, આજે પણ પ્રસન્ન થઈને ભક્તનાં હૃદયમાં બિરાજીને ભક્તોનાં મનોરથ પૂર્ણ કરે છે, ભક્તાધિન બને છે. કૃપા મેળવવા દીનતા રાખવી, તે મહત્વની વસ્તુ છે.

યશોદાજી લાલાને બાંધવા એક પછી એક દામડા લઈને બાંધવા ઈચ્છતા, પરંતુ થાકી ગયા ત્યારે પ્રભુ યશોદાજીને દીન જોઈને બંધાયા. દીન બંધુ પ્રભુ અપને આપ બંધાણા છે, ન કે કોઈ અન્ય સાધનથી. બોતેર કોટીએ સર્યુ નહી કામ—દામડા રૂપી સાધનથી ભગવાનને બાંધવા ઈચ્છતા યશોદાજી એક પછી એક દામડા લેતા ગયા અને થાકી ગયા. શ્રમીત મુખ જોઈને પ્રભુને દયા આવી, કેમ કે ત્યારે યશોદાજીને દીનતા આવીતી અને કવિશ્રી સમજાવે છે માતા યશોદાજીએ દીનતાનાં ભાવથી પ્રભુને બાંધ્યા કહો કે પ્રભુ બંધાણા, તાત્પર્ય—અત્રે દીનતાનું જ મહત્વ બતાવ્યું છે. જેમકે સાધવો હૃદયત્વહમ મહન્ય, તેન નાનાન્તિ નાહં તે ભ્યો મનામપિ—આ વાક્ય પ્રભુનું છે કે, ભક્તો એ મારું હૃદય છે તેમજ ભક્તો મારા હૃદયમાં છે, ભક્તોનાં હૃદયમાં હું છું. અન્યોઅન્ય બતાવ્યું છે. શ્રીહરિરાયજી શિ. ૩૪ શ્લોક ૨૭.

યતો માર્ગીય સર્વસ્વદૈન્ય ભાવ વિનાશકઃ
દૈન્યં સર્વેષુ કાર્યષુ કૃષ્ણ સેવા કથાદિષુ

પુષ્ટિમાર્ગમાં ક્રોધ તે દૈન્ય ને નાશ કરવાવાળો છે. ક્રોધમાં માણસ આંધળો બની જાય છે. હું શું કરું છું, શું કહું છું, તેની ભાન રહેતી નથી. ન થવાનું પળમાં થઈ જાય છે, પછી પસ્તાવું પડે છે. પુષ્ટિમાર્ગીય સેવા, કથા, શ્રવણ, કીર્તન આદી સર્વ વસ્તુ સિદ્ધ થવા માટે, આ બધાનો બિજ મંત્ર દીનતા જ છે. જેવી રીતે મંત્રોમાં બીજ મંત્ર સહિત ઉપાસનાં થાય તેને જ ફળ રૂપ બતાવ્યું છે, તેમ અત્રે ઉપર બતાવેલા પ્રભુ પ્રાપ્તિનાં બધા સાધનોમાં દીનતા મંત્રને બીજ મંત્ર જાણવો. દીનતા પ્રાપ્ત થવા પ્રભુ વિયોગાર્તિ આપે છે.

વેણુ વગાડી ,ગોપિજનોને વનમાં બોલાવ્યા ત્યારે દર્શન કરીને તમે ઘરે જાઓ આવો બોધ તેમને આપ્યો હતો પરંતુ ગોપી પ્રેમકી ધ્વજા, તેમણે તે વસ્તુનો સ્વિકાર ન કર્યો ત્યારે પ્રભુએ રાસ રમાડયાં. તે વખતે ગોપીજનોને સૌભાગ્ય મદ પ્રાપ્ત થયો કે તુરત જ અંતર્ધ્યાન થયા ત્યારે ગોપિઓ વનોવન ફરી વળી, પ્રયત્ન છોડયો નહીં. ન મળતાં દુઃખી થયા, ત્યારે દીનતા આવી ને ગોપીગીત ગાયું. તે તાપાત્મક ભાવનું હતું તેથી તુરત પ્રગટ થઈને દર્શન દીધા. આવી રીતે તેમને પોતાનો દોષ સમજાવ્યો, ત્યારે દીનતા આવી. તે દીનતા જ પ્રભુને પ્રગટ કરવા કારણરૂપ બની. માટે જ અભિમાન છોડવું અને દીનતા રાખવી. આવો સારાંશ સમજાય છે. દીનતા જ સકલ સિદ્ધિને પ્રાપ્ત કરાવે છે. કરૂણાવંત પ્રભુ દીનતાથી રીઝે છે, માટે જ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ (૮૪).

દેવર્ષિ નારદ રચિત : ભક્તિસૂત્ર - પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે પોતાના મતની સમાલોચનામાંથી જન્મેલી આત્મપ્રીતિનો ઉલ્લાસ વ્યક્ત કરતાં કહે છે–

અસ્ત્યેવમેવમ્ ॥૨૦॥

૨૦. બરોબર આવું જ છે.

દેવર્ષિ નારદ પાછલા સૂત્રમાં બતાવેલ સિદ્ધાંતના સમર્થન માટે કહે છે કે ખરેખર ભક્તિનું આ સ્વરૂપ છે. ૨૦

ભાષ્યાર્થ : ''અમોએ ભક્તિનું જે લક્ષણ આપ્યું છે તેમજ તે છે એમાં સંશયનું ફોતરું પણ નથી''–આમ કહીને ભગવાન સૂત્રકાર પોતાના આશયનો અનુભાવથી સમર્થિત ઉલ્લાસ પ્રકટ કરે છે અને આથી જ અહીં દ્વિરુક્તિ પોતાના અનુભવની મુદ્રાથી મુદ્રિત ઉલ્લાસને વ્યક્ત કરનારી છે. યથાર્થ અનુભવ જ તો ભક્તનો નાયક–દોરનાર છે. ભક્ત કલ્પનાનો આદર કરતો નથી. અનુભવ જ આત્મનિર્ણાયક છે અને આથી જ સર્વત્ર અનુભવ સૌથી શ્રેષ્ઠ પ્રમાણ તરીકે સ્વીકારાય છે. આમ કહી અહીં અન્યાચાર્યોનો મત અયથાર્થ છે એમ સિદ્ધ કરવાનો આશય નથી. બધાયે મતો ઉદાર જ છે, પણ નારદ મત તો ભક્તિ શબ્દનો આત્મા છે, એટલું જ અહીં વ્યક્ત છે. ૨૦

હવે દૃષ્ટાંત દ્વારા પોતાની ઉક્તિને સમૃદ્ધ કરે છે કે–

યથા વ્રજગોપિકાનામ્ ॥૨૧॥

૨૧. જેવી રીતે વ્રજગોપિકાઓની (ભક્તિ)

ભક્તિનું લક્ષણ બતાવીને હવે દેવર્ષિ ઉદાહરણમાં પ્રેમિકા શિરોમણી પ્રાતઃસ્મરણીય શ્રીગોપિકાઓનું નામ લે છે. ખરેખર ગોપીઓનો એવો જ મહિમા છે. જગતમાં એવું કોણ છે જે ગોપીઓના પ્રેમના તત્ત્વના વખાણ કરી શકે? તેમનું તન, મન, ધન, લોક, પરલોક બધું શ્રીકૃષ્ણને સમર્પિત હતું. તેઓ દિવસ–રાત ગુણગાન કરતી અને સર્વત્ર સર્વદા શ્રીકૃષ્ણને જ જોયા કરતી હતી. સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે તેમને કહ્યું છે–

ન પારયેઽહં નિરવદ્યસંયુજાં સ્વસાધુકૃત્યં વિબુધાયુષાપિ વઃ ।
યા માભજન્ દુર્જરગેહશ્રૃઙ્ખલાઃ સંવૃશ્ચ્ય તદ્વઃ પ્રતિયાતુ સાધુના ॥

(શ્રીમદ્ ભા. ૧૦/૩૨/૨૨)

'હે ગોપિકાઓ, તમે મારે માટે ગૃહસ્થની કઠીન બેડીઓ તોડીને મારું ભજન કર્યું છે. તમારું આ કાર્ય સર્વથા નિર્દોષ છે. હું દેવતાઓના આયુષ્ય જેટલા સમય સુધી પણ તમારા આ ઉપકારનો બદલો નહીં ચુકવી શકું. તમે પોતાની ઉદારતાથી મને ઋણ મુક્ત કરજો'

ઉદ્ધવને સંદેશો આપીને મોકલતી વખતે ભગવાન શ્રીકૃષ્ણે પ્રેમ અશ્રુ વહેવડાવતા ગદ્‌ગદ્ વાણીથી કહ્યું હતું—

તા મન્મનસ્કા મત્પ્રાણા મદર્થે ત્યક્તદૈહિકાઃ ।
યે ત્યક્તલોકધર્માશ્ચ મદર્થે તાન્ વિભર્મ્યહમ્ ॥
મયિ તાઃ પ્રેયસાં પ્રેષ્ઠે દૂરસ્થે ગોકુલસ્ત્રિયઃ ।
સ્મરન્ત્યોઽઙ્ગ વિમુહ્યન્તિ વિરહોત્કણ્ઠયવિહ્વલાઃ ॥
ધારયન્ત્યતિકૃચ્છ્રેણ પ્રાયઃ પ્રાણાન્ કથઞ્ચન ।
પ્રત્યાગમન સન્દેશૈર્વલ્લવ્યો મે મદાત્મિકાઃ ॥

(શ્રીમદ્ ભા. ૧૦/૪૬/૪—૬)

'હે ઉદ્ધવ, ગોપિઓએ પોતાનું મન મને સમર્પણ કરી દીધું છે. હું જ તેમનો પ્રાણ છું, મારે માટે તેમણે પોતાના શરીરના બધા વ્યવહાર છોડી દીધા છે. જે લોકો મારે માટે સમસ્ત લૌકિક ધર્મ છોડી દે છે, તેમને હું સુખ પહોંચાડું છું. તે ગોપીઓ મને પ્રિયથી પણ અતિ પ્રિય સમજે છે, મારા દૂર રહેવાથી મને યાદ કરીને તેઓ દારુણ વિરહવેદનાથી વ્યાકુળ થઈને પોતાના દેહનું ભાન ભૂલી જાય છે. મારા વગર તેઓ ઘણી મુશ્કેલીથી કોઈપણ રીતે પ્રાણ ટકાવી રહી છે. મારા ફરી વ્રજ જવાના સંદેશના આધાર પર જ તેઓ જીવી રહી છે. હું તે ગોપીઓનો આત્મા છું અને તેઓ મારો આત્મા છે.

ઉદ્ધવે વ્રજમાં આવીને જ્યારે પ્રેમમયી ગોપઓની દશા જોઈ, તેમને બધી બાજુ, બહાર—અંદર શ્રીકૃષ્ણના દર્શન કરતા જોઈ અને જ્યારે તેમના મોઢેથી સાંભળ્યું—

(૧)

નાહિન રહ્યો હિયમહં ઠૌર ।
નંદનંદન અછત કૈસે, આનિયે ઉર ઔર ॥
ચલત ચિતવત દિવસ જાગત, સુપન સોવત રાત ।
હૃદય તે વહ સ્યામ મૂરતિ, છિન ન ઈત ઉત જાત ॥
કહત કથા અનેક ઉધૌ ! લોક—લાજ દિખાત ।
કહા કરૌં તન પ્રેમ પૂરન, ઘટ ન સિંધુ સમાત ॥
સ્યામ ગાત સરોજ આનન, લલિત ગતિ મૃદુ હાસ ।
'સૂર' ઐસે રૂપ કારન, મરત લોચન પ્યાસ ॥

(૨)

ઉદ્ધૌ ! જોગ જોગ હમ નાહીં ।
અબલા ગ્યાનસાર કહા જાનૈં, કૈસે ધ્યાન ધરહીં ॥
તે યે મૂંદન નૈન કહત હૌ, હરિ મૂરતિ જિન માહીં ।
ઐસી કથા કપટકી મધુકર, હમતે સુની ન જાહીં ॥
સ્રવન ચીર અરુ જટા બંધાવહુ, યે દુઃખ કૌન સમાહીં ।
ચંદન તજિ અંગ ભસમ બતાવત, વિરહ અનલ અતિ દાહીં ॥
જોગી ભરમત જેહિ લગિ ભૂલે, સો તો હૈ હમ પાહીં ।
'સૂરદાસ' સો ન્યારો ન પલ છિન, જ્યોં ઘટતે પરિછાહીં ॥

ગોપીઓએ કહ્યું– 'ઉદ્ધવજી, યોગ એમને જઈને શીખવો જ્યાં શ્યામસુંદરનો વિયોગ હોય. અહીંતો જુઓ સદાય સંયોગ જ છે, અમારા પ્યારા શ્યામ સદા—સર્વદા અમારી સાથે જ રહે છે' ત્યારે ઉદ્ધવની આંખો ખુલી, તે ગોપીઓના શુદ્ધ પ્રેમના પ્રબળ પ્રવાહમાં તણાઈ ગયા.

સુનિ ગોપીકે બૈન નેમ ઉધૌકે ભૂલે ।
ગાવત ગુન ગોપાલ ફિરત કુંજનમેં ફૂલે ॥
ખિન ગોપિન કે પગ પરૈ, ધન્ય સોઈ હૈ નેમ ।
ધાઈ ધાઈ દ્રુમ ભેંટ હીં, ઉધૌ છાકે પ્રેમ ॥

તેમણે ભક્તિમય ચિત્તથી કહ્યું–

એતાઃ પરં તનુભૃતો ભુવિ ગોપવધ્વો
ગોવિન્દ એવ નિખિલાત્મનિ રુઢભાવાઃ ।
વાઞ્છત્રન્તિ યદ્‌ભવભિયો મુનયો વયં ચ
કિં બ્રહ્મજગ્મભિરનન્ત કથારસસ્ય ॥
નાયં શ્રિયોઽઙ્ગ ઉ નિતાન્તરતેઃ પ્રસાદઃ
સ્વર્યોષિતાં નલિનગન્ધરુચાં કુતોઽન્યાંઃ ।
રાસોત્સવેઽસ્ય ભુજદણ્ડગૃહીતકણ્ઠ
લબ્ધાશિષાં ય ઉદગાદ્ વ્રજવલ્લવીનામ્ ॥
આસામહો ચરણરેણુજુષામહં સ્યાં
વૃન્દાવને કિમપિ ગુલ્મલતૌષધિનામ્ ।
યા દુસ્ત્યજં સ્વજનમાર્યપથં ચ હિત્વા
ભેજુર્મુકુન્દપદવીં શ્રુતિભિર્વિમૃગ્યામ્ ॥

(શ્રીમદ્ ભા.૧૦/૪૭/૫૮, ૬૦–૬૧)

‘જગતમાં આ ગોપસ્ત્રીઓનું જ દેહ ધારણ કરવાનું સફળ છે, કારણ કે તેમનું ચિત્ત વિશ્વાત્મા ભગવાન ગોવિંદમાં લાગેલું છે. જેની ભવભયથી બી ગયેલા મુનિગણ તથા આપણે બધા ઈચ્છા કરીએ છીએ. સાચું છે, જે શ્રીઅનંતની લીલા–કથાઓના રસિક છે તેમણે બ્રાહ્મણના ત્રણ જન્મ (જન્મ, યજ્ઞોપવિત અને યજ્ઞદિક્ષા)ની શું આવશ્યકતા છે? રાસલીલા સમયે ભગવાન શ્રી હરિના બાહુઓનો કંઠહાર બનાવીને પૂર્ણકામ થઈ એ વ્રજબાળાઓને હરિનો જે પ્રસાદ પ્રાપ્ત થયો છે, તેવો નિરંતર હૃદયમાં રહેનાર લક્ષ્મીજી અને કમળ જેવું રૂપ અને સુગંધયુક્ત સુર–સુંદરીઓને પણ નથી મળ્યો, પછી બીજાની તો વાત જ ક્યાં છે? આ મહાભાગ્યશાળી ગોપીઓએ મુશ્કેલીથી છૂટી શકે તેવા ભાઈઓ અને આર્યધર્મનો ત્યાગ કરીને શ્રુતિ જેની શોધ કરે છે, તે મુકુન્દ પદવીનું અનુસરણ કર્યું છે. અરે, આથી વિશેષ ઉત્તમ શું? જો હું આગલા જન્મમાં આ વૃંદાવનની લતા, ઔષધિ કે ઝાડિમાંથી કોઈ થાઉ જેના પર આ ગોપીઓની ચરણરજ પડે છે’

મથુરાની કુળની સ્ત્રીઓએ ગોપીઓની દશાનું વર્ણન કરીને તેમના જીવનને ધન્ય બતાવતા કહ્યું છે–

યા દોહનેડવહનને મથનોપલેપ
પ્રેઙ્ખેઙ્ખનાર્ભરુદિતોક્ષણમાર્જનાદૌ ।
ગાયન્તિ ચૈન મનુરક્તધિયોડશ્રુકણ્ઠયો
ધન્યા વ્રજસ્ત્રિય ઉરુક્રમચિત્તયાનાઃ ॥

(શ્રીમદ્ ભા.૧૦/૪૪/૧૫)

‘જે ગોપીઓ ગાયોનું દૂધ દોતા સમયે, અનાજ ખાંડતી વખતે, દહીં વલોવતા સમયે, આંગણું લીંપતા સમયે, બાળકોને ઝુલાવતી વખતે, રોતા બાળકો માટે હાલરડા ગાતી વખતે, ઘરમાં છંટકાવ કરતા તથા વાળતી વખતે પ્રેમપૂર્ણ ચિત્તથી, આંખમાં આંસુભરી, ગદ્ગદ્ વાણીથી શ્રીકૃષ્ણના ગુણગાન કર્યા કરે છે, તે શ્રીકૃષ્ણમાં ચિત્ત પરોવનારી ગોપ રમણીઓને ધન્ય છે’

આ ગોપીઓની જેટલી મહિમા ગાવામાં આવે તેટલી ઓછી જ છે. સર્વ ત્યાગી વ્રજવાસી ભક્તોએ તો ગોપીના ચરણકમળની રજ બનવાનું ઈચ્છયું છે. સાચું જ કહ્યું છે–

ગોપી પ્રેમકી ધુજા ।
જિન ઘનસ્યામ કિયે બસ, અપને ઉરધરિ સ્યામભુજા ॥

મહાપ્રભુ શ્રીચૈતન્યદેવ–જેવા મહાન ત્યાગી પુરૂષોએ તો ગોપીઓને પ્રેમમાર્ગના ગુરૂ માન્યા છે. મહાન ભક્ત નાગરીદાસજી કહે છે–

જયતિ લલિતાદિ દેવીય વ્રજ શ્રુતિરિચા,
કૃષ્ણ પ્રિય કેલિ આધીર અંગી ।
જુગલ–રસ–મત્ત આનંદમય રૂપનિધિ

સકલ સુખ સમયકી છાંહ સંગી ॥
ગૌર મુખ હિમકરનકી જ્યુ કિરનાવલી,
સ્રવત મધુ ગાન હિય પિય તરંગી ।
'નાગરી' સકલ સંકેત આકારિની,
ગનત ગુનગનનિ મતિ હોતિ પંગી ॥

એક વ્રજભક્તે કહ્યું છે—

યે હરિદાસ ઓપી ગોપી સબ તિયતેં ન્યારી ।
કમલનયન ગોવિંદચંદકી પ્રાનપિયારી ॥
નિરમત્સર જે સંત તિનહિં ચૂડામનિ ગોપી ।
નિરમલ પ્રેમ પ્રવાહ સકલ મરજાદા લોપી ॥
જે ઐસે મરજાદ મેટી મોહન ગુન ગાવેં ।
ક્યોં નહિં 'પરમાનંદ' પ્રેમભગતી સુખ પાવેં ॥

ગોપીઓનો મહિમા ત્યારે કાંઈક સમજવામાં આવે જ્યારે સાધક વિષયોથી પરમ વૈરાગ્ય ધારણ કરી પ્રેમપથ પર કાંઈક આગળ જાય છે. ૨૧

ભાષ્યાર્થ : સાધુઓ પોતાના દર્શનની સાધુતા, કેવળ પોતાના આગ્રહે સાધતા નથી. સંતપુરૂષો તો પોતાના દર્શન સાથે બીજાઓનું પણ સંગાન છે કે નહીં એની સમાલોચના કરે છે. પોતાના દર્શન સાથે બીજાઓની સમજનું સંવાદીપણું થતાં સત્યને લગતો નિશ્ચય સમૃદ્ધ થાય છે. આથી અહીં દષ્ટાંત દ્વારા પોતાના દર્શનની યોગ્યતાને સાધે છે. ઉપર જેવું લક્ષણ આપ્યું છે તેવાં લક્ષણવાળી પરમપ્રેમરૂપ ભક્તિની છેવટની હદ તો ગોપવધૂઓના જ હૃદયમાં હતી. વ્રજવનિતાઓમાં શ્રીકૃષ્ણચંદ્રના ચરણમાં સર્વકર્મનો સંન્યાસ અને તેના વિસ્મરણે પરમ વિરહવ્યાકુલતા હતી. આ દષ્ટાંત એક તો પ્રસિદ્ધ છે અને તે ઉપરાંત ગોપીઓનો પ્રેમ આત્માનુભવ ગમ્ય છે. આથી અમે તેનો અહીં વિસ્તાર કરતા નથી. સંક્ષેપમાં કહીએ તો પ્રેમનાં ઉપલા બે લક્ષણો જ્યાં હોય ત્યાં પ્રેમનું અસ્તિત્વ છે એમ અનુમાન કરવું. ૨૧

—ક્રમશઃ

શોભા સિન્ધુ ન અનત રહી રી

–પ. ભ. શ્રીહરિનારાયણ નીમા (ઉજ્જૈન)

બૃજ માધુરીનું ભાવપૂર્ણ ચિત્રણ આપણા અષ્ટછાપ અને ત્રણસૌ છત્રીસ વૈષ્ણવોમાં અનેક કવિ–કિર્તનકારોએ કર્યું છે. ભગવદ લીલાગાનની સાથે સાથે પ્રકૃતિનું વર્ણન પણ એમની રચનાઓમાં સહજ સ્વાભાવિક રૂપે વિદ્યમાન છે. પરમ ભગવદીય શ્રીપરમાનંદદાસજીએ વર્ષા સમય ગિરિરાજ ગોવર્ધન પર નૃત્યરત મયૂરોની સાથે નટવર નાગર શ્યામસુંદરને નૃત્ય કરતાં જોઈ ગાયું.

અરી ઈન મોરન કી ભાંત દેખ નાચત ગોપાલા

અને ભાદ્રપદ કૃષ્ણ અષ્ટમીને શુભ દિવસે નંદબાબા અને યશોમતી ને બધાઈ દેવા જાતી વૃજગોપીકાઓના કદમ કદમ પર ફૂલોનો વરસાદનો સુમન સૌન્દર્ય જેવું રૂપક વલ્લભ સિદ્ધાન્ત સિન્ધુના વહાણ શ્રીસૂરદાસજી આમ કહે છે–

ખસિ ખસિ પરત સુમન સીસન તે, ઉપમા કહા બખાનો ।
ચરણ ચલનિ પર રિઝી, ચિકુરવર વરખત ફૂલન માનો ।

આજ પ્રસંગમાં સૂરાદાસજી કહે છે–

વે અપને અપને ટોલ નિકસી ભાંત ભલી ।
માનો લાલમુનિન કી પાંત પિંજરન ચૂર ચલી ।

કેટલી પૈની (તીવ્ર) અંતરદ્રષ્ટિ છે. શ્રીસૂરદાસજીની પિંજરો મેં બંદ લાલ–મુનિયોં (ચિડીયોં)ની પંક્તિ સ્વતંત્ર હોવાથી ઉન્મુક્ત ગગનમાં સ્વછંદ વિચરણ કરવાની આતુર[illegible] બૃજ શ્રીમન્તીની અતિ ઉત્સાહની સાથે નંદભવનમાં જઈ રહી છે. બધાઈના આ ક્રમમાં શ્રીનંદદાસજીનુ આ પદ સર્વથા મનનીય છે.

આજ તો ગોકુલ ગાંવ કૈસે રહ્યો ફૂલિકે ।

શ્યામઘટા અને પાવસની ફુહાર જોઈને શ્રીનાગરીદાસજીની કલ્પના જોઈએ–

નાગરીદાસ ધન બરખત પાની
તા મેં રૂપ કે જહાજ, માનો ડોલત ડગમગે ।

અને મલ્હાર રાગમાં ગાવાવાળું કિર્તન–

આજ કહૂં તે યા ગોકુલ મેં
અદ્‌ભુત બરખા આઈ હો

ગોવર્ધન ગિરિરાજ ઉપર ઉભા રહી મોહન પોતાના સખાઓને કહી જ્યારે બૃજ–નાગરિયોને રોકે છે અને દાન માંગે છે ત્યારે એકવાર કહેવાથી દાન કોણ આપશે? વૃજરાજ કુંવર કહે છે–

યહીં હમારો રાજ હૈ, બ્રજ મંડલ સબ ઠૌર ।
તુમ હમારી કુમુદિની, હમ કમલબદન હે ભૌંર ॥

રાજાને દાન તો દેવું જ પડે છે. દહીંની માટલી બૃજગોપીઓ આગળ ધરી દે છે. મનમોહન દાન સ્વીકાર કરી લે છે. પરમ પ્રેમની પરાકાષ્ઠા દાનલીલાના પદોમાં યત્ર–તત્ર–સર્વત્ર વિદ્યમાન છે.

શ્રીવલ્લભ ચરણાશ્રિત વૈષ્ણવજનોની આજ મનોકામના રહે છે.

અહો બિધના તો પૈં અચરા પસારિ માંગો
જનમ–જનમ દીજે મોહિ યાહી બૃજ બસવૌ

વૃજમાં બારેમાસ ષડઋતુઓ રહે છે. ત્રિવિધ પવન સંચરિત થાય છે. સુખદ નિર્ઝર વહે છે. પુષ્પ સૌરભથી સંપૂર્ણ વાયુમંડલ સુરભિત રહે છે. આશ્વિન મહિનામાં સાંઝીના ફૂલ વીણવા એકત્રિત થઈ વૃજબાળાઓ વાંસની ટોકરીયોમાં વિવિધ પુષ્પ સંગ્રહ કરે છે. શ્રીહરિરાયજીની વાણી આમ મુખરિત થઈ છે.

સોન, જુહી, ચમેલી, ચંપો, રામબેલિ, અરનબેલિ ।
ગુલબાંસ કે ગેંદ કરે કર કરત પરસ્પર કેલિ ।
કમલ કનેર, કેતકી નિવારો, સેવતી સદા ગુલાબ,
ગુલતર્રા, સદાં સુહાગિત ફૂલન કી ભરી છાંબ ॥

કેટલી માધુર્યપૂર્ણ છે વૃજની વનશ્રી. પુષ્પ તો પ્રભુની મુસ્કાન છે. ફુલોની સુગંધને વૈજ્ઞાનિક અનેક રોગોની ઉપચાર ઔષધિ બતાવે છે. ફૂલ અને ફૂલમધ, ગુલાબજલ અને ગુલકંદથી કોણ પરિચિત નથી? આપણા કિર્તન સાહિત્યમાં પ્રકૃતિનું વર્ણન ચરમ સીમા પર છે.

કદમખંડી, મધુવન, કુમુદવન, વૃંદાવન, ચંદ્રસરોવર, બારહ વન, ચૌવીસ ઉપવન અને તેમની વચમાં વસેલા ગામો વૃજવાસી ત્યૌહાર, ઉત્સવ, પૂજન, મંડપ લગ્ન વૃજ સંસ્કૃતિને અનુરૂપ છે. વૃજેશ્વર પ્રભુ શ્રીનાથજીને અન્નકોટની સામગ્રી સ્વર્ણ તથા રજત પાત્રોમાં ધરાવી શકાય છે. પરંતુ પાત્તલ, છાબ, બોચા, ટોકના, છાબડીઓ, અને ડબરા, મથની, શકોરા, કુંડા, સ્થાલિકા આદિ રજના પાત્ર જ અનિવાર્ય રૂપથી સજાવવામાં આવે છે. કારણ કે શ્રીજી બાવા વૃજના છે અને વૃજ શ્રીજીબાવાનું છે.

છાક આરોગતા સમયે વર્ષાની જળબુંદોથી સામગ્રી નહી ભીંજે એટલે ટોકરીયો ઉપર પત્તોથી બનેલી પાતળો રાખી દીધી છે–શાયદ કિર્તનકાર પોતે છાકલીલામાં કોઈ કદમ વૃક્ષની આડમાં છુપાઈને જોઈ રહ્યાં હોય–

છતના પાતન કો બાંસ ડલા પર દીજે હો

–ક્રમશઃ

અવધૂત ગીતા

જેઠાલાલ છોટાલાલ શાહ, 'ઉર્મિલ'

—ગતાંકથી ચાલુ

(૨) વાયુ : શ્વાસ દ્વારા લેવાતો વાયુ દેહ ટકાવે તો જ જ્ઞાન ભક્તિ થઈ શકે. વાયુ પવન ગંધાદિનો સ્પર્શ થાય છતાં નિર્લેપ રહે એમ સત્પુરૂષોએ વિષયો પ્રત્યે આસક્ત ન થતાં નિર્લેપ બની રહેવાનું છે.

(૩) આકાશ : સર્વવ્યાપક છે. છતાં નિર્લેપ છે તે રીતે સત્પુરૂષોએ દેહમાં રહ્યા છતાં બ્રહ્મસ્વરૂપની ભાવના કરવી. દેહથી આત્મા જુદો છે એમ માનવું.

(૪) જળ : સ્વભાવથી સ્વચ્છ, મધુર, શીતલ પવિત્ર કરે છે. એ રીતે સત્પુરૂષોએ સમદર્શી બની રહી સર્વના માટે એવા જ બની રહેવાનું છે.

(૫) અગ્નિ : તેજસ્વી છે છતાં સર્વ વસ્તુનું ભક્ષણ કરે છે છતાં શુદ્ધ રહે છે તે રીતે સત્પુરૂષોએ જ્ઞાન અને તપથી તેજસ્વી બનીને વિશુદ્ધ આત્મા બની રહીને સૌના માટે કલ્યાણમય બની રહેવાનું છે.

(૬) ચંદ્ર : ચંદ્ર કારણવશાત્ ઓછો વત્તો દેખાય છે. પણ વસ્તુતઃ એક સરખો જ છે એ પ્રમાણે એની જેમ સત્પુરૂષોએ સમાનતા પ્રાપ્ત કરીને વધ ઘટ શરીરને છે, આત્માને નથી એવો બોધ લેવાનો છે.

(૭) સૂર્ય : કિરણો દ્વારા જલને શોષે છે, પુનઃ વૃષ્ટિ રૂપે પ્રદાન કરે છે, પરિણામે પ્રાણી માત્રનું એના પ્રતાપે જીવન ટકી રહે છે છતાં એ માટે એને અભિમાન નથી અને અવિરતપણે પોતાનું કાર્ય કરે જાય છે. તેમ સત્પુરૂષોએ અભિમાન કર્યા વગર લોકકલ્યાણના કાર્યો કર્યે જવાના છે.

(૮) કપોત : સંસારમાં કોઈપણ પ્રકારની વધુ આસક્તિ રખાય તો સંકટમાં આવી પડાય. કપોત પત્ની અને બચ્ચામાં વધુ પડતી આસક્તિથી સ્વયં પણ પારધી દ્વારા બદ્ધ થયોઅને નષ્ટ બની રહ્યો. તેમ વધુ પડતી આસક્તિથી જ જંજાળ વધે, કર્મ, ધર્મ ભૂલાય અને છેવટે પતન થાય. એથી સજાગ બની રહીને સંસારનાં દુઃખોની નિવૃત્તિને માટે જ સત્પુરૂષોએ પુરૂષાર્થ કરવાનો છે.

(૯) અજગર : ભગવદ ઈચ્છાથી ઓછું વત્તું જે મળે એનાથી જ અજગર સંતુષ્ઠ બની રહે છે. યોગીજનોએ પણ એની જેમ જે મળે એનાથી આજીવિકા ચલાવવી અને ભગવદ્ ભજન કરવું એવો બોધ લેવાનો છે.

પ.ભ. શ્રીબાબુભાઈ નાયક (કડી)નો ગોલોકવાસ

પુષ્ટિમાર્ગીય સાહિત્યના મર્મજ્ઞ વિદ્વાન, અને લેખન, સત્સંગસત્ર, સ્વાધ્યાય પ્રવૃત્તિદ્વારા ભગવત્ પ્રિત્યર્થ સંપ્રદાયની સેવામાં હંમેશા તત્પર એવા પરમ ભગવદીય બાબુભાઈ પુ.નાયક તા. ૧૦–૪–૨૦૦૧ ના રોજ ભગવદ્ચરણારવિંદને પ્રાપ્ત થયાં.

આદર્શ વૈષ્ણવી જીવનના મૂર્ત રૂપ શ્રીબાબુભાઈનો જન્મ તા.૧–૧૦–૧૯૧૬ માં કડી, (મહેસાણા જીલ્લો)માં થયેલ. તેમને કોટા–કડીવાળા નિ.લી.પૂ.પા.ગો.શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી દ્વારા બ્રહ્મસંબંધ થયેલ. આગ્રા યુનિ.ના ગ્રેજ્યુએટ થઈ એસ. ટી. સી. થયા અને લાંઘણજ તથા કડીની જુદી જુદી હાઈસ્કૂલોમાં શિક્ષક તરીકે સેવા આપતાં કડીની ઝવેરી આર. ટી. હાઈસ્કૂલના આચાર્ય પદને શોભાવી ૧૯૭૪ માં નિવૃત્ત થયાં. લૌકિક શિક્ષણ કાર્યની નિવૃત્તિ એ તેમના સેવામય જીવનની–પુષ્ટિ–સાહિત્ય સેવાની પ્રવૃત્તિની ગતિ બની રહી અને ૮૭ વર્ષના દીર્ઘજીવનના અંતિમ ચરણ સુધી એ સેવા અવિરત ચાલુ રહી. પુષ્ટિમાર્ગીય માસિકપત્રોમાં મનનિય લેખો, ઉપરાંત તેમણે પંદરેક પુસ્તકો લખી સંપ્રદાયની નામ સેવામાં સુંદર યોગદાન આપ્યું છે. તેમને તા.૧૮–૨–૨૦૦૧ ના રોજ મુંબઈમાં શ્રીહરસાનીજી સાહિત્યકાર એવોર્ડ પૂ.શ્રીનિકુંજલતા બેટીજી મહોદયાના વરદ હસ્તે અપાયેલ. તેમાં શાલ, સ્મૃતિ ચિહ્ન તથા રૂ.૧૦૦૦૦/– આપી સન્માનિત કરવામાં આવેલ. સરળ–પ્રવાહી ભાષાલઢણમાં લખાયેલ તેમનું સાહિત્ય નાના–મોટાં સહુને વાંચવું ગમે તેવું છે. એજ પ્રમાણે તેઓ વૈષ્ણવોના પ્રેમભર્યા આમંત્રણ સ્વીકારી સત્સંગસત્રોમાં નિષ્કામભાવે પ્રવચનો આપવા જતાં અને હજારો વૈષ્ણવો તેમની પ્રેરક વાણીથી શ્રીમહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાન્તો હૃદયમાં ઉતારતાં. આ રીતે તેઓએ "પ્રિતી બહુ પર ઉપકારમાં" એ ઉક્તિને સાર્થક કરી છે.

શ્રીવલ્લભસુધાના પ્રારંભમાં જ નિ.લી.પૂ.પા.ગો.શ્રીપ્રથમેશજી મહારાજે ખાસ ભારપૂર્વક આજ્ઞા કરેલ કે શોડષ ગ્રંથો પરની સંસ્કૃત ટીકાઓનો ગુજરાતી અનુવાદ હપ્તાવાર સતત પ્રકટ કરવો. પ્રારંભમાં શ્રીવલ્લભસુધાના [illegible] મનિષી વિદ્વાન શ્રી મ.લા. તન્ના સાહેબે પાંચેક વર્ષ સુધી શ્રીશોડષગ્રંથોમાંના કેટલાંક ગ્રંથો તથા શ્રીમદ્ભાગ[illegible] પરના "અમૃત તરંગીણી" ટીકાના અનુવાદની સેવા કરી. તેઓ જીવનના છેલ્લા શ્વાસે સુધી એ સેવામાં પ્રવ[illegible] પ્રભુચરણમાં પ્રાપ્ત થયા બાદ, મુંબઈ વીલ્સન કોલેજના નિવૃત્ત પ્રોફેસર માનનિય પ.ભ. શ્રીપ્રતાપભાઈ કાં. શાહ દશ વર્ષથી વધુ સમય શ્રીવલ્લભસુધામાં સતત સેવા ભાવે અનુવાદ કાર્ય કર્યું. નેવું વર્ષની વયે દેહથી અશક્ત થતાં સુધી વિપુલ અનુવાદ કાર્ય કર્યુ.

ત્યારબાદ આગળ 'જલભેદ' ગ્રંથથી અનુવાદ કાર્ય કરવાની અમારી વિનતિનો સ્વીકાર કરી પ.ભ. શ્રીબાબુભાઈ એ તે અનુવાદ કાર્ય પ્રેમથી ઉપાડી લીધું. છેલ્લે તેમના હરિશરણ થવાના અઠવાડીયા પહેલાં તા. ૪–૪–૨૦૦૧ નો તેમનો પત્ર આવ્યો તેમાં લખેલ કે " સંન્યાસ નિર્ણય ગ્રંથના ૩–૪ શ્લોકો મોકલી રહ્યો છું. એકદમ તબીયત બગડતાં મોડું થયું. રફવર્ક બધું તૈયાર છે. જો મઠારીને લખો તો ૨૪ શ્લોક મોકલું. બાકી દર મહીને બે–બે શ્લોક મોકલતો રહીશ "......" પગે સોજાં આવી ગયા છે. અન્ન લેવાતું નથી, મગજે લોહી પહોંચતું નથી. આપની જાણ માટે લખું છું."

ધન્ય છે એ ભગવદીયને. ૮૭ વર્ષની વયે આટલી વિકટ દેહની સ્થિતિ છતાં, મારાંથી હવે કાર્ય નહીં થાય તેવો વિચાર સુદ્ધા તેઓએ ન કર્યો. આ જ તો ભગવદીય જીવનની વિશિષ્ટતા છે. 'જેને કાલ, કર્મ નવ બાંધે રે જન્મ તે શીર ધનુષ ન સાંધે રે, – એવો મારગ શ્રીવલ્લભ વરનો રે...'

લૌકિકમાં પણ, સેવાભાવના સમ્પન્ન, અને ડોક્ટર તેમજ અન્ય ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત પુત્રો, પૌત્રો, નો વિશાળ પરિવાર મૂકી સાર્થક ગૃહસ્થ જીવન જીવ્યાં.

ચાલુ વ્યવહારમાં આવા પ્રસંગે એમ લખાય છે કે 'તેમની ખોટ પૂરી શકાશે નહીં' અગર 'અપૂરણીય ક્ષતી થઈ છે' પણ ખરેખર આવા ભગવદીઓના ભગવદ ચરણોમાં પ્રાપ્ત થતાં સમયે તો એમના જીવનના મધુર–સદ્ગુણોને આપણે સહુ યત્ કિંચિત્ જીવનમાં ઉતારવા પ્રવૃત્ત થઈ, એમની ભૂતલ પરની સુવાસને વધુ મહેંકતી કરવાનો સંકલ્પ લઈ, તેમના અલૌકિક ભગવત્કાર્યસંબંધી ગુણોની ક્ષતીપૂર્તી કરીએ એજ તેમને સાચી શ્રદ્ધાંજલી.

'શ્રીવલ્લભસુધા' સંપાદક; વ્યવસ્થાપક મંડલ, વિનમ્રભાવે શ્રદ્ધાંજલી પાઠવી તેમના પરિવારને–આ લૌકિક વિયોગની કઠીન પળોમાં સમવેદના વ્યક્ત કરે છે.

ભગવત્સેવાનો અધિકાર

યાવદ્દેહોડયમ્ તાવદ્વર્ણાશ્રમધર્મા એવ સ્વધર્મા : ।
ભગવદ્–ધર્માદયોડપિ વિધર્માઃ પરધર્મા વા ।
યદા પુનરાત્માનં જીવં મન્યતે, સંઘાત્ વ્યતિરિક્તમ્,
તદા દાસ્યં સ્વધર્મઃ, અને વર્ણાશ્રમાદયોડપિ પરધર્માઃ ।
યદા પુનર્ભગવદ્ ભાવં પ્રાપ્તાઃ, તદાડલૌકિક ધર્મા
એવ ઋષભાદિષ્વિવ ગોચર્યાદયઃ સ્વધર્માઃ અન્યે પરધર્મા ઈતિ ।

–શ્રીસુબોધિની (૩–૨૮–૨)

જ્યાં સુધી આ દેહ છે, (દેહને જ આત્મા–રૂપે માને છે, પોતાને સ્ત્રી–પુરૂષ, જાડો–પાતળો, સુરૂપ–કુરૂપ, બ્રાહ્મણ–ક્ષત્રિય વગેરે રૂપે ગણે છે), ત્યાં સુધી તો વર્ણાશ્રમ–ધર્મો જ સ્વધર્મો છે. ભગવત્ સંબંધી ધર્મો–વગેરે પણ વિધર્મ કે પરધર્મ છે.

(અધર્મની પાંચ શાખા છે : (૧) વિધર્મ–સ્વધર્મથી વિરુદ્ધ (૨) પરધર્મ–પારકા માટેનો ધર્મ, (૩) આભાસ–ધાર્મિક જેવું લાગે છતાં શાસ્ત્ર વિધાન વગરનું કાર્ય, (૪) ઉપમા–પાખંડ (લોભથી સ્વલાભ પૂજાર્થ–ધર્માચરણ), (૫) છલ–શાસ્ત્રના શબ્દોનો મારી મચેડીને મનગમતો અર્થ કરવો તે.

ધર્મજ્ઞ પુરૂષે આ અધર્મની પાંચે શાખાઓનો, અધર્મની જેમ, ત્યાગ કરવો) પુનઃ જ્યારે પોતાને દેહ–ઈન્દ્રિય વગેરે સંઘાતથી જુદો જીવ માને, ત્યારે (ભગવાનનું) દાસ્ય સ્વધર્મ છે, બીજા વર્ણાશ્રમાદિ–ધર્મો પણ પરધર્મો છે, પુનઃ જ્યારે ભગવદ્ભાવને પ્રાપ્ત થયેલા વગેરેની જેમ, સ્વધર્મો છે, બીજા પરધર્મો છે.

આમ, દેહાભિમાન હોય, શરીરને પોતાન માટે સભાનતાથી સાચવતા હોઈએ, ત્યાં સુધીતો વર્ણાશ્રમધર્મમાં જ અધિકાર છે. તે યથાશક્તિ પ્રમાદ કે કચાશ (શકિત–સંકોચ) કર્યા વગર આચરવા જોઈએ. વિધર્મથી અટકવું જોઈએ. પોતાની શક્તિ પ્રમાણે, ભગવાનની પ્રેરણાથી કે પોતાના જ્ઞાનથી કે જ્ઞાનનો વિરોધ ન હોય ત્યારે, વર્ણાશ્રમ અને જ્ઞાનાત્મક બંને સ્વધર્મ પ્રમાણે આચરણ કરવું. શુદ્ધ–સુખી–બ્રહ્મવિદ્યા વિશારદ કૃષ્ણસેવાર્હ છે.

જ્ઞાન, કર્મ અને ભક્તિ એ ત્રણ યોગો ભગવાને માનવકલ્યાણ માટે કહ્યાં છે. બીજો કોઈ કલ્યાણનો ઉપાય જ નથી. જેમને સંસાર–લૌકિક–ભોગાસક્તિ છે, તેમનો અધિકાર કર્મમાર્ગમાં છે. જેમને સંસાર વૈરાગ્ય છે, તેમનો અધિકાર જ્ઞાનમાર્ગમાં છે. જેમને થોડી આસક્તિ અને થોડો વૈરાગ્ય છે, તેમનો અધિકાર ભક્તિમાર્ગમાં છે. આ અધિકાર અંતઃકરણની રુચિ–મનોવૃતિ–ઈન્દ્રિય પ્રવૃતિથી સમજાય છે. પોતાના અધિકાર પ્રમાણે કર્મ–જ્ઞાન–ભક્તિમાંથી ગમે તે એક માર્ગે ચાલવાથી પોતાનું કલ્યાણ થઈ શકે છે.

અધિકાર વિના ઉત્તમ વસ્તુ મળે, તદપિ અર્થ કાંઈ નવ સરે ! કવિશ્રી દયારામભાઈ કહે છે.

યથાધિકાર માર્ગે ચાલવામાં પણ, માર્ગ–મર્યાદા સ્પષ્ટ સમજીને, તદનુસાર ચલાય, મનગમતી કૂદાકૂદ કદાચ મેદાનમાં ચાલે; માર્ગમાં તો તેની મર્યાદામાં જ ચાલવાથી હિત સધાય. જ્ઞાન–કર્મ–ભક્તિને માર્ગ કહેલા છે, મેદાન નહીં. આમ, ભક્તિમાર્ગનો અધિકારી જીવ, પોતાને ભગવદંશ–દાસરૂપે સમજીને, ભગવત્સેવા કરે તે તેનો સ્વધર્મ છે, વર્ણાશ્રમ–ધર્મો તેને માટે પરધર્મો છે. ભગવત્સેવા આત્મધર્મ (જીવધર્મ) છે, વર્ણાશ્રમધર્મો દેહધર્મો છે.

[પુષ્ટિ–પુલિનમાંથી સાભાર]

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૯૨. પ્રભુતો ભક્તનું કલ્યાણ જ કરે છે.

આ લૌકિક બાપ છે, તે છોકરાને નિશાળે બેસાડે છે; તે કાંઈ છોકરાનું ભૂંડુ કરે છે ? ના. બાપ તો ભલું જ કરે છે, પણ છોકરાને નિશાળ ગમતી નથી. તે તો એમ જાણે છે કે, બાપ મારું ભૂંડું કરે છે, પણ બાપ તો છોકરાને ચહાય છે જ. છોકરો ભણે તો સારું એમ બાપ જાણે છે, તેમ પ્રભુ સૌના પિતા છે, પોતે કોઈ છોકરાનું ભૂંડું કરે નહીં.

છોકરાને સંસારમાં નાંખે, પણ છોકરાને સંસાર ગમતો નથી; પણ સંસારમાં રહીશ, તો સેવા થશે. એકલો રહીને તું શું કરીશ? માટે આ અલૌકિક બાપ છે, તે તો તારું ભલું જ કરે છે પણ તને કાંઈ ગમતું નથી. તારું અભાગ્ય છે માટે તું સમર્પણ કરીને પ્રભુને સોંપ. ઘર, દ્રવ્ય, સ્ત્રી, છોકરાં જે શરણમંત્રમાં કહ્યું, તે બધું પ્રભુને સોંપ, ને તું દાસ થઈને રહે. છોકરાં જાણેને પ્રભુ જાણે, ઘર જાણે ને પ્રભુ જાણે, સ્ત્રી જાણે ને પ્રભુ જાણે, આપણ કશી ચિંતા ન જોઈએ. જેવી જગતની સ્ત્રી, જેવું જગતનું દ્રવ્ય, જગનાં ઘર, જગતનાં છોકરાં આ જગત પર સ્નેહ હોય તો એ બધું પોતાનું માનીએ. પ્રભુ ઉપર સ્નેહ હોય તો આપણે પ્રભુના દાસ થઈએ. દાસને–જીવને–ચિંતા શીદ જોઈએ? તેમજ મુવા પછવાડે ચિંતા શીદ જોઈએ? પોતાને ફાવે તે કરો. આ લોકના ધણીએ પ્રભુને પરલોકના ધણી પણ એ પ્રભુ છે, એવો થઈને તું રહે. જેણે પ્રભુ સર્વે કરે છે, એમ જાણ્યું, તે ચિંતા મૂકે, એટલે પ્રભુને ચિંતા પેસે.

આ જગત કહે છે કે અમે પ્રભુના દાસ છીએ, આ કહે છે તે તદન ખોટું છે. દાસ તો એક પોતાના દેહનો છે. દેહનું દાસત્વ કરે છે, વિચારીને જોશો તો આ જણાશે. સાધન વિના પ્રભુ પ્રસન્ન થાય નહીં, ને થાય પણ નહીં, માટે કેડ બાંધીને સાધન કરશે, તેના ભાગ્યનો પાર નહીં. પુષ્ટિમાર્ગનું સાધન શું ? મોઢું પ્રભુનું નામ લીધા જ કરે, હાથ પ્રભુની સેવા કરે, પગ પ્રભુનાં દર્શન કરવા જાય, મન પ્રભુનું ધ્યાન ધરે, આ પુષ્ટિમાર્ગનું સાધન છે. તેમાં કાંઈ પણ મહેનત છે? મહેનત નથી, તો એના મનમાં એમ છે, કે હું તો નિઃસાધન છું. તડકે નથી બેઠો, ટાઢે નથી મુઓ, ભૂખે નથી મૂઓ, વરસાદમાં પલળ્યો નથી, ત્યારે નિઃસાધનપણું મનમાં આવે. ૯૨

કાવ્ય – કુંજ

સર્વ અવતારે શ્રીકૃષ્ણ ન્યારા

સર્વ અવતારમાં પ્યારા શ્રીકૃષ્ણ ન્યારા. (૨)
દૈવિ જીવન કાજ ભૂતલ અવતાર ધરનારા. (૨)

કોટિ કંદર્પ રૂપ ધરી વન ઉપવન ઘુમનારા,
મોર પિંછ શિર ધરી મયુર માન વધારનારા,
ગૂંજા માલા કંઠધરી વનમાં વિચરનારા,
કાષ્ટ વેણુ અધર ધરી વેણુધર લાગે પ્યારા. સર્વ...

ગાયોની પુંઠે ફરી ચાલતાં શિખનારા,
નવનીત કર ધરી ગોપબાળને પુષ્ટિ દેનારા,
નંદ આંગણ ક્રિડા કરી નંદયશોદા રીઝવનારા,
મહીડાનું દાણ માગતા ફરી વ્રજ હિત કરનારા. સર્વ...

લાકડી કામડી કર ધરી ગોપાળ લાગો પ્યારા,
સુંદર શ્યામ વર્ણ ધરી શ્યામાના પ્રાણ પ્યારા,
શ્રમ જલયમુનામાં ધરી યમુના પાવન કરનારા,
ચોરાશી કોષ વૃજમાં ફરી વ્રજ મહીમા વધારનારા. સર્વ...

વ્રજનાં અનેક સંકટ હરી વ્રજ ચંદ્ર થયા પ્યારા,
મધુર વેણુનાદ કરી વ્રજજન ભક્તિ દાન દેનારા,
વ્રજને અતિ વહાલ કરી પળમાં વ્રજ છોડી જનારા,
વ્રજ બાળ લીલા પુરી કરી મથુરેશ થયા ન્યારા. સર્વ...

અસુરોનો ધ્વંશ કરી માત પિતા મુક્ત કરનારા,
ચક્ર સુદર્શન કર ધરી આસુર વૃત્તિ હરનારા,
'શ્રીજી અનુરાગી' પર કૃપા કરી શ્રીવલ્લભકુળને ચરણ ધરનારા,
પુષ્ટિ વૈષ્ણવને વહાલ કરી સેવા ફલ દેનારા. સર્વ...

–રમેશચંદ્ર ચીમનલાલ સોની (બીરપુર)
શ્રીજીઅનુરાગી – અમદાવાદ

પુસ્તક પરિચય

☐ **૧. ટિપ્પણી (સંવત ૨૦૫૭–૫૮) :** પ્રકાશક : પ્લસ કોમ્યુનીકેશન્સ, ૨૦૩–શાંતિ કોમ્પલેક્ષ, ૧ કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ. ફોન. (૦૨૮૧) ૨૩૫૬૧૧, ૨૩૪૨૬૨.

આ ટિપ્પણીમાં ગુજરાતી તિથિ, વાર, નક્ષત્ર, તારીખ તેમજ ઉત્સવોની સંપૂર્ણ માહિતી પંચક સાથે આપવામાં આવી છે. પંચાંગ ઉપરાંત અધિક માસના દાનનો સંકલ્પ, ગોસ્વામી બાલકોના પ્રાક્ટય ઉત્સવોની યાદી, ગ્રહણની માહિતી, શ્રીગોકુલનાથજીના વચનામૃત અને ચોઘડીયાનો સમાવેશ થાય છે.

પાના ૪૮. મુખપૃષ્ઠ ઉપર શ્રીનાથજીબાવા તેમજ વ્રજભક્તોનું બહુરંગી લેમીનેટેડ સુંદર ચિત્રજી છે. ન્યોછાવર રૂ. ૫/– (પોસ્ટેજ અલગ).

આ ટિપ્પણીનું વિમોચન શ્રીકૃષ્ણાશ્રય હવેલીમાં બહોળા વૈષ્ણવ સમાજન હાજરીમાં પૂ.પા.ગો. શ્રીકનૈયાલાલજી મહારાજશ્રીના વરદ કરકમલો દ્વારા કરવામાં આવેલ.

☐ **૨. દર્શન દ્યો મા શ્રીયમુનાજી :** પ્રકાશક : આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ. ન્યોછાવર રૂ.૨૫/–. પ્રાપ્તિસ્થાનઃશામળ બચરની પોળ, માંડવી, વડોદરા.

પુષ્ટિમાર્ગીય પ્રચાર અને પ્રસાર 'પરિષદ' વિવિધ ક્ષેત્રે સક્રીય રહેલ છે. સાહિત્યક્ષેત્રમાં તેનું પ્રદાન રહ્યું છે. શ્રીયમુનાજીની ગૌરવગાથાને આ પુસ્તકમાં સુંદર રીતે ગ્રંથસ્થ કરેલ છે. વિવિધ ધોળ, કીર્તન, સ્તુતિ વિગેરે શ્રીયમુનાજીની યશોગાથા આ પુસ્તકમાં વર્ણવેલ છે. મુખપૃષ્ઠ ઉપરના ચિત્રમાં શ્રીમહારાણી યમુનાજી શ્રીજીબાવાને માલાજી અર્પણ કરી રહ્યાં છે.

સમાચાર

☐ વધાઈ – વ્રજલીલી પરિક્રમા – વધાઈ ☐

આધિદૈવિક ચોરાશી કોસ લીલી પરિક્રમા પુરૂષોત્તમ માસના પાવન પર્વ ઉપર

અખંડ ભૂમંડલાચાર્ય જગદ્‌ગુરૂ શ્રીમદ્‌વલ્લભાચાર્ય વંશાવતંસ ગો.શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી (કોટા)ના લાલજી ગો.શ્રીત્રિવિક્રમાચાર્યજી મહારાજશ્રીના આત્મજ શ્રીત્રિલોકીભૂષણજી મહારાજશ્રીએ સંવત ૨૦૫૭ ભાદરવા સુદ ૧૧ દાન એકાદશી તા. ૨૯–૮–૨૦૦૧ બુધવારે વ્રજ પરિક્રમા (લીલી પરિક્રમા) કરવાનો નિશ્ચય કરેલ છે. આ વ્રજયાત્રામાં શ્રીગુસાંઈજીના સેવ્ય નિધિ સ્વરૂપ શ્રીમદનમોહનજી એવં શ્રીગોવર્ધનનાથજી (કલકત્તા) એવં શ્રીબાલકૃષ્ણ પ્રભુ (બાબરા) સંપુર્ણ વ્રજયાત્રામાં પધારશે અને શ્રી..ના વિવિધ મનોરથોના દર્શનનો અલભ્ય લાભ વૈષ્ણવજનોને સંપૂર્ણ વ્રજયાત્રામાં મળશે.

શ્રીઠાકુરજીનો બડો મનોરથ (છપ્પનભોગ) વૃન્દાવનમાં રાખેલ છે. આ અલૌકિક વ્રજયાત્રાનો લાભ વૈષ્ણવજનો અવશ્ય લેશો.

વિશેષ માહિતી માટે સંપર્ક :

(૧) **ગો.શ્રીત્રિલોકીભૂષણજી મહારાજશ્રી** 'શ્રીકુંજ' ૫૯–નૂતનનગર સોસાયટી, શેરી નં.૫,
કાલાવાડ રોડ, રાજકોટ. દૂરભાષ : (૦૨૮૧) ૪૪૮૩૮૨

(૨) **ગો.શ્રીત્રિલોકીભૂષણજી મહારાજશ્રી** 'બાલકૃષ્ણલાલજીની હવેલી', હવેલી શેરી, બાબરા.
દૂરભાષ : (૦૨૭૯૧) ૨૩૫૪૭

(૩) **ગો. શ્રીકુસુમપ્રભા વહુજી મહારાજ** ૨૦–એ, હંસપુકુર ફર્સ્ટ લેન, કલકત્તા–૭૦૦૦૦૭.
દૂરભાષ : ૨૩૮૪૬૩૮, ૨૩૨૪૫૨૬.

☐ **જામખંભાળીયા : ભગવદીય ચરિત્ર સપ્તાહ :** જામખંભાળીયાની શ્રીમહાપ્રભુજીની બેઠકમાં સર્વ પ્રથમવાર સુરત–વડોદરાના વૈષ્ણવાચાર્ય પૂ.પા.ગો.૧૦૮ શ્રીપ્રભુજી મહારાજશ્રી તથા અ.સૌ.શ્રીવૃજલતા બેટીજીની અધ્યક્ષતામાં તા. ૨૬–૨–૨૦૦૧ થી તા. ૪–૩–૨૦૦૧ સુધી ભગવદીય ચરિત્ર સપ્તાહનું આયોજન થયું હતું. દરરોજ સાંજે ૫ થી ૭ા વાગ્યા સુધી આપશ્રીઓના વચનામૃતો થયા હતા. અને સાંજે ૩ા થી ૫ સુધી પ્રધાન વક્તા તરીકે પ.ભ.શ્રીચંપકભાઈ શાસ્ત્રીજી (મોટી પાનેલી–રાજકોટ)એ ૮૪ વૈષ્ણવ પર આધારીત વાર્તાનું રસપાન કરાવ્યું હતું. ખુબજ મોટા પ્રમાણમાં ગામના તથા આસપાસના વિસ્તારના ગામોના વૈષ્ણવોએ લાભ લીધો હતો. નંદમહોત્સવ, શ્રીનાથજીનું પ્રાગટય વિગેરે મનોરથો થયા હતા. ઢાઢી લીલા થઈ હતી. ૨૨૫ બ્રહ્મસંબંધ થયા. ઘણા વૈષ્ણવોએ શ્રીઠાકોરજીને પુષ્ટાવી સેવા શરૂ કરી હતી. તા. ૨૫–૨–૨૦૦૧ પીંડારાની શ્રીમહાપ્રભુજીની બેઠકજીમાં આપશ્રીની સાનિધ્યમાં ખેલનો મનોરથ–તપેલી વિ. થયું હતું. જામખંભાળીયાના વૈષ્ણવ યુવાનોમાં ખુબજ ઉત્સાહ પ્રવર્તતો હતો.

☐ **રાજપીપળા :** આં.રાં.પુ.વૈષ્ણવ પરિષદ રાજપીપળા શાખાના ઉપક્રમે ભૂકંપ પીડિત સમાજની સેવાર્થે તથા સદ્‌ગતોના શ્રેયાર્થે તા. ૬–૩–૨૦૦૧ થી તા. ૧૨–૩–૨૦૦૧ દરમ્યાન શ્રીમદ્‌ ભાગવત સપ્તાહનું સુંદર આયોજન કરેલ. વ્યાસપીઠ પર વિદ્વાન પૂ.પ્રદ્યુમન શાસ્ત્રી બિરાજ્યા હતા. કથાના યજમાન તરીકે શાખાના પ્રમુખ શ્રીમહેન્દ્રકાન્ત મ. ગાંધી હતા. પૂર્ણાહુતિના સમારંભમાં પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી પધાર્યા હતા. આપશ્રીએ 'દર્શન દ્યો મા શ્રીયમુનાજી' પુસ્તકનું વિમોચન કરેલ હતું. શાખાએ પરિષદના મંત્રીશ્રીને રૂા. ૭૫૧૧૧/– અર્પણ કર્યા. આ યોગદાનમાં તેમજ જ્ઞાનસત્રમાં વિવિધ મંડળો, પદાધિકારીઓ તેમજ વૈષ્ણવોનો સહયોગ રહ્યો હતો.

☐ **અમદાવાદ :** આં.રા.પુ.વૈ.પરિષદની ગુજરાત પ્રદેશની કારોબારી મણીનગર (અમદાવાદ) શ્રીબાલકૃષ્ણલાલજી હવેલીમાં પૂ.પા.ગો.શ્રીવાગિશકુમારજી મહોદયશ્રીની ઉપસ્થિતિમાં ગો.શ્રીકુંજેશલાલજી મહોદયશ્રી, ગો.શ્રીકાલિન્દીબેટીજીના સાનિધ્યમાં યોજાયેલ. હોદેદારો દ્વારા વિવિધ પ્રોજેક્ટની જાણકારી મેળવવામાં આવી. ધર્મસંસ્કાર શિબિરો– સાહિત્ય પ્રકાશન અને પ્રચારયાત્રા વિગેરેના આયોજન બાબતે વિશેષ ધ્યાન આપવાનું ઠરાવવામાં આવ્યું.

ઉપસ્થિત ગોસ્વામી બાલકોએ વૈષ્ણવ પરિષદ જે ૯૬ વર્ષ જુની સંસ્થા પ્રત્યે સમર્પિત ભાવ વ્યક્ત કરી સંગઠનને વધુ સંસ્કારલક્ષી સબળ બનાવવા અનુરોધ કર્યો.

આ પ્રસંગે કેન્દ્રીય તથા પ્રદેશ પ્રમુખ ઈન્દ્રકાન્તભાઈ પરીખ, વી. પી. પરીખ, સી. પી. તલાટીએ સંબોધન કરેલ. બહારથી આવેલ શાખાના હોદેદારોએ સંગઠન વ્યાપ વધારવા સૂચનો કરેલ. મણીનગર શાખાનાં કાર્યકરોએ કાર્યક્રમ સફળ બનાવવા યોગદાન આપેલ. શ્રીવલ્લભ ધર્મ સંસ્કાર શિબિર પ્રત્યેક ગામમાં આયોજન કરવા વૈષ્ણવ પરિષદ ફરી સંકલ્પ કરેલ છે. માહિતી અને માર્ગદર્શન માટે પ્રા. વી. પી. પરીખ, ૧૫–સરદાર સોસાયટી, હાલોલ–૩૮૯૩૫૦ નો સંપર્ક કરવો.

☐ દશમી શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધા ☐

આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ તથા પૂ.ગો.શ્રીઈન્દીરાબેટીજી સુવર્ણ જયંતી મહોત્સવ સાર્વજનિક ટ્રસ્ટનાં ઉપક્રમે 'શ્રી વલ્લભ નિબંધ સ્પર્ધા' દશમીનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં વય જૂથ–૧લું ૭ થી ૧૦ વર્ષ માટે 'મને ગમતો શ્રીવલ્લભાચાર્યજીનો એક પ્રસંગ', વય જૂથ–૨જું ૧૧ થી ૧૭ વર્ષ વય માટે 'વર્તમાન સમયમાં ધર્મસંસ્કાર શિબિરની આવશ્યકતા', વય જૂથ–૩જું ૧૮ થી ૨૭ વર્ષ માટે 'અન્ય વૈષ્ણવ સંપ્રદાય અને પુષ્ટિમાર્ગ', વય જૂથ–૪થું ૨૮ વર્ષ કે તેથી વધુ 'પૂ.પા.ગો.૧૦૮ શ્રીરણછોડાચાર્યજી (પૂ.શ્રીપ્રથમેશજી) મહારાજશ્રીએ પરિષદમાં પ્રગટાવેલી ચેતના. આ પ્રકારના ૪ જૂથ અને ૪ વિષયો ઉપર સ્પર્ધા યોજાયેલ છે. દરેક ગામ સ્થાનિક લેવલે નિબંધના મૂલ્યાંકન માટે બે કે ત્રણ નિર્ણાયકો દ્વારા મૂલ્યાંકન કરી પ્રથમ વિજેતાનાં નામો અને નિબંધ સંયોજકોને મોકલી શકે છે. અગર સંયોજકશ્રીને સીધો નિબંધ સુવાચ્ય અક્ષરમાં ફુલસ્કેપ કાગળમાં એક બાજુએ લખાણ લખી ઉપર પોતાનું પુરૂં સરનામું લખી વય જૂથ–૧ માટે ત્રણ પાના સુધી, વય જૂથ–૨ થી ૪ માટે ચાર પાના સુધી નિબંધ લખી સ્થાનિક કક્ષાએ તા. ૨૦–૫–૨૦૦૧ સુધીમાં આયોજન કરી પ્રથમ વિજેતાનું નામ તેમના નિબંધ સાથે તા. ૨૫–૫–૨૦૦૧ સુધીમાં નીચેના સરનામે મોકલી આપવું.

☐ સંયોજક ☐

સી. પી. તલાટી– પ્રદેશ સંગઠન મંત્રી

'સ્પંદન' ૮–બી, ગાયત્રી સોસાયટી, કંજરી રોડ, હાલોલ– ૩૮૯૩૫૦ (જી.પંચમહાલ)

☐ લગ્ન પ્રસ્તાવ ☐

શ્રીબાલકૃષ્ણ પ્રભુના અનુગ્રહથી ષષ્ઠ પીઠસ્થ આચાર્ય સોમયાજી ગો.શ્રીવલ્લભરાયજી મહારાજનાં આત્મજ

ચિ. ગો. શ્રીઅનુરાગજી

નો વિવાહ પ્રસ્તાવ જયપુરસ્થ શ્રીકૃષ્ણકુમારજી શર્માના આત્મજ શ્રીયોગેશકુમાર શર્માના સુપુત્રી

ચિ. સૌ. કાં. સપના

સાથે વૈશાખ સુદી ૪ શુક્રવાર દિનાંક ૨૭–૪–૨૦૦૧ નાં શુભ દિને સુરત મુકામે યોજાયેલ છે.

આ પ્રસંગે શ્રીના વિવિધ મનોરથ તથા અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો રાખેલ છે.

પત્રવ્યવહાર સંપર્ક સ્થળ : શ્રીઅધિકારીજી C/O. શ્રીષષ્ઠપીઠાધીશ્વર સોમયાજી, ગો.
શ્રીવલ્લભરાયજી મહારાજશ્રી, ૧૦–૧૩૭ ષષ્ઠપીઠ, મોટા મંદિર, ચૌટા બજાર,
સૂરત–૩૯૫૦૦૩. ફોન. ૪૨૬૧૮૨.

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–લેખક 'માધુરી', રાજકોટ

પદ–૮૫

યહ વિનતી શ્રીયમુને મેરી;
વિઘન લગૈ હઠિ હઠિ ભય દૈવે, જાનિ તિહારી ચેરી. ૧
પરમ દયા કર સરલ સયાની, શરણાગત પ્રતિ પાલન;
મો હિત કહાં કૃપા બિસરાઈ, કિયો ન કષ્ટ નિવારન. ૨
સેવક રુચિ રાખત શ્રુતિ ગાવૈ, સો મેરી ન રહી;
દુષ્ટ કાજ મન ચીતે કીને, કૈસે જાતિ સહી. ૩
યા દરબાર મહા દીનનિ કી, અબ ન પીર કોઉ જાને,
'વલ્લભ' દાસિનિ કો શ્રીરવિજા, જાનિ દુઃખી સનમાને. ૪

ભાવાર્થ : શ્રીયમુનાજી આપના પ્રતિ મારી આ વિનતી છે કે ભલે મને અનેક વિઘ્નો આવે અને વારંવાર ભય ઉત્પન્ન થાય તો પણ આપની દાસી સમજીને કૃપા કરો. હું તો આપનો જ આશ્રય કરીને શરણાગત થઈ છું. તેના ઉપર દયા કરો.

આપનો તો સરળ સ્વભાવ ને સરળ ધર્મ જ છે કે હીન ઉપર દયા વિચારવી એવા આપ પરમ ચતુર છો. જે કોઈ શરણે આવે તેનું પ્રતિપાલન કરો છો. આવો આપનો સ્વભાવ, ગુણ, ધર્મ હું જાણું છું. પરંતુ મને મોટું આશ્ચર્ય થાય છે કે મારા ઉપર હજુ સુધી કૃપા કેમ ન થઈ. તો શું ? મારા માટે જ કૃપા રૂપી આપનો ધર્મ ભૂલી જવાયો હશે ! કે જેથી મારું દુઃખ દૂર નથી કર્યું. હું જાણું છું સેવક ઉપર દયા કરવા સદા તત્પર રહેવાવાળા છો. મેં મારા દુષ્ટ કર્મોથી જ મારું બગાડયું છે. તે મારી ભૂલો આપનાથી સહન ન થઈ હોય તેથી સુધિ વિસરાઈ ગઈ હોય. હું જાણું છું કે આપનો દરબાર તો કરણીથી હીનવાળા જીવો માટે સદાય ખુલ્લો જ રહે છે.

મહા ઉદાર ચરિત્રવાળા, દીનોની સુધિ લેવાવાળા, તમે મારી કથની થોડી જાણો કે હવે હું આપનાથી દૂર રહેવાનું ક્યાં સુધી સહન કરું ? હવે દૂર રહેવાની મારી શક્તિ નથી. હું મારી પીડ હું બીજા કોને જણાવું ? મારું તો આપના સમાન બીજું હોય તો કહું ને ! માટે હે સૂર્યપુત્રી આવા વલ્લભદાસીના દુઃખને જાણીને સર્વનાં આશ્રયરૂપ આપ મને પણ શરણે ગ્રહણ કરો. સન્માન કરો.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગૌ. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો.વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-05-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLE (EAST),
MUMBAY - 400057.

પીન. ☐☐☐☐☐☐

સતસૈયા

૨. ભગવદ્‌ – સ્તુતિ વિજ્ઞપ્તિ

આપ જરી ઉખરેં કહોં,
મોતેં માયા કહાંન !
તોં ઉપરે જ્યોં હોઉ મેં,
તુહી તેં બલવાંન.॥ (૩૪)

ટીકા : હે કહાન ! કહેતા શ્રીકૃષ્ણચંદ્ર ! આપ કહો કે તમારી જડેલી જે માયા કહેતા અવિદ્યા તે કાંઈ મારાથી ઉખડે ? એ વાત કાંઈ સંભવે નહીં. શા માટે તે ઉખડે તો જ્યારે કે જો હું તમથી જોરાવર જો હોઉં તો એ કામ થાય. તે તો શિવાદિક નથી તો હું જીવ કોણ માત્ર શું ? માટે જો તમે કૃપા કરીને અવિદ્યા ટાળો તો ટળે.

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

● આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત ●

શ્રી વલ્લભસુધા

વચનસુધા

ભગવાનને રસરૂપ માનીએ છીએ, સર્વરૂપ માનીએ છીએ. એ ધર્મથી (અભિમાન વગેરેથી) વિકૃતી આપણા અંદર આવે. આની આત્મચિંતનના માટે પણ ઉપયોગીતા છે ને વ્યવહાર માંએ ઉપયોગીતા છે. કેમકે વ્યવહારમાં પણ પ્રગટ થઈ અને એ લીલાના દર્શન ભગવાને કરાવ્યા, અને એ લીલાના દર્શન કરીને લોકોને શાસ્ત્રોનો બોધ થયો. એવીજ રીતે મૂળ પુરૂષમાં પણ કહે છે. ''પ્રકટ સબ લીલા દીખાઈ, નંદ નંદન જે કરી'' એ પરબ્રહ્મ જે ભગવાન કૃષ્ણ છે. કઈ રીતે છે ? કદાચ આપ શ્રીમદ્ ભગવદ્‌ગીતાને પ્રમાણ માનતા હો તો, ભગવાન જ એ કહે છે ''મારાથી પરે, ધનંજય! કશું જ નથી'' આ ભગવદ્ વાક્ય છે. બીજી વસ્તુ એ છે કે પુરૂષોત્તમ તત્વ એ પરમ તત્વ છે. શ્રીકૃષ્ણ કહે છે કે, એ હું છું ત્યારે અન્ય દેવની ત્યાં બ્રહ્મત્વેન–બ્રહ્મ તરીકે કલ્પના કરવાની જરૂર જ નથી. કૃષ્ણજ પરબ્રહ્મ છે. પરબ્રહ્મનું વ્યાખ્યાન, પોતેજ કરી શકે છે. પરબ્રહ્મનું વ્યાખ્યાન બીજો નથી કરી શકતો. બીજો તો શું ? પણ આર્ષવાણી પણ નથી કરી શકતી. એટલે જ વેદ કહે છે કે ''યતોવાચો નિવર્તન્તે, અપ્રાપ્ય મનસા'' જ્યાં વાણી અને મન જ્યાંથી પાછા આવે છે, વિચાર કરી શકતાં નથી, વર્ણવી શકતાં નથી, એ પરબ્રહ્મના દિવ્ય ચરિત્રને જેણે વર્ણનમાં મૂક્યો, નિર્વચનીને. અનિર્વચનીય ને નિર્વચનીય કર્યો એ ભક્તની સામર્થ્ય છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૫૩)

ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ **અંક : ૩**

વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૪** **જૂન, ૨૦૦૧**

વાર્ષિક લવાજમ રૂ.૪૦/– **આજીવન લવાજમ રૂ.૫૦૧/–**

''શ્રીવલ્લભસુધા'' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

જેઠ વદ ૪ તા. ૧૦–૬–૨૦૦૧ રવિવાર : ગો.શ્રીગિરિધરલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

જેઠ વદ ૬ તા. ૧૨–૬–૨૦૦૧ મંગળવાર : ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (મુંબઈ–પાર્લા–કિશનગઢ)નો જન્મદિન.

જેઠ વદ ૧૦ તા. ૧૬–૬–૨૦૦૧ શનિવાર : ગો.ચિ.શ્રીદર્શનકુમારજી (કોટા–કડી–કાંદીવલી)નો જન્મદિન.

જેઠ વદ ૧૧ તા. ૧૭–૬–૨૦૦૧ રવિવાર : યોગિની એકાદશી વ્રત.

જેઠ વદ ૧૪ તા. ૨૦–૬–૨૦૦૧ બુધવાર : ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

અષાડ સુદ ૨ તા. ૨૩–૬–૨૦૦૧ શનિવાર : અષાઢી બીજ. રથયાત્રા.

અષાડ સુદ ૫ તા. ૨૫–૬–૨૦૦૧ સોમવાર : શ્રીદ્વારકાધીશ (કાંકરોલી)નો પાટોત્સવ. ગો. ચિ. શ્રીદામોદરરાય બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

અષાડ સુદ ૬ તા. ૨૬–૬–૨૦૦૧ મંગળવાર : કસુંબા છઠ્ઠ, શ્રીમહાપ્રભુજીના પિતૃચરણ શ્રીલક્ષ્મણભટ્ટજીનો ઉત્સવ. દક્ષિણના શ્રીપાંડુરંગ શ્રીવિઠ્ઠલનાથજીનો ઉત્સવ. વર્ષાઋતુનો પ્રારંભ થયો તે ભાદરવા સુદ ૧૦ સુધી.

અષાડ સુદ ૭ તા. ૨૭–૬–૨૦૦૧ બુધવાર : ગો. ચિ. મિલનકુમાર બાવાશ્રી (મથુરા–પોરબંદર–રાજકોટ–ઉપલેટા)નો જન્મદિન.

અષાડ સુદ ૮ તા. ૨૮–૬–૨૦૦૧ ગુરૂવાર : ગો.શ્રીબાલકૃષ્ણલાલજી મહારાજ (ચાંપાસેની–જામનગર) નો તથા ગો.ચિ.શ્રીપ્રમેયકુમાર બાવાશ્રી (કડી–અમદાવાદ)નો તથા ગો.શ્રીચીમનલાલજી મહારાજશ્રી (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૧ તા. ૧–૭–૨૦૦૧ રવિવાર : દેવશયની એકાદશી વ્રત. ચાતુર્માસના વ્રતના નિયમનો આરંભ. ધારણા–પારણા વ્રત. ગો.ચિ.શ્રીવ્રજેશકુમારજી બાવાશ્રી (કામવન–રાજકોટ)નો તથા ગો.શ્રીલલિત ત્રિભંગીજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

અષાડ સુદ ૧૩ તા. ૩–૭–૨૦૦૧ મંગળવાર : ગો. ચિ. કૃષ્ણકાંતજી (મુંબઈ–બેંગ્લોર)નો જન્મદિન.

અષાડ સુદ ૧૪ તા. ૪–૭–૨૦૦૧ બુધવાર : ગો.શ્રીદેવકીનંદનજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા–દ્વિતીયગૃહ)નો તથા ગો.ચિ.શ્રીશરદકુમારજી બાવાશ્રી (કાંકરોલી–મથુરા)નો જન્મદિન.

અષાડ સુદ ૧૫ તા. ૫–૭–૨૦૦૧ ગુરૂવાર : કચોરી પૂનમ. ચાતુર્માસના નિયમનો આરંભ (જો એકાદશીને દિવસે આરંભ ન થયો હોય તો આજે કરવો.)

અષાડ વદ ૧ તા. ૬–૭–૨૦૦૧ શુક્રવાર : હિંડોળા પ્રારંભ.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૩ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ જૂન, ૨૦૦૧

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ ચોપનમો : " અનુસર ભયે પાછે દર્શન કરે નહીં "

શ્રીઠાકોરજીને રાજભોગ આર્તી થયા પછી અનુસર–અનવસર થાય. મંદિરના કમાડ મંગલ કરાય પછી કમાડ ખોલાય નહીં. તેમજ દર્શન કરાય નહીં. કેમકે અનવસરમાં પ્રભુની લીલાના દર્શન આ દેહથી કરવાનો અધિકાર નથી. એ વાત ભગવદિય શ્રીભગવાનદાસજીની વાર્તાના પ્રસંગમાં પ્રસિદ્ધ છે કે; તેમને અનવસરમાં નેત્ર મુંદી શ્રીજીને પંખો કરવાની આજ્ઞા હતી, ત્યારે સ્વયં શ્રીજીએ આજ્ઞા કરી કે 'નેત્ર ખોલી દર્શન કર' ત્યારે તેમણે વિનતી કરેલ કે શ્રીમહાપ્રભુજીની આજ્ઞા તો નેત્ર મુંદી (આંખો મીંચી)ને પંખાની સેવા કરવાની છે. તેથી તેમણે પોતાને મલતું શ્રીજીની લીલાના દર્શનનું સુખ પણ શ્રીમહાપ્રભુજીની આજ્ઞાના પાલન અર્થે ન લીધું. તેથી જીવને શ્રીગુરૂદેવ–શ્રીમહાપ્રભુજીની આજ્ઞાથી જેટલો સેવા–દર્શનનો અધિકાર છે તેથી હટીને જો મન માની રીતે દર્શન કરે તો અપરાધ લાગે.

☐ અપરાધ પંચાવનમો : " ઉષ્ણકાલમેં પંખા પાસ રાખે "

ઉષ્ણકાલ–ઉનાળામાં શ્રીઠાકોરજીના નિજમંદિર તથા શૈયાની પાસે નાના–મોટા વિવિધ પ્રકારના પંખા અવશ્ય રાખવા જોઈએ. શ્રીવ્રજભક્તો પ્રભુના શ્રમનિવારણ માટે પંખાની સેવા કરે છે. આપણે આધુનિક જીવે તો પોતાનું અહોભાગ્ય માની પરચારગી–(એટલે જોઈતી સેવા સામગ્રી હાજર રાખવાની ટહેલ) કરવા મલે છે, તે શ્રીમહાપ્રભુજીની પરમ કૃપા છે એમ માની, સેવાના જે જે ઉપકરણો ઋતુ અનુસાર જોઈએ તે લીલાનું ભાવન કરતાં–મનોરથ કરતાં યથાશક્તિ સાધન સન્મુખ કરવા. એમાં પ્રમાદ (આળસ) થાય તો અપરાધ લાગે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણિય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતિ. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વિકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર ગો.વા. શ્રીબાબુભાઈ પી. નાયક— કડી

[ગયે મહીને પ.ભ.શ્રીબાબુભાઈ નાયકનો ગોલોકવાસ થયો. અહીંથી—પાંચમા શ્લોકથી આગળ શરૂ થતું ભાષાંતર તેમણે રફવર્ક કરીને રાખેલ. જેને મઠારીને પ્રેસકોપી તૈયાર કરવાની સેવા પ.ભ.શ્રીકિરણબેન શાહ, કડી દ્વારા કરવામાં આવી છે.]

અગ્રેડપિ તાદશૈરેવ સઙ્ગો ભવતિ નાન્યથા ।
સ્વયં ચ વિષયાક્રાન્તઃ પાખંડી સ્યાત્તુ કાલતઃ ।।૫।।

શ્લોકાર્થ : ભવિષ્યમાં પણ એવાઓની સાથે જ સંગ થશે. બીજા પ્રકારના ભક્તિમાર્ગીયોનો સંગ થશે નહીં. પરિણામે તે કાલબળને લીધે વિષયાસક્ત અને પાખંડી થાય છે.

ભાવાનુવાદ : ભવિષ્યમાં પણ ભાવસિદ્ધિ માટે ઉપર જણાવેલા ઘર, પત્ની વિગેરે પ્રતિબંધક બને છે. દવા કરવા છતાં પણ રોગ ન મટે તો શું કરવું તે ન્યાય અનુસાર બીજી રીતે આવા અબાધક સાધકોનો સંગ થશે નહીં. એવાઓની સાથે જ સંગ થશે. તત્ત્વાર્થદીપ નિબંધની વિવૃત્તિમાં પણ કહ્યું છે કે ''સન્તિ બ્રહ્મ ભાવં પ્રાપ્તાઃ ન તુ તાદશાઃ ભક્તા'' ભક્તોને બ્રહ્મભાવ પ્રાપ્ત થાય, પણ તાદશી ભક્તોની પ્રાપ્તિ થશે નહીં. તત્ત્વાર્થદીપ નિબંધમાં પણ કહ્યું છે કે જો ભગવતભાવ પ્રાપ્ત કરવામાં ઘર પ્રતિબંધક બનતું હોય તો જ તેનો ત્યાગ કરવો, પણ આ ત્યાગ પૂજાનિર્વાહ કરે તેવો હોવો જોઈએ. દેહ પડે ત્યાં સુધી ભજનાનંદરૂપી ફલની પ્રાપ્તિ માટે પૂજા કરવી એ જુદા પ્રકારનો પરિત્યાગ છે. પૂજાનિર્વાહ માટે સહાયક થવા માટે જો તેનો ત્યાગ કરવામાં આવે તો તે ત્યાગ દૂષણરૂપ બને તો પછી પ્રાકૃત ગૃહાદિના પરિત્યાગની તો શી ગતિ ! માટે બને ત્યાં સુધી પ્રાકૃત એવા ઘરમાં રહીને સતત તે પ્રકારના દષ્ટિકોણથી ભાવના કરવી. તેથી ભાવલક્ષણ સાધન સિદ્ધ થશે. જીવે આ ત્યાગ કેવળ વિરહના અનુભવ માટે જ કરવાનો છે. સાધન સિદ્ધ માટે નહીં. ખરેખર! પ્રતિબંધક બનતા ગૃહાદિનો પરિત્યાગ તજીને સર્વસંગરહિત થઈને ભાવથી ભાવલક્ષણ સાધનની પ્રાપ્તિ કરવી જોઈએ—૫

વિષયાક્રાન્તદેહાનાં નાવેશઃ સર્વદા હરેઃ ।
અતોડત્ર સાધને ભક્તૌ નૈવત્યાગઃ સુખાવહઃ ।। ૬ ।।

શ્લોકાર્થ : વિષયોથી ભરપૂર દેહવાળાઓનો કોઈપણ સમયે હરિમાં આવેશ થતો નથી, તેથી અહીં ભક્તિમાર્ગમાં સાધનદશામાં સુખ આપનારો નથી જ થતો. ૬

ભાવાનુવાદ : બીજા પ્રકારના પરિત્યાગમાં ભક્તિ હશે એટલે જીવને બીજા પ્રકારના ભક્તિમાર્ગનો સંગ થશે નહીં. જીવને આહારાદિ વિષયોની પ્રાપ્તિ થશે જે કલિષ્ટ હોવાથી તેનું ધ્યાન કરવાથી જીવ વિષયાક્રાન્ત થાય છે. તેથી તે મનથી ઈન્દ્રિયોના વિષયોનું સ્મરણ કરવાથી તે પાખંડી (દંભી) બનશે અને ભાવરૂપ ઈષ્ટ સિદ્ધિથી દૂર ફેંકાઈ જશે. આ કારણે તેને અનિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થશે.

કાળબળને લીધે તે ઈન્દ્રિયોનો નિગ્રહ (સંયમ) કરવો ઘણો દુ:સાધ્ય છે. વિષયાક્રાન્ત થવાથી પાખંડીપણું આવશે. આ એક અનિષ્ટનું નિરુપણ કરી, બીજું અનિષ્ટ બળપૂર્વક આવશે. તે છે વિષયાક્રાન્ત દેહનું અનિષ્ટ. દેહને મોક્ષ મળે ત્યાં સુધી સાચવવાથી અને લિંગ શરીરનું મુખ્યપણું હોવાથી તે બંનેનં અભેદપણું પણ છે. તે માનવાથી આત્માને જ દેહપદથી કહેવામાં આવ્યો છે, વળી વિષયાક્રાન્ત દેહમાં ભગવદ્ આવેશ કદાપિ થતો નથી.

આ અર્થ બરાબર સમજીએ તો બધો પ્રયત્ન અનિષ્ટ બને છે. તેથી ઉપર કહેલાં બંને દૂષણો પાખંડીપણું અને વિષયાક્રાન્ત દેહ—શ્રવણ વગેરેની સિદ્ધિ માટે અહીં સાધનમાં અનન્ય ભાવલક્ષણ સાધનની સિદ્ધિ માટે પરિત્યાગ કદાપિ સુખ આપનારો બનતો નથી.

આ પ્રમાણે પરિત્યાગનું પ્રયોજન સમજાવી, પ્રયોજન જાણ્યા પછીના પરિત્યાગમાં અને તેવા ત્યાગના દૂષણને કહી પ્રાકૃત પ્રયોજનનું નિરૂપણ કરે છે.—૬

।। શ્રીહરિઃ ।।

શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

૧૪. બ્રહ્મવાદના સૂત્ર અને તેના અર્થ

૧૪.૧ ‘બ્રહ્મ સર્વજ્ઞ છે’

૧૪.૨ ‘જીવ અલ્પજ્ઞ, અણુ અને ઈશ્વરનો અંશ છે.’ અને જ્યારે તે જીવલોકમાં આવે છે. અને જ્યારે જીવ પ્રત્યક્ષ રૂપથી બ્રહ્મથી અલગ થાય છે, ત્યારે તે અહીં ‘જીવભૂત’ કહેવાય છે. અને તેમાં નાના પ્રકારના દોષ આવી જાય છે. જીવ બ્રહ્મનો જ એક અંશ છે. છતાંય પણ પોતાના અંશીને જોવામાં અસમર્થ છે. કારણ કે બ્રહ્મ તિરોભૂત થઈને સ્થિત રહે છે. જે પ્રકારે વાયુ બધેય વ્યાપ્ત છે. પરંતુ ગર્મી હોય અને તેને દૂર કરવા માટે પંખા અથવા તેવા બીજા સાધનો દ્વારા તેનો અનુભવ લઈ શકાય. તે પ્રકારે બ્રહ્મ પણ; જ્યારે જીવની અવિદ્યાનો નાશ થઈ જાય છે અને જ્યારે તે દોષ નિવૃત થઈ જાય છે. ત્યારે તેને બ્રહ્મનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. શ્રુતિમાં પણ કહ્યું છે કે—

બ્રહ્મવિદાપ્નોતિ પરમ્ । તદેષાભ્યુક્તા । સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ । યો વેદ નિહિતં ગુહાયાં । પરમે વ્યોમન્ । સોશ્નુતે સર્વાન્કામાન્ । સહ બ્રહ્મણા વિપશ્ચિતા ।। ‘બ્રહ્મને જેણે જાણી લીધું તે બ્રહ્મને પ્રાપ્ત કરે છે.’ ‘સત્યં શિવં સુન્દરમ્ સુપ્ત’ એવા બ્રહ્મને જેણે જાણી લીધું તે બ્રહ્મની સાથે સર્વ કામોનો ઉપભોગ કરે છે. પરંતુ બ્રહ્મને જાણવું તે ખુબજ દુર્ગમ છે. બ્રહ્મ માયાના પડદામાં ઢંકાયેલું રહે છે. તેથી જીવને માટે તે દુર્લક્ષ્ય છે.

૧૪.૩ ‘બ્રહ્મ અપરિમેય અને અજ્ઞેય છે. દુર્ગમ્ય પણ છે. છતાંય પણ અનુગ્રહથી ગમ્ય છે.’

વિવરણ—શાસ્ત્રો અને વેદોને જેણે અભ્યાસ કર્યો છે. કે વેદોમાં બ્રહ્મ કેટલો અપરિમેય અને

અજ્ઞેય છે. બ્રહ્મની ઈયતા (અથથી ઈતિ સુધી જાણવા માટે) શાસ્ત્રો પણ સામર્થ્ય ધરાવતાં નથી. મોટા મોટા ઋષિમુનીઓ કે જેઓ હજારો વર્ષની સમાધિ લગાવે છે. પરંતુ તેઓ તેને જાણી શકતા નથી. આવું બ્રહ્મ અપરિમેય અને અજ્ઞેય છે. નારદ, પ્રભૃતિ જેવા મહા મહા મુનીશ્વર જેને જાણવા માટે હંમેશા આતુર હોય છે તે ભગવાન વ્રજમાં બહુજ સરળ રીતે જાણી શકાય છે. ભગવાનનો અનુગ્રહ પામવાથી બ્રહ્મ ગમ્ય છે. શાસ્ત્રોમાં લખ્યું છે કે બ્રહ્મના ડરથી સૂર્ય ઉદય થાય છે. તેના ડરથી વાયુ ચાલે છે. અને તેના ઈશારે બધાય દેવતા પોતાના પોતાના કાર્ય કરે છે. વધારે તો શું જેનો લગાવ મૃત્યુ છે તે બ્રહ્મ અનુગ્રહને વશ થઈને નંદરાણીથી બંધાય જાય છે. અને વ્રજમાં બીરાજે છે. જેની શેષ, મહેશ, સુરેશ, ગણેશ, દિનેશ, પ્રભૃતિ, દેવાધિદેવ અનેક મુખોથી સ્તુતિ કરે છે અને જેને વેદ અને શાસ્ત્રો, પુરાણ અને ઈતિહાસ, દંતકથાઓમાં વિવિધ કથાઓથી—અપરિમેય, અચિંત્ય મહિમાશાળી અને અદ્‌ભુત શક્તિવાળું બતાવ્યું છે. તે બ્રહ્મ વ્રજમાં આવીને એક અંજલિ છાશ માટે ગોપીઓની સામે નૃત્ય કરે છે. શું કહેવું ? કોની આગળ કહીએ? અમારી આ વાત કેવી રીતે માની લેવામાં આવશે કે તે જ બ્રહ્મ જેને વેદોએ સર્વસામર્થ્ય સંપન્ન કહ્યું છે તે વ્રજમાં થોડાંક દહીંને માટે મા ને બોલાવતાં બોલાવતાં રડે છે. આ બધુંય ભગવાનની કૃપાથી સાધ્ય છે. શ્રુતિ પણ સ્પષ્ટ કહી રહી છે.

નાયમાત્મા પ્રવચનેન લભ્યો ન મેધયા ન બહુના શ્રુતેન ।
યમેવૈષ વૃણુતે તેનૈવ લભ્યઃ તસ્યૈષાત્મા વૃણુતે તનું સ્વામ્ ॥

અર્થ—આ બ્રહ્મ પ્રવચનથી લભ્ય નથી. ન તો પોતાની બુદ્ધિથી તેને વશમાં રાખી શકે છે. આ બ્રહ્મને વશ કરવા માટે બહુ જ્ઞાનની કે બહુ બળની જરૂર નથી કે જેના બળથી બ્રહ્મને પ્રાપ્ત કરી શકાય. પરંતુ તેની કૃપા જેના ઉપર થાય છે તે પ્રાપ્ત કરી શકે છે. પોતાનું બળ અહીં કોઈ કામ લાગતું નથી.

ભગવાન ભક્તને કેટલા બધા વશ છે. તેનુ એક ઉદાહરણ અહીં આપીએ છીએ.

વ્રજભુમિની વાત છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર તે સમયે ચરણોથી ચાલવા લાગ્યા છે. બાળકોમાં જેવી ચંચળતા અને અબાધ્યતા હોય છે. ભગવાનમાં તેથી હજારગણી વધારે હતી. તે ક્યારેય છાશ અથવા માખણની હાંડી ફોડતાં તો ક્યારેક પાણી ભરેલા ઘડાનું પાણી પાથરણા ઉપર ઉડાડતા હતા. ક્યારેક નંદબાબાની સૂકવેલી ધોતીને કીચડમાં નાખી દેતા તો ક્યારેક તેમની ખડાઊ (પગમાં પહેરવા માટે)ને છુપાવી દેતાં. નંદબાબા ક્યારેક આવા ઉત્પાત ઉપર તેમને ચુંબન કરતાં, ક્યારેક તેના સૂકોમલ ગાલ ઉપર થપકી મારતા અને ક્યારેય ઝુંઠ મુઠ તેને વઢી લેતાં. પિતાનો ક્રોધ તેઓ જાણતા હતા કે પાણીથી પણ પાતળો છે પરંતુ માતા જશોદાથી તે હંમેશા ડરતા રહેતા હતા.

એક વખત યશોદાજી પોતાના પુત્રને ગોદમાં લઈને સ્તનપાન કરાવી રહ્યા હતાં. સામેના ઓરડામાં દૂધ ગરમ થતું હતું. થોડીવારમાં દૂધને ઉફાણો આવ્યો. તેથી યશોદા શ્રીકૃષ્ણને છોડીને દૂધ સંભાળવા ગયા. આ વાત શ્રીકૃષ્ણને બૂરી લાગી. તેમણે લાકડી લઈને છાશની માટલી ઉપર મારી. છાશ બધેય રેલાઈ ગઈ. હવે ડર લાગ્યો અને પોતે ભાગવા લાગ્યા. એટલામાં માતા આવી. સારા ઘરમાં છાશની રેલમછેલ જોઈ અને સમજી ગયા કે મારા પુત્રનું આ પરાક્રમ છે. તેથી તેના ક્રોધનો પાર ન રહ્યો. માતા એ આજ શિશુને ઉચિત શિક્ષા દેવાનું મનમાં નક્કી કરી લીધું. અને તેના હાથપગ બાંધવા માટે એક દોરડાનો ટૂકડો લઈને તેની પાછળ દોડયા.

ખેલ તો જુઓ ! જે અચિંત્ય સ્વરૂપને પકડવામાં મોટા મોટા દેવતાઓ, રાક્ષસો, યોદ્ધાઓ અસમર્થ છે. તેને પકડવા માટે બિચારી એક અબળા, અસમર્થ ગોપી પ્રયત્ન કરી રહી છે ! ભગવાને એક ઝાડને ફરતા ત્રણ ચક્કર લગાવ્યા. પરંતુ જ્યારે જોયું કે મા થાકી ગઈ છે. ત્યારે આપે અનુગ્રહ

કરીને પકડાઈ ગયા. 'યમે વૈષ વૃણુ તે તેનૈવ લભ્ય:'

મા હવે તેને બાંધવા લાગ્યા. પરંતુ અરે! આ શું! ભગવાન તો બંધાણા નહીં! દોરડું નાનું થઈ ગયું! ગોપીએ એક દોરડું વધારે જોડયું તો પણ દોરડું નાનું પડે. બીજું દોરડું જોડયું તો પણ નાનું પડે. ગોપી વિચારે છે કે આમ કેમ બને છે? એક મુઠીમાં આવી જાય તેવા હાથને એક કુવામાં પહોંચે તેવડું દોરડું બનાવ્યું તો પણ બંધાતો નથી આ થયું શું ?

ભગવાને જ્યારે આ જોયું ને તેમની દશા ઉપર દયા આવી ગઈ અને આપ બધાયને બાંધવાવાળા બંધાઈ ગયા.

આ અર્થ તે વેદની ઋચાનો છે. જેમાં બ્રહ્મને અનેક બ્રહ્માંડોથી પણ મોટા અને અણુથી પણ નાના બતાવવામાં આવ્યા છે. વેદોમાં પ્રતિજ્ઞા છે. અને ભાગવતમાં આ ઉદાહરણ છે.

૧૪.૪ 'બ્રહ્મ સર્વ ધર્મોનું કેન્દ્ર છે'

ભાષાંતર : કેટલાયે વાદી બ્રહ્મને નિર્ધર્મક, નિર્વિશેષ, નિરાકાર અને નિર્ગુણ માને છે. શ્રીવલ્લભાચાર્યજી સૂત્રકાર મતથી 'સર્વ ધર્મો પપત્તેશ્ચ' 'સર્વોપેતા ચ દર્શનાત્' ઈત્યાદી તત્વ સૂત્રોનું અવલંબન લઈને બ્રહ્મને સર્વ ધર્મોનું કેન્દ્ર માનવામાં આવ્યું છે. બ્રહ્મમાં નિયતવાદ સ્થાપન કરવાથી બ્રહ્મમાં ઈયતા આવી જાય છે. તે પ્રકારે બ્રહ્મને અત્યંત નિર્ગુણ માનવાથી તેનું જ્ઞાન થવું અસંભવ થઈ જાય છે. અને શાસ્ત્ર માત્ર વૃથા થઈ જાય છે. તેથી શ્રુતિ, સ્મૃતિ, સૂત્ર, પુરાણ અને ઈતિહાસ તેની એકવાક્યતા કરીને બ્રહ્મને આપે (શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ) સર્વ ધર્મોનું કેન્દ્ર સિદ્ધ કર્યું છે.

૧૪.૫ 'બ્રહ્મ સર્વ સામર્થ્ય સમ્પન્ન ઈશ્વર છે. અને તેજ પરમતત્ત્વ ભગવાન શ્રીકૃષ્ણ છે'

૧૪.૬ 'બ્રહ્મ સર્વ વિરૂદ્ધ ધર્માશ્રય છે'

વેદોમાં લખ્યું છે–

'અપાણિ પાદો જવનો ગ્રહિતા, પશ્યત્યચક્ષુઃ સ શ્રૃણોષ્ય કર્ણ:'

અર્થ : 'બ્રહ્મને (પ્રાકૃત) પગ નથી. તોપણ દોડી શકે છે, તેને હાથ નથી છતાં પણ ગ્રહણ કરી શકે છે. તેને આંખ નથી છતાં પણ જોઈ શકે છે. કાન નથી છતાં સાંભળી શકે છે.' આ છે બ્રહ્મનો વિરૂદ્ધધર્માશ્રય હોવાનું પ્રમાણ.

તે નિર્ધર્મક છે. છતાં સધર્મક પણ છે. નિરાકાર હોવા છતાં તે સાકાર સહિત સિદ્ધ છે. નિર્વિશેષ હોવા છતાં સવિશેષ છે. નિર્ગુણ છે છતાં તે સર્વગુણ છે. અણુમાં અણુ પણ તે છે. અને મહાનથી પણ મહાન છે.

૧૪.૭ 'બ્રહ્મ નિદુષ્ટ છે'

ભાષ્ય– જીવ સ્વભાવથી દુષ્ટ છે. પરંતુ સ્વરૂપથી તે નિર્દુષ્ટ છે. ભગવાન શ્રીકૃષ્ણ સિવાય સાચું પુછવામાં આવે તો નિર્દુષ્ટ પદાર્થ કોઈ છે જ નહીં. શ્રીમહાપ્રભુજીએ પણ કહ્યું છે :–

'કૃષ્ણાંત્ પરં નાસ્તિ દૈવં વસ્તુતો દોષવર્જીતમ્'

૧૪.૮ 'બ્રહ્મ સર્વ સદ્‌ગુણ સંયુક્ત છે' તે સ્વતંત્ર અને અપ્રાકૃત શરીરવત જ્ઞાનથી દશ્ય છે. તેમાં પ્રાકૃત શરીરનો કોઈ ગુણ નથી.

૧૪.૯ 'બ્રહ્મ પૂર્ણાનંદ છે'

૧૪.૧૦ 'બ્રહ્મ સચ્ચિદાનંદ રૂપ છે' તે સર્વત્ર સ્વતંત્ર છે. સર્વવ્યાપક અને અવ્યય છે. તે અનંત મૂર્તિ છે. કૂટસ્થ છે. અને અચલાયમાન છે.

—ક્રમશ:

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

શિલાબુદ્ધિ શાલીગ્રામમાં હરિસ્વરૂપને ધાતુ પ્રમાણે;
મનુષ્ય લહે ગુરૂદેવને જાતિ ભાવ વૈષ્ણવમાં આણે.
આણે મહાપ્રસાદ પ્રતિ અન્ન, હરિ ચરણચોક પ્રીછે જે વંન
અન્ય વરણ સમ લહે હરિનામ, ઈત્યાદિકનાં નરકમાં ઠામ
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૫)

શબ્દાર્થ : શિલા—પાષાણ, પત્થર. વન—જળ

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી બુદ્ધિ ઉપર ધ્યાન દોરવે છે, જો જો હો બુદ્ધિથી વિચાર કરીને જ નિર્ણય કરજો. જેઓ પોતાની જ હાંકે છે, શાસ્ત્રોનું કે ભક્તોનું કાંઈ સાંભળતા જ નથી, તેને માટે જ અત્રે વિવરણ આપ્યું છે. જો નહી સમજો તો નરકમાં જ રહેવાનું થાશે.

(૧) શાલીગ્રામ—પાષાણરૂપે છે તેને ભગવદ્ રૂપે પૂજાય છે. તેને ભગવદ્ રૂપેજ માનવું, તેમાં પાષાણ બુદ્ધિ રાખવી નહીં.

(૨) ભગવદ્ સ્વરૂપ ધાતુનું હોય તેને ધાતુરૂપ ન માનવું પરંતુ સાક્ષાત્ ભગવદ્ સ્વરૂપ માનીને તેની સેવા કરવી.

(૩) ગુરૂદેવ ગુરૂ છે તે પણ સાધારણ મનુષ્યના જેવા ન માનવા, કેમકે શાસ્ત્રો ગુરૂને બ્રહ્મા, વિષ્ણુ, મહેશનાં રૂપે બતાવે છે.

(૪) વૈષ્ણવ તે પંચમ વર્ણ છે, તેથી શ્રીમહાપ્રભુજીને શરણે આવેલામાં જાતિ, ભાવ, ઉંચ નીચનો ન રાખવો.

(૫) મહાપ્રસાદ—અન્નથી રાંધેલી રસોઈ પ્રભુને આરોગાવી પછી તેમાં અન્ન ભાવ ન રાખતા મહાપ્રસાદની ભાવના રાખવી. મહાપ્રસાદનાં ભાવથી જ લેવું.

(૬) ભગવદ્ ચરણારવિંદ જે જળથી ધોવાયા છે તે જળને સાધારણ જળ ન માનવું કેમ કે તે તો હવે ચરણારમૃત બન્યું છે. તેને સાધારણ જળ માનવાથી ભગવદ્ ચરણની અવજ્ઞા થાય છે. શ્રીરામચંદ્રજી લંકા જવા માટે સમુદ્રને કિનારે પહોંચ્યા ત્યાં તેમણે મહાદેવજીની પ્રતિમાં સ્થાપન કરી તેની પૂજા કરી હતી. તે વખતે મહાદેવજીનું લીંગ સ્વરૂપ ત્યાં મળવું કઠણ હતું જેથી વેળું (રેતી)નું સ્વરૂપ બનાવી, તેની પૂજા કરી હતી.

રામચંદ્રજીએ રેતીની લીંગ બનાવી ત્યારે પહેલાં તે રેતી જ હતી, પરંતુ તેની શિવરૂપે

પૂજા થયા બાદ, તે રેતી ન રહી. પછી તેને રેતી કહેવી તે શિવજીનું અપમાન જ કહેવાય.

હિમાલયની પહાડીઓમાંથી ઝરતા ઝરણાં રૂપે પ્રવાહિત થઈને ગંગાજી, જમુનાજી વિગેરે નદીઓનાં રૂપમાં અનેક જગો ફરી ફરીને આખરમાં સમુદ્રને મળે છે. પરંતુ જે જળ જે ઝરણાથી નીકળતું તે ગંગા યમુનાનાં ભાવથી જગતને પાવન કરવાવાળું પવિત્ર જળ, તેને સાધારણ જળ ન માનવું.

જળની ભાવના બદલી ગઈ. ગંગાજીમાં સ્નાન કરે તેને મોક્ષ પ્રાપ્ત થાય અનેક પાપોનો નાશ થાય. આ એમનું તીર્થ મહાત્મ્ય છે, જેથી સાધારણ જળ ન માનવું. શ્રીયમુનાજી તેમનાં જળપાન કરવાવાળાને યમનો ડર રહેતો નથી. આ વસ્તુ સાધારણ જળ ન કરી શકે. તેમાં રહેલું તીર્થ મહાત્મ્યને આધારે ફલ પ્રાપ્તિ થાય છે, માટે તેમને યમુનાજી કહેવાય સાધારણ જળ નહીં. શ્રીયમુનાજી પાન કીધા છે, જેમ બાળક પોતાની માતાનું દુધ પીને સંતોષે છે તેમ યમુના જળ પાન તે માતાના દુધ સમાન છે, બલ્કે તેથી અધિક છે. માતાનું પયપાન બાલકનું પોષણ કરે છે ત્યારે યમુના પયપાન સંસારના ભયથી મુક્ત બનાવે છે, ઈચ્છિત ફળ આપે છે. પાપીઓને મોક્ષ આપે છે તેમજ ભક્તિ ભાવનાવાળા ભક્તોને ભક્તિનું દાન કરીને તેને ભગવદ્ પ્રાપ્તિ કરાવે છે, લીલારસ સીંધુનું દાન કરે છે.

માટે ઉપર બતાવેલ દરેકોમાં લૌકિક ભાવના ન રાખતા, તેમાં રહેલું પ્રભુત્વ સમજીને માનવું, નહીં તો લૌકિક બુદ્ધિ રાખવાવાળા માટે તો નરકમાંજ નિવાસ મળશે, તેમાં સંશય નથી.

જળ તે કોઈપણ કૂવો કે નદીનું હોય, પરંતુ જે જળથી પ્રભુનાં ચરણારવિંદ ધોયા તે જળ હવે જળ ન રહ્યું પરંતુ ચરણોદક બન્યું, જેમ જગતમાં અન્ન જીવન જરૂરિયાતની વસ્તુ છે, દરેકનું પોષણ અન્નથી થાય છે, પરંતુ તે અન્નની રસોઈ કરી પ્રભુને આરોગાવ્યા ત્યારપછી તે મહાપ્રસાદ રૂપ બન્યું, માટે મહાપ્રસાદને સાધારણ અન્ન માનવું તે તો નરક નિવાસ કરાવે.

શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિ સૃષ્ટિ અને અનુગ્રહ કેવળ કૃપા માર્ગ પ્રગટાવ્યો છે. તેમાં દરેક વર્ણને સ્થાન આપ્યું છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર વિગેરે તેમજ તેમાનાં અધમ પાપીઓ, ચોર, ડાકુ, હિંસા કરીને પેટ ભરવાવાળા તેમજ મ્લેચ્છોને પણ શરણે લીધા છે. તે બધા વૈષ્ણવ છે. તેઓ સાધારણ મનુષ્યની તુલનામાં આવી શકે નહીં. હરિકો ભજે સો હરિકો હોય. તેમજ ગમે તેવા કર્મ કરવાવાળો હોય પણ શરણમાં આવીને ભક્તની રીતે રહે તો તે પરમ વૈષ્ણવ જ છે, તેવો ભાવ તેના પ્રત્યે રાખવો. મેહાઢીમર તે વૈષ્ણવ બન્યા પછી ઢીમર ન રહ્યો, તે તો પરમ ભક્ત બન્યો. તેવી જ રીતે અલીખાન પઠાણ, રસખાનજી, ચહુડો ભંગી, કટહરિયા (જે પહેલા ડાકુ હતો), ભક્ત બોડાણો (તે પણ પહેલા ડાકુ હતો), આ બધા ભક્તો થયા. તેને ઉંચ નીચ નાં કહેવા તે તો નરકમાં વાસ કરવો તેવું છે, અત્રે કહે છે કે બુદ્ધિમાનો વિચાર કરો, ઉપર બતાવેલ પ્રભુ, ગુરૂદેવ, ભક્ત આ બધા સ્વરૂપને જાણો, તેમાં લૌકિક બુદ્ધિ ન રાખવી, સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૮૫)

દેવર્ષિ નારદ રચિત : ભક્તિસૂત્ર - પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે લૌકિક વ્યાકુલતા અને પરમ પ્રેમની વિરહ વ્યાકુલતા વચ્ચેનો ભેદ બતાવતા ભક્તિના એક મહત્વપૂર્ણ સિદ્ધાંતનો ઉલ્લેખ કરે છે કે–

તત્રાપિ ન માહાત્મ્યજ્ઞાનવિસ્મૃત્યપવાદઃ ॥૨૨॥

૨૨. આ અવસ્થામાં પણ (ગોપિઓમાં) માહાત્મ્ય જ્ઞાનના વિસ્મરણનો અપવાદ નથી.

અર્થાત્ ગોપીઓ ભગવાન શ્રીકૃષ્ણના પ્રભાવ, રહસ્ય અને ગુણોને જાણતી હતી. કેટલાક લોકોનું કહેવું છે કે પ્રેમમાં માહાત્મ્યજ્ઞાન નથી હોતું. માહાત્મ્યજ્ઞાન હશે તો પ્રેમ નહીં રહે, પરંતુ ગોપીઓમાં એવી વાત નથી. ગોપીઓ શ્રીકૃષ્ણને સાક્ષાત્ પુરૂષોત્તમ ભગવાન જાણીને જ પોતાના પ્રિયતમ સમજતી હતી. લૌકિક પ્રેમ અને ભગવત્ પ્રેમમાં આ ખાસ ભેદ છે. ભગવત્ પ્રેમમાં ખરેખર આવું જ હોય છે. જે લોકો કહે છે કે ગોપીઓ શ્રીકૃષ્ણને ભગવાન તરીકે જાણતી ન હતી, તેઓ શ્રીમદ્ ભાગવતના નીચે લખેલ શ્લોકોનું મનન કરે :–

મૈવં વિભોઽર્હતિ ભવાન્ ગદિતું નૃશંસં, સંત્યજય સર્વવિષયાંસ્તવ પાદમૂલમ્ ।
ભક્તા ભજસ્વ દુરવગ્રહ મા ત્યજાસ્માન્ દેવો યથાઽઽદિપુરૂષો ભજતે મુમુક્ષૂન્ ॥
યત્વત્યપત્ય સુહૃદામનુવૃત્તિરઙ્ગ સ્ત્રીણાં સ્વધર્મ ઈતિ ધર્મવિદાત્વયોક્તમ્ ।
અસ્ત્વેવમેત દુપદેશપદે ત્વયીશે, પ્રેષ્ઠો ભવાંસ્તનુભૃતાં કિલ બન્ધુરાત્મા ॥
યર્હ્યમ્બુજા તવ પાદતલં રમાયા, દત્ત ક્ષણં ક્વચિદરણ્યજનપ્રિયસ્ય ।
અસ્પ્રાક્ષ્મ તત્પ્રભૃતિ નાન્યસમક્ષમઙ્ગ, સ્થાતું ત્વયાભિરમિતા બત પારયામઃ ॥
શ્રીર્યત્પદામ્બુજરજશ્ચકમે તુલસ્યા, લબ્ધવાપિ વક્ષસિ પદં કિલ ભૃત્યજુષ્ટમ્ ।
યસ્યાઃ સ્વવીક્ષણકૃતેઽન્યસુરપ્રયાસ, સ્તદ્વદ્ વયં ચ તવ પાદરજઃ પ્રપન્નાઃ ॥

(શ્રીમદ્ ભા. ૧૦/૨૯/૩૧–૩૨, ૩૬–૩૭)

વ્યક્તં ભવાન્ વ્રજભયાર્તિહરોડભિજાતો, દેવો યથાડડદિપુરૂષઃ સુરલોકગોપ્તા ।।

(શ્રીમદ્ ભા. ૧૦/૨૯/૪૧)

ન ખલુ ગોપિકાનન્દનો ભવાનખિલદેહિનામન્તરાત્મદક્ ।
વિખનસાર્થિતો વિશ્વગુપ્તયે સખ ઉદેયિવાન્ સાત્વતાં કુલે ।।

(શ્રીમદ્ ભા. ૧૦/૩૧/૪)

હે વિભુ ! આપ આવા કઠોર શબ્દ (પાછા ફરવાની વાત) ન કહો. અમે બીજા તમામ વિષયો છોડીને એક માત્ર આપના જ ચરણકમલનો આશ્રય લીધો છે. હે સ્વચ્છંદ ! જે રીતે આદિપુરૂષ શ્રીનારાયણ મુમુક્ષુઓને ભજે છે (તેમની ઈચ્છાનુસાર તેમનો સ્વીકાર કરે છે) એ રીતે આપ અમારો અંગીકાર કરો. ત્યાગો નહીં. હે હરિ ! આપ ધર્મને જાણવાવાળા છો (તો પછી આપ કેમ કહો છો કે તમે પાછા ફરી જાવ, આપના શરણમાં આવ્યા પછી શું કોઈ ક્યારેય પાછું ફરે છે?)

આપે જે કહ્યું કે પતિ, પુત્ર અને બંધુ—બાંધવોની સેવા કરવી એજ સ્ત્રીઓનો પરમ ધર્મ છે, તો આ ઉપદેશ ઉપદેશના સ્થાને આપ ઈશ્વરના વિષયમાં જ રહો, કારણ કે સમસ્ત દેહધારિઓના પ્રિયતમ, બંધુ અને આત્મા તો આપ જ છો. હે કમલલોચન ! જે સમયે શ્રીલક્ષ્મીજીને (શ્રીવિષ્ણુરૂપે) ક્યારેક ક્યારેક આનંદિત કરનાર આપના ચરણકમળને અમે સ્પર્શ કર્યો હતો અને વનવાસી તપસ્વીઓના પ્રિય આપે અમને આનંદિત કર્યા હતા, ત્યારથી અમારે માટે બીજે ક્યાંય રોકાવાનું અસંભવ થઈ ગયું છે. જેની કૃપાદ્રષ્ટિ મેળવવા માટે દેવગણ અત્યંત પ્રયાસ કરે છે, તે લક્ષ્મીજી કોઈપણ પ્રતિસ્પર્ધી વગર આપના વક્ષસ્થળમાં સ્થાન પામીને પણ તુલસીજી સાથે અન્ય ભક્તોથી સેવાયેલ આપની ચરણરજની ઈચ્છા કરે છે, અમે પણ નિઃસંદેહ આપની આ ચરણરજના જ શરણમાં આવ્યા છીએ, કારણ કે દેવતાઓની રક્ષા કરનાર આપ આદિપુરૂષ પરમાત્મા જ વ્રજમંડલના ભય અને દુઃખ દૂર કરવા માટે પ્રગટ થઈ અવતરીત થયા છો. એ નિશ્ચિત છે કે આપ ફક્ત યશોદાના જ પુત્ર નથી, પરંતુ સમસ્ત દેહધારિયોના અંતરાત્માના સાક્ષી હે સખા ! બ્રહ્માજીની પ્રાર્થનાથી જ આપે સંપૂર્ણ જગની રક્ષા કરવા માટે યદુકુળમાં અવતાર લીધો છે.'

આવા અનેક પ્રમાણોથી તથા યુક્તિઓથી એ સર્વથા સિદ્ધ છે કે ગોપીઓએ શ્રીકૃષ્ણને સાક્ષાત્ સચ્ચિદાનંદઘન ભગવાન સમજીને જ તેમને આત્મસમર્પણ કર્યું હતું. ૨૨

શોભા સિન્ધુ ન અનત રહી રી

–પ. ભ. શ્રીહરિનારાયણ નીમા (ઉજ્જૈન)

–ગતાંકથી ચાલુ

અને પરમાનંદની પરમાનંદમય વાણીમાં છાકનું પદ આ પ્રકારે છે. અમૃતરસનું પાન કરીએ–

કુમુદવન ભલી પહુંચી આય।
સુફલ ભઈ હે છાક તિહારી, લાલ કદંબ તર પાય।
તહાં તે ચલિ ઉઠ માન–સરોવર, સંગ સરવા સબ લાય।
બૈઠે તાહી, ઠૌર ગિરિ ઉપર ચરત ચહું દિસ ગાય
ખેલત ખાત ગિરાય દેત ઉર બાતેં કહત બનાય।
પરમાનંદ બલિ બલિ બૂઝન પર, કહા કહા વ્યંજન લાય।

વૃજવનિતા વૃજેશના અનુરૂપ શ્રૃંગાર આભૂષણ વસ્ત્ર, ગુંજાના હાર અને ચંદ્રિકા તો ખુશી ખુશી ધારણ કરી શકે છે પરંતુ હરિત બાંસની બની બાંસુરીને અધર પર નથી રાખી શકતી કારણ તેમને ડાહ છે મુરલીધરની મુરલીથી. પદ છે–

વહ મુરલી બન ઝાર કી બિન લાયે આઈ।
હમ હી કો દુઃખ દેને કો બૃજ ભયે કન્હાઈ।

પોતાના શબ્દોમાં રસરસિક રસમસ્ત રસખાન આ કથનને આમ કહે છે–

યા મુરલી મુરલીધર કી, અધરાન ધરી અધરા ન ધરૌગી ॥

હવે વારી છે કુંજેશ્વરી શ્રીરાધિકાજીની. શ્રીભટ્ટ કવિ નીલ જલદ અભિરામ શ્યામના રંગ ભરી શ્રીસ્વામિનીજીના આનંદ રસથી સરાબોર સ્વરૂપ વર્ણન પોતાના પદમાં આ પ્રકારે કરી રહ્યા છે–

રાધિકા આજ આનંદ મેં ડોલે
સાંવરે ચંદ ગોવિંદ કે રસ ભરી
દૂસરી કોકિલા મધુર સ્વર ઘોલે
પહરિ તન નીલ પટ કનક હારાવલી
હાથ લે આરસી રૂપ કો તોલે

રસિક શિરોમણી શ્યામલ કિશોરની રૂપ સુધારસ માધુરી આંખોથી નિરખાય છે. અક્ષરોમાં બાંધી નથી શકાતી. આ છટા અગમ્ય છે. ભક્ત કવિ રહીમ કહે છે–

રહિમન બાત અગમ્ય હૈ, કહન સુનન કી નાહિં।
જો જાનત સો કહત નહી, કહત સો જાનત નાહી ॥

પ્રકૃતિમાં પ્રભુના સહજ દર્શન થાય છે. જોઈએ તાદશી વૈષ્ણવોનો સંગ, શાસ્ત્ર અધ્યન અને સર્વોપરિ ગુરૂકૃપા. હવેલીના દ્વાર ઉપર બાંધવાવાળી વંદનમાલા અને હરિદ્રાથી પૂરિત ચૌક (ડેલી)બધામાં લાલાની કુશળતાની મંગલ કામના નિહિત છે.

અજ્ઞાનવશ કેટલીક જગ્યાએ સૂતલીમાં વંદનમાળા (તોરણ) બનાવે છે. જ્યારે કે તેને સુતરના દોરામાં બનાવી જોઈએ. આમાં આગળ અને પાછળ આસોપાલવ (અશોક)ના પૂરા પત્તા બાંધવા જોઈએ. કાપેલા, ફાટેલાં સારા નથી મનાતા. આસોપાલવના અભાવમાં આંબાના પત્તા કામમાં લેવા જોઈએ. અનિષ્ટ નિવૃત્યર્થ ખેર, બોર, ફાલસા, સફેદ સરસો, કનેર વગેરેના પણ ધરાવી શકાય છે. દેહરી માંડવાનું પણ પોતાનું વિધાન છે.

આ ક્રમમાં આરતીનો ઉલ્લેખ પણ આવશ્યક થઈ જાય છે. ઉત્સવો ઉપર થાળીની આરતી આપણે ત્યાં થાય છે. ઉત્સવ સ્વરૂપ (સંકેતક)થાળીમાં ચિત્રણ વિવિધ રંગો અને મોતિયોંથી થાય છે. આરતીના દિવડામાં ચાર બાટ હોય છે. વાર–ફેર–ન્યૌછાવર, રાઈ લુણ અનિવાર્ય હોય છે. જોકે મંગલા, રાજભોગ, સંધ્યાઆરતી અને શયન આરતી નિત્ય શ્રીપ્રભુની થાય છે. ચારે આરતી શ્રીઠાકોરજીના સુખનો વિચાર કરીને કરાય છે. આરતી શ્રીવલ્લભકુલ અને યશોદા સ્વરૂપ પ્રધાન મુખ્યાજી કરે છે. આરતી કરવાના સ્થાનની પણ આપણે ત્યાં મર્યાદા છે. મુખ્યાજી મંદિર દ્વારની જમણી તરફથી આરતી કરે છે. જ્યારે શ્રીવલ્લભકુલ ગોસ્વામી બાલક નિજમંદિર દ્વારની વચમાંથી કરે છે. સેવા પ્રણાલિકા ભાવના પ્રધાન છે અને પ્રભુ સુખથી પરિપૂર્ણ સૃષ્ટિ પુરૂષોત્તમનો ભોગ–શ્રૃંગાર બધું શ્રીવલ્લભ અને શ્રીવલ્લભના વંશજ પૂજ્ય ગોસ્વામી બાલકો વહુ બેટીઓના હાથથી સારું લાગે છે.

આપણી હવેલીઓમાં ગાવાવાળા અતિપ્રસિદ્ધ પદોમાં સ્પષ્ટ ઉલ્લેખ છે–

(૧) રહ્યો મોહિ શ્રી વલ્લભ ગૃહ ભાવે ।
(૨) ભોગ શ્રૃંગાર મૈયા સુન મોકો, શ્રી વિઠ્ઠલનાથ કે હાથ કો ભાવે ॥
(૩) લે દર્પણ સન્મુખ ઠાડે વહ નિરખ નિરખ મુસકાઈ।
(૪) આરસી દિખાય શ્રી હરિરાયજુ હંસત હે ।

સ્વામીના સંતોષ માટે પ્રકટેલ પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલિકા ભક્તિમાર્ગમાં અનૂઠી છે, બેજોડ છે. અને પરમાનંદ પ્રદાતા છે. લીલા ચિંતનમાં નિમગ્ન ભગવદીય વૈષ્ણવના દર્શન થઈ જાય તો અંગ્રાકિત પંક્તિનો અર્થ સમજવા માટે નિવેદન કરવું જોઈએ.

પ્યારી કે ગાવત કોકિલા મુખ મૂંદ રહે ।
પિય કે ગાવત ખગ નયના મૂંદ રહે સબ ॥

–ક્રમશઃ

અવધૂત ગીતા

જેઠાલાલ છોટાલાલ શાહ, 'ઉર્મિલ'

—ગતાંકથી ચાલુ

(૧૦) સમુદ્ર : બહારથી પ્રસન્ન પણ ભીતરથી ગંભીર એવો સમુદ્ર એનો કોઈ પાર પામી શકે નહીં. વર્ષાઋતુમાં અનેક નદીઓ ભરપૂર પાણી એનામાં ઠાલવે છે. પણ એ છલકાતો નથી, વધી જતો નથી અને ગ્રીષ્મમાં એને નદીઓનું પાણી ન મળે તો પણ સુકાઈ જતો નથી. તે પ્રમાણે સત્પુરૂષોએ ગંભીર બનવું જોઈએ. વૈભવ વગેરેની ઉપલબ્ધિથી છકી ન જવું અને કદાચ અભાવ વેઠવો પડે તો ખેદ પણ ન પામવો. રાગદ્વેષાદિનો ત્યાગ કરી નિર્વિકાર બની રહેવાનો સમુદ્ર દ્વારા બોધ ગ્રહણ કરવાનો છે.

(૧૧) પતંગ : પતંગિયું દીપશિખાને જોઈ તેના પર આકર્ષાઈને એમાં પડી મૃત્યુ પામે છે. એવું જોઈને સત્પુરૂષોએ વિષયો પ્રત્યે લોભાઈને એને વળગી રહીને જન્મમરણના ચક્કરમાં ફસાવું ન પડે એની ચીવટ રાખી ભગવદ્ ભજન પ્રત્યે વળવું જોઈએ એવો બોધ ગ્રહણ કરવાનો છે.

(૧૨) મધુકર : સુગંધના લોભથી એક જ કમળમાં રહે અને સાંજના કમળ બિડાઈ જતાં કેદી બની રહે છે. સત્પુરૂષોએ સારાસારનો વિચાર કરીને લોભવશ બની ન રહેવું એ મધુકરથી શીખવાનું છે. મધમાખી પાસે પણ મધનો સંગ્રહ કરે, પણ એથી એને મરવું પડે છે. એટલે એની જેમ સંગ્રહવૃત્તિ ન રાખતા યોગીએ જરૂર પૂરતું જ ગ્રહણ કરવું.

(૧૩) હાથી : હાથણીઓના સ્પર્શના લોભથી પકડનારા એ કરેલા ખાંડામાં પડી હાથી બંધનમાં આવી પડે છે તેમ સ્પર્શથી થતા ભોગો દુઃખના મૂળ જેવા ન બની રહે એવી સત્પુરૂષોએ શીખ લેવાની છે.

(૧૪) પારધી : અવધૂતજી તો પારધીને પણ ગુરૂ માનીને કહે છે કે દાન અને ભોગથી રહિત ધનનો સંગ્રહ કરવો એ કેવળ બીજાને માટે જ છે. એ વિશે હું પારધી પાસેથી શીખ્યો છું કે કષ્ટથી ભેગી કરેલી મધમાખીઓના મધને પારધી ભોગવે છે તેમ લોભીયાઓનું ધન લોભીયા હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે તેમ ધુતારાઓ વિવિધ ઉપાયોથી પડાવી જાય છે. સત્પુરૂષોએ આવું જાણીને સંગ્રહવૃત્તિનો ત્યાગ કરવો જોઈએ.

(૧૫) હરણ : શિકારીના ગાનથી મુગ્ધ થઈને હરણ બંધાઈ જાય છે. એમાંથી બોધ લઈને યોગીજનોએ વિષયોનાં ગીત કોઈપણ સ્થળે સાંભળવા જ નહીં. ઋષ્યશૃંગ ઋષિ વેશ્યા સ્ત્રીઓના વિષય સંબંધી ગીત આદિથી સ્ત્રીઓને વશ બની ગયા હતા એથી એવા ગીતથી દૂર

રહેવું. ભગવાનનાં ગીત જ સાંભળવા.

(૧૬) મત્સ્ય : મત્સ્ય જીભના સ્વાદથી માંસથી ખરડાયેલા લોઢાના કાંટાથી મૃત્યુ પામે છે એ જોઈ ધીર પુરૂષે જિહ્‌વેન્દ્રિયને તો ખાસ જીતવાની છે. રસની આસક્તિનો ત્યાગ કરી ઔષધની જેમ ભોજન કરવું જોઈએ.

(૧૭) પિંગલા : શ્રીઅવધૂતજીએ યદુરાજાને કહ્યું કે હે રાજન્ ! પૂર્વે વિદેહ નગરમાં પિંગલા નામની એક વેશ્યા હતી. તેની પાસેથી પણ મને શીખવા મળ્યું છે. એ પિંગલા એક વખત એક સુંદર પુરૂષને પ્રાપ્ત કરવા પોતાના ગૃહના છજામાં બેઠી હતી. ધનની ઈચ્છાવાળી તે વેશ્યા કોઈ શ્રીમંત પુરૂષની શોધમાં હતી. પરંતુ પ્રારબ્ધ વશાત્ તે દિવસે એને એવો કોઈ પુરૂષ પ્રાપ્ત ન થયો. તેણે આશા ત્યજી અને એકાંતમાં જઈને જીવાત્માને પ્રશાંત બનાવે એવું કોઈ ગીત ગાયું. કર્તુમ્ અકર્તુમ અન્યથા કર્તુમ્ એવા ભગવાનને એ જીવાત્મા પર કૃપા કરવી છે. પરિણામે તે વૈરાગ્યશીલ બની રહી નિરાશાથી મુંઝાઈ જતાં તેને ભગવાન તરફ મન વળ્યું. હૃદયમાં વસેલા અંતર્યામીની તેને અનુભૂતિ થઈ. પ્રશાંત બનેલી તે વેશ્યા પછી સુખપૂર્વક શય્યામાં સૂઈ ગઈ. એની પાસેથી મને નિરાશા તો પરમ સુખ છે. ભગવાન તરફ વાળનારી છે. એવો બોધ થયો હતો.

(૧૮) ટિટોડો : એક ટિટોડો ક્યાંકથી માંસનો ટુકડો લાવ્યો. એનાથી બળવાન ટિટોડો તેનું માંસ પડાવી લેવા તેને મારવા લાગ્યા. ત્યારે તે ટિટોડાએ માંસનો ટુકડો ત્યજી દીધો અને પરિણામે સુખ પામ્યો. બ્રાહ્મણ દત્તાત્રેય બોલ્યા કે એ જોઈ તને બોધ થયો કે પરિગ્રહ કરવો એ દુઃખદ છે. પરિગ્રહના ત્યાગથી સુખની પ્રાપ્તિ થાય.

(૧૯) બાળક : બાળકને માન અપમાન હોતું નથી. તે તો ચિંતાવિહીન અને નિજાનંદ મગ્ન જ હોય છે. ચિંતા વગરના, સમજ વગરના અને ભગવાનની સમજવાળા, શરણાગતના સંરક્ષક તો સર્વસમર્થ શ્રીભગવાન જ છે. માટે બાળકની જેમ માત્ર આત્મામાં નિમગ્ન બની રહીને જ હું આ લોકમાં ફરું છું એમ અવધૂતજીએ કહ્યું.

(૨૦) કુમારી કન્યા : કુમારી કન્યા પણ મારા ગુરૂ સ્થાને બની હતી. એક વખત એવી એ કન્યાના માતાપિતા ક્યાંક બહાર ગયા હતા. ઘરવાળા વધુ સાધન સંપન્ન ન હતા પણ સંતોષી હતાં. તેમ ભગવાનના આશ્રયે જીવતા હતા. માતાપિતાની ગેરહાજરીમાં એક કન્યાનું માગુ કરવા જ બીજા ગામથી મહેમાનો પધાર્યા. કન્યાએ તેમને સત્કાર્યા અને પછી હે રાજન્ ! એમને જમાડવા તે કન્યા એકાંતમાં ડાંગર ખાંડવા બેઠી. તેના હાથમાં પહેરેલી ચૂડીઓનો તે વખતે અવાજ થયો. તે સમજુ વિવેકબુદ્ધિવાળી કન્યાએ તત્કાલ ડાંગર ખાંડવાનું કામ પિતાના દારિદ્રયને સૂચવનારું હોવાથી તેણી બંને હાથે એક એક ચૂડી જ રહેવા દીધી અને પછી ખાંડવા બેઠી. અવાજ ન થયો એ જોઈ મને એ બોધ થયો કે ઘણાની સાથે રહેવાથી ક્લેશ થાય. બે સાથે

રહેવાથી પણ એજ વાતચિત થાય અને કદાચ મન ઉંચા થાય. એકલાજ—કુમારીની ચૂડીની જેમ એકલા રહેવાથી જ પ્રશાંત બની રહેવાય.

(૨૧) બાણકાર : એક બાણ બનાવનારો કારીગર બાણ બનાવવામાં એવો તલ્લીન બની ગયો હતો કે તેની પાસેથી તે વખતે વાજતે ગાજતે રાજાની સવારી નીકળી તે પણ તેણે જાણ્યું નહીં. મને બોધ થયો કે એવી તલ્લીનતા ભગવાન પ્રતિ સુદઢ બને તો કર્મ પરંપરામાંથી મુક્ત બની રહેવાય અને ભગવાનના ભજનાનંદની પ્રાપ્તિ થાય.

(૨૨) સર્પ : સર્પ એકલો જ ફરે છે. એકાંતમાં જ પડી રહે છે. કોઈની સહાય લેતો નથી. જાણે એનું કોઈ છે જ નહીં. એને પોતાનું ઘર નથી. ગમે તે દરમાં સુખેથી પડી રહે છે. આચાર પરથી જણાતો નથી કે ઝેરી છે ઝેર વગરનો છે. એ રીતે મને બોધ થયો કે યોગીએ પણ એકાકી રહેવું જોઈએ. સંગમાત્રનો ત્યાગ કરવો જોઈએ. મુનિપણું સાચું છે કે નહીં તે પણ આ સારથી જણાવા દેવું નહીં. થોડું બોલવું અને ભગવદ ભજનમાં જ રત બની રહેવું.

(૨૩) કરોળિયો : કરોળિયો જેમ પોતામાંથી જ લાળને મુખ દ્વારા ફેલાવવાની ક્રીડા કરે છે અને પછી તેને પોતામાંજ પરત લઈ લે છે તેમ ભગવાનેજ આ જગતનો આવિર્ભાવ કર્યો છે. જંગદ્રૂપે પોતેજ છે, લીલાર્થે આવિર્ભાવ છે અને પછી ઈચ્છા પ્રમાણે તેનો તિરોભાવ કરે છે. ભગવાન તો સર્વાધાર છે. આનંદરૂપ છે. એની લીલાનો પાર નથી. કરોળિયા દ્વારા જ મને ભગવાનની એ લીલાનો બોધ થયો છે.

(૨૪) કીડો : ભમરીએ પકડેલો કીડો ભમરીનું ધ્યાન કરતાં ભમરીરૂપ બની જાય છે. એમ જેનું ચિંતન કરીએ એવા થવાય. હરિને ચિંતવીને હરિમય બની રહેવું એ અહીં અવધૂતજીનો બોધ છે.

છેવટે અવધૂતજી કહે છે કે હે રાજન્ ! મારા દેહ દ્વારા પણ મેં બોધ લીધો છે. આ મનુષ્યદેહ તો દુર્લભ છે. એમાં પરમાત્માનો ઓળખવાની બુદ્ધિ છે. પૂર્વ દેહનાશ અપેક્ષિત નથી. આ જન્મે પણ ભગવત્કૃપાથી સેવોપયોગી દેહ મળે છે. સંસારી જીવો દેહમાં પ્રીતિ કરી શરીર સુખ માટે મથે છે. દેહ તો વૃક્ષ જેવો છે. દેહ અનિત્ય છે. પણ નિત્ય સુખનું સાધન થઈ શકે છે. છેવટે પ્રભુરત બની રહી અવધૂતજી આવો બોધ આપે છે. અને પછી યદુરાજા દ્વારા વંદન અને પ્રાર્થના કરેલી ગંભીર બુદ્ધિવાળા તે બ્રાહ્મણ દત્તાત્રેયજી રાજાની સંમતિથી પછી પ્રસન્ન થતાં આવ્યા હતા તે પ્રમાણે સ્વેચ્છાથી પોતાના સ્થળ પ્રતિ પ્રસ્થાન કરે છે.

હે ઉદ્ધવ ! આ રીતે આપણા પૂર્વજ એવા પરમ ભગવદીય એવા એ યદુરાજા અવધૂતજીના બોધથી મુક્ત બની રહી બ્રહ્મ વેત્તા થયા હતા અને એથી જ તો આપણું યાદવકુળ પ્રશંસાપાત્ર હતું.

❑❑❑

રહસ્ય ગીત

ભગવાનને ઉદ્ધવજી પ્રશ્ન પૂછે છે કે એક બાજુ તો આપ એ રસ્તો બતાવો છો કે કોઈના પણ ગુણ, દોષ જોવા જ નહીં અને અભેદ દૃષ્ટિએ બધા ઈશ્વર જ છે તેવું વર્ણન કરો છો અને બીજી બાજુથી આપ શાસ્ત્રની વિધિ પ્રમાણે અમુક વસ્તુ દોષ રૂપે છે અને અમુક વસ્તુ ગુણ રૂપે છે એ બંને બાબતમાં સત્ય રસ્તો કયો છે એવા બે પ્રકારના આપના વર્ણનમાં મારું મન ડોલાં ખાય છે, તેમાં એક નિશ્ચય કરી આપ આજ્ઞા કરો.

તેના ઉત્તરમાં ભગવાન નીચે મુજબ તાત્ત્વિક સિદ્ધાંત ઉદ્ધવજીને કહે છે.

અહો રાત્રૈશ્છિદ્યમાનં બુદ્દ્વાડડયુર્ભયવેપથુઃ ।
મુક્ત સઙ્ગઃ પરં બુદ્દ્વા નિરીહ ઉપશામ્યતિ ॥ ૧૬ ॥
કપાતુ રાત દી' આયુ, જાણી જે કંપતા ભયે;
મુક્ત–સંગ, બ્રહ્મ જાણે, નિષ્ક્રયી શાન્તિ પામશે. ૧૬

હે ઉદ્ધવ ! કાળના અવયવ આ દિવસ અને રાત ક્ષણે ક્ષણે શરીરના આયુષ્યને ક્ષીણ કરી રહ્યા છે એમ જાણી ભયથી જે વ્યક્તિ કંપી ઉઠે છે તે દેહ વગેરેમાંથી આસક્તિ કાઢી નાંખે છે અને આત્મા તો દેહગેહથી ભિન્ન છે એમ સમજી મને (ભગવાનને) ભૂલાવનારી અને સંસારમાં ફસાવનારી બધી પ્રવૃત્તિઓ છોડી દે છે. આમ તેના સર્વ સંતાપોનો અંત આવી જવાથી તે પરમાનંદથી પૂર્ણ બને છે. ૧૬

નૃદેહમાદ્યં સુલભં સુદુર્લભં પ્લવં સુકલ્પં ગુરૂકર્ણધારમ્ ।
મયાનુકૂલેન નભસ્વતેરિતં પુમાન્ ભવાબ્ધિં ન તરેત્ સ આત્મહા ॥ ૧૭ ॥
નૃદેહ પામી સુલભે સુદુર્લભ, સુદઢ નૌકા ગુરૂ કર્ણધાર;
મયાનુકૂલ પવનેથી યુક્ત, તરે ભવાબ્ધિ નવ આત્મહંત. ૧૭

[પ્રભુકૃપા હોય તો જ જીવને પ્રભુની શરણાગતિ સિદ્ધ થાય. પ્રભુ અનુકૂળ છે કે નહીં તે જીવ જાણી શકે નહીં અને તે જાણી ન શકે તો તે પ્રયત્ન કેવી રીતે કરે ? અને આમ પ્રયત્ન ન કરે તો તેમાં તેનો વાંક પણ શો? એવી શંકા થાય તેના ઉત્તરમાં આપ કહે છે કે]

આ મનુષ્ય શરીર સમસ્ત શુભ ફળોની પ્રાપ્તિનું મૂળ છે. રોગ વગેરે પ્રતિબંધ રહિત અને બધી ઈન્દ્રિયોનાં સૌષ્ઠવ, કાર્ય, ક્ષમતાવાળો આ અત્યંત દુર્લભ મનુષ્ય દેહ મળ્યો એ જ મારી અનુકૂળતાનો પુરાવો છે. સંસાર સાગર પાર કરવા માટે તે એક સુદઢ નૌકા છે. ગુરૂદેવને માત્ર શરણે જવાથી તે (ગુરૂ) સુકાની બની જાય છે. હોડીને હંકારવા પવન જોઈએ તે તો મેં પ્રાણવાયુના રૂપમાં મનુષ્યને આપેલો જ છે. આટલી સુવિધા હોવા છતાં પણ જે આ શરીર દ્વારા સંસાર સાગરને પાર કરી જતો નથી તે આત્મહત્યા—અધઃપતન કરી રહ્યાં છે. ૧૭

[ભગવાનની કૃપા વિના મનુષ્ય દેહ મળતો નથી માટે તેને અત્યંત દુર્લભ—સુદુર્લભ કહ્યો. ભાગ્યયોગથી મળી ગયો છે અને તેની તેને કિંમત નથી માટે સુલભ કહ્યો. મારા (ભગવાન) અનુકૂલ હોવાથી મનુષ્ય દેહ મેળવીને જે પુરૂષ સંસાર સાગર તરી જાય નહીં તે પુરૂષ આત્મહત્યારો છે. ભગવાને આટલી અનુકૂળતા કરી આપી

છતાં ન તરી જાય–તરવા માટે પ્રયત્ન ન કરે, પ્રયત્ન પણ કષ્ટ સાધ્ય નથી, કિંતુ "મારો ઉદ્ધાર કરો" એટલી ગુરૂને પ્રાર્થના કરવાની છે. આટલું પણ જીવ ન કરે તો તેનું સંસારમાં પતન થવાથી તે આત્મહત્યારો બને છે.]

[આમ અવિરક્તને માટે વૈરાગ્ય દ્વારા જ્ઞાન અને ભક્તિ સિદ્ધ કરાવી આપનાર કર્મયોગ કહીને દઢ વૈરાગ્યવાળાને જ્ઞાન પ્રાપ્ત થાય છે. પહેલાં તેણે શું કરવું જોઈએ અને શું છોડવું જોઈએ તે કહે છે.]

યદાડડરમ્ભેષુ નિર્વિણ્યો વિરક્તઃ સંયતેન્દ્રિયાઃ ।
અભ્યાસેનાત્મનો યોગી ધારયેદચલં મનઃ ॥૧૮॥
યદા કર્મે થતાં ખેદ વિરક્ત સંયમી નરે,
કરી અભ્યાસ આત્માનો, નિશ્ચલ મનને કરે. ૧૮

હે ઉદ્ધવ ! જ્યારે મનુષ્યને એટલે વૈરાગ્યપૂર્ણ સાધકને સકામ કર્મો કરવામાં સંપૂર્ણ વૈરાગ્ય આવે ત્યારે તે યોગી સંપૂર્ણ સંયમી થઈ, ઈન્દ્રિયોને વશ કરી પોતાના મનને વશ કરી સ્થિર બનાવી મારામાં સ્થાપી દે. ૧૮

ધાર્યમાણં મનો યર્હિભ્રામ્યદાશ્વનવ સ્થિતમ્ ।
અતન્દ્રિતોડનુરોધેન માર્ગેણાત્મવશં નયેત્ ॥૧૯॥
રોકવું મનને યત્ને, જે ભમે અવ્યવસ્થિત,
સાવધે ક્યાંક છોડીને, વાળવું આત્મને પથ. ૧૯

સ્થિર કરતી વખતે જ્યારે મન ચંચલ થઈ આમતેમ ભટકવા લાગે ત્યારે આળસ છોડી અત્યંત સાવધાનીથી તેને મનાવી, સમજાવી, ફોસલાવી, તેની ઈચ્છા થોડી ઘણી પૂરી કરીને પણ પોતાને વશ કરી પુનઃ મારા સ્વરૂપમાં જ તેને સ્થાપવું. ૧૯

મનોગતિં ન વિસૃજેજ્જિતપ્રાણો જિતેન્દ્રિયઃ ।
સત્ત્વ સમ્પન્નયાં બુદ્ધયા, મન આત્મવશં નયેત્ ॥ ૨૦ ॥
જિત પ્રાણ જિતેન્દ્રિયે, ન વિમુક્ત મનોગતિ;
સત્ત્વ સંપન્ન બુદ્ધિથી, પ્રેરી આત્મવશે મતિ. ૨૦

ઈન્દ્રિયો અને પ્રાણોને વશ રાખે અને મનને એક ક્ષણ માટે પણ સ્વતંત્ર ન છોડે. તેની દરેક ચાલ જોતો રહે. આ પ્રમાણે સત્ત્વ સંપન્ન બુદ્ધિ દ્વારા ધીરે ધીરે મનને વશ કરી લેવું જોઈએ. ૨૦

એષ વૈ પરમો યોગો મનસઃ સંગ્રહઃ સ્મૃતઃ ।
હૃદયજ્ઞત્વમન્વિચ્છન્ દમ્યસ્યેવાર્વતો મુહુઃ ॥ ૨૧ ॥
એ જ છે પરમ યોગ, મનના સંયમો કથે,
રોધે છોડે હૃદય ભાવો, લગામે જેમ અશ્વને. ૨૧

હે ઉદ્ધવ ! ઘોડાને પલોટતી વખતે જેવી રીતે ઘોડેસવાર કાંઈક કાંઈક એની મરજી પ્રમાણે ચાલવા દઈને અંતે પોતાની ધારણા પ્રમાણે એને ચાલતા શીખવે છે અને પોતાને વશ કરી લે છે, તેવી જ રીતે મનને પણ થોડુંક અનુકૂળ વર્તીને પણ અંતે એને વશ કરવું એ પરમ યોગ છે. ૨૧

સાંખ્યેન સર્વભાવાનાં પ્રતિલોમાનુલોમતઃ ।
ભવાપ્યયાવનુધ્યાયેન્મનો યાવત્ પ્રસીદતિ ॥ ૨૨ ॥

સાંખ્યથી સર્વ ભાવોની, બંને બાજુ વિચારવા;
શોચવા જન્મ ને મૃત્યુ, ના'વે દઢતા ત્યાં લગી. ૨૨

મનને વશ કરવાનો પ્રકાર દર્શાવતાં ભગવાને કહ્યું કે ઉદ્ધવજી ! તત્ત્વજ્ઞાનના વિવેકથી આ સર્વ વસ્તુઓ સાંખ્ય શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણે પ્રકૃતિથી બુદ્ધિ, અહંકાર, ગુણો, પંચ તન્માત્રાઓ, પંચમહાભૂતો વગેરે ક્રમે ક્રમે કરી ઉત્પન્ન થાય છે. અને પંચમહાભૂતોમાંથી દેહ ઉત્પન્ન થાય છે અને તેનાથી ઉલટા ક્રમથી એક બીજા એક બીજા લય પામે છે. એવા પ્રકારે ઉત્પત્તિ અને લયનો વિચાર કરી મન શાંત થાય તેમજ પ્રસન્ન થાય ત્યાં સુધી આ પ્રકારે ચિંતન કર્યા કરવું. ૨૨

નિર્વિણ્ણસ્ય વિરક્તસ્ય પુરૂષસ્યોક્ત વેદિનઃ ।
મનસ્ત્યતિ દૌરાત્મ્યં ચિન્તિતસ્યાનુ ચિન્તયા ॥ ૨૩ ॥
વિવેકી ત્યાગી સંતોના, શાસ્ત્રોક્ત કથનોતણું;
વારંવાર ચિંતનોથી, દૌરાત્મ્ય[1] નષ્ટ પામતું. ૨૩

(દૌરાત્મ્ય = દેહાભિમાન અને વિષયોની આસક્તિ)

યમાદિભિર્યોગ પથૈરાન્વીક્ષિક્યા ચ વિદ્યયા ।
મમાર્ચોપાસનાભિર્વા નાન્યૈર્યોગ્યં સ્મરેન્મનઃ ॥ ૨૪ ॥
યમાદિ યોગ પંથે કે, બ્રહ્મવિદ્યા થકી વળી,
પૂજા ઉપાસનાથી તે, પામે મ્હને, ન અન્યથી. ૨૪

(૧) સ્વર્ગાદિ સુખો તુચ્છ છે તેમજ અલ્પ અને અનિત્ય છે એવું સમજીને તેનું આચરણ કરવામાં કંટાળવાથી, (૨) તેમ અનિત્ય ફળોમાં વૈરાગ્ય આવવાથી, (૩) શ્રુતિઓ અને ગુરૂવર્યે કહેલા ઉપદેશને જાણવાથી, (૪) તેમજ ભગવાન એકજ આનંદ સ્વરૂપ છે એવું વારંવાર ચિંતન કરનાર સાધકનું ચિત્ત દોષોથી, ચંચલતાથી મુક્ત થઈને ભગવત્સેવામાં પરોવાઈ જાય છે. ૨૩ (૫) આ ઉપરાંત યમ, નિયમ, આસન, પ્રાણાયમ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ વગેરે આઠ અંગવાળા યોગ માર્ગોથી, (૬) જગત, જીવ અને ભગવાનના સ્વરૂપને સમજાવનારી, તત્ત્વનું નિરૂપણ કરનારી બ્રહ્મવિદ્યાથી, (૭) તેમજ મારા સ્વરૂપની સેવા, ધ્યાન, સ્મરણ વગેરે ઉપાયોથી મનને સ્વસ્થ કરી શકાશે. આ વિના અન્ય કોઈ જ ઉપાય નથી. ૨૪

યદિ કુર્યાત પ્રમાદેન, યોગી કર્મ વિગર્હિતમ્ ।
યોગેનૈવ દહેદંહો, નાન્યત્તત્ર કદાચન ॥૨૫॥
પ્રમાદે, નિંદ્ય કો' કર્મ, યોગીથી થાય જો કદી;
બાળવાં યોગથી પાપો, ધારે અન્ય વ્રતો નહીં. ૨૫

હે ઉદ્ધવજી ! આમ તો યોગી ક્યારેય કોઈ નિંદિત કર્મ કરતો જ નથી; પરંતુ જો ક્યારેક તેનાથી પ્રમાદથી (ગફલતથી) કોઈ અપરાધ થઈ જાય તો યોગ–મારા ધ્યાન, નામ સંકીર્તન, જ્ઞાન દ્વારા જે તે પાપને બાળી નાંખે, પરંતુ તેને તે પાપ ધોવા બીજા ઉપાયની આવશ્યકતા નથી રહેતી. ૨૫

સ્વે સ્વેઽધિકારે યા નિષ્ઠા, સ ગુણઃ પરિકીર્તિતઃ ।
કર્મણાં જાત્યશુદ્ધાનામનેન નિયમઃ કૃતઃ ॥ ૨૬ ॥

સ્વે સ્વે અધિકારે, નિષ્ઠા, છે ગુણો, એ શ્રુતિ વદે,
અશુદ્ધ જન્મથી છે તે, કર્મના નિયમો કથે,
વિધાનો ગુણદોષનાં, સંગ તજવા કાજ છે. ૨૬

પોતપોતાના અધિકારમાં જે નિષ્ઠા છે, તેને જ ગુણ કહેવામાં આવ્યો છે. આ ગુણદોષ અને વિધિનિષેધના વિધાનથી સાર એજ નીકળે છે કે કોઈપણ રીતે વિષયાસક્તિ છૂટી જાય, કારણ કે કર્મ તો જન્મથી જ અશુદ્ધ છે, અનર્થનું મૂળ છે. શાસ્ત્રનું તાત્પર્ય તેમનું નિયંત્રણ કરવામાં છે. શક્ય હોય ત્યાં સુધી પ્રવૃત્તિનો સંકોચ જ કરવો જોઈએ. ૨૬

જાત શ્રદ્ધો મત્કથાસુ, નિર્વિણ્ણઃ સર્વ કર્મસુ ।
વેદ દુઃખાત્મકાન્ કામાન્ પરિત્યાગોડપ્યનીશ્વરઃ ॥ ૨૭ ॥
થાય શ્રદ્ધા મત્કથામાં, ઉદ્વેગ સર્વ કર્મથી;
દુઃખદા વિષયો જાણે, છતાં ત્યાગી શકે નહીં. ૨૭
તતો ભજેત માં પ્રીતઃ, શ્રદ્ધાલુર્દઢ નિશ્ચયઃ ।
જુષમાણશ્ચ તાન્ કામાન્, દુઃખોદર્કાંશ્ચ ગર્હયન્ ॥ ૨૮ ॥
તે મ્હને ભજતાં પ્રીતે, શ્રદ્ધાથી દઢ નિશ્ચયે;
ભોગવે દુષ્ટ ભોગો એ, નિંદતા નિંદતા ભલે! ૨૮

જે સાધક સમસ્ત કર્મોથી વિરક્ત થઈ ગયેલ હોય, તેમાં તેઓ દુઃખરૂપ છે એવી બુદ્ધિ રાખતો હોય, મારી લીલાકથામાં શ્રદ્ધાળુ હોય અને એ પણ જાણતો હોય કે બધા ભોગ અને ભોગ વાસનાઓ દુઃખરૂપ છે, પણ એ બધું જાણવા છતાં તે છોડવા શક્તિમાન ન હોય, તેણે તે ભોગો તો ભોગવી લેવા, પરંતુ સાચા હૃદયથી તેમને દુઃખજનક સમજે, મનોમન તેમની નિંદા કરે તથા તેને પોતાનું દુર્ભાગ્ય જ સમજે, સાથે સાથે આ દુવિધાની સ્થિતિમાંથી છૂટવા માટે શ્રદ્ધા, દઢ નિશ્ચય અને પ્રેમથી મારું ભજન કરે. ૨૭–૨૮

પ્રોક્તેન ભક્તિયોગેન, ભજતો માસકૃન્મુનેઃ ।
કામા હૃદય્યા નશ્યન્તિ સર્વે મયિ હૃદિ સ્થિતે ॥ ૨૯ ॥
મ્હેં કહેલા ભક્તિયોગે, જે મુનિ મુજને ભજે;
નષ્ટ કામ થતા તેના, જે ઉરે મુજ વાસ છે. ૨૯

આ પ્રમાણે બતાવેલા ભક્તિયોગ દ્વારા નિરંતર મારું ભજન કરવાથી હું તે સાધકના હૃદયમાં બેસી જાઉં છું અને મારા બિરાજતાં જ તેના હૃદયની તમામ વાસનાઓ નષ્ટ થઈ જાય છે. ૨૯

ભિદ્યતે હૃદયગ્રન્થિશ્છિદ્યન્તે સર્વસંશયાઃ ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ, મયિ દષ્ટેડખિલાત્મનિ ॥ ૩૦ ॥
ભેદાયે ઉરની ગાંઠો, છેદાયે સર્વ સંશયે;
ક્ષય થાયે કર્મ તેનાં, સર્વાત્મક દેખે મ્હને. ૩૦

આ પ્રમાણે જ્યારે તેને મારો સર્વાત્માનો સાક્ષાત્કાર થઈ જાય છે ત્યારે તો તેના હૃદયની ગાંઠો તૂટી જાય છે, તેના બધા સંદેહો છિન્ન ભિન્ન થઈ જાય છે અને કર્મ વાસનાઓ સર્વથા ક્ષીણ થઈ જાય છે. ૩૦

–ક્રમશઃ

ભૂકંપગ્રસ્ત જામનગર જીલ્લાના ધુતારપુર ગામના નવનિર્માણનું શ્રીવલ્લભાચાર્ય ભૂકંપ રાહત ટ્રસ્ટ દ્વારા ભૂમીપૂજન

શ્રીમદ્ વલ્લભાચાર્યજી સ્થાપિત પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય દ્વારા ''શ્રીમદ્ વલ્લભાચાર્ય ભૂકંપ રાહત ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા દિનાંક ૨૧–૫–૨૦01 નાં દિને ધુતારપુર ગામનાં પુનઃવસવાટ અંતર્ગત ૩૫૦ જેટલા મકાનો– શાળા– બાલમંદિર–ગૌશાળા વિગેરેનું આયોજન કરવામાં આવેલ છે. નવનિર્માણ પામનાર ગામનું નામ ''નંદગામ'' રાખવામાં આવેલ છે.

આ નવનિર્મીત નંદગામનું ભૂમીપૂજન જામનગરનાં વૈષ્ણવાચાર્ય પૂ.ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રીનાં કરકમલો દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે પૂ.ગો.શ્રીવૃજેશકુમારજી મહોદય (કામવન–રાજકોટ), ગો.શ્રીરસિકરાયજી મહારાજ (પોરબંદર–ઉપલેટા), ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ (મથુરા–રાજકોટ) વિગેરે ગોસ્વામી બાલકો સાથે રાજકોટ તથા જામનગર જીલ્લાના અગ્રણી વૈષ્ણવો ઉપસ્થીત રહેલ.

તેમજ આ પ્રસંગે નાની ગ્રામ્ય યોજના મંત્રીશ્રી મુળુભાઈ બેરા, માર્ગ–મકાન વિભાગના મંત્રીશ્રી ચીમનભાઈ શાપરીયા, જામનગરનાં સાંસદશ્રી ચંદ્રેશભાઈ પટેલ, કાલાવાડનાં ધારાસભ્ય આર. સી. ફળદુ, જામનગર કલેકટર શ્રીરોહિતભાઈ પાઠક, નવાનગર બેન્કનાં ચેરમેનશ્રી કિરણભાઈ માધવાણી વિગેરે આગેવાનો ઉપસ્થીત રહેલ.

વિશેષમાં ભૂકંપ બાદ હંગામી આવાસ યોજના માટે શ્રીવ્રજવલ્લભ ભૂકંપ રાહત સમિતિ દ્વારા એકાવન સ્ટીલ ફેબ્રીકેટેડ આવાસો જે આવાસોમાં તાળા લગાવી શકાય તેવા આવાસો જામનગરનાં વૈષ્ણવાચાર્ય ગો.શ્રીહરિરાયજી મહારાજ દ્વારા ૫૧ પરિવારોને અર્પણ કરવામાં આવેલ.

નૂતન નવનિર્માણ પામનાર ''નંદગામ''નો અંદાજી ખર્ચ ૫ કરોડથી ઉપર થનાર છે. જે પૂજ્ય ગોસ્વામી બાલકોના આશિર્વાદથી વૈષ્ણવ આગેવાનો, સરકારી અર્ધસરકારી તથા સહકારી ક્ષેત્રનાં આગેવાનોનાં પ્રયત્નથી પ્રભુકૃપાથી પૂર્ણ થશે તેમ ભૂકંપ રાહત ફાઉન્ડેશન ટ્રસ્ટનાં મુખ્ય ટ્રસ્ટી શ્રીચીમનભાઈ લોઢીયા તથા મથુરભાઈ બાબરાવાળા તથા અન્ય હસમુખભાઈ ડેલાવાળાની યાદીમાં જણાવવામાં આવે છે.

દાન–ભેટ આપવા વિશેષ માહિતી માટે સંપર્ક સ્થળ

''શ્રીમદ્ વલ્લભાચાર્યજી ભૂકંપ રાહત ફાઉન્ડેશન ટ્રસ્ટ''

શાલીગ્રામ એપાર્ટમેન્ટ, ભૂપેન્દ્ર રોડ, રાજકોટ–૩૬૦૦01.

જામનગર વૈષ્ણવ સમાજે ઉજવેલ શ્રીવલ્લભ જયંતિ

જામનગરના ગો.શ્રીઉત્સવરાયજી મહોદયની અધ્યક્ષતામાં 'શ્રીવલ્લભ જયંતિ' ઉત્સવ સાદાઈથી ઉજવવામાં આવ્યો. ભૂકંપમાં ગોલોકવાસી પામેલ આત્માના કલ્યાણ અર્થે દરેક વૈષ્ણવ દીઠ ૩૫ શ્રીસર્વોત્તમ સ્તોત્રના પાઠનું આયોજન આગલે દિવસે કરવામાં આવેલ.

ઉત્સવ દિને સવારે શ્રીમહાપ્રભુજી બેઠકજી પરિક્રમા, સાંજે સભાનું આયોજન કરવામાં આવેલ. આ સભાને અમદાવાદથી પધારેલ પૂજ્ય કાલિન્દી બેટીજી– શ્રીસત્યભામા બેટીજી તથા સ્થાનિક વૈષ્ણવ અગ્રણીઓએ સંબોધન કરેલ.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૯૩. અંબરીષનો અલૌકિક સત્સંગ

જીવનમુક્ત ભગવદીય ને બંધયુક્ત ભગવદીય તેનું શું લક્ષણ ? છોકરાંને રમાડે, તેના મોં સામું જુએ ને હસ્યાં જ કરે, ને કહે કે તમે કરજ લેવા આવ્યા છો, ભલે પધાર્યા, કરજ આપીશું તો છૂટીશું.

ધણી ધણીઆણી સર્વે એમ માનતા ફરે. પેલા બંધ ભગવદીય તે દિવસે પ્રસન્ન થાય. સંસારમાં સદા ફૂલતા ફરે, જે કરે તે આસક્તિથી કરે. વળી કહે છે કે ભાઈ છોકરો દેવતાને પણ દુર્લભ છે, એવો લુબ્ધ થઈ જાય. પેલાને તો મનમાં કાંઈ છે નહીં.

અંબરીષ રાજાની કથામાં અંબરીષ રાજા સદા ભક્તોના સંગમાં રહે છે તે કયા ભગવદીય ? તે પોતાના હાથને કહે છે કે, તમે અમારા પ્રભુ વિના બીજાની સેવા કરશો, તો અમારે તમારે નહીં બને, માટે તમારે એક પ્રભુની સેવા કરવી. પગને કહે છે કે તમે ભગવદીય છો, માટે જ્યાં પ્રભુના સ્વરૂપ હોય ત્યાં ચાલીને જવું. (લાલજી કે મોટા સ્વરૂપ) વળી કાનને કહે છે કે, તમે પ્રભુના ગુણ સાંભળ્યા જ કરો. આંખોને કહે છે કે તમે સદા પ્રભુનાં મુખકમળ જોયા જ કરો. મનને કહે છે કે, તમે સદા પ્રભુના પ્રસાદ લો. નાકને કહે છે કે તમે પ્રભુની પ્રસાદી વસ્તુઓ સુંઘ્યા જ કરો. એવી સર્વેને આશિષ દે છે. તમે સદા ચિરંજીવી રહો ને મને તમારો સંગ હજો, તમે તો ભગવદીયો છો. તે ભગવદીયના સંગમાં સદા અંબરીષ રાજા રહે છે. ૯૩

કાવ્ય કુંજ

નંદ ઘેર પરમાનંદ ભયો

જનમ ધરી વહાલો ગોકુળ આપો. (ટેક)
વાસુદેવ શિર ટોકરી ધરી, પૂર્ણ પુરૂષોત્તમ ગોકુળ લાયો;
નંદ રાજ ઘેર ચંદ્ર પ્રકાશ્યો, યશોદા સોંડ શયન કરાયો. જનમ ધરી...
વાસુદેવ હૃદય પીડા ભારી, સર્વસ્વ લૂટાવી મથુરા આયો;
વ્રજજન સૌ મંગલ મનાવે, નંદયશોદા ઉર આનંદ છાયો. જનમ ધરી...
ભાગવત વ્યાસપીઠ ઋષિ ભાગવત, દશમ સ્કંધ રસપાન કરાયો;
'શ્રીજીઅનુરાગી' ગુરૂચરણ હૃદય ધરી, પ્રભુ ગુણગાન મંગલ ગાયો. જનમ ધરી...

—રમેશચંદ્ર ચીમનલાલ સોની (બીરપુર)
શ્રીજીઅનુરાગી, અમદાવાદ.

કાવ્ય – કુંજ

કોનું જીવન હરિયાળું ? કોનું જીવન આળું આળું ?

કોનું જીવન હરિયાળું? કોનું જીવન આળું? આળું?
હરિરસમાં બૂડે તે જીવનું જીવન હરિયાળું
સંસારના કાદવમાં ખૂંપે તે જીવનું જીવન આળું આળું
શ્રીકૃષ્ણપ્રભુમાં અનન્યતા રાખે તે જીવનું જીવન રંગવાળું
છોડી બ્રહ્મને ભ્રમને સેવે તે જીવનું જીવન ભરમાળું
સમર્પિત લે જે નિત તે જીવનું જીવન સુવાસવાળું
અસમર્પિતની વિષ્ઠા માણે તે જીવનું જીવન દુર્ગંધવાળું
ભક્તિસેવા સત્સંગમાં રાચે તે જીવનું જીવન ઉજમાળું
દુષ્ટ લોકોના સંગમાં મ્હાલે તે જીવનું જીવન કાળું કાળું
ગાય જે નિત હરિગુણ તે જીવનું જીવન રસવાળું
અસદાલાપ–નિંદામાં રાચે તે જીવનું જીવન કલંકવાળું
શ્રીહરિભક્ત જીવન હરિયાળું, વિભક્ત જીવન આળું આળું

–એમ.આર. પાલેજા, રાજપીપળા.

પ્યારી યમુના મૈયા

પ્યારી યમુના મૈયા કોમળ કર શિષ ધર્યો. (ટેક)
શ્રીવલ્લભ ચરણ શરણ ધર્યો, કર મારો શ્રીનાથજીને હસ્ત ધર્યો;
ગોપાલનાં ગુણલાં ગાતો કર્યો. પ્યારી...
ભવોની જુદાઈનો ભેટો કર્યો, સુંદર શ્યામને સેવતો કર્યો;
કમલ નયન નિરખતો કર્યો, પુષ્ટિ જનમાં ભળતો કર્યો. પ્યારી...
ભાગવતકથા શ્રવણ કરતો કર્યો, ભગવદ રસ ઉર ભરતો કર્યો;
ગુરૂ કુળ આદર કરતો કર્યો, હૃદય ભરી દીનતા ફરતો કર્યો. પ્યારી...
માડી તેં પૂત સપૂત કર્યો, દોષ નિવારી નિર્દોષ કર્યો;
મમતા મોહથી દૂર કર્યો, પળ પળ અષ્ટાક્ષર રટતો કર્યો. પ્યારી...
ભગવદ સતસંગ દુર્લભ ઠર્યો, શ્રીવલ્લભ ગ્રંથ સંગ કરતો કર્યો;
'શ્રીજીઅનુરાગી' મા તારો પૂત ઠર્યો, ભવો ભવ મા! તારો ઋણી ઠર્યો. પ્યારી...

–રમેશચંદ્ર ચીમનલાલ સોની (બીરપુર)
શ્રીજીઅનુરાગી, અમદાવાદ.

પુસ્તક પરિચય

☐ **૧. શ્રીકિર્તન રસનિકુંજ :** પ્રકાશક : પ્લસ કોમ્યુનીકેશન્સ, ૨૦૩–શાંતિ કોમ્પલેક્ષ, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ. ફોન. (૦૨૮૧) ૨૩૫૬૧૧, ૨૩૪૨૬૨.

આઠ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૩૨+૨૨=૨૩૪. પાકું બાઈન્ડીંગ પ્લાસ્ટીક કવર. મુખપૃષ્ઠ ઉપર બહુરંગી દર્શનીય સુંદર ચિત્રજી. ન્યોછાવર રૂ.૫૦/– પોસ્ટેજ રૂ.૨૦/– (અલગ)

પુષ્ટિ સંપ્રદામાં નવધા ભક્તિ પૈકી કીર્તન ભક્તિ સવિશેષ મહત્વ ધરાવે છે. કીર્તન એ શ્રીઠાકોરજીની સેવા પ્રણાલીનો એક અવિભાજ્ય વિભાગ છે. ઘેર બિરાજતા શ્રીઠાકોરજી સન્મુખ કીર્તન કરવા માટે ખૂબજ ઉપયોગી એવું આ પુસ્તક છે.

નિત્યના–શીતકાલ, ઉષ્ણકાલ, વર્ષાઋતુના પદો પ્રાર્થનાથી પોઢાવવા સુધીના તેમજ વિવિધ વર્ષોત્સવના પદો મળી ૪૩૨ અતિ પ્રચલિત પદનો સમાવેશ ૬૫ વિભાગમાં કરવામાં આવેલ છે.

સુંદર મોટા અક્ષરો, ગુજરાતી લિપિમાં બધા કીર્તન આપવામાં આવેલ છે. કીર્તન ભક્તિમાં રસ ધરાવનાર દરેક વૈષ્ણવ પરિવારે વસાવવા અને નિત્ય ઉપયોગ માટે સુંદર પ્રકાશન.

આ પુસ્તકનું વિમોચન સાહિત્ય–સંગીત–કીર્તન–કલા–નિષ્ણાત પૂ.પા.ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–ઉપલેટા)ના વરદ્ કરકમલો દ્વારા વૈષ્ણવ સમુદાયની હાજરીમાં શ્રીસાતસ્વરૂપની હવેલીમાં કરવામાં આવેલ હતું.

☐ **૨. શ્રીનાથ સ્વરૂપ દર્શન :** પ્રાપ્તિસ્થાન : ક્રિએટીવ કોમ્પ્યુગ્રાફીક્સ, ૧૧૩ વી. પી. રોડ, નાથાલાલ ભુવન, મુંબઈ–૪૦૦૦૦૪. ન્યોછાવર રૂ. ૫/– પ્રતિ નંગ (પોસ્ટેજ અલગ)

આ સુંદર ફોલ્ડર (પોકેટ સાઈઝ)માં શ્રીનાથજીના ૧૧ જુદા જુદા રંગીન ચિત્રજીઓ– શ્રીજીનું મુખારવિંદ, મંગળા, શ્રૃંગાર, વિગેરેની ઝાંખી કરાવે છે.

પત્થરનો ભાર

ઓ મારા શ્યામ, જરા ઓરા આવો તો, કાનમાં કહું એક વાત;
એવા તે કામણ કેવા કર્યા કે, મારા નયનો ન ઝીલે એ ભાર.
આતમ ઢંઢોળું ને મનને મનાવું, ખૂણે સંતાણો મારો અંતરનો નાદ;
મોઢું ખોલું પણ વાચા ના છૂટે, કોણ જાણે હૃદયે કો' પત્થરનો ભાર.

–પ્રા. શ્રીચન્દ્રવદન એસ. પરીખ (રાજપીપળા)

સમાચાર

॥ શ્રીબાલકૃષ્ણપ્રભુ વિજયતે ॥

☐ **રાજકોટ :** અહીં 'શ્રીકૃષ્ણાશ્રય' હવેલીના વિશાળ પ્લોટમાં અક્ષય તૃતીયા તા. ૨૬–૪–૨૦01 ના મંદિર નવનિર્માણ મંગલ ભૂમિપૂજન બપોરે ૧૨–૩૬ ના અભિજીત મુહૂર્તમાં સાનંદ સમ્પનીય થયું હતું તેમજ પૂ.પા. ગો. શ્રીકનૈયાલાલજી મહારાજના લાલજી ચિ.ગો.શ્રીઅક્ષયકુમારજી મહોદયનો મંગલ જન્મદિવસ પણ આજે હોય માર્કન્ડેય પૂજા ૧૧–૩૦ વાગ્યે થઈ હતી.

આ બંને અલૌકિક પ્રસંગે દેશ–વિદેશથી ઘણીજ મોટી સંખ્યામાં વૈષ્ણવોએ ઉપસ્થિત રહી ભાગ લીધો હતો. સાંજે શયનમાં ખસના બંગલાનો મનોરથ તથા રાત્રે વધાઈ કીર્તન–રાસગરબા આદિ આયોજન થયું હતું.

નિ.લી.પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજના શતાબ્દી મહોત્સવ પ્રસંગે એમની જ સ્મૃતિમાં 'શ્રીદ્વારકેશ વૈષ્ણવ મંડાણ, શ્રીદ્વારકેશ ગૌશાળા, વૃદ્ધાશ્રમ, સત્સંગ હોલ આદિ સંકુલની પણ આ નવનિર્માણમાં થાશે.

☐ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના ૫૨૪ મા પ્રાકટ્ય મહોત્સવની વિવિધ કાર્યક્રમ સાથે આનંદભેર ઉજવણી ☐

– **રાજકોટ :** શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં શ્રીવલ્લભ વિઠ્ઠલ વૈષ્ણવ મંડળ દ્વારા ઉત્સવના દિવસે 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'ના સમુહ પાઠ અને સાંજે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવેલ. પૂ.ગો. શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી તથા પૂ.ગો.શ્રીભાગવતકુમાર બાવાશ્રીના વચનામૃત થયેલ. પૂ.ગો. શ્રીભાગતકુમાર બાવાશ્રી સંસ્કૃત સાથે એમ. એ. ડીગ્રી પ્રાપ્ત કરતાં તેમનું સન્માન કરવામાં આવેલ. કેસર સ્નાન બાદ સભા પુરી થયેલ.

– **રાજપીપળા :** આં.રા.પુ.વૈ.પરિષદ રાજપીપળા શાખા દ્વારા ઉત્સવનું ચાર દિવસનું આયોજન કરવામાં આવેલ. ધોળ–પદ, વધાઈ સ્પર્ધા, શ્રીમહાપ્રભુજીના ગુણગાન, કીર્તન અને ઉત્સવના દિવસે પ્રભાતફેરી તેમજ શોભાયાત્રામાં સારી સંખ્યામાં વૈષ્ણવો જોડાયા હતા.

– **પોરબંદર :** પૂ.ગો.શ્રીવસંતકુમારજીના અધ્યક્ષસ્થાને જન્મોત્સવનું આયોજન થયેલ. શ્રીમહાપ્રભુજીના ચિત્રજીને સુખપાલમાં પધરાવીને પોરબંદરના રાજમાર્ગ ઉપર વરણાંગી કાઢવામાં આવેલ. જેમાં વૈષ્ણવો સારી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. માધવ ભવન પહોંચતા સભાનું આયોજન કરેલ. ત્યાં આપશ્રીએ વચનામૃતમાં સત્સંગ અને પુષ્ટિમાર્ગીય પુસ્તકોનું વાંચન ખૂબ જરૂરી હોવાનું જણાવ્યું.

☐ મહેસાણા : યુવા વૈષ્ણવાચાર્ય ગો.શ્રીવાગીશકુમારજી મહોદય દ્વારા ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થયેલ સૌરાષ્ટ્ર સ્થિત શ્રીમહાપ્રભુજીના બેઠકજીઓના પુનઃનિર્માણનું ખાત મુહુર્ત સંપન્ન થયું :

ગત તા.૨૬ જાન્યુઆરીના રોજ આવેલ વિનાશકારી ભૂકંપમાં કચ્છ–સૌરાષ્ટ્રના અનેક ગામોમાં નુકસાન થયું છે. સૌરાષ્ટ્રના બેટદ્વારકા સ્થિત પ્રસિદ્ધ શ્રીદ્વારકાધીશજીના મંદિરને પણ ઘણી ક્ષતિ પહોંચી છે અને અનેક મકાનો, મંદિરો ધરાશાયી થયા છે. ત્યાં આવેલ શ્રીમહાપ્રભુજીના બેઠકજીના મકાનોને પણ ઘણું

નુકસાન પહોંચ્યું છે અને તે નવેસરથી બાંધવા આવશ્યક બન્યાં છે. તેજ પ્રમાણે દ્વારકાના અન્ય બે બેઠકજીઓ–મૂળ ગોમતા અને ગોપીતળાવના સ્થાનોમાં તો મકાનો સંપૂર્ણપણે નષ્ટ થઈ ગયા છે અને શ્રીમહાપ્રભુજીના ગાદીજીને અન્ય સ્થાનોમાં પધરાવી સેવા ક્રમ ચાલુ રખાયો છે. આ બંને બેઠકજીઓને પણ પાયામાંથી નવનિર્મિત કરવાનું આવશ્યક બન્યું છે.

વૈષ્ણવ પરિવાર પ્રકાશિત કરનાર શ્રીહરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ, મહેસાણાએ સૌરાષ્ટ્રના બેઠકજીઓનો જીર્ણોદ્ધાર કરાવવાનો મનોરથ કર્યો હતો અને તેનો પ્રોજેક્ટ બનાવી ટેમ્પલ બોર્ડ–નાથદ્વારાની મંજુરી મેળવી હતી. જીર્ણોદ્ધારનું કાર્ય શરૂ થાય તે પહેલા જ ભૂકંપે પરિસ્થિતિ બદલી નાંખી અને ત્રણેય બેઠકજીઓને પાયામાંથી નવીન બનાવવાની આવશ્યકતા ઉભી થઈ. આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીમાં અટલ શ્રદ્ધા અને વલ્લભીય વૈષ્ણવોમાં અતુટ વિશ્વાસ રાખી શ્રીહરસાનીજી ટ્રસ્ટે આ ત્રણેય બેઠકજીના નવનિર્માણનું બીડું ઝડપ્યું છે. સંપ્રદાયના અનુભવી એન્જીનીયર જયેન્દ્રભાઈ સોની, મુંબઈ દ્વારા આ બેઠકજીઓના પ્લાન તૈયાર કરાવી પૂ.પા.તિલકાયત મહારાજશ્રી, નાથદ્વારાની મંજુરી મેળવી છે. શ્રીમહાપ્રભુજીને શ્રમ પડી રહ્યો હોઈ શીઘ્રાતિ શીઘ્ર કામ કરવું આવશ્યક હોઈ આ ત્રણેય બેઠકજીઓનું ખાતમુહુર્ત તા. ૧૫–૪–૨૦૦૧ ને રવિવારના રોજ પૂ.પા. ૧૦૮ શ્રીવાગીશકુમારજી મહોદય (કાંકરોલી–વડોદરા)ના કરકમલો દ્વારા સંપન્ન કરવામાં આવ્યું. ખૂબજ વ્યસ્ત હોવા છતાં આપશ્રી વડોદરાથી દ્વારકા સુધીની લાંબી મુસાફરી ખેડી અત્રે પધાર્યા હતા. આપશ્રી અતિ શ્રમિત હોવા છતાં ત્રણેય બેઠકજીઓમાં પધારી વૈદિક વિધિપૂર્વક ખાતમુહુર્તનું કાર્ય પ્રસન્નતા પૂર્વક સંપાદન કર્યું. સંપ્રદાયના ઈતિહાસમાં એકજ ગોસ્વામી બાળકના હસ્તે ત્રણ દુરના અલગ અલગ સાંપ્રદાયિક સ્થાનોના ખાતમુહુર્ત એકજ દિવસે કરવામાં આવ્યા હોય એવું પ્રથમ વખત બનેલ છે. આ સમયે વૈષ્ણવ પરિવારના તંત્રીશ્રી વસંતબેન પરીખ, ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી વિજયભાઈ દેસાઈ, એન્જીનીયર શ્રીજયેન્દ્રભાઈ સોની તથા સ્થાનિક વૈષ્ણવોએ હાજર રહી ત્રણેય બેઠકજીઓના કાર્યની શુભ શરૂઆત થઈ ચુકી છે. બેઠકજીઓમાં શ્રીમહાપ્રભુજીના સંપૂર્ણ સેવા–સુખની આવશ્યકતાઓ, આચાર્ય બાલકો તથા વૈષ્ણવોના નિવાસની વ્યવસ્થા ઈત્યાદી કરવામાં આવશે. પ્રત્યેક બેઠકજીઓનો અંદાજીત ખર્ચ રૂ.૨૫ થી ૩૦ લાખનો આંકવામાં આવેલ છે. ભૂકંપગ્રસ્ત પરિસ્થિતિમાં માનવસેવાના અનેક કાર્યો હાથ ધરાયા છે. પરંતુ વૈષ્ણવો જેમનામાં અખૂટ પ્રેમ અને વિશ્વાસ ધરાવે છે તે શ્રીમહાપ્રભુજીના બેઠકજીના નવનિર્માણના ભગવદ્સેવાના કાર્યમાં યથોચિત યોગદાન આપવા ઈચ્છનાર વૈષ્ણવ શ્રીહરસાનીજી પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટ,નો સંપર્ક સાધી શકે છે. ૩૧–શિવ સોસાયટી, નં–૨, બી.કે. સીનેમાની બાજુમાં, મહેસાણા–૩૮૪૦૦૨. ફોન.(૦૨૭૬૨) ૫૧૨૯૮.

☐ **વડોદરા :** આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશ યોગ અને એડયુમેશન દ્વારા સ્વસ્થ ભગવદીય જીવન માટેનું સારવાર કેન્દ્ર દ્વારા એક્યુપ્રેસર નિષ્ણાત રસીકલાલ એમ. શાહના સહયોગથી શ્રીગોવર્ધનનાથજી હવેલી–નિઝામપુરા શાખા દ્વારા શ્રીનાથજી હવેલી અને ઈન્દ્રપુરી શાખા તથા રેસકોર્ષ શાખા દ્વારા એક્યુપ્રેશર અંગેના વાર્તાલાપ તથા નિદાન કેમ્પનું આયોજન દરેક ઠેકાણે કરવામાં આવેલ. દરેક ઠેકાણે આ નિદાન કેમ્પમાં અને વાર્તાલાપમાં ઉત્સાહભેર ભાગ લીધો. દરેક શાખાના સ્થાનીક તથા પ્રદેશના પદાધિકારી સહયોગી બનેલ.

શ્રી યમુનાજીના પદ

રચયિતા–મહાકવિ વલ્લભદાસ શર્મા, દેવરી . ભાવાર્થ–લેખક 'માધુરી', રાજકોટ

પદ–૮૭

શ્રીયમુને કૌ અચલ સુહાગ બઢૈ;
મન વચ કર્મ આશીષ હમારી, પિય તુમ પ્રેમ મઢૈ. ૧
સાનુકૂલ સંતત બ્રજ નાયક, અનુદિન કૃપા કરેં;
તુઅ મુખ ચંદ ચકોર શ્યામ, દગ મુસકિન સુધા અરેં. ૨
સુખ અનુદિન અધિકાઈ અનૂપમ, પેખિ સિંધુજા લાજૈ;
ક્રીડૈ અંસ ભુજા ધરિ મોહન, સદા બધાઈ બાજૈ. ૩
ફલૈ મનોરથ લતા નિરન્તર, દમ્પતિ મંડપ ધામ;
'વલ્લભદાસી' દીન ભિખારન, છિન છિન કરતિ પ્રણામ. ૪

ભાવાર્થ : આ પદમાં દાસીભાવના પ્રેમાવેશમાં મગ્ન થઈને વ્રજભક્તો જે શ્રીઠાકોરજીને આશિષ આપતા તેમ શ્રીયમુનાજીને આશિષ આપે છે કે–

શ્રીયમુનાજી આપનો અચળ સૌભાગ્ય બન્યો રહે ને દિનપ્રતિદિન વધતો રહે એવી મારી આશિષ છે. મન, વચન, કર્મ કરી આશિષ છે કે તમારો અને પ્રિતમનો પ્રેમ વધતો જ રહે. અને પ્રિતમ આપની ઈચ્છાને અધિન રહી વ્રજપતિ શ્રીકૃષ્ણ આપને અનુકૂળ દિનરાત અવિચળ કૃપા કરતા રહે. તમારું મુખ તે ચંદ્ર શ્યામરૂપી ચકોર બની બંનેની એકજ નજર બને તેમજ બંનેના નેત્રોમાંથી પરસ્પર અમૃતની ધારા વરસતી રહે.

વ્રજની લતાઓ, દ્રુમવેલીઓ, જળપ્રવાહ અને વ્રજનારીઓ સદા આપનાં મંડપમાં નિત્ય નવી લીલાનો આનંદ લેતા રહે. નિત્ય નવા ભાવ નિત્ય નવી ક્રિડા અવિચળ બની રહે. આવા સુખનો વિચાર કરી હું એક તુચ્છ આપની તે વલ્લભદાસી આપને પ્રણામ કરું છું.

નોંધ : ભક્તોનાં ભાવ આશિષ પણ આપે છે ને પ્રણામ પણ કરે છે. પ્રભુ વિરુદ્ધધર્માશ્રયી છે તો ભક્તોનાં ભાવો પણ વિરુદ્ધધર્માશ્રયી છે.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-06-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO. L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં. ૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

કરિ હોં નીકો, નાથ !
સબ, મેરી મો વિસ્વાસ ।
ભલિ કરત હોં જકતકી,
હોં તો ઘરકો દાસ ।। (૩૫)

ટીકા : હે શ્રીનાથજી ! મ્હારું તો તમે જે કરશો તે સર્વ સારું જ કરશો, એ મને દઢ વિશ્વાસ છે, તે શા માટે કે તમે તો સર્વ જગતનું ભલું કરો છો, તો મારું કેમ નહીં કરો? હૂં તો વિના મૂલનો ઘરનો દાસ છું તે મારું તો વિશેષે કરીને રૂડું કરશો એ નક્કી. ૩૫

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. ફોન: ૩૬૨૧૩૮
કોમ્પ્યુટરાઈઝ્ડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

• આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત •

શ્રી વલ્લભસુધા

વચનસુધા

જેમ ભગવદ્ સુખનો વિચાર ભક્ત કરે છે, એમ સ્વધર્મને પણ સાચવે છે, ભગવાનને સર્વસ્વ માનીને – ધન માનીને સાચવે છે. એટલે જ ગોપીજનો કહે છે કે *"નીકે રાખ જશોદા મૈયા"* નહીંતો "નીકે" શાને માટે રાખે ? આત્મિય ભાવ ન હોય તો ?

એટલે જ્યાં ધાર્મિક સંસ્થાનો વ્યાપારની રીતે વિકસે છે ત્યાં એ ભાવના શુદ્ધ રહેતી નથી. એ ભગવાનની લોકલીલાનું પ્રાકટ્ય નથી. એટલા માટે, કે લોક લીલાનું પ્રાકટ્ય જે છે– ભગવાનનું એ સાધારણ જીવનની પ્રણાલી છે. એનો વિકાસ છે એનો અનુભવ થયો– લોકોને.

કહેવાનું તાત્પર્ય એ, એવીજ રીતે આપણે જોઈ શકીએ છીએ કે એવા, અનન્ય ભાવવાળા જે ભગવદ્ ભક્તો છે એમાં વિખવાદ ઉભો થયો જ નથી. અને થયો હોય તો રસકારક છે. વિદ્વેષ કારક નથી. એ (વિદ્વેષકારક)થયો હોય તો આચાર્યશ્રી આ પંક્તિ ન લખત કે "લીલાયાં ક્લેશો રસાય ભવતિ નતું દુઃખાય" લીલામાં જે ક્લેશ થાય છે, એ રસની વૃદ્ધિ કરે છે. દુઃખ નથી આપતો એટલે કાલ, કર્મ અને સ્વભાવથી, જ્યાં આપણે મુક્ત થઈને જે વિચાર કરવાની પદ્ધતિ આચાર્યશ્રીએ આપણને આપી છે એ વિચારની પદ્ધતિનું અનુસરણ કરી અને આ હૃદયથી અનુભવ કરવાની આજે આવશ્યકતા છે કે, આપણા સંપ્રદાયનાં સંગઠ્ઠન માટે કે એની સંસ્થાના સંરક્ષણ માટે, સ્વધર્મના રક્ષણ માટે આપણે સતત તત્પર રહેવું જોઈએ.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૫૪–૫૫)

● ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો ●

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ **અંક : ૪**
વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૪** **જુલાઈ, ૨૦૦૧**
વાર્ષિક લવાજમ રૂ.૪૦/– **આજીવન લવાજમ રૂ.૫૦૧/–**

"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

અષાડ વદ ૪ તા. ૯–૭–૨૦૦૧ સોમવાર : શ્રીગોકુલનાથજી (ગોકુલ) અને શ્રીગોકુલચંદ્રજી (કામવન)નો પાટોત્સવ. અહીંયા આજથી હિંડોળા. ગો.ચિ.શ્રીશરદકુમારજી (કોટા–કડી–અમદાવાદ), ગો.શ્રીગોપેશ્વરજી મહારાજશ્રી (સુરત) અને ગો.ચિ.શ્રીમુરલીધરજી (વેરાવળ)નો જન્મદિન.

અષાડ વદ ૫ તા. ૧૦–૭–૨૦૦૧ મંગળવાર : ગો.શ્રીદેવકીનંદનજી (ભાગવતકુમારજી) (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો તથા ગો.શ્રીદામોદરલાલજી મહારાજશ્રી (માંડવી–રાજકોટ)નો જન્મદિન.

અષાડ વદ ૬ તા. ૧૨–૭–૨૦૦૧ ગુરૂવાર : ગો.ચિ.શ્રીચંદ્રગોપાલજી (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

અષાડ વદ ૮ તા. ૧૪–૭–૨૦૦૧ શનિવાર : શ્રીજન્માષ્ટમીની વધાઈનો પ્રારંભ.

અષાડ વદ ૯ તા. ૧૫–૭–૨૦૦૧ રવિવાર : ગો.ચિ.કન્હૈયાલાલજી બાવાશ્રી (ગોકુલ–કામવન–વિરમગામ)નો તથા ગો.ચિ.શ્રીઅનિરૂદ્ધલાલજીનો જન્મદિન.

અષાડ વદ ૧૦ તા. ૧૬–૭–૨૦૦૧ સોમવાર : શ્રીનાથજીનો હાંડી ઉત્સવ (સંવત ૧૭૬૩).

અષાડ વદ ૧૧ તા. ૧૭–૭–૨૦૦૧ મંગળવાર : કામિકા એકાદશી વ્રત. ગો.ચિ.શ્રીવ્રજેન્દ્રકુમારજી બાવાશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જૂનાગઢ)નો જન્મદિન.

અષાડ વદ ૧૩ તા. ૧૯–૭–૨૦૦૧ ગુરૂવાર : ગો.શ્રીકલ્યાણરાયજી મહારાજશ્રી (શ્રીનાથદ્વારા દ્વિતીય ગૃહ)નો જન્મદિન તથા ગો.શ્રીશરદકુમારજી મહારાજ (મુંબઈ–વેરાવળ– પોરબંદર)નો જન્મદિન. ચૌદશનો ક્ષય હોવાથી આજે.

અષાડ વદ ૩૦ (અમાસ) શુક્રવાર તા. ૨૦–૭–૨૦૦૧ : હરિયાળી અમાસ. દિવાસો–જાગરણ દીપ–પૂજા.

શ્રાવણ સુદ ૧ તા. ૨૧–૭–૨૦૦૧ શનિવાર : ગો.ચિ.શ્રીરાજીવલોચનજી (મુંબઈ–ધોરાજી)નો તથા ગો.ચિ.શ્રીમનમોહનજી (મુંબઈ–ચેન્નાઈ)નો તથા ગો.ચિ. શ્રીમનોજકુમારજી (મુંબઈ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૨ તા. ૨૨–૭–૨૦૦૧ રવિવાર : ગો.ચિ. શ્રીમધુસૂદનલાલજી (શ્રીરુચિરબાવાશ્રી) (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ) તથા ગો.ચિ.શ્રીરસિકરાયજી (ચાંપાસેની–જામનગર–જૂનાગઢ) નો જન્મદિન.

શ્રાવણ સુદ ૩ તા. ૨૩–૭–૨૦૦૧ સોમવાર : ઠકુરાણી ત્રીજ, મધુશ્રવા તૃતીયા, ગો.ચિ.શ્રીલાડિલેશજી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૪ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ જુલાઈ, ૨૦૦૧

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ છપ્પનમો : " ઉત્તમ સામગ્રી હોય સો શ્રીઠાકોરજી કે લીયે રાખેં "

સામગ્રી એટલે શ્રીઠાકોરજીને ધરાવવા લાયક હરકોઈ વસ્તુ. આવી દરેક ઉત્તમ સામગ્રી જ શ્રીઠાકોરજીને ધરાવવા રાખવી. અહીં રાખવાનો અર્થ, સાંચવીને રાખવી, બચાવીને રાખવી તેવો છે. સામગ્રી ઉત્તમ હોવાનું લક્ષણ તે માત્ર કિંમતી હોય તેવું નથી. પરંતુ શુદ્ધ–ભેળસેળ વિનાની, સારા, નીતિથી કમાયેલા દ્રવ્યથી ખરીદેલ તેમજ તેમાં કોઈની લોલુપ નજર ન પડી હોય તેવી જ સામગ્રી શ્રીઠાકોરજીને ધરાવવા દુષીત નજર–પદાર્થથી બચાવીને રાખવી જોઈએ.

☐ અપરાધ સત્તાવનમો : " વૈષ્ણવ કું પ્રસાદ દે "

શ્રીઠાકોરજીને જે કાંઈ યથાશક્તિ સામગ્રી આરોગાવીએ તે પ્રસાદ વૈષ્ણવોને પોતાની શક્તિ અનુસાર જરૂર આપવો. કેમકે વૈષ્ણવના હ્રદયમાં બિરાજીને પ્રભુ તે સામગ્રીનો અંગીકાર કરે છે. માત્ર પોતાના સ્વાદ ખાતર જ સારી સારી વસ્તુ પ્રભુને ધરાવીને લઈએ તે યોગ્ય ન ગણાય. તેથી વૈષ્ણવોને પ્રસાદ અવશ્ય દેવો જોઈએ. તેમજ બીજો અર્થ એ પણ થાય કે વૈષ્ણવનો અતીથી સત્કાર પ્રસાદી વસ્તુથી જ કરવો, અણપ્રસાદી, બજારૂ વસ્તુ કદી વૈષ્ણવને ન અપાય.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર ગો.વા. શ્રીબાબુભાઈ પી. નાયક— કડી

—ગતાંકથી ચાલુ

વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે ।
સ્વીયબંધ નિવૃત્ત્યર્થં વેષઃ સોડત્ર ન ચાન્યથા ॥૭॥

શ્લોકાર્થ : પરંતુ વિરહનો અનુભવ થાય એ માટે ઘર વગેરેના ત્યાગની પ્રસંશા કરવામાં આવે છે. અહીં એ વેશ સગાથી થતાં વિઘ્નોને દૂર કરવા માટે હોય છે, બીજા પ્રકારે હોતો નથી.

ભાવાનુવાદ : નિરોધ લક્ષણ ગ્રંથમાં 'હરિર્મૂર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદપિ તત્ર હિ' હરિના સ્વરૂપનું સર્વદા ધ્યાન કરવું. સ્વરૂપમાં ભગવદ્‌ભાવના સંકલ્પમાત્રથી નિરંતર દર્શન, સ્પર્શ કરવો વગેરે કરતા રહેવાની સ્પષ્ટ આજ્ઞા છે. આ પ્રમાણે હાથ—પગનાં કાર્યો પણ પ્રભુ માટે જ કરવાની સ્પષ્ટ આજ્ઞા છે.

આવું સતત કરતા રહેવાથી પ્રભુનું અંતઃકરણમાં રમણ થશે. જેનાથી પ્રભુના સંયોગનો અનુભવ થશે. તેથી જીવને પ્રભુમિલનની ઉત્કંઠા જાગશે. એટલે તે પોતાની વિષયવાસનાઓ ભગવાનને સોંપી દેનારી બનશે, અને ભગવદ્‌સ્વરૂપમાં નિષ્ઠા થશે. પણ આ તો અનાવતાર દશા છે. ગમે તેટલો પ્રયત્ન કરવામાં આવે છતાં પ્રભુદર્શન ક્યાંથી થાય? એથી તેને મનમાં પ્રભુનો વિરહ જાગશે.

માટે આ શ્લોકમાં વિરહના અનુભવ માટે ઘર વગેરેના ત્યાગની પ્રશંસા કરવામાં આવી છે. પ્રયોજન કહીને હવે ત્યાગનો પ્રકાર કહે છે. અહીં આવા પરિત્યાગમાં વેદાદિમાં પ્રસિદ્ધ વેશ બદલવાનું કહે છે. વેશ બદલવાનો હેતુ બાંધવજનોના બંધનને નાશ કરવા માટેના નિમિત્ત જ સ્વીકાર કરવાનો છે. બીજા કોઈ સંસ્કારના હેતુથી નહીં. કાષાય (ભગવાં) વસ્ત્રો, દંડ વગેરેનું પ્રયોજન કરી હવે ગુરૂના વિશે આજ્ઞા કરે છે. ૭

કૌણ્ડિન્યો ગોપિકાઃ પ્રોક્તા ગુરવઃ સાધનં ચ તત્ ।
ભાવો ભાવનયા સિદ્ધઃ સાધનં નાન્યદિષ્યતે ॥૮॥

શ્લોકાર્થ : કૌણ્ડિન્ય ઋષિ અને ગોપીઓને ગુરૂ કહેલાં છે. તેમણે કરેલા સાધન શ્રેષ્ઠ છે. ભાવના દ્વારા ભાવ સિદ્ધ થાય છે. તે સિવાય બીજું સાધન ઈચ્છવામાં આવતું નથી.

ભાવાનુવાદ : ભગવાનને માટે સર્વ વિષયોનો જેમણે ત્યાગ કર્યો છે. એવા ગુરૂ એક કૌણ્ડિન્ય હતા અને બીજા હતાં ગોપીઓ. આમ શ્રીમહાપ્રભુજીએ પુષ્ટિભક્તિમાર્ગમાં ઉપરના બે જણાને ગુરૂ કહ્યા છે. ગુરૂ વિશે કહીને હવે સાધન વિશે કહે છે. આ સાધન પુષ્ટિમાર્ગીય રસિક ભક્તોમાં પ્રસિદ્ધ છે. હવે સાધન કયું ? તો કહે છે કે ભાવ છે. ખરેખર ! ભાવમાં એવું શું આવી ગયું કે તેને સાધન ગણ્યું ? તેના સમાધાનમાં કહે છે કે કૌણ્ડિન્યે અને ગોપીઓએ જે સાધન કર્યા તે શ્રેષ્ઠ સાધન હતાં

તેમાં કેવળ ભાવ જ હતો. ભાવના દ્વારા ભાવ સિદ્ધ થાય છે. તે સિવાય બીજું સાધન રસિક ભક્તો ઈચ્છતા નથી.

વળી જ્ઞાનમાર્ગીય પરિત્યાગમાં શ્રવણ, મનન વગેરે સાધનોથી ઉત્પન્ન થતું જ્ઞાન મોક્ષનું સાધન છે. તે પ્રમાણે ભાવના દ્વારા સિદ્ધ થતો ભાવ સ્વરૂપાનંદ પ્રાપ્તિનું સાધન છે.

સાધન વિશે કહી હવે જ્ઞાનીના જેવી તાદશી પુષ્ટિમાર્ગીયની વ્યસન અવસ્થાની વાત કહે છે. ૮

શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

૧૫. 'જીવ'

જીવ બ્રહ્મનો જ અંશ છે. પરંતુ તે સંપૂર્ણ બ્રહ્મ નથી. તેથી 'અહં બ્રહ્માસ્મિ'નો અર્થ 'હું બ્રહ્મનો એક અંશ હોવાથી બ્રહ્મ છું' તે થાય છે. જીવ, વાળના ટોચના ભાગનો સો મો ભાગ છે. તેમ છતાં ચૈતન્યગુણ યુક્ત હોવાને કારણે તે સારા શરીરમાં વ્યાપ્ત થઈ જાય છે. અને તેનો પ્રકાશ સારા શરીરમાં ફેલાઈ જાય છે. નિબંધમાં આચાર્યચરણે આજ્ઞા કરી છે કે–

જીવસ્ત્વારાગ્ર માત્રો હિ ગંધવદ્યતિરેકવાન્ ।
વ્યાપકત્વ શ્રુતિ સ્તસ્ય ભગવત્ત્વેન યુજ્યતે ॥

જે રીતે દીપક એક જગ્યાએ રાખેલો હોય અને તેનું તેજ ચારે તરફ ફેલાયેલું રહે છે અથવા જે પ્રકારે ફૂલ અત્યંત નાનું હોવા છતાં તેની સુગંધ સર્વત્ર ફેલાઈ જાય છે. તેવી જ રીતે જીવની સ્થિતિ એક જગ્યાએ હોવા છતાંય ચૈતન્ય સારા શરીરમાં ફેલાઈ જાય છે. જ્યારે જીવમાં બ્રહ્મનો આવિર્ભાવ થાય છે. ત્યારે 'નિત્યઃ સર્વગતઃ સ્થાણુઃ' આ વાક્યમાં કહેલું સર્વગત્વ જીવમાં આવી જાય છે. લોઢાના ગોળાને તપાવવાથી તેમાં દાહકત્વ આવી જાય છે. આ બાળવાની શક્તિ લોઢામાં નથી પરંતુ આવનાર છે. એટલે કે અગ્નિની છે. તેવી રીતે જીવમાં ભગવાનનો આવિર્ભાવ થવાથી તેમાં વ્યાપકત્વ આવી જાય છે. આ વ્યાપકતા જીવની નથી બ્રહ્મની છે.

કેટલાયે દાર્શનિક તે પણ કહે છે કે જીવ શરીરની બરાબર ન હોય તો સારા શરીરમાં ચૈતન્યનો બોધ થતો નથી. પરંતુ આ બરાબર નથી કેમકે જો આપણે તે માની લઈએ તો જીવ દેહની બરાબર છે. તો શરીરની વૃદ્ધિ અને ક્ષીણતાની સાથે જીવની પણ વૃદ્ધિ અને ક્ષીણતા માનવી પડશે. દેહનો કોઈપણ થોડો ભાગ નાશ પામે તો જીવનો પણ થોડો ભાગ નાશ પામશે અને શરીરની અનિત્યતાની સાથે જીવની પણ

અનિત્યતા માનવી પડે. તેથી માનવું પડે કે જીવ શરીરની બરાબર નથી.

કેટલાયે જે કહે છે કે જીવ વ્યાપક છે. એ વાત પણ સિદ્ધ થતી નથી. માની લો કે દુલારે લાલ, શિવપ્રસાદ, ગુલજારીલાલ, દ્વારકાપ્રસાદ એ બધાય જીવ છે. અને જીવ વ્યાપક હોય તો એકબીજાને આપો આપ જ્ઞાન થઈ જાય કે અમુક મનુષ્ય શું કરે છે અને શું વિચારી રહ્યો છે? પરંતુ આવું થતું નથી તેથી આ માનવું પણ ઠીક નથી.

જ્યારે જીવમાં બ્રહ્મનો આનંદ અંશ પ્રગટ થાય છે ત્યારે તેને બધુંય અપરોક્ષ થઈ જાય છે. વેદોમાં કહ્યું છે ‘બ્રહ્મ વિદ્ બ્રહ્મૈવ ભવતિ ।’ આ બ્રહ્મત્વ આનંદઅંશની અભિવ્યક્તિથી થાય છે. સર્વ અપ્રાકૃત ગુણોનો અને પરસ્પર વિરોધી ધર્મોનો આશ્રય થવો આનંદાશનો ધર્મ છે. જીવનો ચૈતન્યગુણ પ્રકાશ કરવાવાળો છે. અને તે ગુણને કારણે તે તેજોમય જ્યોતિ કહેવાય છે. આ જ્યોતિ બ્રહ્મની છે.

જીવમાં રૂપ આદિનો અભાવ છે. પ્રાકૃત ઈન્દ્રીયોથી તેનું ગ્રહણ થઈ શકતું નથી તેનું કારણ ઉપર વાક્ય કહ્યું તે છે. ઈન્દ્રીયો બહાર ગમન કરવાવાળી છે. તેથી અંતરાત્માને જોઈ શકતી નથી. જીવને જોવા માટેના ત્રણ સાધનો છે. યોગ, દિવ્ય દષ્ટિ અને ઈશ્વરનો અનુગ્રહ.

આ જીવ પ્રભુનો જ અંશ છે. ગીતાજીમાં કહ્યું છે– ‘મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।’ આ શ્લોકાર્ધમાં પ્રભુએ જીવને પોતાનો અંશ સ્વીકૃત કર્યો છે. ચિદંશથી જીવની વ્યક્તિ થઈ છે. આ જીવ શાસ્ત્રમાં બે પ્રકારનો ગણવામાં આવ્યો છે. જગતમાં આવવાથી અને પ્રાણાધ્યાસાદિ (ભૂલને અધ્યાસ—અવિદ્યા—મોહ કહે છે) આવવાથી તેને બ્રહ્મ કહેવામાં આવતો નથી અને જીવ કહેવામાં આવે છે. અહીં દોષાદિ આવી જવાથી તેનો આનંદાંશ તિરોહિત થઈ જાય છે. ત્યાં સુધી કે પોતાના મૂળ સ્વરૂપને બિલકુલ ભૂલીને સાચા ખોટા કામ કરવા લાગે છે. તેથી સુખદુઃખનું ફળ પણ તેને ભોગવવું પડે છે. બ્રહ્મને નહીં. આ જીવ જગતમાં આવીને અનેક સુખોની આશાઓમાં ફસાઈને અધ્યાસ (ભૂલ)નો ભાગીદાર બને છે. દશ પ્રકારના પ્રાણને, ઈન્દ્રીયને અને અંતઃકરણને અથવા દેહને પોતાનું સ્વરૂપ સમજવું આ ભૂલ અને જેથી પોતાના સ્વરૂપની વિસ્મૃતિ થઈ જાય છે. તે જ અવિદ્યા છે. જીવનો આનંદાશ જગતમાં તિરોહિત થઈ જાય છે. આમ તો જીવ તેનું માપ અણું છે અથવા ૧/૧૦૦ (અણુનો સો મો ભાગ) છે.

જીવના ત્રણ ભેદ છે. સંસારી જીવ, મર્યાદા જીવ અને અનુગ્રહ જીવ. આ ત્રણ પ્રકારનો જીવ વિવિધ પ્રકારની ભગવદિચ્છાથી જગતમાં પેદા થાય છે. પહેલા પ્રકારના જીવો જગદ્રુપ ભગવાનનો દ્વેષ કરે છે. અને પ્રવૃતિ, નિવૃતિ આદિનું તેને જ્ઞાન હોતું નથી. તેથી જન્મમરણના ભયને જ ભોગવ્યા કરે છે. તેને આસુરી જીવ, અથવા સંસારી જીવ અથવા ચર્ષણી જીવ કહેવાય છે. પ્રપંચનો બોજ વધારવા માટે અથવા જગતનો ખેલ વધારવા માટે તેની ઉત્પતિ છે. બીજા પ્રકારના જીવ તે છે જેને સુખની પ્રાપ્તિ સ્વર્ગ અને મોક્ષ દ્વારા થાય છે. અથવા જેને વૈદિક સાધનો સંપાદિત કરવાની અનુકુળતા મળી છે. તેને મર્યાદા જીવ કહે છે. તેમાંથી કેટલાયે જીવ પોતાના વિચિત્ર સાધનો દ્વારા સ્વર્ગાદિ લૌકિક સુખને પ્રાપ્ત કરે છે. કેટલાય સુખની પ્રાપ્તિ કરે છે તો કેટલાયે દુઃખાભાવ રૂપ મોક્ષની પ્રાપ્તિ કરે છે. ત્રીજા પ્રકારના જીવ તે

છે જેને પ્રભુનો પૂર્ણ અનુગ્રહ પ્રાપ્ત થયો હોય છે. જેનો પ્રભુમાં દઢ વિશ્વાસ અને પ્રેમ હોવાથી ત્રૈવર્ગિક સાધનોમાં મન ફસાતું નથી. તે જીવ નામસેવામાં જ મગ્ન રહે છે. તથા સ્વરૂપ સેવાને જ અત્યંત પ્રેમપૂર્વક પોતાની બંને સાયુજ્ય મુક્તિનો પ્રધાનમાર્ગ સમજે છે. તેને અનુગ્રહ સંબંધી અથવા પુષ્ટિમાર્ગીય જીવ કહે છે. ત્યાં લીલાપ્રાપ્તિને જ મોક્ષ કહે છે.

જીવને માટે શ્વેતાશ્વતર ઉપનિષદમાં કહ્યું છે–

અંગુષ્ટમાત્રો રવિતુલ્યરુપઃ સંકલ્પાહંકાર સમન્વિતો યઃ ।
બુદ્ધેર્ગુણેનાંડડત્મગુણેન ચૈવ આરાગ્ર માત્રો હ્પરોપિ દષ્ટઃ ॥

અર્થ : જે જીવ બુદ્ધિના ગુણથી સંકલ્પ અને અહંકારયુક્ત છે. અને સ્વયં સૂર્યવત પ્રકાશિત છે. અંગુષ્ઠવત્ છે. અને આરાગ્ર માત્ર છે. આ જીવ જ્ઞાનચક્ષુ વડે ભિન્ન પણ જોવામાં આવે છે.

'અંશો નાનાવ્યપદેશાત્' આ સૂત્રથી પણ જીવ બ્રહ્મનો જ અંશ છે. તે સિદ્ધ થાય છે. તેથી તેને બુદ્ધિઉપાધિ પરિકલ્પિત માનવો એ ભૂલભરેલું છે. જીવ જ્યારે જગતમાં આવે છે ત્યારે તે દેહપ્રાણાધ્યાસ વશ પાંચ પ્રકારના દોષથી ઘેરાઈ જાય છે. તે દોષ–સહજદોષ, લોક અને વેદમાં નિરૂપિત દેશોત્થ દોષ, કાલોત્થ દોષ, સંયોગજ દોષ અને સ્પર્શજ દોષ. તેના સ્વરૂપ છે–

સહજ દોષ : જે દોષ જન્મથી જ ઉત્પન્ન થયો હોય તેને સહજ દોષ કહે છે. અહંતા, મમતા, અને સ્ત્રી, શુદ્ર, ચાંડાલ ઈત્યાદી હીન યોનિમાં જન્મ થવો તેને સહજ દોષ કહે છે. મનુસ્મૃતિ ઈત્યાદિ શાસ્ત્રોમાં સ્ત્રી શુદ્રાદિકને ઉપનયન અથવા વેદાધ્યાયને યોગ્ય સમજ્યા નથી. બીજદોષ અથવા ગર્ભ દોષ તેને પણ સહજ દોષ કહેવાય છે.

દેશોત્થ દોષ : જે દેશમાં કૃષ્ણ મૃગ રહે છે તે દેશને યજ્ઞ કરવા લાયક કહેવાય છે. જ્યાં કૃષ્ણ મૃગ પોતાની ઈચ્છાથી નિવાસ કરતા નથી તે બધા દેશ મ્લેચ્છ દેશ ગણવામાં આવ્યા છે. મગધ, મારવાડ, યા બંગ એ બધા અયજ્ઞીય છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય તેમણે યજ્ઞ કરવા લાયક સ્થળોમાં રહેવું જોઈએ. તે શાસ્ત્રોપદેશ છે. તેથી અપવિત્ર અથવા અયજ્ઞીય સ્થળોમાં રહેવાથી અથવા ઉત્પન્ન થવાથી દેશોત્થ દોષ લાગે છે.

કાલોત્થ દોષ : કલિકાલ, દુષ્ટ મુહુર્ત ઈત્યાદિ કાળથી ઉત્પન્ન દોષોને કાલોત્થ દોષ કહેવામાં આવ્યા છે. વર્ષાકાલમાં અથવા પ્રદોષમાં વેદ ભણવાનો નિષેધ છે. આ કાલોત્થ દોષ માટે છે.

સંયોગજા દોષ : સંગ દોષ અથવા પતિત પુરૂષોના સમાગમથી ઉત્પન્ન થયેલાં દોષને સંયોગજા દોષ કહેવાય છે.

સ્પર્શજ દોષ : અસ્પૃશ્યોને સ્પર્શ કરવાથી જે દોષ થાય છે તેને સ્પર્શજ દોષ કહે છે.

જીવ જ્યારે જગતમાં આવે છે ત્યારે પાંચ દોષ તેને ઘેરી વળે છે. અને તેથી તે મૂળ સ્વરૂપથી વિસ્મૃત રહે છે. પરંતુ બ્રહ્મસંબંધ લેવાથી તે પાંચ દોષોની નિવૃત્તિ થઈ જાય છે. આ વાત બ્રહ્મસંબંધનું માહાત્મ્ય જાણવાથી સાચી રીતે જાણી શકાય છે.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

નિગમ–ચાર, ખટશાસ્ત્ર, અષ્ટાદશ પુરાણ, ચૌદવિદ્યાય
વ્યાકરણ નવ, બત્રીશ લક્ષણ, જાણે ચોસઠ કળાય,
કળા રાગ છત્રીસે ગાય, વિશદ કીર્તિ ચક્રવર્તિ રાય;
પણ નથી ભક્તિ જો નંદકુમાર, તો સહુ ધૂળ મળ્યું ધિક્કાર.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૬)

વિવેચન : આ ચંદ્રાવળામાં નીચે મુજબ શાસ્ત્રો, પુરાણોનું વર્ણન કર્યું છે. તાત્પર્ય એ બતાવ્યું છે, ભલે આ બધી કળાઓ, પુરાણોનું જ્ઞાન ધરાવે, પરંતુ જો ભક્તિ ન કરી તો સઘળું ધૂળ બરોબર.

ચાર વેદો–ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ.

છ શાસ્ત્રો': (૧) ન્યાય (૨) મિમાંસા (૩) ધર્મશાસ્ત્ર (૪) ઉપનિષદ્ (૫) યોગ (૬) સાંખ્ય.

અઢાર પુરાણો : (૧) આદિપુરાણ (૨) શિવપુરાણ (૩) પદ્મપુરાણ (૪) વામનપુરાણ (૫) વારાહપુરાણ (૬) કૂર્મપુરાણ (૭) લીંગપુરાણ (૮) સ્કંદપુરાણ (૯) મત્સ્યપુરાણ (૧૦) અગ્નિપુરાણ (૧૧) માર્કન્ડેયપુરાણ (૧૨) બ્રહ્માંડપુરાણ (૧૩) બ્રહ્મપુરાણ (૧૪) બ્રહ્મ વૈવર્તપુરાણ (૧૫) ગરૂડપુરાણ (૧૬) નારદપુરાણ (૧૭) ભવિષ્યપુરાણ (૧૮) શ્રીમદ્ ભાગવત પુરાણ.

ઉપર મુજબ ૧૮ પુરાણોનો જાણકાર હોય તેમજ ચૌદ વિદ્યા સંબંધી નીચે મુજબ–

બ્રહ્મજ્ઞાન, રસાયન બિધિં પછી બોલન જાને, જ્યોતિષકરન, જલ તરિબો, ગતિ ધનુ, પહિચાને, દિવ્ય બટન, લખિબોરૂ, ચિત્ર તુરી, ભેદાસ દ્રઢ, કોકકલા બોધન, પ્રકારનટ, ચોરી પ્રબિન બડ.

ઉપર બતાવેલ ચૌદનો જાણકાર થાય. આ અતિશય શ્રમથી પણ પ્રાપ્ત કરવું કઠણ છે. છતાં તે પણ કરી લે છતાં બ્રજરાજ શ્રીનંદકુમારની ભક્તિ ન કરી તો વૃથાઃ શ્રમ કર્યો.

નવ વ્યાકરણ : ઈન્દ્ર, ચંદ્રપ્રકાશ, કૃત્સ્નો, વિશલી, શાકટાયન, પાણિન્યમર, જૈનેદ્રા, જયન્ત્યષ્ટાદિ, શાબ્દિકા.

ઉપર મુજબ વ્યાકરણ આઠ થયા ને નવમુ કલાયક મળી નવ થયા. હવે બત્રીસ લક્ષણો—

બત્રીસ લક્ષણ માટે વસ્તુવૃંદ દીપિકા નામના ગ્રંથમાં ચોપાઈથી વર્ણન કર્યું છે. દયારામભાઈ કૃત કાવ્યસંગ્રહ આવૃત્તિ ૪ માં પાના ૪૯૬ માં જોવાથી મળશે. અને સંગીતમાં બત્રીસ લક્ષણ કેનામાં કેટલા છે તે નીચે મુજબ—

સવૈયા

લચ્છન એકહિકો હરિકો બક્કો ચોંકુરકુર કે લેહુ
બાયસ કે પુનિ પાંચ સિખો, ખટ સ્વાન હું સોતીન હાલ ભેકહું
ખટ મયુર સુતીન અહી ગુરૂ માત પિતા ઈન એક ગહે હુ
ત્રીસ અરૂ હોય ભયે ગિનિ લ્યો સબ નાથ દયા જબ પ્રાપ્ત ભયે.

આમ બત્રીસ લક્ષણ સવૈયામાં બતાવ્યા છે. હવે વિધિવત્ કેમાં કેટલા છે તે નીચે મુજબ— સિંહમાં—૧ લક્ષણ છે, બગલામાં—૧, દગમાં—૧, કુરકરમાં—૪, કાકમાં—૫, શ્વાનમાં—૩+૩=૬, હાલની (ગધેડામાં)—૪, મોરમાં—૬, સર્પમાં—૩, ગુરૂમાં—૧, માતા—૧, પિતા—૧, ઉપર મુજબ બત્રીસ લક્ષણો જુદાજુદામાં બતાવ્યા. પરંતુ આ બધા લક્ષણો એકમાં જ હોય તો પણ નંદકુમારની ભક્તિ ન હોય તો તે બધા ધૂળમાં મળ્યા સમજવા.

ચોસઠ કળા : ચોસઠ કળામાં શિવતંત્ર ગ્રંથોની પણ છે. અને બોંતેર પ્રકારની કોકશાસ્ત્રની પણ છે. તેમજ સકલશાસ્ત્ર નિરૂપણમાં નીચે મુજબ છે. ગીત, વાદ્ય, નૃત્ય, નાટય, લેખન, તુંડુલ, કુસુમ, બલીક્રીવા, વિશેષ, ઘેદ્યપ્રકાર, પુષ્પાસ્તરણ, દર્શન, વસન અંગરાય, સુઉચ્ચાર, મણિ—ભૂમિકા, શયનરચન, ઉદક વૃદ્ધિ, પ્રિયકાર, ચિત્રકલા, ઉદ્ઘાટન, માલ્ય, ગ્રંથન, વિકલ્પ.

અત્રે વિસ્તાર વધવાથી આટલેથી જ સમજાવ્યું છે કે, આવી રીતે ચોસઠ કળા છે. તેમાંની થોડીક જ આપી છે.

આવી ચોસઠ કળા કોઈ એક ધારણ કરી શકવા સમર્થ નથી, છતાં તે કોઈપણ એક ધારણ કરી લે છતાં ગોવિંદની ભક્તિ વિના આ બધો વૃથાશ્રમ છે.

છત્રીસ રાગ : રાગ—રાગણી મળી કુલ છત્રીશ થાય છે. તેમાં મુખ્ય રાગ છ છે. (૧) ભૈરવ (૨) કૌશિક અથવા જેને માલકૌષ કહેવામાં આવે છે. (૩) હિંડોલ (૪) દિપક (૫) શ્રીરાગ (૬) મેઘ.

ઉપર મુજબ છ રાગ છે તે પ્રત્યેકની પાંચ પાંચ રાગણીયો છે. તે હિસાબે છત્રીશ રાગ કહેવાય છે. કયા રાગની કઈ રાગણી છે તે હવે નીચે મુજબ જોઈએ.

(૧) ભૈરવ— તેની રાગણીમાં પાંચ ભૈરવી, વિરાટી, સેંધવી, મધુ, માધવી અને બંગાળી.

(૨) માલકૌષ—શેડી, ગોડી, ગોડકળી, ખંબાયચી અને કસુંબી.

(૩) હિંડોલ– રામકલી, દેશખી, લલિતા, બિલાવલી અને પટ મંજરી. આ હિંડોલની રાગણીઓ છે.

(૪) દિપક રાગ– દેશી, કાંબોદિની, નટી, કેદારી અને કાનડી.

(૫) મેઘરાગ– ટંકી, મલ્લારી, ગુર્જરી, ભુપાલી અને દેશકારી–આ મેઘરાગની રાગણીઓ છે.

આ રીતે ૩૬ રાગ રાગણીયોનું જ્ઞાન પ્રાપ્ત પણ કરી લે તો પણ પ્રભુની ભક્તિ ન કરી તો બધું વૃથા છે. જુઓ શ્રીમદ્ ભાગવત દશમ્ સ્કંદમાં–ઋષિ લોકો વેદોના જાણકાર હતા. તે વિધિવત્ યજ્ઞ કરતા હતા. પરંતુ તેનામાં નંદકુમારની ભક્તિ નહી, તેથી તેઓ વિમુખ રહ્યા. તેને જ્ઞાન ત્યારે જ પ્રાપ્ત થયું કે અનપઢ તેમની ધર્મપત્નીઓ પતિ આજ્ઞાની પરવા કર્યા વગર નંદકુમારને ઓળખીને તુરત જ વનમાં પહોંચી, ભોજન કરાવ્યું. તત્ત્વ વસ્તુ જેણે ભગવાન ભજ્યા તે શ્રેષ્ઠ. ઋષિઓ પછી પસ્તાયા ત્યારે તેમણે કહ્યું–અધ્યાય ૨૩, શ્લોક ૩૯ માં જુઓ–

ધિક્ જન્મ ન સ્ત્રિ વૃદ્ધિદ્યાં ધિરવૃતં ધિગ્બહુજ્ઞતામ્
કુલં ધિક કિયાં દાક્ષાં વિમુખાયે ત્વ

વનમાંથી પ્રભુને ભોજન કરાવી ઋષિ પત્નીઓ તેમનાં પતિને મળી ત્યારે ઋષિઓએ પશ્ચાતાપ કર્યો કે, આપણા જ્ઞાનને ધિક્કાર છે, આપણા કુળને ધિક્કાર છે, આપણા ત્રણ જન્મને ધિક્કાર છે, આપણાં બ્રહ્મચર્યને ધિક્કાર છે, આપણા કુળકર્મને ધિક્કાર છે, આપણા કર્મકાંડને ધિક્કાર છે, કેમકે આપણે બધું કર્યું પણ ભગવાનથી વિમુખ રહ્યા. ધન્ય છે આ પત્નીઓને જેઓએ પ્રભુને ઓળખ્યા.

શંકરાચાર્યજીનું પણ વચન જોઈએ–

વેદશાસ્ત્રો અને પુરાણોનો જાણકાર હોય પણ પરમાર્થ તત્ત્વનું નિરૂપણ ન કરી શકે તો તે વિદ્યા મેળવવા તેણે જે જે પ્રયત્નો કર્યા તે વૃથાશ્રમ કર્યો છે. ઢુંસાની પરાણ કરી. તેની ભાષા કાગડાની બોલી જેવી થઈ.

વેદાગમ પુરાણજ્ઞઃ પરમાર્થ ન દેતિયઃ
વિડંબનં તુ તસ્વૈય તત્સર્વ કાક ભાષિતમ્

આ શ્લોકનો ભાવાર્થ ઉપર આપ્યો છે.

દયારામભાઈ આ ઉપર બતાવેલ શાસ્ત્રો, પુરાણો, વિદ્યાઓ, કળાઓ, સંગીતો, આ બધામાં પ્રવિણ હોય તથા ચક્રવર્તી રાજા પણ હોય તો પણ જે કાંઈ મેળવ્યું તે બધું ધૂળ બરોબર છે, તેમ બતાવે છે.

સારમાં સાર–ભગવાનની ભક્તિ વગર બધો વૃથાશ્રમ જ છે માટે જ કહ્યું છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૮૬

દેવર્ષિ નારદ રચિત : ભક્તિસૂત્ર - પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

જે પ્રેમમાં ખરે! પ્રેમપાત્ર ભગવાનના માહાત્મ્યજ્ઞાનનું વિસ્મરણ થાય છે તે પ્રેમ નથી પણ વ્યભિચાર છે એમ બતાવતાં કહે છે કે–

તદ્વિહીનં જારાણામિવા ॥ ૨૩ ॥

૨૩– તેનાં વિના (ભગવાનને ભગવાન જાણ્યા વગર કરવામાં આવેલ એવો પ્રેમ) જારોના (પ્રેમ) સમાન છે.

માહાત્મ્ય જ્ઞાન વગર સ્ત્રીઓ દ્વારા કોઈ પુરૂષ પ્રતિ કરેલો એવો પ્રેમ જારોના પ્રેમ જેવો હોય છે. જે પ્રેમમાં સર્વાર્પણ છે જેમાં લૌકિક સ્વાર્થની જરા જેટલી ગંધ પણ નથી, એવો પ્રેમ ફક્ત ભગવાન પ્રતિ જ હોઈ શકે છે. જોકે જાણ્યે–અજાણ્યે કોઈપણ રીતે ભગવાન પ્રતિ કરેલો પ્રેમ નિષ્ફળ નથી જતો. પરંતુ જાણીને કરેલા પ્રેમમાં વિશેષતા હોય છે. ભગવાન અમારા પ્રિયતમ છે, આ કલ્પનામાં જ કેટલો અપાર આનંદ છે, તો પછી જેમને તે ભગવાન પરમ પ્રિયતમરૂપે પ્રાપ્ત થઈ જાય તેમના સુખનું તો કહેવું જ શું ? ગોપીઓ આ પરમ પવિત્ર દિવ્ય સુખની ભાગીદાર હતી. તેથી જ જીવનમુક્ત મહાત્મા શુકદેવ મુનિએ મૃત્યુ માટે તૈયાર થયેલા રાજા પરિક્ષિતને આ પવિત્ર પ્રેમલીલા સંભળાવી હતી. તેથી આ પ્રેમ ભગવત્ માહાત્મ્યના જ્ઞાનથી સભર પરમ પવિત્ર હતો. ૨૩

ભાષ્યાર્થ : જે પ્રેમમાં માહાત્મ્ય જ્ઞાનની વિસ્મૃતિ હોય તે પ્રેમને વ્યભિચારી પુરૂષના પ્રેમ જેવો જાણવો. જાર પુરૂષો વ્યભિચારી હોય છે. તેવા પુરૂષને કોઈ એકાદ સ્ત્રીમાં નિર્વિકાર અને સ્થિર પ્રેમ હોતો નથી. જ્યાં સુધી કામનાનું તર્પણ થાય ત્યાં સુધી તે તેના ઉપર સ્નેહ રાખે છે, પણ કામતૃપ્તિ થયા બાદ તેનો દ્વેષ કરે છે. આ પ્રેમ નથી પણ દુરાસદ કામવિકાર છે. પ્રેમ તો હંમેશા હોનારો એકરસ, પ્રેમપાત્રના ગુણ કે અવગુણને જોવામાં નિરપેક્ષ, કામના રહિત, રાગદ્વેષથી ન વીંધાયેલો અને અનિમિત્ત હોય છે. પ્રેમ પ્રેમને ખાતર જ હોય છે. કામના ખાતર નહીં. આથી તે ઉચ્છિષ્ટ–એઠો નથી. પ્રેમ વ્યભિચારને સહી શકતો નથી. અને આથી જ વિસ્મરણજન્ય પરમ વિરહની આકુલતામાં પણ, પરમ પ્રેમ, પ્રેમપાત્રના માહાત્મ્યનો અપવાદ કરતો નથી, કેમકે આ પ્રેમ જ્ઞાનપૂર્વકનો છે, કામનાપૂર્વકનો નથી. ૨૩

રહસ્ય ગીત

—ગતાંકથી ચાલુ

તસ્માન્મદ્ ભક્તિયુક્તસ્ય યોગિનો વૈ મહાત્મનઃ ।
ન જ્ઞાનં ન ચ વૈરાગ્યં પ્રાયઃ શ્રેયો ભવેદિહ ॥ ૩૧ ॥
તેથી મદ્‌ભક્તિથી યુક્ત, યોગીને—કે મહાત્મને;
જ્ઞાનન તેમ વૈરાગ્ય, પ્રાયઃ કલ્યાણ કો' કરે. ૩૧

[જ્ઞાન અને કર્મને ભક્તિની જરૂર છે પણ ભક્તિને જ્ઞાન અને કર્મની જરૂર નથી] તેથી જ જે યોગી મારી ભક્તિથી યુક્ત હોય અને મારા ચિંતનમાં મગ્ન રહે તેને જ્ઞાન અથવા વૈરાગ્યની પ્રાયઃ આવશ્યકતા હોતી નથી. (પ્રથમ દશામાં અથવા મર્યાદાભક્તિને જ્ઞાન અને વૈરાગ્યની જરૂર છે એમ જણાવવા 'પ્રાયઃ' ઘણું કરીને—કહ્યું છે] ૩૧

યત્ કર્મભિર્યત્તપસા, જ્ઞાનવૈરાગ્યતશ્ચ યત્ ।
યોગેન દાનધર્મેણ, શ્રેયોભિરિતરૈરપિ ॥૩૨॥
જે કર્મેથી, જે તપેથી, તેમ જ્ઞાન વિરાગથી;
યોગથી, દાન, ધર્મેથી, કે શ્રેયસ્કર અન્યથી. ૩૨
સર્વ મદ્‌ભક્તિયોગને, મદ્‌ભક્તો લભતઽઞ્જસા ।
સ્વર્ગાપવર્ગં મદ્ધામ, કથઞ્ચિદ્ યદિવાઞ્છતિ ॥૩૩॥
તે સર્વે ભક્તિ યોગેથી, મદ્‌ભક્તો સ્હેજ મ્હાણતા;
સ્વર્ગ, મોક્ષ, ધામ મ્હારું, વાંચ્છે, જે કંઈ પામતા. ૩૩

કર્મતપસ્યા, જ્ઞાનવૈરાગ્ય, યોગાભ્યાસ, દાન, ધર્મ અને બીજા કલ્યાણ કરનારા સાધનોથી જે કાંઈ સ્વર્ગ, મોક્ષ, મારું પરમ ધામ અથવા કોઈપણ વસ્તુ પ્રાપ્ત થાય છે, તે બધી મારો ભક્ત મારા ભક્તિ યોગના પ્રભાવથી જ, જો તે ઈચ્છે તો, અનાયાસ પ્રાપ્ત કરી લે છે. ૩૨—૩૩.

ન કિંચિત્ સાધવો ધીરા, ભકતા હ્યેકાન્તિનો મમ ।
વાઞ્છન્ત્યપિ મયાદત્તં, કૈવલ્યમપુનર્ભવમ્ ॥૩૪॥

ન કાંઈ સાધુઓ, ધીર, ભક્તો ત્યમ એકાન્તિકો;
વાંચ્છતા મુજ દીધેલાં, મોક્ષપદનાંયે સુખો. ૩૪

મારા અનન્ય અને ધૈર્યવાન સાધુભક્તો સ્વયં તો કોઈ વસ્તુની ઈચ્છા રાખતા જ નથી, જો હું તેમને આપવા ઈચ્છું અને આપું પણ છું તો પણ, બીજી વસ્તુ તો શું પણ તેઓ કૈવલ્યમોક્ષ–પણ લેવા ઈચ્છતા નથી. ૩૪

નૈરપેક્ષ્યં પરં પ્રાહુર્નિઃ શ્રેયસમલ્પકમ્ ।
તસ્માન્નિરાશિષો ભક્તિર્નિરપેક્ષસ્ય મે ભવેત્ ॥ ૩૫ ॥
નિરપેક્ષા પરં લાભ, નિશ્રેયઃ સાધનોતણું;
નિરપેક્ષી ન આશીને, મદ્‌ભક્તિ ફળ લાધતું. ૩૫

[પુષ્ટિમાર્ગમાં વ્રજભક્તોની જેમ જ્ઞાન અને વૈરાગ્યની અપેક્ષા નથી એવા આશયથી કહ્યું કે 'ન જ્ઞાનં ન ચ વૈરાગ્યમ્' પણ મર્યાદામાર્ગમાં તો 'ભક્તિઃ પરેશાનુભવો વિરક્તિઃ' એમ કહ્યું છે, તેથી ભરત વગેરેની જેમ વૈરાગ્યની અપેક્ષા જ એ આશય જણાવવા કહે છે કે] હે ઉદ્ધવજી ! સર્વથી શ્રેષ્ઠ અને મહાન નિઃશ્રેયસ (પરમ કલ્યાણ) તો નિરપેક્ષતાનું જ બીજું નામ છે. તેથી જે નિષ્કામ અને નિરપેક્ષ હોય છે તેને જ મારી ભક્તિ પ્રાપ્ત થાય છે. ૩૫

ન મય્યેકાન્ત ભક્તાનાં, ગુણદોષોદ્‌ભવા ગુણાઃ ।
સાધનાં સમચિત્તાનાં બુદ્ધેઃ પરમુપેયુષામ્ ॥૩૬॥
મ્હારા અનન્ય ભક્તોને, સમાન ચિત્ત સાધુને;
પાપ પુણ્ય–ગુણો દોષો, ન થાતા પર–બુદ્ધિને. ૩૬

(જેવી રીતે જળમાં રહેલું કમળ જળથી ભીંજાતું નથી તેવી રીતે) બુદ્ધિથી અતીત પરમ તત્ત્વને જે મારા અનન્ય પ્રેમીભક્તો અને સમદર્શી મહાત્માઓ પામી ચૂક્યા છે તેમને આ વિધિ અને નિષેધથી થતાં પુણ્ય તેમજ પાપ લાગતા નથી. ૩૬

એવમેતાન્ મયાડડદિષ્ટાનનુતિષ્ઠન્તિ મે પથઃ ।
ક્ષેમં વિન્દતિ મત્સ્થાનં યદ્ બ્રહ્મ પરમં વિદુઃ ॥૩૭॥
આદેશેલા આમ મ્હારા, યથાર્થ પંથ પાળતા;
ક્ષેમ–મત્સ્થાન તે પામે, પરમ બ્રહ્મ જાણતા. ૩૭

આ પ્રમાણે જે લોકો મારા બતાવેલા આ જ્ઞાન, ભક્તિ અને કર્મમાર્ગોનો

આશ્રય લે છે તેઓ મારા પરમ કલ્યાણ સ્વરૂપ ધામને પ્રાપ્ત થાય છે, કારણ કે તેઓ પરબ્રહ્મ તત્ત્વને જાણી લે છે. ૩૭

રહસ્ય ગીતનો સારાંશ

પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત પ્રમાણે શ્રીમહાપ્રભુજીએ વૈષ્ણવને દીનતાપૂર્વક ભગવાન માટે આવી વિનંતી કરીને ચાલવાનો માર્ગ વર્ણન કર્યો છે કે, હે પ્રભુ ! હું નથી તો જ્ઞાની અને નથી મારામાં વધારે બુદ્ધિ સાવ જડ જેવો છું, માટે સંન્યાસ દ્વારા પરમહંસ યોગી જેવો બની આપને ઓળખી શકું તે મારામાં યોગ્યતા નથી તેમજ વૈદિક કાર્યો દ્વારા યજ્ઞો કરી મોટી ધર્મશાળાઓ, દવાખાનાઓ, નિશાળો બંધાવવી, કુવા–વાવ ખોદાવી વૈદિક કર્મયોગથી હું આપને પ્રસન્ન કરું તેટલો વૈભવ પણ મારી પાસે નથી અને તે ઝીણવટથી સમજવાની, વેદનો અર્થ જાણવાની બુદ્ધિ પણ મારામાં નથી.

માટે હું તો અધૂરો છું એટલે હે પ્રભુ ! જેવો છું તેવો દુષ્ટ પતિત આપનો દાસ છું. આવી ભાવના રાખી અનન્ય પ્રેમથી ભગવાનની ભક્તિ કરી યથાશક્તિ સેવા કરે તે પુષ્ટિમાર્ગનો રસ્તો સીધો આ જીવને પ્રભુ સાથે લીલાની પ્રાપ્તિ કરવાનો રસ્તો છે. બીજો સર્વથા કોઈપણ માર્ગ નથી, એ કારણથી આ અધ્યાયમાં ભગવાન બધા માર્ગોનું વર્ણન કરી અંતે પણ ભક્તિયોગ જ કરવા માટે જીવને ઉપદેશ આપે છે અને તે ભક્તિયોગ કરવાની રીત આપણને યાદ ન હોય માટે આ સંસારરૂપી દરિયાથી તરાવવા માટે આ જીવને દેહરૂપી નાવડામાં બેઠેલો વર્ણન કરી તે નાવને ચલાવનાર નાવિક ગુરુ છે, તેનો આશ્રય લઈ આ દેહરૂપી નાવડાને સંસારરૂપી દરિયાને પાર ન કરે તો એ મનુષ્યને આત્મહત્યારો કહેલો છે. તે હકીકત આ અધ્યાયના સત્તરમાં શ્લોકમાં વિસ્તારથી વર્ણવાયેલ છે તેનો પદ્યાનુવાદ ભક્ત શ્રીપરમાનંદદાસજીએ રચેલ તે પદને અવગાહીએ–

રાગ–ખમાજ

હરિ ભજનમેં કહા કહા ચહિયત, નૈન શ્રવનન રસના પાયપાન;
ઐસી સંપત્તિ આનિ મીલી હૈ, જો નભજે તાકોં બડી હાન. ૧
પૂરવ પૂન્ય સુકૃતનકો ફલ, અતિ દુર્લભ માનુસ અવતાર;
પાપ પૂન્ય જાતેં જાનિ પરત હૈ, ઉપજત બ્રહ્મકો જ્ઞાન. ૨
ગુરૂ કર્નધાર, પોત પદ અંબુજ, ભવસાગર તરવે કે હેત;
પ્રેરક પવન કૃપા કેશવકી, 'પરમાનંદ' ચિત ચેત. ૩

શ્રીયમુનાજીના પદ (પદ-૮૮)

રચયિતા–મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક– 'માધુરી' રાજકોટ

તરણિજા તનક પ્રતાપ તિહરૌ.
નામ અમોઘ ઔઘ ભય ભંજનિ, શરણાગતિન ઉબારૌ. ૧
કીરતિ લલિત લતા જલધારા, અરુઝી શ્યામ તમાલહિ;
પુષ્ટિ ભક્તિ ફલ ફલી ચહુંયુગ, મેટતિ ચિત કુચાલ હિ. ૨
શિવ સનકાદિ પરાસર ધ્રુવ સુર, યાચક વિનય સુનાવૈ;
અતિ ઉદાર યમુને પ્રતાપ તેં, અચલ મનોરથ પાવૈ. ૩
યાકી કૃપા કૃપાહૂ હેરેં, રીઝેં કુંવર કન્હાઈ;
દીન દાસિ 'વલ્લભી' પુકારૈ, રાખૌ બલિ શરણાઈ. ૪

ભાવાર્થ : તરણિજા–સૂર્યપુત્રી આપનો પ્રતાપબળ અગાધ છે. તેમાંથી થોડી એવી કૃપા મારા ઉપર વરસાવો. શ્રીયમુને આ નામજ અમોઘ છે. નામ માત્રથી જે કોઈ નામનાં ગુણોનો ઉપયોગ કરી જેઓ સંસારરૂપી અગ્નિથી તપેલા છે તેઓએ આપનું શરણ સ્વીકારીને પોતાનાં તાપ સંતાપ દૂર કર્યા છે, એટલું જ નહીં આપની સહાયતાથી જ તેનો ઉદ્ધાર થયેલ છે. આવી અદ્‌ભુત કીર્તિનું હું કઈ રીતે વર્ણન કરું ?

આપના કિનારે સુશોભિત સુંદર વૃક્ષલતાઓ, સુંદર જળધાર શ્યામ તમાલ વૃક્ષને ભેટી રહી છે. ચારેય યુગમાં આપનો યશ અસ્ખલિત રીતે ગવાય રહ્યો છે. પુષ્ટિજીવો માટે પુષ્ટિફલ (ભક્તિરૂપી ફલ)આપો છો, તેવીજ રીતે અન્ય યુગોમાં પણ ઈચ્છીત ફલ દેવામાં ક્યાંય કસર રાખી નથી.

જેમકે શિવજી, સનકાદિક મુનિ, પરાશર, ધ્રુવજી વિગેરે આપના દ્વારે યાચક બનીને આવેલા, તેઓની વિનંતીને માન આપીને, પોતાની ઉદારતા પ્રગટ કરી, બધાને મનવાંછિત ફળ આપી સંતોષ કરાવ્યો છે. તેથી તેઓ નિર્ભય બની આનંદ પામ્યા છે.

આવા અદ્‌ભુત કાર્યો તે શ્યામસુંદરની કૃપા મેળવીને કરેલ છે. આવી જાતની આપતની રીતે કે જે કોઈ શરણ આવે તે ફલ પાવે. આ જોઈને શ્યામસુંદર આપના ઉપર અતિ પ્રસન્ન રહે છે.

આ એક દીનદાસી આપની વલ્લભી કહે છે કે મને પણ આપનું શરણ મળે, તો આપ આપનું બિરદ વિચારી અવિચળ શરણાગતિ સ્વીકારો જેથી નંદનંદનની કૃપા મળશે તેમજ પ્રભુ આપના ઉપર વધારે પ્રસન્ન રહેશે. ૮૮.

વચનામૃત : મોતી ઝલકે, મન મારું મલકે !

(મથુરાવાળા પૂ.પા.ગો.શ્રીરમણલાલજીના વચનામૃત નં. ૮ પર આધારિત)

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

'અરે ધોંધીજી, આજે આમ કેમ? આપના પખાવજ વાદનમાં આજે અમને પણ આનંદ આવ્યો નહીં તો શ્રીઠાકોરજી તો ક્યાંથી પ્રસન્ન થઈ શકે? નિત્ય તાલ દેતા શ્રીઠાકોરજી આજે પ્રસન્ન જણાતા નથી અને તાલ પણ દેતા નથી.' એક ભાવિક વૈષ્ણવે કહ્યું.

કલાવત ધોંધી બોલી ઉઠ્યા : 'હું આજે શ્રીનવનીતપ્રિયજી ઠાકોરજીની ક્ષમા માંગુ છું. મારી પુત્રીના વિવાહનો સમય નજીક આવ્યો છે તેની ચિંતામાં આજે મારું મન વિશેષ ઉદ્વિગ્ન છે. આ કારણે આજે પખાવજ–વાદનમાં રંગ જામી શક્યો નહીં.'

એક વૈષ્ણવ શ્રીગુસાંઈજીના મોટા લાલજી શ્રીગિરિધરજી પાસે આવ્યા અને દંડવત્ કરી તેમણે વિનંતિ કરી : 'જે રાજ, આપશ્રી ધોંધીને તેની પુત્રીના વિવાહ માટે રૂપિયા આપી તેના મનનું સમાધાન કરો એવું આપશ્રીને કહેવાની આજ્ઞા શ્રીનવનીતપ્રિયજીએ મને સ્વપ્નમાં આવી કરી છે.'

પ્રથમની આજ્ઞા મુજબ ન થતાં બીજા વૈષ્ણવના સ્વપ્નમાં આવી ફરીથી શ્રીઠાકોરજીએ શ્રીગિરિધરજીને આજ્ઞા કહેવડાવી. ત્યારે શ્રીગિરિધરજી ચતુર્થ લાલજી શ્રીગોકુલનાથજી પાસે આવ્યા અને કહ્યું, ''વલ્લભ, શ્રીનવનીતપ્રિયજીએ ધોંધીનું સમાધાન કરવા વૈષ્ણવો દ્વારા બબ્બે વાર આજ્ઞા કરી છે પરંતુ આ બાબતમાં શું કરવું તે મને સૂઝતું નથી.''

શ્રીવલ્લભ કહે : 'દાદા, આપની પાસે દ્રવ્યની સુવિધા તો છે ને?'

'હાં વલ્લભ, કાકાજી પરદેશ જતી વખતે પાંચસો રૂપિયા આપી ગયા છે, પરંતુ સાથે સાથે એવી આજ્ઞા કરી ગયા છે કે ખરેખરી આવશયકતા આવી પડે તો જ આ દ્રવ્યનો ખર્ચ કરવો. હું દ્વિવિધામાં પડી ગયેલ છું. હવે મારે કરવું શું ?

શ્રીગોકુલેશજી કહે : 'દાદા, આપ શ્રીનવનીતપ્રિયજી ઠાકોરજીની પ્રસન્નતા માટે આ રૂપિયા ધોંધીજીને આપી દ્યો.'

શ્રીગિરિધરજી કહે : 'વલ્લભ, આ રૂપિયા તો હું ધોંધીને આપી દઉં છું, પરંતુ કાકાજી ખીજાશે ત્યારે હું તમારું નામ આપીશ.'

શ્રીગોકુલેશજી કહે : 'દાદા, આપશ્રી મને એ કહો કે શ્રીઠાકોરજીની પ્રસન્નતાથી અધિક આવશ્યક બીજું શું હોઈ શકે? આપ નિશ્ચિંત મનથી આ રૂપિયા આપી દો.'

શ્રીગિરિધરજીએ શ્રીગોકુલેશજીની સલાહથી પાંચસો રૂપિયા ધોંધીને આપી તેના મનનું સમાધાન કર્યું ત્યારે શ્રીઠાકોરજી અતિ પ્રસન્ન થાય અને કીર્તનમાં આનંદથી તાલ દેવા લાગ્યા.

થોડા દિવસો પછી શ્રીગુસાંઈજી મહારાજ જ્યારે પરદેશ'ખેડી શ્રીગોકુલમાં પધાર્યા ત્યારે એક વૈષ્ણવે ધોંધીના પ્રસંગની વાત આપશ્રીને કહી બતાવી.

શ્રીગુસાંઈજીએ પૂછયું : 'ગિરિધર, પાંચસો રૂપિયા કયા આવશ્યક કાર્યમાં ખર્ચી નાંખ્યા ?

શ્રીગિરિધરજીએ ધીમા સાદે કહ્યું : 'કાકાજી, શ્રીવલ્લભના કહેવાથી એ રૂપિયા તો મેં ધોંધીને આપી દીધા.'

શ્રીગોકુલેશજી કહે : 'હા, કાકાજી, આપશ્રીએ દ્રવ્યનો આવશ્યક કાર્યમાં ખર્ચ કરવો એવો આદેશ દાદાભૈયાને આપેલ. શ્રીઠાકોરજીની જેમાં પ્રસન્નતા હોય તેનાથી વિશેષ આવશ્યક કાર્ય આપણા માટે બીજું શું હોઈ શકે?'

આ સાંભળી શ્રીગુસાંઈજી અતિ પ્રસન્નથઈ ગયા અને આજ્ઞા કરી: 'અરે વલ્લભ, ધોંધીને માત્ર રૂપિયા જ આપ્યા? બીજું કાંઈ જ નહીં આપ્યું ? સાથે સાથે સોનાના કડા, ઘરેણા, વસ્ત્રાદિ શ્રીઠાકોરજી પર ન્યોછાવર કરી આપી દેવા હતા ને ! પ્રભુની પ્રસન્નતા માટે તો આપણું અસ્તિત્વ છે. શ્રીઠાકોરજીની પ્રસન્નતાથી અધિક આપણા માટે બીજી કોઈ વસ્તુ હોઈ જ ન શકે. આપણા જીવનનું સાર્થકય જ પ્રભુની સેવા અને પ્રસન્નતામાં જ છે.'

શ્રીગુસાંઈજી અને શ્રીવલ્લભનો શ્રીઠાકોરજી પ્રતિ આવો અલૌકિક ભાવ જાણી શ્રીગિરિધરજી આનંદવિભોર બની ગયા.

પૂ.ગોસ્વામી શ્રીરમણલાલજી મહારાજના આ વચનામૃત—મોતીના અલૌકિક પ્રકાશમાં આપણે જોઈ શકીએ છીએ કે 'આપ સેવા કરી શીખવે શ્રીહરિ'—સ્વયં જે શ્રીકૃષ્ણસ્વરૂપ છે એવા પ્રભુચરણ શ્રીગુસાંઈજી પોતે પ્રભુની સેવા કરી વૈષ્ણવોને જેમ સેવાની રીત શીખવે છે તેમ પ્રભુને પ્રસન્ન કેમ રાખવા તેની શીખ પણ આપણા જેવા વૈષ્ણવોને આપે છે, પુષ્ટિમાર્ગમાં અનેક વચનામૃત સાગરો છે અને એ વચનામૃત સાગરોમાં અનેકાનેક અમૂલ્ય અને અલૌકિક મૌક્તિકો પુષ્ટિમાર્ગને અલૌકિક સમૃદ્ધિથી સંપન્ન કરતા રહે છે અને આપણા જીવનમાં અલૌકિક પ્રકાશ પાથરતા રહે છે.

કપિલાગીતા – અર્થાત્ શ્રીભગવાનનો કપિલાવતાર

લેખક : જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

ભગવાનની આજ્ઞાથી બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું. યથાકાળે મનુષ્યોની સૃષ્ટિ કરી. નારદ, સંતકુમારો આદિ ઋષિઓ સર્જ્યાં પણ એમનાથી સૃષ્ટિનો વિસ્તાર ન થયો. પછી સ્વાયંભુવ મનુ સર્જ્યાં. એમના પત્નીનું નામ શતરૂપા. તેમના મિથુન ધર્મથી પ્રજાઓની શરૂઆત થઈ. એ પછી અતિ પરાક્રમી મરીચિ અંગિરા આદિ ઋષિઓ સર્જ્યાં. એ ઋષિઓને બ્રહ્માએ પોતાના શરીરનો એક એક ભાગ વહેંચી આપ્યો. એમાં સમાધિ, યોગ, ઐશ્વર્ય, તપ, ઉપાસના અને વૈરાગ્ય હતા. અને એથી જ એ ઋષિઓ પ્રતાપી અને પ્રભાવી બની રહ્યા. એમાનાં એક ઋષિ અતિ સુંદર એવા કર્દમને બ્રહ્માએ કહ્યું કે તમે પ્રજાને સર્જો. એથી કર્દમે સરસ્વતીના તીરે સિદ્ધક્ષેત્રમાં વસીને હજારો વર્ષ સુધી તપ કર્યું. આ તપશ્ચર્યામાં કર્દમે શ્રીહરિની ભક્તિપૂર્વક સેવા કરી હતી. શ્રીહરિ પ્રસન્ન બની રહ્યા અને કેવળ વેદથી જાણવા યોગ્ય પરબ્રહ્મ શ્રીહરિએ કર્દમને પ્રત્યક્ષ દર્શન આપ્યાં. કેવળ સત્વગુણ સ્વરૂપ તેજસ્વી, કમળોની માળાવાળા, મુકુટકુંડળધારી, શંખચક્ર, ગદા, પદ્મધારી, કૌસ્તુભ મણિ જેમણે ધારણ કરેલ છે એવા સ્વરૂપે દર્શન આપ્યાં. કર્દમ કૃતકૃત્ય બની રહ્યા. અને ભગવાનના શ્રીચરણોમાં દંડવત્પ્રણામ કરી વિવિધ પ્રકારે સ્તુતિ કરવા લાગ્યા. ભગવાને કહ્યું : હે ઋષિકર્દમ ! તમે જે ઉદ્દેશથી મારી સેવા કરી છે તે હું પ્રથમથી જ જાણું છું. એટલે એ અંગે મેં પ્રથમથી જ યોજના કરી મૂકી છે. હે પ્રજાપતિ ! સેવા કદી નિષ્ફળ જતી નથી. તમારી અનુરૂપ પત્ની પ્રાપ્ત કરવાની ઈચ્છા છે. સ્વાયંભુવ મનુ બ્રહ્માવર્તમાં રહીને સાત સમુદ્રો સુધીની પૃથ્વીનું પાલન કરે છે. તે ધર્મજ્ઞ રાજર્ષિ એની મહારાણી શતરૂપા સાથે પરમ દિવસે તમને મળવા આવશે અને હે સમર્થ ઋષિ ! તેમની રૂપ, ગુણ, યૌવન અને શીલવાળી, વિવાહને યોગ્ય થયેલી પોતાની અતિ સુંદર કન્યા એના માટે યથાયોગ્ય એવા તમને અર્પણ કરશે. દેવહૂતિ નામની મનુની એ પુત્રી તમારી ઘણી સેવા કરશે. એનાથી તમે નવ કન્યાઓના પિતા બનશો અને તમારી એ કન્યાઓ પણ મરીચિ આદિ ઋષિઓને પરણી પુત્રો ઉત્પન્ન કરશે. હે મહામુનિ ! એ કન્યાઓ પછી હું મારા અંશકલા રૂપે તમારે ત્યાં અવતાર લઈશ અને નવું સાંખ્ય શાસ્ત્રનું સર્જન કરીશ. મારી આજ્ઞાનું સારી રીતે પાલન કરવાથી તમે પણ અંતે મનેજ પામશો. આટલું કહીને ભગવાન પછી તેમના દેખતાં જ સ્વધામ પધારી ગયા.

ભગવાનના કહ્યા મુજબ પ્રજાપતિ રાજા મનુ પોતાની પત્ની અને પુત્રી સાથે યથાસમયે સુવર્ણના સાજવાળા રથમાં બેસી કર્દમના આશ્રમે આવ્યા. કર્દમ ઉપર પ્રસન્ન બની રહીને ભગવાન જ્યારે પધાર્યા હતા ત્યારે કર્દમની ભક્તિથી ભક્તવત્સલ ભગવાને જે હર્ષના આંસુ પાડયાં હતાં તે સ્થાન બિન્દુ સરોવરના રૂપમાં પલટાઈ ગયું હતું અને તે સરસ્વતી નદીથી યુક્ત હોવાથી પવિત્ર મનાય છે. એનું જળ અમૃત જેવું છે

અને તે મહર્ષિઓ દ્વારા સેવાય છે તે શ્રેષ્ઠ તીર્થરૂપ આશ્રમમાં આવીને મનુ મહારાજે કર્દમને પ્રણામ કર્યા. કર્દમે પણ મહારાજાનો યથાયોગ્ય સત્કાર કર્યો. ભગવાનની આજ્ઞાનું સ્મરણ કરતા કર્દમ મુનિએ રાજાને કહ્યું કે હે નૃપ ! સત્પુરૂષોના રક્ષણ માટે તથા દુષ્ટોના દમન માટે તમારો પુરૂષાર્થ છે એટલે તમે તો શ્રીહરિની શક્તિરૂપ છો. હે વીર ! આપનું આગમન અહીં કયા પ્રયોજનથી થયું છે તે આપ મને કહો. તમારી આજ્ઞા હું નિષ્કપટ ભાવથી સ્વીકારીશ. ઋષિના આવા કથનથી મનુ પ્રસન્ન બની રહ્યા અને બોલ્યા : વેદ મય પરમાત્માએ વેદની રક્ષા માટે પોતાના મુખમાંથી બ્રાહ્મણોને ઉત્પન્ન કર્યા છે. અને બ્રાહ્મણોનું રક્ષણ કરવા પોતાના શ્રીહસ્તમાંથી ક્ષત્રિયોને ઉત્પન્ન કર્યા છે. બ્રાહ્મણો ભગવાનના હૃદયસ્થાને છે. તો ક્ષત્રિઓ તેમના શરીરસ્થાને છે. મારા સદભાગ્યે આપ જેવા મહાન તપસ્વી બ્રાહ્મણ દેવતાનાં મને દર્શન થયાં છે. હે મહામુનિ! આપને એક વિનંતી કરવા આવ્યો છું. આ મારી પુત્રી દેવહૂતી છે. એના પતિરૂપમાં આપજ સુયોગ્ય છો તેથી હું શ્રદ્ધાપૂર્વક આપને મારી આ કન્યા આપું છું તો આપ એનો સ્વીકાર કરો.

કર્દમ બોલ્યા : હે રાજન્ ! તમારી આ પુત્રી સ્ત્રીઓમાં રત્નરૂપ છે. એનો હું સહર્ષ સ્વીકાર કરું છું. મારી ઈચ્છા લગ્ન કરવાની છેજ. મારા પિતા બ્રહ્માએ પણ મને 'તમે પ્રજા સર્જો' એવી આજ્ઞા આપી છે. એટલે તમારી આ પુત્રીને સંતાનોત્પત્તિ થાય ત્યાં સુધી હું તેની સાથે ગૃહસ્થાશ્રમમાં રહીશ અને પછી હું શ્રીવિષ્ણુ ભગવાને કહેલા અને જેમાં જ્ઞાન ભક્તિ જ મુખ્ય છે એવા અહિંસક સંન્યાસીના ધર્મો પાળીશ.

એ પછી મનુએ પોતાની મહારાણી અને પુત્રીની પણ સંમતિ હોવાથી અત્યંત હર્ષિત બની રહી ગુણ સમૂહથી યુક્ત એવા કર્દમ ઋષિ સાથે પોતાની કન્યાનું લગ્ન કર્યું અને આભૂષણો વસ્ત્રો તથા ગૃહસ્થાશ્રમ માટે આવશ્યક એવી ઉત્તમ પ્રકારની સર્વ ઘરવખરી પણ પુષ્કળ પ્રમાણમાં આપી. પુત્રીને સુયોગ્ય વરને આપી હતી છતાં ત્યાંથી નીકળતી વખતે પુત્રી વિયોગે તેઓ ખૂબજ વિહ્‌વળ બની રહ્યા અને 'મારા બેટા, મારી દીકરી' એમ વારંવાર બોલતા પુત્રીના કેશને તેઓ અશ્રુધારાથી ભીંજવવા લાગ્યા. કુમારી કન્યાઓના પિતા આજે પણ પુત્રીને પરણાવી તેને સાસરે વળાવતાં પુત્રી વિયોગે અશ્રુધારા વહાવે છે જ. એ પછી કર્દમ ઋષિની રજા લઈને મનુ મહારાજ પોતાની રાજધાની બર્હિષ્મતી તરફ જવા નીકળી પડયા. સ્વાયંભુવ મનુ ઈચ્છાનુસાર ભોગોનું નિર્માણ કરવા ઘણા સમર્થ હતા છતાં મુનિ જેવા હતા. અને પોતાના મન્વંતરકાલ સુધી ભગવત્પરાયણ જ બની રહ્યા હતા.

દેવહૂતિજી પછી જેમ પાર્વતી ભગવાન શિવજીની સેવા કરે તેમ પ્રેમપૂર્વક કર્દમની સેવા કરવા લાગ્યા. શ્રદ્ધાથી, પવિત્રતાથી, માનથી, ઈન્દ્રિયનિગ્રહથી, સેવાથી, સ્નેહથી અને મધુર વાણીથી તેમણે દેવર્ષિઓમાં શ્રેષ્ઠ એવા કર્દમ ઋષિને પ્રસન્ન અને સંતુષ્ઠ કર્યા. પ્રિયાનું પ્રિય કરવા ઈચ્છતા કર્દમ ઋષિએ પછી યોગબળથી ઈચ્છાનુસાર સર્વત્ર જઈ શકે એવું એક વિમાન પ્રકટ કર્યું. એ વિમાન સર્વ પ્રકારની સુવિધાઓથી પૂર્ણ હતું. મણિઓના સ્તંભોથી શોભતું દિવ્ય રાચરચીલાથી પૂર્ણ, ઈન્દ્રનીલમણિની બાંધેલા ઉંબરાઓથી શોભતું, હીરાજડિત દ્વારોવાળું, મજલાઓમાં સુંદર પલંગો, અલગ અલગ બિછાવેલી શય્યાઓ, આસનો અને વાયુપંખાઓ તથા સુવર્ણકળશોવાળું એ અલૌકિક વિમાન આશ્ચર્યજનક પ્રતીત થઈ રહ્યું હતું.

પછી ઋષિએ દેવહૂતિજીને બિંદુ સરોવરમાં સ્નાન કરવાનું સૂચન કર્યું. દેવહૂતિએ સ્નાન કરવા સરોવરમાં પ્રવેશી ડૂબકી મારી તો તેણે અંદરના એક નિવાસસ્થાનમાં એક હજાર કન્યાઓ જોઈ. કમળના જેવી સુગંધવાળી એ કન્યાઓ ઉભી થઈને દેવહૂતિજીને કહેવા લાગી કે અમે તો તમારી દાસીઓ છીએ. અમને આજ્ઞા ફરમાવો. પછી એક કન્યાઓએ દેવહૂતિને સ્નાન કરાવ્યું અને નવાં વસ્ત્રો અને વિવિધ પ્રકારનાં આભૂષણોથી સજ્જ કરી દીધા. દેવહૂતિજી અલૌકિક લાવણ્યવાળા બની રહ્યા. એ પછી તેમણે પતિનું સ્મરણ કર્યું કે તરત જ કર્દમ ઋષિ તેમની સમક્ષ આવીને ઉભા રહ્યા. લાવણ્યમય દેવહૂતિજીને જોઈ કર્દમને એમના પરની પ્રીતિ વધી ગઈ. એમણે પત્નીને દિવ્ય દૃષ્ટિ પ્રદાન કરી હતી જ. દિવ્ય ભોગો માટે તે શક્તિમાન બની રહ્યાં હતા. પ્રિય પત્નીનો હસ્ત પકડીને કર્દમે એમને દાસીઓ સાથે વિમાનમાં બેસાડયા અને પછી એ મહાન ભાગ્યવાળા દંપતીએ મેરુ પર્વતની ગુફાઓમાં દીર્ઘ સમય પર્યંત વિહાર કર્યો. મેરુ પર્વતની એ ગુફાઓ કામને ઉત્તેજિત કરનાર શીતલ અને સુગંધથી મન હર હતી. એ પછી કર્દમે પ્રિયાની સાથે વૈશ્રંભક, સુરસન, નંદન, પુષ્પભદ્રક, માનસ અને ચૈત્રરથ નામક દેવોનાં ઉદ્યોનોમાં પણ પ્રસન્ન ચિતે વિહારો કર્યા. મહાયોગી કર્દમે વિમાનમાં બેસીને પ્રિય પત્નીને દ્વીપો, ખંડો વગેરે અતિ આશ્ચર્યજનક એવું સમગ્ર ભૂમંડળ બતાવ્યું અને પછી પોતાના આશ્રમ તરફ પાછા ફર્યા.

યથા સમયે દેવહૂતિજીએ ક્રમશઃ નવે પુત્રીઓને જન્મ આપ્યો. સંતાનોત્પત્તિ પછી પતિ સંન્યાસ ન લે એથી દેવહૂતિએ એમની સમક્ષ એક પુત્રની ઈચ્છા વ્યક્ત કરી: કર્દમ બોલ્યા : ચિંતા કરશો નહીં. તમે તો પતિવ્રતા સન્નારી છો. તમારી ઈચ્છા પૂરી થશે. શ્રદ્ધા અને સંયમપૂર્વક સ્વધર્મનું આચરણ કરો અને ભગવાનનું આરાધન કરો. થોડા વખતમાં અવિનાશી ભગવાન અંશરૂપે તમારા પુત્રરૂપે અવતરશે અને તમારું અને સમસ્ત પ્રજાનું અનુપમ એવા સાંખ્ય શાસ્ત્રના ઉપદેશ દ્વારા કલ્યાણ કરશે.

યથા સમયે ભગવાન આપેલા વચન પ્રમાણે માતા દેવહૂતિના પેટે અવતર્યા. સર્વત્ર જયજયકાર વર્તાયો, દેવનાં દુંદુભી વાગ્યાં, યશોગાન ગવાયાં, પ્રાણીમાત્રના મન આનંદ પામ્યાં. સ્વયંભુ બ્રહ્મા મરીચિ વગેરે નવ ઋષિઓ સાથે આશ્રમે પધાર્યા અને કર્દમને કહ્યું કે હે પુત્ર ! તમે મારું વચન આદરપૂર્વક પાળ્યું છે એ રીતે તો તમે મારી નિષ્કપટ ભાવે સેવા જ કરી છે. પુત્રોએ પિતાના વચનને "જેવી આજ્ઞા" એમ કહીને પાળવું જ જોઈએ. હે વત્સ ! હવે તમારી આ નવ પુત્રીઓ આ નવ ઋષિઓ સાથે પરણાવી દો. તમારી આ પુત્રીઓ પણ સૃષ્ટિને પોતાના પ્રભાવો દ્વારા અનેક પ્રકારે વધારશે. હે મુનિ ! પ્રાણીમાત્રના કલ્યાણ પ્રદાતા આદ્યપુરૂષ પરમાત્મા તમારે ત્યાં અવતર્યા છે તે હું જાણું છું. એ ભગવાન જ્ઞાન અને વિજ્ઞાન દ્વારા કર્મોની વાસનાને નષ્ટ કરશે. હે પુત્રી દેવહુતિ ! તારા ભાગ્યનો પાર નથી. તારો આ પુત્ર તને ઉપદેશ આપી તારી અવિદ્યા દૂર કરશે. આ તો ભગવાન છે.

સિદ્ધગુણોના અધિશ્વર એવા ભગવાન નવું સાંખ્યશાસ્ત્ર પ્રવર્તાવશે અને લોકમાં કપિલ નામે પ્રસિદ્ધ થશે.

—ક્રમશઃ

ભગવત્સેવાની મુખ્યતા

બહિર્મુખા હિ ધર્મશાસ્ત્રાજ્ઞાઃ, શારીરમેવ ધર્મસ્વધર્મમાહુઃ ।
નત્વાત્મધર્મં ભગવદ્ધર્મંવા । યતસ્તે અનાત્મવિદઃ ॥

–શ્રીસુબોધિની (૧૦–(૨૬)–૨૯–૩૨)

ધર્મશાસ્ત્રજ્ઞો નિશ્ચિતરીતે બહિર્મુખો છે, શરીર–સંબધી ધર્મનેજ તેઓ સ્વધર્મ કહે છે, આત્મધર્મ કે ભગવદ્ધર્મ ને નહીં, કારણ કે તેઓ આત્માને ઓળખનારાઓ નથી. પુનઃ સ્વધર્મો અનેક પ્રકારના છે, પોતાના કરતા ઉત્તમ વિષયવાળા, પોતાના સમાન–વિષયવાળા, પોતાનાથી હીન વિષયવાળા.

તેમાં પહેલાં–પહેલાનાં ધર્મની પ્રબલતા છે. જેમ સ્ત્રીઓને પતિ પુત્રાદિ સ્વસમાન લોકોની સેવા ધર્મ છે. એમ પોતાના નિયામક ઈશ્વરની સેવા (અનુકૂલ–સ્થિતિ) મુખ્ય (ઉત્તમ) ધર્મ છે. વળી, ધર્મ ધર્મકર્તા (ધર્મી)ના મૂલવાળો છે. ધર્મ ધર્મકર્તાના સ્વરૂપથી વિરોધી ન હોય તેમ કરવો જોઈએ અને કર્તાએ પોતાના ફલ–સંપાદન માટે કરવો જોઈએ, નહીં તો અનિષ્ટ, (અફલ)માં પણ પુરૂષને પ્રેરતાં, ધર્મબોધક વેદ, આપ્ત(યથાર્થ–વક્તા) ન થાય.

આમ, ધર્મકર્તાથી અવિરોધી ધર્મ કરવાનો હોવાથી, ધર્મશાસ્ત્રમાં, શરીરની પ્રિયતાથી, તેનું આત્મત્વ સ્વીકારીને, તેનો અનુરોધ કહેલો છે. દ્રવ્ય–(ધર્મી) અને સંસ્કાર (ધર્મ)ના વિરોધમાં દ્રવ્ય(ધર્મી) વધુ બલવાન છે– આ ન્યાયથી પણ શરીરની પ્રિયતા કહી છે.

આમ, કોઈકને દેહ પ્રિય છે, કોઈને આત્મા પ્રિય છે, કોઈને પરમાત્મા પ્રિય છે, કોઈકને (દેહ) નિર્વાહક પ્રિય છે. આપ (ભગવાન શ્રીકૃષ્ણ) તો તે સર્વ–રૂપ થાવ છો; કારણ કે અત્યંતપ્રેષ્ઠ છો, (દેહરૂપ) પરમ પ્રેમાસ્પદ છો, (આત્મારૂપ) આનંદ છો, અને દેહ–નિર્વાહક બંધુ (પરમાત્મા) છો. (આમ, ભગવાન જ ધર્મી છે) વળી માત્ર અમારા (શ્રીગોપીજનના) જ નહીં, પરંતુ બધાજ શરીરધારીઓના (સર્વસંબંધી)છો.

આથી, અંતરંગ–બહિરંગ–ન્યાયે કે નિત્યાનિત્ય–ન્યાયે (શરીરધારણમાં કારણભૂત અને ધારક– અંતરંગ– નિત્ય અને શરીર–સંબંધી બહિરંગ–અનિત્ય છે. બહિરંગ– અનિત્ય કરતાં અંતરંગ– નિત્ય વધુ બલવાન હોવાથી) આપ (ભગવાન શ્રીકૃષ્ણ)ની સેવા જ મુખ્ય છે. (ભગવાન સર્વરૂપ હોવાથી તે જ સેવ્ય છે.)

ધર્મીનો વિચાર ધર્મ (ના વિચાર)થી પણ અધિક છે. તે ધર્મ પણ નથી, જે કાલાદિથી બાધ્ય થતો હોય અને અશક્ય હોય. પતિ વગેરેની સેવા કહેતું અને ભગવત્સેવા કહેતું શાસ્ત્ર પણ તમારી (પ્રકટ ભગવાન શ્રીકૃષ્ણની) સેવા જ કરવાનું કહે છે.

["પુષ્ટિ–પુલિન" માંથી સાભાર]

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૯૪. સર્વ રીતે પલટાઈ જઈએ, તો દાસત્વ મળે.

આ જગત માત્ર કોઈ દાસ થયું નથી. સૌ પોતાના ઘરનો, બૈરાનો, છોકરાનો સ્વામી (ધણી) થઈને બેઠો છે, ત્યારે તે જીવની પ્રભુને શી ચિંતા થાય ?

જો દાસ થયો હોય તો પ્રભુના મોઢા આગળ બેસાય કેમ? બોલાય કેમ? દાસ તો પાસે બંદામ એક રાખે નહિં. બદામ એક જ્યાં સુધી પોતાની માની છે, અથવા રાખી છે, ત્યાં સુધી દાસપણું નથી. દાસ થયા પછી એ કે તરફની ચિંતા રહે નહીં.

જ્યાં સુધી તરવાની, ખાવાપીવાની, ઘરની અને દ્રવ્યની ચિંતા રહે, ત્યાં સુધી ભગવાનનો દાસ નહીં. દાસ પદવી તો છેલ્લી છે. એક ભગવાન કર્તા જાણીએ તો ખરા, પછી દાસ થવાય. જ્યાં સુધી સોપારીનો કટકો પાઘડીમાં ઘાલે છે ને મન થાય છે, ત્યારે કાઢીને ખાય છે ત્યાં સુધી તું દાસ નહીં. હરિ ખવરાવે તો ખાય, એ દાસનો ધર્મ છે. સારી દેહથી મરી જશે, ત્યારે તારું કામ થશે. (દેહથી મરી જશે એટલે દેહના ધર્મો તથા મનના ધર્મોનું તદન પલટાઈ જવું તે મરજાદી. એટલે ભાવાર્થમાં જેના જાદા (છોકરા) મરે તે મરજાદી. કયા છોકરા તો કામ, ક્રોધ, મદ, મોહ, લોભ, મત્સર બધું જેનું મરી ગયું છે, તે મરજાદી. અહીં પણ એ ભાવ સમજવો.) પ્રભુજ સર્વોપરી ભાસે, ને પ્રભુથી બીતો ને બીતો રહે, ત્યારે દાસત્વ મળે. ૯૪

કાવ્ય - કુંજ

રચયિતા : ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

હૈયું મારું નટખટ કાન્હ લૂંટી ગયો, સંસારનો મોહ મારો સહજમાં છૂટી ગયો.
મનમાં ને તનમાં શ્યામ નામનું જ રટણ, અવિદ્યાથી બંધાયેલો ભ્રમ મારો તૂટી ગયો.
કૃષ્ણના કીર્તનમાં તન્મયતા એવી કે, કામ ક્રોધ ભરેલો ઘડો સહજમાં ફૂટી ગયો.
દીનતા દાસત્વનો ભાવ કેળવાયો સત્સંગથી, અહંતા મમતાનો કટૂરસ સમૂળગો ખૂટી ગયો.
એક દિન આવી સ્વપ્નમાં મારો વ્હાલો કાન્હ, નિઃસ્વાર્થ ભક્તિથી મહેંકતા ફુલો ચૂંટી ગયો.
પ્રસન્ન ચિત્તમાં પ્રેમે પધારી શ્યામ પરમાનંદે, વિશુદ્ધ નિર્મળ પ્રેમનો મહારસ ઘૂંટી ગયો.
હૈયું મારું નટખટ કાન્હ લૂંટી ગયો, સંસારનો મોહ મારો સહજમાં છૂટી ગયો.

કાવ્ય – કુંજ

રચયિતા : ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

હે પ્રભુ મારે તને મળવું છે, સ્નેહભાવમાં આનંદે ગળવું છે.
ન મળો ત્યાં સુધી તંગ રહીને, વ્યાકુળ વિરહભાવમાં બળવું છે.
અખિલ બ્રહ્માંડને ડોલાવનારા નાથ, તમારું નામ હૃદયપટ પર જડવું છે.
માયાના બંધનોમાં બાંધનારા આ, સંસારથી કેમેય કરીને ટળવું છે.
ભવસાગર તરીને શું કરવું છે ?, મારે તો પ્રેમના પાણીમાં પડવું છે.
લઈ જાઓ તમ સંગ વનરાવનમાં, લીલાના લાવણ્યમાં ભળવું છે.
એકવાર દરશન દઈ દો પછી, સેવાના માર્ગે મારે વળવું છે.
ક્યારનો તરસી રહ્યો તમારા વિયોગમાં, તમને ભેટીને ભરપેટ રડવું છે.

સૌથી મધુર શ્રીવલ્લભવાણી

[ઢાળ : સબસે ઊંચી પ્રેમ સગાઈ]

સૌથી મધુર શ્રીવલ્લભવાણી,
વેદ પુરાણ સૌ દર્શન જોયાં,
જગ જન હિત નિર્ગુણ ભક્તિ દેખાઈ. સૌથી મધુર...
સેવા થકી શ્રીશ્યામ રિઝાયે,
પ્રેમ ભાવ ભક્તિ જણાઈ,
પુષ્ટિ સેવા શ્રીવલ્લભ બતાયે,
જયમ વ્રજ ગોપી ગીત ગવાઈ. સૌથી મધુર...
શ્રીકૃષ્ણ સેવા દાસ ભાવ જગાયે,
સૌ લૌકિક ભાવ વિસરાઈ,
નિજ અંતર દોષ દૂર કરાયે,
શ્યામ સુખ કાજ કરે સેવકાઈ. સૌથી મધુર...
શ્રીવલ્લભ શરણ હૃદય ધરી આયે,
સર્વ સમર્પિત વૈષ્ણવજન કહેવાઈ,
શ્રીજીચરણઅનુરાગી શ્રીવલ્લભવાણી સમજાયે,
સેવા શ્યામ ચરણ શરણ સુખદાઈ. સૌથી મધુર...

– શ્રીજીચરણઅનુરાગી, અમદાવાદ.

પુસ્તક પરિચય

☐ **૧. જીવન જો ઐસે બની આવે :** લેખક–ગો.વા.પ.ભ.શ્રીનિલેષ હરેશકુમાર જાની પ્રકાશક–સ્વ.લાભશંકર પ્રાગજી જાની સમગ્ર પરિવાર વતી પ.ભ. શ્રીહરેશકુમાર લાભશંકર જાની. 'મિલન' જલારામ–૧, રંગતરંગ એપાર્ટમેન્ટની સામે, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫. ફોન. ૫૭૫૯૪૧.

સ્વધર્મ પ્રત્યેની અનન્ય નિષ્ઠા, શ્રીહરિ–ગુરુ–વૈષ્ણવ પ્રત્યે વિશુદ્ધ ભાવના, ભગવદ્–સેવા–સ્મરણ–સત્સંગમાં સદાયની તત્પરતા તથા સાંપ્રદાયિક સાહિત્યના વાંચન દ્વારા મેળવેલ અનુભવને નવનીતરૂપે સ્વહસ્તે લખાણ "જીવન જો ઐસે બની આવે" શિર્ષકથી લખતા જતાં હતા. એવા ગુણો ધરાવતા ગો.વા.પ.ભ. શ્રીનિલેષભાઈ જાનીના જીવનની ઝાંખી કરાવતું લખાણ પ.ભ.શ્રીમથુરાદાસભાઈ હીંગનઘાટવાળાએ આલેખન કરેલ છે.

ગો.વા.પ.ભ.શ્રીનિલેષભાઈનું હસ્તલિખિત પુસ્તકરૂપે પ્રકાશિત કરવા તથા તેમની માળા પહેરામણીના મનોરથ પ્રસંગે વાંટવાની આજ્ઞા અને આશીર્વાદ એમના ગુરૂદેવ પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–કાલોલ–રાજકોટ)એ આપેલ. આપશ્રીના વરદ્ કરકમલો દ્વારા વૈષ્ણવોની બહોળી ઉપસ્થિતિમાં તા.૧૦–૬–૨૦૦૧નાં રોજ વિમોચન કરતા વચનામૃત કરેલા– "કેટલું જીવ્યા તે મહત્વનું નથી, પરંતુ કેવું જીવ્યા એજ મહત્વનું છે. ભગવદીય જીવન જીવવાની પ્રેરણા પુસ્તકમાં લખેલ અલૌકિક પ્રસંગોમાં દર્શાવેલ છે. જે જીવનમાં ઉતારવા જેવા છે."

આ પુસ્તક આદરપૂર્વક સ્વીકારતા આનંદ થાય છે. લેખક–પ્રકાશકને અભિનંદન.

☐ **૨. સત્સંગ–કીર્તનાવલી :** સંપાદક–મુખીયાજી મથુરાદાસ જીવરાજ મહેતા હીંગનઘાટવાળા. પ્રકાશક–શ્રીસર્વોત્તમ સ્તોત્ર પ્રચારક મંડળ (ધોરાજી) 'અમૃત' જલારામ–૧, માર્ગ–૩, યુનિવર્સિટી રોડ–રાજકોટ–૩૬૦૦૦૫.

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૪૮. ટાઈટલ ઉપર શ્રીનાથજી તથા શ્રીયમુના મહારાણીજીના ચિત્રજી. પ્રકાશન સહાય પાંચ રૂપિયા.

પ્રસ્તુત પુસ્તિકામાં શ્રીસર્વોત્તમ સ્તોત્રની, શ્રીયમુનાજીની, શ્રીગિરિરાજજીની, શ્રીયમુના વિજ્ઞપ્તિની, પ્રેમામૃતની, સહસ્રી ભાવનાની, ત્રિવિધ લીલાની નામાવલી, શ્રીહરિરાયજી રચિત 'રહ્યો મોહિ શ્રીવલ્લભગૃહ ભાવે' પદમાં શ્રીઠાકોરજી મૈયા યશોદાને નિત્ય સેવામાં તથા વરસના ઉત્સવોમાં શ્રીવલ્લભગૃહમાં કેવા લાડ લડાવવામાં આવે છે તેની વાત કરેલ તેનું આબેહૂબ વર્ણન આ પદ પચાસ તુકમાં દર્શાવેલ જે મનનીય છે.

ઉપરાંત વૈષ્ણવોના સંસ્કાર તથા ભાવનું પોષણ થાય તેવા ગુજરાતી ધોળ–પદ જેવા કે પલના, વિનતિ, આશ્રય, શિક્ષા વગેરેનો પુષ્ટિ સાહિત્યના અગાધ સાગરમાંથી ગાગરના ન્યાયે થયેલ સંગ્રહ નિત્ય–નિયમમાં–સત્સંગમાં નામસ્મરણ માટે અત્યંત ઉપયોગી પુસ્તિકા.

આ પ્રકાશનને પૂ.પા.ગો.શ્રીહરિરાયજી ગોવિન્દરાયજી મહારાજશ્રી (પોરબંદર)ના આશીર્વાદ પ્રદાન થયેલ છે.

☐ **૩. શ્રીમહાપ્રભુજી વાર્તા :** પ્રકાશક–શ્રીવલ્લભ પ્રકાશન ન્યાસ ૧–યશોભવન, ન્યૂ પલાસિયાસ્ટ્રાર–૨, ઈન્દોર(મ.પ્ર.) ૪૫૨૦૦૧. લેખક–ડૉ. ગજાનન શર્મા. ન્યોછાવર રૂ.૧૦/–

શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીના ૫૨૪ મા પ્રાકટ્ય પર્વ ઉપર શ્રીવલ્લભ પુષ્ટિદર્શન માલા–૨ તરીકે પ્રકાશિત કરવામાં આવેલ આ પુસ્તિકામાં નિજવાર્તા અને ઘરૂવાર્તા ઉપર આધારિત કુલ બાવન વાર્તા–પ્રસંગો વર્ણવવામાં આવેલ છે. પુસ્તિકા હિન્દીભાષામાં પ્રકાશિત થયેલ છે.

☐ **૪. શ્રીયમુનાજીના ૪૧ પદ :** પ્રકાશક–પ્લસ કોર્પોરેશન ૨૦૩–શાંતિ કોમ્પ્લેક્ષ, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન (૦૨૮૧) ૨૩૫૬૧૧, ૨૩૪૨૬૨

૧/૩૨ ક્રાઉન સાઈઝ પુસ્તિકા, ટાઈટલ ઉપર શ્રીયમુના મહારાણીજીનું બહુરંગી ચિત્રજી, સેન્ટર પીન બાઈન્ડીંગ. ન્યોછાવર રૂ.૫/– (પોસ્ટેજ અલગ)

શ્રીયમુનાજીનાં ૪૧ પદોમાં અષ્ટ સખાઓના ચાર ચાર પદો, તેમાં પ.ભ.ગંગાબાઈના ચાર અને શ્રીહરિરાયજીના ચાર આ પ્રમાણે ૪૧ પદોની સુંદર કમળમાળા રચાઈ છે. આ પદોમાં શ્રીયમુનાજીનાં નામ, તપ, ગુણ અને લીલાનું નિરૂપણ છે.

આ રીતે શ્રીયમુનાજીનાં પદોનું વારંવાર પઠન–ગાન–અવગાહન કરવાથી પ્રેમ, આસક્તિ અને વ્યસન અવસ્થા સિદ્ધ થાય છે. નિત્યનિયમમાં ૪૧ પદોનો પાઠ વૈષ્ણવ કરતા હોય છે તેમજ શ્રીયમુનાજીના પદોનો સમૂહમાં પાઠ કરવાનો પ્રકાર પ્રસંગોપાત મનોરથ દ્વારા આયોજન કરવામાં આવે છે. પાઠ કરનાર વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવામાં આવે છે. આવી રીતે શ્રીયમુનાજીના ગુણગાનનો પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં ભારે મહિમા છે.

આ પુસ્તિકામાં શ્રીયમુનાષ્ટકમ્ સ્તોત્ર તથા બે આરતીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. આ પુસ્તિકા પોકેટ સાઈઝમાં છે જેથી સાથે રાખી શકાય તેમજ પ્રસંગોપાત વૈષ્ણવોમાં વાંટવા માટે અતિ ઉપયોગી છે.

સમાચાર

☐ **વડોદરા :** શ્રીવાક્પતિ ફાઉન્ડેશન સંચાલિત શ્રીવલ્લભ વિદ્યાપીઠ, વડોદરા દ્વારા પત્રાચાર અભ્યાસ ક્રમ દ્વારા વર્ષ ૨૦૦૦–૨૦૦૧ માટે જે પરીક્ષાઓ લેવામાં આવેલ તેના પરિણામ સ્વરૂપે વિનિત, કોવિદ, પ્રવિણ, નિપૂણ અને રત્ન પદવી આપીને નવાજવામાં આવેલ હતા. આગામી વર્ષની પરીક્ષાના 'આવેદન પત્રક' તેમજ અન્ય માહિતી માટે કાર્યાલયનો સંપર્ક સાધવો. શ્રીવલ્લભ વિદ્યાપીઠ, શ્રીબેઠક મંદિર, કેવડાબાગ, મદન ઝાંપા રોડ, વડોદરા–૩૯૦૦૦૧.

☐ **અમદાવાદ :** જગદ્ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી એજ્યુકેશનલ એન્ડ મેડીકલ રીસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા શ્રીગિરિકંદરા, મણીનગર ચાર રસ્તા મેઈન રોડ ઉપર 'શ્રીવલ્લભાચાર્યજી મેડીકલ સેન્ટર'નો પ્રારંભ શ્રીમદ્ વલ્લભાચાર્યજીના પ્રાકટ્ય મહોત્સવ પ્રસંગે તા. ૨૧–૪–૦૧ ના રોજ કરવામાં આવેલ છે. હોસ્પીટલમાં જુદા જુદા બધા જ રોગોના નિષ્ણાંત અનુભવી ડૉક્ટરો રાહત દરે સેવા આપે છે. કોઈપણ ભેદભાવ વગર સારવાર આપવામાં આવે છે. જે પુષ્ટિમાર્ગના ઈતિહાસમાં પ્રથમવાર શરૂઆત છે. જનકલ્યાણની સેવાના પ્રકારોના વ્યાપ બઢતો રહે તેવી શુભકામના અને ઉમદા કાર્ય માટે ધન્યવાદ. વિશેષ માહિતિ માટે સંસ્થાનો સંપર્ક સાધવો.

☐ **બોડેલી :** પૂ.પા.ગો.શ્રીવાગીશકુમારજીનો જન્મદિવસ બોડેલી મુકામે ત્રિદિવસીય કાર્યક્રમ યોજી ધામધૂમથી ઉજવાયો. આપશ્રીના અભિવાદન સમારોહ ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજ તથા ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીની સાંનિધ્યમાં (૫૦) પચાસ સંસ્થાઓ દ્વારા માલાજી અર્પણ તથા મોમેન્ટો અર્પણ કરવામાં આવેલ. શ્રીના વિવિધ મનોરથ ત્રિદિવસીય યોજવાની સાથે પચીસ (૨૫) ગોસ્વામી બાલકોની ઉપસ્થિતિમાં માર્કન્ડેય પૂજા– વિવિધ આસપાસનાં વૈષ્ણવો અંદાજે પાંચેક હજાર વૈષ્ણવોને પ્રસાદ લેવાની વ્યવસ્થા–પ્રવચન કિર્તન આદિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ.

❑ સમગ્ર પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોની વિવિધલક્ષી વેબસાઈટ ❑

મહાપ્રભુ શ્રીમદ્‌વલ્લભાચાર્ય દ્વારા પ્રવર્તાયેલ પુષ્ટિભક્તિ સંપ્રદાયના અનુયાયીઓ છેલ્લી પાંચ સદીથી ભારતભરમાં મહદ્‌અંશે પશ્ચિમ ભારતમાં વસી રહ્યા છે. તેમાં સાહિત્ય, કલા અને તત્વજ્ઞાનનું વિપુલ ખેડાણ થતું આવ્યું છે. શ્રીવલ્લભાચાર્યજીના વંશજો, ભક્તકવિઓ, વિદ્વાનો અને કલાકારોનું અનુપમ યોગદાન છે. કવિ શ્રીનાનાલાલના શબ્દોમાં કહેવું હોય તો એમ કહી શકાય કે એકમાત્ર શ્રીવલ્લભાચાર્યજીના વંશે લખેલ સાહિત્યનો સરવાળો કરીએ તો વિશ્વવિક્રમ થાય.

આ સંપ્રદાયના વારસાના મહત્વના લગભગ બધાજ પાસાઓને આવરી લેતી શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવીના સક્રિય સહયોગથી એક મહત્વાકાંક્ષી વેબસાઈટ www.pushtimarg.net નું ઉદ્‌ઘાટન માર્ગના આચાર્યોની ઉપસ્થિતિમાં શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યોત્સવના મંગલ દિને તા.૧૯–૪–૨૦૦૧ શ્રીઠટ્ટાઈ ભાટિયા સેવાફંડના 'શ્રીવલ્લભ સુખધામ'માં વૈષ્ણવો સમક્ષ પ્રોજકશન દ્વારા કરવામાં આવ્યું છે. બાળકો, યુવાનો, આમ વૈષ્ણવ, તેમજ વિદ્વાનોને, તે રીતે–

(૧) પ્રાચીન સાંપ્રદાયિક વિભૂતિઓના હસ્તાક્ષર તથા તેમના જીવનચરિત્ર (૨) સંપ્રદાયના ઉજ્જવલ ઈતિહાસ (૩) વાર્તા સાહિત્યમાં આવતા પ્રસંગોની સિદ્ધાંત વચન સાથે સંગતિ (૪) મૂળભૂત સિદ્ધાંત (૫) માર્ગીય મૂળ ગ્રંથો તથા અન્ય પ્રકાશિત ગ્રંથો તેના પ્રકાશક (૬) માર્ગના અનુયાયીઓના લાભાર્થે રચવામાં આવેલ ટ્રસ્ટો (૭) પ્રાચીન આર્કીટેકચર તથા ચિત્રકલા, સુતારીકલા, વસ્ત્રકલા, સામગ્રીની કલા (૮) સેવાનું મહત્વ, ત્યાગ, સેવા, કીર્તન, ક્રમ (૧૧) બાળકો માટે વાર્તાપ્રસંગો, કાર્ટુન વાર્તાઓની માહિતી આપવામાં આવી છે.

વૈષ્ણવવર્ગ ખાસ કરીને જીજ્ઞાસુ યુવાન વર્ગનો સતત સંપર્ક રહે, અને તેમના શંકા–સમાધાન આક્ષેપ–નિરસન માટે પ્રશ્નોત્તરી અને ઓપિનિયન પોલની વ્યવસ્થા રાખવામાં આવી છે. માર્ગના જાણકારો પાસેથી માહિતી એકઠી કરી જીજ્ઞાસુઓ સુધી પહોંચાડીને આવા આદાન–પ્રદાનથી સંપ્રદાયના સમગ્ર અનુયાયીઓને, ખાસ કરીને ઉગતી પેઢીને જોડનારી કડી બનવાનો આ વેબસાઈટનો મુખ્ય ઉદેશ્ય છે. સાથે સાથે પુરાણી વાતોની જાળવણી અને માહિતીની સરળ ઉપલબ્ધિ પણ બીજો ઉદેશ છે. આ એક વ્યક્તિ કે સમુદાય નહીં પણ સમગ્ર સંપ્રદાયની વેબસાઈટ છે. આ એક સૂર્યોદય છે તેનો મીઠો પ્રકાશ આપણે બધા મળી ઘર–ઘરમાં વ્યક્તિ–વ્યક્તિને પહોંચાડીએ અને આ વેબસાઈટ સાચા પુષ્ટિમાર્ગની સાચી પ્રતિનિધિ બને એવો પ્રયત્ન કરીએ એ અભિલાષા છે.

❑ પૂ.પા.ગો.૧૦૮ શ્રીવાગીશકુમારજીના જન્મદિવસે ભૂકંપ પીડિતોને સહાય ❑

ગુજરાતમાં થયેલ મહાવિનાશક ભૂકંપથી થયેલ તારાજીને કારણે ભૂકંપ પીડીતો માટે અનેક સંસ્થાઓ દ્વારા પુનઃવસનના કાર્યો કરવામાં આવે છે. એમાં કચ્છ જીલ્લાનું કબ્રાઉ ગામ પૂ.શ્રીઈન્દિરાબેટીજી (પૂ.જીજી) દ્વારા ચલાવાતા શ્રીવલ્લભ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા દત્તક લેવામાં આવેલ છે. તથા બીજુ અમરાપર ગામ પૂ.શ્રીદ્વારકેશલાલજી દ્વારા ચલાવાતા શ્રીવલ્લભાચાર્ય કલ્યાણ કૃપા ટ્રસ્ટ દ્વારા દત્તક લેવામાં આવે છે. આ દત્તક લીધેલ બંને ગામોમાં તૃતીય પીઠાધીશ પૂ.પા.ગો. ૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કાંકરોલી નરેશ)ની આજ્ઞાથી પૂ.પા.ગો. ૧૦૮ શ્રીવાગીશકુમારજી બાવાશ્રી (કાંકરોલી યુવરાજ)ના જન્મદિવસ નિમિત્તે તા. ૨૭–૫–૨૦૦૧ નાં શુભદિવસે રૂ.૭૫૦૦૦/– કબ્રાઉ ગામ માટે તથા રૂ.૭૫૦૦૦/– અમરાપર ગામ માટે શ્રીવાક્‌પતિ ફાઉન્ડેશન–વડોદરા દ્વારા આ માતબર રકમનું દાન આપવામાં આવે છે. આ બંને ગામમાં ફક્ત હોસ્પીટલની સગવડ પ્રાપ્ત થાય એ આશયથી આ રકમનું દાન આપવામાં આવેલ છે.

શ્રાવણ સુદ ૫ તા. ૨૫–૭–૨૦૦૧ બુધવાર : નાગપંચમી. શ્રીજીની ઉર્ધ્વભૂજાના દર્શન. (ડાબી ભૂજા સંવત ૧૪૬૫). ગો.ચિ.શ્રીલાલજી (માંડવી–ગોકુલ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૭ તા. ૨૬–૭–૨૦૦૧ ગુરૂવાર : ગો.શ્રીત્રિલોકીભૂષણલાલજી મહારાજ (કોટા–કડી–કલકત્તા–બાબરા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૯ તા. ૨૮–૭–૨૦૦૧ શનિવાર : બગીચા નોમ. ગો.ચિ.શ્રીપ્રભુજી બાવાશ્રી (કોટા–મુંબઈ–જતિપુરા)નો જન્મદિન. નિ.લી.ગો.તિલકાયત શ્રીગોવિંદલાલજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

શ્રાવણ સુદ ૧૦ તા. ૨૯–૭–૨૦૦૧ રવિવાર : શ્રીકલ્યાણરાયજી (વડોદરા)નો પાટોત્સવ.

શ્રાવણ સુદ ૧૧ તા. ૩૦–૭–૨૦૦૧ સોમવાર : પુત્રદા એકાદશી. પવિત્રા એકાદશી વ્રત. પવિંત્રા શૃંગાર–ગ્વાલમાં ધરાય. ગો.ચિ.શ્રીગિરિધરલાલજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૨ તા. ૩૧–૭–૨૦૦૧ મંગળવાર : પવિત્રા બારસ. શ્રીગુરૂદેવને પવિત્રા ધરાવવા. ગો.શ્રીમધુરેશ– કુમારજી મહારાજ (મથુરા–પોરબંદર)નો તથા ગો.શ્રીગોકુલેશબાવાશ્રી (મુંબઈ–બોરીવલી– જામખંભાળીયા–જૂનાગઢ)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૩ તા. ૧–૮–૨૦૦૧ બુધવાર : ગો.શ્રીરાકેશકુમારજી મહારાજ (બોરીવલી– જામખંભાળીયા)નો જન્મદિન.

શ્રાવણ સુદ ૧૫ તા. ૪–૮–૨૦૦૧ શનિવાર : રક્ષાબંધન. સવારે શૃંગાર–ગ્વાલમાં. સાંજે પૂર્ણિમા નથી. સર્વ યજુર્વેદી, ઋગ્વેદી, તથા અથર્વવેદીની શ્રાવણી.

શ્રાવણ વદ ૧ તા. ૫–૮–૨૦૦૧ રવિવાર : ગો.ચિ.શ્રીઉપેન્દ્રજીબાવાશ્રી (કામવન)નો જન્મદિન.

શ્રાવણ વદ ૨ તા. ૬–૮–૨૦૦૧ સોમવાર : હિંડોલા વિજય.

શ્રાવણ વદ ૩ તા. ૭–૮–૨૦૦૧ મંગળવાર : કજ્જલી ત્રીજ, ગો.શ્રીદાનીરાયજી મહારાજશ્રી (મુંબઈ–બોરીવલી–જામખંભાળીયા–જૂનાગઢ)નો તથા ગો.ચિ.શ્રીગોપાલલાલજી (કામવન)નો અને ગો.ચિ.શ્રીગિરિધરલાલજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-07-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં. ૧૫૪૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

જ્યાંનૂં કછ્યુ ન અવિધિ વિધિ,
સરન પરયો, વ્રજરાય !
આછી લગેં જુ આપકોં,
સો કૃતિ લેહુ કરાય ॥ (૩૬)

ટીકા : હે શ્રીવ્રજરાજ ! પ્રભુ ! હું તો અવિધિ કહેતાં જે આટલું ન કરવું ને વિધિ કહેતાં આટલું કરવું એ વેદના કહેલા વિધિ–નિષેધ–એ બંનેમાં હું કાંઈ સમજતો છું નહીં, હું તો એક તમારે શરણે આવી પડયો છું. તમને જેવી રૂડી લાગે તેવી કૃતિ કરાવી લ્યોં. હું તો તમારે આધીન છું. ૩૬

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ.જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

• આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત •

શ્રી વલ્લભસુધા

વચનસુધા

બીજી વસ્તુ એ છે કે, અમે (આપણે) કહીએ કે 'આચાર્ય આજ્ઞા પ્રમાણે માનીએ છીએ' આ બહાનું આપણે આપવું ન જોઈએ. કારણ કે આપણે આચાર્ય ભક્ત નથી, કે ગુરૂ ભક્ત નથી. કે જેમ આ માનીને ચાલીએ કે 'આજ્ઞાગુરૂણાંહી, અવિચારણીયાત્' તો તો સંપ્રદાયનું આ પતન ન થાત, અને ગુરૂજી પોતાની પરંપરામાં બિરાજત. પણ આપણે તો એ છે કે ભાવતું'તું ને વૈદે કીધું એ હોય તો માનીએ. નહીંતો ન માનીએ એટલે આ આજ્ઞા પ્રમાણનું જે બહાનું છે, એ આત્મ પ્રવંચના છે. ભગવદ્ આજ્ઞાનું પાલન કોણ કરી શકે? કે જેમાં ભગવદ્ સામર્થ્ય હોય, એ કરી શકે એટલે આ બહાના હેઠળ આપણી જે એક નબળાઈ છે એને છૂપાવવાનો પ્રયાસ કરવો એ ધર્મ નથી. એ ધર્મ હોત તો સ્મશાનમાં ટીકળ શેકનાર માણસે પોતાની નબળાઈને સંતાડી નથી.

ચોરાશી વૈષ્ણવની વાર્તાથી માંડીને બસ્સો બાવનમાં પણ કોઈની નબળાઈને સંતાડવાનો પ્રયાસ પણ નથી કર્યો ને, આદર્શ પણ બનાવવાનો પ્રયાસ પણ નથી કર્યો. નબળાઈ છે એ નબળાઈ જ રાખી, અને એનાથી એને કેવી રીતે પ્રભુ મુક્ત કરે છે એ માર્ગદર્શન આપ્યું.

**(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૫૪—૫૫)**

ગૌરક્ષા—ગો—પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા—ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ **અંક : ૫**
વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૪** **ઓગસ્ટ, ૨૦૦૧**
વાર્ષિક લવાજમ રૂ.૪૦/- **આજીવન લવાજમ રૂ.૫૦૧/-**

"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

શ્રાવણ વદ ૭ તા. ૧૧–૮–૨૦૦૧ શનિવાર : શયનમાં છટ્ઠીનો ઉત્સવ. શ્રીવિષ્ણુસ્વામી પ્રાકટ્ય ઉત્સવ.

શ્રાવણ વદ ૮ તા. ૧૨–૮–૨૦૦૧ રવિવાર : શ્રીકૃષ્ણ પ્રાદુર્ભાવ ઉત્સવ. જન્માષ્ટમી વ્રત. ગો.ચિ. શ્રીગોકુલેશજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૯ તા. ૧૩–૮–૨૦૦૧ સોમવાર : નંદ મહોત્સવ.

શ્રાવણ વદ ૧૦ તા. ૧૪–૮–૨૦૦૧ મંગળવાર : આજથી અમાસ સુધી બાલલીલાના પદ બોલાય.

શ્રાવણ વદ ૧૧ તા. ૧૫–૮–૨૦૦૧ બુધવાર : અજાએકાદશી વ્રત. ભારત સ્વાતંત્ર્ય દિવસ. ગો.ચિ. શ્રીકનૈયાલાલજી બાવાશ્રી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૨ તા. ૧૬–૮–૨૦૦૧ ગુરૂવાર : શ્રીરણછોડજી (ડાકોર)ના પલના વિજય. દ્વાપર યુગાદિ. ગો.ચિ.શ્રીહરિરાયજી બાવાશ્રી (કોટા)નો જન્મદિન.

શ્રાવણ વદ ૧૪ તા. ૧૮–૮–૨૦૦૧ શનિવાર : શ્રીકાકાવલ્લભજીનો ઉત્સવ (સંવત ૧૭૦૩) તથા લાલા લહેરી શ્રીગોપાલલાલજીનો ઉત્સવ (સંવત ૧૯૧૦)

શ્રાવણ વદ ૩૦ અમાસ તા. ૧૯–૮–૨૦૦૧ રવિવાર : ગો.શ્રીનવનીતલાલજી મહારાજશ્રી (ગોકુલ–કામવન–વિરમગામ)નો જન્મદિન. (ભાદરવા સુદ ૧ નો ક્ષય હોવાથી આજે)

ભાદરવા સુદ ૨ તા. ૨૦–૮–૨૦૦૧ સોમવાર : વરાહ જયંતિ. શ્રીરાધાજીની વધાઈનો પ્રારંભ.

ભાદરવા સુદ ૩ તા. ૨૧–૮–૨૦૦૧ મંગળવાર : હરિતાલિકા–હરિયાળી–કેવડાત્રીજ.

ભાદરવા સુદ ૪ તા. ૨૨–૮–૨૦૦૧ બુધવાર : ગો.ચિ.શ્રીરસિકવલ્લભજી (મથુરા)નો જન્મદિન.

ભાદરવા સુદ ૫ તા. ૨૩–૮–૨૦૦૧ ગુરૂવાર : ઋષિપંચમી. દ્વિતીય સ્વરૂપ શ્રીચંદ્રાવલીજીનો ઉત્સવ. ગો.ચિ.શ્રીગોપીનાથ દીક્ષિતજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ભાદરવા સુદ ૬ તા. ૨૪–૮–૨૦૦૧ શુક્રવાર : ગો.ચિ.શ્રીયોગેશકુમારજી બાવાશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૫ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ ઓગસ્ટ, ૨૦૦૧

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ અઠ્ઠાવનમો : “ઉત્તમ બ્રાહ્મણ કો સીધા દે, પ્રસાદ ના દે”

વૈષ્ણવોને પ્રસાદ જ આપવો જોઈએ તેમ જણાવ્યા બાદ તેનો અપવાદ જણાવાય છે કે ઉત્તમ બ્રાહ્મણને સીધુ આપવું. પ્રસાદ ન આપવો. આનું કારણ વિચારવા જેવું છે. ઉત્તમ બ્રાહ્મણ કોને ગણવો કે જે શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગની રીતી પ્રમાણે જીવન જીવતો હોય તેજ ઉત્તમ બ્રાહ્મણ કહેવા. તેવા ઉત્તમ બ્રાહ્મણને માથે ભગવદ્સેવા અવશ્ય બિરાજતી હોય. હવે બ્રાહ્મણની વૃત્તી તો યજમાનો દ્વારા અપાતા દાન આદીથી ચાલતી હોય. તેમાં વળીજે ઉત્તમ બ્રાહ્મણ હોય તેના તો યજમાનો પણ વૈષ્ણવજ હોય. તે વૈષ્ણવો જો આ બ્રાહ્મણને પોતાના શ્રીઠાકોરજીની પ્રસાદી વસ્તુ આપે તો તે બ્રાહ્મણનો નિર્વાહ થાય પણ તેની માથે બિરાજતાં શ્રીઠાકોરજીને શું ભોગ ધરે ? આથી જણાવ્યું કે બ્રાહ્મણ વૈષ્ણવને કાચી સામગ્રી ઘી, ખાંડ, ચૂન, વેશણ, દાલ, ચોખા, વગેરેને સીધું આપવું જેથી તે સામગ્રી સિદ્ધ કરે અને પોતાના શ્રીઠાકોરજીને આનંદથી ભોગ ધરી શકે. આથી ઉત્તમ બ્રાહ્મણને સીધું આપવાનું જણાવ્યું છે. સામાન્ય બ્રાહ્મણને જેની માથે ભગવત સેવા ન બિરાજતી હોય તેનું પ્રેસાદી વસ્તુથી જ સમાધાન કરવું.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : ‘શ્રી વલ્લભસુધા’ કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર ગો.વા. શ્રીબાબુભાઈ પી. નાયક— કડી

—ગતાંકથી ચાલુ

વિકલત્વં તથાઽસ્વાસ્થ્યં પ્રકૃતિઃ પ્રાકૃતં ન હિ ।
જ્ઞાનં ગુણાશ્ચ તસ્યૈવ વર્તમાનસ્ય બાધકાઃ ॥૯॥

શ્લોકાર્થ : વિકલપણું અને અસ્વસ્થપણું વિરહનો સ્વભાવ છે, ને ખરેખર પ્રાકૃત નથી. એવી રીતે રહેનારને જ્ઞાન અને ગુણો વિઘ્નકર્તા (બાધક) છે.

ભાવાનુવાદ : વિકલતામાં જીવને આત્માદિનું અનુસંધાન રહેતું નથી. તે તરફ વૈરાગ્ય કે અણગમો ઉભો થાય છે. અને મન તેમાંથી નિવૃત્ત થઈ જાય છે. વળી ભગવાન—પ્રાપ્તિની ઈચ્છા જાગવાથી આંખો દર્શનની ઈચ્છા કરે છે. ચિત્ત અસંગ બને છે. અસંગ રહેવું ગમે છે. પણ સંકલ્પ નિવૃત્તિ થાય છે. અનિન્દ્રા, દેહના વિષયો તરફ અણગમો થાય છે. શરમ જતી રહે છે. ઉન્માદ થાય છે. મૂર્છા આવી જાય છે. આવી નવ પ્રકારની અવસ્થા જીવની થાય છે. આના કારણે લૌકિક વિષયોમાંથી સ્વસ્થતા પ્રાપ્ત થતા સુધી જીવની તેમાંથી નિવૃત્તિ થઈ જાય છે. શરમનો ત્યાગ અને મૂર્છા આવી જવી એ બધી વિકલતાની જ અવસ્થા છે. પ્રભુપ્રાપ્તિના ધ્યેય માટે આ સિવાય બીજું કોઈ સાધન નથી.

આ પ્રમાણે અસ્વસ્થતા અને વિકલતા એ બંને ભાવનાની સિદ્ધિ માટે જ્યારે જીવની પ્રકૃતિ (સ્વભાવ) બની જાય ત્યારે તે સ્વાભાવિક બની જાય છે. અહીં શ્રીમહાપ્રભુજીએ "હિ" પદપ્રયોગ નિશ્ચય બતાવવા માટે કર્યો છે. તે કંઈ પ્રાકૃત સત્વગુણ, રજોગુણ અને તમોગુણ બતાવવા નહીં.

ખરેખર! ગુણજન્ય જ્ઞાનમાં પણ જડપણામાં અને ઉન્મત્તપણું થવાથી આવે વખતે વિકલતા થતી લાગે છે. વળી મહાજ્ઞાનીને આવે વખતે તમોગુણજન્ય પ્રમાદ ઉત્પન્ન થાય છે. વળી રજોગુણથી ઉત્પન્ન થતા લોભ જેવા વિષયો પણ લૌકિક વિષયોમાંથી ઉભા થાય છે. આવી વિકલતા અને અસ્વસ્થતા થવી તે સ્વભાવનો ગુણ છે. એવું જીવને જ્યારે લાગે છે ત્યારે આવું થવાનું શું કારણ ? તેનું ચાચાજી હવે નિરાકરણ કરે છે. આવું થાય તે પ્રાકૃત નથી. આવી સ્થિતિમાં તેને લૌકિક જ્ઞાન થાય તે જ્ઞાન વિઘ્નકર્તા બને છે.

વર્તમાન સમયની વિકલતા અને અસ્વસ્થતા સહિત તાદશી ભાવવાળા માટે નિર્ગુણ જ્ઞાન હોવા છતાં પણ તે બાધક છે. અને જો ગુણો (સત્વ, રજ અને તમ) પણ બાધક છે. નિર્ગુણ જ્ઞાન પણ પ્રતિબંધક બને છે. જો સત્વ, રજ અને તમ જીવમાં ઉત્પન્ન થવા છતાં તે સગુણ જ્ઞાન જીવમાં લૌકિક વિષયો જેવા કે લોભ, પ્રમાદ, મોહ અને અજ્ઞાન જેવા દુર્ગુણો ઉત્પન્ન કરે છે જે ભગવદ્પ્રાપ્તિમાં પ્રતિબંધકરૂપ ભાવ બને છે.

આવા ભાવ ન ઉત્પન્ન થાય તે માટે જ્ઞાનના અને ગુણોના નિશ્ચયાત્મક ભાવ, વિકલતા અને સ્વસ્થપણું પ્રાકૃત હોવાથી દુર્વચનો નીકળે છે. એમ કહેવાનો આશય છે. અને ગતિ, સ્મિત, પ્રેક્ષણ વગેરેનું નિરૂપણ કરી એકાત્મ્ય સ્ફૂર્તિ પણ પ્રતિબંધક બને છે. તેમ કહે છે કે સામે બીજા ભાવ પણ પ્રતિબંધક બને છે.

છતાં પણ પુષ્ટિમાર્ગનું એકાદું સ્ફૂર્તિલક્ષણ હોય તો તે રસ આપનારું હોઈ નિર્ગુણ જ્ઞાનનું પ્રતિબંધક છે. તે પ્રસિદ્ધ છે. છતાં પણ "મન્નિષ્ઠં નિર્ગુણં સ્મૃતમ્" ભગવાન કહે છે કે જે મારી તરફ નિષ્ઠાવાળો છે. તેને સ્મૃતિએ નિર્ગુણ કહ્યો છે. એવા ભગવાનના વાક્યથી ભગવત્‌વિષયક ભગવત્ ચરણારવિંદરૂપ અ ક્ષર વિષય વિશેનું 'જ્ઞાન' સત્વગુણ, જન્ય, હોવા છતાં પણ તે નિર્ગુણ જ્ઞાન છે. છતાં પણ જો તે જ્ઞાન પ્રતિબંધક થાય તો તે પ્રતિબંધ બોધક જ સમજવું. ૯

સત્યલોકે સ્થિતિર્જ્ઞાનાત્ સંન્યાસેન વિશેષિતાત્ ।
ભાવના સાધનં યત્ર ફલં ચાપિ તથા ભવેત્ ॥૧૦॥

શ્લોકાર્થ : સંન્યાસ વડે પ્રબળ થયેલા જ્ઞાનથી સત્યલોકમાં સ્થિતિ પ્રાપ્ત થાય છે. જેમનામાં ભાવના (ભક્તિ)રૂપી સાધન છે તેને ફલરૂપે સાક્ષાત્ પ્રભુદર્શન થાય છે.

ભાવાનુવાદ : આ પ્રમાણે જ્યાં નિર્ગુણ જ્ઞાન પ્રતિબંધક બનતું હોય ત્યાં ગુણોનું જ્ઞાન પ્રતિબંધક બને તે તો કહેવું જ શું ? કૈમુતિક ન્યાય પ્રદર્શનપૂર્વક ગુણાનુજ્ઞાન પ્રતિબંધક બનતાં જ્ઞાન વિશે કહેવું વિચાર માંગી લે છે. ખરેખર ! રજોગુણ અને તમોગુણ લોભ વગેરે લૌકિક વિષયો જીવમાં ઉત્પન્ન કરતા હોય તો તે પ્રભુપ્રાપ્તિમાં પ્રતિબંધકતા ઉભી કરે છે. પણ સત્વગુણ તો કેવળ જ્ઞાન જ ઉત્પન્ન કરનારું હોઈ તે કેવી રીતે પ્રતિબંધક બને એવી શંકાના સમાધાનમાં સમજવાનું કે શાસ્ત્રોએ કહેલા તુરીયાશ્રમમાં કથાશ્રવણ સત્વગુણ ઉત્પન્ન કરનારું હોઈ સગુણ છે. તે મોક્ષરૂપ ફલ હોઈ સત્યલોકની પ્રાપ્તિ લક્ષણયુક્ત બીજી ઈચ્છા જન્માવનારું હોઈ તેને પ્રતિબંધક ગણ્યું છે. કારણ કે તેવું જ્ઞાન સત્યલોક ઉપરાંત તેને લગતી બીજી વિશેષતાઓ પણ જન્માવે છે.

અહીં બ્રહ્મની સાથે મોક્ષની વાત પણ છે. તે પછી બ્રહ્મલોકીય સુખનો અનુભવ કરાવનારું પણ છે. આમ બંને પ્રકારના ફલ ઉત્પન્ન કરનારું હોઈ પુષ્ટિમાર્ગ કરતાં ઉત્કૃષ્ટ ફલ આપનારું છે.

જ્યાં ભાવ છે ત્યાં ભાવના કારણ બને છે. અને ફળ પણ તેવું જ મળે છે. તે પ્રમાણે ભાવનાથી જેવો ભાવ જન્મે છે તેનું ફળ પણ પોતાની ઈચ્છા પ્રમાણેનું મળે છે. આ પ્રમાણે જેનામાં જે પ્રમાણેની ભાવના જન્મે છે તેવો જ ભાવ પણ ઉત્પન્ન થાય છે. પરિણામે ભાવ અનુસાર ભજનાનંદ તેનું ફળ પ્રાપ્ત થાય છે. તે ભાવ દેહાવસાન સુધી ટકી રહે છે. આ પ્રમાણે હવે ભાવનો ઉત્કર્ષ કરી હવે જ્ઞાનનો ઉત્કર્ષ કહે છે. ૧૦

શ્રીમદ્વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

૧૬. શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુચરણ

શ્રીમહાપ્રભુજી વલ્લભાચાર્યજીને ત્યાં બે બાલકોનું પ્રાગટ્ય થયું હતું. તેમાં જ્યેષ્ઠ પુત્રનું નામ શ્રીગોપીનાથજી હતું. તેના વંશમાં પોતાની લીલા ખૂબજ ટૂંકા સમયમાં સંકેલી લીધી હતી. દ્વિતિય પુત્ર શ્રીવિઠ્ઠલનાથજી હતાં. તેમને વૈષ્ણવગણ પ્રભુચરણ પણ કહે છે. તથા તેઓ શ્રીગુસાંઈજીના નામથી પ્રસિદ્ધ છે.

શ્રીવલ્લભાચાર્યના ચરિત્રનું અનુસંધાન કરવાને માટે પુષ્કળ સામગ્રી ઉપલબ્ધ છે. પરંતુ શ્રીવિઠ્ઠલનાથજીનું ચરિત્ર લખવાવાળાને માટે તેમના ચરિત્ર ઉપર પ્રકાશ પાડવાવાળો એકપણ સ્વતંત્ર પ્રમાણિક ગ્રંથ નથી. તેથી તેમનું ચરિત્ર લખવું ખૂબજ અઘરું છે. તેમ છતાંય 'વહ્નિસૂનુસ્તવ' ઈત્યાદી ગ્રંથોની સહાયતા લઈને અહીં થોડું લખવામાં આવે છે.

શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણનો પ્રાદુર્ભાવ સંવત ૧૫૭૨ પોષ કૃષ્ણ નવમી ના શુભ અવસર ઉપર થયો હતો. પહેલાં આપણે શ્રીવિઠ્ઠલનાથજીનું ચરિત્રના વિષયમાં કાંઈપણ લખીએ તે પહેલા 'વિઠ્ઠલ' આ શબ્દની ઉત્પત્તિ અને તેના અર્થ કરવો યોગ્ય છે. જેથી વાંચનારને આપનું ચરિત્ર સમજવામાં સહાય મળે.

'વિઠ્ઠલ' વાંચીએ તે શબ્દમાં સમ્પ્રતિ ત્રણ અક્ષર છે. 'વિદ્', 'ઠ' અને 'લ'. 'વિદ્' અથવા વિદાજ્ઞાન દ્વારા, 'ઠાન્' અથવા શૂન્ય કે મૂર્ખતા કે અજ્ઞાનને 'લાતિ' દૂર કરે. અથવા તો જ્ઞાનના દ્વારા અજ્ઞાનને દૂર કરે. અને આપનો દાસ બનાવીને સ્વીકાર કરે. તે 'વિઠ્ઠલ'. વૈષ્ણવોનાં અજ્ઞાન અંધકારને શ્રીવિઠ્ઠલનાથજીએ દૂર કર્યું છે. તેથી આપ 'યથા નામ તથા ગુણ રૂપ' છે.

આપના પ્રાદુર્ભાવની કથા પણ ભક્તોની ભાવનાઓથી જોડાયેલી છે. કહેવાય છે કે પંઢરપુરમાં શ્રીપાંડુરંગ વિઠ્ઠલનાથજીએ શ્રીમહાપ્રભુજીને એકવાર આજ્ઞા કરી– આપ વિવાહ કરો. મારે તમારે ત્યાં પ્રગટ થવું છે. તેથી શ્રીમહાપ્રભુજીએ કાશીના દેવભટ્ટની કન્યા અક્કાજી શ્રીમહાલક્ષ્મીની સાથે વિવાહ કર્યો. આપને ત્યાં સંવત ૧૫૬૭ ના આશ્વિન શુકલ બારશે શ્રીગોપીનાથજી પ્રગટ થયાં.

ત્યારપછી ૧૫૭૨ માં જ કાશી પાસે આવેલા ગામ ચરણાદ્રિ અથવા ચુનાર–માં આપશ્રીએ શ્રીમહાપ્રભુજીને ત્યાં પુત્ર થઈને જન્મ ધારણ કર્યો હતો. તેમનાં વડીલબંધુ શ્રીગોપીનાથજી મોટા વિદ્વાન અને અનન્ય ભક્ત હતા. દુઃખની વાત એ છે કે શ્રીગોપીનાથજીનો વંશ ચાલ્યો નહીં. વર્તમાન ગોસ્વામી બાલકો બધાંજ શ્રીવિઠ્ઠલનાથજીના વંશજો છે. આપની બાલ્યાવસ્થા પિતાની શિત છાયામાં વ્યતિત થઈ હતી. જ્યારે આપશ્રીની અવસ્થા પંદર વર્ષની થઈ ત્યારે શ્રીમહાપ્રભુજી પોતાના ધામમાં પધારી ગયા. પરંતુ તેટલી નાની ઉંમરમાં તો શ્રીવિઠ્ઠલનાથજી પ્રૌઢ વિદ્વાન થઈ ચુક્યા હતા. અને આપ અભ્યાસમાં

ખૂબજ આગળ વધતા રહ્યા અને અધ્યયનના ફળને એવા કાર્યમાં જોડી દીધું કે જેથી આજે પણ સંપ્રદાય અભિવૃદ્ધિ પામતો રહે છે.

જો કે શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુએ ઘણી વાર પૃથ્વી પ્રદક્ષિણા કરીને વાદીઓને પરાસ્ત કરીને બ્રહ્મવાદની સ્થાપના કરી હતી. ત્યારે સંપ્રદાયનો પ્રારંભિક કાળ હતો. અને તેના અનુયાયી બહુજ થોડાં હતા. પરંતુ શ્રીવિઠ્ઠલનાથજી પ્રભુચરણે સંપ્રદાયને પોતાના સમયમાં ખૂબજ વ્યાપક બનાવી દીધો. આપના સમયમાં સંપ્રદાય ખૂબજ વ્યાપક થયો તેનું કારણ તે હતું કે આપે ક્રિયાત્મક સેવા પદ્ધતિનું પ્રચાલન સંપ્રદાયમાં કર્યું. તે ઉપરાંત સંપ્રદાયની વ્યાપકતાનું કારણ તે હતું કે આપે સદ્વાદયુક્ત વિદ્વનમંડન, ભક્તિહંસ, ભક્તિહેતુ આદિ એવા વિદ્વતાપૂર્ણ ગ્રંથોની રચના કરી મતાંતર કરવાવાળા વિદ્વાનો ઉપર તેની ખૂબજ અસર પડી.

શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શ્રીમહાપ્રભુજીએ કાશીની સામે ચુનારગઢ ગામમાં બંને કુમારો શ્રીગોપીનાથજી અને શ્રીવિઠ્ઠલનાથજીનો યજ્ઞોપવિત મહોત્સવ કર્યો હતો. યજ્ઞોપવિત સંસ્કાર ઉપરાંત કાશીના મધુસૂદન સરસ્વતી નામના પ્રસિદ્ધ સંન્યાસીની પાસે વિદ્યાઅધ્યયન કરવાની આજ્ઞા શ્રીમહાપ્રભુજીએ શ્રીવિઠ્ઠલનાથજીને કરી હતી. —પુ.મા.ઈ.

શ્રીવિઠ્ઠલનાથજીએ પોતાની કુશાગ્ર બુદ્ધિથી વેદ તથા વેદાંગોનો અભ્યાસ પોતાની નાની ઉંમરમાંજ પ્રાપ્ત કરી લીધો. પરંતુ આપને આપના અધ્યયન કાળમાંજ પિતૃવિયોગ સહન કરવો પડ્યો હતો.

આચાર્યચરણની આસુર વ્યામોહલીલા પછી આપ અડેલમાં આવીને બિરાજ્યા. ત્યાં પ્રભુની સેવામાં સમય વિતાવવા લાગ્યા. ત્યાં આવતાં જીજ્ઞાસુ વૈષ્ણવોને પોતાના વચનામૃતોનું આસ્વાદન કરાવીને કૃતકૃત્ય કરતા. શાસ્ત્રાર્થના અર્થ ત્યાં આવતા પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરીને તેમને પોતાની અપ્રતિમ વિદ્યાબુદ્ધિથી પરાજીત કરતા. અનેક પંડિત આપશ્રીનું અપૂર્વ પાંડિત્ય, વેદસિદ્ધ અદ્ભુતયુક્તિ અને પોતાના પક્ષનું સમર્થન કરવાની અગાધ બુદ્ધિ જોઈને મુગ્ધ બની જતા હતા.

આપશ્રીએ અડેલમાં રહીને પિતૃચરણના અપૂર્ણ રહેલા ગ્રંથોને પૂર્ણ કરવાનું વિચાર્યું. બ્રહ્મસૂત્ર પર પિતૃચરણ પ્રણીત અણુભાષ્યના અંતિમ ભાગ લખીને તેને પૂર્ણ કર્યો. તત્ત્વદીપ નિબંધન્તર્ગત ભાગવતાર્થ પ્રકરણનો પ્રકાશ કે જે શ્રીમહાપ્રભુજીએ તૃતિયસ્કંધ સુધી લખી શક્યા હતા તેને આપશ્રીએ પાંચમાં સ્કંધ સુધી લખી કાઢ્યું. આ પ્રમાણે શ્રીમહાપ્રભુજી દ્વારા રચિત સુબોધિની ષોડશગ્રંથ આદિ અનેક ગ્રંથોની વિશેષ ટીકા કરી વૈષ્ણવ સૃષ્ટિને કૃતકૃત્ય કરી.

શ્રીગુસાંઈજી ખૂબ પ્રૌઢ વિદ્વાન હતા. એટલું જ નહીં પરંતુ આપ વ્યવહાર દક્ષ પણ ખૂબ જ હતા. આપની વ્યવહાર દક્ષતાનું સાક્ષાત્ ઉદાહરણ આપના દ્વારા પ્રચલિત સેવા પદ્ધતિ છે. આ સમયે ભારતમાં અનેક સંપ્રદાય પ્રચલિત છે. પરંતુ ક્યાંય પણ, કોઈપણ સંપ્રદાયમાં આવી પરિષ્કૃત સેવા પદ્ધતિ પ્રચલિત નથી.

શ્રીગુસાંઈજીએ બે વિવાહ કર્યા હતા. પ્રથમ વિવાહિતા પત્નીનું નામ શ્રીરુક્મણી વહુજી હતું. આપે દ્વિતિય વિવાહ સાગરમાં પદ્માવતી વહુજી સાથે ગઢાની રાણી દુર્ગાવતીના આગ્રહથી કર્યા હતા.

પ્રથમ પત્નીથી આપને શ્રીગિરિધરજી, શ્રીગોવિંદરાયજી, શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી તથા શ્રીયદુનાથજી તે પ્રકારે છ પુત્ર રત્નોની પ્રાપ્તિ થઈ હતી. શ્રીપદ્માવતીજી દ્વારા

શ્રીઘનશ્યામજીનું પ્રાગટ્ય થયું હતું. હાલમાં ભૂતલ ઉપર વિદ્યમાન ગોસ્વામીઓ બિરાજે છે તે શ્રીગિરિધરજી અને શ્રીયદુનાથજીના વંશજ છે.

શ્રીવિઠ્ઠલનાથજીએ સૌથી પ્રથમ 'ગોસ્વામી' પદ ધારણ કર્યું હતું.

આપે પોતાના સમયમાં પોતાના પ્રભાવનો સુખાનુભવ પ્રાપ્ત કર્યો હતો. આપના પ્રભાવથી પ્રભાવિત થઈને અનેક રાજા મહારાજાઓએ તેમની પાસે બ્રહ્મસંબંધ લીધું હતું. અને વૈષ્ણવ થયા હતા. આપને માટે જે વિશેષણ 'અનેક ક્ષિતિપ શ્રેણી મૂર્ધાશક્ત પદામ્બુજ' છે તે યથાર્થ કરી બતાવ્યું હતું.

આપ ગાંધર્વ શાસ્ત્રના પણ પ્રશંસક હતા. પરંતુ અન્ય રીતિથી તેનો ઉપયોગ અનુચિત જાણીને આપે ભગવદ્‌સેવામાં વિનિયોગ કર્યો. આપે સ્વયં પણ શ્રીની સન્મુખ કીર્તન સંગીતની વિવિધ રચનાઓ અપનાવી અને તેઓ રચના પણ કરતા.

એક સમય આપને શ્રીનાથજીનો વિયોગ પણ સહન કરવો પડયો હતો. શ્રીનાથજીના અધિકારી શ્રીકૃષ્ણદાસને એક સમય ગર્વ આવ્યો. તેમણે શ્રીગુસાંઈજીને શ્રીનાથજીના દર્શન માટે અટકાવ્યા. અને શ્રીગુસાંઈજી માટે દર્શન બંધ કરાવી દીધા. આપને ખૂબ દુઃખ થયું. શ્રીનો એક ક્ષણિક વિરહ પણ આપ માટે અસહ્ય હતો. આપ ખૂબજ દુઃખિત થયાં અને દુઃખના પ્રવાહને કારણે આપે 'વિજ્ઞપ્તિ' પ્રગટ કરી. આપ પ્રત્યેક દિને એક વિજ્ઞપ્તિ લખીને શ્રીના ચરણારવિંદમાં અર્પણ કરતા હતા. પ્રભુની સેવાના વિયોગમાં ભક્તની કેવી દશા થાય છે તે વિજ્ઞપ્તિ વાંચવાથી વિદિત થાય છે. આપને આ તાપ ક્લેશનો અનુભવ છ મહિના પર્યંત રહ્યો હતો.

આપે સંપ્રદાયને સન્માનીય અને દઢ કરવાના હેતુથી નિમ્નલિખિત ગ્રંથોની રચના કરી હતી.

૧. અણુભાષ્ય (શેષ)—'ફલમત્ત ઉપપત્તેઃ' આ સૂત્રથી લઈને શેષ પર્યંત આપની રચના છે.

૨. વિદ્વનમંન્ડન— વાદમાં અત્યંત ઉપયોગી વિદ્વતાપૂર્ણ ગ્રંથ. આપે આ ગ્રંથની રચના પોતે એકલાએ એકાંતમાં બેસીને કરી ન હતી. પોતાના પુત્રોને સન્મુખ બેસાડીને કરી હતી. તેઓ વાદ કરતા જતા હતા અને આપ તેના યથોચિત ઉત્તર આપતા હતા. અને લખતા જતા હતા. આવાત એતિહ્ય છે. ઉપરાંત અન્ય ગ્રંથો... (૩) શ્રૃંગાર મંન્ડન (૪) સુબોધિનીજી ટિપ્પણી (૫) ભક્તિહંસ (૬) ભક્તિ હેતુ નિર્ણય (૭) યમુનાષ્ટક ટીકા (૮) નવરત્ન ટીકા (૯) સિદ્ધાંત મુક્તાવલી ટીકા (૧૦) ન્યાસા દેશ ટીકા (૧૧) પ્રેમામૃત ટીકા (૧૨) મંગલાચરણ (૧૩) સર્વોત્તમ (૧૪) વલ્લભાષ્ટક (૧૫) મંગલારાર્તિ કાર્યા (૧૬) રાજભોગારાર્તિ (૧૭) સન્ધ્યોરાર્તિ (૧૮) શયાનારાર્તિ (૧૯) પર્યંક (૨૦) ભુજંગપ્રયાતાષ્ટક (૨૧) રાધા પ્રાર્થના ચતુઃશ્લોકી (૨૨) અષ્ટાક્ષર નિરૂપણ (૨૩) લલિત ત્રિભંગ (૨૪) વિજ્ઞપ્તિ (૨૫) વૃત ચર્યા (૨૬) સ્વામિની પ્રાર્થના (૨૭) સ્વામિન્યષ્ટક (૨૮) સ્વામિની સ્તોત્ર (૨૯) દાન લીલાષ્ટક (૩૦) રસ સર્વસ્વ (૩૧) પ્રબોધ (૩૨) રક્ષા સ્મરણ (૩૩) દ્વિતિય ચતુઃશ્લોકી (૩૪) નવ વિજ્ઞપ્તિ (૩૫) દ્વિતિય પર્યંક (૩૬) શ્રૃંગાર રસ (૩૭) ભક્તિ માર્ગ મર્યાદા (૩૮) સેવાશ્લોક (૩૯) પુરૂષોત્તમ પ્રતિષ્ઠા પ્રકાર (૪૦) સ્ફુરત્કૃષ્ણ પ્રેમામૃત (૪૧) યમુનાષ્ટપદી (૪૨) ગોકુલાષ્ટક (૪૩) સ્વપ્નદર્શન (૪૪) ગુપ્તરસ (૪૫) વૃત્ર ચતુઃશ્લોકી ટીકા (૪૬) ચૌર ચર્યા (૪૭) ચૌર્ય સ્વરૂપ નામ લીલા (૪૮) જન્માષ્ટમી નિર્ણય. (૪૯) ગીત ગોવિંદાર્થ (૫૦) ગીતા તાત્પર્ય (૫૧) મુક્તિ તારતમ્ય નિર્ણય (૫૨) ગાયત્ર્યર્થ કારિકા.

આપની કુમાર અવસ્થા હતી ત્યારેજ શ્રીમહાપ્રભુજીએ સંન્યાસ ગ્રહણ કરી લીધો હતો. તથા કાશીમાં આપ એકાંતવાસ કરીને શ્રીકૃષ્ણના ચરણારવિંદનું ધ્યાન કરતા હતા. આપના આસુર વ્યામોહ લીલા (દેહ છોડે)ના થોડાં સમય પહેલાં શ્રીવિઠ્ઠલનાથજી અને તેમના જ્યેષ્ઠબંધુ શ્રીગોપીનાથજી આપના દર્શન કરવા પધાર્યા. શ્રીમહાપ્રભુજી તે સમયે મૌન વ્રતમાં હતા. કોઈની સાથે બોલતા ન હતા. શ્રીગુસાંઈજીએ જ્યારે ઉપદેશ ગ્રહણ કરવાની ઈચ્છા કરી ત્યારે આપે સાડા ત્રણ શ્લોક લખીને આપ્યા. તે સંપ્રદાયમાં શિક્ષા સાર્ધત્રય શ્લોકીના નામે પ્રસિદ્ધ છે.

આ ઉપદેશના સમયે શ્રીભગવાન સ્વયં પ્રગટ થયા અને નીમ્ન સાર્ધ શ્લોક આપે શ્રીમુખથી કહ્યા—

મયિ ચેદસ્તિ વિશ્વાસઃ શ્રીગોપીજનવલ્લભે ।
તદા કૃતાર્થ યૂયં હિ શોચનીયં ન કર્હિચિત્ ॥
મુક્તિર્હિત્વાન્યથા રૂપં સ્વરૂપેણ વ્યવસ્થિતિઃ ।

અર્થ—જો મારામાં તમારો વિશ્વાસ રહેશે તો તમે કૃતાર્થ થઈ જાશો. તમારી શોચનીય દીન દશા ક્યારેય પણ નહીં થાય. મારામાં વિશ્વાસ રાખો.

આપ શ્રીકૃષ્ણનાં અનન્ય ભક્ત હતા. શ્રીકૃષ્ણ સિવાય બીજા કોઈનેય આપ ક્યારેય પરમેશ્વર માનતા ન હતા. આપનો મુદ્રાલેખ હતો—

જાનીતં પરમં તત્ત્વં યશોદોત્સંગલાલિતમ્ ।
તદન્યદિતિ યે પ્રાહુરાસુરાંસ્તાનહો બુધાઃ ॥

અર્થ— સર્વથી ઉચ્ચ કોટિના ઈશ્વર પરાત્પર તત્ત્વ અને સર્વસામર્થ્ય સંપન્ન પરમેશ્વર યશોદાના લાલ શ્રીકૃષ્ણને જ જાણો. તે સિવાય જો કોઈ બીજાને માનવા માટે કહે તો તેને અસૂર સમજો.

શ્રીગુસાંઈજીનું સન્માન મુસલમાન બાદશાહ અકબર કરતા હતા. અનેકવાર શ્રીગોસ્વામી વિઠ્ઠલનાથજીને તેમણે સન્માનિત કર્યાં હતા. રાજા ટોડરમલ તો આપના એટલા બધા અનન્ય ભક્ત થઈ ગયા હતા કે જ્યારે સંગ્રામમાં જતા ત્યારે આપની પ્રસાદી ઉપરણા ઓઢીને જતા.

આપ ભૂતલ પર સીત્તેર વર્ષ અને અઠ્યાવીસ દિવસ પર્યંત બીરાજ્યા. આપને સંવત ૧૬૪૨ ને માઘ શુક્લ સાતમના દિને શ્રીગિરિરાજની કન્દરામાં પ્રવેશ કર્યો.

□□□

પરીક્ષાર્થી માટે પ્રશ્નો :

૧. 'વિઠ્ઠલ' શબ્દની વ્યૂત્પતિ શું છે ?
૨. આપનું જન્મસ્થલ અને જન્મ સંવત્ લખો.
૩. આપના સમયમાં સંપ્રદાય વ્યાપક બન્યો તેનું કારણ શું હતું ?
૪. શ્રીગુસાંઈજીના કેટલા લાલ હતા ?
૫. શ્રીગુસાંઈજીના અન્તર્ધાન થવાનો સંવત્ કયો હતો ?
૬. આપનો મુદ્રાલેખ શું હતો ?

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

શ્રમ કરી સહુ વિદ્યા ભણ્યો, મહા પંડીત કહાવ્યો જગત,
પણ તેનો સાર ન સમજ્યો, જો ન થયો ભગવંતનો ભક્ત.
ભક્તિ વિનાં શ્રમ એ અફળ સૌ સાર. જ્યમ રાસભ વહે ચંદન ભાર,
જ્યમ અહિ મણિ દ્યુતિ મેળવે આહાર, ત્યમ તે ઉદર ભરે ધિક્કાર.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૭)

શબ્દાર્થ : રાસભ—ગધેડો, અહિ—નાગ, દ્યુતિ—પ્રકાશ.

વિવેચન : ૮૬ માં ચંદ્રાવળામાં કવિશ્રીએ જે જે સાધનો, ક્રિયાઓ, વિદ્યા અને લક્ષણો બતાવ્યા, તેનેજ અનુસંધાને આ કડીમાં કહેલ છે કે, ધિક્કાર છે આ બધા સાધનાનાં જાણકારને, કેમકે ભક્તિ ન કરી. દ્રષ્ટાંત આપી સાર સમજાવ્યો છે કે— ઘણી ઘણી વિદ્યા ભણ્યો, પંડિત પણ કહેવાણો, પરંતુ સાર સમજીને ભક્તિ ન કરી, તેણે વૃથા શ્રમ કર્યો છે.

જેમકે ગધેડાની પીઠ પર ચંદનના લાકડાં ભરેલા છે. તે બોજો ઉપાડીને ચાલે છે, તેને ચંદનની સુગંધથી કાંઈ લેવાદેવા નથી. તે તો ફક્ત બોજો ઉપાડીને ચાલવાવાળો જ છે. તેને તો જે કાંઈ પીઠ ઉપર લાદો, તે ઉપાડીને ચાલવાનું જ છે. ચંદનના ગુણ જાણી ઉપયોગ કરે તેને માટે ચંદન કામનું છે. ગધેડો તો ભાર જ ઉપાડે. તેમ તે પંડિત વિદ્યાનો બોજો જ ઉપાડે છે. ભજન વિના બધું નકામું જ છે.

સર્પ—મણિધર નાગ, જેને માથે મણી છે, તે નાગને તે મણી ફક્ત અંધારામાં પ્રકાશ કરી, પોતાનો ખોરાક મેળવવા પુરતો કામનો છે. તે ઉપરાંત તે મણિનો ઉપયોગ કે તેની કિંમત તે જાણતો નથી.

આ દ્રષ્ટાંતથી કહે છે કે, ભક્તિ વિના આ બધા સાધનો પેટ ભરવા પૂરતાં જ ઉપયોગમાં લીધા. તે નાગનાં મણિની સમાન છે. જો કે શાસ્ત્રોનું જ્ઞાન બહું જ મૂલ્યવાન છે. તે જ્ઞાનથી જો ભક્તિ કરે તો તે વિદ્વાન આપ તરે અને અનેકોને તારે. પરંતુ વિદ્વાન ગણાતા પંડીતો તો પોતાના પેટ ભરવા પૂરતો જ તેનો ઉપયોગ કરે છે, અથવા તો પ્રતિષ્ઠા કમાય છે. ઘણું ઘણું ધન મેળવી ફુલાય છે. તેની તે વિદ્યા નાગનાં મણિ સમાન જાણવી. નાગને પોતાના પેટ ભરવા સિવાય બીજું

જ્ઞાન નથી, પરંતુ માનવદેહધારી બુદ્ધિમાન થઈ, આટલી મહેનત લઈને શાસ્ત્રો ભણ્યો, જ્ઞાન મેળવ્યું, તેનો ઉપયોગ પોતાના સ્વાર્થ માટે જ એટલે ઉદર પોષણ પૂરતો કર્યો, તેને ધિક્કાર છે. કેમ કે માનવદેહધારી હોવા છતાં સ્વાર્થમાં લપેટાઈને જ ઉંમર પૂરી કરી. આ બદલ કવિશ્રી દ્રષ્ટાંતો આપીને સમજાવે છે.

દ્રષ્ટાંત– બ્રહ્મ પુરાણનું–

યથા ખર ચંદન ભાર વાહી, ભારસ્ય વેતા ન તુ ચંદનસ્ય,
તથૈવ વિદ્યાઃ શ્રુતિ શાસ્ત્રપૂર્ણાઃ મદ્‌ભક્તિહીનાં ખરવદ્‌ વહાનિ.

આનો ભાવાર્થ–ઉપર બતાવેલ ગધેડો ચંદનનો ભાર વહન કરે છે, તેવી જ રીતે વિદ્યાનો ઉપયોગ પંડીત કરે છે. તેથી તે ગધેડા જેવો જ છે, તેમ સમજાવ્યું છે.

સપ્ત શ્લોકી–શ્રીપ્રભુચરણ–

ક્વચિત્‌ પાંડીત્યમ્‌ ચેન્નન્‌ નિગમ ગતિ સાડપિ યદીન,
ક્રીયાસા સાડપિ સ્યાદ યદિ ન હરિ માર્ગે પરિચય.

આ મુજબ કદાચ કોઈ વિદ્વાન પંડીત બની જાય, પરંતુ વેદોમાં તેની ગતિ પહોંચતી નથી. કદાચ વેદોનો પણ તે જાણકાર હોય તો તેમાં લખેલ મુજબ તે કર્માદિ કરી શકતો નથી. કદાચ તે મુજબ કર્માદી કરી પણ લ્યે, પણ ભગવત્‌ માર્ગમાં તેનો પરિચય ન થયો, તો બધું વૃથા સમજવું. વિદ્યાભ્યાસ કરવો અને ઉદર પોષણ કરવું. આગળ વધીને પંડીતાઈ કરી પોતાનો સ્વાર્થ સાધવો. આવા બધા કર્મો છે. ભક્તિ નથી. ત્યારે ભક્તિ વિના ભગવદ્‌ પ્રાપ્તિ નથી. પ્રભુને પ્રાપ્ત કરવા પ્રિતની જરૂર છે.

શ્રીગુસાંઈજીએ દરવાજે વિષ્ણુદાસજી છીપાને ચોકીદાર રાખ્યા હતા. રોજ વિદ્વાનો શ્રીગુસાંઈજી પાસે વિદ્યાનો વાદવિવાદ કરવા આવતા હતા. થોડા દિવસ કોઈ ન આવ્યું ત્યારે શ્રીગુસાંઈજીએ પૂછયું કે આજકાલ કોઈ પંડીતો આવતા નથી. ત્યારે તપાસ કરતા માલૂમ પડયું કે ચોકીદાર જ પંડીતોને જવાબ કરી ત્યાંથી જ પાછા વાળી દેતા હતા. પંડીતો વિચાર કરતાં કે જેના ચોકીદાર આટલા વિદ્વાન છે, તો તે ગુરૂ પોતે કેવા હશે ? આમ સમજી તેઓ ચાલ્યા જતાં. તાત્પર્ય– આ ચોકીદાર કોઈ વિદ્વાન પંડીત ન હતા, પરંતુ માર્ગનું રહસ્ય જાણતા હતા. ભક્તિ જ સર્વશ્રેષ્ઠ છે, તે જાણતા હતા. આ જોતાં વિદ્વાનની જરૂર નથી, ભક્તિની જ જરૂર છે.

ધન્ય જેણે હરિગુણ ગાયા, સંસારીયામાં ધન્ય જેણે હરિગુણ ગાયા
બધા સંસારીયામાં તે નર જીત્યા, બાકી તો સર્વે વ્હેવાયા–સંસારીયામાં

આ કિર્તનનો ભાવાર્થ એવો નીકળે છે કે સંસારમાં આવીને જેણે ભગવાનની ભક્તિ કરી, તેજ સંસારમાં આવ્યા પ્રમાણ, બાકીનાં ને વહેવાયા કીધા છે. સંસારમાં આવીને ઘણું ઘણું

મેળવ્યું, જેમ કે અઢળક સંપત્તિ મેળવી, દરવાજે હાથી ઝુલતા હોય, ઈન્દ્રના જેવો વૈભવ ભોગવતો હોય, કોઈ વિદ્યા મેળવી પોતાને મહાન કહેવરાવતો હોય, આ બધું ક્ષણિક નાશવંત સુખ છે. પ્રભુની ભક્તિ તે જ સાચું ધન છે, સાચી પ્રિત છે, સાચું ઐશ્વર્ય છે. આ ઐશ્વર્ય કોઈથી લુંટી શકાતું નથી. તેની રખેવાલી કરવી પડતી નથી. "બડોધન હરિજનકોં હરિનામ" આ પંક્તિ મુજબ જેની પાસે ભગવાનની ભક્તિરૂપી ધન છે તે જ સંપત્તિવાન છે. બાકી સંપત્તિ અહીંની અહીં ધરી રહી જવાની છે.

સંસારમાં આવીને અગર કોઈ વસ્તુ પ્રાપ્ત કરવા યોગ્ય છે તો તે એક જ, અણમોલ વસ્તુ, ભગવાનની ભક્તિ જ છે. તેની સામે બધા વૈભવો તુચ્છ છે, નાશવંત છે. માટે જ કવિશ્રી કહે છે કે, સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૮૭)

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર – પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે કામનાથી વિંધાયેલા જારના પ્રેમનો દોષ બતાવતા શુદ્ધ પ્રેમનું હૃદય ખોલે છે કે–

નાસ્ત્યેવ તસ્મિંસ્તત્સુખસુખિત્વમ્ ॥ ૨૪ ॥

૨૪–તેમાં (કામી–વ્યભિચારીના પ્રેમમાં) પ્રિયતમના સુખે સુખી થવાનું નથી.

વ્યભિચારી મનુષ્ય કામવશ થઈને ફક્ત પોતાના સુખને માટે પોતાની ઈન્દ્રિયોની તૃપ્તિ માટે પ્રેમ કર્યા કરે છે. તે પોતાના પ્રેમપાત્રના સુખે સુખી નથી થતા. ગોપીઓના પ્રેમમાં આ ભાવ ન હતો. લૌકિક કામ પ્રેરિત પ્રેમમાં પ્રેમપાત્ર પુરૂષ કામી હોય છે અને તેને અંગ–સંગની ઈચ્છા હોય છે. અહીં પ્રેમપાત્ર સાક્ષાત્ વિશ્વાત્મા ભગવાન હતા અને ગોપીઓના મનમાં અંગ–સંગની કામના ન હતી. ગોપીઓ ફક્ત શ્રીકૃષ્ણ–સુખની અભિલાષાવાળી હતી. તેઓએ પોતાના તન, મન, બુદ્ધિ, રૂપ, યૌવન, ધન, પ્રાણ વિગેરે સંપૂર્ણ વસ્તુઓ પ્રિયતમ શ્રીકૃષ્ણની પૂજન સામગ્રી બનાવી દીધી હતી. પોતાનું સર્વસ્વ આપીને તેઓ શ્રીકૃષ્ણને સુખ પહોંચાડવા ઈચ્છતી હતી. જે વાતમાં શ્રીકૃષ્ણની ખુશી હોય તે કરવું તેમનો ધર્મ હતો. તેમાં તેમને પરમ સુખનો અનુભવ થતો હતો. તે સિવાય તેમના મનમાં બીજી રીતે થનાર સુખની ઈચ્છા તો દૂર રહી, કલ્પના પણ ન હતી. આજ તો કામ અને પ્રેમમાં તફાવત છે. કામ ઈચ્છે છે બીજા દ્વારા પોતે સુખી થવું અને પ્રેમ ઈચ્છે છે પોતા દ્વારા પ્રિયતમને સુખી કરવો અને તેને સુખી જોઈને જ સુખી થવું.

શ્રીચૈતન્ય ચરિતામૃતમાં ગોપીઓના પ્રેમનું વર્ણન કરતા ઘણું જ યોગ્ય કહી ગયા છે–

આત્મેન્દ્રિય પ્રીતિ–ઈચ્છા, તાર નામકામ।
કૃષ્ણેન્દ્રિય પ્રીતિ–ઈચ્છા ધરે પ્રેમ નામ॥
કામેર તાત્પર્ય નિજ સંભોગા કેવલ।
કૃષ્ણ–સુખ તાત્પર્ય પ્રેમ તો પ્રબલ॥
આત્મ–સુખ–દુઃખ ગોપી ના કરે વિચાર।
કૃષ્ણ–સુખ હેતુ કરે સબ વ્યવહાર॥
લોક ધર્મ, વેદ ધર્મ, દેહ ધર્મ કર્મ।
લજ્જા, ધૈર્ય, દેહસુખ, આત્મસુખ મર્મ॥
સર્વત્યાગ કરયે કરે કૃષ્ણેર ભજન।
કૃષ્ણ સુખ હેતુ કરે પ્રેમેર સેવન॥
ઈહાકે કહિયે કૃષ્ણે દઢ અનુરાગ।
સ્વચ્છ ધૌત વસ્ત્ર જૈલે નાહિ કોન દાગ॥
અતએવ કામ પ્રેમે બહુત અંતર।
કામ અંધતમ પ્રેમ નિર્મલ ભાસ્કર॥
અતએવ ગોપીગણે નાહિ કામગંધ।
કૃષ્ણ સુખ હેતુ માત્ર કૃષ્ણેર સંબંધ॥

ભગવાન શ્રીકૃષ્ણને સર્વસ્વ અર્પણ, પલભર માટે ભૂલી જવામાં પરમ વ્યાકુળતા, શ્રીકૃષ્ણના પ્રભાવ અને માહાત્મ્યનું યોગ્ય જ્ઞાન અને શ્રીકૃષ્ણના સુખે જ સુખી થવું, આ ચાર વાતો ગોપી પ્રેમમાં મુખ્ય છે.

આ ગોપી–પ્રેમ પરમ પવિત્ર અને અલૌકિક છે. એમાં જેને પાપ કે વ્યભિચાર દેખાય છે તેના પર શ્રીકૃષ્ણ દયા કરે. ૨૪

ભાષ્યાર્થ : પ્રેમમાં ખરે ! પોતાના સુખલાભનો તો ગંધ સરખો હોતો નથી. જેના ઉપર પ્રેમ તેનું જે સુખ તે જ પ્રેમનું પરમ સુખ હોય છે. પ્રેમપાત્ર પરમાત્માની ઈચ્છા મુજબ વર્તવાનો સ્વભાવ હોવો એ જ ભક્તને તો પરમ સુખનો ઝરો છે. તે પ્રેમીને તો સ્વાર્થ સુખની કલ્પના જ મહત્તમ દુઃખ છે. આ પ્રેમના આધારના સુખે સુખી થવાની વૃત્તિ જારપુરૂષમાં હોતી નથી. તેઓમાં સ્વાર્થપ્રધાન હોય છે. પોતાનું તર્પણ તેમને મુખ્ય છે. ભક્તને તો જેને તે ભજે છે તેનું સુખ એ જ પોતાના આત્માના તર્પણમાં કારણ છે.

આથી જ પ્રેમમાં તો 'પોતાની' વિસ્મૃતિ હોય છે અને પ્રેમાધારની જ અખંડ સ્મૃતિ હોય છે. તેમાં 'મમ' નથી હોતું, ફક્ત 'તવ' હોય છે અને આથી જ 'કેમ' પણ નથી રહેતું. 'કેમ' એ પ્રશ્નાર્થક અવ્યય તો પ્રેમના દોષને દાખવનારું કલંક છે. આથી પ્રેમપાત્રના સુખે જ પોતાનું સુખ એ વિશુદ્ધ પ્રેમનું રહસ્ય છે. ૨૪

પ્રકટયા ભૂતલ પરે પ્રભુ થૈ મહાપ્રભુ

(પૂ.ગો. શ્રીશરદકુમાર બાવાશ્રી (માંડવી–હાલોલ)ના **'સ્વરૂપ–સ્થિતિ'** લેખના આધારે)

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ભગવાને કહ્યું : 'અનુચર, ધર્મરાજ અને અધર્મરાજ બંનેને સંદેશ મોકલવામાં આવ્યો હતો. તેઓ બંને આજે ઉપસ્થિત થયા છે?'

'હા, પ્રભુ, બંને બહાર આપના આદેશની પ્રતિક્ષા કરી રહ્યા છે.' અનુચરે કહ્યું.

'બંનેને અંદર આવવાનું કહો.'

'ભગવત્, આપશ્રીને વંદન કરીએ છીએ. આપશ્રીએ અમને યાદ કર્યા તેથી કૃતાર્થ થયા છીએ. આપની શી આજ્ઞા છે પ્રભુ ?' ધર્મરાજ અને અધર્મરાજ બંને બોલી ઉઠયા.

ભગવાને કહ્યું : 'જુઓ, ધર્મરાજ અને અધર્મરાજ, તમને બંનેને આજે તમારા પોતપોતાના કાર્યક્ષેત્ર અંગે સૂચન કરવા બોલાવવામાં આવ્યા છે, તે મુજબ તમારે બંનેએ પૃથ્વી પર તમારા અનુયાયીઓ સાથે રહેવાનું છે. ધર્મરાજ ધર્મનિષ્ઠ રહી ધર્મની આણ પ્રવર્તાવે અને કર્તવ્યનિષ્ઠામાં શિથિલતા ન આવે તે પ્રત્યે સજાગ રહે, અધર્મરાજ, અલબત્ત, અધર્મનિષ્ઠ બની અધર્મ પ્રવર્તાવે અને પોતાના કાર્યમાં કર્તવ્યનિષ્ઠ રહે.'

ધર્મ કહે : 'પ્રભુ, હું આપની આજ્ઞા શિરોધાર્ય કરું છું અને તેનું યથોચિત પાલન કરવા પ્રયત્નશીલ રહીશ. ધર્મગુરૂઓ, સાધુસંતો અને ભગવદ્‌ભક્તો દ્વારા ધર્મપ્રચાર અને ધર્મપ્રસાર કરી જગતના જીવોને ધાર્મિક, સદાચારી અને ભક્તિભાવસભર બનાવી આપશ્રીના શ્રીચરણકમલોમાં સ્થાપિત કરીશ.'

અધર્મરાજ કહે: 'ભગવત્, હું પણ આપને વચન આપું છું કે હું મારા કર્તવ્યપાલનમાં કદી પાછી પાની નહીં કરું. મારી પાસે બેસુમાર અસુરો છે. તે બધા કટ્ટર ધર્મવિરોધી છે. અને મારો પડયો બોલ ઊઠાવી લેવા સદા તત્પર રહે છે. આપની આજ્ઞાનું પાલન કરવા હું સદાસર્વદા કટિબદ્ધ રહીશ.'

ભગવાન કહે : 'તમે બંને જઈ શકો છો, પરંતુ જતાં પહેલાં એક વાત ખ્યાલમાં રહે કે અધર્મ જ્યારે મર્યાદા લોપી હદ ઉપરાંત જોર–જુલ્મ કરવા માંડે છે અને ધરતીમાતા ઉપર ભારરૂપ બને છે, અને ધર્મ ભયમાં મૂકાય છે ત્યારે હું અનિવાર્યપણે હસ્તક્ષેપ કરું છું. આવશ્યકતા અનુસાર ધર્મની રક્ષા કરવા અને અધર્મને દંડ દેવા હું મારા નિજ સ્વરૂપે અને સમય સમય પર વિભૂતિ સ્વરૂપે પૃથ્વી પર અવતાર ધારણ કરું છું.

'ભગવન્, આપના આ સેવકો આપની આજ્ઞાનું અવશ્ય પાલન કરશે.' આમ કહી વંદન કરી બંને જણ હાથ મિલાવી પોતપોતાને સ્થાને પાછા આવ્યા.

આ પછી તો અનેક સદીઓ વિતી ગઈ. શરૂઆતમાં ધર્મનો સારો એવો ઉત્કર્ષ થતો રહ્યો. ઋષિ–મુનિઓ વેદોપનિષદના પઠન–પાઠનથી, સંતો–મહાત્માઓ જ્ઞાન–કર્મ–ભક્તિ–ઉપાસના–યજ્ઞયાગ વગેરે સુસાધનોથી ભારતની ભૂમિને પાવન કરી ધર્મની વૃદ્ધિ કરતા રહ્યા. ભારતભૂમિમાં જ્ઞાનનો સૂર્ય ચમકવા લાગ્યો, કર્મ લોકોને કર્તવ્યનિષ્ઠ બનાવતો રહ્યો અને ભક્તિ ભાવિકજનોને પ્રભુમય બનાવી પોતાના રસ–રંગમાં, રંગવા લાગી. ભારતના રાજા–મહારાજાઓ પ્રજાના કલ્યાણ માટે અને ઋષિ–મુનિઓના આશ્રમોનું પોષણ કરવા ધનદોલતનો સદુપયોગ કરવા લાગ્યા. અધર્મ એમાં વારંવાર બાધા નાખવા પ્રયત્ન કરતો રહ્યો પરંતુ એકંદરે લોકો સુખ–શાંતીભર્યું ધાર્મિક જીવન જીવી રહ્યા.

પરંતુ સમય સદા માટે એકસરખો રહેતો નથી. ધીમે ધીમે પરિસ્થિતિ બદલાતી ગઈ. કાળનો પ્રવાહ બદલાતો ગયો અને પોતાનો દુષ્પ્રભાવ બતાવવા લાગ્યો. અધર્મરાજની સાધનસમૃદ્ધિ વધતી ગઈ. તેના અનુયાયીઓ અને સાગરીતોની સંખ્યા વધતી ગઈ. કલિ જેવો સામંર્થ્યવાન ખલ સંગાથી પ્રાપ્ત થતાં અધર્મનો સિતારો ચમકવા લાગ્યો. ધીમે ધીમે કલિ જીવનના અનેક ક્ષેત્રોમાં પોતાનો પગપેસારો કરતો રહ્યો. કલિના કારસ્તાન વધતા ગયા. કલિના દુષ્ટ પ્રભાવથી ધર્મનો હ્રાસ થતો રહ્યો અને અધર્મનો ઉત્કર્ષ થતો ગયો. કલિના વિચક્ષણ પ્રભાવથી વેદો, ઉપનિષદો, જ્ઞાન, કર્મ, ભક્તિ, ઉપાસના, યજ્ઞ–યાજ્ઞ, તીર્થધામો વગેરેનું માહાત્મ્ય ઓસરતું ગયું. અધર્મ પોતાનો આસુરી પંજો વિસ્તારતો ગયો. જ્યાં જુઓ ત્યાં મારામારી, ખુનામરકી, જોર–જુલ્મ, અત્યાચાર, કપટ, ક્રૂરતા, ભ્રષ્ટાચાર દષ્ટિગોચર થવા લાગ્યા. લોકો ત્રાહિમામ પોકારવા લાગ્યા. એટલું જ નહીં પરંતુ અધર્મે ધર્મમાં ઘૂસણખોરી કરી સદાચારી અને દૈવી જીવોને પણ પોતાની લપેટમાં લઈ તેમને મોહમાયાની જાળમાં ફસાવ્યા. તેમને દંભ અને આડંબરયુક્ત બનાવી દીધા. અનેક માનવ ચહેરે મહોરે તો માનવ રહ્યા, પરંતુ દાનવ જેવા બની ગયા. હોઠે ભગવાનનું નામ લેવા છતાં ભ્રષ્ટાચારની કદમબોસી કરતા થઈ ગયા. માતા ભારતી પોતાના ભવ્ય ભૂતકાળને યાદ કરતાં કરતાં પ્રવર્તમાન હીન સ્થિતિ પર અશ્રુ સારતી રહી !

ધર્મરાજના પશ્ચાતાપનો પાર ન હતો. કર્તવ્યનિષ્ઠામાં શિથિલતા અને પ્રમાદ સેવાય તો તેનું કેવું દુષ્પરિણામ આવે છે તે નજરોનજર જોઈ હૃદયમાં પરિતાપ અનુભવવા લાગ્યા.

ધર્મરાજને થયું, લાવ, હું અધર્મરાજને આ બાબતમાં મળી આવું. કદાચ કંઈ સારું પરિણામ આવે અને ઉકેલ નીકળે પણ ખરો. વળી, અધર્મરાજ અને હું એક રીતે તો મિત્રો છીએ. ભગવાન પાસેથી છૂટા પડ્યા હતા ત્યારે પણ હાથ મિલાવ્યા પછી એકબીજાથી છૂટા પડ્યા હતા. તેમને મળવાથી જરૂર કાંઈક ઉકેલ આવશે.

બિચારા ધર્મરાજ ભોળવાઈ ગયા. તે એવું સમજતા હતા કે અધર્મરાજે તેમની સાથે દિલથી હાથ મિલાવ્યા હતા. પણ અધર્મરાજ તો 'દિલ મિલે યા ન મિલે, હાથ મિલાકે ચલો' માં માનનારા હતા. પેંતરાબાજી ન ચલાવે તો અધર્મરાજ શેના ?

ધર્મરાજ તો ગયા અધર્મરાજ ભવનમાં. અધર્મરાજે તેમને મલકતા મુખડે આવકાર્યા. ધર્મરાજે

પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરતાં મિત્ર તરીકે સહાય માગી.

અધર્મે પ્રત્યુત્તર વાળ્યો : 'જુઓ, ધર્મરાજ, આપણે મિત્રો છીએ એ વાતની ના નહીં, પરંતુ જ્યારે કર્તવ્યનિષ્ઠાનો પ્રશ્ન સામે આવે ત્યારે એમાં હું ઢીલું મૂકી શકું નહીં. એમાં કોઈ બાંધછોડને અવકાશ જ નથી. તમે શું કર્યું એનો હિસાબ અલબત્ત હું માગી શકું નહીં. પરંતુ મારું શું કર્તવ્ય છે એ વિશે હું નિશ્ચિત છું. ભગવાને આપણને બંનેને અલગઅલગ કાર્યભાર સોંપ્યો છે. એ પ્રમાણે તમે ધર્મ ફેલાવવાનું કાર્ય કરો છો અને હું અધર્મ ફેલાવવાનું કાર્ય કરું છું. હું તો મારા કર્તવ્યને વળગી રહી નિષ્ઠાપૂર્વક ભગવાને જેમ મને આજ્ઞા કરી છે, તેમ અધર્મના પ્રચાર–પ્રસાર કાર્યમાં દત્તચિત્ત બની રત રહું છું. હા, એ ખરું છે કે અતિ ઉત્સાહમાં અને જોમ–જુસ્સામાં આવું કરતાં કરતાં મારા પાંપાચારમાં નિષ્ઠાવાન અનુયાયીઓની બુરી સોબતમાં તમારા સારા એવા દૈવી જીવો પણ દુર્ભાગ્યવશ મારા પંથને અનુસરવા લાગ્યા છે. પરંતુ જે કાંઈ થઈ રહ્યું છે તે તો ભગવાનની ઈચ્છા પ્રમાણે જ થઈ રહ્યું છે તે તો તમે પણ નકારી ન શકો. આથી મિત્ર ! હું આ બાબતમાં કંઈ પણ કરી શકવા લાચાર છું. ઈશ્વરેચ્છા બલિયસી, બીજું શું ?

ધર્મરાજ કહે : 'પરંતુ અધર્મરાજ, જે દૈવી જીવો અજ્ઞાનવશ આપના અધર્મને રવાડે ચડયા છે તેમને તો મારા પંથમાં પાછા વાળી દો. એક મિત્ર તરીકે તમે મારું આટલું કામ ન કરો ?'

'અરે ધર્મરાજ ! એ શું બોલ્યા ? મિત્ર થઈને તમે મને કેવી સલાહ આપો છો ? તમે જાતે કિંકર્તવ્યમૂઢ બની ગયા છો તેથી સારાસારનું ભાન પણ ભૂલી ગયા છો. મારું પ્રમુખ કર્તવ્ય તો અધર્મનું પ્રચારકાર્ય કરવાનું છે, આધિપત્ય સ્થાપવાનું છે. તમે મને કર્તવ્યથી વિમુખ થવાની સલાહ આપો એ તમારા માટે શોભાસ્પદ નથી, હું જો મારી મૂળ પ્રકૃતિ અને ઈશ્વરથી આદેશિત કર્તવ્યથી વિરુદ્ધ વર્તન કરું તો અધર્મનો ફેલાવો કોણ કરશે ? હું જો કર્તવ્યભ્રષ્ટ બનું તો ભગવાન મારા પર ક્રોધે ન ભરાય ? વળી આવા અક્ષમ્ય અપરાધ બદલ ભગવાન મને દંડિત નહીં કરે ?'

'પણ....અધર્મરાજ.....'

'નહીં, ધર્મરાજ. આમાં પણ અને બણને કોઈ સ્થાન નથી. મને મારા કર્તવ્યથી વિચલિત બનવાનું ન કહો, તમે જાતે કર્તવ્યમુખ રહી શક્યા નહીં અને મને તમે કર્તવ્યવિમુખ બનવાની આવી કેવી વિચિત્ર વાત કહો છો ? ધર્મરાજ થઈને તમે આવી અવળી સલાહ આપો એ યોગ્ય ન ગણાય. ક્ષમા કરજો ધર્મરાજ ! તમે જો પ્રભુની આજ્ઞાનું યથોચિત પાલન કર્યું હોત તો આજે તમારા માટે આવો કપરો સમય આવ્યો હોત ખરો ? તમે કર્તવ્યનિષ્ઠ રહ્યા હોત તો આજે તમારા પંથમાં આવી હીન સ્થિતિ આવી શકે ખરી ? તો આપના દૈવી જીવો ધર્મપથ છોડી મારા પથમાં આવી શક્યા હોત ખરા ?'

ધર્મરાજ માથું ખંજવાળવા લાગ્યા. તેમણે કહ્યું : 'અધર્મરાજ, હું બહુ વિચિત્ર અને દ્વિધા ભરેલી સ્થિતિમાં મુકાઈ ગયો છું. પરંતુ હવે આવી પરિસ્થિતિમાં મારે શું કરવું તે મને સૂઝતું નથી.'

'ધર્મરાજ, મારે તમને નહીં કહેવું જોઈએ, પરંતુ મને મિત્ર તરીકે ગણો તો મિત્ર તરીકે અને દાનાદુશ્મન તરીકે ગણો તો દાનાદુશ્મન તરીકે એક સલાહ આપું ? તમે તમારી ઊંઘ ઊડાડો અને સજાગ બનો.

તમારા સર્વ અનુંયાયીઓને– કાર્યકર્તાઓને સાબદા કરો અને ધર્મનો એટલો બહોળો પ્રચાર કરો કે તમારા રાજ્યમાં સર્વત્ર પ્રકાશ પથરાય અને અંધકારમાં સબડતા દૈવી જીવોમાં ફરીથી ધર્મજ્ઞાન અને ભક્તિ ઉદય પામે.' અધર્મરાજે સલાહ આપી.

'અધર્મરાજ ! તમે મને સો ટચના સોના જેવી વાત કહી. એ વસ્તુ સાચી છે કે મારા અને મારા અનુયાયીઓના પ્રમાદ, કિંકર્તવ્યમૂઢતા, નિશ્ચિંતતા અને અસાવધાનતાને કારણે મારા ધર્મરાજ્યમાં આજે આવી હીન પરિસ્થિતિ પ્રવર્તે છે. વિધિની કેવી વિચિત્રતા છે કે તમે અધર્મરાજ હોવા છતાં કર્તવ્યનિષ્ઠ રહ્યા અને હું મારી જાતને ધર્મરાજ કહેવડાવતો હોવા છતાં કર્તવ્યનિષ્ઠાથી ભ્રષ્ટ થયો, મારું કર્તવ્ય ચૂકી ગયો. પરંતુ હવે તમે મને સજાગ કર્યો છે. જાગ્યા ત્યારથી સવાર ગણી હું મારા કર્તવ્યનું પાલન કરીશ. એક મિત્ર તરીકે તમે મને સાચી સલાહ આપી એ મારા માટે આભાર.'

બંને મિત્રો એકબીજાથી છૂટા પડયા.

ધર્મરાજ પોતાના ધર્મરાજ્યમાં પાછા પધાર્યા. પરિસ્થિતિ સુધારવા શું કરવું, શું નહીં કરવું તેના પરામર્શ– વિચારમાં થોડા દિવસો વીતી ગયા.

એક દિવસ ધર્મરાજ પોતાના રાજભવનમાં સિંહાસન પર બેઠા છે. હૃદય અશાંત છે, ચહેરા પર ઉદ્વિગ્નતા છવાઈ ગઈ છે. કોઈ ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયા હોય તેવી ગંભીર મુખમુદ્રા છે.

અચાનક વીણા વગાડતા વગાડતા ચૌદે ભુવનમાં સ્વૈરવિહાર કરનારા શ્રીનારદમુનિ 'નારાયણ, નારાયણ' નામનો ઉચ્ચાર કરતા કરતા પધાર્યા. વીણાના તારની ૐકૃતિ ધર્મરાજને ઝકઝોરે છે.

ધર્મરાજ સિંહાસન પરથી ઉતરીને નારદમુનિને પ્રણિપાત કરે છે. 'મુનિરાજ, આપને મારા કોટિ કોટિ વંદન.'

નારદ કહે : 'ધર્મરાજ, શી વાત છે ? આપ આટલા ઉદાસ કેમ લાગો છો ? એવું શું બન્યું છે કે જેથી આપ આવા હતપ્રભ અને ચિંતાતુર બની ગયા છો ? આપનો ચહેરો આટલો નિસ્તેજ શાને ?

ધર્મરાજ કહે : 'મુનિરાજ, આપનાથી શું છાનું હોઈ શકે ? મારા ધર્મરાજ્યમાં ધર્મનો હ્રાસ થઈ રહ્યો છે. મારા રાજ્યનો કોઈ પણ સીમાડો સુરક્ષિત નથી. અધર્મના અનુયાયીઓની સંખ્યા વધતી રહે છે અને મારા અનુયાયીઓમાં અધર્મરાજ કેર વર્તાવી રહ્યો છે, તેમાં પણ કલિ જેવો સંગાથી મળ્યા પછી ભ્રષ્ટાચાર માઝા મૂકી દઈ મારી ધર્મપ્રેમી પ્રજાને ભ્રષ્ટ બનાવી રહ્યો છે. આ બધું હું નજરોનજર જોઈ રહ્યો છું, છતાં કાંઈ કરી શકતો નથી તેથી મારું હૃદય ઉકળી રહ્યું છે, ખૂબ અશાંત છે. પ્રભુપ્રેમી પ્રજાની રક્ષા કેવી રીતે કરવી અને ધર્મરાજ્યનું રક્ષણ કેવી રીતે કરવું તેની ચિંતા મને કોરી રહી છે. આ કંઈ જેવું તેવું દુઃખ છે ?

નારદમુનિ બોલી ઉઠયા : 'નારાયણ, નારાયણ. ધર્મરાજ, હવે આપને લાંબા સમય માટે ચિંતા કરવી નહીં પડે. સદીઓ પહેલાં આપને અને અધર્મરાજ બંનેને પ્રભુએ બોલાવ્યા હતા અને બંનેને પોતપોતાના કાર્યક્ષેત્રમાં કર્તવ્યનિષ્ઠ રહેવાની સલાહ આપી હતી એ યાદ છે ?'

—ક્રમશઃ

કપિલાગીતા - અર્થાત્ શ્રીભગવાનનો કપિલાવતાર

લેખક : જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

—ગતાંકથી ચાલુ

આ પ્રમાણે કહીને બ્રહ્મા સ્વસ્થાને સિધાવી ગયા. કર્દમે પોતાની પુત્રીઓ મરીચિ વગેરે ઋષિઓ સાથે જેનો જેનો સ્વભાવ અને જેવી જેની રુચિ તે પ્રમાણે પરણાવી. તેમાં મરીચિને કલા, અત્રિને અનસૂયા, અંગિ અને શ્રદ્ધા પુલસ્ત્યને હવિર્ભૂ, પુલહને ગતિ, ક્રતુને ક્રિયા,ભૃગુને ખ્યાતિ, વશિષ્ઠને અરુંધતિ અને અથર્વાને શાંતિ નામક કન્યાઓ પરણાવી. પરણેલા એ ઋષિઓ સાથે કદર્મની આજ્ઞા લઈને એની પુત્રીઓ આનંદપૂર્વક પોતપોતાના પતિઓના આશ્રમો તરફ વિદાય થઈ.

એ પછી કદર્મ મુનિ પોતાને ત્યાં અવતરેલા કપિલ ભગવાનને મળવા એકાંતમાં તેમની પાસે ગયા અને કહેવા લાગ્યા—'હે પ્રભુ ! આપ તો ભક્તોનું માન અને મહત્તા વધારનારા છો. પોતાનું વચન સત્ય કરવા અને આપની આવી સીમા વગરની કૃપા માટે હું તો યથાયોગ્ય ન હોવા છતાં આપ મારે ત્યાં અવતર્યા છો એ આપ ભગવાન કપિલને હું શરણે આવ્યો છું. મને હવે કશીજ કામના રહી નથી. તો મને હવે સંન્યાસ લેવાની રજા આપો.' કપિલ ભગવાન બોલ્યા : 'હે મુનિ ! હું જ્ઞાનોપદેશ માટેજ તમારા ઘેર અવતરેલો છું. તેથી તમે જો ઘર રહેશો તોપણ તમને મુક્તિ તો સુલભ છે જ. સાંખ્ય શાસ્ત્રરૂપી આત્મદર્શનનો માર્ગ ઘણા સમયથી નષ્ટ બની રહેલો છે. તેને પુનઃ પ્રગટ કરવા માટેજ મારો આ આવિર્ભાવ થયો છે. તમારી ઈચ્છા પ્રમાણે તમારે જો જવુંજ હોય તો ભલે જાવ. પણ કર્મ માત્ર મને સમર્પણ કરી દેજો અને અહર્નિશ મારું ભજન કરશો તો મોક્ષપદ પામશોજ. માતા દેવહૂતિને પણ યથા સમયે આધ્યાત્મિક જ્ઞાનનો ઉપદેશ આપીશ અને એથી એ પણ હું અને મારું એવા મિથ્યા સંસારથી મુક્ત બની રહીને પરમાનંદ પામશે.

એ પછી કર્દમ મુનિએ ભગવાનની પ્રદક્ષિણા કરી પ્રસન્ન ચિત્ત બની રહી સંન્યાસ લીધો અને વનમાં ચાલ્યા ગયા. મુનિઓનું અહિંસા વ્રત ધારણ કરી આત્માનું શરણ લીધું, ભેદ બુદ્ધિનો ત્યાગ કર્યો અને કેવળ ભક્તિથી પ્રત્યક્ષ કરેલા પર બ્રહ્મ વિશે મન એકાગ્ર કરી દઈ સર્વાત્મના એવા ભગવાન વાસુદેવ વિશેજ ભક્તિભાવપૂર્વક લીન બની રહ્યા અને અંતે ભગવાનની ગતિને પામ્યા.

કપિલ ભગવાન ક્રમશઃ મોટા થઈ રહ્યા છે. મહાભાગા દેવહૂતિજી એમની સર્વ પ્રકારની ઈચ્છાઓ અપૂર્વ વાત્સલ્ય ભાવથી પૂરી કરે છે. યથા સમયે તેમને યજ્ઞોપવિત સંસ્કાર આપવામાં આવ્યો. એ પછી કોઈ સમર્થ વિદ્વાન જાણતા પંડિતને ત્યાં વિદ્યાધ્યયન અર્થે મૂકવામાં આવ્યા. અલ્પ સમયમાં જ ભગવાને વેદોથી લઈને વેદાંગો ધર્મસૂત્રો, દર્શનશાસ્ત્રો વગેરેમાં પારંગત બની રહ્યા. ગુરુના આશ્ચર્યની સીમા ન રહી.

આવો વિદ્યાર્થી હોઈ શકે એવું એમની કલ્પનામાં પણ ઉતરતું ન હતું. યુવાન અવસ્થા થતાં આસપાસના અનેક વિદ્યાર્થીઓ તેમની પાસે વિદ્યોપાર્જન અર્થે આવવા લાગ્યા. દૂર સુદૂરથી અનેક પંડિતો તેમ વિદ્વાનો પણ તેમની પાસે સત્સંગ અર્થે, વિચારવિનિમય કરવા અંગે તેમ વાદવિવાદ શાસ્ત્રાર્થ કરવા માટે પણ આવતા પરંતુ એ સર્વ એમનાથી પરાજિત અને પ્રભાવિત બની રહેતા. દેવહૂતિજી હવે વૃદ્ધ થયાં છે. સહસા તેમને બ્રહ્માએ કહેલી વાત આવતા તેમણે શાંતિથી બેઠેલા પુત્ર સમક્ષ ઉપસ્થિત થઈને કહ્યું : હે ભૂમન ! હે પ્રભુ ! મેં મારું સમસ્ત જીવન ઈન્દ્રિયોને સંતોષવામાં વિતાવ્યું છે. અને એ કારણે અજ્ઞાનરૂપી અંધકારમાં હું પડેલી છું. તેમાંથી ઉદ્ધાર કરવા તમેજ સમર્થ છો. તમે જીવોના આદિપુરૂષ ભગવાનો છો. પ્રકૃતિ અને પુરૂષનું જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છાથી હું શરણાગતવત્સલ એવા આપની સમક્ષ આવી છું. ભાગવત ધર્મોના જ્ઞાતાઓમાં શ્રેષ્ઠ એવા આપને હું નમન કરું છું. મને શાંતિનો માર્ગ—મુક્તિનો માર્ગ દર્શાવો.

—ક્રમશઃ

કાવ્ય – કુંજ

પધારો શ્રીવલ્લભરાય

શ્રીવલ્લભરાય મારે આંગણે પધારો (૨)
શ્રીનાથજીને સાથ તેડી લાવો...શ્રીવલ્લભરાય. ૧
આજનો દિવસ મારે ઉગીયો
કાલનો ભરોસો નહીં તલ ભાર રે...શ્રીવલ્લભરાય. ૨
ઘડી એકનો તો વાયદો વ્હાલા કામ નહીં આવે
એક પળ તો જાય છે મારી જુગની...શ્રીવલ્લભરાય. ૩
મખમલની ગાદી વહાલા પ્રેમથી ધરાવું
બીરાજો..મારા નાથ રે...શ્રીવલ્લભરાય. ૪
મેવા મિશ્રી વ્હાલા પ્રેમથી ધરાવું
જમુનાજીના ઝારી આપું પાસ રે...શ્રીવલ્લભરાય. ૫
વ્હાલા લવીંગ સોપારી એલચી
પાનના બીડલા સાથ રે...શ્રીવલ્લભરાય. ૬
આરતી ઉતારું મારા નાથની
લળી લળી લાગું પાય રે...શ્રીવલ્લભરાય. ૭
આ દાસની વિનંતી વ્હાલા સુણજો
અમને દેજો શ્રીવૃજમાં વાસ રે...શ્રીવલ્લભરાય. ૮

– ઠા.જયંતીલાલ મોરારજી ભીમજીયાણી, રાજકોટ.

કાવ્ય – કુંજ :

અલૌકિકતાનું દાન

રચયિતા : ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

સદા ધરવું શ્રીહરિનું ધ્યાન, ન આવે સંસાર એ દરમિયાન,
સ્મરણ કીર્તન છે ભક્તનું મ્યાન, પ્રભુને મળવું એજ અભિયાન.
તજવું સદા ક્રોધ અભિમાન, ઈર્ષા, દ્વેષ કામ ને માન,
લીલાનું જ રહે અનુસંધાન, સ્નેહમય ભક્તિને જ સન્માન.
પબુદ્ધ પરમારથ ભરેલું આ યાન, શ્રીમહાપ્રભુજી પ્રગટ પ્રમાણ,
પ્રેમના પ્રેરક પરિમાણ, ભગવત્કૃપાને ઉમંગે માણ.
નિર્મલ, નિશ્ચલ નિઃસ્વાર્થ હૃદયે, ભક્તિ કરવી એ જ તુ ઠાન,
વ્રજભક્તોના ભાવથી ભરપૂર, પ્રેમપ્રમોદને પુષ્ટિમાં સ્થાન.
ઉત્તમ વિદ્વત ગ્રંથોને, પ્રભુના સર્વ ઉપદેશ મહાન,
સ્નેહ સ્નેહ સ્નેહ ને સ્નેહ, આ છે પુષ્ટિ તત્ત્વજ્ઞાન.
સેવા ને ગુણગાન, પુષ્ટિમાર્ગનું સંવિધાન
પ્રેમાગ્નિ જ્યાં પરિધાન વિરહાર્તિ જ છે પ્રધાન
રસપ્રચુંર પ્રદાન આ છે
બસ, અલૌકિકતાનું દાન ! અલૌકિકતાનું દાન ! અલૌકિકતાંનું દાન !

વૈષ્ણવ થાવું રે (ઢાળ : ત્રણ તાળી)

સર્વોત્તમના પાઠ કરીએ રે, શ્રીવલ્લભ હૃદય ધરવાને,
આવો તો ભેળા ભજીએ રે, શ્રીવલ્લભ હૃદય ધરવાને. ૧
મને સપ્તશ્લોકીનું ઘેલું રે, વલ્લભાષ્ટક ભણું પહેલું રે,
શ્રીવલ્લભ હૃદય ધરવાને. ૨
લૌકિક સઘળું ભુલી રે, ગુરૂ ગૃહે જાવું પહેલી રે,
અસમર્પિત ના ભાવે રે, અન્યાશ્રય ના થાવે રે,
શ્રીવલ્લભ હૃદય ધરવાને. ૩
અમે શ્રીવલ્લભકુળનાં રસિયાં રે, વૈષ્ણવજન સંગે વસિયા રે,
અમે બ્રહ્મસંબંધ લીધાં રે, દોષ નિવારણ કીધાં રે,
શ્રીવલ્લભ હૃદય ધરવાને. ૪
ષોડશગ્રંથ સમજવા રે, ભાવ ભક્તિ દ્રઢ કરવા રે,
નંદ નંદનના વહાલા થાવું રે, 'શ્રીજીઅનુરાગી'એ પુષ્ટિ પથ જાવું રે.
શ્રીવલ્લભ હૃદય ધરવાને. ૫

– રમેશચંદ્ર ચીમનલાલ સોની (બીરપુર) શ્રીજીઅનુરાગી, અમદાવાદ.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૯૫. શરીરને લાડ ન લડાવતાં કસવું

શરીરને પછાડી નાંખ્યા વિના કાંઈ કામ નહીં થાય. જે વસ્તુ સારી પ્રભુ આરોગ્યા હોય તે આપણે લેવી નહીં. આપણા મોઢામાં ગઈ તે છૂટી પડી, કોઈ ભગવદીય, કોઈ હિંદુ વા આરબ, રોહિલા વા કોઈ અંત્યજ જાતિના મોંમા ગઈ તે તો પ્રભુને પહોંચી અને આપણાં મોંમા ગઈ તે તો છૂટી પડી. આપણું શરીર મુંડી (મોં) આપણને ભટકાવે છે, તેને તો દંડ દેતા રહીએ. સામાને ધૂડ આપીને રતન પ્રભુ પાસેથી લેવા હોય, તો પરમાર્થ કામ કરીએ. જો આપણે ખાઈશું તો વિષ્ટા થશે ને પરમાર્થ કરીશું તો રતન (પ્રભુ)ની પ્રાપ્તિ થશે. મોટા મોટા એ દેહનાં હાડકાં આપ્યાં છે. શિબિ રાજાએ પોતાના શરીરનું માંસ આપ્યું છે, માટે જે તારાથી પરમાર્થ થાય તે કરજે. જો વૈષ્ણવ વા માળા ધારી વા ગમે તે ભૂખ્યો જાણીએ, તો આપણે પેટ ભરીને ખાઈએ નહીં. એ ભક્તિમાર્ગની ચાલતી રીત છે, પણ ભક્તિમાર્ગ તો ઘણો આઘો છે.

આપણે ઘર, દ્રવ્ય અને સર્વે આપીને વનમાં જઈએ, પ્રભુનું ભજન સેવન માનસી કરીને ભૂખે મરીએ, તે ભક્તિમાર્ગ છે. શ્રીઆચાર્યજીએ ત્રણવાર પોતે પૃથ્વી પરિક્રમા ઉઘાડા પગે કરી છે, તેનું ફળ હજી આજ સુધી શ્રીવલ્લભકુળ પૂજાય છે, માટે સાધન વિના પ્રભુ પ્રસન્ન થાય નહીં. જુઓ, પરમેશ્વરના અવતાર નર–નારાયણ હજી સુધી તપ કરે છે. દત્તાત્રય હજી પ્રભુના જ ભોગ ભોગવે છે. ઋષભદેવજી પરમહંસ દશા ભોગવે છે. એવા પ્રભુના અવતાર તપ કરે છે, તો આપણે શી ગણતરીમાં છીએ ?

અલ્યા, પ્રભુ પામવા એમા શી વાર ? એક ક્ષણમાત્રમાં પ્રભુ પામીએ, પણ તે માર્ગ ચાલીએ તો પામીએ. મેર મૂર્ખ ! એક પંદર દિવસે અગિયારસ તો નકોરડી કરવાની, તેમાં વળી ફળ આહાર કરું છું, તો પછી ભૂખ્યો શી રીતે રહીશ ? જો હમણાં દેહ આપતાં કોઈનો દેહ રહેતો હોય તો આપણે આપીએ, ત્યારે પરમાર્થ કહેવાય. વળી લોકો કહેશે, કે એ તો મોટા ભગવદીય. એટલે ભગવાનનું પદ આપવાનું સુભાગ્ય છે. દેહ તો પરમાર્થ ન કરે ને જમના દૂત આવીને લઈ જાય, ત્યારે જખ મારતા જાય. પેલી દેહ તે ભગવદીયમાં ખપી અને અંદરખાને જુએ, તો ધૂળ ફાકતો ગયો. આ સંસારમાં છે, તે અડધું તો જાણવા દે નહીં.

શરીરમાં પાંચ યોદ્ધા રહે છે. રૂપ, રસ, ગંધ, રંગ અને સ્પર્શ. રૂપ વિષય જુએ, ને નરમમાં નાખે, રંગ તે વિવિધ પ્રકારના કામ છે. હમણાં ગુણકા નાચતી હોય તો જોવા જવાનું મન થાય છે. રસની ઈન્દ્રિય મોં ને સારુ સારુ ખાવાનું ગમે છે, તે પણ નરકમાં નાંખે છે, સ્પર્શેન્દ્રિય અને સ્ત્રીનો સ્પર્શ ગમે છે. સારી તળાઈ ઉપર સારી ચાદર વાપરે ને સુંવાળુ સારું લાગે છે. માંકડ કરડતા હોય અથવા ખાટલામાં રજ પડી હોય ત્યારે ગમે નહીં, આ વૈભવ પણ નરકમાં નાંખે છે. આવા શરીરમાં રહીએ છીએ, ને તેનું પોષણ કરીએ છીએ. તેનો વળી અહંકાર છે, માટે પોષણ કરવા કરતાં તેને દંડ દઈએ, ત્યારે પ્રભુ પ્રસન્ન થાય.

કહ્યું કે તમે મારું શું સારું કર્યું ? હજારો અવતાર આ શરીરે લેવરાવ્યા છે, એક અવતારે તે શરીર રણમાં મૂક્યું, તો બીજે અવતારે અથવા તે અવતારે હરિનો લાભ થાય. જુઓ અંબરીષ રાજાએ ઘરમાં રહીને સેવા કરી, ત્યારપછી શરીરને રણમાં મૂક્યું. પાંડવોએ રાજ કર્યું, ત્યારપછી પોતે પધાર્યા એવું જાણ્યું, ત્યારે કોઈને પૂછવા રહ્યા

નહીં, ને હિમાળે દેહ મૂકી તો તે પ્રભુ પામ્યા. વળી ભરત રણમાં રહ્યા તો પ્રભુની પ્રાપ્તિ થઈ, તેમ જે ભગવદીય ઈન્દ્રિયોના સ્વાદ મૂકી દે, ને દેહનો નિરોધ દમન કરે તે પ્રભુ પામે. વળી ઉદ્ધવજી પ્રભુના સખા તેમને પણ બદ્રીકાશ્રમમાં મોકલ્યા, ને ટાઢે તથા ભૂખે માર્યા. કોઈને ઘરમાં ખાતાં પીતાં પ્રભુ મળતાં નથી, ને મળશે પણ નહીં. છેલ્લે તો ત્યાગ જ છે. ત્યાગ પ્રભુને બહુજ રુચે છે. માટે ત્યાગ રાખવો.

(આ આંતર ઉદ્‌ગાર સર્વાત્મભાવ, ત્યાગ અને નિરોધના છે. લૌકિક ભોગ તથા સુખ તદન ત્યાગ કરવાનો ઉપદેશ છે. કષ્ટ વગર જગતને દેહ પર વૈરાગ આવે નહીં. જો બીજા પરથી પ્રીતિ ઓછી થાય તો જ પ્રભુ પર પ્રીતિ થાય એ સ્પષ્ટ બતાવ્યું છે. ત્યાગ કરવાનો અનુભવ નથી અને વિરહ વગર પ્રભુનો સાક્ષાત્કાર નથી. માટે શ્રીમહાપ્રભુજી કહે છે કે "વિરહાનુભવૈકાર્થ સર્વત્યાગો નિરૂપિતઃ" –દીનકિંકર) ૯૫.

શ્રીયમુનાજીના પદ (પદ–૮૯)

રચયિતા–મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક– 'માધુરી' રાજકોટ

જાકે તનક કૃપા રવિજા કી;
આતુર હરસિ ધાય મન મોહન, બાંહ ગહત હૈ તાકી. ૧
રાસ જનિત શ્રમ હરતિ શ્યામ કૌ, યહ અદ્‌ભુત પ્રભુતાઈ;
જલ ક્રીડા રત બ્રજ ગોપિનિ યુત, શ્રીમુખ કરત બડાઈ. ૨
પુષ્ટિ નિત્ય લીલા ઉપયોગી, દિવ્ય દેહ પ્રદ દાસહિ;
શુદ્ધ રસાત્મક ભક્તિ દાન પ્રદ, તોષત આશ પિયાસાહિ. ૩
પરિ પૂરન તમ બ્રહ્મ અમિત ગુણ, સો ઈનમેં હી બાજૈં;
દીનદાસ 'વલ્લભ' શરણાગત, બાનેહૈં જનહિ નિવાજૈં. ૪

ભાવાર્થ : જેના ઉપર થોડીસી કૃપા શ્રીયમુનાજીની થાય તેનો મનમોહન પ્રભુ અતિ આતુરતાપૂર્વક શ્રીહસ્તથી હાથ પકડે છે. રાસાદિ લીલામાં ઉત્પન્ન થયેલ શ્રમ તે શ્રમજલનાં અધિકારી કેવળ શ્રીયમુનાજી જ છે. ગોપીજનો સાથે જલક્રિડામાં આનંદ કરતા પ્રભુ સ્વયં શ્રીયમુનાજીની બડાઈ કરે છે કે આ શ્રમજલનાં અધિકારી કેવળ શ્રીયમુનાજી છે. તદ્‌ઉપરાંત પુષ્ટિલીલામાં નિત્ય નવી ભાવનાથી નવીન લીલામાં શ્રીયમુનાજીમાં રહેલી નિકુંજોમાં જ અનેક મનોરથો કરી ઋતુઅનુસાર સજાવટ, સામગ્રી વિગેરેથી પ્રભુને પ્રસન્ન કરે છે. પુષ્ટિ જીવોને દિવ્ય દેહ પ્રદાન કરી પ્રભુ સન્મુખતા પ્રાપ્ત કરાવે છે. ભક્તિરસનાં પ્યાસા એવા ભક્તોને તેની ઈચ્છા પૂર્ણ કરાવે છે. તે માટે ઉત્તમ એવી શુદ્ધ રસાત્મક ભક્તિનું દાન કરે છે. પૂર્ણ બ્રહ્મમાં જે અમૃતરૂપી ગુણ છે તે શ્રીયમુનાજીમાં સદા બિરાજમાન છે.

દીનદાસ વલ્લભ કહે છે કે જે કોઈ આપનું શરણ ગ્રહણ કરે તેને આપની કૃપાનું દાન મળે છે. જે દાનથી પ્રિયતમ શ્રીકૃષ્ણ પ્રભુની સાનિધ્યતા પ્રાપ્ત થાય છે. ૮૯.

પુસ્તક પરિચય

☐ **૧. ષોડશ ગ્રંથા :** અનુવાદક–શ્રીરમેશચંદ્ર એન. શાહ (એમ. એ. એલ.એલ.બી.) પ્રકાશક– શ્રીપુષ્ટિ પ્રકાશન, કાંદિવલી (વે.) મુંબઈ. વિતરણ– ઘાટકોપર બ્રાંચ, આં.રા.પુ.વૈ.પરિષદ C/O. શ્રીગોવિંદભાઈ જે. શાહ 'યશોદા નિવાસ', આર. એન. ગાંધી માર્ગ, ઘાટકોપર (પૂર્વ) મુંબઈ–૪૦૦૦૭૧. ફોન. ૫૧૫૭૨૬૦

૮ પેઈજી ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૪૪ ટાઈટલ મલ્ટીકલરવાળા દર્શનીય ચિત્રજી, ન્યોછાવર રૂ.૨૫/– પોસ્ટેજ રૂ. ૫/– વૈષ્ણવ સમાજની યુવાપેઢીને પુષ્ટિ સંપ્રદાયના સિદ્ધાંતો અને અમૂલ્ય સાહિત્યનો પરિચય કરાવવો અતિ આવશ્યક છે. ભારતમાં અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા તથા વિદેશોમાં રહેતી યુવાપેઢી ગુજરાતી તથા હિન્દી ભાષાથી અલ્પ પરિચિત હોવાને કારણે તેમને પુષ્ટિ સાહિત્ય અને સિદ્ધાંતોનો પરિચય કરાવવામાં મુશ્કેલી અનુભવાય છે.

ઉપરોક્ત પુસ્તકમાં ષોડશગ્રંથના મૂળ સંસ્કૃત શ્લોકોનું અંગ્રેજીમાં આલેખન કરવામાં આવ્યું છે જેથી કરીને આ યુવાપેઢી યોગ્ય ઉચ્ચારણ કરી શકે. સરળ અંગ્રેજી તથા ગુજરાતીમાં તે શ્લોકનું ભાષાંતર પણ આપવામાં આવેલ છે. જે શ્લોકનો યથાર્થ ભાવાર્થ સમજવામાં ખૂબજ મદદરૂપ થશે.

આ રીતે યુવાપેઢી પુષ્ટિપંથ પ્રેમી બની શકે તે માટે લેખકે સુંદર સફળ પ્રયાસ કરેલ છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજીનું સંક્ષિપ્ત જીવન તથા કાર્ય વિશેનો એક લેખ પણ સમાવેલ છે. અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતી તેમજ વિદેશમાં સ્થિત વૈષ્ણવ યુવા પેઢી માટે ખૂબજ ઉપયોગી પુસ્તક.

☐ **૨. મહાનુભાવ શ્રીગોવિન્દપ્રભુ કૃત (ચોવીશ વચનામૃત) કલશ–૧ :** પ્રકાશક–પ્રાપ્તિસ્થાન– શ્રીગોવિન્દપ્રભુ ટ્રસ્ટ, ૫– વ્રજરત્ન એપાર્ટમેન્ટ, ચૌરાબજાર, સુરત–૩૯૫૦૦૩.

"વૈષ્ણવવાણી"નો આ જુલાઈ ૨૦૦૧ નો અંક ભેટપુસ્તક વિશેષાંક તરીકે પ્રકાશિત થયેલ છે. " પુષ્ટિ પ્રવાહ મર્યાદા" ગ્રંથને અનુલક્ષીને આપશ્રીએ જે સુંદર વચનામૃતો કરેલા તેનું સંકલન કરીને "ચોવીસ વચનામૃતો (કલશ–૧) ૧૯૮૮માં પ્રકાશિત કરેલ. વૈષ્ણવોની સતત માંગના કારણે આ પુનઃ પ્રકાશિત કરવામાં આવેલ છે.

આપશ્રીએ આ ગ્રંથ વિશે જે છણાવટ કરેલ છે. તેમજ જે દોહન કર્યું છે. આથી તો પુસ્તકરૂપે પ્રકાશિત કરવા માટે વૈષ્ણવોએ સતત માંગણી કરેલ. અપ્રાપ્ય આવા વચનામૃતો પુનઃપ્રકાશિત કરેલ તે બદલ ધન્યવાદ.

☐ **૩. 'સેવા કિર્તન સુમન' પુસ્તકનું વિમોચન :** આં.રા.પુ.વૈ. પરિષદ નિઝામપુરા શાખા અને શ્રીવિઠ્ઠલેશ ટ્રસ્ટનાં સંયુક્ત સૌજન્યથી પ્રકાશીત થયેલ 'સેવા કિર્તન સુમન' પુસ્તકનું વિમોચન પૂ.પા.ગો.શ્રીવાગીશકુમારજી મહોદયશ્રીનાં કરકમલો દ્વારા સંપન્ન થયું.

આ પ્રસંગે પરિષદનાં નિઝામપુરા શાખાનાં કાર્યકરોએ 'નામ સેવા'નાં કાર્યને બિરદાવેલ. આ પ્રસંગે સંગઠન મંત્રી સી. પી. તલાટીએ ઉદબોધન કરેલ.

સમાચાર

❑ **ચેન્નાઈ :** ગોસ્વામિની શ્રી ગીતા વહુજી ભાભીજી મહારાજના શુભ આશીર્વાદ અને આજ્ઞાથી નિ.લી.દ્વિતીય પીઠાધીશ્વર ગો.૧૦૮ શ્રીગોપેશ્વરજી મહારાજશ્રીના પ્રપૌત્ર નિ.લિ.ગો.૧૦૮ શ્રીશ્યામસુંદરલાલજી મહારાજના પૌત્ર, એવમ્ ગોસ્વામી ૧૦૮ શ્રીઅજયકુમારજી મહોદયના આત્મજ ગો.શ્રીવાગધીશરાયજી (શ્રીવિશાલ બાવા)નો શુભ યજ્ઞોપવિત પ્રસ્તાવ સંવત ૨૦૫૭ વૈશાખ શુકલ દ્વાદશી તા.૪–૫–૨૦૦૧ ને સાનંદ–સઉલ્લાસ સંપન્ન કરવામાં આવ્યો હતો.

પ્રથમ તા.૩–૫–૨૦૦૧ ને શ્રીવિઠ્ઠલનાથ પ્રભુના વિવાહખેલ મનોરથ સંપન્ન થયો હતો. તા. ૪–૫–૨૦૦૧ તે પ્રભુને વિશાલ પુષ્પબંગલાનો મનોરથ હતો. અને શ્રીવાગધીશરાયજીની વિનયકી વરણાંગી શોભાયાત્રા નીકળી હતી. સુવિશાલ પુષ્પવિમાનમાં બાવાશ્રીને આસીન કરવામાં આવ્યા હતા. બેન્ડવાજા, કીર્તનીયા, મંડલી, સમસ્ત ગોસ્વામી આચાર્યગણ તેમજ નર–નારી અપાર વૈષ્ણવ સમૂહ શોભાયાત્રામાં જોડાયો હતો. ઠેર ઠેર પુષ્પવર્ષા થતી હતી, તેમજ બાવાશ્રીનું સન્માન કરવામાં આવ્યું હતું.

તા.૪–૫–૨૦૦૧ ના શુભમુહુર્તમાં શ્રીવિશાલબાવાનો શુભયજ્ઞોપવિત પ્રસ્તાવ સંપન્ન થયો હતો. સુવિશાલ સુસજ્જીત મંડપમાં સમસ્ત પધારેલ ગોસ્વામી આચાર્યગણ તેમજ પરિવાર અને શ્રીવહુજી–બેટીજી આદિ ૫૪ સ્વરૂપો ઉચ્ચ–આસન–મંચ ઉપર સુખપૂર્વક બીરાજયા હતા. સમસ્ત વૈષ્ણવોથી પંડાલ ખીચોખીચ ભરાઈ ગયો હતો, ગોસ્વામી શ્રીઅજયકુમારજી મહોદયની આજ્ઞાથી સમસ્ત ચેન્નઈ મહાનગરીના વૈષ્ણવોને મહાપ્રસાદ લેવડાવવામાં આવ્યો હતો.

શુદ્ધાદ્વૈત તૃતીય પીઠાધીશ્વર અનન્ત શ્રીવિભૂષીત ગોસ્વામી શ્રીવ્રજેશકુમારજી મહારાજ સમસ્ત પરિવાર સહિત ચેન્નઈ પધાર્યા હતા. ગોસ્વામી શ્રીવાગીશકુમારજી મહોદય, ગોસ્વામી શ્રીદ્વારકેશલાલજી મહોદય, ગોસ્વામી શ્રીદ્વારકેશલાલજી (કાંદીવલી) ગોસ્વામી શ્રીભરતકુમારજી (પુના), ગોસ્વામી શ્રીશિશિરકુમારજી (કાંકરોલી), ગોસ્વામી શ્રીપ્રશાંતકુમારજી (મુંબઈ), ગોસ્વામી શ્રીગોવીંદરાયજી (મુંબઈ), ગોસ્વામી શ્રીવિશાલબાવા (નાથદ્વારા–તિલકાયત), ગોસ્વામી શ્રીશરદબાવા (પ્રથમ પીઠ), ગોસ્વામી શ્રીકુંજેશકુમારજી (અમદાવાદ), ગોસ્વામી શ્રીયોગેશ્વરલાલજી (વડોદરા), ગોસ્વામી શ્રીકલ્યાણરાયજી (પુના), ગોસ્વામી શ્રીગોપેશકુમારજી (સૂરત), ગોસ્વામી શ્રીકીશોરચંન્દ્રજી (બેંગ્લોર) ઈત્યાદિ મહાનુભાવો પધાર્યા હતા.

તા.૪–૫–૨૦૦૧ સાયંકાલ શ્રીશુદ્ધાદ્વૈત વૈષ્ણવ મહાસભા એવમ્ વૈષ્ણવ સમાજ તરફથી આચાર્ય સંમેલન આયોજીત કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થીત સર્વ આચાર્યોનું ફુલહાર તેમજ મોમેન્ટો અર્પણ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. અને વૈષ્ણવોને વચનામૃતોનો લાભ મળ્યો હતો.

તા.૫–૫–૨૦૦૧ શ્રીવિઠ્ઠલનાથ પ્રભુને કુનવારા મનોરથ સંપન્ન કરવામાં આવ્યો હતો. પુનઃ તા.૮–૫–૨૦૦૧ ને શ્રીવલ્લભ નિકેતન–(વૈષ્ણવ સ્કૂલ)ના હોલમાં બીરાજમાન સર્વ આચાર્ય મહાનુભાવોનો વચનામૃત કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. સમસ્ત બીરાજમાન ગોસ્વામી મહાનુભાવોએ દિવ્ય વચનામૃતોની વર્ષા કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. મુંબઈમાં સુપ્રસિદ્ધ શ્રીગીરીશભાઈ કારીયા તેમજ તેમના સંગીઓની

કેસરીયા મંડલી ખાસ ધ્યાન ખેંચતી હતી. સુમધુર ઝાંઝ–પખાવજ આંદિ વાદ્યોના સ્વરે વાતાવરણને ખુબ ગુલાબી બનાવી દીધું હતું. ચેન્નઈ ખાતે ગોસ્વામી પરિવારમાં આવો ભવ્ય સમારોહ પહેલીવાર જ સંપન્ન થયો હતો. તેમજ ચેન્નઈ ખાતે સૌપ્રથમ આટલી મોટી સંખ્યામાં ગોસ્વામી આચાર્ય મહાનુભાવો તેમજ શ્રીવહુજી–બેટીજી આદિ આચાર્ય પરિવારની ઉપસ્થિતિ હતી. ચેન્નઈ વૈષ્ણવ સમાજે તમામ આચાર્યો તેમજ બહારગામથી પધારેલ જેમકે પુના, બેંગ્લોર, ગુંટુર, વિજયવાડા, અહમદનગર, વૈષ્ણવોને ઉતારા તેમજ ભોજનની સુંદર વ્યવસ્થા કરી હતી.

☐ **વડોદરા :** 'ષષ્ઠપીઠ' પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીનું તા.૯–૬–૨૦૦૧ ના રોજ ઉ.પ્ર.ના સાપ્તાહિક 'ધી મીરર ઓફ ડેમોક્રસી' દ્વારા 'લોકરત્ન સમ્માન'થી વિભૂષિત કરવામાં આવેલ છે. જે આપણા સંપ્રદાય માટે ગૌરવરૂપ છે. આપશ્રીએ પ્રતિભાવમાં જણાવેલ કે કોઈપણ પદ, પ્રતિષ્ઠા કે સમ્માન જ્યારે અહંકાર, આડંબરનું દ્યોતક બને છે ત્યારે જ વિકૃતિ નિર્મિત થતી હોય છે. આપશ્રીએ આ સમ્માન સ્વયંના આરાધ્ય પ્રભુના ચરણોમાં તથા શ્રીમદ્વલ્લભાચાર્યજીના ચરણોમાં સમર્પણ કર્યું હતું.

પૂ.પા.ગો.શ્રીવૃજેશકુમારજી મહારાજશ્રીના સંરક્ષણ હેઠળ તેમજ પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીની પ્રેરણાથી વૈષ્ણવી યુવાનોને યુવા સંગઠનો દ્વારા કાર્યરત કર્યા છે. તેના અનુસંધાને હાલોલ મુકામે તા.૨૮–૪ તથા ૨૯–૪ બે દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવેલ. આ યમુનાષ્ટક સ્તોત્ર શિબિર વે.શા.સં.ભાગવતાચાર્ય શ્રીયોગેશભાઈ શાસ્ત્રીના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવેલ.

ભૂકંપગ્રસ્ત કચ્છ જીલ્લાના અમરાપર ગામને શ્રીવલ્લભાચાર્ય કલ્યાણ કૃપા ટ્રસ્ટ દ્વારા દત્તક લેવામાં આવેલ તેના અનુસંધાને હાલ ૫૦ આવાસોનું બાંધકામ શરૂ કરવામાં આવેલ છે. આ આયોજન પાછળ ૨.૪૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવેલ છે.

તૃ.ગૃ.પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી તથા ખ.ગૃ.પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રીવલ્લભ વિશ્વવિહાર એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દ્વારા પાંચ દિવસીય "શ્રીપુષ્ટિ કિર્તન શિબિર"નું તા. ૨૨–૫ થી ૨૭–૫ સુધીનું આયોજન કરવામાં આવેલ. શિબિરના માર્ગદર્શક હવેલી સંગીતના રત્નસમા પ.ભ.શ્રીવિઠ્ઠલદાસ બાપોદરા હતા. તથા આપશ્રી દ્વારા પુષ્ટિમાર્ગીય પ્રચાસ–પ્રસારાર્થ શ્રીગુસાંઈજીની બેઠક ગોધરા મુકામે પ્રવાસનું આયોજન તા.૧૭–૬ ના રોજ કરવામાં આવેલ. લગભગ ૧૦૦૦ વૈષ્ણવોએ આ લાભ લીધેલ હતો. તેમજ આપશ્રીના અધ્યક્ષ તળે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ પૈકી આર્થીક રીતે નબળા પરિવારોના વિદ્યાર્થીઓ માટે રાહત દરે તેમજ નિઃશુલ્ક નોટબુક ચોપડા, પુસ્તકોનું વિતરણ કરવામાં આવે છે.

☐ **વડોદરા : ગો.વા.શ્રીચીમનભાઈ શેઠનાં તૈલચિત્ર અનાવરણ વિધિ :** આં.રા.પુ.વૈ.પરિષદનાં સંગઠન મંત્રી શ્રીચીમનભાઈ શેઠનાં સદ્ગતની સેવાસૌરભની પાવનસ્મૃતિ પ્રસંગે વડોદરામાં સદ્ગતનાં તૈલચિત્ર અનાવરણ પ્રસંગે પૂ.પા.ગો.શ્રીવાગીશકુમારજી મહોદયશ્રીએ આપના વક્તવ્યમાં શ્રીચીમનભાઈ શેઠની સાથેનાં પ્રવાસનાં સંસ્મરણોની યાદી આપવા સાથે જણાવ્યું કે વૈષ્ણવ પરિષદને ગંગાથી વોલ્ગા સુધી પ્રતિષ્ઠિત કરનાર શ્રીચીમનભાઈ શેઠ વ્યક્તિ નહીં પણ એક સંસ્થા હતા.

આ પ્રસંગે શ્રીપ્રદ્યુમન શાસ્ત્રી, ભગવતપ્રસાદ પંડયા, સી.પી. તલાટી, મુકુન્દભાઈ પટેલ, વામનભાઈ પટેલ તથા વડોદરા શહેરની વિવિધ શાખાનાં કાર્યકરોએ શબ્દો દ્વારા શ્રદ્ધાસુમન અર્પણ કરેલ.

☐ સંગીત સંધ્યા ☐

શ્રીવ્રજનિધિ સોશ્યલ ગૃપ દ્વારા પોરબંદર તન્ના હોલ ખાતે તા.૧૪–૭–૨૦૦૧ નાં રોજ સંગીત સંધ્યાનું આયોજન આપશ્રીની અધ્યક્ષતામાં કરવામાં આવેલ. આ સંસ્થા દ્વારા આપશ્રીની કૃપાથી માનસસેવા અને સામાજીક કાર્યોની અવિરત સક્રિયતા સાથે સંગતિ પ્રચાર–પ્રસાર અને ભારતીય સંસ્કૃતિના સંવર્ધનના પ્રયાસરૂપ આ કાર્યક્રમનું આયોજન સફળતાપૂર્વક સંપન્ન થયું. આ કાર્યક્રમમાં આપશ્રી દ્વારા સ્વાગત પ્રવચન થયેલ જેમાં સંગીતની માનવ જીવન માટે ઉપયોગિતા, આધ્યાત્મિક શાંતિ માટે સંગીતની જરૂરીયાત જણાવી હતી. આપશ્રીના સ્વાગત પ્રવચન બાદ પ.પૂ.ગો.૧૦૮ શ્રીરસિકરાયજી મહારાજશ્રી, પ.પૂ.ગો.૧૦૮ શ્રીવસંતકુમારજી મહોદયશ્રી, પ.પૂ.ગો.૧૦૮ શ્રીવિશાલકુમારજી મહોદયશ્રી, પ.પૂ.ગો.૧૦૮ શ્રીમિલનકુમારજી મહોદયશ્રીને પુષ્પહાર અર્પણ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ સ્થાનિક કલાકારો તેમજ અગ્રણીઓનું પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રીકિશોરભાઈ શાહે શાસ્ત્રીય ગાયન રજુ કરેલ. ત્યારબાદ પ.પૂ.ગો.૧૦૮ શ્રીરસિકરાયજી મહારાજશ્રીએ પોરબંદરની સંગીતપ્રિય જનતાને આપશ્રીના હારમોનીયમ વાદન દ્વારા મંત્રમુગ્ધ કરી દીધેલ અને આપશ્રીનો સંગીતનો વારસો ત્રીજી પેઢીથી ચાલ્યો આવે છે. અને પરમપૂજ્ય ગો.૧૦૮ શ્રીમિલનકુમારજી પણ પોતાની આગવી શક્તિ દ્વારા હારમોનીયમ વાદન ઉપર સફળતા મેળવી રહ્યા છે. આપશ્રીના હારમોનીયમ વાદનમાં તબલા સંગીત શ્રીમનસુખભાઈ થાનકીએ આપેલ.

☐ શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધા વિજેતા ☐

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ, ગુજરાત પ્રદેશ દ્વારા પ્રતિવર્ષ યોજાતી શ્રીવલ્લભ નિબંધ સ્પર્ધાનું ગુજરાત વ્યાપી અંતિમ સ્પર્ધાનું પરિણામ ઘોષિત કરતાં સ્પર્ધાનાં સંયોજક અને સંગઠન મંત્રીશ્રી સી.પી.તલાટી આનંદ અભિવ્યક્તિ સહ વિજેતા અને સહુ સહભાગી સ્પર્ધકોને અભિનંદન પાઠવે છે. પરિણામ નીચે મુજબ છે.

જૂથ ૧	પ્રથમ – ગાંધી રીમા પરેશકુમાર, સુરત. દ્વિતીય– સની કુમાર ડી. શાહ, જરોદ તૃતીય– શાહ મિથુલ એસ., કાલોલ ચતુર્થ– શાહ ઉન્નતિ ગૌરાંગભાઈ, હાલોલ પંચમ– મનન ટી. શેઠ, ઈન્દ્રપુરી, વડોદરા
જૂથ ૨	પ્રથમ – શાહ એકતા આર., ડભોઈ દ્વિતીય – મહેતા નિલય એસ., સુરત તૃતીય – શાહ ઊર્વિ પી., જરોદ ચતુર્થ – જોશી ગોપાલ પી., કારેલીબાગ, વડોદરા પંચમ – દોશી શ્રુત એ., આણંદ
જૂથ ૩	પ્રથમ – પ્રશાંત ડી. મહેતા, હાલોલ દ્વિતીય – દિશાંક ડી. શાહ, દાહોદ તૃતીય – જીગીષા એ. શાહ, માંજલપુર, વડોદરા ચતુર્થ – માનસી આર. શેઠ, ડભોઈ પંચમ – રશ્મિકા આર. પંચાલ, કેવડીયા કોલોની
જૂથ ૪	પ્રથમ – ગાંધી રૂપમબહેન એચ., દાહોદ દ્વિતીય – શાહ અચલાબહેન પી., ન્યુસમા, વડોદરા તૃતીય – ભાદુંવાલા દેવિકા કે., ડભોઈ ચતુર્થ – શાહ જગદીશભાઈ આર. રાજપીપળા પંચમ – શાહ શીલ્પાબહેન બી., વાડી વડોદરા.

ભાદરવા સુદ ૮ તા. ૨૬–૮–૨૦૦૧ રવિવાર : શ્રીરાધાષ્ટમી. ગો.શ્રીવ્રજજીવનજી મહારાજશ્રી (મુંબઈ–કાંદીવલી–અમરેલી)નો તથા ગો.ચિ.શ્રીઅભિષેકકુમારજી બાવાશ્રી (મથુરા–ધોરાજી)નો જન્મદિન.

ભાદરવા સુદ ૯ તા. ૨૭–૮–૨૦૦૧ સોમવાર : શ્રીમદ્ ભાગવત સપ્તાહ પ્રારંભ.

ભાદરવા સુદ ૧૧ તા. ૨૯–૮–૨૦૦૧ બુધવાર : પરિવર્તિની એકાદશી વ્રત. દાન એકાદશી. લેખવાળા શ્રીપુરૂષોત્તમજીનો ઉત્સવ (સંવત ૧૭૧૪). દાનના પદ આજથી ભાદરવા વદ ૧૧ સુધી ગવાય છે. શ્રીકૃષ્ણચંદ્રજીનો પ્રભાસક્ષેત્રમાં દેહોત્સર્ગ. શરદઋતુનો પ્રારંભ થઈ કારતક સુદ ૧૦ સુધી.

ભાદરવા સુદ ૧૨ તા. ૩૦–૮–૨૦૦૧ ગુરૂવાર : વામન જયંતિ. ભક્ત કવિશ્રી દયારામભાઈનો જન્મદિન (સંવત ૧૮૩૩).

ભાદરવા સુદ ૧૪ તા. ૧–૯–૨૦૦૧ શનિવાર : ગો.ચિ.શ્રીશિશિરકુમારજી (કામવન)નો જન્મદિન.

ભાદરવા સુદ ૧૫ તા. ૨–૯–૨૦૦૧ રવિવાર : પૂર્ણિમા. શ્રીમદ્ ભાગવત સપ્તાહ સમાપ્તિ. સાંઝીનો પ્રારંભ. આજથી અમાસ સુધી સાંઝીના પદ બોલાય.

ભાદરવા વદ ૧ તા. ૩–૯–૨૦૦૧ સોમવાર : શ્રીબાલમુકુન્દજીનો પાટોત્સવ (લાડુબેટીજી મંદિર–મુંબઈ) તથા શ્રીમુકુન્દરાયજી (કાશી)નો પાટોત્સવ. આજથી મુરલીના પદ વિજયા દશમી સુધી બોલાય. શ્રાદ્ધ પક્ષનો પ્રારંભ.

ભાદરવા વદ ૨ તા. ૪–૯–૨૦૦૧ મંગળવાર : ગો.ચિ.શ્રીદ્રુમિલકુમારજી (સુરત–વડોદરા)નો જન્મદિન.

ભાદરવા વદ ૪ તા. ૭–૯–૨૦૦૧ શુક્રવાર : ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી (સુરત–વડોદરા)નો જન્મદિન.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-08-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રી.નં. ૧૫૨
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ભવગનકે અથમેં વરન,
શિવસ્વામી કે અંત ।
સો મો અચઓં રસ,
શ્રીરાધા કંત ! (૩૭)

ટીકા : હે શ્રીરાધાકાંત ! કાંત (કંત) સ્વામી એટલે હે શ્રીરાધિકાના સ્વામી પૂર્ણ પુરૂષોત્તમ! ભવ જે મહાદેવજી તેના ગણ જે પ્રેત, તેનો ઘર (અથ) કહેતાં પહેલોં; ને વરણ કહેતાં અક્ષર એટલે 'પ્રે' પહેલોં લેવો ને શિવજીના સ્વામી એવા જે 'શ્રીરામ' તેનો અંત અક્ષર 'મ' તે લેવો, એટલે પહેલો 'પ્રે' ને 'મ' બેને જોડતાં 'પ્રેમ' થયો નેં 'રસ' આગળ કહ્યો છે એટલે 'પ્રેમરસ' થયો. તે પ્રેમરસ તમારો મને અચવોં કહેતાં પાઓ. એમ કવિ પ્રાર્થના કરે છે. 'પાઓ પ્રેમરસ પ્રાણજીવન રે, દીન થઈ જાચું રે.' ૩૭

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશંક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોન: ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

● આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત ●

શ્રી વલ્લભસુધા

વચનસુધા

આપણા વિવેકના અંદર સ્વધર્મનું પાલન્ન કરતાં સત્યનું નિવેદન કરવું એ આપણું કર્તવ્ય, આપણી ફરજ છે, એક કર્તવ્ય છે, એ વ્રજભક્તોએ પણ, ભગવાનની સમક્ષ એનો નિર્વાહ કર્યો, ત્યારેજ જે છે રાસ પંચાધ્યાયી માં. વિચાર ક્રમનો પ્રારંભ થયો. નહીં તો રાસ પંચાધ્યાયીમાં વિચાર પ્રારંભ ન થાત, ભ્રમર ગીતમાં વિચાર પ્રારંભ ન થાત, આવાં જે છે પરમ કાષ્ઠપન્ન સ્થિતિમાં, જ્યાં ફલ રૂપ ભગવાન હોય ત્યાં પણ વિચારનો પ્રારંભ થાય. ભગવદ્ આજ્ઞાની ઉપર પણ જો વિચાર કરી શકાય તો, આપણે પણ વિચાર કરવાનો આપણે અધિકાર છે, પણ એ અધિકાર છે—ચરણારવિંદના આશ્રયથી. આ અધિકાર પ્રકરણની પ્રધાનતા. અહીંઆ ચોટલી પકડીને અધિકાર નથી આવતો. કોઈને પણ ચોટલી પકડીને તમે જો અધિકાર કરવા જશો તો એ ખોટું છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૫૯)

● ગૌરક્ષા—ગો—પાલનમાં તત્પર બનો ●

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા—ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ **અંક : ૬**

વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૪** **સપ્ટેમ્બર, ૨૦૦૧**

વાર્ષિક લવાજમ રૂ.૪૦/— **આજીવન લવાજમ રૂ.૫૦૧/—**

"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

ભાદરવા વદ ૫ તા. ૮–૯–૨૦૦૧ શનિવાર : શ્રીહરિરાયજી (૪૧ શિક્ષાપત્રવાળા)નો ઉત્સવ (સંવત ૧૬૪૭).

ભાદરવા વદ ૮ તા. ૧૧–૯–૨૦૦૧ મંગળવાર : શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠપુત્ર શ્રીગોપીનાથજીના લાલજી શ્રીપુરૂષોત્તમજીનો ઉત્સવ (સંવત ૧૫૮૭).

ભાદરવા વદ ૯ તા. ૧૨–૯–૨૦૦૧ બુધવાર : અવિધવા નવમી. સૌભાગ્યવતી સ્ત્રીઓનું શ્રાદ્ધ. ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

ભાદરવા વદ ૧૨ તા. ૧૪–૯–૨૦૦૧ શુક્રવાર : ઈન્દીરા એકાદશી વ્રત. શ્રીમહાપ્રભુજીના જયેષ્ઠ પુત્ર શ્રીગોપીનાથજીનો ઉત્સવ (સંવત ૧૫૬૭).

ભાદરવા વદ ૧૩ તા. ૧૫–૯–૨૦૦૧ શનિવાર : શ્રીગુસાંઈજીના ત્રીજા લાલજી શ્રીબાલકૃષ્ણજીનો ઉત્સવ (સંવત ૧૬૦૬)

ભાદરવા વદ (અમાસ) તા. ૧૭–૯–૨૦૦૧ સોમવાર : સોમવતી અમાસ. સર્વ પિત્રી–દર્શ–અમાવાસ્યા શ્રાદ્ધ. કોટની આરતી. સાંઝીની સમાપ્તિ.

અધિક આસો સુદ ૧ તા. ૧૮–૯–૨૦૦૧ મંગળવાર : શ્રીપુરૂષોત્તમ માસનો પ્રારંભ. સેવા–સ્મરણ. વાંચન–શ્રવણ તથા વિવિધ મનોરથો મનાવવા તથા વ્રત કરવા માટેનો માસ.

અધિક આસો સુદ ૧૧ તા. ૨૮–૯–૨૦૦૧ શુક્રવાર : કમલા એકાદશી વ્રત.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૬ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ સપ્ટેમ્બર, ૨૦01

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ ઓગણસાંઠમો : " પ્રસાદ કો મોલ ના કરેં"

પ્રસાદ એ સાક્ષાત્ ભગવદ્ અધરામૃત છે, જેનું કોઈ મૂલ્ય આંકી શકાય જ નહીં. એવા પ્રસાદને રૂપીઆ–પૈસાની કિંમતે આંકવો તે મહાન અપરાધ છે. આજ–કાલ તો મોટા સ્થાનોમાં પ્રસાદ ભરબજારે વેચાય છે !!! આવા વેચાતા પ્રસાદમાંથી પ્રસાદનું આધિદૈવિક અધરામૃત સ્વરૂપ તીરોધાન થઈ જાય છે જ, અને પ્રસાદ વેચનાર તેમજ ખરીદનાર બંને, મહાઅલૌકિક, અમૂલ્ય પ્રસાદનું લૌકિક તૂચ્છ નાણાં બરોબર મૂલ્ય કરવાના અપરાધના ભાગીદાર બને છે. આ અપરાધથી અવશ્ય બચવું.

☐ અપરાધ સાંઠમો : " ગાયકો ભાગ ઓર કું ના દે "

શ્રીઠાકોરજીના રાજભોગ સર્યા પછી, સૌપ્રથમ પ્રસાદની દરેક વસ્તુમાંથી થોડી–થોડી વસ્તુ એક અલગ પાત્ર અથવા પાતલ કે દુનામાં લઈ ગાયને ગોગ્રાસ અવશ્ય આપવો જોઈએ. અને તે પણ કાળજીપૂર્વક ગાયને શોધીને તેને માનપૂર્વક ખવડાવવો જોઈએ. ઘણા લોકો ગોગ્રાસ કાઢે છે, પણ તેને ગલીમાં એક ખૂણે કે કુંડીમાં નાખી મૂકે છે. જે કદાચ ગાયને મલે કે કૂતરાં–બકરાં કે અન્ય પ્રાણીઓ ખાઈ જાય છે. આમ ન કરવું જોઈએ. ગાયને શોધીને ગોગ્રાસ અવશ્ય આપવો જોઈએ. નહીંતર અપરાધ પડે. (વિશેષ. ગાયને આપણો એંઠવાડ ન અપાય. જૂઠણ–એંઠવાડ કૂતરાં કે અન્ય પ્રાણી ખાયે જાય તેમ નાંખવો. ગાયને તો શુદ્ધ પ્રસાદ જ અપાય.)

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર ગો.વા. શ્રીબાબુભાઈ પી. નાયક— કડી

—ગતાંકથી ચાલુ

તાદશાઃ સત્યલોકાદૌ તિષ્ઠંત્યેવ ન સંશયઃ ।
બહિશ્ચેત્પ્રકટઃ સ્વાત્મા વહ્નિવત્પ્રવિશેદ્યદિ ॥૧૧॥
તદૈવ સકલૌ બન્ધો નાશમેતિ ન ચાન્યથા ।

શ્લોકાર્થ : તેવા લોકો (જ્ઞાની) સત્યલોક વગેરેમાં રહે છે. તેમાં સંશય નથી. પોતાનો આત્મા (ભગવાન) જ્યારે બહાર પ્રગટ થઈ, અગ્નિની પેઠે અંદર પ્રવેશ કરે, ત્યારે જ (જીવનાં) સર્વ બંધન નાશ પામે છે. બીજા પ્રકારે (એ બંધન) નાશ પામતું નથી. ૧૧$^{૧}/_{૨}$

ભાવાનુવાદ : આવા ભક્તો કે જેમને મોક્ષ પ્રાપ્ત થયો નથી. કારણ કે આ પ્રકારે જેમ અનેક જન્મોના યોગાદિથી કરેલા ક્રિયમાણ કર્મોથી જ્ઞાન વિલંબથી પ્રાપ્ત થાય છે. તેમ જ્ઞાન પણ બ્રાહ્મસ્થિતિ પર્યંત બ્રહ્મલોકમાં જીવને સ્થાપિત કરી બ્રહ્મની સાથે મોક્ષ આપવાનો છે પણ તે મોક્ષ વિલંબથી સ્વફલ ઉત્પન્ન કરે છે. તે પ્રમાણે આદિ રૂપના ભાવથી ભાવસાધનથી, ભાવફળથી અને સ્ફુટતર જ્ઞાનમાં અને જ્ઞાનના સાધનમાં અને જ્ઞાનમાં ફળમાં આકર્ષણ કરે છે.

આ ઉપરથી એક વાત નક્કી થઈ કે મૂળમાં ભાવ જ ફલજનક છે, પરંતુ જે કહેલું છે સ્વસાધનથી જાગતા ભાવ સત્વર ઉત્પન્ન થતો હોવાથી તેનું સ્વફળ પણ સત્વર ઉત્પન્ન કરે છે. પણ જે ભાવ સત્વર ફળ ઉત્પન્ન કરે છે તે સારું નથી.

જેમ સો વર્ષ પુષ્ટ થયેલો દંડ ઘડો બનાવવામાં વિલંબ કરે છે, અથવા સત્વર ઉત્પન્ન થતા હોવા છતાં ઘડો ઉત્પન્ન કરવામાં પ્રતિબંધ ઉભો કરે છે. પછી જો આવું થતું હોય તો સત્વરે ફલ ઉત્પન્ન કરવાનો હેતુ શો? તેવી શંકા થાય તો કહે છે કે જેમ કાષ્ઠમાં રહેલો અગ્નિ કાષ્ઠનું મથન કરવાથી અદ્‌ભુત અગ્નિ બનીને કાષ્ઠમાં પ્રવેશી આખા કાષ્ઠને બાળીને ભસ્મસાત કરી નાંખે છે. તેમ હૃદયમાં આવિર્ભૂત ભગવાન જીવનાં બધાં બંધનોનો નાશ કરે છે.

તેજ પ્રમાણે ભગવાન તો સર્વત્ર વ્યાપક છે. તે ભગવાન ભક્તિથી અંતઃકરણમાં પ્રગટ થવાને શક્તિમાન હોઈ જીવના અંતઃકરણમાં પ્રગટ થાય છે. જો કદાચ તે તિરોહિત હોય ત્યાં સુધી આવી પરિસ્થિતિ રહે, પણ જીવના અંતઃકરણમાંથી જેવી અવિદ્યા નાશ પામે છે તેને સ્વરૂપાનંદની અનુભૂતિ થાય છે. એમ કહેવાનો ભાવ છે. બીજી કોઈ રીતે આવું બનતું નથી. અને જ્ઞાનમાર્ગની રીતે નો નહીંજ એવું કહેવાનો અર્થ છે. જ્ઞાનમાં તો જીવને સ્વમાં જ્ઞાનનો ઉદ્‌ભવ થાય છે, જેથી લાંબાગાળે બ્રહ્મમાં મુક્તિ થાય છે. અવિદ્યાથી બંધાયેલાનું જીવન સંભવિત છે. પરંતુ જે બંધનમુક્ત છે તેને જીવન હોવાનું સંભવિત નથી. તેજ પ્રમાણે બંધનો નષ્ટ થઈ જાય તો પછી જીવનનું પણ શું પ્રયોજન? ૧૧$^{૧}/_{૨}$

ગુણાસ્તુ સંગરાહિત્યાજ્જીવનાર્થં ભવન્તિ હિ ॥ ૧૨ ॥

શ્લોકાર્થ : ભગવાનના ગુણો તો વિરહભાવવાળા ભક્ત માટે લૌકિક આસક્તિ વિનાના ભક્તનો સંગ ન હોવાને કારણે જીવન ટકાવી રાખવા માટે જ ખરેખર (જરૂરી) છે. ૧૨

ભાવાનુવાદ : હવે જીવન એક સાધન છે એવી જો કોઈ શંકા કરે તો તેના સમાધાનમાં કહે છે કે અહીં જે 'તુ' પદ વપરાયું છે તેથી સમજાય છે કે અંતરમાં થતી વ્યાવૃત્તિ જ તેનું કારણ છે. ભગવાનના ગુણો જ જીવન પ્રાપ્ત કરાવે છે. તેજ નિશ્ચિત છે. તો ગુણો શા માટે જીવન પ્રાપ્ત કરાવે છે? તેનું સમાધાન કરતાં કહે છે કે 'સંગ' તેનું કારણ છે. કારણ કે ભગવદ્ ગુણો તો વિરહભાવવાળાને લૌકિક આસક્તિ વિનાના ભક્તોનો સંગ ન હોવાને લીધે જીવન નિભાવવા માટેજ ખરેખર ! જરૂરી છે. તેજ પ્રમાણે ભજનાનંદના અનુભવની યોગ્યતા પ્રાપ્ત કરવા વિરહાનુભવની સિદ્ધિ નિમિત્તે ભગવાનના ગુણોજ જીવન માટે જરૂરી છે.

તેટલા જ સંયોગ અવસ્થામાં ક્યાં નથી જીવી શકતા? તેથી સ્વાસ્થ્ય થાય તેવી શંકાના કારણે હવે ૧૩ મા શ્લોકમાં કહેશે. ૧૨

શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

૧૭. પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા

શ્રીમદાચાર્યચરણે જગતમાં ત્રણ પ્રકારનાં મનુષ્ય ગણાવ્યા છે. પુષ્ટિસ્થિત જીવ, પ્રવાહમાર્ગીય જીવ અને મર્યાદાશીલ જીવ. આ ત્રણેય પ્રકારનાં જીવોનું ફળ તેની ક્રિયાના ફળ દ્વારા ભિન્ન હોય છે. પૃથ્વીના સમસ્ત મતમતાંતરોનો સમાવેશ આ ત્રણેય માર્ગોમાં થઈ જાય છે. જે જીવ અહીં જન્મ લે છે પરંતુ ભગવાન શું છે? હું કોણ છું ? અને જગત શું છે? ઈત્યાદિ દાર્શનિક વિચારોને લોકો વેદોક્ત રીતિથી સમજતા નથી તે આસુર અથવા ચર્ષણી જીવ છે. તેનું કામ જન્મ લેતા રહેવાનું અને પુનઃ મરતા રહેવાનું રહે છે. તેને પ્રવાહીમાર્ગીય જીવો કહે છે. સર્ગ પ્રલયની જન્મમરણની આ શૃંખલા તૂટતી નથી તે 'પ્રવાહ' છે. આસુરી પ્રવાહ વિષયણી સૃષ્ટિ બધાથી નીચી ગણવામાં આવી છે. ગીતાજીમાં જે 'તાનહં દ્વિષતઃ ક્રૂરાન્સંસારેષુ નરાધમાન્' કહ્યું છે. તે પ્રવાહી અને તેનામાં પણ દુર્જ્ઞ પ્રવાહીને લક્ષ રાખીને કહેવામાં આવ્યું છે. પ્રવાહી સૃષ્ટિના અનેક ભેદ છે.

ચૈતન્યરૂપ જીવ ભગવદીય અંશ બધામાં બધેય સમાન છે. પરંતુ કૃપા અને કર્મના ફળના ભેદને લીધે કોઈ જીવને અક્ષરબ્રહ્મની પ્રાપ્તિ થાય છે. તો કોઈને સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. કોઈ અન્ધ તામસમાં

પડે છે. તો કોઈ પૂર્ણ પુરૂષોત્તમને પ્રાપ્ત કરે છે. કોઈને ઉત્તમ દેહ મળવા છતાં તેના કર્મ નિતાન્ત ગર્હિત હોય છે અને કોઈને ગર્હિત્ દેહ મળવા છતાં પણ તેના કર્મ શ્રેષ્ઠ હોય છે. આ સંસારમાં, આપણને ગમે તેટલા સુખ મળે તેવી આશાવાળા હોય છે. તો કોઈ પારલૌકિક સુખને માટે ચિંતિત થઈને તેના સાધન કરવામાં પ્રયત્નશીલ હોય છે. અને કોઈ આ લોક કે પરલોકની ચિંતા કર્યા વગર કેવળ ભગવાન અને તેની સાયુજ્ય પ્રાપ્તિની ઈચ્છા રાખે છે. આ પ્રમાણે ભિન્ન ભિન્ન વૃત્તિ આ લોકમાં જોવામાં આવે છે. પ્રશ્ન એ થાય છે કે લોકોમાં આ સર્વથા ભિન્ન ભિન્ન રૂચિ શા માટે છે ? આ પ્રશ્નનું નિરાકરણ પ્રવાહ અને મર્યાદામાર્ગના રહસ્યને જાણવાથી આપોઆપ ખ્યાલમાં આવી જાય છે. રહસ્યનો ખુલાસો બુદ્ધિ મુજબ આપણે અહીં કરીએ.

પોતપોતાના અધિકારમાં પુષ્ટિમાર્ગીય, પ્રવાહમાર્ગીય અને મર્યાદામાર્ગીય બધાય અલગ છે. ત્રણેયના દેહ અલગ છે. અને ત્રણેયની ક્રિયાઓ પણ અલગ છે. આ ત્રણેયનું ફળ અને ગતિ પણ પોતપોતાની અલગ અલગ છે. આ પ્રકારે ત્રણેયની રુચિ પણ સર્વત્ર અને મર્યાદા ભિન્ન જ રહેશે.

હવે મર્યાદામાર્ગીય ભક્તોને લો. તે ભક્તની આગળ લાગેલ વિશેષણથીજ માલૂમ પડે છે કે તે જીવ 'મર્યાદા'માં રહીને ભગવાનની ભક્તિ અને સ્વયં ભગવાનને પ્રાપ્ત કરવા ચાહે છે. શાસ્ત્રમાં જે કાંઈ ઈશ્વરને પ્રાપ્ત કરવા માટેની મર્યાદા બાંધવામાં આવી છે તે મર્યાદાથી તલભાર પણ ફેરફાર કર્યા વગર તે સાધનો કરતા રહેવાના તે તેનો વિશ્વાસ છે. અને તે તેનો અટલ સિદ્ધાંત રહે છે. આવા ભક્તો કઠિન તપસ્યા કરીને ભગવાનને પ્રસન્ન કરે છે. પરંતુ ફળમાં તો તેમને ભગવાનની સામાન્ય કૃપા જ પ્રાપ્ત થાય છે.

પુષ્ટિમાર્ગીય જીવોનું નિરૂપણ બીજી જગ્યાએ કરવામાં આવ્યું છે.

પરીક્ષાના પ્રશ્નો :

૧. જગતમાં કેટલા પ્રકારના જીવ છે ?
૨. ચર્ષણી વાચ્ય જીવ કોણ છે ?
૩. મર્યાદામાર્ગીય જીવ કોણ છે ?

□□□

૧૮. પુરુષાર્થ

પુરુષ જેને ચાહે તેને પુરુષાર્થ કહે છે. આ પુરુષાર્થ સાક્ષાત્ અને પરંપરાથી ચાર પ્રકારના છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. આ ચાર પુરુષાર્થ છે. દુઃખનું એકદમ ન રહેવું તેને મોક્ષ કહેવાય છે. નિત્ય તથા અગણિત અને નિર્દુઃખ સુખપ્રાપ્તિનું નામ આનંદપ્રાપ્તિ અથવા ભગવદ્પ્રાપ્તિ છે. દુઃખાભાવ અને સુખપ્રાપ્તિ આ બંનેની સર્વે જીવ ઈચ્છા રાખે છે. તેથી આ બંનેને સાક્ષાત્ પુરુષાર્થ કહેવાય છે. ધર્મ કરવાથી દુઃખ દૂર થાય છે. તેથી તે પણ પુરુષને અપેક્ષિત છે. તેથી ધર્મ પણ પુરુષાર્થ છે. અર્થ વગર ધર્મ થઈ શકતો નથી તેથી અર્થ પણ પુરુષાર્થ છે. પરંતુ ધર્મ અને અર્થ બંને પરંપરાથી પુરુષાર્થ છે. પરંતુ

સાક્ષાત્ પુરુષાર્થ તો દુઃખનો અભાવ અને સુખની પ્રાપ્તિ છે. સુખ પ્રાપ્તિ પણ અનેક પ્રકારની છે. પરંતુ મુખ્ય બે પ્રકારની ગણવામાં આવી છે. એક દુઃખ સાથેની સુખપ્રાપ્તિ અને બીજી દુઃખની સ્પર્શ રહિત સુખપ્રાપ્તિ. ત્રણેય લોકમાં જેટલું સુખ છે તે દુઃખવાળું સુખ છે. અને અનિત્ય છે. તેથી તેને લૌકિક સુખ અથવા કામ કહે છે. જે સુખ, દુઃખના સ્પર્શરહિત છે. તે નિત્ય, નિરતિશય અને અગણિત છે. તે આનંદનું નામ અલૌકિક સુખ અથવા તો અલૌકિક આનંદ છે. આ નિત્ય નિરતિશય અલૌકિક આનંદ અનુભવને જ ભગવાન કહે છે. વૈષ્ણવમાત્રે આ પુરુષાર્થને માટે પ્રયત્ન કરવો જોઈએ.

અભ્યાસના પ્રશ્નો :

૧. પુરુષાર્થ કોને કહે છે ?

૨. મોક્ષ શું છે ?

૩. પુષ્ટિમાર્ગીય મોક્ષ કયો છે ?

□□□

ભક્તિ

વૈષ્ણવોનો સર્વોત્તમ પુરુષાર્થ હરિભક્તિ છે. ભક્તિનો અર્થ છે હરીભજન કરવું. શાસ્ત્રોમાં કહ્યું છે કે 'યો યદંશઃ સ તં ભજેત્' અર્થ—જે જેનો અંશ છે તે તેને ભજે. જીવ ભગવાનનો અંશ છે. શ્રીમદ્ ભગવત્ગીતામાં કહ્યું છે. 'મમૈવાંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ' અર્થ—જીવ ભૂત જીવ મારો જ અંશ છે. અર્થાત્ ! એ નક્કી થયું કે જીવનું કર્તવ્ય પરબ્રહ્મ ઈશ્વરની ભક્તિ કરવી તે છે. શાસ્ત્રોમાં એક શ્લોક છે.

આલોચ્ય સર્વશાસ્ત્રાણિ વિચાર્ય ચ પુનઃ પુનઃ ।
ઈદમેકં સુનિષ્પનં ધ્યેયો નારાયણઃ સદા ॥

અર્થ : બધા શાસ્ત્રોનું મંથન કરી અને તેના પર ખૂબ વિચાર કરી સાર એ નીકળ્યો છે કે બધાય શાસ્ત્ર કેવળ એક ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ કરવાનો ઉપદેશ આપી રહ્યા છે.

જેવી રીતે પુષ્પોનો ધર્મ સુગંધ ફેલાવવાનો છે. નદીઓનો ધર્મ સ્વચ્છ અને મિષ્ટ જલ વહાવવાનો છે. અથવા જે પ્રકારે સાધુપુરુષને જગતમાં સાધુતા ફેલાવવાનો છે. તેવી રીતે મનુષ્ય માત્રનું કર્તવ્ય ભગવાનની ભક્તિ કરવું તે છે.

શાંડિલ્ય સૂત્રમાં ભક્તિની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે—'સા પરાનુરક્તિરીશ્વરે' અર્થ—ઈશ્વરમાં અત્યંત અનુરહિત પ્રીતિ રાખવી તે ભક્તિ છે.

ઘર, ધન, પુત્ર, કલત્ર અને પ્રાણથી પણ વિશેષ સ્નેહ ભગવાન શ્રીકૃષ્ણમાં રાખવો તે ભક્તિ છે. દેહ ઉપર, પ્રાણ ઉપર, અને ઈન્દ્રીયોમાં મમતા ન રાખીને ભગવાન શ્રીકૃષ્ણમાં જ મમતા રાખવી તેને જ ભક્તિ કહે છે.

નિબંધમાં શાસ્ત્રાર્થ પ્રકરણમાં શ્રીમહાપ્રભુજીએ ભક્તિની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે—

મહાત્મ્યજ્ઞાનપૂર્વસ્તુ સુદૃઢઃ સર્વતોધિકઃ ।
સ્નેહો ભક્તિરિતિ ખ્યાતા તયા મુક્તિર્ન ચાન્યથા ॥

અર્થ : ભગવાનના જ્ઞાન અને મહાત્મ્ય ઉપરાંત જો અત્યંત દઢ અને બધાથી અધિક સ્નેહ ઉત્પન્ન થાય તેને ભક્તિ કહે છે. આ સ્નેહ દ્વારા ભગવાન વશ થાય છે. અને જીવની અવિદ્યાનો નાશ થાય છે. ભગવાનને વશ કરવાનો બીજો ઉપાય નથી.

ભક્તિના ચાર પ્રકાર છે. પ્રકૃતિ અથવા માયામાંથી (ઈશ્વરની એક શક્તિ)થી ઉત્પન્ન, તામસ, રાજસ અને સત્વગુણોની સત્તા બધાયના વિચાર, વૃત્તિ અને કર્મો પર ચાલે છે. તેને કારણે ભક્તિ પણ અંતઃકરણની એક વૃત્તિ થઈ જાય તે ચાર પ્રકારની છે. તામસી ભક્તિ, રાજસી ભક્તિ, સાત્વિકી ભક્તિ અને નિર્ગુણા ભક્તિ. પુષ્ટિમાર્ગમાં નિર્ગુણા ભક્તિ દ્વારા સેવા કરવામાં આવે છે. આ નિર્ગુણા ભક્તિ ઉપર, ઉપર કહેલાં પ્રથમ ત્રણ ગુણોની સત્તા ચાલતી નથી. તામસી ભક્તિનું વર્ણન શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધના ઓગણત્રીસમા અધ્યાયમાં આઠમાં શ્લોકમાં આપવામાં આવ્યું છે કે—

અભિસન્ધાય યો હિંસાં દમ્ભં માત્સર્યમેવવા ।
સંરમ્ભી ભિન્નદગ્ભાવં મયિ કુર્યાત્સ તામસઃ ॥

અર્થ—જે મનુષ્ય કોઈને મારવાના હેતુ માટે, કપટ કરવાના હેતુથી, અથાવ પરોત્કર્ષ સહન નહીં કરી શકવાથી, બીજાને પીડા પહોંચાડવાના હેતુથી, ભેદદષ્ટિથી ભગવાનનું ભજન કરે છે. તે તામસી ભક્ત છે. અને આવી ભક્તિને તામસી ભક્તિ કહે છે.

રાજસી ભક્તિ માટે અહીં બીજો શ્લોક છે—

વિષયાનભિસન્ધાય યશ ઐશ્વર્યમેવવા ।
અર્ચાદાવર્ચયેદ્યો માં પૃથગ્ ભાવઃ સ રાજસઃ ॥

અર્થ : જે લોકો વિષયોની ઈચ્છાથી, અથવા યશની ઈચ્છાથી, અથવા ઐશ્વર્યની ઈચ્છાથી ભેદ રાખીને ભગવાનની પૂજા કરે છે. તે રાજસ ભક્ત છે. અને આવી ભક્તિને રાજસ ભક્તિ કહે છે.

ત્રીજા શ્લોકમાં સાત્વિક ભક્તિનું નિરૂપણ છે—

કર્મ નિર્હાર મુદિશ્ય પરસ્મિન્વા તદર્પણં ।
યજેદ્યષ્ટવ્યમિતિ વા પૃથગ્ભાવઃ સ સાત્વિકઃ ॥

અર્થ : જે લોકો બધા કર્મ અને પાપોનો નાશ કરવાને માટે ભગવાનની સેવા કરે છે. પોતાના કર્મોને ઈશ્વરને અર્પણ કરવાથી ઈશ્વર પ્રસન્ન થશે એમ વિચારીને જે લોકો પોતાના કર્મને ઈશ્વરમાં અર્પણ કરે છે. અને આવી ભક્તિ સાત્વિક ભક્તિ કહેવાય છે.

અભ્યાસ અર્થે પ્રશ્નો :

૧. ભક્તિ શું છે ?

૨. સાત્વિક, રાજસ અને તામસ ભક્ત કોણ છે ?

* * *

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

સ્પર્શ મણિના પુર વિશે, રચ્યું ચિંતામણી ધામ,
કલ્પવૃક્ષની વાડ ગાય ઘેર, કામદૂધા જેહનું નામ,
કામદૂધા અક્ષય પાત્ર અતૂલ, નવ નીધિ, અષ્ટ મહા સિદ્ધિ અનુકૂળ
પણ નથી વલ્લભ જો શ્રી વૃજનાથ, તો એટલું મળે ઘસવા હાથ.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૮)

વિવેચન : આ કડીમાં કવિશ્રી સાત દ્રષ્ટાંતો આપીને સમજાવે છે કે આટલી વસ્તુ, જેમ કે (૧) સ્પર્શમણી, (૨) ચિંતામણી, (૩) કલ્પવૃક્ષ, (૪) કામધેનુ, (૫) અક્ષયપાત્ર, (૬) નવ નીધિ, (૭) અષ્ટસિદ્ધિ વગેરે આટલું પ્રાપ્ત થાય, પરંતુ ભગવાન જેને વ્હાલા નથી, તેણે તો હાથ જ ઘસવા રહ્યા. પહેલા તો ઉપર મુજબના એકપણ સાધન મળવા કઠણ છે. કદાચ બધા મળી જાય તો પણ નકામા જ સમજો, કેમકે ભગવદ્ માર્ગે પરિચય આમાં ક્યાંય જ આવતો નથી.

સ્પર્શમણી : જેના સ્પર્શ માત્રથી લોઢાનું સોનું બની જાય કદાચ પારસમણીનું આખું નગર પણ હોય.

ચિંતામણી : જે વસ્તુનું ચિંતન કરો તે આપે, તેનું નામ ચિંતામણી.

કલ્પવૃક્ષ : કલ્પવૃક્ષના ગુણો પણ એવા છે કે, તેની છાંયમાં બેસી જેની કલ્પના કરીએ તે ફળ આપે, તેનું નામ કલ્પવૃક્ષ. તો એવા અનેક કલ્પવૃક્ષની ફરતી વાડ કરી વચ્ચે બેસી જાઓ તોપણ જેને વૃજનાથ પ્રિય ન થયા તો તે બધું નકામું જ છે.

કામદૂધા : કામધેનુ ગાય તે તમામ કામના પૂર્ણ કરે છે. તેવી કામધેનુ પણ કદાચ પ્રાપ્ત કરી લે તો પણ વૃજપતિની ભક્તિ નથી, તો પણ નકામી છે.

અક્ષયપાત્ર : આઠ પ્રકારની સિદ્ધિઓ છે. જેના નામો નીચે મુજબ છે. (૧) અણિમા (૨) મહીમા (૩) ગરિમા (૪) લઘિમા (૫) પ્રાપ્તિ (૬) કામ (૭) બસીકરન (૮) ઈસતા.

આવી રીતે આઠે સિદ્ધિઓ પણ પ્રાપ્ત કરી લે તો પણ અધુરૂં જ છે. ભક્તો તો આવી સિદ્ધિઓની સામું પણ જોતાં નથી.

ભગવદ્ ભક્તિ તો શ્રીયમુનાજીને આશ્રયે જે આઠ સિદ્ધિ ધરાવે છે તે સિદ્ધિઓ પ્રભુ પ્રાપ્તિ કરાવવાવાળીને ચાહે છે.

નવ નીધિ—અહિલ છંદ

મહા પદમ ઈક પદમરૂ કચ્છપજાનીયે
મકર, મુકુંદ રૂ શંખ, વર્ચનીલ માનીયે
કુંદ સહિત નવ નિધિ, અતિ દુર્લભ જગતનકો
સો હિય તુચ્છ લગત, સાચે હરિ ભક્તનકો.

ઉપર મુજબ નવનિધિ પણ ભગવદ્ ભક્તને તુચ્છ લાગે છે, કેમકે તેમાં ક્યાંય ભગવદ્ પ્રાપ્તિ કરવાનું એકપણ સાધન નથી. ભક્તોને તો ભગવાન પ્રિય છે. તેથી તેના સંબંધ વગરની કોઈપણ ચીજ તેને ઉત્તમ દેખાતી નથી. તેને સામું જોવાની ઈચ્છા હોતી નથી.

દ્રષ્ટાંત : અયોધ્યામાં રામચંદ્રજીનો રાજ્યાભિષેક થયો તે વખતે સીતાજીએ રત્નમણીનો હાર હનુમાનજીને પ્રસન્ન થઈને આપ્યો. હનુમાનજી તો રામભક્ત હતા. તેને વળી મણીઓનાં હારમાં મોહ શાનો ? હનુમાનજી એક એક મણી દાંતેથી તોડીને ફેંકવા લાગ્યા ત્યારે સીતાજીએ કહ્યું કે અરે, અરે હનુમાન આ તો રત્નજડીત મણીઓનો હાર છે, તોડીને ફેંકી શા માટે દયે છે ? ત્યારે હનુમાનજીએ કહ્યું કે હું તો તોડીને જોઉં છું કે આમા મારા રામ ક્યાંય છે ? રામ વગરની કોઈપણ ચીજ મારે શું કામની ? આમ કહીને પોતાનું હૃદય ચીરીને બતાવ્યું કે જુઓ મારા હૃદયમાં તો રામ, સીતા, લક્ષ્મણ ત્રણે છે. તેની સામે આ મણીઓની માળાની શું કીંમત છે ?

આ છાતી ચીરીને રામ દર્શન કરવાવાળા બધા સ્તબ્ધ બન્યા, કે ધન્ય છે તારી ભક્તિ. સાચા ભક્તને ભગવાનથી વિશેષ કાંઈ નથી.

પુષ્ટિ રીતે : 'કૃષ્ણા ધિના તુ મર્યાદા, સ્વાધિનાં પુષ્ટિ ઉચ્યતે' ભક્તો ભગવાનને આધીન રહે તે મર્યાદા, કેમ કે તેમાં ભગવાન કહે તેમજ ભક્તને કરવાનું રહે છે. પુષ્ટિ રીત જુદી છે.

ભક્તાધિન : ભક્તને આધીન બનીને ભગવાન રહે તે પુષ્ટિ. પુષ્ટિમાં મુખ્ય વસ્તુ તે પ્રેમભક્તિ છે, તેથી જ્યાં પ્રેમ છે, ત્યાં કોઈપણ જાતનો નેમ રહેતો નથી. ભક્ત અને ભગવાન, સમાનરૂપ બની જાય છે. પુષ્ટિમાં ભક્તનાં આવા ભાવ મુજબ પ્રભુ ક્રિડા કરે છે. પ્રભુ સ્વતંત્ર છે છતાં અત્રે પરાધિનપણું બતાવી ભક્તની ઈચ્છાને જ માની લે છે. વૃજમંડળ પુરૂં પ્રેમમય છે. વૃજની સર્વ વસ્તુ પ્રભુને પ્રિય છે. વનવાસીઓને આનંદ આપવા, વનમાં ગાયો ચરાવતા વેણુનાં સ્વરથી સર્વેને આનંદ આપવાવાળા ગ્વાલ બાલો સાથે સમાન ભાવે રમવાવાળા, ગાયોની પાછળ પાછળ ચાલવાવાળા, ભક્તોની ઈચ્છાને જ મહત્વ આપે છે. તે તેવી જ ક્રિડા કરે છે. ગોપીજનોએ પોતાનું તન, મન, ધન સર્વે સમર્પિત કરીને પ્રભુને વશમાં કરી લીધા છે. જેનાં દર્શન દુર્લભ છે, એવા પ્રભુ ગોપીઓને ઘેરઘેર જઈને માગીને લૂંટી ઝૂંટીને પણ મહી—માખણ ખાય છે, ત્યાં ઐશ્વર્ય ભાવ બતાવતા નથી. ભક્તો પાસે દીન બની જાય છે. માખણ માટે લલચાય છે, ત્યારે ગોપી કહે છે, મહારાજ અમ મફતમાં માખણ નહીં મળે, મહેનત અમારે ઘણી કરવી પડે છે. તમે પણ થોડુંક નાચીગાઈને બતાવો તો માખણ મળે. ત્યારે પ્રભુ નૃત્ય કરી ગોપીને રીઝવે છે. પછી માખણ ખાઈને રાજી થાય છે. આવા પુષ્ટિ ભક્તો જેને આધિન પ્રભુ બને છે, તે ભક્તો આવી આઠ સિદ્ધિ, નવનિધિ વગેરેમાં કેમ મોહિત થાય? અમારે સાચી નિધિ શ્રીગોપાલ. કવિ કહે છે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૮૮

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર - પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદ્દાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

૬. પ્રેમરૂપા ભક્તિ ફલરૂપા છે

સા તુ કર્મજ્ઞાનયોગેભ્યોઽપ્યધિકતરા ॥ ૨૫ ॥

૨૫–તે (પ્રેમરૂપા ભક્તિ) તો કર્મ જ્ઞાન અને યોગથી પણ શ્રેષ્ઠતર છે.

કર્મ, જ્ઞાન અને યોગ ત્રણે ભગવત્ પ્રાપ્તિના જ સાધન છે. પરંતુ ભક્તિ આ ત્રણેમાં બધા કરતાં શ્રેષ્ઠ છે. તેમાં પણ આશ્રમ, અધિકાર વિગેરેનો વિચાર છે, સાથે પડવાનો ભય પણ છે. પરંતુ સાચી ભક્તિમાં ભગવાનની પૂરી સહાયતા રહેવાને કારણે કોઈપણ ભય નથી. તથા તેમાં સ્ત્રી, પુરૂષ, બ્રાહ્મણ, શૂદ્ર વિગેરે બધાનો અધિકાર છે. ગોસાંઈ શ્રીતુલસીદાસજી મહારાજ કહે છે–

જે અસિ ભગતિ જાનિ પરિહરહીં । કેવલ ગ્યાન હેતુ શ્રમ કરહીં ॥
તે જડ કામધેનુ ગૃહં ત્યાગી । ખોજત આકુ ફિરહિં પય લાગી ॥
સુનુ ખગેસ હરિ ભગતિ બિહાઈ । જે સુખ ચાહહિં આન ઉપાઈ ।
તે સઠ મહાસિંધુ બિનુ તરની । પૈરી પાર ચાહહિં જડ કરની ॥
ઉમા જોગ જપદાન તપ નાના બ્રત મખ નેમ ।
રામ કૃપા નહિં કરહિં તસ જસ નિસ્કેવલ પ્રેમ ॥
પન્નગારિ સુનુ પ્રેમ સમ ભજન ન દૂસર આન ।
યહ બિચારિ મુનિ પુનિ–પુનિ કરત રામ–ગુન–ગાન ॥

ભગવાન પોતે કહે છે–

ન સાધયતિ માં યોગો ન સાંખ્યં ધર્મ ઉદ્ધવ ।
ન સ્વાધ્યાયસ્તપસ્ત્યાગો યથા ભક્તિર્મમોર્જિતા ॥
ભક્ત્યાહમેક્યા ગ્રાહ્યઃ શ્રદ્ધયાઽઽત્મા પ્રિયઃ સતામ્ ।
ભક્તિઃ પુનાતિ મન્નિષ્ઠા શ્વપાકાનપિ સમ્ભવાત્ ॥

(શ્રીમદ્ ભા. ૧૧/૧૪/૨૦–૨૧)

જે રીતે મારી દઢ ભક્તિ મન વશ કરે છે એ રીતે મને યોગ, જ્ઞાન, ધર્મ, સ્વાધ્યાય, તપ અને ત્યાગ વશમાં નથી કરી શકતા. સંતોના પ્રિય આત્મારૂપ હું માત્ર શ્રદ્ધાયુક્ત ભક્તિ દ્વારા વશમાં

થઈ શકું છું. મારી ભક્તિ ચાંડાલ વિગેરેને પણ પવિત્ર હૃદય બનાવવા સમર્થ છે.

આ રીતે ભગવાને ગીતામાં પણ કહ્યું છે–

નાહં વેદૈર્ન તપસા ન દાનેન ન ચેજયયા ।
શક્ય એવંવિધો દ્રષ્ટું દષ્ટવાનસિ માં યથા ॥
ભક્ત્યા ત્વનન્યથા શક્ય અહમેવંવિધોઽર્જુન ।
જ્ઞાતું દ્રષ્ટું ચ તત્ત્વેન પ્રવેષ્ટું ચ પરંતપ ॥

(ગી. ૧૧/૫૩–૫૪)

હે અર્જુન ! જેવો તેં મને જોયો છે એવો વેદ, તપ, દાન, યજ્ઞ વગેરે દ્વારા હું દેખી શકાતો નથી. હે પરંતપ અર્જુન અનન્ય ભક્તિ દ્વારા જ આ રીતે જેવો મને તત્વથી જાણવો અને મારામાં પ્રવેશ પામવો સંભવ છે (ગી.૧૧/૫૩–૫૪) ૨૫.

ભાષ્યાર્થ : જે આ ભક્તિ છે તે કર્માદિથી ચઢીયાતી છે, કેમકે કર્મ વગેરે ભક્તિના વિરહમાં પોતે ચરિતાર્થતા પ્રાપ્ત કરી શકતાં નથી. દાખલા તરીકે સ્વાભાવિક કે વૈદિક કર્મ જો ભક્તિ વિનાનું હોય તો તે કર્મ નથી. પરંતુ તેવું કર્મ કર્તૃત્વની આસક્તિ અનિવાર્ય હોઈને, બંધનરૂપ થતાં, સંસારનું કારણ થાય છે. ફલના અનુસંધાનવાળું કર્મ કર્મનો લેપ નથી ઉપજાવતું એમ તો સંભવતું નથી.

આથી ભક્તિ રહિત કર્મ પછી તે વૈદિક હો કે બીજું હો, અહંભાવની સમૃદ્ધિ કરનારું નીવડે છે અને એ ઈષ્ટ નથી. એ જ મુજબ શાસ્ત્ર જ્ઞાનની ચર્ચા પણ એના સમાન જ છે. કેવલ જ્ઞાનમાં પણ કૃતકૃત્યતા નથી, કેમકે વિદ્વાનોમાં પણ અહંભાવ જોવામાં આવે છે. વિદ્વાન હોય તે નિરહંકારી જ હોય એવો તો નિયમ નથી અને જ્યાં સુધી અહંકારની એક કણિકા પણ જેમને તેમ હોય છે ત્યાં સુધી વાસ્તવિક ભક્તિનો સદ્‌ભાવ થતો નથી. કેવળ–કોરાં જ્ઞાનમાં અહંભાવની સંભાવના જીવતી હોઈ શકે છે, અને વળી યોગ પણ જ્યાં સુધી ભક્તિરહિત હોય છે ત્યાં સુધી પોતાની સિદ્ધિને માટે સમર્થ નથી. એટલું જ નહીં પણ આરૂઢ યોગીને પણ સિદ્ધિનું બલવાન પ્રલોભન બલાત્કારે નીચે ગબડાવી પાડે છે.

આમ યોગ પણ અહંભાવથી ખરડાયેલ રહેલો હોવાથી ભક્તિની બરોબરીમાં આવી શકતો નથી. સિદ્ધિની પાછળ ન દોડવું એ જ તો ભક્તની મહાસિદ્ધિ છે. આથી યોગ પણ ભક્તિની સ્પર્ધામાં ટકતો નથી. ૨૫.

❑ અનુકરણીય ❑

શ્રીવલ્લભસુધાના આજીવન ગ્રાહક નં.૪૨૫ શ્રીબાલકૃષ્ણદાસ છગનલાલ સાવલીયા, જોષીપુરા જુનાગઢ તરફથી લવાજમની રકમમાં રૂ.૨૦૦/–બસોની વિશેષ સહાય આપેલ છે. જે અનુકરણીય છે.

પ્રકટ્યા ભૂતલ પરે પ્રભુ થૈ મહાપ્રભુ

(પૂ.ગો. શ્રીશરદકુમાર બાવાશ્રી (માંડવી–હાલોલ)ના **'સ્વરૂપ–સ્થિતિં'** લેખના આધારે)

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

–ગતાંકથી ચાલુ

હા, મુનિરાજ, બરાબર યાદ છે. આજે મારું મન એ વાતથી તો સતત પીડાઈ રહ્યું છે કે હું પ્રભુની આજ્ઞાનું પાલન યથાયોગ્ય કરી શક્યો નહીં. હું કર્તવ્યનિષ્ઠ નહીં રહી શક્યો ત્યારે તો આવી હીન પરિસ્થિતિ આવી. વારંવાર હું મારું કર્તવ્ય ચૂકતો રહ્યો અને વારંવાર અધર્મરાજને ઘુસણખોરી કરવાની તક મળતી ગઈ. મુનિરાજ, આપના જેવા પ્રભુપ્રેમી મહાત્માના પાવન પગલાં મારા રાજભવનમાં પડયાં એથી મને કાંઈક શાતા વળી છે, એ કોઈ શુભ સંકેતનું સૂચન હોય એવું લાગે છે.'

નારદ કહેઃ 'ધૈર્ય કરો ધર્મરાજ, આપને એ તો યાદ હશે કે આપ અને અધર્મરાજ પ્રભુ પાસેથી છૂટા પડયા ત્યારે ભગવાને શું કહ્યું હતું ?'

'હા, પ્રભુએ કાંઈક કહ્યું તો હતું એવું આછું આછું યાદ આવે છે. કાંઈક અવતાર ધારણ કરવાની વાત હતી.'

નારદ કહેઃ 'બરાબર છે. પ્રભુએ ખાસ તાકીદ કરી હતી કે જ્યારે અધર્મ માઝા મૂકે છે, પૃથ્વી પર કાળો કેર વર્તાવે છે અને પ્રભુપ્રેમી સાધુ–સંતો અને ભગવદ્ભક્તોને રંજાડે છે, જ્યારે ધર્મ અત્યંત ભયમાં મૂકાય છે ત્યારે ધર્મની અને ધર્મપ્રેમી પ્રજાની રક્ષા કરવા પ્રભુ સ્વયં પૃથ્વી પર અવતાર ધારણ કરે છે. અથવા પ્રભુની મહાન વિભૂતિઓ અવતાર ધરે છે.'

ધર્મરાજ કહેઃ 'હા, મુનિરાજ, પ્રભુએ બરાબર એમજ કહ્યું હતું.'

નારદ કહેઃ 'ધર્મરાજ, તો આપ વૃથા શોચ શા માટે કરો છો ? પ્રભુને અવતાર ધારણ કરવાનો સમય પાકવા આવ્યો છે. અત્યારે હું ગોલોકધામથી આવી રહ્યો છું. ત્યાં પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીકૃષ્ણના ત્રિતયાત્મક શ્રીવલ્લભનું પ્રાકટય થયું છે. હું આપશ્રીના દર્શન કરી કૃતાર્થ થયો છું. અને ધર્મરાજ, આપને માટે આનંદના સમાચાર તો એ છે કે પ્રભુએ શ્રીવલ્લભને ધરા પર પ્રાકટય ધારણ કરવાની આજ્ઞા કરી છે, અને અધર્મરાજના પંજામાંથી ધર્મપ્રેમી ભક્તજનોને મુક્ત કરવાની, કલિના પાશમાંથી છોડાવવાની, પોતાનાથી બિછડેલા દૈવી જીવોને શરણે લઈ અજ્ઞાનના અંધકારમાંથી, મોહમાયાના આવરણથી મુક્ત કરી તેમનો ઉદ્ધાર કરવાની અને પોતાના શ્રીચરણકમલમાં સમર્પિત કરવાની આજ્ઞા આપી છે. શ્રીવલ્લભ સિવાય આ સામર્થ્ય અન્ય કોઈમાં નથી. ધર્મરાજ, હું આપને આશ્વસ્ત કરું છું કે હવે એ શુભ સમય બહુ દૂર નથી.'

આ સાંભળતા વાર ધર્મરાજની અર્ધી ચિંતા તો આપમેળે દૂર થઈ ગઈ. તેમણે કહ્યું : 'મુનિરાજ, આ શુભ સમાચાર આપી આપશ્રીએ મારા પર ખૂબ કૃપા કરી છે, હું એ શુભ દિનની આતુરતાપૂર્વક રાહ જોઈશ.'

થોડાં વધુ વર્ષો વીતી ગયાં.

એક દિવસ ધર્મરાજ પોતાના રાજભવનમાં સિંહાસન પર બેઠા છે. આંખોમાં આતુરતા છે. કોઈના શુભ આગમનની રાહ જોતા હોય તેવી તેમના ચહેરા પર ઉત્કંઠા છે.

અચાનક રાજભવનની પૂર્વ તરફની સુશોભિત રીતે કોતરાયેલી બારીમાંથી તેમની નજર બહાર ગઈ. તેમની દૃષ્ટિ દૂરના ક્ષિતિજ પર આનંદથી મંડાઈ રહી. દૂર દૂર ક્ષિતિજ પર જાણે અલૌકિક પ્રકાશની ટશરો ફૂટી આવી હતી. જાણે ભક્તિમાર્ગાબ્જમાર્તંડનો ક્ષિતિજ પર ઉદય થયો હોય એવી દિવ્ય આભા આછો આછો પ્રકાશ પાથરી રહી હતી. શ્રીવલ્લભના ધરા પર પ્રાક્ટય થવાના જાણે સ્પસ્ટ સંકેત જોતા હોય તેમ ધર્મરાજનું અંતઃકરણ અનાયાસે આનંદથી નાચી ઉઠયું.

પછી તો ધર્મરાજ શ્રીવલ્લભના યશોગાન સાંભળી સાંભળી ખુશ થતા રહ્યા. શ્રીલક્ષ્મણ ભટ્ટજીના સમયમાં સો સોમયજ્ઞ પૂરા થતાં શ્રીવલ્લભનું પ્રાકટય થયું. ચંપારણ્યમાં અલૌકિક અગ્નિકુંડમાંથી શ્રીવલ્લભ પ્રકટયા, બાલ સરસ્વતિ નામથી શ્રીવલ્લભ અનેક સ્થળોએ કીર્તિ સંપાદન કરી દિગંતમાં યશ પ્રસરાવવા લાગ્યા. વિજયનગરની વિદ્વદ્સભામાં શ્રીવલ્લભે માયાવાદીઓને હરાવ્યા, સર્વ પ્રવર્તમાન મતવાદીઓ પર વિજય મેળવ્યો અને પુષ્ટિમાર્ગ તેમજ શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું સ્થાપન કર્યું. સારા યે ભારતદેશમાં પદયાત્રા કરી અનેકાનેક દૈવી જીવો જે અજ્ઞાનના અંધકારમાં સબડતા હતા, મોહમાયાથી ખરડાયેલા હતા અને પોતાનું દૈવી સ્વરૂપ વિસ્મરી જે દીન–હીન જીવન જીવતા હતા તેમના પર કૃપાળુ શ્રીવલ્લભે અનુગ્રહ કરી તેમને નિજ શરણમાં લીધા, તેમનો ઉદ્ધાર કર્યો અને તેમનો હાથ પ્રભુના હાથમાં સોંપતા રહ્યા. મોહ અને માયા શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીથી યોજનો દૂર ભાગવા લાગ્યા. અધર્મ, કલિ, પાપાચાર અને ભ્રષ્ટાચાર જ્યાં જ્યાં શ્રીવલ્લભના આગમનના સમાચાર સંભળાતા ત્યાંથી ભયભીત બની દૂર દૂર ભાગવા મંડી જતા, ભક્તિભાગીરથી જાણે આનંદના હિલાળાં લેતી હોય તેમ સુખપૂર્વક ભારતની પાવન ભૂમિમાં વહેવા લાગી, અને અનેક ભક્ત જનોના હૃદયને ભક્તિરસથી પરિપ્લાવિત કરી પુષ્ટ બનાવવા લાગી. શ્રીયમુનાજી કલકલ નિનાદ કરી રસપૂર્વક શ્રીનાથજીના યશોગાનના ગુંજન કરવા લાગ્યાં શ્રીગિરિરાજજી શ્રીગોવર્ધનનાથજીના આગમનથી અત્યંત આનંદ પામ્યા. વ્રજભૂમિ ફરીથી શ્રીરાધાકૃષ્ણના નામોચ્ચારથી અને સંકીર્તનથી ગુંજી ઊઠી. શ્રીવલ્લભના નિજ ભક્તજનોને શ્રીગોવર્ધનનાથજી અને આપશ્રીનાં અનેક લીલાસ્વરૂપોની લીલાના દર્શન કરાવી ભાવવિભોર બનાવતા રહ્યા. અદેયદાની એવા શ્રીવલ્લભ જે જીવો શરણે આવતા તેમજ બ્રહ્મસંબંધનું દાન દઈ તેમજ શ્રીઠાકોરજી પધરાવી આપતા જેથી તેઓ સંસારમાં આસક્ત ન રહે અને પ્રભુસેવામય જીવન ગાળી શકે.

શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીના પ્રાકટય પછી ધર્મરાજ ખુશખુશાલ રહેવા લાગ્યા ધર્મપ્રેમી ભક્તજનોની સંખ્યા સારા પ્રમાણમાં વધતી ગઈ. અધર્મ અને કલિ પુષ્ટિધર્મ પ્રેમી શરણસ્થ જીવો પર

પોતાનો દુષ્પ્રભાવ પાડી શકવા અસમર્થ બની ગયા.

ધર્મરાજ શ્રીવલ્લભની સ્તુતિ કરતાં થાકતા ન હતા. કોઈ કોઈ વાર શ્રીમહાપ્રભુજી માટે તેમના ભાવમાં એટલો ઉછાળો આવતો કે તેમના કંઠમાં ડૂમો ભરાઈ આવતો અને મુખમાંથી શબ્દો બહાર નીકળી શકતા નહિ. શબ્દોને બદલે તેમની આંખોમાંથી ઉપકારવશતાના અને કૃતજ્ઞતાનાં આંસુ ટપકી પડતા.

ધર્મરાજે શ્રીવલ્લભનાં દર્શન કર્યા. કૃતકૃત્ય બની તેઓ બોલી ઊઠયા : 'ભગવન્, મહામુનિ શ્રીનારદજી પાસેથી આપશ્રીનું માહાત્મ્ય જાણ્યું ત્યારથી આપના દર્શન કરવા સદા ઉત્કંઠિત રહ્યા કરતો હતો. આજે આપશ્રીના દર્શન કરી હું કૃતાર્થ થયો છું.

હે શ્રીવલ્લભ! હે અગ્નિસ્વરૂપ! હે શ્રીવૈશ્વાનરાવતાર! હે વાક્પતિ! હે શ્રીકૃષ્ણમુખારવિંદ! હે ભક્તિમાર્ગાબ્જમાર્તંડ! સ્વયં ગોકોલાધિપતિ શ્રીઠાકોરજીએ આપશ્રીને પોતાનાથી સવાયા કરી આ ભૂતલ પર ધર્મની રક્ષા કરવાનું દૈવી કાર્ય કરવા મોકલ્યા છે. દૈવી જીવોના ઉદ્ધાર કાર્ય માટે અને શ્રીમદ્ભાગવતોક્ત ભગવાનની લીલાઓનું રહસ્ય પ્રકટ કરવા માટે આપશ્રી પૃથ્વી પર પધાર્યા છો. પ્રભુની કોઈપણ વિભૂતિમાં, કોઈપણ અન્ય અવતારમાં આ મહદ્કાર્ય પાર પાડવાનું સામર્થ્ય ન હોવાથી પ્રભુ સ્વયં ભૂતલ પર મહાપ્રભુજી થઈ આપશ્રીના સ્વરૂપે પ્રકટ થયો છે. આપશ્રી તો પૂર્ણ પુરુષોત્તમનું પણ વિશિષ્ટ સ્વરૂપ છો. આપશ્રી અનુગ્રહના સાક્ષાત અવતાર છો અનુગ્રહવૈશિષ્ટયના આપશ્રી સ્વરૂપ છો, આપશ્રી અનંત અપાર ગુણોના સ્વામી છો, આપના ગુણોનું વર્ણન કરવા મારી પાસે પૂરતા શબ્દો નથી.

હે શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજી! આપશ્રીનું સ્વરૂપ તો 'ન ભૂતો ન ભવિષ્યતિ'.છે. આજ પર્યંત કોઈપણ અવતારે ન કર્યું હોય'એવું મહદ્ કાર્ય આપશ્રીએ ભૂતલ પર પધારી સંપન્ન કર્યું છે. આપશ્રીએ કોઈ અસુરોને માર્યા નથી, પરંતુ તેમનું અસુરત્વ દૂર કરી તેમજ પ્રભુપ્રિય વૈષ્ણવ બનાવ્યા છે. આપશ્રીએ કોઈપણ દાનવોને હણ્યા નથી, પરંતુ તેમનું દાનવત્વ વિદારી તેમને દાનવમાંથી માનવ, અને માનવમાંથી સાચા અર્થમાં પ્રભુભક્ત વૈષ્ણવ બનાવ્યા છે. આપશ્રીએ અનેકાનેક પાપી, નરાધમ, આસુરી, દુષ્ટ, અત્યાચારી, અધર્મી, મોહમાયાના પાશમાં જકડાયેલા, અજ્ઞાનના અંધકારમાં અહીં તહીં અટવાતા, ભટકતા સંસારી જીવોનો નાશ નહિં કરતાં તેમના પર કૃપા કરી તેમને શરણે લઈ તેમનો ઉદ્ધાર કર્યો છે અને તેમનું જીવન પ્રભુસેવામય બનાવેલ છે.

ભગવન્, આ વિશ્વમાં ત્રણ કુલ અતિ વિખ્યાત અને મહાન ગણાય છેઃ શ્રીરઘુકુલ, શ્રીયદુકુલ અને શ્રીવલ્લભકુલ. શ્રીરઘુકુલમાં શ્રીરામ ભગવાન અને શ્રીયદુકુલમાં શ્રીકૃષ્ણ ભગવાન સર્વોપરિ ભગવાન થઈ ગયા. બંને દેવાધિદેવ છે. આમ છતાં આ બંને કુલના વંશજો અન્ય દેવ–દેવીઓનું પૂજન–અર્ચન કરતા થઈ ગયા છે, પરંતુ શ્રીવલ્લભકુલની એક ખાસ વિશિષ્ટતા રહેલી છે કે પાંચસોથી પણ વધુ વર્ષોથી સળંગ ચાલ્યા આવતા આ શ્રીવલ્લભકુલમાં અને તેમના સેવાભાવી પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોમાં શ્રીકૃષ્ણ ભગવાનના જ સેવા–સ્મરણ–ભક્તિ–સંકીર્તન–પદગાન–કથા નિત્ય પ્રતિદિન અદ્યાપિ પર્યંત

પ્રેમભાવપૂર્વક અને આદરભાવથી થતાં રહ્યાં છે અને આપશ્રીની કૃપાથી સદાસર્વદા થતા રહેશે. શ્રીકૃષ્ણત્વ અને શ્રીવલ્લભત્વ અને શ્રીવલ્લભકુળનાં પર્યાયરૂપ છે. કહો કે શ્રીકૃષ્ણાકર્ષણ અને શ્રીવલ્લભાકર્ષણરૂપી વિશ્વથીયે વિશાળ વર્તુળમાં રહેતા શ્રીવલ્લભકુળના વંશજોનાં 'કૃષ્ણસેવા સદા કાર્યા' એ મુદ્રાલેખ છે.

શ્રીવલ્લભ ! આપશ્રી સ્વરૂપથી અને શ્રીકૃષ્ણ સેવાભાવી કુલીન કુલથી મહાન છે. હે શ્રીવલ્લભરાજ! આપશ્રીજ આ નાચીઝ ધર્મરાજ કોટિ કોટિ વંદન કરે છે !

શ્રીયમુનાજીના પદ (પદ-૯૦)

રચયિતા—મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક— 'માધુરી' રાજકોટ

જયતિ યમુને ભવ તાપ હરની,
પાય તુવ કૃપા લવલેશ બલિ; વિષ્ણુ સમ ભઈ સામર્થ્ય યુત વિષ્ણુ ચરની. ૧
દિવ્ય ગુણ ખાનિ ફુર નામ કલ કામતરુ સત્ય વૃત સર્વદા વેદ વરની;
શરણજન 'વલ્લભી' પારિ શ્રી હંસજા, કરહુ બલિ કૃપા ગોપાલ ઘરની. ૨

ભાવાર્થ : ભવસાગર રૂપી આ સંસાર અનેક દુઃખોથી ભરેલો છે, તે તાપ દૂર કરવાવાળા આપ શ્રીયમુનાજી આપનો જય થાઓ. આપની કૃપાથી જ બલીરાજા વિષ્ણુપદ પ્રાપ્ત કરવા સમર્થ બન્યા, એવા આપ દિવ્ય ગુણોની ખાણ છો. કેવળ આપનું નામ સ્મરણ કલ્પવૃક્ષ છે, આવું વેદ કહે છે.

હે સૂર્યપુત્રી ! આ વલ્લભદાસી આપનું શરણ ગ્રહણ કરે છે. તે તરફ થોડું ધ્યાન આપો, આ તુચ્છ દાસ ઉપર કૃપા કરો, અથવા તો જે કોઈ જીવ આપનું શરણ ગ્રહણ કરે છે તેનાં ઉપર આપની કૃપાદષ્ટિની વૃષ્ટિ આપ કરો છો. આવું જાણીને હે કૃષ્ણવધુ ! આ દાસવલ્લભી આપનું શરણ ગ્રહણ કરી સદા નિવાસ ચાહે છે. ૯૦

કપિલગીતા – અર્થાત્ શ્રીભગવાનનો કપિલાવતાર

લેખક : જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

–ગતાંકથી ચાલુ

માતાનાં આવાં વચનો સાંભળી પ્રસન્ન થયેલા કપિલ ભગવાન સ્મિતપૂર્વક બોલ્યા: 'હે માતા! આધ્યાત્મિક યોગ જ મનુષ્યોના દૈહિક ભાવોને દૂર કરનાર છે. જીવમાત્રના બંધ અને મોક્ષનું કારણ ચિત્ત છે. વિષયોમાં આસક્ત ચિત્તબંધનનું કારણ બને છે. અને ભગવાનમાં આસક્ત બની રહેતાં તે ચિત્ત મુક્તિનું કારણ બને છે. અહંતા મમતાથી ઉત્પન્ન થનારા કામક્રોધ, લોભ આદિ વિકારોથી રહિત બની રહેતાં ચિત્ત સમઅવસ્થા પ્રાપ્ત કરે છે. જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિયુક્ત મન પ્રકૃતિને જીતી શકે છે. એવા મનવાળો જીવાત્મા સહિષ્ણુતાવાળો, દયાળુ, પ્રાણીમાત્રનો હિતૈષી અને સજ્જનોના ભૂષણરૂપ મહાત્મા બની રહે છે. અનન્ય ભાવથી મારામાં જે દઢ ભક્તિ કરે છે, મારા માટે સર્વસ્વનો ત્યાગ કરે છે, મારી જ કથાઓ સાંભળે છે અને એનું વર્ણન કરે છે એવો જીવાત્મા જ સાચો સત્સંગી બની રહે છે. એવા સત્સંગીઓ દ્વારા થતી મારા પરાક્રમોનું જ્ઞાન કરાવનારી, હૃદયંગમ બની રહેનારી મારી કથાઓનું સેવન કરવાથી જ મોક્ષમાર્ગમાં શ્રદ્ધા, પ્રેમ અને ભક્તિ અનુક્રમે વિકસિત થાય છે હે માતા ! જેનું ચિત્ત મારામાંજ તલ્લીન હોય છે એવા જીવાત્માની વેદવિહિત કર્મોમાં પ્રવૃત તથા વિષયોનું જ્ઞાન કરાવનારી ઈન્દ્રીયોની સત્વમૂર્તિ એવા હું શ્રીહરિ તરફજ જે સ્વાભાવિકી પ્રવૃતિ છે એજ મારી અહૈતુકી ભક્તિ છે. એવી ભક્તિ દ્વારાજ મારું પદ પ્રાપ્ત થાય છે. હે માતા! વિદ્વાનો કહે છે કે આસક્તિ એ મનુષ્યોમાં મૂળભૂત એવો એક અવિનાશી નિત્યનૂતન બની રહે એવો ગુણ છે. એની ઉપેક્ષા કરી શકાય એમ નથી. આસક્તિ ભલે રહે. મુક્તિ માટે એ સાધન બની રહે એવી છે. એનો હેતુ બદલી નાખ્યો. હે માતા ! તમે સંસારથી સંકળાયેલા છો. તમે હવે "હું અને મારું" એવા ભાવનો ત્યાગ કરી દો અને એ સ્થાને મને નારાયણને મૂકી દો. આસક્તિનું રૂપાંતર કરનારી આ પ્રક્રિયા સ્વાભાવિક રીતેજ ક્રમિક પ્રક્રિયા છે. સાધુ પુરૂષોના સત્સંગથી એ પ્રક્રિયા સરલ બની શકે છે એ પછી અશુદ્ધિઓથી મુક્ત થયેલું તમારું મન સ્વાભાવિક રીતેજ મારા પ્રતિ વળશે. પ્રકૃતિ અને પુરૂષનો સ્વામી હુંજ છું. મારા સિવાય અન્ય કોઈપણ મૃત્યુરૂપ તીવ્ર ભયને દૂર કરી શકે એમ નથી. મારા પ્રતાપે વાયુની પ્રવૃતિ છે, મારા પ્રતાપે સૂર્ય તપે છે, મારા પ્રતાપે ઈન્દ્રથી વર્ષા થાય છે, અગ્નિ સળગી શકે છે અને મૃત્યુ પણ પોતાનું કાર્ય

કરી શકે છે. મારા નિર્ભય એવાં ચરણકમળનો આશ્રય કરવો એજ જીવાત્માનું પ્રધાન લક્ષ્ય બની રહેવું જોઈએ. તીવ્ર ભક્તિયોગથી મને અર્પિત બની રહેવામાંજ જીવમાત્રનું કલ્યાણ છે.

માતા દેવહૂતિને માટે સંતુપુરૂષોનો સત્સંગ થવો અસંભવિત હોવાથી એમને શાસ્ત્રોના અર્થનું જ્ઞાન થાય એ માટે કપિલજી હવે તેમને સાંખ્યશાસ્ત્રનું તત્ત્વજ્ઞાન આપવા માટે કહે છે કે હે માતા ! હવે હું તમને પ્રકૃતિ આદિ તત્ત્વોનાં અલગ અલગ લક્ષણો દર્શાવું છું. એ જાણીને પ્રકૃતિનાં ગુણોથી મુક્ત થઈ જવાય છે. આત્માનો સાક્ષાત્કાર જ પુરૂષના મોક્ષનું કારણ છે. એનાથી જ હૃદયનો મોહ નષ્ટ બની રહે છે એમ વિદ્વાનો કહે છે. એ અનાદિ નિર્ગુણ પુરૂષ પ્રકૃતિથી પર અંતઃકરણમાં સ્ફુરિત થનાર સ્વયં પ્રકાશરૂપ છે. એ સર્વ વ્યાપક પુરૂષ પોતાની પાસે આવેલી દુર્જય પ્રકૃતિનો ઉપભોગ કરવાને માટે તેની સાથે એકતા પ્રાપ્ત કરી શકે છે. અહીંથી હવે કપિલજી ભગવાન તરીકે નહીં પણ સાંખ્યશાસ્ત્રના પ્રણેતા તરીકે સાંખ્યાચાર્ય તરીકે સાંખ્યશાસ્ત્રનું નિરૂપણ કરી રહ્યા છે. આ શાસ્ત્ર બ્રહ્મવાદથી અલગ જ છે. આ શાસ્ત્રમાં પુરૂષને પ્રકૃતિનો અધિન બતાવાયો છે તે બ્રહ્મવાદમાં તો ભગવાન પ્રકૃતિના નિયામક હોવાથી અસંગત જ પ્રતીત થાય છે. ભગવદીય સાંખ્યમાં તો પ્રકૃતિને ભગવાનની શક્તિ માની છે. સાંખ્યશાસ્ત્ર ભગવાન સુધી પહોંચતું જ નથી. પ્રકૃતિ પોતાના સત્ય આદિ ગુણો દ્વારા એ ગુણોને અનુરૂપ પ્રજાની સૃષ્ટિ કરવાલાગી. આ જોઈને પુરૂષ જ્ઞાનને આચ્છાદિત કરનારી એની આવરણ શક્તિથી મોહિત બની રહી પોતાનું વાસ્તવ સ્વરૂપ ભૂલી ગયો. પ્રકૃતિનેજ પોતાનું સ્વરૂપ માની લઈને પુરૂષ પ્રકૃતિના ગુણો દ્વારા થતા કર્મોનો પોતાનેજ કર્તા માનવા લાગ્યો. પુરૂષમાં પ્રારંભથીજ કર્તાપણું નથી એ કર્તાપણું તો પ્રકૃતિના અધ્યાસથી થાય છે. પ્રકૃતિનો સંબંધ થતાં જ્યારે ફરી પ્રકૃતિનો અધ્યાસ થાય છે ત્યારે એનામાં ભોક્તાપણું આવે છે. પ્રકૃતિ ભોગ્ય છે તે ભોક્તા થઈ શકે નહીં. ભોગદશામાં પુરૂષ પ્રકૃતિનો નિયામક જ રહે છે. આથી સ્પષ્ટ છે કે પ્રકૃતિ કર્તા છે. વ્યામોહિત છે અને ભોગદશામાં પ્રકૃતિનો નિયામક પુરૂષ જ ભોક્તા છે.

એ પછી મૂલભૂત પ્રકૃતિનું લક્ષણ દર્શાવતાં સાંખ્યાચાર્ય કપિલ મુનિએ કહ્યું કે જે ત્રિગુણાત્મક, અવ્યક્ત, નિત્ય અને કાર્યકારણરૂપ છે તથા સ્વયં નિર્વેષ હોવા છતાં પણ સંપૂર્ણ વિશેષ ધર્મોનો આશ્રય છે એ પ્રધાન નામક તત્ત્વને જ પ્રકૃતિ કહે છે. પાંચ મહાભૂત, પાંચ તન્માત્રા, ચાર અંતઃકરણ અને દશ ઈન્દ્રીયો મળી કુલ ચોવીશ તત્ત્વોના સમૂહને વિદ્વાનો પ્રકૃતિનું કાર્ય માને છે. પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ એ પાંચ મહાભૂતો છે. ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ એ પાંચ તન્માત્રાઓ છે. શ્રોત્ર, ત્વચા, યકૃતરસના નાસિકા વાક હાથ, ચરણ, ઉપસ્થ અને પાયુ એ

દશ ઈન્દ્રીયો છે. મન, બુદ્ધિ, અહંકાર, અનેચિત્ એ ચાર અંતઃકરણાત્મક એકજ છે, પરંતુ સંકલ્પ, નિશ્ચય, અભિમાનરૂપ અને ચિતરૂપ ચાર પ્રકારની વૃત્તિઓથી એ લક્ષિત થાય છે. તત્વજ્ઞાની પુરૂષો સગુણ બ્રહ્મના સન્નિવેશ સ્થાનરૂપ આ ચોવીસ તત્વોની સંખ્યા દર્શાવે છે, અને પચીસમા તત્વ તરીકે કાલને માને છે. કેટલાક વિદ્વાનો અભિન્ન તત્વ માને છે અને તેને ઈશ્વરની સંહારકારિણી શક્તિ રૂપ માને છે પણ કપિલાચાર્ય સ્વમત પ્રમાણે કાર્યનું લક્ષણ દર્શાવતા કહે છે કે– જેની પ્રેરણા ગુણોની સામ્યાવસ્થારૂપ નિર્વેશ પ્રકૃતિમાં ગતિ ઉત્પન્ન થાય છે એજ વસ્તુતઃ પુરૂષરૂપ ભગવાનને જ કાલ કહેવાય છે. અને એજ પ્રાણીઓની ભીતર પુરૂષરૂપે અને બહાર કાલ રૂપે વ્યાપ્ત ઈશ્વરજ પચીસમા તત્વ રૂપ છે.

આ પ્રમાણે ઉદ્દેશ્ય (નામ)થી તત્વોનું નિરૂપણ કરી પછી ઉત્પત્તિપૂર્વક એનાં લક્ષણ દર્શાવાયાં છે.

કહ્યું છે કે—પરમપુરૂષ પરમાત્માએ કાલ દ્વારા ક્ષોભ પામેલી સંપૂર્ણ જીવોના સ્થાનરૂપ પ્રકૃતિમાં ચિત્ શક્તિરૂપ સાનિધ્ય સ્થાપિત કરવાથી એમાંથી તેજોમય મહતત્વ ઉત્પન્ન થયું. વિશ્વાધારપણું જેનું લક્ષણ છે એવા જગતના અંકુરરૂપ એ મહતત્વે પોતામાં સ્થિત વિશ્વને પ્રગટ કરવાને માટે પોતાના તેજથી પ્રલયકાલીન અંધકારને નષ્ટ કરી દીધો. અને સત્વગુણયમ સ્વચ્છ, શાંત, અને ભગવાનની ઉપલબ્ધિને માટે સ્થાનરૂપ ચિત્તરૂપી એ મહતત્વને ભગવાન વાસુદેવ કહેવાય છે. તદનંતર એ જ્ઞાનપ્રધાન મહતત્વ વિકૃત થતાં એમાંથી અહંકારની ઉત્પતિ થઈ. સાત્વિક રાજસ્ અને તામસ એવા ત્રણ પ્રકારનો અહંકારથી ક્રમશઃ મન, ઈન્દ્રીયો, પંચમહાભૂતો અને તન્માત્રાઓની ઉત્પતિ થઈ. મહતત્વનું આધિદૈવિક નામ વાસુદેવ છે. એ રીતે આ અહંકારનું આધિદૈવિક નામ સંકર્ષણ છે. અનંત નામે પ્રસિદ્ધ અનંત શીર્ષોવાળા એ પુરૂષ ભૂતમય, ઈન્દ્રીયમય અને મનોમય છે. આકિભૌતિક અહંકારના સત્વ, રજ અને તમ અનુસાર ક્રમશઃ કતૃત્વ, કારણત્વ અને કાર્યત્વ અથવા શાન્તત્વ, ઘોરત્વ અને વિમૂઢાત્વ એવા ત્રણ લક્ષણો છે. કાલકૃત ગુણો ક્ષોભથી યુક્ત સાત્વિક અહંકારથી મનસ્તત્વની ઉત્પતિ થઈ. મનના સંકલ્પ વિકલ્પથી જ કામની ઉત્પતિ થાય છે અને એ કામ પ્રદ્યુમ્ન છે. કમલ જેવા શ્યામ અને યોગીજનોના આરાધનીય એવા ઈન્દ્રીયોના અધિશ્વર અનિરુદ્ધ છે. ઈન્દ્રીયોને નિયંત્રણમાં રાખવી એ અનિરુદ્ધનું લક્ષણ છે. હે સતી દેવહૂતિ ! તેજસ અર્થાત્ રાજસના વિકારથી બુદ્ધિતત્વની ઉત્પતિ થઈ. દ્રવ્યસ્ફુરણ અને ઈન્દ્રીયોનો અનુગ્રહ એ બુદ્ધિતત્વનું લક્ષણ છે. વૃતિઓના ભેદથી સંશય વિપર્યાસ (ભ્રાન્તિ), નિશ્ચય, સ્મૃતિ અને સ્વાપ (નિબંધકારિકા) પણ બુદ્ધિના ભેદો મનાય છે. કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રીયો બંને રાજસ છે. ક્રિયાશક્તિ

પ્રાણની છે. અને વિજ્ઞાનશક્તિ બુદ્ધિની છે. એટલે બંને પ્રકારની ઈન્દ્રીયો રાજસ છે. તામસ અહંકારથી ભગવાનની પ્રેરણાથી પૂર્વવત્ વિકાર થતાં સર્વતઃ પ્રથમ શબ્દ માત્ર ઉત્પન્ન થયો અને પછી આકાશ ઉત્પન્ન થયું, કેમકે શબ્દ જ શ્રોતગમ્ય છે. શબ્દનો ધર્મ પણ શબ્દ છે એટલે લક્ષણની અતિ વ્યાપ્તિ થતી નથી. અર્થનો આશ્રય શબ્દ છે. શબ્દનું જ્ઞાન જોવાથી, સ્વરથી તથા દશ્ય અને જ્ઞાપક દ્વારા પણ થાય છે. અતઃકરણ શબ્દનું લક્ષણ "દ્રષ્ટ ત્વાલિઙ્ગત્વ" કહેવાયું છે, એ રીતે આકાશની તન્માત્રા હોવાથી "નભસઃ તન્માત્રત્વમ્" એ પણ શબ્દનું લક્ષણ છે. આકાશની સૂક્ષ્મરૂપતા પણ શબ્દનું લક્ષણ છે. આકાશની સૂક્ષ્માવસ્થા શબ્દ અને સ્થૂવાવસ્થા આકાશ છે. શાસ્ત્રમાં પણ એમજ માને છે. ગુણક્ષોભથી આકાશથી તથા શબ્દની તન્માત્રા (સૂક્ષ્માકાશ)થી સ્પર્શની ઉત્પતિ થઈ. સ્પર્શથી વાયુ અને ત્વગિન્દ્રિયની ઉત્પતિ થઈ. આ ત્વગિન્દ્રિયથી સ્પર્શનું ભાન થાય છે. મૃદુતા કઠિનતા, ઠંડાપણું, ઉષ્ણતા અને સ્પર્શનું સ્પર્શત્વ છે. વાયુનું સૂક્ષ્મરૂપ એની તન્માત્રા (સ્પર્શ) છે. ચાલન આદિ પાંચ પ્રકારના પાંચ કર્મવાયુનાં કર્મ લક્ષણો છે. વૃક્ષોની ડાળીઓ વગેરેને હલાવવા ચલાવતાં વેરણછેરણ રસ વગેરેને ચક્રવાન્ રૂપે ભેગાં કરવાં એ વ્યૂહન કહેવાય છે. ગંધને નાસિકામાં પહોંચાડવી એને પ્રાપ્તિ કહે છે. શબ્દને દેશાન્તરમાં લઈ જવો એ વાયુનું કાર્ય છે. સર્વ ઈન્દ્રીયોનું આત્માર્પણ એવાયુનું લક્ષણ છે. વાયુની સ્પર્શ તન્માત્રાથી રૂપ અને રૂપથી તેજની ઉત્પતિ થઈ. રૂપની ઉપલબ્ધી નેત્રો દ્વારા થાય છે દ્રવ્યકૃતિતા, ગુણતા, વ્યક્તિ સંસ્થાત્વ અને તેજમાં તેજસત્વ એ ચાર રૂપ માત્રની ચાર વૃતિઓ છે. પ્રકાશ, પાચન, ભોજન, શીતને દૂર કરવું, સૂકવવું, ભૂખ અને તરસ લાગવી એ તેજની વૃતિઓ છે. રૂપ તન્માત્રા તથા તેજથી કાલની પ્રેરણાથી રસની ઉત્પતિ થઈ. રસથી જલની ઉત્પતિ થઈ. રસનું જ્ઞાન જીભથી થાય છે. રસ તન્માત્રા અને જલમાં ક્ષોભ થતાં ગંધની ઉત્પતિ થઈ અને ગંધથી પૃથ્વીની ઉત્પતિ થઈ. મિશ્રિત ગંધ, દુર્ગંધ,સુગંધ તથા શાંત અને ઉગ્ર ગંધ તેમ વાસી ખોરાકમાંનો ખાટો ગંધ વગેરે અલગ અલગ દ્રવ્યોના અવયવોની વિષમતાથી એકજ ગંધ ઉક્ત પદાર્થોથી બની રહે છે. પૃથ્વીનાં લક્ષણ કહેતાં કહ્યું છે કે સર્વ પદાર્થોને રૂપ દેવું, શબ્દ બ્રહ્મ અથવા પરબ્રહ્મની હૃદયકંઠ આદિ સ્થિતિ, સંપૂર્ણ જગતને ધારણ કરવું, સર્વસત્વોમાં અવયવરૂપથી રહેવું તેમ બ્રહ્મથી લઈને સર્વમાં જે ભેદ છે એ પૃથ્વી દ્વારાજ જાણી શકાય છે. પૃથ્વીનાં આવા લક્ષણ છે. આકાશનો વિશેષ ગુણ શબ્દ જેનો વિષય છે એ શ્રોત્ર ઈન્દ્રીય વાયુનો વિશેષ ગુણ સ્પર્શ જેનો વિષય ગુણ ત્વચા છે. તે જનો વિશેષગુણ રૂપ જેના વિષય છે તે ચક્ષુ ઈન્દ્રીય છે. જલનો વિશેષ રસ, જેનો વિષય છે રસના, પૃથ્વીનો વિશેષ ગુણ ગંધ જેનો વિષય ઘ્રાણેન્દ્રીય છે. સર્વ વિશેષ પાંચેય ગુણો અંતીમ કાર્યરૂપ પૃથ્વીમાંજ છે. એટલે જ

ભાવોનો વિશેષ પૃથ્વીમાંજ દેખાય છે. મહતત્વ, અહંકાર અને પાંચ મહાભૂતો એ સાતેય તત્વ અલગ રહ્યાં ત્યારે જગતના આદિકારણ શ્રીભગવાને કાલ, અદષ્ટ અને સત્વાદિ ગુણોસહિત એ સાતેમાં પ્રવેશ કર્યો. ભગવાનના પ્રવિષ્ઠ થયા પછી અને ભગવાન દ્વારા યોજિત થતાં એ અંડ જે પ્રથમ ચેતન હતું એવા અંડથી એ પુરૂષ પ્રવેશ કરતાં જ ઉડીને ખડો થઈ ગયો. એ પુરૂષ જે પ્રથમ તત્વોમાં પ્રવિષ્ઠ થયેલ તે વિરાટ રૂપ બની ગયા. એ અંડનું નામ વિશેષ છે. એ સ્વયં પચાસ કરોડ યોજનના વિસ્તારવાળું છે એના ઉત્તરોત્તર ક્રમથી પૂર્વથી દશદશ ગુણે વૃદ્ધિવંત જલ, અગ્નિ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્વ એના આવરણોથી ઘેરાયેલા છે. અને એ સર્વની બહાર પૃથ્વીનું આવરણ છે. એમાં સર્વ લોકોનો વિસ્તાર તેમ તે ભગવદ્રુપ જ છે. જળની અંદર રહેલા તે સુવર્ણમય બ્રહ્માંડમાંથી ઉભા થઈ શ્રીહરિએ તટસ્થપણું ત્યજીને તે ઈન્દ્રીયોરૂપ બ્રહ્માંડના અધિષ્ઠાતા થઈ તેમાં અનેક પ્રમાણનાં છીદ્ર કર્યા. સર્વ પ્રથમને વિરાટ શરીરને મુખ થયું. મુખમાંથી વાણી, ઈન્દ્રીય અને એનો અધિષ્ઠાતા અગ્નિ ઉત્પન્ન થયો. પછી નાસિકાના બે છીદ્ર ઉત્પન્ન કર્યા. એમાં પ્રાણયુક્ત ધ્રાણેન્દ્રીય ઉત્પન્ન થઈ અને તેનો અધિષ્ઠાતા દેવ વાયુ ઉત્પન્ન થયો. પછી બે નેત્રસ્થાન ઉત્પન્ન થયાં તેમાં ચક્ષુ ઈન્દ્રીય અને તેના દેવ સૂર્યનો આવિર્ભાવ થયો. પછી કાન પ્રગટ થયા તેમાં શ્રોત્રેન્દ્રીય અને તેની દેવરૂપ દિશાઓ પ્રકટ થઈ. પછી ત્વચા પ્રકટ થઈ અને લોભ ઈન્દ્રીય અને શ્મશ્રુ કેશ વગેરે લોભ વિશેષ પ્રકટ થયાં અન એની દેવતા ઔષધીઓ પ્રગટ થઈ. એ પછી શિશ્નનું પ્રાગટય થયું. તેમાંથી વીર્ય અને જલનો આવિર્ભાવ થયો. ત્યારપછી વિરાટને વાયુસ્થાન અપાન ઈન્દ્રીય અને મૃત્યુ દેવતાનો આવિર્ભાવ થયો. તદનન્તર બે હસ્તો પ્રકટ થયા. અને એનાથી બલ ઈન્દ્રીય તથા બલથી સ્વરાટ અર્થાત્ દેવ ઈન્દ્રનું પ્રાકટય થયું. પછી બંને ચરણો પ્રકટયા. એનાથી ગતિ ઈન્દ્રીય અને એ ગતિથી વિષ્ણુ દેવતાનો આવિર્ભાવ થયો. પછી નાડીઓ પ્રકટી એનાથી લોહિત ઈન્દ્રીય અને દેવતા રૂપ નદીઓ થઈ. ઉદરના પ્રાકટય પછી ભૂખ તરસરૂપ ઈન્દ્રીય અને દેવતા સમુદ્રનું પ્રાકટય થયું. પછી હૃદય પ્રકટયું એનાથી મન ઈન્દ્રીય અને દેવતા ચંદ્રની ઉત્પતિ થઈ. બીજા હૃદય ગોલકથી બુદ્ધિ ઈન્દ્રીય અને બુદ્ધિથી વાચસ્પતિ દેવતાનો આવિર્ભાવ થયો. તૃતીય હૃદય ગોલોકથી અહંકાર ઈન્દ્રીય અને રુદ્ર દેવતાનો આવિર્ભાવ થયો. ચોથા હૃદય ગોલોકથી ચિત્ત ઈન્દ્રીય અને ચૈત્ય જીવ દેવતા થયા. આ સર્વે ઉદભવસ્થામાં ચૈત્ય યા જીવ એ મુખ્ય ભગવદંશ છે. આ રીતે આત્માથી અતિરિક્ત સર્વ દેવતાઓ ઉત્પન્ન થયા. પણ તે વિરાટ પુરૂષને ઉઠાડવા સમર્થ નીવડી શકયા નહીં. એટલે તેઓએ ફરી વિરાટ પુરૂષને ઉઠાડવા પોતપોતાનાં સ્થાનોમાં અનુક્રમે પ્રવેશ કર્યો.

—ક્રમશઃ

સાંજીનો ભાવ

જ્યારે સૂર્ય કન્યા રાશીમાં આસો સુદમાં આવે ત્યારે સાંજીનો ઉત્સવ મનાય છે. અત્યારે પણ વ્રજમાં દરેક ઘરમાં દ્વાર આગળ ગોબરની સાંજી કન્યાઓ કરે છે. ઉપરાંત ફુલની પત્તાની તેમજ ચિત્રની સાંજી પુરે છે. સાંજીને ભોગ ધરે છે. આરતી કરે છે અને સર્વે કન્યાઓ સાથે મળી મંગલ ગીતો ગાય છે.

સાંજીનો અર્થ સાંજ અથવા સંધ્યામાંથી બનેલ છે. શ્રીમહાપ્રભુજીએ સાંજીનો ભાવ રસાત્મક લીલામાં કરીને શ્રીઠાકોરજીની સેવામાં વિનીયોગ કરાવ્યો છે. રસાત્મકલીલામાં તે ઉદ્દીપન ભાવ છે કેમકે, સાંજના સમયથી ઉદ્દીપન ભાવનો પ્રારંભ થાય છે. સાંજ રૂપી નાયિકાને ફુલોના શૃંગાર કરી શ્રીઠાકોરજી સન્મુખ સેનના ઉપસ્થિત રાખે છે. આમ સાંજીનો ભાવ ઉત્તમ અને રહસ્યપૂર્ણ છે. શ્રીમહાપ્રભુજીએ જ્યારે પુષ્ટિમાર્ગીય સેવા પ્રણાલિકા બાંધી ત્યારે સાંજીના ઉત્સવને સેવા પદ્ધતિના ઉત્સવમાં સમાવી લીધો.

શ્રીમહાપ્રભુજીએ વ્રજનાં બધાજ મુખ્ય ઉત્સવોને પુષ્ટિમાર્ગીય સેવા પ્રકાર રસાત્મક રીતથી સમાવી લીધા છે. કારણ કે આપશ્રી રસોવૈસઃ સ્વરૂપ છે. રશેસ શ્રીકૃષ્ણની સેવામાં બધાં જ મુખ્ય ઉત્સવો રસાત્મક રીતથી સમાવી લીધા છે.

આસો સુદ ૧ થી નવવિલાસ શરૂ થાય છે. પછી પ્રભુ તેના ઉપર વિજય કરે છે. આમ, સાંજી ઉપરાંત નવવિલાસ અને વિજયાદશમીનો ઉત્સવ પુષ્ટિમાર્ગમાં મનાય છે. એક રસિક ભગવદીએ સાંજીનું ધોળ બહુજ સુંદર તેમજ ભાવાત્મક લખ્યું છે જે એકત્રીસ ટુંકનું છે. પૂ.લક્ષ્મીમા અને શ્રીગુરૂદેવની કૃપાએ તેનો અર્થ કરવા નમ્ર પ્રયાસ કરું છું.

એક વખત વ્રજબાલિકાઓએ સાથે મળી વિચાર કર્યો કે આપણે બધા સાથે મળી ચાલો બરસાના જઈએ અને શ્રીલાડીલીજીને સાંજી રમવા તેડી આવીએ. આમ, વિચાર કરી સર્વે બાલાઓ બરસાના જાય છે. શ્રીકીર્તિજી ને વાત કરે છે. તમારી કુંવરીને શ્રીયમુનાજીના ઘાટે અમારી સાથે સાંજી રમવા મોકલો. વાત સાંભળી કીર્તિજી તો ખૂબજ હરખાય છે. શ્રીરાધાજીને સુંદર વસ્ત્રો, આભૂષણો, ધરાવી તૈયાર કરે છે સર્વે કન્યાઓ સાથે મળી શ્રીયમુનાજીની નિકુંજમાં આવે છે. અહીં શ્રીઠાકોરજી પણ આનંદમાં ખેલતા હોય છે. સર્વે વ્રજવનિતાઓ આ દર્શન કરી આનંદ અનુભવે છે. લાડીલીજી સહિત સર્વે બાળાઓ ત્યાં ફુલ વીણતી હોય છે. શ્રીઠાકોરજી ત્યાં પધારે છે અને પૂછે છે કે તમે શા માટે ફુલો વીણો છો તમારો કોઈ મનોરથ પૂર્ણ થયો છે ! જવાબ મળે છે સાંજી પૂરવા માટે. ત્યારે શ્રીકૃષ્ણ કહે છે સાંજીની રીત તો જુદી છે. અમારી ચતુરાઈ સાંજીમાં કેવી છે તે જોવી છે. ત્યારે લલિતાજીને મનમાં ખૂબજ આનંદ થાય છે. વિચારે છે કે લાલાને ખેલમાં કેવી રીતે લઈ જવો !

સર્વે ગોપીજનોએ વિચાર કરી લાલને સખી વેશ ધરાવ્યો. સુંદર શૃંગાર ધરી શ્યામા સખી નામ રાખ્યું અને એકબીજાના ગળામાં હાથ રાખી ગીતો ગાતાં ગાતાં બરસાના ગયા. શ્રીકિર્તીજી પૂછે છે તમારી

સાથે આ કોણ છે? કોની દિકરી છે? શ્યામ પણ છે અતિ સુંદર અને વહાલી લાગે તેવી છે. લાડીલીજી કહે છે માં એ તો નંદગામની ગોપી છે. અને શ્યામા સખી તેનું નામ છે. અમારી સાથે સાંજી ખેલવા આવી છે.

શ્રીકિર્તીજી અતિ પ્રસન્ન થઈને રાધા–શ્યામાને તથા સર્વે ગોપીઓને મહેલમાં પધરાવે છે. રાધાજીને શ્યામા સખી સાથે અતિ આનંદવિભોર જોઈ શ્રીકિર્તીજી વિનંતી કરે છે અરી, શ્યામા મારી એક વાત માનો. આ તમારું જ ઘર છે. અહીં આજે રાત રોકાવો. ચંદનના ભુકાથી ભીંતો લીંપજો, ફુલનો તો અહીં તૂટો નથી. ફુલથી સાંજી ભરજો, ગીતો ગાજો, રમતો રમજો અને આનંદ કરજો.

લાલાને તો એટલું જોઈતું હતું. પોતે જાણે ખૂબજ શરમાતી હોય તેમ શરમાળ હાસ્યયુક્ત મુખારવિંદ કરી કહે ભલે મૈયા જેવી આપની ઈચ્છા. સર્વે સખીઓએ સાથે મળી સુંદર સામગ્રીના ભોજન કર્યા. પાનબીડાના મુખવાસ કર્યા અને સર્વે મળી ગીતો ગાયા, ખેલ્યા અને સર્વ મનોરથ સિદ્ધ કર્યા. પછી સર્વે શ્રીયમુનાજીના કાંઠે સ્નાન કરવા પધાર્યા. શ્રીલલિતાજીએ પ્રભુના સખી શૃંગાર ઉતાર્યા. સ્નાન કરાવ્યા અને ત્યાંથી નંદાલય ગયા. માતાજી તો વાટ જોતા બેઠા હતા. લાલાને અતી હેતથી બે–ત્રણ ચુંબન લીધા. શ્રીમસ્તક ઉપર હાથ ફેરવી વહાલથી પૂછયું, લાલા આજે ક્યાં રાત્રી રોકાણ હતા ? લાલાએ માતાજીને સમજાવવા નવી વાત ઘડી કાઢી અને ચાગલી ચાગલી મધુર વાણીમાં કહ્યું મૈયા, મારી વાત સાંભળો. એક ગાય ગોવર્ધનમાં દોડી ગઈ. હું પાછળ દોડયો. ત્યાંજ શ્રીગોવર્ધને મને તેડી લીધો. પાકા પાક ફળો આરોગાવ્યા અને હું ત્યાં જ રાત રહ્યો. લાલાની આવી કાલી કાલી વાણી સાંભળી માતાજી ખૂબજ હરખાયા. અતિ આનંદમાં આવી ગયા. આવો છે સાંજીનો ભાવ.

પરંતુ અત્યારે ઘણા મંદિરો, હવેલીઓમાં જુદુંજ જોવા મળે છે. ઘણી હવેલીઓમાં સાંજીમાં શ્રીયુગલ–સ્વરૂપ શ્રીગિરિકંદરામાં શ્રીનાથજી, શ્રીમહાપ્રભુજીનું પ્રથમ મિલન, સઘન કંદરામાં યુગલ–સ્વરૂપ વિગેરે ચિત્રો દોરવામાં આવે છે. બીજે કે ત્રીજે દિવસે હવેલીનો ચોક બુહારીથી સાફ કરી નંખાય છે. તો સિદ્ધ કરેલ ચિત્રરૂપી સ્વરૂપનો ભંગ થાય કે નહીં ? થાય તો તેનો અપરાધ પડે ને ? શ્રીવાસુદેવ દાસ છકડાની વાર્તામાં આવે છે કે શ્રીગોપીનાથજી આગ્રા પધાર્યા હતા. ત્યાંથી જતીપુરા પધાર્યા. સાથેના વૈષ્ણવોને આપે કહ્યું કે કોઈ છે કે જે શ્રીગુસાંઈજીને સોનામહોર અડેલ પહોંચાડે. છકડાએ કહ્યું જેવી આજ્ઞા. હું અડેલ જઈને પધરાવી આવું. છકડાએ એક લાખનો ગોળો બનાવ્યો. તેમાં મહોર ભરી અડેલ જવા રવાના થયા. રસ્તામાં તે ગોળાની પૂજા કરતા જાય. આમ કરતાં અડેલ પહોંચ્યા. ત્યાં જઈને ગોળો ફોડી નાંખ્યો. અહીં મહોર કાઢી લીધી અને શ્રીગુસાંઈજીને દંડવત કરી સોંપી. આપે તેને પ્રસાદ લેવડાવ્યો. પહોંચ કરી આપી પછી પૂછયું રસ્તામાં આ મહોરો કેવી રીતે લાવ્યા ? છકડાએ બધી વાત કરી ત્યારે આપે આજ્ઞા કરી. આવું કદી ન કરતા. ભગવદ્ સ્વરૂપ બનાવ્યા પછી ભંગાય? મહારાજ પ્રતિષ્ઠા તો નહોતી કરાવીને? આપે આજ્ઞા કરી સ્વરૂપ ભાવ તો થયોને? માટે હવેથી આમ કરશો નહીં. વાસુદેવદાસે દંડવત કરી વિનંતી કરી ક્ષમા કરો કૃપાનાથ. હવેથી આમ નહીં કરું. મારો અપરાધ ક્ષમા કરો. અત્યારની રીત કોઈ કલાકારે પોતાની કલાનું પ્રદર્શન કરવા શરૂ કરી હશે એમ લાગે છે. પ્રભુ સહુનું કલ્યાણ કરે.

–રસીકદાસ સંપટ (મોરબી)

કાવ્ય – કુંજ :

શ્રીપુરૂષોત્તમ માસનું ધોળ

(મારા જીવનનાં મોંઘા મહેમાન...જીવન થોડું રહ્યું...એ ઢાળમાં)

આવ્યો આવ્યો પુરૂષોત્તમ માસ..શ્રીકૃષ્ણની સેવા કરો,
રૂડા ગોપીજન વલ્લભ નાથ..શ્રીકૃષ્ણની સેવા કરો. (ટેક)
અઢી–ત્રણ વર્ષે એક અધિક મહિનો આવે,
શ્રીકૃષ્ણભક્તિમાં ગોપીનો ભાવ લાવે,
સૌનાં ચિત્તમાં આનંદ અતિ થાય... શ્રીકૃષ્ણની સેવા કરો.૧
રાધા–કૃષ્ણ સ્વરૂપનું સ્થાપન કરે,
નિત્ય ષોડશોપચારથી પૂજન કરે,
નિત્ય નવલાં નૈવેદ્ય ધરાય... શ્રીકૃષ્ણની સેવા કરો.૨
તીર્થ જળમાં આખો માસ સ્નાન કરે,
સેવા–સત્સંગ સ્મરણમાં ચિત્ત ધરે,
વિવિધ વ્રતનાં તો નિયમ લેવાય... શ્રીકૃષ્ણની સેવા કરો.૩
કોઈ ફક્ત ફળાહાર મહિનો કરે,
કોઈ ઉપવાસ આખો યે મહિનો કરે,
રૂડાં ધારણા–પારણા વ્રત થાય... શ્રીકૃષ્ણની સેવા કરો.૪
કોઈ એક ધાન્યથી એકટાણું જમે,
ગાય–બ્રાહ્મણ–અભ્યાગત જમાડી જમે,
દાન–પૂણ્યનાં લ્હાવા લેવાય... શ્રીકૃષ્ણની સેવા કરો.૫
કોઈ નવલા મનોરથ મંદિરે કરે,
નિત્ય દર્શન શ્રીજીનાં તો ભાવે કરે,
કથા–વાર્તામાં હૈયું હરખાય... શ્રીકૃષ્ણની સેવા કરો.૬
કોટિ–કુસુમાયુધથીયે રૂપ અદકાં ધરે,
એવા પૂર્ણ પુરૂષોત્તમ તો મનડાં હરે,
ગોપીભાવે તે લીલા સમજાય... શ્રીકૃષ્ણની સેવા કરો.૭
અરે જીવન આ આપણું તો વેગે વહે,
ફરી પાવન અધિક માસ ક્યારે મળે,
આવો અવસર રખે ના ચૂકાય... શ્રીકૃષ્ણની સેવા કરો.૮

રચયિતા : દા.દા. જયંત જી. ગાંધી 'કુસુમાયુધ'નાં જય શ્રીકૃષ્ણ.

પુસ્તક પરિચય

☐ **૧. શ્રીમદ્વલ્લભાચાર્યજીકે સિદ્ધાંત (હિન્દી) :** અનુવાદક–શ્રીગોકુલદાસ શાસ્ત્રી પ્રકાશક– સનાતન ભક્તિમાર્ગીય સાહિત્ય પાઠશાલા, કલકત્તા. હાર્દિક વધાઈ – પૂ.પા. ગો.શ્રીત્રિલોકીભૂષણજી મહારાજ પ્રાપ્તિસ્થાન–શ્રીગોવર્ધનનાથજીકી હવેલી, ૨૦/એ, હંસકપુર ફર્સ્ટ લેન, કલકત્તા–૭૦૦૦૦૭.

સોળ પેઈજી ક્રાઉન સાઈઝ પૃષ્ઠ ૬૦+૫=૬૫. સેક્સન સિલાઈ. ન્યોછાવર રૂ.૧૦/–

સરળ હિન્દીમાં લખાયેલ આ પુસ્તિકામાં શ્રીમદ્વલ્લભાચાર્યજીનું સંક્ષિપ્ત જીવન, તેમના સિદ્ધાંત, તુલસીમાળાનો મહિમા, ઉર્ધ્વપુંડ્ર તિલકનો મહિમા તેમજ વૈષ્ણવોને આવશ્યક ધર્મનો સમાવેશ કરવામાં આવેલ છે. પુષ્ટિસંપ્રદાયને સંક્ષિપ્તમાં સમજવા માટે તથા તેના પાયાના સિદ્ધાંતો સારી રીતે સમજવા માટે દરેક વૈષ્ણવે વાંચવા અને વસાવવા લાયક પુસ્તિકા.

☐ **૨. મનોરથોનો માસ– અધિક માસ :** લેખક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ, પ્રકાશક–શ્રીપુષ્ટિપ્રકાશન મુંબઈ. પ્રાપ્તિસ્થાન–શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સેવા સમાજ, મર્સીવિલા, અશોકનગર રોડ, કાંદીવલી (પૂ.) મુંબઈ–૪૦૦૧૦૧. ન્યોછાવર રૂ.૨૫/– પોસ્ટેજ રૂ.૫/– અલગ.

પુષ્ટિમાર્ગમાં નૌતન વસ્ત્રાલંકાર, કિર્તન એવી સેવાભાવના રહેલી છે. તેમાં પણ જ્યારે અધિક માસ આવે એટલે વર્ષભરના ઉત્સવો આ માસમાં ઉજવવા માટે વૈષ્ણવો કાંઈક મનોરથો સેવતા હોય છે. આથી પુષ્ટિપ્રકાશકને ખાસ મનોરથો કઈ રીતે, ક્યારે ઉજવવા તે અંગે તે ઉત્સવ પ્રમાણે સભર માહિતિ આ પુસ્તીકામાં પ્રકાશીંત કરેલ છે. ઉપરાંત રંગબેરંગી ૩૦ ચિત્ર પણ આપવામાં આવેલ છે. ગૃહસેવા કરતા વૈષ્ણવોએ વસાવવા જેવી સુંદર પુસ્તિકા છે. લેખક પ્રકાશકને ધન્યવાદ.

☐ **વધાઈ** ☐ ॥ **શ્રીમહાપ્રભુર્જયતિ** ॥ ☐ **વધાઈ** ☐

આધિદૈવિક વ્રજયાત્રા

પૂ.પા.ગો.૧૦૮ શ્રીગોપાલલાલજી મહારાજશ્રી, શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રી (કોટા)ની વ્રજ ચોરાશી કોસ (લીલી પરિક્રમા) યાત્રા

પૂ.પા.ગો.૧૦૮ શ્રીગોપાલલાલજી મહારાજશ્રી, શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીના શુભાશિર્વાદ. આ વ્રજયાત્રામાં કોટામાં બિરાજમાન શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તથા તેમના સેવ્ય સ્વરૂપ પણ પધારશે. નિત્ય મનોરથોનાં દર્શનનો લાભ તથા ઝારી–ચરણસ્પર્શનું સૌભાગ્ય તથા શ્રીવ્રજેશ્વર ભગવાન શ્રીકૃષ્ણની વ્રજલીલા સ્થળોનો લાભ વૈષ્ણવોને મળશે. સાથે સાથે ગોસ્વામી બાલકોના વચનામૃતોનો લાભ પણ મળી શકશે. તો સપરિવાર આ વ્રજયાત્રામાં જોડાઈને જીવન ધન્ય બનાવો.

વ્રજયાત્રાનો પ્રારંભ તા. ૨૬–૮–૨૦૦૧ રવિવારના રોજ મથુરા મુકામેથી થશે. કુનવારાનો મનોરથ જતીપુરા મુકામે તા. ૭–૯–૨૦૦૧ ના રોજ થશે. તથા છપ્પનભોગ મનોરથ વૃંદાવન મુકામે તા.૨૯–૯–૨૦૦૧ નાં રોજ થશે.

સમાચાર

❑ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને જાહેર નિવેદન ❑

પ.પૂ.ગો.શ્રીકાલિન્દી વહુજી નટવરગોપાલજી મહારાજશ્રી વેરાવળ પોરબંદર-દ્વારકા-બરડીયાવાળાના માથે બીરાજતા શ્રીગુસાંઈજીના બેઠક જ્યાં વર્ષોથી હીરામાની તનુજા સેવા પ્રભુ પ્રસન્નતાથી અંગીકાર કરી રહ્યા છે તેના નિજમંદિર તથા સેવાના અન્ય રૂમો પ્રાચીન હતા તે ભુકંપને કારણે નુકશાન પામતા પાયામાંથી નિર્માણકાર્ય બે માસથી ચાલી રહ્યું છે આ પ્રસિદ્ધ બેઠકમાં વૈષ્ણવ સમુદાય ખૂબજ લાભ લેતા હોવાથી સેવારૂમો વધારી રહ્યા છીએ. તો આ કાર્યમાં આપ ઉદાર હાથે સહયોગ આપવા નીચેની જગ્યાઓએ સંપર્ક કરવો.

ચેક/ ડ્રાફ્ટ / મનીઓર્ડર 'શ્રીબરડીયા શ્રીગુસાંઈજી બેઠકજી જીર્ણોદ્ધાર સમિતિ'ના નામનાં કઢાવી નવી હવેલી દ્વારકા-૩૬૧૩૩૫. ફોન નં.(૦૨૮૯૨) ૩૪૮૦૬ તેમજ નંદકુમારભાઈ ટેકનો ટ્રેડર્સ, ગાંધી રોડ, બાલા હનુમાન, અમદાવાદ-૧. ફોન નં.(૦૭૯) ૨૧૪૧૬૦૦ મોકલવા.

❑ **વડોદરા :** વકતૃત્વ સ્પર્ધા : આં.રા.પુ.વૈ.પરિષદ (ગુજરાત) દ્વારા પ્રતિવર્ષ મુજબ શ્રીવલ્લભ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. તે સુંદર રીતે સંપન્ન થયું. સ્પર્ધાનું ઉદ્‌ઘાટન પૂ.પા.ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીએ કર્યું અને પરિષદની પ્રવૃત્તિઓ બીરદાવી હતી. અને સ્પર્ધકોને આશીર્વાદ પાઠવ્યા હતા. આ સ્પર્ધામાં પૂ.પ્રદ્યુમન શાસ્ત્રીજી, ભાગવત પ્રસાદ પંડયા, 'વૈષ્ણવ પરિવાર'ના તંત્રીશ્રી, અમિતભાઈ પરીખ વિગેરે ઉપસ્થીત રહ્યા હતા. પરિષદના પ્રમુખશ્રીએ અતિથિઓનું અભિવાદન કર્યું હતું. સંગઠન મંત્રીશ્રીએ અહેવાલ રજુ કર્યો હતો. વકતાઓએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. પુરસ્કાર વિતરણ સમયે પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રી અને પૂ.પા.ગો.શ્રીડૉ.વાગીશકુમારજીએ શ્રીવલ્લભ ગુણાનુવાદકોને અંતરના ઉમળકાથી બીરદાવ્યા હતા. પરિષદ શાખાના અને કાર્યાલયના હોદ્દેદારોની ઉપસ્થિતિ સહુની આનંદ અભિવ્યકિત કરી હતી. નિર્ણાયકો તરીકે ડૉ.લવકુમાર દેસાઈ, ડૉ.આર. એન. તલાટી અને ઉદયનભાઈ શુકલે સેવાઓ આપી હતી.

❑ **સંસ્કાર બોધ પરીક્ષા :** શ્રીવાક્‌પતિ ફાઉન્ડેશન (વડોદરા) સંચાલીત સંસ્કાર બોધ પરીક્ષા લેવાનાર છે. તે અંગેના પુસ્તક વિમોચન થયેલ છે. આ પુસ્તકમાં પ્રભુમાં આસ્થા વધે, પ્રેરણાના પુષ્પો, ભારતીય સંસ્કૃતિ વિગેરે પ્રકરણોનો સમાવેશ કરવામાં આવેલ છે. સદરહુ પુસ્તક અને પરીક્ષાની વધુ માહિતી માટે **સંપર્ક સ્થળ : શ્રી બેઠક મંદિર, કેવડા બાગ, મદન ઝાંપા રોડ, વડોદરા-૩૯૦૦૦૧.**

૯૬. મરજાદનું ફળ

એક દિવસ મર્યાદા પાળે, ને તેનો દેહ છૂટે તો વ્રજમાં પક્ષી થઈને અવતરે. તે પ્રભુને વેણુનાદ કરતાં દેખે. વળી એક વરસ મર્યાદા પાળે, ને દેહ છૂટે, તો શ્રીઠાકોરજીના ગોવાળ. બાર વરસ મર્યાદા પાળે ને દેહ છૂટે, તે ભક્તને વ્રજભક્તના ચરણારવિંદની પ્રાપ્તિ થાય. જે રજ બ્રહ્માદિક ચાહે છે, છતાં તેમને મળતી નથી. તે તેને પ્રાપ્ત થાય.

જે ભગવદીય મરજાદ લઈ બાર વરસ કરતાં વધારે એટલે જન્મારો પાળે તેને નિધિ સિદ્ધિની પ્રાપ્તિ થાય. એવા જીવ બત્રીસ લાખ થશે, નિધિના અને સિદ્ધિના ત્યાં સુધી વલ્લભકુળનું પ્રાકટ્ય છે. જ્યારે બત્રીસ લાખ પૂરા થશે, ત્યારે વલ્લભકુળ લીલામાં પધારશે. શ્રીવલ્લભકુળ છે તે આ જીવને લેવા માટે નિત્ય સિદ્ધ જીવને લેવાને અર્થે અહીં પધાર્યા છે.

આ પ્રાણીમાત્ર બ્રહ્માથી માંડી કીડી સુધી સૌ ભગવાનના જીવ છે ને વૈષ્ણવ છે તે શ્રીમહાપ્રભુજીના છોકરાં છે. માટે ભગવદીય દુભાય ત્યારે શ્રીમહાપ્રભુજી અપ્રસન્ન થાય. જો મહાપ્રભુજીને પ્રસન્ન કરવા હોય તો વૈષ્ણવને પ્રસન્ન કરવા જોઈએ. માટે જે વાતે ભગવદીય પ્રસન્ન થાય તેમ કરવું.

જેટલી મંદિરમાં સામગ્રી છે, તે નિધિસિદ્ધિનું સ્વરૂપ છે, માટે સાચવીને ચાલવું એક વખત શ્રીગુસાંઈજીને પગને અંગુઠે વીંછીએ ચટકો દીધો, ત્યારે કારણ પૂછતા, પોતે કહ્યું કે શ્રીઠાકોરજીની ગોદડીએ પગ અડક્યો હતો, તેનો દોષ નિવારણ થાય. એવા પોતે પ્રભુની વસ્તુથી બીએ છે, તો આપણે તે કોણ? એક કીટ જેવા. માટે જોઈને ચાલવું, એવી ભગવદ સામગ્રી છે. વળી, જે જીવ જાણે છે કે, હું સેવા કરીને પ્રભુને પામીશ, સ્મરણ કરીને પ્રભુને પામીશ, તે જીવને મર્યાદાનું દાન થશે. જે જીવ એમ જાણશે કે મારે હવે શું પામવું છે, હું તો સર્વ પામી ચૂક્યો. પ્રભુને પામવા એ તો મારા હાથમાં છે, એથી બીજું કાંઈ મોટું નથી, હોય તો બીજાની આશા કરો. આ પુષ્ટિમાર્ગનું ફળ છે. આ પ્રભુ સમાન કાંઈ છે નહીં. એ પ્રભુનું નામસ્મરણ તે જ ફળ જાણવું. વળી આગળ ફળ મરજાદ છે. જુઓ, આપણે તો એનું મુખ જોયાં કરવું એટલે પ્રભુ પામી ચૂક્યાં. એમના મુખ સમાન કાંઈ પણ છે નહીં. ૯૬

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-09-2001.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ડારયોં મો ભોં જલધિ,
હરિ ! અજા ઉપલ બધિ પાય ।
દારુ કર દિય નાં ઉં નિજ,
તરયોં ન બૂરયો જાય ॥ (૩૮)

ટીકા : હે શ્રીહરિ ! તમે મને 'ભોં' જે સંસારને 'જલધિ' જે સમુદ્ર એટલે સંસારરૂપી સમુદ્રમાં નાખ્યો છે, ને અજા જે માયા તે–રૂપી ઉપલજે પાણો પગે બાંધીને નાંખ્યો છે. તમારા નામરૂપી 'દારૂ' જે લાકડું તે હાથમાં આપ્યું છે. તેથી એકલૂં 'માથું' માત્ર જલથી બહાર રહ્યું છે. પેલા માયારૂપી પત્થરને ભારે કંઠ પર્યંત શરીર તો બૂડી ગયેલું છે, 'નહીં બૂડયામાં ને નહીં તર્યામાં' એવો અધરસ્તે રહ્યો છું. માટે દયાળુ છો, જો દયા આવે તો પગના પત્થરા છોડાવી ઘો, તો તમારા નામરૂપી શીમલાને આધારે તરીને પાર પાડું... ૩૮.

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં. ૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારાં પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી,સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોન: ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧**

॥ શ્રી હરિઃ ॥

• આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત •

શ્રી વલ્લભસુધા

વચનસુધા

પછી પ્રશ્ન એ ઉભો થાય છે કે, આલોચના કેમ કરો છો? એટલા માટે કરીએ છીએ કે, સર્પને પકડવા દોડો ત્યારે અમારે કહેવું જ પડે. જો આ વિવેક ન રાખીએ તો વિષાક્ત વૃત્તિનું પ્રભુને સમર્પણ ન થઈ શકે. ભગવાન સ્વેચ્છાથી પૂતનાનું વિષ ખેંચી લ્યે એ વાત બીજી છે, પણ અમે પૂતનાનું વિષ ખેંચવા માટે ભગવાનને આગ્રહ નહીં કરીએ. કારણ કે અમને ભગવદ્ આશ્રય છે, અમને અવિદ્યા બાધ નહીં કરે. આટલો આત્મવિશ્વાસ છે. સેલ્ફ કોન્ફીડન્સ અમારા અંદર છે.

આ દ્રષ્ટિએ આત્મવિશ્વાસ કેવળીને ચાલશું તો જે લોકોની દ્રષ્ટિ અવિશ્વાસ કરવાની છે ને—અવિશ્વાસથી જ વિચાર પ્રારંભ કરે છે—વ્યવહારમાં. અને આ શબ્દો કહે છે કે 'કોઈના ઉપર ભરોસો રાખી શકાય નહીં—જાત સિવાય' પણ જાત ઉપર પણ ભરોસો રાખી શકાય કે કેમ? એ ભી પ્રશ્ન છે. એ શંકા જ્યારે નિર્મૂળ થશે, તો અસંદિગ્ધ વાત છે કે આ સંપ્રદાયની પરંપરાને સ્વસ્થ તરીકે આપણે, વલ્લભાચાર્યના ચરણોમાં સમર્પિત કરી— ઉજ્જવળ કરીને મૂકી શકીશું કે આપની કૃપાથી અમે આચરણ કર્યું છે— સ્વધર્મનું.

**(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૫૯)**

• ગૌરક્ષા—ગો—પાલનમાં તત્પર બનો •

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા—ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ **અંક : ૭**
વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૪** **ઓક્ટોબર, ૨૦૦૧**
વાર્ષિક લવાજમ રૂ.૪૦/— **આજીવન લવાજમ રૂ.૫૦૧/—**
"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

અધિક આસો વદ ૧૧ તા. ૧૩–૧૦–૨૦૦૧ શનિવાર : કમલા એકાદશી વ્રત.

અધિક આસો વદ અમાસ તા. ૧૬–૧૦–૨૦૦૧ મંગળવાર : અધિક માસ નિયમ સમાપ્તિ.

નિજ આસો સુદ ૧ તા. ૧૭–૧૦–૨૦૦૧ બુધવાર : નવવિલાસ, નવરાત્રી આરંભ. અંકુરારોપણ રાસના પદ બધા સમયમાં. કરખાના પદ ભોગમાં. રાસપંચાધ્યાયના ભોગનો ટેરો આવ્યા પછી તથા સેનભોગ વખતે બોલાય. ગો.ચિ.શ્રીપ્રણયકુમારજી (કાંકરોલી–વડોદરા–મથુરા)નો તથા ગો.ચિ.શ્રીઅનુરાગજી (સુરત)નો તથા ગો.શ્રીવાગીશબાવાશ્રી (રાજનગર–અમદાવાદ) તથા ગો.શ્રીમિથિલેશકુમારજી (કાંદીવલી)નો જન્મદિન.

નિજ આસો સુદ ૩ તા. ૧૯–૧૦–૨૦૦૧ શુક્રવાર : ગો.શ્રીરસિકવલ્લભજી મહારાજ (વિલેપાર્લે)નો જન્મદિન.

નિજ આસો સુદ ૭ તા. ૨૩–૧૦–૨૦૦૧ મંગળવાર : ગો.શ્રીહરિરાયજી મહારાજ (મુંબઈ–ચેન્નઈ)નો તથા ગો.શ્રીગોકુલોત્સવજી બાવાશ્રી (ચાંપાસેની)નો જન્મદિન.

નિજ આસો સુદ ૯ તા. ૨૫–૧૦–૨૦૦૧ ગુરૂવાર : નવરાત્રી સમાપ્ત. ગો.શ્રીવાગધીશબાવાશ્રી (શ્રીનાથદ્વારા દ્વિતીય ગૃહ) તથા ગો.શ્રીરવિકુમારજી (કાંકરોલી–મથુરા–વડોદરા)નો જન્મદિન.

નિજ આસો સુદ ૧૦ તા. ૨૬–૧૦–૨૦૦૧ શુક્રવાર : વિજયા દશમી. દશહરા. અંકુરાર્પણ. ગો.શ્રીદામોદરલાલજી મહારાજશ્રી (કડી–કોટા–કાંદીવલી)નો જન્મદિન.

નિજ આસો સુદ ૧૧ તા. ૨૭–૧૦–૨૦૦૧ શનિવાર : ગો.શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (કામવન) તથા ગો.શ્રીગોપીકાલંકારજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

નિજ આસો સુદ ૧૨ તા. ૨૮–૧૦–૨૦૦૧ રવિવાર : પાશાંકુશા એકાદશી વ્રત.

નિજ આસો સુદ ૧૩ તા. ૩૦–૧૦–૨૦૦૧ મંગળવાર : શ્રીબાલકૃષ્ણલાલજી (સુરત)નો પાટોત્સવ. ગો.શ્રીશિશિરકુમારજી (મુંબઈ–પાર્લા)નો જન્મદિન.

નિજ આસો સુદ ૧૪ તા. ૩૧–૧૦–૨૦૦૧ બુધવાર : શરદપૂર્ણિમા. શરદોત્સવ. રાસોત્સવ.

|| શ્રી હરિઃ ||

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૭ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ ઓક્ટોબર, ૨૦૦૧

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ એકસઠમો : " પ્રસાદ લીયે પીછે ઘડી એક ચેન કરેં"

બપોરે મહાપ્રસાદ લઈને થોડીવાર આરામ કરવો જેથી બપોર બાદના સેવાક્રમ પહોંચવામાં સ્ફૂર્તી રહે. પોતાના દેહનું પોષણ, રક્ષણ દેહ સેવોપયોગી સાધન છે તેવા ભાવથી કરવું. જો પોતાના દેહ પ્રત્યેની પ્રિતીથી આરામ–ચેન કરે તો દોષ લાગે.

☐ અપરાધ બાંસઠમો : " શ્રીઠાકુરજીકો (સામગ્રીકો) પુછનો નહીં "

અહીં સામગ્રી શબ્દ કૌંસમાં આપેલોછે. પરંતુ કોઈપણ વાત પ્રભુને પુછવી નહીં એમ પણ આમાં ધ્વની રહેલો છે. કેમકે સેવાની પ્રણાલી રીત–ભાત સામગ્રીના પ્રકાર એ સર્વે તો શ્રીસ્વામિની સ્વરૂપ શ્રીઆચાર્યજી અને શ્રીગુસાંઈજીએ પ્રભુના સુખાર્થ પ્રકટ કરેલાં જ છે. અને નવરત્નગ્રંથમાં આજ્ઞા છે કે "સેવાકૃતીર્ગુરોરાજ્ઞા બાધનંવાહરિચ્છયા" સેવાની કૃતી રીત–ભાત ગુરૂ આજ્ઞા મુજબ કરવી જોઈએ. જ્યાં સમજ ન પડે ત્યાં શ્રીગુરૂદેવને–શ્રીવલ્લભકુલના બાલકોને વિનતી કરી સમજ મેળવવી જોઈએ. શ્રીઠાકોરજી તો શ્રીમહાપ્રભુજીની કાનીથી બંધાઈ નિઃસાધન જીવો પર પરમકૃપા વિચારી જીવની રાઈ જેટલી સેવાને પણ મેરૂ સમાન માને છે તેથી શ્રીઠાકોરજીને પુછવું નહીં. જો પુછવું– વિનતી કરવી તો તે શ્રીગુરૂદેવને જ કરવાનું યોગ્ય છે.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન' રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર ગો.વા. શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

—ગતાંકથી ચાલુ

ભગવાન ફળરૂપત્વાન્નાત્ર બાધક ઈષ્યતે ।
સ્વાસ્થ્ય વાક્યં ન કર્તવ્યં દયાલુર્ન વિરુદ્ધયતે ।।૧૩।।

શ્લોકાર્થ : ભગવાન ફલરૂપ હોવાને લીધે અહીં વિઘ્ન કરનાર નથી. ભક્ત સ્વસ્થ થાય તેવું વાક્ય કહેવું તે ભગવાનનું કર્તવ્ય નથી. ભગવાન તો દયાળુ છે. તેથી દયાળુપણાથી વિરુદ્ધ કશું જ તેઓ કરતા નથી. ૧૩

ભાવાનુવાદ : ભગવાન જીવને સ્વસ્થતા થાય તેવું કશું કહેતા નથી. તે વિશે કહે છે. ભગવાન જીવને જો સંયોગ પ્રાપ્ત કરાવી આપે ત્યારે ભજનાનંદના અનુભવની યોગ્યતાને કારણે વિરહનાશ થવાથી અસ્વસ્થતા જતી રહે છે. તેથી અસ્વસ્થતા જાતે જ પ્રતિબંધક બને છે. તે જ પ્રમાણે પોતાને ફળ પ્રાપ્ત થવા માટે આવો પ્રતિબંધ થાય તે ઉચિત નથી.

છેવટે ઘણા ક્લેશને અંતે કોઈ વખત ધૈર્યથી મનમાં ફલપ્રાપ્તિનો સંદેહ ઉદય થતાં અસ્વસ્થતા થાય છે. તેની નિવૃત્તિને માટે સંદેહનું નિવારણ કરતું વચન બોલવું જોઈએ. જેમ બ્રહ્માનંદના દાન માટે પ્રયત્નશીલ નારદ પ્રતિ ‘ગન્તા મંજનતામસિ’ એવું કહેનાર તેની શંકાથી કહે છે. ભક્તને સ્વસ્થતા થાય એવું કહેવાનું ભગવાનનું કર્તવ્ય નથી. ભગવાન તો દયાળુ છે, તેથી દયાળુપણાથી વિરુદ્ધ કાંઈ જ કરતા નથી. દયાળુપણાથી વિરુદ્ધ કરવાનો તેમનો હેતુ નથી.

તે જ પ્રમાણે સ્વેચ્છાથી અનુગ્રહ કરીને દુર્લભ પરિત્યાગ પર્યંત બધું ભક્તને મેળવી આપે છે. હવે ભગવાન દયાળુ હોવાને કારણે, પોતાની પ્રાપ્તિનાં ભાવો ઉત્પન્ન કરવામાં કોઈપણ પ્રકારનું બંધન પણ કરતા નથી. છતાં પણ તેઓ તેવું કરવાના વિરોધી છે. આ પ્રમાણે અવિરુદ્ધ અનુગ્રહ કરનાર ભગવાન તે જ પ્રમાણે ભક્તના મનને પ્રેરણા કરે છે જેથી સંદેહ ઉભો થતો નથી અને તેમાંથી ઉત્પન્ન થતી અવસ્થા પણ તાદશીના વાક્ય પ્રયોજનના ભાવથી કરતા નથી પણ જે યોગ્ય હોય તે જ કરે છે.

આવો પ્રકૃત પરિત્યાગનો અધિકાર કહી ઉપસંહાર કરે છે. ૧૩

દુર્લભોઽયં પરિત્યાગઃ પ્રેમ્ણા સિદ્ધતિ નાન્યથા ।
જ્ઞાનમાર્ગે તુ સંન્યાસો દ્વિવિધોઽપિ વિચારિતઃ ।।૧૪।।

શ્લોકાર્થ : આ ત્યાગ દુર્લભ છે. તે પ્રેમથી પ્રાપ્ત થાય છે, બીજા પ્રકારે પ્રાપ્ત થતો નથી. જ્ઞાનમાર્ગમાં તો બંને પ્રકારના સંન્યાસનો વિચાર કરેલો છે. ૧૪

ભાવાનુવાદ : આવો ત્યાગ દુર્લભ છે. તે પ્રેમથી પ્રાપ્ત થાય છે. બીજા કોઈ પ્રકારે પ્રાપ્ત થતો નથી. જ્ઞાનમાર્ગીય વૈરાગ્યને વ્યસન અવસ્થા ગણી છે. જેની પ્રાપ્તિ પ્રેમથી થાય છે. તે માટે પ્રેમવાન અધિકારી હોવો જોઈએ. પ્રેમભાવથી જ આ પરિત્યાગ સિદ્ધિ થાય છે. ભગવાનનો અનુભવ પણ દુર્લભ છે. જેના વડે એ પરિત્યાગ સિદ્ધ થાય છે.

આ પ્રમાણે પ્રાકૃત ત્યાગની વાત કહી હવે જ્ઞાનમાર્ગીય સંન્યાસની વાત કરે છે. અહીં વિચારીને સિદ્ધની જેમ નિર્દેશ કરીને વસ્તુસ્થિતિ સમજાવે છે. વિચારીને વાત કરવાની કહે છે. વિદ્વ સંન્યાસનો પ્રકૃત પરિત્યાગ વિચાર બે પ્રસંગના અવસ્થા અનુસાર કહે છે. તેમાં સત્યલોકનો વિચાર પણ આવે છે. વિવિદિષા સંન્યાસની પરમ વિશેષતા છે. તેના વિશે કહે છે કે તેના વિશે કાંઈ પણ વિચાર ન કરવો એમ કહેવાનો આશય છે. હવે બાકી રહેલી અવસ્થા વિશે કહે છે. ૧૪

‘શ્રીવલ્લભસુધા’ના સભ્યોને ભેટપુસ્તકનો અમૂલ્ય લાભ

આથી શ્રીવલ્લભસુધાના સર્વે સભ્યોને જણાવતા ખૂબ જ આનંદ થાય છે કે ચાલુ વર્ષ (૨૦૦૧-૨૦૦૨)ના આજ સુધી નોંધાયેલા બધા આજીવન તથા વાર્ષિક સભ્યોને પૂ.પા.ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી દ્વારા આલેખાયેલ ૨૭૦ પૃષ્ઠોનું અમૂલ્ય એવું ‘‘ષોડશગ્રંથ-પરિચય’’ પુસ્તક મુંબઈ પારલાના પરીખ પરિવાર તરફથી શ્રી ન. કે. પરીખ દ્વારા ભેટ આપવામાં આવશે.

ગત વર્ષે દુષ્કાળ અને ભૂકંપ જેવી વિપદાઓને કારણે, અત્રે કાર્યાલય તરફથી કોઈ ભેટપુસ્તક પ્રકટ કરી શકાયું નહોતું. ઉપરોક્ત પુસ્તક વહેલું પ્રકટ થવાની ગણતરી હતી તેથી તે પુસ્તકમાં સન ૨૦૦૦-૨૦૦૧ ના સભ્યોને ભેટ એમ છપાયું છે પણ વ્યવસ્થાકીય કારણોસર પુસ્તક હવે પ્રકટ થયું હોઈ ચાલુ વર્ષના સભ્યોને જ ભેટ આપવા નિર્ણય લેવાયો છે.

આ ઉપરાંત હવે પછી થનાર શ્રીવલ્લભસુધાના આજીવન સભ્યોને પણ પુસ્તક ઉપલબ્ધ હશે ત્યાં સુધી ભેટરૂપે અપાશે. આ અમૂલ્ય પ્રકાશન માત્ર નિઃશુલ્ક વિતરણાર્થે જ પ્રકટ કરવાની પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની આજ્ઞા મળેલ છે.

શ્રીવલ્લભસુધાનાં બધા સભ્યોને જ્યાં જ્યાં સેવાભાવી કાર્યકરો દ્વારા વિતરણ વ્યવસ્થા ગોઠવાશે ત્યાં તેમના દ્વારા અને બાકી બધે સાદી ટપાલ દ્વારા મોકલવાની ગોઠવણ ચાલુ છે. આ માસના અંત સુધીમાં બધાજ સભ્યોને પુસ્તક મોકલવાનું આયોજન છે.

– વ્યવસ્થાપક શ્રીવલ્લભસુધા

શ્રીમદ્વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

૨૦. નિર્ગુણા ભક્તિ

બધાયથી ઉત્તમ નિર્ગુણ ભક્તિ છે. તેમાં હૃદયમાં કોઈપણ કામના રાખ્યા વગર કેવળ પોતાનું પરમ કર્તવ્ય સમજીને ભગવાનની પ્રેમપૂર્વક સેવા કરવામાં આવે છે.

પુષ્ટિમાર્ગમાં આ સેવા જ પ્રચલિત છે. તેનું લક્ષણ આ છે–

મદ્ગુણ શ્રુતિ માત્રેણ મયિ સર્વગુહાશયે ।
મનો ગતિરવેચ્છિન્ના યથા ગઙ્ગામ્ભસોમ્બુધૌ ॥

ભગવાન દેવહૂતિને કહે છે કે મારા ગુણોના શ્રવણ માત્રથી સર્વ અંતર્યામી મારામાં, પ્રતિબંધોથી રહિત અવિચ્છિન્ન મનની ગતિ થવી તે નિર્ગુણા ભક્તિનું લક્ષણ છે.

આ શ્લોકની શ્રીવલ્લભાચાર્ય નિર્મિત, ભાગવતની ટીકા શ્રીસુબોધિનીજીમાં લખ્યું છે કે– સર્વગુહાશયે મયિ ભગવતિ પ્રતિબન્ધ રહિતાડવિચ્છિન્ના યા મનોગતિઃ પર્વતાદિભેદનમપિ કૃત્વા યથાગંગામ્ભોમ્બુધૌ ગચ્છતિ તથા લૌકિક વૈદિક પ્રતિબન્ધાન્દૂરીકૃત્ય યા ભગવતિ મનસો ગતિઃ'।

અર્થ–જે પ્રમાણે ગંગા નદીનો પ્રબળ પ્રવાહ ઝાડ, ઝાંખરાથી લઈને પર્વત વગેરે બળવાન વિઘ્નોને પાર કરીને સમુદ્રમાં મળે છે. તે પ્રકારે ભગવદ્ભક્તની જે લૌકિક અને વૈદિક બાધાઓ છે તેને દૂર કરીને ભગવાનનાં ચરણમાં મનની અવિરત ગતિ થાય છે તેને નિર્ગુણા ભક્તિ કહે છે.

આ ભક્તિ અહૈતુકી, કામના વગરની, ફલની ઈચ્છા રહિત, ભગવાનની કેવલ પ્રેમપૂર્વક સેવા કરવામાં હોવી જોઈએ. આ ભક્તિ કેવળ પૂર્ણ પુરૂષોત્તમમાં જ હોવી જોઈએ. તેના અવતારો માટે કે બીજા બીજા દેવતાઓના વિષયમાં ન હોવી જોઈએ.

આવી ભગવાન ઉપરની આત્યન્તિકી અને અહૈતુકી ભક્તિ કોઈપણ ફળનો સ્પર્શ કરતી નથી. અધિક તો શું, આ ભક્તિના રસમાં ડૂબીને ભક્ત લોકો સાલોક્યમુક્તિ એટલે કે વૈકુંઠના નિવાસને, સાર્ષ્ટિ મુક્તિ એટલે કે ભગવાન જેવું ઐશ્વર્ય પામવું, સામીપ્ય મુક્તિ એટલે કે ભગવાનના સહવાસમાં રહેવું, સારુપ્ય એટલે કે ભગવાનના સમાન સ્વરૂપ પામવું, ભગવાન આપે છતાંય જરા પણ આશા રાખતા નથી.

ભગવાનમાં પોતાની નિર્હેતુક ભક્તિ રાખીને જે વૈષ્ણવ ઈશ્વરની સેવા કરે છે, તે જ સાચો વૈષ્ણવ છે. ભગવાન પણ આવા જ ભક્તો પર પ્રસન્ન થાય છે. ભગવચ્છાસ્ત્ર શ્રીમદ્ભાગવતમાં કહ્યું છે કે–

પ્રીયતેડમલયા ભક્ત્યા હરિરન્ય દ્વિડમ્બનમ્ ।

અર્થ : ભગવાન શ્રીકૃષ્ણ, ભક્તની નિર્હેતુક, નિર્મલ ભક્તિથી પ્રસન્ન થાય છે. તેના બીજા પ્રકારે પ્રસન્ન કરવાની ચેષ્ટા વ્યર્થ છે. જેની પાસે લક્ષ્મી દાસી થઈને સેવા કરતી હોય, તેને શું કોઈ કાંઈ લાભ આપીને પ્રસન્ન કરી શકે ? જેની પાસે અનેક રત્નો અને અનેક સુંદર સિંહાસન વિગેરે છે તે શું પોતાની વસ્તુથી ભગવાનને વશ કરી શકે છે? તેની પાસે તો કૌસ્તુભ ભૂષણ એજ એક એવું છે કે જગતની સર્વ સંપત્તિથી પણ તેનું મૂલ્ય થઈ શકે નહીં. આપણી તુચ્છ વસ્તુથી શું ઈશ્વર પ્રસન્ન થઈ શકે છે? વિદ્યાથી નહીં, ધનથી નહીં, બલથી નહીં પરંતુ ભગવાન પ્રસન્ન થાય છે તો તે કેવળ ભક્તિથી. જીવનો ગર્વ કાંઈ કામ લાગતો નથી. તે તો સાધન રહિત એક અત્યંત દયાપાત્ર કીડો છે. તેની પાસે સાધન બળ કાંઈ નથી. તેનું સાધન તો દીનતા છે. ભગવદ્‌ભક્તિ છે. અને ઈશ્વરના ચરણોમાં સતત પ્રણામ છે. ભગવદ્‌ભક્ત ભગવાનના ચરણોનેજ ઉદ્ધારક સમજે છે. શ્રીમદ્ ભાગવતમાં પણ કહ્યું છે કે–

સ્વયં સમુત્તીર્ય સુદુસ્તરં દ્યુમભવાર્ણવં ભીમમદભ્રસૌ હૃદાઃ ।
ભવત્પદામ્ભો રુહનાવમત્ર તે નિધાય યાતાઃ સદનુગ્રહો ભવાન્ ॥

અર્થ : હે પ્રકાશયુક્ત ભગવાન, આપ જીવો ઉપર કૃપા કરવાવાળા હોવાથી આપના ચરણારવિન્દ રૂપ ભક્તિમાર્ગ બતાવતી નાવ અહીં રાખી છે. આપના ભક્ત દુસ્તર સંસાર સમુદ્રને ભક્તિરૂપ આપના ચરણારવિંદ દ્વારા પોતે સારી રીતે પાર પહોંચીને પરમ પદને પ્રાપ્ત થાય છે.

ભક્તિમાર્ગ રૂપી નાવ અહીં મહાપુરૂષ રાખી ગયા છે. તેનો આશ્રય લેનાર સરળતાથી આ ભીષણ સંસાર સમુદ્રને તરી જાય છે. કારણ કે આ ભક્તિમાર્ગને અનુસરનારા ઉપર આપની કૃપા છે. તેથી ભગવાનના ચરણની શરણ જે લે છે તો નિર્બળ હોય તો પણ બળવાન છે. અને ભવિષ્યમાં તે મોટો સિદ્ધ, ચારણ, ગંધર્વ, અને વિનાયકોના શીશ ઉપર પગ રાખીને નિર્ભય થઈને વિચરણ કરે છે. કારણ કે આપનો તેના ઉપર પૂર્ણ અનુગ્રહ હોય છે.

જે લોકો અનન્ય થઈને રાત્રી દિવસ ભગવાનમાં જ પોતાનું મન રાખે છે અથવા તો જેનું વ્યસન ભગવાન શ્રીકૃષ્ણજ થઈ ગયું હોય તેઓ સંસારને બિલકુલ દુસ્તર માનતા નથી. જેવી રીતે વાછડાના પગથી થયેલા ખાડાને મનુષ્ય કાંઈપણ પ્રયત્ન કર્યા વગર પાર કરે છે તેવી રીતે આ સંસારને પાર કરી જાય છે.

જે લોકો પોતાના હું પણાના અભિમાનમાં ગર્વ કરે છે. અને જે લોકો ભગવાનની ભક્તિની ઈચ્છા રાખતા નથી. અને પોતાના હું પણાથી અભિમાનથી સિદ્ધિની કામનાઓ કર્યા કરે છે. તેને સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. અને સિદ્ધિ પ્રાપ્ત થાય તો ત્યાં જઈને ભગવદ્‌ભક્ત ન હોવાથી એવા પડે છે કે એનો સર્વ ગર્વ ઓગળી જાય છે. આ વાતનું રહસ્ય આપણને ગજેન્દ્ર આખ્યાનમાં પ્રાપ્ત થાય છે. તે કથા આ પ્રમાણે છે–

ઘણા સમય પહેલાં ઊંચા શિખરોથી સુશોભીત ત્રિકુટ પર્વત પર એક હાથી નિવાસ કરતો હતો. પર્વત ચારેય તરફથી સમુદ્રથી ઘેરાયેલો હતો. અને તે પર્વતના ચરણ સદાય ક્ષીરનિધી ધોયા કરતા હતા. મોટા મોટા સિદ્ધ લોકો, ચારણ, ગંધર્વ, વિદ્યાધર, કિન્નર અને અપ્સરા તેની કંદરાઓમાં નિવાસ કરતા હતા. અહીં અપ્સરાઓના સંગીતની મધુર ધૂન થયા કરતી હતી અને તે સંગીતધૂનના પડઘા એવા પડતા હતા કે મોટા મોટા મત્ત (સિંહ)ને પોતાના શત્રુઓનો ભ્રમ ઉત્પન્ન કરતી હતી. ત્યાં પોતાના શત્રુનો ઉત્કર્ષ સહન ન કરનાર શાર્દૂલવર તેના પ્રત્યુત્તર રૂપે ગર્વમય ગર્જના કર્યા કરતા હતા.

આ પર્વત ઉપર એક ગુફામાં મહાત્મા વરૂણ દેવનો ઋતુમાન નામે એક બગીચો હતો. જેમાં દેવ સ્ત્રીઓ પોતાનો સમય આનંદ પ્રમોદમાં વીતાવતી હતી. તે બાગની શોભા વર્ણવી ન શકાય તેવી હતી. એક દિવસ તે જગ્યાએ એક મહા બળવાન મદોન્મત્ત ગજપતિ ગજેન્દ્ર તૃષાથી આતુર હતો તે તેના યૂથ પરિવાર સાથે તે સરોવરની પાસે આવ્યો.

આ યૂથપતિ ગજેન્દ્ર અદ્‌ભુત અને અસીમ બળવાન હતો. મોટા મોટા સિંહો, મોટા મોટા વાઘ, મોટા રીંછ અને મોટા ગજરાજ તેની ગંધ માત્રથી દૂર ભાગી જતા હતા. તે ગજેન્દ્ર ધામથી તપ્ત થઈને પોતાના પરિવાર સહિત પોતાની મદમાતી ચાલથી પર્વતોને ડોલાવતો સરોવર સમીપ આવી પહોંચ્યો. તે સમયે તેના કપોલ ઉપરથી મદ ઝરી રહ્યું હતું અને ભ્રમરગણ તે મદનો ઉપભોગ પોતાના અદ્‌ભુત ગુંજન સાથે કરી રહ્યા હતા. મદમત્ત કરિવર ક્યારેક ક્યારેક તેમની ધૃષ્ટતા ઉપર પોતાના આરક્ત નેત્રોથી દષ્ટિપાત કરી લેતો હતો અને ક્યારેક ક્યારેક પોતાના વિશાળ કર્ણોથી તેને ભગાડી દેતો હતો. તેની અનુપમ ચાલ ત્યાં પર્વતોને કંપાયમાન કરતી હતી. તો ત્યાં દેવતાઓની સ્ત્રીઓ અને મોટી મોટી અપ્સરાઓ તેની ચાલ જોઈને મોહિત થઈ જતી હતી અને પોતાના મનને મુગ્ધ કરવાવાળી ચાલ તેમને ખૂબજ ગમી.

આવો તે અમેય બળશાળી ગરમીથી તપેલો ગજેન્દ્ર આજ સરોવરમાં મન માન્યું સ્નાન કરી રહ્યો હતો. જ્યારે વેગ સહિત તે સરોવરમાં ઘૂસ્યો, સારૂં સરોવર અવ્યવસ્થિત થઈ ગયું. એવું લાગતું હતું કે જાણે સમુદ્ર મંથન અવસર ઉપર કેમ જાણે મંદરાચલ પર્વતને સમુદ્રમાં નાંખ્યો હોય. તે સરોવરમાં અંદર જાતાવેંત પોતાની ક્રીડામાં વ્યસ્ત થઈ ગયો. ક્યારેક પોતાની સૂંઢથી જલ ભરીને હાથિણીઓ ઉપર નાખતો, ક્યારેક પોતાના બચ્ચાને સૂંઢમાં પકડી સરોવરમાં દૂર પાણી ઉપર ફેંકી દેતો. તેનો પરિવાર પણ તેને યથોચિત ઉત્તર દેતો. હાથણી ક્યારેક ક્યારેક ગજેન્દ્રના સિરપર લતા અને ગુલ્મો તોડીને નાખતી અને ક્યારેક ફૂલોના ગુચ્છાઓએ તેના માથા ઉપર નાંખીને મનોરંજન કરતી. તેના નાના બચ્ચાઓ ક્યારેક તેની જાંઘને લીપટાય જતા. તો ક્યારેક ભયના માર્યા પોતાની મા ની પાછળ સંતાઈ જતા. કરિવર તેની આ ચાલ ઉપર હંસતો.

જલક્રીડા કરતા કરતા ખૂબ સમય વ્યતિત થઈ ગયો. પરંતુ યૂથપતિ આ મનોરંજનમાંથી ન તો નિવૃત્ત થયો અને ન તો તેણે આવવાવાળું સંકટ જોયું. ભગવદ્‌ઈચ્છાવશ ગજેન્દ્રને આ પ્રમાણે સરોવરમાં નિરકુંશ ક્રીડા કરતો જોઈને એક મગરમચ્છને તેના પર અત્યંત રોષ થયો. તે ગજેન્દ્રની આ ક્રીડાશક્તિ જોઈને તેના ઉપર અત્યંત ક્રોધાયમાન થઈ ઉઠયો. અને ગજરાજની સમીપ પહોંચીને તેનો પગ પકડીને વેગપૂર્વક ખેંચવા લાગ્યો. ગજરાજને પોતાના બળનું ગર્વ હતું. તેણે એકવાર તો મગરમચ્છને ઠોકર મારીને પછાડવાની ઈચ્છા કરી. પરંતુ તે ઈચ્છાનું પરિણામ કાંઈ ન આવ્યું તેથી ગજેન્દ્ર બળપૂર્વક મગરમચ્છ સાથે લડવા લાગ્યો. પરંતુ આ યુદ્ધમાં તેનું કાંઈપણ બળ કામ ન આવ્યું. જેની ગંધમાત્રથી મોટા મોટા હિંસક વનચરો ભાગી જતા હતા આજે આ અલૌકિક બળશાળી હાથી મગરમચ્છથી પોતાની જાતને હારતો માલૂમ પડયો. તે અમિત બળશાળી મગરમચ્છ પાસે જ્યારે પોતાનું કાંઈ બળ કામ ન લાગ્યું અને ગજરાજ પાણીમાં ખેંચાતો ચાલ્યો. ત્યારે તેણે પોતાની એક દષ્ટિ પોતાના સંબંધીઓ ઉપર કરી. તેણે જોયું તો હાથીણીઓ પોતાના પતિને સંકટમાં ભયંકર રીતે ફસાયેલો જોઈને ઉભી ઉભી રડતી હતી. બિચારી અબળા હતી. તે શું કરી શકે તેમ હતી? જ્યારે સહસ્ત્ર હાથીનું બળ ધરાવતો તેનો પતિ કાંઈ કરી

શકતો ન હતો તો બિચારી સાધારણ બળવાળી શું કરી શકતી હતી? તેના જેટલા બંધુ બાંધવ હતા તેઓ તેને બળપૂર્વક ખેંચવાનો પ્રયત્ન કરવા લાગ્યા. પરંતુ તે બધાયનો પ્રયત્ન વ્યર્થ જતો હતો. ગજેન્દ્રએ જ્યારે આ જોયું ત્યારે તેને ખૂબ દુઃખ થયું. અને ફરી એકવાર બધીજ તાકાત એકઠી કરીને મગરમચ્છ સાથે લડવા લાગ્યો. તેની આ લડાઈમાં એક હજાર વર્ષ વ્યતિત થઈ ગયા. પરંતુ વિજયશ્રીએ કોઈના પણ ગળામાં વિજયની માળા ન પહેરાવી. જમીન ઉપર રહેનાર ગજેન્દ્રનું બળ પાણીમાં ઓછું થઈ જતું હતું અને જલચર મગરમચ્છનું બળ પાણીમાં જાતા વધતું જતું હતું. હવે ગજેન્દ્રનું પ્રાણસંકટ આવ્યું. ભાગવા માટેની જગ્યા ન હતી. ચારે બાજુ અથાગ જલ હતું અને લડવાનું સામર્થ્ય થોડુંક જ રહ્યું હતું. તેના ગાત્રો શિથિલ થઈ ગયા અને દમ ઘુંટાવા લાગ્યો. તેણ વિચાર્યુ– 'ઓહ, હું કેવો મૂર્ખ છું. મને મારા બળનો અપાર વિશ્વાસ છે. હાય, આજે મારું આ વિશ્વ પ્રખ્યાત ગૌરવ અને બળ ક્યાં ચાલ્યું ગયું ? હવે હું શું કરું ? ક્યાં જાઉં ? ક્યો ઉપાય કરું ? જેથી આ દુષ્ટ મગરમચ્છથી મારા પ્રાણ બચે ?'

—ક્રમશઃ

'શ્રીષોડશગ્રંથ-પરિચય'ને બહોળા પ્રમાણમાં વૈષ્ણવોને નિઃશુલ્ક વાંટો

'ષોડશગ્રંથ-પરિચય' એ શ્રીમહાપ્રભુજીના ષોડશગ્રંથો તેમજ શિક્ષાશ્લોકાઃ, પંચશ્લોકી તથા શ્રીમધુરાષ્ટકમ્ ગ્રંથનો ઉંડાણથી પરિચય આપતો, ગાગરમાં સાગર સમાન અમૂલ્ય ગ્રંથ, પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા-કિશનગઢ) દ્વારા આલેખાયેલ હિન્દી ગ્રંથનો ગુજરાતી અનુવાદ છે.

આ ગ્રંથ માત્ર નિઃશુલ્ક વિતરણાર્થ પ્રકાશન કરવાની પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીની આજ્ઞા છે. પ્રસ્તુત ગ્રંથની ૧૫૦૦ પ્રતો મુંબઈના શ્રી એન. કે. પરીખ પરિવાર દ્વારા પ્રકટ કરી શ્રીવલ્લભસુધાના સભ્યોને ભેટ અપાયેલ છે.

શ્રી ન. કે. પરીખની અભિલાષા છે કે આ ગ્રંથની એક લાખ પ્રતો પ્રકાશિત થઈ વૈષ્ણવોના ઘરેઘરમાં બિરાજે અને તેનો સ્વાધ્યાય થાય. તેથી તેમણે પોતે ગ્રંથ તૈયાર કરવામાં ઘણીજ જહેમત ઉઠાવી છે. હવે અન્ય મનોરથીઓ જો આ ગ્રંથ નિઃશુલ્ક વાંટવા માટે પુનઃ છપાવવા ઈચ્છે તો તેના મુદ્રણ માટે તૈયાર કરાવેલ સેલ્યુલોઈડ પોઝીટીવ્સ પ્રીન્ટ, પરીખ પરિવાર તરફથી ઉપયોગ કરવા માટે અપાશે. પુસ્તક પ્રકાશનમાં ખર્ચની દ્રષ્ટિએ ૨૫% ખર્ચ ટાઈપસેટીંગથી પોઝીટીવ્સ પ્રીન્ટ સુધીમાં લાગે છે. જ્યારે પુસ્તક તૈયાર કરવાની મહેનત એટલે કે, વિષય સંપાદન, ફોર્મેટ, ટાઈપસેટીંગ, પ્રૂફરીડીંગ વગેરે કામનો દરેક પ્રકાશનમાં ૯૦% જેટલો હિસ્સો હોય છે. શ્રી પરીખ પરિવાર દ્વારા ઉંડી સુઝ પૂર્વક થયેલ આયોજન અને અત્યંત ખંતપૂર્વકનું પ્રૂફશોધન વગેરેથી આ ગ્રંથનું ક્લેવર અત્યંત ઉચ્ચ પ્રકારનું મોભાદાર સ્વરૂપનું થયેલ છે. આ સર્વે સેવા-અને ખર્ચનો લાભ જે કોઈ વૈષ્ણવને ૧૦૦૦ કે તેથી વધુ નકલો આ ગ્રંથની પોતાના વર્તુળમાં વાંટવા છપાવવી હોય તેમને મળી શકશે. તેમને માત્ર કાગળ-છપાઈ-બાઈન્ડીંગ ખર્ચજ થશે.

સંપર્ક : શ્રી ન. કે. પરીખ એફ/૭૮ ગુજરાતી સોસાયટી, નહેરૂ રોડ,
વિલેપાર્લે (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૫૭. ફોન. (૯૧) (૨૨) ૬૧૪૯૧૨૨ ; (૯૧) (૨૨) ૬૧૮૩૭૫૩.
e-mail : nkplal@rediffmail.com

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

કૃષ્ણ કીર્તન નહીં કાનમાં, તે તો શ્રવણ રાફડા કહીયે;
નિરખ્યા નહીં જેને નેત્રે હરિ, કેકીપીચ્છ ચાંદલા લહીએ.
લહીએ જીવ્હા–દાદુર હરિ નવ બોલે, કરપદ સેવા રહિત શબ તોલે
વૃક્ષ જીવન શ્વાસ ધમણસમાન, ગ્રામશુકર સમ છે ખાન પાન
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૮૯)

શબ્દાર્થ : શ્રવણ–કાન, રાફડો–સાપને રહેવાનું સ્થાન, કેકીપીચ્છ–મોરપીચ્છ, દાદુર–દેડકા, જીવ્હા–જીભ, ગ્રામશુકરકુકર–ગામમાં પશુઓ કુતરા, ગધેડા–ભૂંડ, ડુક્કર.

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી સમજાવે છે કે મનુષ્ય જીવન મળ્યું પરંતુ તેનો ઉપયોગ સાંસારિક કાર્યમાં વિતાવ્યો, તો તે દરેક ઈન્દ્રીયોને તુચ્છ બતાવી છે. આ દરેક ઈન્દ્રીયો પ્રભુ પરાયણ ન બનાવી શક્યા.

કાનોથી ભગવાનનાં કિર્તનો ન સાંભળ્યા, તો તે કાનને રાફડાં જેવા માનો, કેમકે તેનો સદ્ઉપયોગ થયો જ નહીં.

આંખોથી જેણે પ્રભુનું રૂપ સૌન્દર્ય નિહાળ્યું નહીં, તે આંખો તો મોરના પીચ્છા જેવી જાણવી.

જીભથી જો ભગવત્ ગુણગાન, કીર્તનાદિ ન કર્યા, ને કેવળ લૌકિકમાંજ તેનો ઉપયોગ થયો, તે જીભ દેડકાની જીભ જેવી જાણવી. જીભને તો રસનાં કહે છે. 'રસનાં તુ હરિરસ સ્વાદ હી લેહે' –જીભનું કામ છે કે ચાખીને સ્વાદ લેવો અને બોલવું. તે જીભાનથી હરિરસ ચાખ્યો નહીં, ગુણાનુવાદ ગાયા નહીં, કેવળ વૃથાલાપ કર્યા, તો તે જીભને જેમ દેડકાં ડ્રાંવ ડ્રાંવ કરે છે તેવી માનો.

કર–પદ : હાથ ને પગ, હાથોથી પ્રભુની સેવા કરવી, પગે ચાલીને પ્રભુનાં મંદીરે જઈ, દર્શન કરવા, અગર તો જ્યાં ત્યાં સેવાનું કાર્ય હોય તે ઉત્સાહથી ચાલીને કરવું. પરંતુ કેવળ સાંસારીક કાર્યોમાં જ લગાડવામાં જ જો તેનો ઉપયોગ થતો હોય, તો તે ઈન્દ્રીયો સહિત દેહ શબ સમાન ગણવી. જેવી રીતે જીવ નિકળ્યા પછી દેહ ઈન્દ્રીયો કોઈ કામમાં આવતા નથી, દેહને તો બાળે તો રાખ થાય, પાણીમાં ડુબે તો જળચર ખાય, બહાર પડી હોય તો કાગડા, કૂતરા, ગીધ ખાય. પ્રભુનાં ગુણાનુવાદ સિવાય દેહની આવી કીંમત છે.

શ્વાસોચ્છવાસથી જ જીવન છે. કેવળ જીવવા માટે જ શ્વાસ લેવો તેને તો લુહારની ધમણ જેવો બતાવ્યો છે. જીવ છે ત્યાં સુધી શ્વાસ છે. તો તે અનમોલ વસ્તુ છે, ભગવાનનું નામ લેવાય, મનોમન શ્વાસેશ્વાસે નામ રટણ થાય, તો જ શ્વાસની કીંમત છે.

ખાનપાન : જીવન રક્ષણ માટે ખાનપાનની જરૂર છે. એક તો પ્રભુને પ્રેમપૂર્વક આરોગાવીને પ્રસાદ ગ્રહણ કરી, જીવન ટકાવી રાખવું, બીજું જીવવા માટે જ સારૂં સારૂં ખાવું પીવું બંનેમાં ફરક છે. ભગવદ્ વિનિયોગ કરી, પ્રસાદીમાં નિર્વાહ તે તો શ્રેષ્ઠ કહીયે. બાકી તો પશુપક્ષીઓ જીવમાત્ર આહાર કરે છે. તો પછી પશુ અને મનુષ્યમાં શું ફરક રહ્યો ! પુષ્ટિમાર્ગમાં દેહની રક્ષા પણ પ્રભુસેવા માટે કરવાનું કહ્યું છે. દેહ છે, શ્વાસ છે ત્યાં સુધી દરેક ઈન્દ્રીયો છે. ભગવાને જેને ઈન્દ્રીયોવાળા મનુષ્ય બનાવ્યા છે. તેનું તો પ્રત્યેક અંગ ભગવદ્ વિનિયોગ થાય. તેમાં જ તેનું શ્રેય છે.

જેમ કે ગોપીજનોએ ગાયું છે 'અક્ષણ્વવંતાં ફલમિદં', વેણુગીતનો આ સાતમો શ્લોક છે. ગોપીજનો પરસ્પર વાર્તાલાપ કરતા કહે છે કે રે, સખીયો ! આ જગતમાં શું એવું જોવા જેવું છે ? આંખોનો શું ઉપયોગ ! તેનો પ્રત્યુત્તર બીજી સખી આપે છે કે, ભગવાને આપણને ઈન્દ્રીયવાન બનાવ્યા છે. આંખોથી તો નંદનંદન યશોદાનાં લાડીલા કુંવરની મુખારવિંદની ઝાંખી કરી તૃપ્ત થવું. તેમાં પણ પ્રભુનું વેણું વગાડતું શ્રીમુખારવિંદ જેણે નીરખ્યું તેણે જ આંખોનું પરમફળ પ્રાપ્ત કર્યું. આનાથી અધિક મોક્ષનું પણ ફળ શું અધિક હોઈ શકે.

સખિયો સાંભળો રે કહું છું ખરેખરી આ વાત
આંખો આપી નિરખવાને નંદ તણાકુમાર
કાનોથી મુરલી સાંભળવી એજ દીસે છે સાર–સખીયો
વેણુ વાતા શ્રીમુખ જેણે આ નયણેથી નિરખ્યું
મોક્ષ તણું સુખ આ નયનેથી પીધું અમૃત વરસ્યું–સખીયો

આ કીર્તનમાં એજ ભાવના બતાવી છે કે દેહ, ઈન્દ્રીય, તેના કામો, બધું ભગવદ્ વિનિયોગ થાય તે જ કામનું છે.

આ વિષય શ્રીભાગવત દશમ સ્કંધ અધ્યાય વેણુગીતમાં છે. ઉપરાંત શ્રીભા.સ્કંધ ૨ નો અધ્યાય ઉજામાં શ્લોક ૧૮ લઈને ૨૪ શ્લોક સુધી વર્ણન છે. તેમાં મનુષ્યનું હૃદય જો ભગવદ્ ગુણગાન કરતાં કે સાંભળતા દ્રવીભૂત થતું નથી તે હૃદય ખરેખર કાળા પત્થર જેવું છે, આમ બતાવ્યું છે. આ દરેકનો સાર બતાવે છે. 'એકાદશ ઈન્દ્રીય પ્રભુની સન્મુખજી શ્રીજીની ઈચ્છાયે થાય તે થાય,' તત્ત્વમાં મનુષ્ય જીવન વૃક્ષ સમાન શ્વાસ લે છે તેમ બતાવ્યું છે અને જીવન માટે ખાનપાન તેને શુકર કુકર સમાન. માટેજ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૮૯)

દેવર્ષિ નારદ રચિત : ભક્તિસૂત્ર - પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

આ ભક્તિ, કર્મ વગેરેથી અદકી કેમ છે તે બતાવતા કહે છે કે–

ફલરૂપાત્વાત્ ॥ ૨૬ ॥

૨૬. કારણ કે (તે ભક્તિ) ફલરૂપા છે.

ખરેખર આ ભક્તિ ફલરૂપા છે. સાધન નથી જે ભક્તિ જ્ઞાનનું સાધન માનવામાં આવે છે તે ગૌણ ભક્તિ સાધારણ ઉપાસના છે. પ્રેમરૂપા ભક્તિ નથી. પ્રેમરૂપા ભક્તિ તે સમસ્ત સાધનોનું ફળ છે.

તીર્થાટન સાધનુ સમુદાઈ, જોગ વિરાગ ગ્યાન નિપુનાઈ.
નાના કર્મ ધર્મ વ્રત દાના, સંજય દમ જપ તપ મખ નાના.
ભૂત દયા દ્વિજ ગુર સેવકાઈ, વિદ્યા વિનય વિવેક બડાઈ.
જહં લગિ સાધન બેદ બખાની, સબકરફલ હરિ ભગતી ભવાની.

ભાષ્યાર્થ : ભક્તિ તો ફલરૂપ છે. કર્મ વગેરે બીજરૂપ છે. જો કર્મો યથાવિધિ કરવામાં આવે તો તે કર્મો યથાકાલે જ્ઞાનને જન્માવે અને તે જ્ઞાન પોતાના ક્રમે વૃત્તિના નિરોધરૂપ અને સમાધિ જેનું બીજું નામ છે એવા યોગને સંપન્ન કરી દે છે. અને તે યોગ યથાર્થ જ્ઞાન ઉપજાવનાર થતો હોવાથી પરમાત્મા ઉપર પરમ પ્રેમ લક્ષણા ભક્તિને જન્માવે. યથાર્થજ્ઞાન ભક્તિને પ્રસન્ન કરે છે અને એ ભક્તિ એ છેવટની પ્રાપ્ત કરવા જેવી ચીજ છે. આથી કર્મ વગેરે તો ભક્તિની સચિવતા–સહાયકતા સાધે છે પણ ભક્તિ તો ફલરૂપ હોય છે અને આથી જ તે બધાથી ભક્તિ અદકી છે. અર્થાત્ અહીં રહસ્ય આ છે. કર્મ વગેરેનું અનુષ્ઠાન કર્યા પછી પણ જો ભક્તિ ન ઉપજે તો તે બધાની નિષ્ફળતા જ જાણવી કેમકે તે બધાએ કરવા જેવું તેઓ કરી શક્યાં નથી અને ભક્તિનો ઉદય થતાં જ તેઓ કૃતકૃત્ય થઈ જાય છે. તો જે ભક્તિના ભાવમાં તેઓની ચરિતાર્થતા છે અને અભાવમાં નિષ્ફલતા છે તે ભક્તિ જ પ્રધાન હોવી યોગ્ય છે. આથી ભક્તિ જ સૌમાં ચઢીયાતી છે એ સ્પષ્ટ છે. ૨૬

–ક્રમશઃ

કાવ્ય કુંજ : વૈષ્ણવ શિક્ષા

–ગો.શ્રીગોકુલેશબાવા, જૂનાગઢ

વૈષ્ણવે ક્યારે ય કદી જોવા ન કોઈના દોષ
જીવમાત્રનું કલ્યાણ ઈચ્છવું કરવો કદી ન રોષ
સેવાસ્મરણ ગુરૂ સેવા કરવી મનમાં આણી હોંશ
રહેવું સદા હરિકીર્તનમાં તત્પર પુષ્ટિભાવ ને પોષ
ભગવદ્ મહિમા જાણવો જણાવવો પામવું હરિ રસે તોષ
કામ ક્રોધ લોભ મદ મત્સર વિકારો જાવા શોષ
અપાર આનંદનો સાગર છે કૃષ્ણભક્તિનો કોષ
શ્રીવલ્લભ ચરણે દ્રઢ રહી જીવ પામે સ્વના હોશ
જયજયકાર શ્રીવલ્લભનો કરતા આવશે અપ્રતિમ જોશ
પરમાનંદે પ્રભુ મળે એવો પુષ્ટિભક્તિએ કર્યો ઘોષ

કૃષ્ણ સેવાના અંગરૂપ છે- વર્ણાશ્રમ ધર્મ- વૈદિક ધર્મ !
કર્મ-જ્ઞાનાદિ-વૈદિક હોવા છતાં વેદમાર્ગીય નથી.

ભગવાન શ્રીકૃષ્ણની સેવા જ મુખ્ય છે. તેમાં વૈદિક–નિત્ય કર્મ–વગેરે અંગરૂપ છે.

સ્વધર્માચરણં શક્ત્યા વિધર્માચ્ચ નિવર્તનમ્ ।
ઈન્દ્રિયાશ્વવિનિગ્રાહઃ સર્વથા ન ત્યજેત્ ત્રયમ્ ॥

–સર્વનિર્ણય (૨૩૮)

૧. અગ્નિહોત્ર : પોત પોતાના વર્ણાશ્રમ–ધર્મો–વગેરે દેહધર્મો યથાધિકાર યથાશક્તિ કરવા; શક્તિ હોય તો તેમાં સંકોચ (ઘટાડો)ન કરવો, યથા સંભવ શાસ્ત્રાજ્ઞાનું પાલન કરવું;

૨. વિધર્મ : (સ્વધર્મ–બાધક, શ્રુત્યાદિ–નિષિદ્ધ, પોતાના ભગવદ્દાસ્યથી વિરુદ્ધ, પરધર્મ–આભાસ–ઉપમા–છલ વગેરે)થી અટકવું, (અધર્મ કરવાથી હીનજન્મ થવાનો સંભવ હોવાથી નિષિદ્ધ– ધર્માચરણ સર્વથા ન કરવું. અધર્મથી, શક્તિ પ્રમાણે નહીં પણ, સંપૂર્ણ અટકવું);

૩. ઈન્દ્રિયો : રૂપ ઘોડાઓનો (ઈચ્છેલ સ્થાને પહોંચાડે તેમ) સંયમ;

આ ત્રણ રમત માટે પણ ન છોડવાં. પ્રભુનો પ્રસાદ પણ, સૌને વહેંચ્યા પછી, પ્રસાદ–રૂપે જ લેવો; વસ્તુરૂપે સમજીને, સ્વાદ માટે કે પોષણ માટે નહીં, પણ આત્મશુદ્ધિ માટે, ભગવદધરામૃત સમજીને લેવો.

લૌકિક ગાયકો ભગવાનની અલૌકિક–રસાત્મક–લીલાને પણ કામબુદ્ધિથી ગાય છે, તેમના સંગ–પ્રસંગથી કામાદિ–દોષ–સંભવમાં ઈન્દ્રિય–સંયમ રાખવો. અનિષિદ્ધ કામ–ભોગ પણ કૃષ્ણ–પ્રિય–પુત્ર–પ્રાપ્તિ માટે જ કરવો; સેવા–બાધક કામનિવૃત્તિ માટે કરવો, ઈન્દ્રિયોને બહેલાવવા નહીં.

અહીં ઈન્દ્રિયોનો 'વિનિગ્રહ' કરવાનો કહ્યો છે. તેમાં 'વિ'– વિવેક–ધૈર્ય–આશ્રય–પૂર્વક, 'નિગ્રહ' સંયમ સૂચવે છે. પોતે જો ઈન્દ્રિય કાર્ય છોડવામાં અસમર્થ હોય તો, સ્વભાવ–વિજયરૂપ– શૌર્ય–રહિત વ્યક્તિએ પણ, પોતાની અસામર્થ્ય–ભાવનાથી પણ, તેનો ત્યાગ કરવો.

આમ ભોગ–ત્યાગ ન જ બને તો, તેને વખોડીને અસામર્થ્ય– ભાવનાથી પણ, તેનો ત્યાગ કરવો. આમ ભોગ–ત્યાગ ન જ બને તો, તેને વખોડીને ભોગવતાં પોતાની અશક્તિ વિચારવી, લૌકિક ભોગ તો સવિઘ્ન–અલ્પ–ઘાતક છે, –તેમ વિચારવું, ભગવલ્લીલાના દૃષ્ટાંતથી લૌકિકમાં પ્રવૃત્તિ કરાવનાર અને કરનાર વિમુખો છે; તે નિશ્ચિત સમજીને તેમનો સંગ પ્રસંગ છોડી દેવો, સર્વેન્દ્રિય–સંયમ કરવો. સંગ (આસક્તિ) તો યથાશક્તિ સ્વધર્માચરણ, વિધર્મત્યાગ અને ઈન્દ્રિય–વિનિગ્રહ આ ત્રણેનો બાધક છે. જ્ઞાન–ભક્તિ–ઉપાસનાના સાધનોનો પણ તે બાધક છે.

આથી આ ત્રણથી વિરોધી જે કાંઈ હોય તેવા તો ધર્મ વગેરે પણ શીઘ્ર ત્યજી દેવાં. પરાર્થ પણ ઈન્દ્રિય–સંયમ છૂટવા સંભવે છે. પરોપકારાદિ ધર્મોનું ફલહીન છે, નાશવંત છે. ભગવદ્–ભજનનું ફલ તો

મોક્ષ છે, તેથી પરોપકારાદિ–કલ્યાણ–કાર્યો પણ આ વિચારીને, સેવા–વિરોધી હોય તો છોડી દેવા.

આ લોક–પરલોકનાં ફલ દેતાં યથાધિકાર શાસ્ત્રોક્ત કર્મ–જ્ઞાન–સાધનો પણ વેદમાં કહેલ હોવાથી વૈદિક તો છે, પરંતુ તે વેદમાર્ગીય નથી. વેદનું તાત્પર્ય તો કૃષ્ણમાં–કૃષ્ણભક્તિમાં છે, તેથી તે વેદમાર્ગ છે. તેના સાધનો જ વૈદમાર્ગીય છે બીજા નહીં. તે વેદમાર્ગીય જ ભગવન્માર્ગીય છે.

['પુષ્ટિ–પુલિન' માંથી સાભાર]

શ્રીયમુનાજીના પદ (પદ–૯૧)

રચયિતા–મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાંવાર્થ લેખક– 'માધુરી' રાજકોટ

નમો દેવિ યમુને કરિ નેક દાયા;
ભવ તાપ ભય તૃષિત પાહિ રાસેશ્વરી,
ચહોં અવલમ્બ પદ પદ્મ છાયા. ૧
પરમ સામર્થિ વેદાર્થ વન બાલુકા
સહજ પુરૂષાર્થ ગતિ શુદ્ધ દૈની;
પુષ્ટિ રસ ભક્તિ સંદોહ સંકલ્પ દઢ
પ્રેમ તરુ મૂલ અરવિંદ નયની. ૨
જત કલ્યાણ કર કંજ આસીન કલ
ભક્ત રક્ષાર્થ સરિ રૂપ સોહૈ;
યોગ જપ જ્ઞાન મખ ત્યાગ વિજ્ઞાન ફલ
સુનત શ્રીહંસજા નામ મોહૈ. ૩
બ્રહ્મ સર્વેશ વિભુ આદિ જગ જનક જો
પ્રકૃતિ તમ પાર દ્યુતિ દિવ્ય રાસી;
તાસુ વિશ્રામ અભિરામ પ્રદ તુલ્ય ગુણ
તદપિ કછુ શ્રેય પ્રભુ તીર વાસી. ૪
શુદ્ધ અદ્વૈત ચૈતન્ય શ્રીવિપિન વર
વિવિધ લીલાનિયુત નિત્ય શોભા;
તરુણ વ્રજ તરુણિ આકૃતિ કિશોર પ્રભુ
ભાનુજા ભાવ લખિ પીય લોભા. ૫
દૈવીજન યાચકનિ દેતિ શ્રીકૃષ્ણ વિત્ત
હોત ગુણ ગાનતે ચિત્ત શુદ્ધિ.
કહૈ નિજ વદન યે વચન શ્રીઅગ્નિ–સુત
તનક જલ પાન તે ભૂરિ બુદ્ધિ. ૬

કીર્તિ વિખ્યાત ધ્રુવ વ્યાસ શુક આદિ સુર
કરત વર વીનતી કૂલ માહીં;
શરણ જન 'વલ્લભી' દીન યહ આશ જિય
દેહુ બલિ શરન મમ ગહો બાહીં. ૭

આ પદમાં કવિશ્રી વિવિધ યશોનું ગાન કરીને યાચના કરે છે કે મને પણ આપનું શરણ મળે. સર્વ પ્રથમ હે દેવિ યમુને હું આપને નમન કરું છું. મારા ઉપર થોડી દયા કરો. આપ તો રાસરસેશ્વરી છો. પરંતુ હું તો સંસારના તાપથી તપી ગયેલ ભયથી વ્યાકુલ બનીને આપની શરણે આવેલ છુ. મને કેવળ આધાર એક આપનો જ છે. માટે આપના ચરણકમલની છાંય મને પ્રાપ્ત થાઓ. (અને આધિદૈવિક રૂપનું વર્ણન કરેલ છે.)

વેદોના અર્થરૂપી આપનું સામર્થ્ય અગાધ છે. તટ પર બિરાજમાન વાલુકા, તટપરનાં વૃક્ષો વનો આ બધામાં આપનું જ સામર્થ્ય રહેલું છે. જે કોઈ સાધારણ પુરૂષાર્થ (આપના શરણે આવવું) કરે તેનાં દોષોને દૂર કરી શુદ્ધ બનાવી ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરાવો છો તે અગાધ સામર્થ્ય છે. ભક્તિનાં સારરૂપ શુદ્ધ પુષ્ટિરસ પ્રાપ્ત કરાવો છો તેઅગાધ સામર્થ્ય છે. ભક્તિનાં સારરૂપ શુદ્ધ પુષ્ટિરસ પ્રાપ્ત કરાવવા દઢ સંકલ્પ કરેલ છે. એવા હે કમલનયની પ્રેમરૂપી કલ્પવૃક્ષ પણ આપ જ છો. આપનું જળરૂપ તે ભક્તોનું કલ્યાણ કરવું અને કલ–મધુરનાદ તથા કમળ ધારણ કરેલ છે. તે કલરૂપથી મધુર નાદે આદર કરી ભક્તનું સન્માન કરવું અને કમલ ધારણ કરી તાપને દૂર કરવો, રંગ, સુગંધ ભક્તિભાવરૂપી સુગંધ, રંગ તે ભક્તિ રસમાં રંગી દેવા આપ ગુણો બતાવે છે.

અન્ય સાધનો જેમકે જપ, તપ, જ્ઞાન, ધ્યાન, વિજ્ઞાન વિગેરે આપનું નામ સાંભળતા જ મોહને પ્રાપ્ત કરે છે કે આમાનું (ભક્તિ રસનું) એકપણ આપણામાં સામર્થ્ય નથી. પરબ્રહ્મ સર્વના ઈશ્વર કોટી જગતનાં કર્તા તે આ જગત ઉત્પન્ન થયા પણ પહેલાં સદા–નિત્ય છે તેનાં જેવો જ વર્ણ, તેનાં જેવાં જ ગુણો અને કાર્યો નિત્ય દેદીપ્યમાન રૂપની રાસી જેનાથી મોટું કોઈ નથી. જેને જાણ્યા પછી જાણવાનું કાંઈ બાકી રહેતું નથી. જેને જાણવા દુર્લભ છે. આવા પ્રભુને કાંઈ મેળવવું નથી. તેનેજ કાંઈક મેળવવું છે તેથી જ આપના કિનારે નિવાસ કરવો ગમે છે. શુદ્ધ એવું ચૈતન્ય રૂપ, અદ્વૈત છે. તે પ્રભુને હરિયાળો કિનારો, તટ પરની વાલુકા, વૃક્ષો, વનો, હરિ ભરી લતાઓ ફળફૂલથી લાદેલી (જે આપે જેમનાં માટે જ પ્રગટ કરી છે) તે સર્વ લીલા સામગ્રીમાં જ રમણ કરે છે. વ્રજમાં નિવાસ કરીને વ્રજનારી તરૂણાવસ્થા વ્રજતરૂણીરૂપ ધારણ કરીને કિશોર પ્રભુનું મન જેણે હરણ કરેલ છે. સ્વ–રૂપ પણ તેવું જ બનાવ્યું છે તેથી તરૂણ કિશોર પ્રસન્ન રહે છે. દૈવી જીવો આપની પાસે યાચક બનીને આવે છે તેને દાનમાં પોતાના પતિનું દાસત્વ પ્રાપ્ત કરાવવાનું દાન આપે છે પ્રભુને સમર્પિત કરી તેઓ પ્રભુને જ વરે છે. આવી રીતે દૈવી યાચકોને પોતાના પતિ દાનમાં આપે છે.

આપનામાં અદ્ભુત શક્તિ છે. જેથી આપના જેવું જ રૂપ તેને આપી સાથોસાથ સુંદર બુદ્ધિ, નિર્મળ સ્વભાવ પ્રભુ મિલનની આર્તિ આ બધા ગુણોથી ભરપુર બનાવીને પ્રભુ સન્મુખ કરાવે છે. શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે કેવળ શ્રીયમુના જળપાન કરવાથી જીવની શુદ્ધિ થઈ જાય છે તે સુંદર બુદ્ધિ પ્રાપ્ત થાય છે. આપની કીર્તિ તો જગવિખ્યાત છે કે જે કોઈ આપના કિનારે નિવાસ કરે છે તે વાંચ્છિત ફળ મેળવે છે. જેમ કે ધ્રુવજી, પરાશર મુનિ, વેદ વ્યાસ, શુકદેવજી ઉપરાંત બીજા અનેક દેવોએ આપની સ્તુતિ કરીને ઈચ્છિત ફળ પ્રાપ્તિ કરેલ છે.

આપના આવા અનેક ગુણો સાંભળીને હું એક ગરીબ દાસી 'વલ્લભી' તે મનમાં આશા કરીને આવેલ છું તો મને આપનાં શરણમાં જ રાખો. ૯૧

ષોડશગ્રંથ - પરિચયને આશિર્વચન

['શ્રીવલ્લભસુધા'ના સભ્યોને ભેટપુસ્તકરૂપે અપાનાર, 'ષોડશગ્રંથ-પરિચય'ના પ્રકાશન પ્રસંગે પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીએ સ્વહસ્તાક્ષરે લિખિત આશિર્વચન તે પુસ્તકના પ્રારંભમાં છપાયેલ છે. આ મનનીય આશિર્વચન લેખ નીચે મુજબ છે —સંપાદક]

પુષ્ટિમાર્ગ ઉપર મંગલ પ્રસ્થાન કરવા માંગતા પ્રત્યેક પુષ્ટિપથિકો માટે ષોડશગ્રંથો સોળે સોળ કલાઓથી પ્રકાશમાન સૌમ્ય, શીતલ અને સુખદ માર્ગપ્રકાશક મનોહારી ચંદ્રમા જેવા છે.

આધુનિક વિજ્ઞાન મુજબ સૂરજનો જ પ્રકાશ ચંદ્રમાથી પરાવૃત થવાને કારણે શીતલ અને સૌમ્ય રૂપ ધારણ કરી લેતો હોય છે. તેવું જ કાંઈક અહીંયા પણ છે!

સહસ્ર પરિવત્સરથી પુષ્ટિપ્રભુથી વિખૂટો પડેલો પ્રત્યેક પુષ્ટિજીવ ફરીથી પુષ્ટિપ્રભુની પુષ્ટિભક્તિ કે પુષ્ટિપ્રપત્તિ સરખી રીતે સમજીને તે નાતો પુષ્ટિપ્રભુ સાથે નભાવી શકે તેવો પ્રબલ તાપભાવ આપણા પુષ્ટિભક્તિમાર્ગાબ્જમાર્તંડ એવા શ્રીમહાપ્રભુના મનમાં કેટલો આરૂઢ છે તે તો દામોદરદાસજીની વાર્તામાં **"દમલા! તે કછૂં સૂન્યો ?"** વચનમાં એકદમ ઝળહળી નથી રહ્યો શું?

પરંતુ ષોડશગ્રંથોમાં પ્રકટ થયેલ વાણીમાં તે મનોભાવ સૂર્યથી પરાવૃત્ત આતપ જેમ શીતલ ચાંદનીમાં ફેરવાઈ જાય તેમજ શીતલ સૌમ્ય અને આલ્હાદક બની ગયો છે:

૧) સ્વભાવવિજયો ભવેદ્ વદતિ વલ્લભઃ શ્રીહરેઃ (યમુનાષ્ટક)
૨) ઈત્યેવં કથિતં સર્વં નૈતજ્જ્ઞાને ભ્રમઃ પુનઃ (બાલબોધ)
૩) એવં સ્વશાસ્ત્રસર્વસ્વં મયા ગુપ્તં નિરૂપિતમ્, એતદ્ બુધ્વા વિમુચ્યેત પુરૂષઃ સર્વસંશયાત્ (સિદ્ધાન્તમુક્તાવલી)
૪) પ્રવાહેऽપિ સમાગત્ય પુષ્ટિસ્થઃ તૈર્ન યુજ્યતે (પુષ્ટિપ્રવાહમર્યાદા)
૫) ગંગાત્વં સર્વદોષાણાં ગુણદોષાદિવર્ણના, ગંગાત્વેન નિરૂપ્યા સ્યાત્ તદ્વદત્રાપિ ચૈવહિ (સિદ્ધાંતરહસ્ય)
૬) તસ્માત્ સર્વાત્મના નિત્યં "શ્રીકૃષ્ણઃ શરણં મમ", વદદ્ભિરેવ સતતં સ્થેયમિત્યેવ મે મતિઃ, (નવરત્ન)
૭) ઈતિ શ્રીકૃષ્ણદાસસ્ય વલ્લભસ્ય હિતં વચઃ, ચિત્તં પ્રતિ યદાકર્ણ્ય ભક્તો નિશ્ચિંતતાં વ્રજેત્ (અંતઃકરણપ્રબોધ)
૮) એવમાશ્રયણં પ્રોક્તં સર્વેષાં સર્વદા હિતમ્, કલૌ ભક્ત્યાદિમાર્ગા હિ દુઃસાધ્યા ઈતિ મે મતિઃ (વિવેકધૈર્યાશ્રય)
૯) કૃષ્ણાશ્રયમિદં સ્તોત્રં યઃ પઠેત્ કૃષ્ણસન્નિધૌ, તસ્યાશ્રયો ભવેત્ કૃષ્ણઃ ઈતિ શ્રીવલ્લભોऽબ્રવીત્ (કૃષ્ણાશ્રય)
૧૦) અતઃ સર્વાત્મના શશ્વદ્ ગોકુલેશ્વરપાદયોઃ, સ્મરણં ભજનં ચાપિ ન તાજ્યમિતિ મે મતિઃ (ચતુશ્લોકી)
૧૧) ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્વં નિરૂપિતમ્, ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દ્રઢા રતિઃ (ભક્તિવર્ધિની)
૧૨) ઈતિ જીવેન્દ્રિયગતા નાનાભાવંગતા ભુવિ, રૂપતઃ ફલતશ્ચૈવ ગુણાઃ વિષ્ણોઃ નિરૂપિતા (જલભેદ)
૧૩) અનન્યમનસો મર્ત્યાઃ ઉત્તમાઃ શ્રવણોદિષુ, દેશકાલ દ્રવ્ય કર્તૃ— મન્ત્રકર્મ પ્રકારતઃ (પંચપદ્યાનિ)

૧૪) ઈતિ કૃષ્ણપ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્, સંન્યાસવરણં ભક્તૌ અન્યથા પતિતો ભવેત્ (સંન્યાસનિર્ણય)
૧૫) યસ્ય વા ભગવત્કાર્ય યદા સ્પષ્ટં ન દશ્યતે, તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ
નાતઃ પરતરો મન્ત્રઃ નાતઃ પરતરસ્સ્તવઃ, નાતઃ પરાતરા વિદ્યા તીર્થં નાતઃ પરાત્પરમ્ (નિરોધલક્ષણ)
૧૬) અવશ્યેવં સદા ભાવ્યા સર્વમન્યન્મનોભ્રમઃ, તદીયૈરપિ તત્કાર્યં પુષ્ટૌ નૈવ વિલંબયેત્
ગુણક્ષોભેડપિ દ્રષ્ટવ્યમેતદેવેતિ મે મતિઃ, કુસૃષ્ટિરત્ર વા કાચિદ્ ઉત્પદ્યેત સર્વે ભ્રમઃ (સેવાફલ)
તે ઉપરાંત
૧૭) ભાવસ્તત્રાપ્યસ્મદીયઃ સર્વસ્વશ્ચૈહિકશ્ચ સઃ, પરલોકશ્ચ તેનાયં સર્વભાવેન સર્વથા
સેવ્ય સએવ ગોપીશો વિધાસ્ત્યખિલં હિનઃ

(શિક્ષાપદ્યાનિ)

આમ સોળે સોળ ગ્રંથો અને બાકીના આમાં સંકલિત ગ્રંથોમાં પણ પ્રકટ થયેલી વાણીમાં કેટલો બધો વ્યક્તિસંસ્પર્શ (પર્સનલ ટચ્) પ્રકટ તરી આવે છે તે દરેક સહૃદય પાઠકર્તાના હૃદયને સ્પર્શી શકે તેવી હકીકત છે!

આમાં ધર્મશાસન કરનાર એક ધર્મોપદેશકની ગુરૂ જે જનક પિતા જેવી અધિકારસભર વાણીનાં સૂરો મુખરિત થાય છે તો પોતાના લાડકવાયા અબોધ બાલકના માટે એક મમતાળુ માતાના વાત્સલ્યના સુરો પણ મહાપ્રભુ પોતાના મુખારવિંદમાં મમળાવી રહ્યા હોય તેવું લાગે છે ! આમાં કોઈ ચિકિત્સાર્થીને ચિકિત્સક દ્વારા આપવામાં આવતી જો તેના સ્વાસ્થ્યની શિખામણના સુરો હોય તો તેમજ એક મિત્રને તેના મિત્ર દ્વારા મૈત્રીપૂર્ણ મનાવણીના સૂરો પણ આપણને મનોમંથન માટે પ્રેરણા આપી રહ્યા છે !

આ તથ્ય ઉપર નિગાહ પડતા શ્રીવલ્લભપંચશતી મહોત્સવના આયોજન વખતે મનમાં એક વિચાર ઝબૂક્યો છે કે લાવને એક વખત ચોરાશી વૈષ્ણવોની વાર્તામાં આમાંનો કયો ગ્રંથ કોના માટે ઉપદેશવામાં આવ્યો તે ચકાસી કેમ ન લેવું ? આટલો બધો વ્યક્તિસંસ્પર્શ (પર્સનલ ટચ્)જે શ્રીમહાપ્રભુની વાણીમાં પ્રકટ થઈ રહ્યો છે તો તેનો પ્રથમ શ્રોતા શ્રીમહાપ્રભુની સાથે કેવા સંજોગો અને માનસિકતાથી જોડાયેલો છે અને કેવો મમત્વનો પ્રતિભાવ દાખવતા મહાપ્રભુએ આ ઉપદેશો આપ્યા છે !

એટલે ચોરાશી વૈષ્ણવોની વાર્તાના સંદર્ભમાં આ ષોડશગ્રંથોનું મનન કરતા જે–જેવો દિશાબોધ ગ્રંથકારના અભિપ્રાયને શોધવા માટે સાંપડ્યો તે આ ગ્રંથપરિચય તરીકે ગ્રંથોના પ્રારંભમાં યોજવામાં આવ્યો હતો.

તે વખત અમો સહુ ગોસ્વામિઓના એક–એક ઘરથી જો એક–એક ગ્રંથ પ્રકાશિત થાય તો બધા જ શ્રીવલ્લભવંશજોની આમાં એકતા ઝળહળે એવો સ્વપ્ન સેવ્યો હતો ! તેથી શરૂઆતના ચાર–પાંચ ગ્રંથોમાં પ્રકાશકોની ગ્રંથપરિચયમાં સહમતિ મેળવવાના સૌજન્યની મનોવૃત્તિ રાખીને દાખવવા જતાં વાંધાવચકાઓ કાઢવામાં આવ્યા. તેથી વગર વિસ્તારે સંક્ષિપ્ત ગ્રંથપરિચયો લખવામાં જ તે વખત યોગ્ય લાગ્યું. પછી આવા સૌજન્યપ્રદર્શનની ખોટી ભૂલ કર્યા વગર જેમ મહાપ્રભુ પ્રેરણા આપે તેમ લખીને પ્રકાશિત ગ્રંથો જ પ્રકાશકોના હસ્તમાં મૂકવાની સૂઝ પડતી ગઈ, તેથી ધીમે–ધીમે ગ્રંથપરિચયોમાં વિસ્તારથી છણાવટ શક્ય બની. આને

કારણે, પરંતુ, આ ગ્રંથોના ગ્રંથપરિચયોની લખાણની શૈલી અને માપ માં એકરૂપતા નથી જળવાણી તે બદલ ક્ષમાયાચના કરવાની હોય. પરંતુ "અલ્પારંભઃ ક્ષેમકરો ભવતિ" ન્યાયે શરૂઆતમાં સંક્ષેપ પછી થોડોક વિસ્તાર અને અન્તે પૂર્ણ વિસ્તાર આમ ષોડશગ્રંથોના અધ્યેતાઓને આ કદાચ રસપ્રદ અને ઉપયોગી પણ લાગે એવી આસ્થા "ભગવાન કરે સો ભલી કરે"ની ભાવના મુજબ હું રાખું છું.

આ સમગ્ર ગ્રંથપરિચયોનું ગુજરાતી અનુવાદ કરાવીને તેમજ બીજા પણ પંચશ્લોકી, શિક્ષાશ્લોકી અને મધુરાષ્ટકના ગ્રંથપરિચયોને પણ સાથોસાથ સંકલિત કરીને પ્રકાશિત કરવાનું અને તેમને વિના મૂલ્યે વિતરિત કરવાનો મનોરથ જે શ્રી એન. કે. પરીખના હૃદયમાં જાગ્યો તે મહાપ્રભુ શ્રીવલ્લભની કૃપાવૃષ્ટિની રસાર્દ્રતા તરીકે સ્વીકારવા હું પ્રેરાયો છું.

આ ગ્રંથપરિચયોનું સંકલન–અનુવાદ–પ્રકાશન અને નિઃશુલ્ક વિતરણ પુષ્ટિભક્તિ અને પુષ્ટિપ્રપત્તિની સાધનાને અનુસરનાર આપણાં સંપ્રદાયનાં બંધારણની મહતી સેવા છે. સાચી ફલશ્રુતિ, આની, શ્રીમહાપ્રભુજીની વાણીમાં વૈષ્ણવોની રૂચિ જાગે, તેને સમજે, તેને જીવે અને તેને માણતા થાય તેમાં રહેલી છે !

"બુદ્ધિપ્રેરકકૃષ્ણસ્ય પાદપદ્મંપ્રસીદતું !"

તા. ૨૫ મે, ૨૦૦૧
મુંબઈ.

ગોસ્વામી શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી

કાવ્ય કુંજ : કરો સહુ નંદકુંવર સું પ્રીત

– ગો.શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

કરો સહુ નંદકુંવર સું પ્રીત, બનાવો મોહન મનનો મીત,
હૈયે આનંદ ભરો રે લોલ...
કેવી સુંદર રસની રીત, ગાઓ ઉમંગે ગોવીંદ ગીત,
હૈયે આનંદ ભરો રે લોલ...
ભુલો જગ મોહ ને વિત્ત, શ્યામ વિના ચોંટાડો ન ક્યાંય ચિત્ત
હૈયે આનંદ ભરો રે લોલ...
સેવા સ્મરણ કરો નીત, ભુલો સકલ ચિંતા ત્વરિત,
હૈયે આનંદ ભરો રે લોલ...
કરો કામ ક્રોધ ને પરાજિત, સંસારાસક્તિ બને અતિત
હૈયે આનંદ ભરો રે લોલ...
થશે સર્વ પરમાનંદી પ્રતિત, મળશે શામળિયાની શીત,
રહો સદા વિરહ સહિત, થશે ખરે જ તમારી જિત
હૈયે આનંદ ભરો રે લોલ...

કપિલગીતા – અર્થાત્ શ્રીભગવાનનો કપિલાવતાર

લેખક : જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

–ગતાંકથી ચાલુ

આમ કર્યા છતાં વિરાટ પુરૂષ ઉઠયા નહીં. અહીં પ્રશ્ન એ થાય કે વિરાટ પુરૂષ શાથી ઉઠયા નહીં ? સમાધાન એ છે કે તે સમયે ભગવાન વિષ્ણુનું બીજા દેવો જેટલું જ કામ હતું એટલે સમર્થ હોઈને પણ તે વખતે સામર્થ્ય જણાવ્યું નહીં. સર્વ સ્થળે આ રીતે જાણવું. વિરાટ પુરૂષને ઉઠાડવાનું કામ તો ક્ષેત્રજ્ઞનું છે. ક્ષેત્રજ્ઞ અર્થાત્ ચૈત્ય યા જીવે પોતાની ઈન્દ્રિય ચિત્તની સાથે હૃદયમાં પ્રવેશ કર્યો ત્યારે વિરાટ પુરૂષ જલમાંથી ઉઠીને બેઠા થયા. અતઃ શરીરરાભિમાની એ જીવની ભક્તિ, વૈરાગ્ય અને ચિત્તની એકાગ્રતાથી જ્ઞાન દ્વારા એ અંતરાત્મારૂપ ક્ષેત્રજ્ઞને આ શરીરમાં સ્થિર કરવું જોઈએ. કપિલ આર્ય કહે છે કે હે માતા ! આત્મા તો નિર્વિકાર, અકર્તા અને નિર્ગુણ છે એથી એ પુરૂષ પ્રકૃતિના ગુણોથી લિપ્ત બનતો નથી. તે જ્યારે પ્રાકૃત ગુણોથી સંબંધિત બને છે ત્યારે અહંકારથી મોહિત બનીને 'હું કર્તા છું' એમ માનવા લાગે છે. કર્તૃત્વના અભિમાનને કારણે જ પછી તે દેહના સંસર્ગથી કરેલો પાપ અને પુણ્યરૂપ કર્મોના દોષોથી અશાંત થઈને ઉત્તમ, મધ્યમ અને નીચ યોનિઓને પ્રાપ્ત થાય છે. સંસારમાં દેહ અને આત્માનો સંબંધ છે તે અહંતા મમતાત્મક છે. મોહથી અધ્યાસ થાય છે એટલા માટે એ સંબંધ મિથ્યા છે. અવિદ્યાકૃત સંસાર અસત્ય છે પણ તેની નિવૃત્તિ થતી નથી. જે મિથ્યા હોવા છતાં કષ્ટ આપી શકે છે તેની નિવૃત્તિ શી રીતે થાય ? એક માત્ર જ્ઞાન જ એવા સંસારને માટે નિવર્તક છે. ચિત્ત જો અંતર્મુખ થાય તોજ સંસારની નિવૃત્તિ થાય. બુદ્ધિમાનોએ સંસારમાં પ્રવૃત્ત ચિત્તને તીવ્ર ભક્તિયોગથી તથા વૈરાગ્ય દ્વારા વશ કરી લેવું જોઈએ. યમ નિયમ આદિ સાધનો દ્વારા શ્રદ્ધાપૂર્વકના અભ્યાસથી કેવળ મારામાંજ સંપુર્ણભાવ રાખવાથી, વેરબુદ્ધિનો ત્યાગ કરવાથી, આસક્તિના ત્યાગથી બ્રહ્મચર્ય–સંયમથી મૌન ધર્મ ધારણ પૂર્વક સ્વધર્મ પાલન અનાયાસે પ્રાપ્ત થતા અન્નાદિથી સંતુષ્ટ બની રહેવાથી, પરિમિત આહાર કરવાથી, એકાંતમાં વધુ રહેવાથી, શાંત દયાળુ ધૈર્યવાન અને સર્વના મિત્ર બની રહેવાથી, પ્રકૃતિ અને પુરૂષના વાસ્તવિક સ્વરૂપના અનુભવથી પ્રાપ્ત થયેલા જ્ઞાનથી સાંસારિક સંબંધો સહિત દેહમાં અહંતા મમતા હું અને મારું એનો ત્યાગ કરવાથી જ આત્મદર્શી બની રહેવાય છે. અને એ પછી ચિત્તવશ બની રહેલાં સંસારની નિવૃત્તિ થાય છે. આ પ્રમાણે કપિલ મુનિએ મોક્ષને માટે આત્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો છે. પરંતુ વસ્તુતઃ પ્રકૃતિનો સંબંધ જ સંસારનું કારણ છે, સાંખ્ય શાસ્ત્રમાં તો પ્રકૃતિ નિત્ય છે. તેમ પુરૂષ પણ નિત્ય છે. અને પ્રકૃતિ અને પુરૂષનો સંબંધ પણ નિત્ય છે, તો પછી ત્યાં આત્મજ્ઞાન શું કરી શકે ? જ્ઞાનથી પ્રકૃતિનો અથવા પ્રકૃતિનો સંબંધ નષ્ટ તો થઈ શકતો નથી એટલે જ્ઞાન પણ કર્મની જેમ અભ્યુદયનો જ હેતુ હોય– મોક્ષનો હેતુ તો ન જ હોય.

આવી શંકા થતાં દેવહૂતિજી પૂછે છે; હે પુત્ર! પુરૂષ અને પ્રકૃતિ બંને નિત્ય છે અને એકબીજાને આશ્રયે રહેનારા છે. એટલે પ્રકૃતિને પુરૂષ કદી છોડી શકે નહીં. જે રીતે ગંધ અને પૃથ્વી તથા રસ અને જલની અલગ અલગ સ્થિતિ હોઈ શક્તિ નથી એ રીતે પ્રકૃતિ અને પુરૂષ પણ એકબીજાને છોડીને ન જ રહી શકેને? પ્રકૃતિના ગુણોના આશ્રયથી જેને કર્મ બંધન પ્રાપ્ત થયા છે એ પુરૂષ કર્તા હોવા છતાં કર્મ બંધનોને કારણે તેને કૈવલ્ય પદની પ્રાપ્તિ થઈ શકે જ નહીં. જ્ઞાન તો ક્ષણિક છે. અને પ્રકૃતિ તથા પુરૂષનો સંબંધ નિત્ય છે, પ્રકૃતિ પણ નિત્ય છે તો પછી એવું કયું સાધન છે કે જેનાથી પ્રકૃતિનો તિરોભાવ થાય તેમ ફરી એનો સંબંધ પણ ન થાય.

કપિલમુનિ બોલ્યાઃ 'હે માતા! પ્રશ્ન તો ખૂબ સરસ કર્યો. ભગવાન નિષ્કામ કર્મ અને વર્ણાશ્રમ ધર્મના પાલન દ્વારા નિર્મલ બનેલા અંતઃકરણથી નિરંતર સર્વભાવથી થતી સેવાથી, તીવ્રભક્તિથી, સ્નેહપૂર્વક ભગવાનની અલૌકિક લીલા કથાઓના શ્રવણથી, સાંખ્યના અનુભવે પ્રાપ્ત થતા જ્ઞાનથી અત્યધિક વૈરાગ્યથી, તપથી યુક્ત યોગથી, તીવ્ર સમાધિથી જે રીતે અરણિથી ઉત્પન્ન અગ્નિ અરણિને ધીરે ધીરે નષ્ટ કરી શકે છે એ રીતે પુરૂષની એ પ્રકૃતિ પણ ધીરે ધીરે તિરોહિત બની રહે છે. પોતાના આત્મામાંજ જે રમણ કરે છે એને પછી રમણ માટે પ્રકૃતિની આવશ્યકતા રહેતી નથી. આત્માને ઓળખીને આત્મામાં જ રમણ કરનાર પછી તો સર્વ પ્રકારે વિરક્ત બની રહે છે. જેને તત્ત્વજ્ઞાન થયું છે, જેનું મન મારામાં જ મગ્ન બની રહ્યું હોય છે એવા આત્મારામ મુનિથી પછી પ્રકૃતિ દૂર જ રહે છે. ભગવાનનો ભક્ત ભગવાનની કૃપાથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરી આત્માનુભવ દ્વારા સમસ્ત સંશયોથી મુક્ત બની રહે છે અને અંતે મારી સાથેના સાયુજ્યથી સામીપ્યથી મારા સ્થાનનો અધિકાર પામે છે. અને તેને પુનઃ પાછા આવવાનું રહેતું નથી. એ પછી એ અવિનાશી પદને જ પ્રાપ્ત કરે છે.

આ રીતે ભક્તિ, સાંખ્ય અને જ્ઞાનનું નિરૂપણ કરી કપિલઆર્યજીએ ફલપર્યંત યોગનું નિરૂપણ કરતાં કહે છે કે હે માતા! હવે હું તમને જેના દ્વારા ચિત્ત શુદ્ધ અને પ્રસન્ન બની રહીને સન્માર્ગમાં પ્રવૃત્ત થાય છે એવા ધ્યાન સહિત સબીજ યોગનું લક્ષણ કહું છું. યથાશક્તિ શાસ્ત્રવિહીત સ્વધર્મનું આચરણ કરવું, શાસ્ત્ર વિરુદ્ધ આચરણનો ત્યાગ કરવો, પ્રારબ્ધ અનુસાર જે મળે એમાં સંતુષ્ઠ રહેવું, આત્મજ્ઞાનીઓના ચરણની સેવા કરવી, વિષયોની વાસનાઓને વધારે એવાં કર્મોથી દૂર રહેવું, અહિંસા આદિ મોક્ષ ધર્મોમાં અનુરાગ ધરાવવો, પવિત્ર અને પરિમિત ભોજન કરવું, નિરંતર એકાંત અને ભય રહિત એવા સ્થાનમાં રહેવું, વ્યર્થ વાતો ન કરતાં મૌન રહેવું, એક નિષ્ઠ યા સ્થિર બની રહીને ચિત્તને જીતવું, પ્રાણાયામ વિગેરેથી પ્રાણશક્તિને સુદઢ બનાવવી ઈન્દ્રિય જિત બની રહેવું, મૂલાધાર આદિ કોઈ એક કેન્દ્રમાં મન સહિત પ્રાણને સ્થિર કરવો, ભગવાનની લીલાઓનું નિરંતર ચિંતન કરવું, ચિત્તને સમાહિત રાખવું, આસનો સિદ્ધ કરી પ્રાણાયામ સાધવો, રેચક આદિથી પ્રાણના માર્ગને શુદ્ધ કરવો, પ્રાણવાયુને જિતવાથી યોગીનું મન શુદ્ધ થાય છે. યોગના અભ્યાસથી મન નિર્મલ અને એકાગ્ર બની રહે તો પછી ભગવાનના સ્વરૂપનું ધ્યાન ધરવું.

—ક્રમશઃ

ભગવત્કીર્તન કિરણાવલી વૈષ્ણવી સંગીત

—પ.ભ. શ્રીહીરાલાલ મોહનલાલ પરીખ

વૈષ્ણવોના પ્રેમ કાવ્યોમાં અને દુનિયાના પ્રેમકાવ્યોમાં ઘણો ભેદ છે. વૈષ્ણવોએ ગાયેલો પ્રેમ શરીર સંબંધી પ્રેમ નથી, એમાં શારીરિક સંબંધ નથી, એ પ્રેમ તો પરમાત્માના સંબંધથી ભક્તને થતો કોઈક શુદ્ધ, માર્મિક ભાન ભૂલાવી નાંખે એવો અને ઉછાળા મારી બહાર નીકળતો હર્ષ છે. પરમાત્મા સાથે પ્યારથી જોડાયેલો આત્મા તે જ શ્રીરાધા. તેમનો વિરહ તે જીવાત્માની પરમાત્માના દર્શન માટેની લગની. જીવાત્મા એક પવિત્ર મંદિર જેવો છે. એને સૌંદર્ય ગાન અને સુગંધના સનાતન ઝરારૂપ પોતાનો માલિક દ્વારભૂત, ઈન્દ્રિયો દ્વારા મંદિરમાં પ્રવેશે તો સારુ એમ ઈચ્છે છે. જીવ પોતાના પ્રીતમનાં ઘણા લાંબા વખતના વિરહને લીધે મળવા તલપાપડ થઈ રહ્યો છે અને પોતાના પ્રભુની સેવામાં પ્રેમની માળા તથા સુકોમળ ભાવોને અર્પણ કરવા તલસ્યા કરે છે. વૈષ્ણવો, આચાર્યો ભાષા લૌકિક ભાવનાઓની વાપરે છે પણ દૈવી પ્રેમનું જ નિરંતર ગાન કરી રહ્યા હોય છે. પુષ્ટિમાર્ગમાં વૈષ્ણવી સંગીતના કલ્પતરુની નીંવ શ્રીઆચાર્યચરણોએ નાંખી, શ્રીગુસાંઈજીએ તેનું પોષણ કર્યું જે આજે ફૂલી ફાલી મહાન વૃક્ષ થયેલું છે.

હવે કીર્તન ધોળ—પદ—ગરબી એટલે શું તે જોઈએ.

કીર્તન : લોકો ગાન કરે તે માટે ભગવાનનું ચરિત્ર અનેક પ્રકારની લીલાઓથી ભરપૂર છે. ભક્તોમાં શ્રીભગવાને આત્મભાવ રાખેલો છે તેથી તેઓ ભગવાનના અને ભગવાન તેમના છે. તેથી આજ સુધી પણ ભક્તો ભગવાનના કીર્તનો જ ગાય છે. ભગવાનના ચરિત્રનું કીર્તન કરનારાઓની કીર્તિ—યશ પણ સર્વને પવિત્ર કરે છે. તો પછી પ્રભુકીર્તન સર્વને પવિત્ર કરે એમાં સંદેહ હોઈ શકે નહીં. આવી રીતે કીર્તન પાપ નાશ કરનારા છે. તેમ તેને વક્તાના કોઈ દોષ સાથે પણ કાંઈ સંબંધ થતો નથી. ભગવાનના ગુણોના કીર્તન વિના પ્રપંચમાં ત્યાગ વૃત્તિ ઉત્પન્ન કરનાર બીજો કોઈ ઉત્તમ રસ નથી.

ફળની ઈચ્છા રાખનારે તેમજ ફળની ઈચ્છા નહીં રાખનારા હરકોઈએ ભગવાનના દશ્ય કર્મોનું લીલાઓનું કીર્તન કરવું જ જોઈએ. કીર્તનમાં ફલની ઈચ્છા ઓછી હોય છે. ફલની ઈચ્છા વિના કીર્તન કરવું એવો નિત્ય વિધિ હોવાથી જ તે આવશ્યક છે.

ભગવાનના કર્મો ઉદાર છે અને પોતાનું કીર્તન કરનાર પાત્ર છે કે અપાત્ર છે તેનો વિચાર કર્યા વિના

જ પોતે ફળ આપે છે. પ્રમેય બળથી અનુગ્રહ કરે છે. જેમાં પ્રભુ અનુગ્રહ કરે તે જ પુષ્ટિમાર્ગ. ફળની ઈચ્છાવાળાઓ પણ કીર્તન ગાય છે અને શ્રીઠાકુરજી તેમની પણ આકાંક્ષા પૂરી કરે છે.

સર્વ પદાર્થમાં રસ છે, તે રસ જાણનાર મળે ત્યારે તે અભિવ્યક્ત થાય છે, ભગવાનનાં કર્મો તો સદા અભિવ્યક્ત જ છે. ફક્ત રસ જાણનારની અપેક્ષા છે. તેજી ઔષધથી ભૂખ લાગે છે અને અન્નથી તેની તૃપ્તિ થાય છે, પણ અન્નથી જ ભૂખ લાગતી હોય તો તેની તૃપ્તિ થતી નથી. તેવી રીતે કીર્તન કરતાં કરતાં કીર્તન કરનારની કીર્તન કરવાની ઈચ્છા વધતી જ જાય છે, પણ તેની તૃપ્તિ થતી જ નથી. પણ પ્રથમ કીર્તનમાં મન લાગવું જોઈએ. જ્યારે જેનામાં જેનું મન કામથી અથવા પ્રેરણાથી લાગે છે ત્યારે તેનું શ્રવણ અને કીર્તન થાય છે. શ્રદ્ધા–શ્રવણ એ કીર્તનનું અંગ છે. લાંબા સમયના સતત આદરથી કરવામાં આવતા શ્રવણ અને કીર્તન ફલ પ્રાપ્ત કરાવે છે. તેથી વાણી શ્રીભગવાનના ગુણોનું કીર્તન કરાવવામાં યોજાયેલી રહે એવી વિજ્ઞપ્તિ ભગવદીયો કરે છે.

ધોળપદો : ધોળ–ધવલ શબ્દથી થયેલો છે. ધવ એટલે ધણી–પતિ, લ–એટલે લય થવું–તદ્રૂપ થવું. ધણીમાં તદ્રૂપ કરે તે ધવલ કે ધોળ કહેવાય. હવે પતિ કોણ હોઈ શકે ? કેવલ પ્રભુ. જે સર્વ રીતે નિર્ભય હોઈ તે જ સર્વ રીતે રક્ષણ કરી શકે. પ્રભુ એકલો જે સર્વ રીતે નિર્ભય છે, સર્વ શક્તિમાન છે. તે જ ધણી–પતિ હોઈ શકે.

લૌકિક પતિ તે સાચો પતિ નથી અને તેનાં ગુણગાન તે ધોળ નથી. આથી પ્રભુમાં રસ રૂપે તલ્લીન થઈ તેમના રસના અનુભવનાં આસ્વાદન કરેલાં ગાન તે ધવલ–ધોળ કહેવાય. આવા ધોળ ગાનાર પણ પ્રભુમાં તદ્રૂપ થઈ જાય છે, વારંવાર એવા ધોળ પદનાં ગાન અને અવગાહન કરવાથી એ અનુભવીઓની વાણી સ્વરૂપાત્મક બની સર્વ અંગે અંગમાં પ્રવેશી જાય છે.

મુખ વડે ખાધેલો ખોરાક અને પીધેલું પાણી જેમ પાચન થઈ સર્વ અંગોને અલૌકિક બનાવે છે. અનુભવીઓનાં ધોળ પદમાં ખૂબ શક્તિ છે. તે સ્વરૂપાત્મક હોવાથી જે તેમનાં તે પદો ઉલ્લાસપૂર્વક ગાય છે તેની પાસે પ્રભુ આકર્ષાઈને પધારે છે અને તે સાંભળી પોતે પ્રસન્ન થાય છે. ભગવદીયજનોની વાણી ગવાતા સ્થળમાં ધૂપની માફક સુગંધ પ્રસરે છે. જેવી રીતે ધૂપ આદિ પદાર્થો અગ્નિમાં નાંખવામાં આવે ત્યારે તેના ગુણ પ્રમાણે હવામાં સુગંધ પ્રસરે છે તેમ વાણી પણ તેના બોલનાર કે ગાનારના ગુણ પ્રમાણે સર્વત્ર પ્રસરે છે–અસર કરે છે. આ પ્રમાણે મહાનુભાવીઓના ધોળમાં અનુભવનો સુગંધ રસ ભરેલો હોવાથી તે ધોળ પદોને સેંકડો વર્ષો વિત્યા છતાં તેવોને તેવો જ રસ તેમાંથી ચખાય છે. એ વાણી નિત્ય

અને રસિક છે. પ્રભુ પ્રત્યેનો પ્રેમ ઉજ્જવળ છે. કોઈપણ ડાઘ વગરની વસ્તુને ધળી કહેવાય છે તેમ આ ધોળ પદો ઉજ્જવળ રસમાં તરબોળ કરનારાં છે. તેથી પણ તે ધોળ કહે ભગદાસક્તિ કરાવે છે. આવા ધોળ પદો શ્રીગોસ્વામી બાળકોએ, તેમના વહુજી બેટીજીઓઅબાઓએ અને ૮૪–૨૫૨ વૈષ્ણવો પૈકીના ઘણા મહાનુભાવી ભક્તકવિઓએ ગાયેલા છે. જેનું તે ગાન કરતાં સ્વરૂપાનંદનો અનુભવ થાય છે.

હવે આપણે ગરબી તરફ વળીએ. ગર્વી–ગર્વવાળી–ઉપરથી ગરબી શ. અહીં ગર્વ એટલે અભિમાન કે અહંતા મમતા નથી. પરંતુ પ્રભુ સંબંધી ગર્વ–પ્રેમમદ–રશાકાય. એવા રસમદવાળા ભગવદીઓ પોતાના અંતર વિલાસને બહાર વાણી સ્વરૂપે પ્રકટ ક કહેવાય છે. જ્યારે પ્રભુ ભક્તને સર્વ પ્રકારે આનંદનું કે રસનું દાન કરે છે ત્યારે પ્રથમ બાહ્ય ભેમે છે. પછી રમણનો આનંદ વિરહ થયા વગર આભ્યંતર ન પ્રવેશે માટે અંતર્ધાન થઈ જાય થતાં પ્રભુ સાથે ભક્તોએ અનુભવેલી લીલાઓ ભક્તના અંતરમાં પ્રવેશી જાય છે અને તે રૂપ ધારણ કરી અંગે અંગોમાં પ્રવેશતાં ભક્ત એ રસ વડે રસમય થાય છે. જેમ ખાધેલા ખોરાદિ પુષ્ટ થાય તેમ આ અલૌકિક ખોરાક વડે પણ ભક્ત સર્વ અંગે અંગે પુષ્ટ થઈ રસમદવા એ રસમદ યા ગર્વ ગાન દ્વારા બહાર પ્રગટે તે ગરબીઓ છે.

ગોપીગીતને આ દષ્ટિએ સંસ્કૃત ગરબી કહી શકીએ અને ગોપીજનોએ ર એવો રસ ગાનમાં કે કોમળ રાગમાં ઉતારવો તે પણ ગરબી કહેવાય. ભક્ત કવિઓ પૂર્ણ અાથી તેમણે તેવી રસમદથી ભરેલી ગરબીઓ ગાઈ છે અને તેના ગાન વડે સર્વ વિસ્મરણ પૂર્વક ભત્ત થાય છે.

ભગવદીય ભક્તજનોનાં ધોળ પદ કીર્તનો ગાવાનો જ આપણને અધિકાર છે. (શ્રીપ્રભુનો સાક્ષાત્કાર પામ્યા વિના) કીર્તનકારોના પદો પ્રભુ સમક્ષ ગવાય નહીં એવી સ્વમાર્ગ છે અને તે સયુક્ત છે. મહાનુભાવીઓએ જે અનુભવ કર્યો તે તેમણે ધોળપદોમાં ગાયો. આપ તેવાં પદો કીર્તનોનું ગાન કરીએ તો પ્રભુ પ્રસન્ન થાય કેમ કે કૃપાપાત્ર ભગવદીઓ વિરચિત કી શ્રવણ કરે છે અને તે ગાન કરનારા આધુનિક જીવો પર કૃપા કરે છે. ચાલો ત્યારે આપણે પણ મેળવવા ભક્ત કવિઓનાં ગાયેલાં ધોળ પદ કીર્તનોનાં ગાન કરીએ.

[''ખંભાતના વૈષ્ણવ ભક્ત કવિઓ અને તેમનાં ધોળ–પદ–કીર્તનો'' પુસ્તકમાાર]

કાવ્ય – કુંજ :

–પૂ.પા. શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

મુરલી તોહે શ્યામ હી કે સંગ જીનો.
નિત્યપ્રતિ પાય અધર મહારસ
રસકો સ્વાદ તે લીનો...૧
અપને દેહ પર છિદ્ર પડાયે
તબ મોહન સંગ કર લીનો.
તો સોં ગોપિનકે ચિત્ત ચુરાયે
ગોપાલ પ્રેમ રંગ ભીનો...૨
અતિ અદ્‌ભુત મહા રાસ રચાયો
દુર્લભ દરશન દીનો
ગોકુલેશ તો વારિ જાય તો પર
પ્રીતમ કો પ્યાર તે પીનો...૩

ગાવો મધુરાં ગુણગાન

(ઢાળ– આવો આવો શ્રીનંદજીના લાલ માખણ ખાવાને)

ગાવો મધુરાં ગુણ ગાન કાનજી રીઝાવાને.
એને પરમ પુરૂષોત્તમ જાણ ભવ પાર કરવાને...(ટેક)
થી નંદ ઘેર પ્રગટીયાને લીલા કીધી અપાર રે;
વાત્સલ્ય પ્રેમ ગોકુળનો માણી વૈકુંઠ ભુલ્યા નંદલાલ...ગાવો.
ભક્તિના અમુલખ ભાવમાં ભીંજાણી વ્રજની નાર રે;
રાસ રસાનંદ દાન દઈને વ્રજ જનને કીધાં વહાલ...ગાવો.
જીઅનુરાગી’ આ ભવે ભટકીને પુષ્ટિ સેવાનો કીધો નિર્ધાર રે;
પરમ પુરૂષોત્તમ મન મંદિર પધારે થઈ નંદ યશોદાના લાલ...ગાવો.

–શ્રીજીઅનુરાગી, અમદાવાદ.

પુસ્તક પરિચય

☐ **૧. ષોડશગ્રંથ – પરિચય :** શ્રીમહાપ્રભુજી વિરચિત 'ષોડશગ્રંથ' અને 'પંચશ્લોકી', 'શિક્ષાશ્લોકાઃ' તથા 'મધુરાષ્ટકમ્' ગ્રંથો પરના **પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજ (પાર્લા–કિશનગઢ)** આલેખિત ગ્રંથ પરિચયનો ગુજરાતી અનુવાદ.

પ્રથમ આવૃતિ : ડેમી સાઈઝ ૨૭૦ પૃષ્ઠ (૧૨+૨૫૮) ઉત્તમ ૧૦૦ જી.પી.એસ.એમ. મેપલીથો કાગળ, ઉચ્ચ કોટીના આર્ટકાર્ડ ઉપર શ્રીમહાપ્રભુજીના પ્રાચીન ચિત્રજીની અનુકૃતિવાળું ટાઈટલ, સેક્શન બાઈન્ડીંગ.

નિઃશુલ્ક વિતરણાર્થ : પ્રકાશક : શ્રી ન. કે. પરીખ, મુંબઈ–પાર્લા (પૂર્વ)

પ્રાપ્યતા : શ્રીવલ્લભસુધાના ચાલુ વર્ષના આજ સુધી નોંધાયેલા બધા સભ્યોને ભેટ તેમજ હવે પછી થનાર આજીવન સભ્યોને પુસ્તક સિલકમાં હશે ત્યાં સુધી ભેટ અપાશે.

ષોડશગ્રંથો વિશે સંપ્રદાયમાં ઘણુંબધું સાહિત્ય ઉપલબ્ધ છે. પરંતુ ષોડશગ્રંથો તથા અન્ય ત્રણ ગ્રંથો પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીએ તે તે ગ્રંથોની સંસ્કૃત ટીકાઓ સમેતનો સંગ્રહ, જે ગો.વા.શ્રીમૂલચંદ તેલીવાળા તથા અન્ય મહાનુભાવો દ્વારા સંપાદિત, અપ્રાપ્ય હતો તેનું ફોટોકોપી ઓફસેટ પ્રોસેસથી પુનઃ મુદ્રણ કરાવ્યું તે પ્રસંગે તે–તે ગ્રંથોનો પરિચય વ્રજભાષા–હિન્દી ભાષામાં લખેલ. આ ગ્રંથોની સંસ્કૃત ટીકાઓનું ગુજરાતી ભાષાંતર ક્રમશઃ "શ્રીવલ્લભસુધા" ના આરંભથી જ પ્રકાશીત થઈ રહ્યું છે. ત્યારથી જે જે ગ્રંથનો પ્રારંભ થાય ત્યારે પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી લિખીત **ગ્રંથ–પરિચય** ગુજરાતી અનુવાદ રૂપે અપાયેલ છે. તેજ ગુજરાતી અનુવાદો (ષોડશગ્રંથોના) તથા પંચશ્લોકી, શિક્ષાશ્લોકાઃ, અને મધુરાષ્ટકમ્ ના ગ્રંથપરિચયો પણ પૂ.પા.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીએ પ્રકટ કરી આપ્યાં તે સર્વેનો સુ–સંકલિત સંગ્રહ પ્રકટ થયેલ છે.

શ્રીમહાપ્રભુજીના ષોડશગ્રંથ જેને સંપ્રદાયમાં વલ્લભ–ગીતા તરીકે ઓળખાય છે તેનું માત્ર શબ્દાર્થથી રહસ્ય પામવું ખૂબ દુષ્કર છે. આજના ભાગ–દોડના સમયમાં જ્યારે અધ્યયનશીલતા ઘટતી જાય છે તેવા વખતમાં પૂ.પા.ગો. શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીએ, શ્રીમહાપ્રભુજીના ગ્રંથોનું હાર્દ ખૂબજ વિશદ રૂપે ઉજાગર કરીને સાંપ્રત સમયના પુષ્ટિમાર્ગીય જીવો પર મહત અનુગ્રહ કરેલ છે.

આવો અમૂલ્ય ગ્રંથ સર્વે વૈષ્ણવોને સુલભ કરાવવાનો મનોરથ,– 'સ્મરણાંજલિકા' કેસેટથી ધર્માનુરાગીજનોમાં ખૂબ જાણીતા થયેલ. મુંબઈ પાર્લાના શ્રીનવનીતભાઈ કે. પરીખને ઉદ્ભવ્યો તે મનોરથનું ફલ પ્રસ્તુત પુસ્તક છે.

પ્રસ્તુત ગ્રંથને પુસ્તકરૂપે પ્રકટ કરવાની પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રીને વિનતી કરતાં આપશ્રીએ આ ગ્રંથ માત્ર નિઃશુલ્ક વિતરણ થાય એવી મર્યાદા સાથે પ્રકાશનની આજ્ઞા આપી છે. અને તેથી આ ગ્રંથની પ્રથમ આવૃતિ શ્રીવલ્લભસુધાના સર્વે સભ્યોને પરીખ-પરિવાર દ્વારા ભેટરૂપે અપાઈ રહેલ છે.

આ પહેલાં પણ પરીખ પરિવાર દ્વારા શ્રીયમુનાજીના ૪૧ પદોનો સંગ્રહ શ્રીવલ્લભસુધાના સભ્યોને ભેટ અપાયેલ. તેમજ શ્રીવલ્લભસુધાના આજીવન સભ્યો બનાવવામાં પ્રોત્સાહન–રાશી પણ અપાયેલ.

☐ **૨. કીર્તન કુસુમાવલી ઔર સેવા સિંગાર (ત્રીજી આવૃત્તિ) :** લેખક, સંગ્રાહક, સંપાદક–ગો.વા.પોપટલાલ રામજીભાઈ બગડાઈ, જેતપુર.

પુસ્તક પ્રાપ્તિસ્થાન : પ.ભ.સોની મનસુખલાલ માવજીભાઈ, શ્રીબાલકૃષ્ણજીની હવેલી, દરબાર ગઢ પાસે, રાજકોટ. દરરોજ સાંજના ૬ થી ૮ વાગ્યા સુધી. ન્યોછાવર રૂ.૬૦/–

આ પુસ્તકના ખંડ ૧ માં ૩૬૦ દિવસના વસ્ત્રાભૂષણ, દરરોજની સામગ્રી અને સેવામાં જાણવા જેવી બીજી કેટલીક વિગત પાના ૧ થી ૪૬ સુધીમાં દર્શાવેલ છે.

ખંડ બીજામાં નિત્યપદ ઋતુ અનુસાર ઉષ્ણકાલ, શીતકાલ અને વર્ષાકાલ અને તેમાં આવતા વૃજભાષાના કઠીન શબ્દોનો નીચે પાને ગુજરાતીમાં અર્થ આપેલા છે. પાના ૧ થી ૬૦ સુધીમાં સમય–સમયના કુલ પદોની સંખ્યા ૫૩૦.

ખંડ ત્રીજામાં વર્ષોત્સવ કીર્તનના પદો ક્યારે, કયા સમયે, કયા રાગમાં બોલવું અને તેમાં પણ વ્રજભાષાના કઠીન શબ્દોના અર્થ ગુજરાતીમાં દર્શાવેલ છે. જન્માષ્ટમી, રાધાષ્ટમી, દાન, સાંઝી, નવવિલાસ, વિજયાદશમી, શરદોત્સવ–રાસ, અન્નકૂટ, ગોપાષ્ટમી, દેવપ્રબોધની, ચાર જયંતીઓ, શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી વગેરેના પ્રાક્ટયોત્સવની વધાઈઓ, રથયાત્રા, મલ્હારના તેમજ વસંત, ધમાર, ડોલના પદો પાના ૧ થી ૯૬ પદોની કુલ સંખ્યા ૭૧૧.

છેલ્લે પુષ્ટિમાર્ગીય પ્રણાલીના સિદ્ધાંત પ્રમાણે શ્રીઠાકોરજીને નિત્ય ધરાતા શૃંગારના ચિત્રજી આપેલ છે. આ પુસ્તકના ૨૦૦ ઉપરાંતના પાનામાં ૧૩૦૦ (તેરસો) ઉપરાંત કીર્તન–પદોના સંગ્રહ સાથેનું ઘર સેવામાં વસાવવા જેવું અતિ ઉપયોગી પુસ્તક.

☐ **૩. પાવનકારી પુરૂષોત્તમ માસ :** લેખક–ચિમનલાલ એન. બેંકર (ગોપીજન) પ્રાપ્તિસ્થાન– ૬–ડાહ્યાભાઈ પાર્ક, શાહઆલમ ટોલ નાકા, અમદાવાદ–૨૨. ન્યોછાર રૂ.૩૦/–

વૈષ્ણવોને અનેક રીતે ઉપયોગી થાય તે ધ્યાનમાં રાખીને આ પુસ્તકનું સંકલન કરવામાં આવેલ છે. ખાસ તો પુષ્ટિમાર્ગના સિદ્ધાંતો લક્ષમાં લઈ અન્ય પુરૂષોત્તમ માસના મહાત્મ્ય, નિયમો, વ્રતો વિગેરેનું માર્ગદર્શન આપેલ છે. વૈષ્ણવ તરીકે કુટુંબ–સમાજ તરફ ફરજોનું અંગુલિ નિર્દેશન કરેલ છે. તદ્ઉપરાંત પુરૂષોત્તમ માસ અંગેના ધોળ પોતે રચીને પ્રસિદ્ધ કર્યા છે. લેખક પોતે સંપ્રદાયના જાણકાર છે. અને નામ સેવા પણ સારી રીતે કરી રહ્યા છે જે અભિનંદનીય છે.

સમાચાર

☐ **મુંબઈ :** આં.રા.પુ.વૈ.પરિષદના કેન્દ્રીય કાર્યાધ્યક્ષ મુકુન્દભાઈ શાહ યાદીમાં જણાવેલ કે રાજકોટ–મોરબી રોડ ઉપર નિર્માણધીન 'ઋષીકુલ'નું નિર્માણકાર્યનો પુનઃ પ્રારંભ કરવામાં આવેલ છે. હાલ જે સંકિર્તન મંદિર હોલ નિર્માણ થયેલ તેનું પ્લાસ્ટર–ફલોરની લાદી–બારી બારણાં વિગેરેનું કાર્ય શરૂ કરેલ છે. તે પૂર્ણ થયે ત્યાં 'શ્રીમહાપ્રભુજી'નું સ્વરૂપ પધરાવવાનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે તેમજ આચાર્ય પરંપરા અનુસાર વિદ્યાર્થીઓનાં અભ્યાસ માટે–રહેવા માટે રૂમો નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવશે.

ઋષીકુલ નિર્માણ કાર્યમાં સેવામાં સહયોગી બનવા માટે જે કાંઈ કાર્યકરો સહયોગી બનવા માંગતા હોય તેઓએ **કેન્દ્રી કાર્યાલય જી/૨ સીતારામ બિલ્ડીંગ–પલ્ટન રોડ, મુંબઈ** કેન્દ્રીય કાર્યાધ્યક્ષ શ્રીમુકુન્દભાઈ શાહનો સંપર્ક કરવા વિશેષ યાદીમાં જણાવવામાં આવેલ છે.

☐ **અમદાવાદ : શ્રીમદ્ ભાગવત સર્વોત્તમ સ્તોત્ર ગુણગાન મહોત્સવ :** શાહીબાગ ભક્તિ પરિવાર–અમદાવાદ દ્વારા શ્રીપુરૂષોત્તમ માસ અંતર્ગત શ્રીમદ્ ભાગવત તથા શ્રીસર્વોત્તમ સ્તોત્ર ઉપર ગુણગાન–શ્રવણ કીર્તનનું આયોજન તા. ૧૮–૯–૨૦૦૧ થી તા. ૧૬–૧૦–૨૦૦૧ સુધી કરવામાં આવેલ છે. જેના પ્રવકતા પૂ.પા.ગો.શ્રીવિજયકુમારજી મહારાજશ્રી અને સ્વરગાન અ.સૌ.શ્રીરશ્મિકુમુદિની વહુજી કરશે. આ મનોરથોનું માર્ગદર્શન યુવા આચાર્ય પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહોદયશ્રી તથા પૂ.પા.ગો.શ્રીદર્શનકુમારજી મહોદય કરશે. વિશેષ માહિતી અંગે સંપર્ક કરવો.

ઘાસીરામ ચૌધરી હોલ, શ્રીનવનીતલાલ રણછોડલાલ માર્ગ,
રાજસ્થાન હોસ્પીટલ સામે, શાહીબાગ, અમદાવાદ.

☐ **પોરબંદર :** શ્રીવ્રજનિધિ સોશ્યલ ગૃપ, પોરબંદર દ્વારા શ્રીકૃષ્ણ જન્મોત્સવ અંતર્ગત પુષ્ટિમાર્ગીય પ્રચાર તેમજ સામાજીક પ્રવૃત્તિઓ કરવામાં આવેલ. શોભાયાત્રા તેમજ નંદમહોત્સવ અને અન્ય મનોરથો પૂ.પા.ગો.શ્રીવસંતકુમારજીની અધ્યક્ષતા હેઠળ કરવામાં આવેલ. વૃક્ષારોપણ અભીયાન પણ શરૂ કરવામાં આવેલ હતું. આમ, વૈષ્ણવોની બહોળી સંખ્યામાં ધામધૂમથી ઉત્સવ સંપન્ન થયો હતો.

નિજ આસો સુદ ૧૫ તા. ૧–૧૧–૨૦૦૧ ગુરૂવાર : કાર્તિક સ્નાન પ્રારંભ. શ્રીરણછોડરાયજી (ડાકોર)નો મેળો.

નિજ આસો વદ ૧ તા. ૨–૧૧–૨૦૦૧ શુક્રવાર : શ્રીગોકુલચંદ્રમાજીના ઘરમાં રાસોત્સવ.

નિજ આસો વદ ૩ તા. ૪–૧૧–૨૦૦૧ રવિવાર : ગો.ચિ.શ્રીવિનયકુમારજી (કોટા)નો જન્મદિન.

નિજ આસો વદ ૪ તા. ૫–૧૧–૨૦૦૧ સોમવાર : ગો.ચિ.શ્રીહરિરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૯૭. સેવા જ ઉદ્ધાર માટે ઉપયોગી છે.

મહારાજ મારગનું ફળ શું છે ? ઘરમાં રહી સેવા કરીએ તો સારું, કે વિરક્ત થઈ લોકોને ઘેર પેટ ભરીએ તે સારું ? અથવા કાંઈ જઈને જપ કરીએ તે સારું ? તથા ભજન કરીએ તે સારું ? પાસે કાંઈ રાખીએ નહીં તે સારું કે વિરક્ત દશામાં ફરીએ તે સારું ?

ત્યારે કહ્યું કે કરોડો માર્ગે ચાલો, પણ જેણે શ્રીઆચાર્યજીને પ્રસન્ન કરવા હોય તેણે તો કેડ બાંધીને સેવા કરવી, તેથી જ ઉદ્ધાર થાય છે નહીં તો એકે વાતે ઉદ્ધાર નથી. ૯૭

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપ્ટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-10-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૧૨૮
SHR N. K. PARIKH
F/78 GUJA TI SOCIETY, NEHRU
ROAD, V LE PARLA (EAST),
MUM 3AY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

દુરબલ જિઉ અસહાય અનુ,
સકૃત રુ શત્રુ અનેક।
ઈસ ! ઉપેક્ષા કરોગે,
ક્યોં કરિ નિવહૈં ટેક॥ (૩૯)

ટીકા : હે ઈશ ! કહેતાં શ્રીકૃષ્ણચંદ્ર ! હું તો જીવ છું, દુર્બલ છું ને અસહાય છું એટલે કોઈ તમારા વિના પક્ષપાતી નથી, તો અણુ કહેતાં ઘણું જ નાનું છે ને એકલો છું ને કામક્રોધાદિક શત્રુ તો માથા ઉપર અનેક છે તે મધ્યે એક આધાર તો તમારો છે, ને તમેં જો ઉપેક્ષા કહેતાં સાક્ષીની જેમ જોઈ રહેશો તો મારી ટેક જે પણ તે કેમ નભશે? પણ કહ્યું જે "માતાના ઉદરમાં તમારી આગળ પણ કરીને આવ્યો છું જે એકવાર મને હવે અહીંથી છોડાવો તો અવતરીનેં તમારું ભજન કરીશ"–એમ કહ્યું છે, તે વચનથી ટેક મારી નહીં નભે, જો તમે સહાય નહીં કરો તો, માટે સહાય કરો. ૩૯.

– ભકત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

• આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત •

શ્રી વલ્લભસુધા

વચનસુધા

ખરેખર ! ધર્મનું આચરણ અને ધર્મના અનુસાર વ્યવહાર આ બે વસ્તુ શ્રીવલ્લભાચાર્યજીએ ભક્તિમાર્ગની દ્રષ્ટિએ મહત્વપૂર્ણ આપણને દેખાડી છે.

જીવે છે બધાં, પણ કેમ અને કઈ રીતે જીવવું આ આપણને પુષ્ટિમાર્ગથી શિક્ષા મલે છે. કારણ કે આપણો પુષ્ટિ ભક્તિ માર્ગ આ સંસારને પણ ફલાત્મક બનાવવાને માટે એક માન્યતા ધરાવે છે. અને એ માને છે કે આ પ્રપંચ જે છે તે ભગવત્ કાર્ય છે, "પ્રપંચ" એટલે આપણે જે કરીએ તે નહીં જેમાં ચડસા ચડસી થાય, રાગ–દ્વેષ થાય એ નહીં, પણ આ પ્રપંચ જે છે એ ભગવત્ કાર્ય છે અને તેના જ કારણથી માયા પ્રગટ થઈ "તદ્રુપો માયયા ભવઃ" એનું જે પ્રપંચનું રૂપ છે એ માયાથી ઉત્પન્ન થયું.

તાત્પર્ય એ કે બધે ઠેકાણે માયા વ્યામોહ કરે છે, પરંતુ જે ભગવદ્ ભક્તો પ્રપંચને ભગવતકાર્ય માનીને પોતાનાં સંસારને ફલ સંબંધી કરે છે, અથવા ફલાત્મક બનાવે છે તેને એ માયા બાધ નથી કરતી. આ જાતનો અનુભવ, ભાગવતમાં ઉદ્ધવજીએ પણ કર્યો, તેનો ઉપાય બતાવ્યો કે "તો ઉપભુક્ત સ્રગ્ગંધ વાસોલંકાર ચર્ચિત ઉચ્છિષ્ટ ભોજનો દાસસ્તવ માયા જયે મહી" જે વસ્તુ અમે અમારા કામમાં લાવીએ એને પ્રભુને સમર્પિત કરીને આપણા કામમાં લઈએ તો આપણને એ માયા બાધ નહીં કરે., એ અવિદ્યા બાધ નહીં કરે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૫૯)

ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ અંક : ૮
વિક્રમ સંવત : ૨૦૫૭ શ્રીવલ્લભાબ્દ : ૫૨૪ નવેમ્બર, ૨૦૦૧
વાર્ષિક લવાજમ રૂ.૪૦/– આજીવન લવાજમ રૂ.૫૦૧/–
"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

આ માસના ઉત્સવ

નિજ આસો વદ ૭ તા. ૮–૧૧–૦૧ ગુરૂવાર : શ્રીરણછોડરાયજી (ડાકોર)નો ષોડશોપચાર.

નિજ આસો વદ ૯ તા. ૯–૧૧–૦૧ શુક્રવાર : ગો.ચિ.શ્રીવ્રજેશકુમારજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

નિજ આસો વદ ૧૦ તા. ૧૦–૧૧–૦૧ શનિવાર : શ્રીટિકેટના શૃંગારનો પ્રારંભ. ગો.શ્રીકનૈયાલાલજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–રાજકોટ)નો તથા ગો.ચિ.શ્રીમધુસૂદનલાલજી (રાજનગર–અમદાવાદ)નો જન્મદિન.

નિજ આસો વદ ૧૧ તા. ૧૧–૧૧–૦૧ રવિવાર : રમા એકાદશી વ્રત. ગો.શ્રીમુરલીધરજી મહારાજશ્રી (વિરમગામ–ગોકુલ–કામવન)નો જન્મદિન.

નિજ આસો વદ ૧૨ તા. ૧૨–૧૧–૦૧ સોમવાર : ગોવત્સ દ્વાદશી, વાઘબારસ. ગો.શ્રીકલ્યાણરાયજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

નિજ આસો વદ ૧૩ તા. ૧૩–૧૧–૦૧ મંગળવાર : ધનતેરસ.

નિજ આસો વદ ૧૪ તા. ૧૪–૧૧–૦૧ બુધવાર : રૂપચતુર્દશી, અભ્યંગ સ્નાન, દિવાળી, હટડી, કાનજગાવન, લક્ષ્મીપૂજન. ગો.શ્રીરઘુનાથજી બાવાશ્રી (વિરમગામ–કામવન)નો જન્મદિન.

આસો વદ ૩૦ અમાસ તા. ૧૫–૧૧–૦૧ ગુરૂવાર : ગોવર્ધનપૂજા, અન્નકૂટ ઉત્સવ.

❑ સંવત ૨૦૫૮ પ્રારંભ ❑

કારતક સુદ ૧ તા. ૧૬–૧૧–૦૧ શુક્રવાર : નૂતન વર્ષ પ્રારંભ. યમદ્વિતીયા, ભાઈબીજ. ગો.ચિ.શ્રીગોકુલેશજી (કામવન)નો જન્મદિન.

કારતક સુદ ૩ તા. ૧૮–૧૧–૦૧ રવિવાર : ગો.શ્રીયમુનેશકુમારજી (બોરીવલી)નો જન્મદિન.

કારતક સુદ ૪ તા. ૧૯–૧૧–૦૧ સોમવાર : ગો.ચિ.શ્રીભૂષણજી (માંડવી–કચ્છ)નો જન્મદિન.

કારતક સુદ ૫ તા. ૨૦–૧૧–૦૧ મંગળવાર : લાભપાંચમ. ગો.ચિ.શ્રીપુરૂષોત્તમજી (જૂનાગઢ)નો જન્મદિન.

કારતક સુદ ૮ તા. ૨૩–૧૧–૦૧ શુક્રવાર : ગોપાષ્ટમી.

કારતક સુદ ૯ તા. ૨૪–૧૧–૦૧ શનિવાર : અક્ષયનવમી. કૂષ્માંડ (કોળું) દાન. સત્યુગાદિ તિથિ. ગોવિંદાભિષેક. વિવાહના પદની શરૂઆત. પૂનમ સુધી બોલાય.

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૮ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ નવેમ્બર, ૨૦૦૧

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ ત્રેસઠમો : ‘‘પ્રસાદકો ‘ધાન’ કહેનો નહીં, ચરણામૃતકો ‘જલ’ કહે નહીં’’

શ્રીઠાકોરજીને જે કાંઈ વસ્તુ સખડી, અનસખડી દૂધગર, ફલ ફલારી ધરીએ તે ભોગ સર્યા પછી પ્રભુનો પ્રસાદ બને છે. પ્રભુનું અધરામૃત છે તેને ‘‘અન્ન–ધાન’’ એવા લૌકિક શબ્દોથી સંબોધીએ તો અપરાધ પડે. પ્રસાદી જે કાંઈ વસ્તુ હોય તેને પ્રસાદ–મહાપ્રસાદ–અધરામૃત એવા માનથી જ સંબોધાય.

તે જ પ્રમાણે શ્રીઠાકોરજીના ચરણ પ્રક્ષાલનનું જલ કે શ્રીગુરૂદેવના ચરણોને કેશરસ્નાન કરાવેલ જલ વગેરે ચરણામૃત બને છે, ત્યારે ફરી તેને ‘‘જલ–પાણી’’ એવા શબ્દોથી ન ઓળખાય. ચરણામૃત જીવના ત્રિવિધ તાપનો નાશ કરનાર અને પ્રભુની દઢ ભક્તિપ્રાપ્ત કરાવી જીવનું જીવન અલૌકિક બનાવે છે. આવી ઉત્તમ વસ્તુનું માહાત્મ્ય ન સમજી લૌકિક પદાર્થ ગણે તે મહા અપરાધી બને.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : ‘શ્રી વલ્લભસુધા’ કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર ગો.વા. શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

—ગતાંકથી ચાલુ

જ્ઞાનાર્થમુત્તરાઙ્ગંચ સિદ્ધિર્જન્મશતૈઃ પરમ્ ।
જ્ઞાનં ચ સાધનાપેક્ષં યજ્ઞાદિશ્રવણાન્મતમ્ ।।૧૫।।

શ્લોકાર્થ : જ્ઞાન માટેના અને જ્ઞાનનાં અંગરૂપ સંન્યાસની સિદ્ધિ સેંકડો જન્મો પછી (પ્રાપ્ત થાય છે), ત્યારે મોક્ષ મળે છે. જ્ઞાન સાધનની અપેક્ષાવાળું છે. યજ્ઞ વગેરેના શ્રવણથી જ્ઞાન થાય છે, એમ નિશ્ચય થયેલ છે. ।।૧૫।।

ભાવાનુવાદ : સિદ્ધિની પ્રાપ્તિનો વિચાર કરવો એટલે વસ્તુતઃ અહીં કોઈપણ પ્રકારની જરાપણ સિદ્ધિનો વિચાર નથી. તે જ પ્રમાણે બિદ્વતસંન્યાસનો પ્રકૃતપરિત્યાગ વિચાર જ બે અવસ્થાની વિશે કહે છે. તેમાં સત્યલોક વગેરે વિશે કહે છે. હવે વિવિદિષા સંન્યાસને પરમ વિશેષ ગણવામાં આવે છે. આ સંન્યાસ વિશે કાંઈ પણ વિચારવા જેવું નથી. હવે બાકી રહેલી વ્યવસ્થા વિશે કહે છે.

આ સંન્યાસની ઉત્તર અવસ્થામાં પોતાની અંદરથી જ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્ઞાન ઉત્પન્ન થયા પછી જેનામાં આવું જ્ઞાન ઉત્પન્ન થયું છે તે મોક્ષના અંગની પરંપરાનું પ્રયોજક બને છે. પરંતુ, તે સંન્યાસ સાક્ષાત્ મોક્ષનો ઉત્પાદક બનતો નથી. તે જ પ્રમાણે આવો પરિત્યાગ જ્ઞાન ઉત્પન્ન થવા માટે જરૂરી પણ છે.

હવે આવા સંન્યાસમાં દોષ શું છે તે વિશે કહે છે. આવા સંન્યાસથી પ્રાપ્ત થતું જ્ઞાનનું ફળ અનેક જન્મો પછી મળે છે. તરત જ તેનું ફળ મળતું નથી તેમ કહેવાનો હેતુ છે. લાંબા વખત સુધી યજ્ઞો વગેરે કરો, કથાશ્રવણ કરો ત્યારે ફલપ્રાપ્તિ થાય. એટલે આ સંન્યાસનું જ્ઞાન સાધનની અપેક્ષા રાખે છે, બધી રીતે કારણની અપેક્ષાની સ્વીકૃતી બધાએ સ્વીકારી છે. એટલે આ સંન્યાસનું ફળ મેળવવા કથાશ્રવણ કરવાની આવશ્યકતા સ્વીકારે છે. માટે કથા શ્રવણ કરતાં કરતાં ઈન્દ્રિયો પરનો સંયમ પણ જરૂરી છે. જેથી ઈન્દ્રિયનિગ્રહ અનેક જન્મો સુધી કરે તેમ છતાં પણ તે સારી રીતે કરે છતાં પણ તે નિગ્રહ કરવાનું ઘણું જ અશક્ય છે. અનેક જન્મો સુધી તેમ કરવું પડે તેમ છે. તેથી તેવા જ્ઞાનની સિદ્ધિ વધારે દૂર છે. નિબંધમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે, "તપસાવેદયુક્ત્યા ચ પ્રસાદાત્ પરમાત્મનઃ વિદ્યાં પ્રાપ્નોત્યુરુક્લેશઃ ક્વચિત્ સત્યયુગે પુમાન્" તપ અને વેદની આજ્ઞાથી જો પ્રભુ જીવ પર

કૃપા કરે તો જ તેને મહાન ક્લેશ પછી સત્યયુગમાં વિદ્યા પ્રાપ્તિ થાય છે. એ ધ્યેય છે. તેથી હવેના શ્લોકમાં જ્ઞાનમાર્ગીય સંન્યાસ લેવો કે કેમ તે નીચે પ્રમાણે કહે છે. ।।૧૫।।

અતઃ કલૌ સ સંન્યાસઃ પશ્ચાત્તાપાય નાન્યથા ।
પાષંડિત્વં ભવેચ્ચાપિ તસ્માજ્જ્ઞાને ન સંન્યસેત્ ।।૧૬।।

શ્લોકાર્થ : તેથી કલિમાં એ સંન્યાસ પશ્ચાતાપ કરાવનારો થાય છે, સારું ફળ આપનારો થતો નથી અને પાખંડીપણું પણ પ્રાપ્ત થાય છે; તેથી જ્ઞાનમાર્ગમાં સંન્યાસ લેવો યોગ્ય નથી. ।।૧૬।।

ભાવાનુવાદ : સત્યયુગમાં તો કદાચ જ્ઞાનમાર્ગીયને સંન્યાસ લેવાથી સિદ્ધિ મળે. પરંતુ કલિયુગમાં તો પશ્ચાતાપ વિના બીજું કોઈ જ ફળ મળે તેમ નથી. તે માટે કદાપિ આવો સંન્યાસ ન ગ્રહણ કરવો. જો તેમ કરવામાં આવશે તો દુઃખ જ પ્રાપ્ત થશે. આ પ્રમાણે આવું કરવાથી ઈષ્ટ સિદ્ધિનો અભાવ છે અને અનિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત થશે.

તેથી આવા જ્ઞાનમાર્ગીય સંન્યાસથી આશ્રમધર્મ સાચવવા જતાં અનાચાર કરી બેસાય છે અને વેદમાર્ગમાંથી પણ જીવનું પતન થતાં જીવ તો પાખંડી બને છે. તેથી આવા સંન્યાસનું નિરૂપણ કરી ઉપસંહારમાં કહે છે કે જ્ઞાનમાર્ગમાં જ્ઞાન થયું. જ્ઞાન પ્રાપ્ત થયું હોવા છતાં પણ કદી સંન્યાસ લેવો જોઈએ નહીં. આ પ્રમાણે કર્તવ્ય સમજાવી હવે જ્ઞાનમાર્ગીય સંન્યાસનું 'સ્થૂણાનિખનન' ન્યાયે જ્ઞાનમાર્ગીય જીવનું શું કર્તવ્ય છે તે હવેના શ્લોકમાં સમજાવે છે. ।।૧૬।।

સુતરાં કલિદોષણાં પ્રબલત્વાદિતિ સ્થિતમ્ઃ ।
ભક્તિમાર્ગેપિ ચેદ્દોષસ્તદા કિં કાર્યમુચ્યતે ।।૧૭।।

શ્લોકાર્થ : કલિના દોષો ઘણા વધારે બળવાન હોવાથી, ત્યાગ કરવો યોગ્ય નથી, એવો નિશ્ચય કરેલો છે. ભક્તિમાર્ગમાં પણ જો ત્યાગ કરવાથી દોષો થતા હોય, તો શું કરવું તે કહીએ છીએ. ।।૧૭।।

ભાવાનુવાદ : જ્ઞાનમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવા જેવો નથી. તો પ્રશ્ન થાય કે કલિયુગમાં દોષોનું ઘણું વધારે પ્રાબલ્ય હોવાથી શું કરવું જોઈએ ? શું જીવે ભક્તિમાર્ગીય સંન્યાસ ગ્રહણ કરવો ? ત્યાં સમાધાન કરે છે. બંનેમાંથી એકે પ્રકારનો સંન્યાસ ન ગ્રહણ કરવો. બંને પ્રકારના સંન્યાસ સમાન દોષવાળા છે. પ્રકૃત સંન્યાસનું નિર્દોષત્વપણું બતાવ્યું છે.

ભક્તિમાર્ગીય સંન્યાસ પણ જો દોષવાળો હોય તો ત્યારે શું કરવું ? પરિત્યાગ કરવો કે ન કરવો તે શંકાનું સમાધાન કરે છે. સમાધાન કરતાં પહેલાં પ્રવૃત્તિને પ્રતિબંધક વિઘ્નરૂપ દોષની શંકા બતાવતાં તેનાં ભાવનું નિરૂપણ હવે નીચેના શ્લોકમાં થશે. ।।૧૭।।

શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

એકાએક ગજરાજને વિચાર આવ્યો કે 'બળવાળા બીજા હાથીગણો મને આ મગરમચ્છ પાસેથી છોડાવી ન શક્યા તો બિચારી હાથિનીઓ શું કરી શકે ? હવે જો અહીં કોઈ મારી રક્ષા કરી શકે તેમ હોય તો તે દીનદયાળુ કૃપાના અવતાર ભગવાન શ્રીકૃષ્ણ સિવાય બીજું કોઈ નથી. તેથી હું જેને શરણે બ્રહ્મા આદિ ગયા છે તે દુઃખભંજન ભગવાન હરિની શરણમાં હું જાઉં. જે ઈશ, ભક્તોના રક્ષક છે, કૃપાળુ છે. જેણે બધાય શરણાગતોની રક્ષા કરી છે. હું પણ તેની શરણ લઉં. જેના પ્રચંડ તેજથી સૂર્ય તપે છે. જેના અતુલ વૈભવથી પવન ગતિશીલ રહે છે. હું પણ આજ તેની શરણે જાઉં' આ પ્રમાણે વિચારીને ગજરાજ પૂર્વજન્મના સત્સંગથી ભગવાનનો પરમ જપ કરવા લાગ્યા.

જયારે ગજરાજના હૃદય કોષ્ટમાંથી નિભૃતતમ સ્થાનથી તેના અંતરાત્મા વડે ભક્તિભાવથી બોલી ઉઠયો- 'હે ભગવાન, અખિલગુરૂ નારાયણ, આપને આ તુચ્છ જીવનો અત્યંત ભક્તિયુક્ત નમસ્કાર છે. હે અશરણ શરણનાથ ! આપનો આ ભક્ત આજ મોટા સંકટમાં ફસાયો છે. હે કૃપાળુ, દીનાનાથ, તેની રક્ષા કરો, તે આપનો જ છે. આપના અભય ચરણોમાં આવ્યો છે. નાથ ! આની રક્ષા કરો ! રક્ષા કરો !' ત્યારે વિશ્વાત્મા દયાસાગરના પણ દયાસાગર હલબલી ઉઠયા. આ અશક્ય જ છે કે જો કોઈ એકજ વાર વ્યસનગ્રસ્ત થઈને, સાચા અંતઃકરણપૂર્વક અને એક નિષ્ઠાથી ભગવાનને કોઈ પૂકારે અને ભગવાન ન સાંભળે ?

આ સંકટગ્રસ્ત હાથીની આર્ત વાણી સાંભળીને દીનદયાળુ ભગવાન અસ્થિર થઈને ઉઠયા. અને તેજ સમયે આવીને ગજરાજનો ઉદ્ધાર કર્યો !

આને કહે છે ભક્તિમાર્ગનો વિજય ! ભગવાન ભક્તિ અને દૈન્યથી વશ થાય છે. યશ, શ્રી, વૈભવ, બળ કોઈપણ પ્રભુને પ્રસન્ન કરવામાં કામ આવતા નથી. તેનું એક સાધારણ દ્રષ્ટાંત આપણે જોયું. ભગવાનને આપણે આપણા બળ અથવા પરાક્રમથી વશ કરી શકતા નથી. કારણ કે તે સ્વયં હજાર હજાર ભીમનું બળ તેમાં સમાયેલું છે.

જયારે ભગવદપ્રેમ અત્યંત ઉચ્ચ કોટી ઉપર પહોંચી જાય છે ત્યારે ભગવદ્‌ભક્ત ભગવાનની સિવાય બીજા કોઈ પદાર્થની ઈચ્છા રાખતો નથી. ભગવાનની સેવા આગળ તેને બધુંય તુચ્છ લાગે છે. તેને માટે તો ભગવાન અને ભગવદ્‌સેવા જ પરમ આનંદદાયક લાગે છે.

તેવા ભક્તોને માટે કહ્યું છે કે—

ન યોગ સિદ્ધિરનપુનર્ભવં વા મચ્ચર્પિતાત્મેચ્છતિ મદ્વિનાન્યત્ ।

અર્થ : જેણે પોતાની આત્માને માટે અર્પણ કરી દીધી છે તે મારા સિવાય બીજા કોઈનીય ઈચ્છા રાખતા નથી. તેને શુદ્ધ પુષ્ટિ ભક્ત કહેવાય છે.

હવે ભક્તિને દઢ કરવાના ઉપાય બતાવે છે. ભક્તિને વધારવા માટેના ઉપાયો આચાર્યોએ આ પ્રમાણે કહ્યા છે—

યથા ભક્તિઃ પ્રવૃદ્ધાસ્યાત્તથોપાયો નિરૂપ્યતે ।
બીજ ભાવે દઢે તુ સ્યાત્ત્યાગાચ્છ્રવણ કીર્તનાત્ ॥

અર્થ : બીજભાવના દઢ થવાથી ભક્તિ ભાવની દઢતા થાય છે. આ બીજ ભાવને દઢ કરવાના બે ઉપાય છે. ગૃહત્યાગ અથવા અહંતા મમતાનો ત્યાગ, અને શ્રવણ તથા કીર્તન. પ્રભુના મહાત્મ્યનું શ્રવણ અથવા કીર્તન કરવાથી અહંતા મમતાની નિવૃત્તિ થાય છે, અને ભગવાનમાં સ્નેહ વધે છે. હવે પ્રશ્ન એ છે કે આ બીજની દઢતા કયા ઉપાયથી વધે. તેનું નિરાકરણ કરે છે—

બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।
અવ્યાવૃતો ભજેત્કૃષ્ણં પૂજયા શ્રવણદિભિઃ ॥
વ્યાવૃતોપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ સદા યતેત્ ।
તતઃ પ્રેમ તથા સક્તિર્વ્યસનં ચ યદા ભવેત્ ॥
બીજં તદુચ્યતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ ॥

અર્થ : પોતાના ધર્મને અનુસાર ઘરમાં રહીને સંસારમાંથી મન હટાવીને ભગવાનનું શ્રવણ તથા કીર્તન દ્વારા તથા તનુજા વિત્તજાથી નિષ્કામ ભજન કરે. પોતાનું કાર્ય કરતાં કરતાંય ભગવાનમાંથી મન ન હટાવે. તેથી ભગવાનમાં પહેલાં પ્રેમ થશે. પછી આસક્તિ થશે. અને અંતમાં વ્યસન થશે. આવી દશામાં જે ભક્તિ પહોંચશે તે ક્યારેય પણ છૂટશે નહીં. અને તેનું બીજ એવું દઢ થઈ જશે કે ક્યારેય પણ નષ્ટ નહીં થાય.

બીજભાવને દઢ કરવાનો આ એક ઉપાય છે કે ભગવાનમાં અત્યંત વિશ્વાસ રાખો અને તેના સામર્થ્યને ક્ષણ માત્ર પણ ભૂલી ન જાવ. ભગવાનની સેવા, ભગવાનના ગુણગાન અને ભગવાનના કથાશ્રવણથી પોષણ થયેલી હોવી જોઈએ. જેથી પ્રેમ, આસક્તિ અને વ્યસન પ્રાપ્ત થાય. પ્રત્યેક ક્ષણે દુઃસંગનો ત્યાગ કરવો અને સત્સંગનું સેવન કરવું. આવા ભક્તો ઉપર પ્રભુ સદાય પ્રસન્ન રહે છે. અને સંસારની કોઈપણ વિરૂદ્ધ શક્તિ તેને હરાવી શકતી નથી. આ વાતનું અહીં એક દષ્ટાંત આપવામાં આવે છે—

ઘણા સમય પૂર્વે, સાતદ્વીપ પતિ મહારાજા અમ્બરીષ નામના એક પરમ ભાગવત સાર્વભૌમ થઈ ગયા. તેની અતુલનીય સંપત્તિ અને વૈભવ જોઈને ધનપતિ કુબેર અને

મહાવૈભવશાળી ઈન્દ્ર પણ તેની ઈર્ષા કરતા હતા. જો આટલી સંપત્તિ અથવા વૈભવ જો કોઈ બીજા રાજાને મળ્યો હોત તો પોતાની જાતને વિધાતા માની લે અને ન જાણે વૈભવના મદથી કયા કયા કાર્યો કરી બેસે. પરંતુ મહારાજા અમ્બરીષ તેમાંના ન હતા. તે તો આ અતુલ વૈભવને સ્વપ્નમાં મળેલો ક્ષણભંગુરની જેમ નાશવંત માનતા હતા. અને ક્યારેય પણ આ ધનસંપત્તિના મોહમાં ફસ્યા નહીં. ભગવાનની ભક્તિ જ તેની તો ભારે સંપત્તિ હતી. કે જેની આગળ તે ઈન્દ્ર, કુબેરની સંપત્તિ તુચ્છ સમજતા હતા. તેના બધા કાર્યો કેવળ ભગવદીયમાં સમાપ્ત થઈ જતા હતા. તેને ધનથી કોઈ સંબંધ ન હતો. અને ન તો ક્યારેય તેને માટે લોભાણા હતા. જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી હરિના ચરણારવિંદનું ભજન કરતા રહ્યા, જ્યારે પોતે પોતાની લીલા સમાપ્ત કરી ત્યારે હરિભક્તોમાં શ્રેષ્ઠ મનાવા લાગ્યા.

તે પોતે ભગવદીય હતા અને તેની દૈનિક પરિચર્યા પણ ભગવદીય થઈ ગઈ હતી. ઘર અને રાજ્યની ચિંતા હોવા છતાંય તે હરિચરિત્રોનું જ ચિંતવન કર્યા કરતી. રાજ્યસિંહાસન ઉપર બેસીને અને રાજઆજ્ઞાઓ સંભળાવતાં તો પણ હરિચરિત્રોમાં જ ધ્યાન રહેતું. તે પોતે જ રાજા હતા. તેને અધિકારી ગણ, કર્મચારીઓની કાંઈપણ કમી ન હતી. પરંતુ ભગવાનનાં મંદિરમાં તેઓ પોતાને હાથે બુહારી કરતા. રાજલોકોમાં રાજાની આસપાસ જુઠા હજુરીયાઓ રાજાના વિલાસી મિત્રો બનીને નાના પ્રકારની ભ્રષ્ટ વાતો બનાવતા હોય છે અને રાજા લોકો તેને ખૂબજ પ્રેમથી સાંભળતા હોય છે. પરંતુ રાજા અમ્બરીષને ત્યાં એવા જુઠા અને પ્રશંસક મિત્રોને સ્થાને ભગવદીય ભક્ત એકત્ર થઈને ભગવદીય વાર્તા મહારાજાને સંભળાવતા. અને મહારાજા અતૃપ્ત થઈને તેને સાંભળતા. જ્યાં સામાન્ય રાજાઓ પોતાના નેત્રો અને પદનો દુરઉપયોગ કરીને તેની શક્તિ, કામિની અને કંચનમાં ખોઈ નાંખે છે. જ્યારે મહારાજા અમ્બરીષ ભગવાનના દર્શનમાં આંખોને લગાવતા અને જન્મને સાર્થક કરતા.

તેની ભક્તિથી પ્રસન્ન થઈ ભગવાને પોતાના પાર્ષદ સુદર્શન ચક્રને તેની રક્ષાને માટે નિયુક્ત કરી દીધું. કહેવાનું તાત્પર્ય એ કે તે મનથી, વચનથી, કર્મથી ભગવાનના પરમ ભક્ત હતા. તે રાજ્યનું સાશન તો કરતા હતા પરંતુ પોતાને રાજા સમજતા ન હતા. તે તો એમ સમજતા કે રાજ્ય ચલાવવા માટે ભગવાને એક અધિકારી પગારદાર તરીકે નીમ્યો છે. માનો કે તે પ્રભુના તુચ્છ દાસ છે. જે ભગવાનની આજ્ઞાથી રાજ્યનું સંચાલન કરવા ભૂતલ ઉપર આવ્યા હતા.

એક સમયની વાત છે. મહારાજા અમ્બરીષે દ્વાદશી વિદ્ધાએકાદશીનું વ્રત કર્યું હતું. બીજે દિવસે પારણાના અંતિમ કાળમાં દૈવ ઈચ્છાથી ભગવાન દુર્વાસા પોતાના સાઠ હજાર શિષ્યો સહિત ઉપસ્થિત થયા. મહારાજે તેને આદર સહિત ભોજન માટે આમંત્રણ આપ્યું. અને તે તેનો સ્વીકાર કરીને નદી ઉપર આવશ્યક કૃત્ય કરવા માટે ગયા. ઘણીવાર થઈ થઈ છતાં દુર્વાસા ઋષિ આવ્યા નહીં. અહીં અમ્બરીષ રાજા ધર્મસંકટમાં મૂકાઈ ગયા. પારણાની અવધિ પૂરી થવામાં

ખૂબજ કલેશ થવાથી અમ્બરીષ રાજાએ કેવળ જલની આચમની લઈને પારણાની રક્ષા કરી. જ્યારે ક્રોધી દુર્વાસાને આ વાત માલૂમ પડી ત્યારે તેઓ પોતાનો મગજ ગુમાવી બેઠા. અને બોલ્યા—'અરે, જુઓ તો ખરા, આ નૃષંસનું સાહસ. આ શ્રીમા ઉન્મત થયેલાએ બ્રાહ્મણોને ભોજન કરાવ્યા પહેલાં ખાઈ પી લીધું. હઠ રે અભિમાની, તને હું તેનું ફળ તુરત જ આપું છું' તેમ કહીને તેની એક શીખાને તોડીને જમીન ઉપર પછાડી. પછાડતાં જ તેમાંથી એક ઘોર કૃત્યા ઉત્પન્ન થઈ. પરંતુ રાજા તેનાથી જરા પણ ન ડર્યા. બ્રાહ્મણના કોપને શિરોમાન્ય કરીને પોતાનું હરિપદરજરંજીત શરીર આગળ ધરી દીધું. પરંતુ જ્યારે સુદર્શન ચક્રે આ જોયું કે ભગવાનનો એક નિર્દોષ ભક્ત સંકટમાં ફસાઈ ગયો છે ત્યારે તેનાથી ન રહેવાયું. અને કૃત્યાને તે સમયે જ નષ્ટ કરીને દુર્વાસાની પાછળ પડયું. દુર્વાસા મોટા સંકટમાં પડયા. આ સંકટથી બચવા તે બધે ગયા પરંતુ તેની ક્યાંય રક્ષા ન થઈ. ત્યાં સુધી કે સુદર્શનથી પોતાના દેહને બચાવવા માટે તે બ્રહ્મા અને મહાદેવની પાસે પણ ગયા પરંતુ તેઓ પણ તેમની મુક્તિ આ સંકટમાંથી કરાવી ન શક્યા. અંતે સર્વલોક શરણ્ય ભગવાન શ્રીકૃષ્ણના ચરણારવિંદમાં જઈને પડયા. અને સંકટમાંથી ઉગારવા માટે પ્રાર્થના કરવા લાગ્યા. ભગવાને સ્વસ્થ થઈને કહ્યું કે 'બ્રહ્મન્' આપના આ સંકટની રક્ષા હું પણ ન કરી શકું. હું તો ભક્તને પરાધીન છું. જેણે પોતાના ઘરબાર, પુત્રકલત્ર અને પ્રાણ પણ મને સમર્પિત કરી દીધા છે. તમેજ બતાવો કે હું તેનો પરિત્યાગ કરવાનું સાહસ કેવી રીતે કરી શકું? જે લોકો મારી શરણે આવ્યા છે અને જે લોકો મારામાંજ નિર્બદ્ધ હૃદય છે, તે મને તે એકાન્ત અનુરક્તિથી મને એવી રીતે પ્રસન્ન કરે છે કે જેવી રીતે સાધ્વી પોતાના પતિને. બ્રહ્મન્, હવે વધારે તો શું કહું ? મારા ભક્ત જ મારું હૃદય છે. અને હું પણ તેનું હૃદય છું. મારા સિવાય બીજાને તેઓ જાણતા નથી. અને હું પણ તેના સિવાય બીજાને જાણતો નથી. હવે જ્યાંથી ભય આવ્યો છે તેને શરણે તમે જાઓ. તેજ તમારી રક્ષા કરશે.'

નિશંક અમ્બરીષ રાજાએ દુર્વાસાનું રક્ષણ કર્યું.

આ છે એક પુષ્ટિભક્તની ભક્તિનું સાધારણ ઉદાહરણ કે જ્યાં ભગવાન પણ ભક્તને વશ થાય છે. આ ઉચ્ચ પુષ્ટિભક્તિ છે. પરંતુ આવા ભક્તો અતિ દુર્લભ છે.

શુદ્ધ પુષ્ટિભક્તિ સાધનોથી પ્રાપ્ત થતી નથી. પરંતુ ભગવાન જ્યારે દયા કરે છે ત્યારે જ મળી શકે છે. કેવલ ગોપીજનોને જ આ કૃપા પ્રાપ્ત થઈ હતી.

અભ્યાસ માટેના પ્રશ્નો :

૧. ભગવદ્ભક્તનું વર્ણન કરો.
૨. ગજેન્દ્ર આખ્યાનથી શું સમજ્યા ?
૩. ભક્તિને દઢ કરવાના શું ઉપાય છે ?
૪. મહારાજા અમ્બરીષની કથાનો સાર લખો.

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

જગ દર્પણ જોનાર તું સામું દીસે જેવું તુજ પાસે
દુષ્ટને દુષ્ટ સાધુને સાધુ ભવ આદર્શમાં ભાસે
ભાસે તે સૌ નિજમાં જાણો, દોષરહિત દુનિયા પરમાણો
એક વિવેકે જો રહેવાય, તો રાગ–દ્વેષ નવ કો થકી થાય
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૦)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી દ્રષ્ટિકોણ કેવું રાખવું તે બતાવે છે. બીજાનાં અવગુણો જોતા પહેલા તું તારા જોઈ લે. જેવી રીતે દર્પણમાં મોઢું જોઈશ, તો જેવું છે તેવું જ ને દેખાશે. જ્યાં પોતાનું મોઢું જ વાંકુ હોય ત્યાં દર્પણ તેને શું કરશે.

એક હજામ પાસે એક ભાઈ હજામત કરાવવા આવ્યા. દર્પણમાં જોયું તો મોઢું વાંકુ દેખાણું ત્યારે તે પોતાનું મોઢું વાંકુ જોઈને વાણંદને કહે છે કે તારું દર્પણ વાંકુ છે. ત્યારે વાણંદે કહ્યું કે હોય તેવું દેખાય. આમ પોતાનું મોઢું વાંકુ છે તે દર્પણમાં જોઈ લે પછી બીજાની વાત કર.

દુષ્ટ જીવ અનેકોને દુઃખ દેવાવાળો કુકર્મિ, તે બધાને પોતાનાં જેવો જ જાણે છે. ભક્ત તો અવગુણોને દૂર રાખી, ગુણની જ ગણના કરે છે. અપરાધ કરવાવાળાને પણ પોતાનાં સંગથી ભક્ત બનાવે છે. કેમકે સાધુ પુરૂષને બધું સાધુ જ દેખાય છે. જેવો જેનો ભાવ તેવું તેને દેખાય. માટે બીજાનાં દોષો દેખાય તે પોતાનાં કરી માને તે ભક્ત કહેવાય. ભક્તોનાં ગુણો એવા હોય છે જે અવગુણને ગુણ કરી માને છે. કોઈથી રાગદ્વેષથી ન રહેતાં, સર્વમાં ઈશ્વરરૂપ જુએ છે. અત્રે તાત્પર્ય એ બતાવ્યું છે કે જો વિવેક રાખી કોઈમાં રાગ દ્વેષ ન રાખે, તે સાધુના લક્ષણ છે. દુષ્ટને બધા દુષ્ટ જ દેખાય. વાસ્તવિકમાં આ વિશ્વ પુરૂં એક જ પિતાનું બનાવેલું છે. જીવ માત્ર તેનાં બાળકો છે. પરંતુ કર્મને અનુસાર સૌની બુદ્ધિ કૃતિ જુદી હોય તેમાં નવાઈ શેની ! જે છે તે પ્રભુની લીલા છે, તેમ માને તો રાગ–દ્વેષ કદી થાય નહીં.

સૂરદાસજી શરણે આવ્યા પછી પણ પોતાનામાં દોષ છે તેવું માનીને કીર્તન દ્વારા ગાતા કે પ્રભુ હું પતિતનકો નાયક, હું પતિતન કો ટીકો. આવા અનેક કીર્તનો તેમણે ગાયા, ત્યારે પ્રભુ શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી કે હવે તમો ભગવદ્ યશ ગાવો. તમારામાં દોષ જ રહ્યા નથી. મતલબ પોતે દોષ રહિત નથી, છતાં બીજા કોઈનાં દોષ ન જોતાં પોતાને જ દોષી માની, અપરાધની ક્ષમા ચાહે છે. આ સર્વશ્રેષ્ઠ ભક્તોનાં લક્ષણ છે.

જગતને જેવી દ્રષ્ટિથી જુઓ તેવું દેખાય. જેની આંખમાં કમળો તેને બધે પીળું દેખાય. જે કાળા ચશ્મા પહેરે તેને બધું કાળું દેખાય. વાસ્તવિકમાં જગત તો છે તે જ છે. પરંતુ દ્રષ્ટિ બદલવાથી જુદા જુદા રંગોનું દેખાય છે.

દ્રષ્ટિ ચાર પ્રકારની હોય છે.

(૧. દોષ દ્રષ્ટિ– જે દ્રષ્ટિ બધામાં દોષ જુએ.

(૨. ગુણ દ્રષ્ટિ– જે કોઈનાં અવગુણ જોતા નથી ને બધામાં ગુણ જ જુએ છે.

(૩. પ્રેમ દ્રષ્ટિ– તે બધાને ઈશ્વરનાં સંતાનો માને છે. બધાયથી પ્રેમભાવ રાખે છે. મનુષ્ય શું, પ્રાણીમાત્ર ઉપર પ્રેમની દ્રષ્ટિ રાખે છે.

(૪. ગુણ દોષ દ્રષ્ટિ–આ દ્રષ્ટિવાળા ગુણ પણ જુએ અને અવગુણ પણ જુએ. તેને જેનામાં ગુણ અવગુણ જે દેખાય તેવું જ તે કરે.

અત્રે કવિશ્રી કહે છે કે જગતને જો પ્રભુમય જોશો તો કોઈનાં દોષ જોવામાં આવશે નહીં. તેથી રાગ–દ્વેષ પણ નહીં થાય.

સાધુને સાધુ આ બાબતમાં સૂરદાસજીનું કીર્તન નીચે મુજબ છે–

એસો ભક્ત તરે ઓર તારે (ટેક)
પરમ કૃપાલ પરમદીનબંધુ શરણ ગ્રહે વાકો દુઃખ નિવારે (૧)
સબસું મૈત્રી શત્રુ નવ કોઈ, વાદ વિવાદ સબનસું હારે
હરિકો નામ જપે નિશ વાસર, સંશય શોક સંતાપ નિવારે (૨)
કામ ક્રોધ મમતા મદ મત્સર, માયા માન મોહ મદ ટારે
નિર્લોભી નિરહંકારી, નિરંતર કૃષ્ણરૂપ જબ વદન નિહારે (૩)
હરિકો નામ સુને ઔર ગાવે, કૃષ્ણ ભજન કરી દુઃખ દૂરાવે
સૂરદાસ હરિરૂપ મગ્ન ભયો, ગુન ઔગુન કો પર ન આવે (૪)

આ પદમાં સૂરદાસજીએ ભક્તનાં લક્ષણ બતાવ્યા છે કે, આવા ભક્તો પોતે તરે અને બીજાને તારે અને તેનાં ગુણો બતાવ્યા છે.

અવગુણો ભરેલો જીવ ગુરૂ શરણે આવે તેનું અજ્ઞાનરૂપી દુઃખ નિવારણ કરે પછી તે જગત આખાને મિત્ર માને, જેને શત્રુ કોઈ છે જ નહીં. પોતે કોઈથી વાદ વિવાદ કરે જ નહીં. મત્સર, મોહજાળરૂપી માયાજાળમાં તે લોભાયમાન થાય નહીં. નિરંતર કૃષ્ણ નામ સાંભળે અને ગાઈ સંભળાવે. આવા ગુણો જેનામાં રહેલા છે, તે ભક્ત પોતે તો સંસાર પાર કરી જાય છે, તદ્ઉપરાંત અનેકોને પાર ઉતારે છે.

માટે દોષો દેખાય તે પોતાનાં માનો, બીજાનામાં જોવા નહીં. ભક્તોએ તો કેવળ ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ જ કરવી. આ સાર નીકળ્યો. માટે જ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૯૦)

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર - પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે ભક્તિની અધિકતરતામાં પોતાના ગૂઢ અભિપ્રાયને પ્રકટ કરતાં કહે છે કે–

ઈશ્વરસ્યાપિ અભિમાનદ્વેષિત્વાત્ દૈન્યપ્રિયત્વાચ્ચ ॥૨૭॥

૨૭. ઈશ્વરને પણ અભિમાન તરફ દ્વેષભાવ છે અને દીનતા તરફ પ્રેમભાવ છે.

કર્મ, જ્ઞાન અને યોગના સાધકોને પોતાના બળ તથા સાધનનું અભિમાન હોઈ શકે છે. ભગવાનનું નામ જ ગર્વહારી છે. જોકે વાસ્તવમાં ભગવાનને ન તો કોઈમાં દ્વેષ છે, ન પ્રેમ. તેને માટે બધાં સમાન છે. તે બધાનો ઉદ્ધાર કરે છે. હા, ઉદ્ધારના સાધન અલગ–અલગ છે. અભિમાનીનો ઉદ્ધાર તેને દંડ આપીને કરે છે અને દીન સેવકનો તેને પ્રેમથી ગળે લગાડીને. તેથી ભગવાનના ક્રોધને પણ વરદાન સમાન બતાવવામાં આવેલ છે. અભિમાન તરફ ભગવાન દ્વેષી જેવી લીલા કરે છે અને દીન સાથે પ્રેમી જેવી. તેથી દીનબંધુ અશરણ–શરણ અને કંગાળનું ધન વગેરે તેના નામ છે. ખરેખર તો અભિમાની તરફ પણ તેમના હૃદયમાં પ્રેમ જ હોય છે. તેથી તો તેનું અભિમાન નષ્ટ કરે છે.

સુનહુ રામ કર સહજ સુભાઊ, જન અભિમાન ન રાખહિં કાઊ
સંસૃતિ મૂલ સૂલપ્રદ નાના, સકલ સોક દાયક અભિમાના.
તાતે કરહિં કૃપાનિધિ દૂરી, સેવક પર મમતા અતિ ભૂરી.

આવું હોવા છતાં પણ દંડમાં દ્વેષ જ દેખાય જ છે, પરંતુ દીન, અમાની ગરીબને તો આપ હૃદયથી લગાવી લે છે. તેનું નાનામાં નાનું કામ કરવામાં પણ સંકોચાતા નથી. ભક્તજન તો સ્વાભાવિક જ છે કે પોતાને દાસ સમજે છે. તેઓ કહે છે–

સર્વ સાધન હીનસ્ય, પરાધીનસ્ય સર્વથા;
પાપપીનસ્ય દીનસ્ય, કૃષ્ણ એવ ગતિર્મમ.

હે પ્રભુ ! મારા સમસ્ત સાધનોથી દીન, માયાથી સર્વથા પરાધીન, કરેલા પાપોથી લદાયેલ દીનની ફક્ત તમે જ ગતિ છો.

જાઉં કહાં તજિ ચરન તુમ્હારે;
કાકો નામ પતિતપાવન જગ, કેહિ અતિ દીન પિયારે.

આ દીનતા એ અછતની સ્થિતિનું નામ નથી કે જેમાં મનુષ્ય ધન, માન, વૈભવ વગેરેના અભાવથી ઘેરાઈને તેને મેળવવા માટે વ્યાકુળ રહ્યા કરે છે. આ દીનતા તો એ નિરાભિમાનીપણું અને ગર્વહીનતાનું

નામ છે જે મોટામાં મોટા વૈભવશાળી સમ્રાટને પણ ભગવત્કૃપાથી પ્રાપ્ત થઈ શકે છે. આ દીનતાનો અર્થ છે અભિમાન અને કર્તૃત્વ–અહંકારનો નાશ થઈ જવો. એમ સમજવું કે હું અને મારું કાંઈપણ નથી. જે કાંઈ છે તે બધું ભગવાન છે અને બધું ભગવાનનું છે, બધું તેમની શક્તિ અને પ્રેરણાથી થાય છે, કરવા કરાવવાવાળા એ જ છે.

પરંતુ ભગવાનની પ્યારી આ સાચી દીનતા સહેલાઈથી પ્રાપ્ત નથી થતી. અભિમાનનું પુરૂં ભૂત ઉતાર્યા વગર દીનતા નથી આવતી. વર્ણ, જાતિ, ધન, માન, વિદ્યા, સાધન, સ્વાસ્થ્ય વિગેરેનું અભિમાન અને કર્તવ્યપણાનો અહંકાર મનુષ્યમાં એવી દીનતા ઉત્પન્ન નથી થવા દેતો. ઉપરથી મનુષ્ય દંભપૂર્વક દીન બને છે. ભગવાન સામે પોતાને દીન કહે છે, રોવાનો અભિનય કરે છે, પરંતુ તેની દીનતાની પરીક્ષા તો ત્યારે થાય છે જ્યારે મોટામાં મોટા સાંસારિક પદાર્થો અને સાધનો પ્રાપ્ત થવા છતાં પણ સ્વાભાવિક હીન સ્થિતિના બીજા મનુષ્યો દ્વારા દીન અને પાપી કહેવાયા છતાં ફક્ત સહન જ નથી કરતો, પરંતુ તેને સત્ય સમજીને ખુશ થાય છે અને પ્રભુ પ્રાપ્તિ માટે સદાય જેનું ચિત્ત ખિન્ન રહ્યા કરે છે, એવાજ ખિન્ન–દીન ભગવાનને પ્યારા હોય છે.

સાચી ભક્તિમાં પોતાનો પુરૂષાર્થ કે સાધનનું અભિમાન આવી જ ન શકે તેથી ભક્તિ શ્રેષ્ઠ છે. ૨૭

ભાષ્યાર્થ : ભગવાનને અભિમાન સાથે વેર છે અને દીનતા સાથે વ્હાલ છે. આ મહાન જગદ્રૂપી પ્રવૃત્તિની ઉત્પત્તિ–સ્થિતિ અને પ્રલય કરતા હોવા છતાં એ ભગવાન પોતે જ્યારે સહેજે અભિમાન કરતા નથી તો પછી મનુષ્યે કરેલાં ક્ષુદ્ર કર્મને, કે પ્રાપ્ત કરેલા અલ્પ જ્ઞાનને કે પ્રાપ્ત કરેલા કવ્ચિત યોગ કે યોગના પ્રભાવના અભિમાનને તો ક્યાંથી સહન કરે ? નિરાહારી ભગવાનનો અભિમાન એ આહાર છે ! જ્યાં સુધી અભિમાન હૃદયમાં જાગે છે ત્યાં સુધી ભગવાન હૃદયમાં સૂતેલા જ રહે છે. કદીય ઉઠતા નથી ! આથી જ ભગવાન અભિમાનનો દ્વેષ કરે છે એમ આચાર્ય કહે છે. વળી ભગવાન પોતાનામાં અને પોતાના જનમાં સ્હેજે અંતર સહી શકતા નથી ! આથી જાતે તે નિરાભિમાની હોઈને ભક્તના અભિમાનને ક્યાંથી સહન કરી શકે ? અભિમાનનો દ્વેષ કરતા ભગવાન તો ભક્તનું શ્રેય જ સાધવા ઈચ્છે છે. આ અભિમાન જ્યારે ધોવાઈ જાય છે ત્યારે ભક્ત ભગવાનના પરમ સામ્યને પામે છે. અને ત્યારે ભક્તવત્સલ ભગવાન તેના ઉપર અનુગ્રહ કરે છે ! અને વળી ભગવાન ભક્તની દીનતાની રાહ જુએ છે. દીનતા એટલે અહીં સાત્ત્વિક નમ્રતા સમજવી નહીં કે કૃપણતા. આવી દીનતા સત્યના સાક્ષાત્કારમાંથી જન્મે છે. જે ભગવાનના મહાત્મ્યને યથાર્થપણે જાણે છે તે કદાપિ શઠ થઈ શકતો નથી. અને પીગળી ગયેલા અહંભાવથી નમ્રતા ઉદ્ભવે છે. જેનું અભિમાન પીગળી જાય છે તે પોતાની જાતને ઘાસનાં તણખલાં જેવી તુચ્છ માને છે અને ભગવાનને 'મહાન' અનુભવે છે. પરમાત્માને સમુદ્ર જેવા જોતો તેવો પુરૂષ પોતાને ટીપું પણ ગણતો નથી. તેથી તે પ્રણમ્ર થઈ કૃતકૃત્ય થાય છે. નમ્રતામાંથી જ ચિત્તની પ્રસન્નતા અને તેનો પ્રસર–વિસ્તાર થાય છે અને જીવનરસ એ નમ્રતામાંથી જ ઝરે છે ! તે પરમ રસમાં ડૂબેલો ભક્ત ખરે ! દીનદીન હોવા છતાં એ સમ્રાટઆનંદ ભોગવે છે ! તે આ દીનતા પ્રભુની પ્રેયસી છે કેમકે તે

બધાં અહંકારથી મેલાં છે. ભક્ત તો શબ્દ બ્રહ્મમાં નિષ્ણાંત હોવા છતાંએ તે બધામાં ભગવાનની કૃપાથી આત્માભિમાની મુદ્રા લગાવતો નથી ! ઈશના પ્રસાદથી તેને તો નિઃસંશય ભાન હોય છે કે 'હું તો સ્વલ્પજ્ઞ છું, અલ્પશક્તિ છું, સદા ન હોનારા યોગ અને તેના પ્રભાવવાળો છું. ભગવાન તો સર્વજ્ઞ છે, સર્વશક્તિ છે, સદાયોગી છે ! કર્તા અને કારયિતા તે હરિ છે, હું તો તેનું કૃપાપાત્ર છું. સર્વત્ર ફક્ત નિમિત્તમાત્ર છું. આથી હું સ્વતંત્ર નથી [illegible] પરતંત્ર છું.' આમ સભાન દીન ભક્ત પ્રતિક્ષણ સત્ય જીવે છે અને અંતે કૃતકૃત્ય થાય છે. અને આથી જ ભક્તિ બીજાં બધાય કરતાં અદકી છે એવી કરૂણામય આચાર્યની અહીં ઘોષણા છે. ॥૨૭॥

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૯૮. શ્રીઠાકોરજીનું સ્વરૂપ

જેમ શ્રીનંદરાયજીએ જાણ્યું કે, મારે ઘેર પ્રભુનું પ્રાકટય થયું છે, તેમ જેના ઘરમાં લાલજી અથવા યુગલ સ્વરૂપ બીરાજતું હોય તેણે એમ જાણવું કે, આ મારું સુભાગ્ય છે કે મને શ્રીનંદરાયજીની પેઠે પ્રભુની પ્રાપ્તિ થઈ.

જેમ શ્રીનંદરાયજીને ઘેર પ્રભુનું પ્રાકટય થયું તેમ મારે ઘેર પ્રભુનું પ્રાકટય થયું છે. મને શ્રીનંદરાયજીનું દાન દીધું છે. જ્યારે પ્રભુને જગાડે, ત્યારે પ્રભુના મુખ સામે જુએ, ને જુએ ત્યારે રોમ રોમ આનંદથી ઉભાં થાય. મનમાં જાણે કે, આ પ્રભુને વ્યાપી વૈકુંઠમાં ન ગમ્યું, ત્યારે મારે ઘેર પધાર્યા છે.

આમ છતાં આપણે તો વ્યાપી વૈકુંઠમાં જવાની ઈચ્છા રાખીએ છીએ, ત્યારે આપણું મોં પ્રભુને ગમતું નથી અને તેથી પ્રભુ ખીજે છે. માટે આપણું ભાગ્ય માનીને એ મૂળ સ્વરૂપ પ્રભુ પધાર્યા છે, એમ જાણી સેવા, સ્મરણ, ભજન કર્યા કરવું. ૯૮

અનુકરણીય

સવિતાબેન પ્રાગજીભાઈ માણેક રાજકોટવાળા તરફથી રૂ.૧૦૦/– ખુશીભેટ તરીકે આપી અનુકરણીય યોગદાન આપેલ છે.

ભગવદ્ધર્માચરણમાં લૌકિક-વૈદિક-ધર્મો (સમયે) ન થાય તો પણ દોષ નથી

ભગવન્માર્ગીય—વૈદિક—લૌકિક—કર્મો ત્રણે સાથે કરવાના પ્રાપ્ત થાય તો, પહેલાં ભગવદ્ ધર્મો મુખ્ય હોવાથી સેવાદિ પહેલાં થાય, પછી વૈદિક—કર્મો થાય, પછી લૌકિક—કર્મો થાય. આવો વિવેક સ્મૃતિમાં પણ દેખાય છે—

દેવાગ્નિ દ્વિજ વિદ્યાનાં કાર્યે મહતિ સંસ્થિતે ।
સન્ધ્યા હિને ન દોષોઽસ્તિ યે ચ તત્કર્મ સાધનાઃ ॥

દેવ(ભગવાન) અગ્નિ—દ્વિજ—વિદ્યાનાં મહત્વના કાર્ય હોય ત્યારે સંધ્યા વગેરે ન થાય તો દોષ નથી, જે તે કર્મના સાધન—રૂપ છે. સ્કન્દમાં પણ છે—

મન્નિમિતં કૃતં કર્મ કર્મલોપો ભવેદ્યદિ ।
તત્કર્મ કુર્વતે નિત્યં તિસ્રઃ કોટ્યો મહર્ષયઃ ॥
મન્નિમિતં કૃતં પાપં સદ્ધમાર્ય ચ કલ્પતે ।
મામનાદત્ય ધર્મોઽપિ પાપં સ્યાન્મત્પ્રભાવતઃ ॥

ભગવત્સેવા વગેરે મારા (ભગવાનના) નિમિત્તે કરેલું કર્મ, તેમાં જો (શાસ્ત્રીય કે લૌકિક) કર્મનો (કાલ) લોપ થાય તો (દોષ નથી), તે કર્મ ત્રણ કરોડ મહર્ષિઓ નિત્ય કરે છે, પ્રમાદ—વગેરેથી આ કર્મત્યાગમાં તો દોષ છે જ. મારા (ભગવાનમાં) નિમિત્તે કરેલું પાપ પણ સદ્ધર્મ—રૂપ થાય છે, મારો (ભગવાનનો) અનાદર કરીને કરેલો ધર્મ પણ પ્રભુ પ્રભાવથી પાપરૂપ બને છે. હજારો બ્રહ્મહત્યાઓનું પાપ કોઈક રીતે શમે, પરંતુ તમારી (ભગવાનની) અવજ્ઞા થતાં (થતું પાપ) કરોડો કલ્પના સેંકડાઓથી પણ શમતું નથી. દોષોનો અવધિ છે—ભગવદવજ્ઞા ! ગુણોના ઉત્કર્ષનો અવધિ છે—ભગવત્સેવા ! આમ, ભગવત્સેવા વગેરે કાર્યોમાંથી અવકાશ ન મળતાં, કર્મલોપથી દોષ લાગતો નથી, કદાચ દોષ સંભવે તો પણ—

અહં ત્વા સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।

આ ગીતાવાક્ય (૧૮—૬૬)થી ભગવાન જ રક્ષક છે, તેથી કોઈ ચિંતા કરવાની રહેતી નથી.

પ્રભુમાં પ્રીતિ ન થાય તેવું ધર્માચરણ વ્યર્થ જ છે.

બધાં જ ધર્મો, શાસ્ત્રોક્ત—પ્રકારે, યથાર્થ આચરવા છતાં, જો ભગવાનની કથા (સેવા)—માં પ્રીતિ ન કરાવે, તો તે માત્ર શ્રમ જ છે.

ધર્મઃ સ્વનુષ્ઠિતઃ પુંસાં વિશ્વક્સેન—કથાસુયઃ ।
નોત્પાદયેદ્ યદિ રતિં શ્રમ એવહિ કેવલમ્ ॥

—શ્રીભાગવત (૧—૨—૮)

ધર્મ સાધન છે, કથારુચિ સાધ્ય છે. જો ભગવાનના સ્વરૂપ—લીલા—કથા—સેવામાં રતિ ન થાય તો બધું ધર્માચરણ વ્યર્થ જ છે. પ્રાસંગિક—પ્રીતિ થાય તેમ નહીં, સામાન્યતઃ સ્વાભાવિકપણે જ કથાદિમાં પ્રીતિ થવી

જોઈએ; તે વગર તો મલ્લ વગેરે લોકો જેમ શરીર કસતી કસરતનો અભ્યાસ કરે, તેમ સ્નાનાદિ—ધર્મની માત્રં ટેવ જ રહે છે. મલ્લને કસરતથી બલ વધે, કોઈ લૌકિક ફલ થાય; ધર્મની ટેવ—માત્રથી તો તેવું પણ મળતું—ફળતું નથી. કદાચ લોકમાં પ્રતિષ્ઠા મળે, પણ તે તો અહંકાર—દંભ—અધર્મ જ વધારે છે, નિષ્ફલ જ છે.

પરલોક—પૈસા—પુત્રાદિકની કામનાથી થતો સકામ ધર્મ તો ધર્મ જ નથી. તેનું ફલ તો અવિદ્યાના કાર્યરૂપ છે, દુઃખરૂપ છે. સ્વર્ગ—વગેરેમાંથી પણ પુણ્ય પુરૂં થતાં પાછા પૃથ્વી પર આવવું જ પડે છે. પ્રભુમાં પ્રીતિ કરાવતો ધર્મ જ ધર્મ છે. તે પરમ ધર્મ છે.

['પુષ્ટિ—પુલિન' માંથી સાભાર]

શ્રીયમુનાજીના પદ (પદ-૯૨)

રચયિતા—મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક— 'માધુરી' રાજકોટ

અબહોં વિનતી કરિ કરિ હારી;
સુની ન સૂર સુતાહૂ મેરી બહુ વિધિ શરણ પુકારી. ૧
પરમ ઉદાર દ્વાર તકિ ધાઈ તહાં નિરાસ બિડારી;
કે કલિકાલ બિલોકિ કૃપા તજિ બિરુદાવલી બિસારી. ૨
સમરથ ઓટ તકત આરત જન યહ શ્રુતિ નીતિ ઉચારી;
પાવત તહાં ક્ષેમ યાચક જન નીચ ઉંચ નર નારી. ૩
શ્રીહરિનામ લેત મં મો કોં રોકત હે ભટ ભારી;
દીન શુલ્ક 'વલ્લભ' દાસી કી યમુને હુ સુરતિ બિસારી. ૪

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી અધિરપણું બતાવી સ્તુતિ કરે છે. મારા ઉપર કૃપા થાય ત્યાર પહેલા ક્યાંક ધીરજ છૂટી ન જાય. પૂર્વના ભાવન સ્મરણ થતાં દાસીભાવથી કહે છે.

હવે હું વિનંતી કરી કરીને હારી ગઈ છું. હે સૂર સુતા (શ્રીયમુને) મેં ઘણી રીતે આપનું શરણ પ્રાપ્ત કરવા પુકારી પુકારીને કહ્યું. હવે તો દીનદાસી થાકી ગઈ છે. મહાન ઉદાર ચરિત્રવાન એવું આપનું બિરદ જાણીને દ્વારે આવી બહુજ આશા રાખીને દોડીને હું આવી, ત્યાંથી શું નિરાશ જાવું પડશે શું ? આપની કૃપા મારા ઉપર નહીં થાય ? હું જાણું છું કે કોઈને નિરાશ આપે કરેલ નથી, તો શું આ ઘોર કલિકાલ ચાલતો જોઈને શું આપ કૃપા ધર્મને ભૂલી ગયા હશો !

આર્ત ભક્ત તો સમર્થની છાંય ગોતે છે, જેથી નિર્ભય બની શકાય. આમ સમજી તે નીચા ઉંચા સર્વક્ષેમ પ્રાપ્ત કરવા આવીને સર્વ નરનારી આવીને યાચના કરે છે. માટે ભગવત્ નામ લેવું છે પરંતુ ત્યાં કલિકાલને વશ થયેલા લોકો વિઘ્નરૂપ બને છે. મને આશ્ચર્ય એટલું થાય છે કે કાલને વશ થયેલા લોકો પોતાનું કર્તવ્ય ભૂલે પણ શું ? શ્રીયમુને આપે પણ મારી શું સુદ્ધિ વિસારી !

ઉપર મુજબ વલ્લભદાસ સ્તુતિ કરે છે. ૯૨

કપિલગીતા – અર્થાત્ શ્રીભગવાનનો કપિલાવતાર

લેખક : જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

–ગતાંકથી ચાલુ

આનંદથી પ્રફુલ્લ મુખકમલવાળા, કમળના મધ્યભાગમાં સ્થિત, પત્રવત્ અરુણ નેત્રોવાળા નીલકમલ પત્રવત્ શ્યામ શ્રીઅંગવાળા, હસ્તોમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કર્યા છે એવા, પીળા સુંદર પીતાંબરવાળા,વક્ષઃસ્થલમાં શ્રીવત્સના ચિહ્નવાળા કંઠમાં કૌસ્તુભ મણિ ધારણ કર્યો છે એવા, વનમાળાથી વ્યાપ્ત છે એવા, હાર, કંકણ કિરીટ, બાજુબંધ અને નૂપુર ધારણ કર્યા છે એવા, કંદોરાથી શોભતા કટિપ્રદેશવાળા, ભક્તોના હૃદય આસને વિરાજતા, દર્શનીય, શાંત એવા શ્રીભગવાનનું ધ્યાન ધરવું. એ પછી યોગીઓએ અતિ સુંદર કિશોર અવસ્થાવાળા, ભક્તો પર અનુગ્રહ કરવા સદા આતુર એવા ભગવાનના સંપૂર્ણ અંગોનું પણ મન તૃપ્ત થાય ત્યાં સુધી ધ્યાન ધરવું–ઉભા રહેલા, ચાલતા, બેઠેલા, પોઢેલા અને સર્વની હૃદય ગુહામાં વસેલા એ ભગવાનનું ધ્યાન ધરવું તેમ એમના પ્રત્યેક શ્રીઅંગમાં પણ મન જોડવું, ધ્યાન કરતી વખતે શરૂઆતમાં ચરણારવિંદમાં ધ્યાન કરવું. એ ચરણારવિંદ વજ્ર, અંકુશ, ધ્વજ અને કમલનાં ચિહ્નોથી યુક્ત છે. પછી શ્રીભગવાનના બંને ગોઠણનું હૃદયમાં ધ્યાન ધરવું. તે પછી અનુક્રમે બે સાથળોનું, નિતંબ પ્રદેશનું, દરેકના આશ્રય સ્થાન એમના ઉદર પ્રદેશમાં સ્થિત જેમાંથી બ્રહ્માજીના આધારભૂત કમલ પ્રગટ થયું હતું એવા નાભિ સરોવરનું, વક્ષસ્થલનું, કંઠનું, બાહુઓનું ધ્યાન ધરવું. એ પછી ચક્ર અને શંખનું કૌમોદકી ગદાનું અને કૌસ્તુભ મણિનું ધ્યાન ધરવું. એ પછી અત્યંત દર્શનીય તથા સર્વલોકના માટે નમસ્કરણીય પવિત્ર યશકીર્તિવાળા એવા શ્રીભગવાનના મુખકમલનું ધ્યાન ધરવું. ઝળહળતાં મકરાકૃતિ કંડળોથી મંડિત અતિશય પ્રકાશથી પ્રકાશમાન સ્વચ્છ કપોલોવાળું, ઉન્નત નાસિકાવાળું, ઘુઘરાળી અલકાવલીથી મંડિત કમલ સરખાં બે નેત્રોવાળું, સુંદર ભ્રૂકુટિવાળું ભગવાનનું મુખારવિંદ મનમાં સ્થિર કરીને તેનું ધ્યાન કરવું. હૃદય ગુહામાં ચિરકાલ સુધી ભક્તિભાવથી ભગવાનના નેત્રોનું ચિંતન કરતાં ધ્યાન ધરવું. જે અધિક કૃપાથી અને પ્રેમભર્યા મુસ્કરાટથી ક્ષણે ક્ષણે અધિકાધિક દયા કરે છે, વિપુલ પ્રસન્નતાનું પ્રદાન કરે છે. અને ભક્તોના અત્યંત ઘોર એવા ત્રિવિધ તાપોને શાંત કરે છે તથા મુનિઓના હિતને માટેજ કામદેવને મોહિત કરવાને માટે જેનું સર્જન થયું છે એવા ભગવાનના શ્રીમુખારવિંદનું ધ્યાન ધરવું જોઈએ. આ પ્રકારે ભગવાનના સમસ્ત શ્રીઅંગોનું ધ્યાન કરવાથી સાધકનો પ્રેમ શ્રીહરિમાં સુદઢ બની રહે છે. એનું હૃદય ભક્તિથી દ્રવિત થઈ જાય છે. શરીરમાં આનંદને લીધે રોમાંચ થવા લાગે છે. ઉત્કંઠાજનિત પ્રેમાશ્રુઓની ધારામાં વારંવાર પીડિત બની રહેતાં સકલ ભક્તિ સિદ્ધ બની રહેતાં તે શ્રીહરિને પોતાન તરફ આકર્ષિત કરવાના સાધનરૂપ પોતાના ચિત્તને ધીરે ધીરે ધ્યેયથી દૂર કરે છે. અને પછી સર્વ પ્રકારના વિષયોના અભાવમાં આશ્રય વિષય અને રાગથી રહિત બની એનું મન શાંત બ્રહ્માકાર થઈ જાય છે. આ અવસ્થાની પ્રાપ્તિ

પછી જીવ ગુણપ્રવાહ અને દેહાદિ ઉપાધિથી નિવૃત્ત થઈ જવાને કારણે ધ્યાતા ધ્યેય આદિ વિભાગથી રહિત એક અખંડ પરમાત્માને જ સર્વત્ર અનુગત જુએ છે. યોગાભ્યાસથી અવિદ્યા રહિત અંતિમ અવસ્થાવાળા એ યોગી પરમાનંદમય સ્વરૂપમાં સ્થિત હોવાથી તેને પોતાના દેહાદિનું કશું જ જ્ઞાન રહેતું નથી. એનું શરીર તો પૂર્વજન્મના સંસ્કારોને અધીન છે. તેથી જ્યાં સુધી તેનું પ્રારબ્ધ શેષ હોય ત્યાં સુધી ઈન્દ્રિયો સહિત જીવિત રહે છે. પણ એ સિદ્ધ પુરૂષને કશી જ અહંતા મમતા રહેતી નથી. દેહ, ઈન્દ્રિય અંતઃકરણ અને પ્રાણથી આત્મા અલગ છે. અને એ આત્મા બ્રહ્મ છે, ભગવાનની સમાન પ્રકૃતિવાળો છે, તત્ત્વની પ્રકૃતિવાળો નથી. આત્મા ભગવાનનું અવિકૃત પરિણામ છે. અને એમનો અંશ છે એટલે તેને ભગવત્સંબંધી કહ્યો છે. આત્માની વિલક્ષણતા સ્પષ્ટ હોવાથી સંઘાતથી આત્મા અલગ જ છે. પ્રાણીમાત્રમાં પોતાના આત્માને અને પોતાના આત્માને પ્રાણી માત્રના આત્માને અનન્યભાવથી તદાત્મતાનુંજ નિરીક્ષણ કરવાનું છે. આવું આ સાંખ્ય શાસ્ત્ર છે. યોગને તો એના અંગરૂપે કહેવામાં આવ્યો છે. સાંખ્યની આ પ્રકૃતિ દૈવી છે. ભગવત્સંબંધિની છે. એ પ્રકૃતિ ભગવાનની કૃપા વિના નિવૃત્ત થતી નથી. એ દૈવી પ્રકૃતિ સદસદાત્મિકા છે. કાર્યકારણરૂપા છે. એ પ્રકૃતિ ભગવદ્ કૃપાથી નિવૃત્ત થયા પછી આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિત બની રહે છે. અને એજ મોક્ષ છે.

—ક્રમશઃ

આધિદૈવિક સ્વરૂપા- વિશ્વતારન તરણી, રાસ રસ સાગર શ્રીયમુનાજી

પ.ભ. શ્રીહરિનારાયણ નીમા (ઉજ્જૈન)

શ્રી હરિના વામાંગથી આવિર્ભૂત શ્રીયમુનાજી રસમય સ્વરૂપથી દિવ્ય વૃજભૂમિ પધાર્યા છે. પુષ્ટિમાર્ગીય ભાવનાનુસાર શ્રીઠાકોરજીના મહારાસની સાક્ષીભૂતા કૃષ્ણમનભાવની, જગપાવની, ભક્તોચ્છાપૂર્ણ કર્તા શ્રીયમુનાજી દ્રવીભૂત જલાધારા સ્વરૂપમાં પ્રગટ બિરાજમાન છે. આ જલાધારામાં જે પુષ્ટિમાર્ગીય ભાવધારા અન્તર્નિહિત છે તે મહારાસના સમયે સ્થિર થઈ જાય છે. અને પલટીને તે પરમાનંદને સાક્ષાત્ મૂર્તિમંત સ્વરૂપ 'રાધા'માં પ્રગટ કરી દે છે. શ્રીરાધાજી રાસેશ્વરી છે. રાધા મોહનમય અને મોહન રાધામય છે.

શ્રીરાધામોહનના કોઈ આરાધકે પોતાની સ્વર્ણ રત્નજડિત લેખનીથી કેટલું અમૃતોમય મધુર ભાવોને વ્યક્ત કર્યું છે.

'રાધા' એવું નામ છે જેને સાંભળતા જ કાનોમાં મધુ—મેહ વરસવા લાગે છે. અને લાગે છે જાણે મનના માનસરોવરની નીલમ સતહ ઉપર કોઈ 'હંસયુગલ' તરતો તેની સંપૂર્ણ જળરાશિને

આલોકિત કરી નિકળી ગયા હોય, પોતાના દિપ્ત નયનોમાં શ્યામલમેઘ કાજળ આંજી જાણે વિજળી કૌંધી હોય, જાણે દીપશિખા ધીમેથી જાગી હોય અને તેમાંથી ફૂટતા આલોકને એક ક્ષણમાં જ ગહરા તિમિરને કરી દીધું હોય. રાગ જાગ્યા હોય સ્વર લહરાતા હોય અને સૌરભ પોતાના પૂરા ઉન્માદમાં ફૂટી પડયા હોય, મનનાં કાલીનના હર ખૂણા ઉપર જાણે કોઈએ જૂહીની મહકતી લડીયોં વિખેરી દીધી હોય. રાધા પ્રેમની પ્રતિક નહીં પર્યાય છે. શ્રીયમુનાજીને શ્રીમદ્ આચાર્યચરણએ 'યમુનાષ્ટક'માં 'જયતિ પદ્મ બન્ધોઃ સુતા' એટલે સૂર્યની પુત્રી નિરૂપિત કર્યા છે. ઉક્ત પંક્તિ દ્વારા આચાર્યશ્રીને વેદરૂપ સૂર્યનારાયણથી સમ્બન્ધિત શ્રીયમુનાજીને આધિદૈવિક સ્વરૂપને વર્ણવ્યું છે.

વસ્તુતઃ 'શ્રીયમુનાષ્ટકમ્' મંત્ર છે. આચાર્યશ્રી તેના ઋષિ છે. પૃથ્વી છંદ છે. હરિપ્રિયા કાલિન્દી તેમના દેવતા છે અને શ્રુતિ વાક્ય 'રસૌ વૈસઃ' આનો બીજ છે. શ્રીવલ્લભ મહાપ્રભુ પ્રણીત ષોડશ ગ્રંથોના મંગલાચરણ સ્વરૂપ આ અષ્ટક છે. એમ તો શ્રીયમુનાજીની સ્તુતિમાં શ્રીમદ્ આદ્ય શંકરાચાર્ય તથા શ્રીરૂપ ગોસ્વામી વિરચિત સ્તોત્ર સંસ્કૃત સાહિત્યમાં ઉપલબ્ધ છે.

આપણા સંપ્રદાયમાં શ્રીયમુનાષ્ટકમ્ ઉપર પ્રભુચરણ શ્રીગુસાંઈજી, ચતુર્થકુમાર શ્રીગોકુલનાથજી, શ્રીહરિરાયમહાપ્રભુ, શ્રીપુરૂષોત્તમજી અને શ્રીદ્વારકેશજી મહારાજની ટીકાઓ વિરાજિત છે. શ્રીગુસાંઈજી કૃત શ્રીયમુના અષ્ટપદી અને શ્રીહરિરાયચરણની 'શ્રીયમુના વિજ્ઞપ્તિ' વલ્લભ સાહિત્ય ભંડારની અમૂલ્ય નિધી છે.

શ્રીયમુનાજી અદ્ભુત સ્વરૂપા છે. તેમના દર્શન સ્મરણ અને પયઃપાનથી પુષ્ટિસ્થ જીવોને આત્મસંતોષ પ્રાપ્ત થાય છે. શ્રીયમુનાજીના ગુણગાન અષ્ટછાપના ભગવદીય મહાનુભાવોએ પણ પોતાના પદોમાં કર્યા છે. શ્રીપરમાનંદદાસજીનું આ પદ કેટલું ભાવપૂર્ણ છે, શાંતચિત્તથી અનુસંધાન કરીએ–

કાલિન્દી કલિ કલ્મષ હરની
રવિ તનયા, યમ અનુજા, શ્યામા
મહાસુંદરી ગોવિન્દ ઘરની ।
જય યમુને ! જય કૃષ્ણ વલ્લભે !
પતિતન કો પાવન ભવ તરની ॥
શરણાગત કો દેત અભય પદ
જનની તજત જૈસે સુત કી કરની ।
શીતલ, મંદ, સુગન્ધ, સુધાનિધિ
ધાય ધરિ વપુ ઉતરી ધરની ।
પરમાનંદ પ્રભુ પરમ પાવની
યુગ યુગ સાખ નિગમ નિત વરની ॥

શ્રીયમુના નામ જ્યારે વૈષ્ણવજન લે છે ત્યારે આ નામની સાથે જોડાયેલ સમૂચી ભગવદલીલા પરક ભાવનાઓ સ્ફુરિત થઈ જાય છે. વૃજભૂમિ, ગિરિરાજ ગોવર્ધન, વૃંદાવન, ગોકુલ અને ગોકુલ સ્થિત યમુનાતટનો ગોવિન્દ ઘાટ જ્યાં શ્રીમદ્ મહાપ્રભુના ચિત્તમાં દૈવી જીવોના ઉદ્ધારાર્થ ચિંતા ઉપજી હતી. અને પ્રભુ શ્રીનાથજીએ શ્રાવણ માસની શુકલ પક્ષની એકાદશીની મધ્યરાત્રીએ સ્વયં પ્રકટ થઈ દૈવી જીવોને બ્રહ્મસંબંધ દ્વારા શરણે કરાવવાની આજ્ઞા આપી હતી વગેરેનું સ્મરણ સહેજે થઈ જાય છે.

બ્રહ્મસંબંધ જ્યારે જીવનો આચાર્યચરણ કરાવે છે ત્યારે શ્રીયમુનાજીના મનમાં આનંદની સીમા નથી હોતી. ભગવદીય વાણીમાં આમ કહ્યું છે.

બ્રહ્મ કો સંબંધ હોત જબ જીવ કો
તબ ઈનકી ભુજા વામ ફરકે
કોટિ કોટિ સૌરિ કરિ
જાય પિય સોં કહે
અતિ હી આનંદ મનમેં જુ હરખે

બસ્સો બાવન વૈષ્ણવોની વાર્તાના ૨૦૯ ના ક્રમમાં પરમ ભગવદીયા કિશોરીબાઈની સેવા સુશ્રુષા શ્રીયમુનાજી દ્વારા કરવાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. જે સ્વયં શ્રીગુસાંઈજીએ જોયું હતું. તેઓ વિશ્વમાતા જે છે. શ્રીયમુનાજી કૃષ્ણરૂપા અને કૃષ્ણસખા કહેવાય છે. શિક્ષાસાગર શ્રીહરિરાય મહાપ્રભુએ પ્રભામયી શ્રીયમુનાજીના સ્વરૂપનું વર્ણન કરતાં કહ્યું છે–

દાનીભૂત રસાત્મા હિ જાતો નન્દગૃહે હરિઃ ।
કેવલો ધર્મયુક્તસ્તુ વસુદેવ ગૃહે તથા ।।
શબ્દાત્મા ગુણગાનાદૌ વદનાદુદગતઃ સ્વતઃ ।
દ્રવીભૂત રસાત્મૈષા સર્વાંગીણા શ્રમામ્બુભિઃ ।।
નારાયણસ્ય હૃદયાચ્છુદ્ધસત્વ સ્વરૂપતઃ ।
પ્રાદુરાસીન્મૂલ રૂપા પુષ્ટિલીલા પ્રસિદ્ધયે ।।

સંક્ષિપ્ત : આ તાત્પર્ય છે કે શબ્દાત્મક ગુણગાન માટે શ્રીઠાકોરજીના શ્રીઅંગથી પ્રકટ થઈ શ્રીયમુનાજી રસરૂપ દ્રવીભૂત જલધારાના રૂપમાં વિરાજીત છે. ભક્તિ પ્રદાતા, વિશ્વતારણ તરનિ શ્રીયમુનાજીને શ્રીવલ્લભાચાર્યચરણને યમુનાષ્ટકમાં 'સકલ સિદ્ધિ હેતું મુદા' કહ્યું છે. શ્રીયમુનાજી અષ્ટસિદ્ધિ દાત્રી છે. આ અલૌકિક આઠ સિદ્ધિઓનું વર્ણન શ્રીહરિરાયજી મહારાજે આ પ્રમાણે કર્યું છે.

૧. સેવાઉપયોગી દેહની પ્રાપ્તિ. ૨. તલ્લીલાવલોકનત્વ ૩. તદ્ રસાનુભવ ૪. ભગવત વશીકરણત્વ
૫. સર્વાત્મભાવ ૬. ભગવત્ પ્રિયત્વ ૭. ભક્તિ દાતૃત્વ ૮. ભગવત્ રસ–પોષકત્વ.

શ્રીછીતસ્વામી પોતાના અલૌકિક અનુભવ જનિત કાવ્ય પરિમલની સૌરભ આમ લુટાવે છે–

જા મુખ તેં શ્રીયમુને યહ નામ આવે
તા પર કૃપા કરેં શ્રીવલ્લભપ્રભુ
સોઈ શ્રીયમુનાજુ કો ભેદ પાવે
તન–મન–ધન સબ લાલ ગિરિધરનકો
દેકે જબ ચરન ચિત્ત લાવે.
છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ
નેનન પ્રકટ લીલા દિખાવે

પ્રભુની પ્રગટલીલા 'પોષણં તદનુ ગ્રહઃ' ભાગવત વાક્યાનુસાર ભગવત કૃપાથી જ દેખાઈ દે છે. 'પુષ્ટિમાર્ગ' પ્રભુ કૃપા સંપાદન કરવાનો માર્ગ છે જે 'હિતકૃતસતામ્' ભાવ પરિપૂરિત શ્રીમન્મહાપ્રભુ અને આચાર્યવંશના ચરણ શરણ અને અનુગ્રહથી પ્રાપ્ય છે.

અનાવસ્થાના વર્તમાન સમયમાં માનવ મનને આત્મિક શાંતિ ધર્માચરણથી જ પ્રાપ્ત થઈ શકે છે. પૂર્ણ મનોયોગની સાથે 'સર્વં કૃષ્ણમયં જગત'ની દ્રષ્ટિ રાખી આ જગતને ભગવત સ્વરૂપ માનીને આપણા કાર્ય વ્યવહાર હોય તો અહંકાર અને સ્વાર્થની પીડાથી માનવતાને પરમ પ્રકાશ મળી શકે છે.

શ્રીયમુનાજીના ગુણગાન અને નામ સ્મરણ પરમાનંદ પ્રદાતા છે. 'યમુનાષ્ટકમ્'ના ૯ મા શ્લોકમાં આચાર્યચરણ આજ્ઞા કરે છે.

તવાષ્ટકમિંદં મુદા પઠતિ સૂર સુતે સદા
સમસ્ત દુરિતક્ષયો ભવતિ વૈ મુકુન્દે રતિઃ ।
તયા સકલ સિદ્ધયો મુરરિપુશ્ચ સંતુષ્યતિ
સ્વભાવ વિજયો ભવેત વદતિ વલ્લભ શ્રીહરેઃ ॥

અર્થાત્ શ્રીયમુનાજીના આ અષ્ટકનો જો પ્રતિદિન નિયમપૂર્વક વાંચે છે. તે પાપોથી મુક્ત થઈ શ્રીહરિ ભગવાનની ભક્તિમાં વૃદ્ધિ કરે છે. આનાથી સકલ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. શ્રીમુરારી તુષ્ટ રહે છે. સ્વભાવ ઉપર નિશ્ચિત વિજય થાય છે. શ્રીહરિના વલ્લભ શ્રીવલ્લભનો આ મત છે.

અષ્ટછાપીય શ્રીગોવિન્દસ્વામી નું આ પદ નિષ્કર્મરૂપમાં અહીંયા ઉલ્લેખનીય થાશે.

જમુના જશ જગતમેં જોઈ ગાયો
જા પર કૃપા શ્રીવલ્લભ પ્રભુ કરે
સોઈ જમુના જૂ કો ભેદ પાયો
વેદ પુરાન કી બાત અગમ હૈ
પ્રેમ કો ભેદ કોઉન ન પાયો
'ગોવિન્દ' કહે જમુના કી જા પર કૃપા
સોહિ વલ્લભકુલ સરનિ આયો

કાવ્ય – કુંજ : હે રી પ્રભુ શ્રીકૃષ્ણમુરારિ

હે રી પ્રભુ શ્રીકૃષ્ણમુરારિ
મૂરત તારી મંગલકારી
કેવળ જગમાં તું સુખાકારી
તુજ વિણ લાગે જગ દુઃખકારી
હે રી પ્રભુ શ્રીકૃષ્ણમુરારિ...૧
હે શ્રીગોવર્ધન ગિરિધારી
મુકુન્દમાધવ મુકુટધારી
ઠાકરજી મારા કુંજવિહારી
મનહર મધુરી મુરલીધારી
હે રી પ્રભુ શ્રીકૃષ્ણમુરારિ...૨
શ્રીમુખ દર્શનની માધુરી
ઝંખે ભક્તન–જન ઝુરી ઝુરી
સુણવા મીઠી તારી બાંસુરી
ભક્તન મનમાં રે આતુરી
હે રી પ્રભુ શ્રીકૃષ્ણમુરારિ...૩
ભાવ રહે ના મનમાં આસુરી
સ્મરણ તારું નિત નિત જરૂરી
હટાવે તારી મારી બિચ દૂરી
રહે ના મારી આશ અધૂરી
હે રી પ્રભુ શ્રીકૃષ્ણમુરારિ...૪

– પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

ગોપીરૂપ બન્યા વૃન્દાવન વિહારી

પ્રિયા પ્રિતમ બન્યા એકરૂપ અહો
છબી બની અતિ અનુપમ ન્યારી
કોટિ કામ બને લજ્જિત નિહારી
સુંદરતા પર જાય વારી. પ્રિયા પ્રિતમ....
કારી કામરી છોડી લાલ ચુંદરી ઓઢી
ગોપીરૂપ બન્યા વૃન્દાવન વિહારી
વિહરે મનની પાવન કુંજમાં
આ છબીમાં રાધિકાજુ સંગ બિહારી. પ્રિયા પ્રિતમ....

રચયિતા : પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

કાવ્ય – કુંજ : પુષ્ટિ પ્રાંગણ (હાઈકુ)

રચયિતા : ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

આ પુષ્ટિમાર્ગ,
સકલ શાસ્ત્ર સાર;
અદ્‌ભુત છે !

કૃપાસાગર
ભાગ્ય ઉજાગર છે
વલ્લભપ્રભુ.

પુષ્ટિપથિક
સ્નેહ સુશોભિત ને
ભાવભૂષિત.

આનંદરૂપ;
પરબ્રહ્મ સ્વરૂપ,
પ્રભુ શ્રીકૃષ્ણ.

દોષોથી ભર
જીવ શરણે લીધા
કેટલી કૃપા !!

પુષ્ટિભક્તિ છે
રસથી પ્લાવિત ને
આનંદમય.

વિરહ તો છે
વાદળનું બનવું
રસ વરસે.

પ્રભુ પ્રાપ્તિનું
એક જ સાધન છે
પ્રેમભક્તિ જ.

સેવા પ્રભાવ,
સંસાર સર્વ છૂટે;
બ્રહ્મભાવન.

પ્રભુ રસેશ
અને તેમના ભક્તો
સુમધુરતા.

શ્રીયમુનાજી
અધમ ઉદ્ધારન
દુઃખહરન

શ્યામનો સાદ
શ્યામનો જ વિષાદ
બની રહ્યો એ.

પ્રેમપોષણ,
ભાવ ને ગુણગાન;
હરિતોષણ.

ભક્તિ ભીનાશ,
સ્નેહની કુમળાશ,
અને શ્યામ. તો...

પાવક પુષ્ટિ પંથ [સોનેટ–વસંતલિકા]

જ્યાં જીવ આ જગતમાં જગદીશથી જે,
કર્મો થકી કુટિલ કૈં, વિખૂટો પડીને,
આવ્યો અહીં અવનિમાં અથડાય એ તો,
સાચી સદા સમજહીન જ શૂન્ય જેવો.
ત્યાં પૂર્વના ઉદિત પુણ્ય સુકૃત્ય તેથી,
પામ્યો પછી પરમ પાવક પંથ પુષ્ટિ,
તે 'ગદ્યમંત્ર' શુચિ થી શ્રીજીનો થયેલો,
એ પ્રાપ્ત છે પુનિત 'બ્રહ્મસંબંધથી' તો.
સૌભાગ્ય આ સહજ સુંદર સૌમ્ય સાચું,
પુષ્ટિજનો પુનિતનું પરમોચ્ચ પેખ્યું,
જેનું સ્વરૂપ કુસુમાયુધ કોટિ જેવું,
શ્રીકૃષ્ણનું મધુર રૂપ સદાય સેવ્યું.
અન્યાશ્રયેથી અળગો અણમૂલ એવો,
સર્વોચ્ચ પાવક મહા પુથ પુષ્ટિ કેરો.

–રચયિતા : જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' (જૂનાગઢ)

પુસ્તક પરિચય

☐ **૧. નિત્યદર્શન (સચિત્ર) :** પ્રકાશક : પ્લસ કોર્પોરેશન : ૨૦૩–શાંતિ કોમ્પલેક્ષ, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન : (૦૨૮૧)૨૩૫૬૧૧ – ૨૩૪૨૬૨.

ડેમી સાઈઝ ૧/૧૬ પૃષ્ઠ ૩૨, આર્ટ પેપર, સેન્ટર પીન બાઈન્ડીંગ.

પ્રસ્તુત પુસ્તકમાં દૈનિક આઠ દર્શનની ભાવના–પદ તથા બહુરંગી ચિત્રજી ઉપરાંત ગિરિકંદરા, અન્નકૂટ, શ્રીગોવર્ધનધારણ, હોળીખેલ, જલેબી ઉત્સવ, ચંદ્રસરોવર– રાસલીલા વગેરે ઉત્સવના બહુરંગી દર્શનીય ચિત્રજીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આ પુસ્તકનું વિમોચન અધિક આસો માસ સુદ એકાદશી તા.૨૮–૯–૨૦૦૧ના રોજ લક્ષ્મીવાડી–શ્રીમદનમોહનજી હવેલીમાં વિશાળ વૈષ્ણવ સમુદાયની ઉપસ્થિતિમાં પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહોદયશ્રી (કામવન)ના વરદ કરકમલો દ્વારા કરવામાં આવેલ હતું.

ભગવદ્‌નામ પ્રચારાર્થે, મનોરથ ઉપક્રમે તેમજ સ્વજનોના સ્મરણાર્થે ભેટ આપવા યોગ્ય પુસ્તક.

☐ **૨. નિધિ સ્વરૂપ દર્શન ફોલ્ડર :** પ્રકાશક : પ્લસ કોર્પોરેશન : ૨૦૩–શાંતિ કોમ્પલેક્ષ, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન : (૦૨૮૧)૨૩૫૬૧૧ – ૨૩૪૨૬૨.

ન્યોછાવર રૂ.૩/– + રૂ.૫/– (પોસ્ટેજ) અલગ.

નિધિ સ્વરૂપો– શ્રીનાથજી, શ્રીનવનીતપ્રિયાજી અને સાતનિધિ સ્વરૂપો ૧. શ્રીમથુરેશજી ૨. શ્રીવિઠ્ઠલનાથજી ૩. શ્રીદ્વારકાધીશજી ૪. શ્રીગોકુલનાથજી ૫. શ્રીગોકુલચંદ્રમાજી ૬. શ્રીબાલકષ્ણલાલજી ૭. શ્રીમદનમોહનજી. એ પ્રમાણે કુલ નવ નિધિ સ્વરૂપોનાં દર્શન નિત્ય કરી શકાય તેવું બહુરંગી પોકેટ ફોલ્ડર તૈયાર કરાવવામાં આવેલ છે. જેમાં એક પાનું કોરું મૂકેલું છે. જેમાં મનોરથી પોતાનું નામ સરનામું છપાવી નૂતન વર્ષમાં સ્નેહીજનોમાં વાંટવા તેમજ ભગવદ્‌નામ પ્રચારાર્થે સ્વજનોની સ્મૃતિ તેમજ મનોરથ ઉપક્રમે વૈષ્ણવોને ભેટ આપવા માટે ઉત્તમ.

☐ **૩. પુરૂષોત્તમયોગ : પ્રવચનકાર : પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી પાર્લા–મુંબઈ.**
સંપાદક : અસિત જ. શાહ. ન્યોછાવર : નિઃશુલ્ક વિતરણ.

જૂનાગઢમાં યોજાયેલ આપશ્રીના પ્રવચનમાળાની કેસેટોના આધારે સંપાદકશ્રીએ સારી મહેનત કરીને આ પુસ્તક સંપાદિત કર્યું છે. આપશ્રીના પ્રવચન સાંભળવા–માણવા એક લહાવો હોય છે. જે હાજર રહ્યા ન હોય તેમને સંપાદકશ્રીએ પુસ્તકરૂપે પ્રદાન કર્યું.

શ્રીમદ્ ભગવદ્‌ગીતા પ્રમાણ્ય છે અને શ્રીમહાપ્રભુજી શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ પણ 'ચતુષ્ટયી'માં સમાવેશ કરેલ છે. આપશ્રીએ શ્રીમદ્ ભગવદ્‌ગીતાનો પંદરમો અધ્યાય પુરૂષોત્તમ યોગ ઉપર પ્રવચન કરેલ.

આપશ્રીએ પુરૂષોત્તમયોગ ઉપર પ્રવચન આપતા પહેલા ગીતા, જીવાત્મા–પરમાત્મા વચ્ચે સંબંધો, ગીતોપદેશ મેળવવાનો અધિકારી કોણ, પુષ્ટિભક્તિ, વિગેરે ઉપર સંવિસ્તર સમજાવેલ છે.

પુરૂષોત્તમના મુખારવિંદથી પુરૂષોત્તમયોગ જે કહેવાયેલ છે તે દરેક શ્લોક અને શ્લોકાર્થનું વિસ્તાર સાથે આપશ્રીએ આપશ્રીની લાક્ષણિક શૈલીમાં ઉદાહરણ સાથે સમજ આપેલ છે. આપશ્રીની બાબતમાં 'પ્રકાશ' સામે આ આગીયા શું પ્રકાશી શકે ?

આપશ્રી પુષ્ટિસંપ્રદાય વિશે જ્ઞાન–સિદ્ધાંત આપીને સમજાવીને જે કૃપા કરી રહ્યા છે જે બીજને સંરક્ષિત–માવજત અને પોષણ આપી રહ્યા છે તે બીજ દ્રઢ થશે અને ફાલશે.

સમાચાર

☐ **અમદાવાદ : સેવાનું સન્માન :** પ.ભ. શ્રીચીમનલાલ નાનાલાલ બેંકર વર્ષોથી સંપ્રદાયની સેવા કરી રહ્યા છે. તે સેવા બિરદાવતા પૂ.પા.ગો.શ્રીદ્વારકેશલાલજી મહોદયશ્રીએ ખૂબ અભિનંદન આપેલ. આ સન્માન સમારંભ આપશ્રીની અધ્યક્ષતા હેઠળ યોજવામાં આવેલ. આપશ્રીએ પ્રસાદી ઉપરણો ઓઢાડી કૃપા વરસાવી અને મોમેન્ટો (શ્રીજી બાવાના ચિત્રજી) સ્વહસ્તે આપી સેવાનું ગૌરવ વધાર્યું.

☐ **બાલપુષ્ટિશાળા – જપયજ્ઞ :** પૂપા.ગો.શ્રીયદુનાથજી મહોદયશ્રીની અધ્યક્ષતામાં આંબાવાડી વિસ્તારમાં દર શનિવારે બાળકો માટે નિયમિત પાઠશાળા ચાલી રહેલ છે. તેમજ કિર્તન શિક્ષણનો આરંભ કરવામાં આવેલ છે. પાઠશાળા માટે પ.ભ.શ્રુતિબેન પટેલ વિગેરે તથા કિર્તન માટે પ.ભ. શ્રીકૃષ્ણદાસ નાયક સેવા આપી રહ્યા છે.

સેટેલાઈટ વિસ્તારમાં શ્રીપુરૂષોત્તમ સહસ્રનામ જપયજ્ઞ પૂ.પા.ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રી (કડી) દ્વારા દીપ પ્રગટાવી શુભારંભ કરેલ હતો.

☐ શ્રીગોકુલમાં શ્રીયમુનાજીના ઘાટ–પ્રવાહની સુવ્યવસ્થા માટે આવાહ્ન ☐

વિષય : પ્રાચીન તીર્થસ્થલી 'શ્રીમદ્ ગોકુલ' (મથુરા–યુ.પી.)કા સંરક્ષણ ઔર સંવર્ધન કરકે વિશ્વ કે કરોડો ભાવુક જનોકા આદર કરે.

સદિયોસેં ઓર આજ ભી વિશ્વ કે સર્વ સનાતન ધર્મી કમસે કમ એકબાર ઓર કઈ લોગ હર સાલ ભગવાન શ્રીકૃષ્ણને ઉનકા બચપન જહાં બીતાયા થા વહ શ્રીમદ્ ગોકુલમેં દર્શન કરંને ઓર અપના જીવન ધન્ય બનાને અચુક જાતે હૈ. ઔર ગોકુલમેં બહતી શ્રીયમુના નદી કે તીર જહાં શ્રીઠકરાની ઘાટ પર બૈઠકર શ્રીયમુનાજીકો જીવનદાત્રી–મુક્તિદાત્રી ઓર પાપ હરનેવાલી મૈયા માનકર ઈનકી કંકુ, અક્ષત, પુષ્પ ઔર અન્ય શ્રીંગાર ધરકર દુધકા ભોગ લગાકર સેવા–પુજા કરતે હૈ. ઔર ઉનકે જલકા પાન કરકે અપને જીવન કો ધન્ય બના માનતે હૈ.

જીસ તરહ ગંગા જલ કા કલશ યા લોટી ભરકે લે જાને કા મહાત્મ્ય હરદ્વારમેં હર કી પેડી કે પાસ કા ઘાટ હૈ ઉસ તરહ 'શ્રીયમુના જલ' કી લોટી યા કલશ 'ઠકરાની ઘાટ' સે ભરકર યાત્રીયો અપને ગાંવ ઘરમેં લે જા કર શ્રીયમુના કલશકી નિત્ય સેવા–પૂજા કરકે ભાવવિભોર બનતે હૈ ઔર શુભ દિનો ઉનમેસે જલ નિકાલ કર પાન કરતે હૈ ઔર વ્યક્તિ કા અંતિમ સમય આને પર 'શ્રીયમુનાજલ' કા પાન કર અપના જીવન ધન્ય બનાતા હૈ. ઈસ તરહ મથુરા–વૃંદાવન કે ઘાટો કા ભી મહાત્મ્ય હૈ.

ગોકુલ કે પાસ શ્રીયમુના નદી પર નયા પુલ બનને કે બાદ શ્રીયમુના નદીકા પ્રવાહ શ્રીઠકરાની ઘાટ સે કઈ દૂર હો ગયા હૈ, સો યાત્રીંયો કો બડી કઠીનાઈ ભુગતની પડતી હૈ ઔર અનેક કષ્ટ સહન કરને પડતે હૈ સાથમે ઉનકી ભાવનાઓ પર કુઠારાઘાત પહુંચતા હૈ.

સો સમસ્ત વિશ્વ કે સનાતન ધર્મીયોકી ભાવનાઓકા આદર કરકે પ્રાચીન તીર્થસ્થલી કા સંરક્ષણ ઔર સંવર્ધન હેતુ શ્રીઠકરાની ઘાટ કે પાસ શ્રીયમુનાજી કા પ્રવાહ મોડા જાય ઔર ઘાટ કે પાસ કાયમ યમુના જલ ભરા રહે એવમ્ ઉસ જલમે ગાંવકા કુડા–કચરા વાલા ગંદા પાની ન આયે ઔર પ્રદુષણયુક્ત જલ ન બને ઐસા પ્રબંધ સરકાર કે દ્વારા ત્વરીત કિયા જાય સાથમેં અતિ પ્રાચીન શ્રીઠકરાની ઘાટ કા ભી જીર્ણોદ્ધાર કરકે પ્રાચીન તીર્થસ્થલી કા સંરક્ષણ ઔર સંવર્ધન કરનેમેં આપ સહયોગી બને.

ઈસ પત્ર કે સાથ દિનાંક ૧૮–૯–૯૯ ઔર ૨૧–૧૦–૨૦૦૦ કે દિન રજુઆત કિયે ગયે પત્ર કી નકલ સામીલ હૈ.

પ્રત્યુત્તર કી અપેક્ષા સહ,

લિ.સ્નેહાધીન
ડાયાલાલ કસ્તુરચંદ ડેલાવાલા

શ્રદ્ધાંજલી

આં.રા.પુ.વૈ.પરિષદના પૂર્વ અધ્યક્ષ પ.ભ. શ્રીનટવરલાલ હરગોવનદાસ શાહ તા.૨–૯–૨૦૦૧ નાં રોજ શ્રીહરિશરણ થયાં. સૌમ્ય સ્વભાવ, નિ.લી.પૂ.શ્રીપ્રથમેશજી મહારાજશ્રી ઉપર અત્યંત ભાવપૂર્વકની શ્રદ્ધા અને પરિષદનાં નાનામાં નાના કાર્યકર સાથે પૂર્ણ આત્મીયતાનું વર્તન એ શ્રીનટવરભાઈના મહાન સદ્ગુણો હતાં.

શ્રીવલ્લભસુધાના પ્રકાશનના પ્રારંભથી તેઓ સર્વ રીતે સહાયક રહેતાં. આવા શુદ્ધ–નિષ્પ્રપંચ વૈષ્ણવની પરિષદને તથા સંપૂર્ણ વૈષ્ણવ સમાજને ભારી ખોટ પડી છે.

તેઓને આં.રા.પુ.વૈ.પરિષદના કેન્દ્ર તથા રાજ્ય સમિતિના પદાધિકારીઓ તથા 'શ્રીવલ્લભસુધા' સંપાદક–વ્યવસ્થાપક મંડળ હાર્દિક શ્રદ્ધાંજલી અર્પે છે.

કારતક સુદ ૧૦ તા. ૨૫–૧૧–૦૧ રવિવાર : શરદઋતુ પૂરી થઈ. ગો.ચિ.શ્રીદ્વારકેશજી (કડી–અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૧ તા. ૨૬–૧૧–૦૧ સોમવાર : પ્રબોધિની એકાદશી વ્રત. મંડપ સવારે શૃંગારમાં દેવોત્થાપન.

કારતક સુદ ૧૨ તા. ૨૭–૧૧–૦૧ મંગળવાર : શ્રીગુસાંઈજીના પ્રથમ લાલજી શ્રીગિરિધરલાલજીનો ઉત્સવ (સંવત ૧૫૯૭) તથા પંચમ લાલજી શ્રીરઘુનાથજીનો ઉત્સવ (સંવત ૧૬૧૧) તથા ગો.શ્રીવ્રજેન્દ્રકુમારજી મહારાજ (રાજનગર–અમદાવાદ)નો જન્મદિન.

કારતક સુદ ૧૩ તા. ૨૮–૧૧–૦૧ બુધવાર : ગો.ચિ. શ્રીવિઠ્ઠલનાથજી (કાંકરોલી) તથા ગો.શ્રીમુરલી મનોહરજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

કારતક સુદ ૧૫ તા. ૩૦–૧૧–૦૧ શુક્રવાર : પૂર્ણિમા. ચાતુર્માસ સમાપ્તિ. ભક્ત બોડાણા શ્રીરણછોડરાયજીને દ્વારકાથી ડાકોર પધરાવી લાવ્યાનો ઉત્સવ. ગોપમાસ આરંભ. વ્રતચર્યા. કાર્તિક સ્નાન સમાપ્તિ.

કારતક વદ ૧ તા. ૧–૧૨–૦૧ શનિવાર : ગોપમાસ આરંભ (ગઈ કાલે ન કર્યો હોય તો આજે)

કારતક વદ ૨ તા. ૨–૧૨–૦૧ રવિવાર : ગો.ચિ.શ્રીવ્રજકુમારજી (વડોદરા–સુરત)નો જન્મદિન.

કારતક વદ ૪ તા. ૪–૧૨–૦૧ મંગળવાર : શ્રીદાઉજી મહારાજ કૃત છ સ્વરૂપનો ઉત્સવ. ગો.ચિ. દ્વારકેશજી (કાંકરોલી) નો તથા ગો.શ્રીકમલેશકુમારજી મહારાજ (મુંબઈ)નો તથા ગો.ચિ.શ્રીવ્રજેન્દ્રકુમારજી (માંડવી–જૂનાગઢ)નો જન્મદિન.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ

૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ

૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી

૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.

૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-11-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

ગ્રા.ગ્રા.નં. ૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

દુઃખી દાસ સબ, વિમુખ સુખિ,
ભલ ભગબંત બિબેક ।
કા ન હોય, સુખ તુમ કરૌં,

કો પ્રતિબંધ અનેક ॥ (૪૦)

ટીકા : હે શ્રીપ્રભો ! તમારા જેટલા દાસ થયા તે બધા દુઃખીયા ને તમારાથી વિમુખ તે બધા સુખીયા જોઈએ છીએ. હે ભગવંત ! આ તમારો વિવેક તે કેવો, શું કાંઈ સારો દેખાય છે ? ત્યારે તમે કહેશો કે એમના કરમનો અંતરાય નડે છે, પણ નહીં સંભવે, કેમકે શરણ આવીને તમારૂં ભજન કરવા માંડયું તો પણ કરમનો અંતરાય રહ્યો. તો પછી તમારા શરણ અને ભજનના બળથી શું સર્યું ? એક કરમ જ મોટું કર્યું ને જેટલા હરિજન તે બધાએ જ દુઃખ પાંમવાના કરમ કર્યાં છે શું ? આમ તો સાવ હોય નહીં ને કદાચ કહેશો જે હોય તો પણ તમારા શરણને પ્રતાપે મટવાં જોઈએ ને શરણ નથી આવ્યા તે જીવને દુઃખ ભોગવવા જોઈએ. તેને બદલે આતો અવળું દેખાય છે.

વિચારો કે તમારા જેવા સમર્થ ધણી જો મનથી સુખ આપનાર થાઓ તો કરમના કોટી પ્રતિબંધ હોય તો પણ તેનું બળ કાંઈ ચાલે નહીં. માટે હે શ્રીજી ! કરો તો બધું થાય. તમારાથી કોઈ બળવાન નથી. ૪૦.

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

• આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત •

શ્રી વલ્લભસુધા

વચનસુધા

આજે પણ આપણે આપણા જીવનને ભગવત્સંબંધી નથી બનાવી શક્યા, ધર્માનુકુલ નથી બનાવી શક્યા તેનાથી આપણે વિવેક ચૂક્યા અને પુષ્ટિમાર્ગ કે, જે ભક્તિમાર્ગ છે અને એ ભક્તિનું લક્ષણ વલ્લભાચાર્ય એ કહે છે કે "માહાત્મ્ય જ્ઞાન પૂર્વસ્તુ સુદ્રઢ સર્વતોધિક સ્નેહો ભક્તિઃ" માહાત્મ્ય જ્ઞાનપૂર્વક સૌથી અધિક જે સુદ્રઢ સ્નેહ છે, એકલો દ્રઢ નહીં પણ સારા પ્રકારથી દ્રઢ થયેલો જે સ્નેહ છે એને જ ભક્તિ કહેવાય.

એ પ્રેમ લક્ષણા ભક્તિના ઉપાસક અને ચિંતક જે ભક્તો છે એ ભક્તોના અંતઃકરણમાં કલુષિત ભાવના આવે નહીં. આ જાતનું જીવન અને માહાત્મ્ય જ્ઞાનથી, પ્રપંચના દોષની નિવૃત્તિ. પ્રભુનું માહાત્મ્ય જ્ઞાન જોઈએ. શા માટે ? એટલા માટે કે માહાત્મ્ય જ્ઞાન જો ન હોય ભગવત્ સંબંધી જ્ઞાન આપણને ન હોય, અથવા કોઈપણ વસ્તુનું જ્ઞાન આપણને ન હોય ને એ વસ્તુ આપણને મળી હોય તો ઉત્કૃષ્ટ કક્ષાની વસ્તુ એ નિકૃષ્ટ શ્રેણીની જાણીને માણસ ફેંકી દે છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ,
શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૭૨)

● ગૌરક્ષા—ગો—પાલનમાં તત્પર બનો ●

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા—ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ **અંક : ૯**
વિક્રમ સંવત : ૨૦૫૭ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૪** **ડીસેમ્બર, ૨૦૦૧**
વાર્ષિક લવાજમ રૂ.૪૦/– **આજીવન લવાજમ રૂ.૫૦૧/–**
"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

॥ શ્રીહરિઃ ॥

નૂતન વર્ષનો શુભ સંકલ્પ

સમગ્ર જીવસૃષ્ટિના કલ્યાણ અર્થે જીવનદાત્રી સરિતાઓના જલ (પાણી)ને પ્રદુષણ મુક્ત બનાવવા જનજાગૃતિ લાવવા પ્રભુ 'શ્રીકૃષ્ણ'નાં ભક્તો પ્રયત્નશીલ બને.

જલ એ જીવન છે. પાણી વગર કોઈપણ જીવનું પોષણ થતું નથી. ભારતની મુખ્ય નદીઓ ગંગા, યમુના, સરસ્વતી, કૃષ્ણા, સિંધુ, કાવેરી, તાપી, નર્મદા...વિગેરે નદીઓનું સ્રાવ ક્ષેત્ર વિશાળ હોઈ તેમજ અનેક જીવોનું પોષણ કરતી હોઈ દરેક સનાતન ધર્મી સવારના સ્નાન કરતી વખતે ઉક્ત નદીઓનું સ્મરણ કરી પોતાને પાવનકારી બનાવે છે.

પરમ પાવનકારી–શ્રીકૃષ્ણપ્રિયા–જીવનદાત્રી–મુક્તિદાત્રી–પાપહરવાવાળી શ્રીયમુનાજીનું જલ પ્રદુષણ મુક્ત બને તે માટે પ્રયત્નશીલ બનવા સને ૯૯ માં આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદની કાર્યકારી સમિતિમાં નિર્ણય લીધો.

જેના અનુસંધાને વૈષ્ણવ પરિષદનાં પ્રદેશ પદાધિકારી શ્રીડાયાભાઈ ડેલાવાળાએ આદરણીય વડાપ્રધાન શ્રીઅટલબિહારી વાજપેયીને સંબોધી તા. ૧૮–૯–૯૯ નાં રોજ પત્ર લખ્યો જે કેન્દ્રીય મંત્રીઓ, યુ.પી., હરિયાણા, ગુજરાત...સરકારનાં મંત્રીશ્રીઓ તેમજ અન્ય જાગૃત કાર્યકરોને તે પત્ર મોકલ્યા. સાથે વ્રજમંડલમાં જઈ સ્થાનિક કાર્યકરોનો સહયોગ લઈ ત્યાં જાગૃતતા લાવવા પ્રયત્નો કર્યા તેમજ વૈષ્ણવ પરિષદનાં નડિયાદ મુકામે મળેલ અધિવેશનમાં ઠેરઠેરથી આવેલ કાર્યકર્તાઓએ ઠરાવ કરી જનજાગૃતિ લાવવા પ્રયત્નો કર્યા. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવાચાર્યો પૂજ્ય ગોસ્વામી બાલકોએ પણ આશીર્વાદ સાથે જાગૃતિ લાવવા વિશેષ પ્રયત્નો કર્યા. મધ્યપ્રદેશ ઈન્દોરમાંથી પણ 'શ્રીયમુના જલ પ્રદુષણ નાબુદી સમિતિ'ની રચના કરી શ્રીરામનારાયણ ચાંડકે પણ જાગૃતિ લાવવા પ્રયત્નો કર્યા. આ જાગૃતિ આવતા મથુરા નિવાસી શ્રીગોપેશ્વરનાથ ચતુર્વેદીજીએ સુપ્રીમ કોર્ટમાં જાહેર હિતની અરજી કરી જેથી સુપ્રીમ કોર્ટનાં ન્યાયાધીશોએ શ્રીયમુનાજીનાં જલને વહેલી તકે પ્રદુષણ મુક્ત બનાવવા સરકારને અનુરોધ કર્યો.

થોડી જનજાગૃતિ આવતા મથુરામાં વહેતા શ્રીયમુનાજીનાં જલમાં ગામનાં ગંદા પાણીના નાલા વહેતા હતા અને જલને પ્રદુષિત બનાવતા હતા તે નાલા બંધ થયા તેમજ ધોબીઘાટ ઉપર રસાયણયુક્ત પ્રદુષણવાળું પાણી જલમાં ભળતું હતું તે અનેક વાદ–વિવાદ અને વિરોધ વચ્ચે ત્યાં કપડા રંગવા–ધોવાનું બંધ કરાવવામાં આવ્યું સાથે વિશ્રામ ઘાટનો જીર્ણોદ્ધાર થઈ ગયો. હાલ અન્ય ઘાટોનું બાંધકામ ચાલી રહ્યું છે જે આનંદની વાત છે.

ચોરાશી કોસમાં વસેલ વૃજમંડલ કે જ્યાં ભગવાન શ્રીકૃષ્ણએ અનેકવિધ લીલાઓ કરી છે તે દરેક સ્થળોને સરકારશ્રીએ 'તીર્થસ્થલ' તરીકે જાહેર કરેલ છે. પરંતુ તેના સંરક્ષણ અન સંવર્ધન માટે જોઈએ તેવા પ્રયત્નો નથી થયા. જેમાં 'શ્રીમદ્ ગોકુલ' કે જ્યાં ભગવાન શ્રીકૃષ્ણનું બચપણ વિશેષ વ્યતીત થયું છે તે અતિ મહત્વનું તીર્થસ્થલ છે. જગદ્ગુરૂ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પણ શ્રીમદ્ ગોકુલને તીર્થસ્થલી માની ત્યાં મુખ્ય નિવાસ કર્યો સાથે શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)નાં સાત પુત્રોનાં સાત નિવાસ બનાવી દરેકને સ્વરૂપો પધરાવી આપ્યા. તે સાત નિધિ સ્વરૂપો તથા શ્રીમહાપ્રભુજીનાં સેવ્ય શ્રીગોવર્ધનનાથજી તથા શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)ના સેવ્ય શ્રીનવનીતપ્રિયાજી આ રીતે કુલે મુખ્ય નવ નિધિ સ્વરૂપોનું પુષ્ટિમાર્ગમાં વિશેષ

અનુસંધાન ટાઈટલ ૩ ઉપર

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ · અંક : ૯ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ ડીસેમ્બર, ૨૦૦૧

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ ચૌંસઠમો : " આપને પ્રભુ તે અતિ નજીક અતિ દૂર રહે નહીં "

પોતાના માથે શ્રીગુરૂદેવે પધરાવી આપેલ શ્રીઠાકોરજીની સેવા વખતે, અતિ નજીક, એટલે કે આપણા શ્વાસ, પસીનાની ગંધ આવે તેટલું નજીક ન રહેવું તેમજ બહ દૂર પણ ન રહેવું.

☐ અપરાધ પાંસઠમો : " દિન ઘડી છ રહે તબ ઉત્થાપન કરેં "

સૂર્યાસ્ત પહેલા લગભગ સવા બે કલાક બાકી હોય એટલે કે સાંજના સાડાચારથી પાંચ વાગ્યા સુધીમાં પ્રભુને ઉત્થાપન કરાવવા.

☐ અપરાધ છ્યાંસઠમો : " અવેર કરે તો દોષ ઉપજે "

ઉત્થાપન કરવામાં મોડું થાય તો દોષ લાગે. કેમકે પ્રભુના દર્શન કરવામાં ભક્તનો વિલંબ થાય તે દુઃસહ છે. તેમજ પ્રભુના સુખના વિચારે પણ બહુ મોડા ઉત્થાપન થતાં પ્રભુને તાજા નવા શીતલ જલના ઝારીજી ભરવા, લીલો મેવો વગેરે ધરવો તે જો મોડું થાય તો પ્રભુને શ્રમ પડે તેનો વિચાર કરી, લૌકિક કામમાં વ્યસ્તતા–જંજાળ છોડી સમયસર દરેક સેવા પહોંચવા તત્પર રહેવું.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટેં ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર ગો.વા. શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

—ગતાંકથી ચાલુ

અત્રારંભે ન નાશઃ સ્યાદ્ દષ્ટાંન્તસ્યાપ્યભાવતઃ ।
સ્વાસ્થ્યહેતોઃ પરિત્યાગાદ્બાધઃ કેનાસ્ય સંભવેત્ ॥૧૮॥

શ્લોકાર્થ : અહીં આરંભમાં એવા દષ્ટાંતનો પણ અભાવ હોવાથી નાશ થતો નથી. સ્વસ્થપણું કરાવનાર કારણોનો ત્યાગ થતો હોવાથી આનો નાશ કોનાથી થવાનું સંભવે? ॥૧૮॥

ભાવાનુવાદ : ભક્તિમાર્ગમાં પરિત્યાગમાં શરૂઆતમાં પ્રવૃત થયેલાનો નાશ થવાનું વિઘ્ન આવતું નથી. આવી રીતે પ્રવૃત થનારનો પ્રતિબંધનો અભાવ હોવાનો અનુભવ થાય છે. પરંતુ ફળ મળતામાં પ્રતિબંધના અનુમાનમાં કોઈ દોષ લાગે ખરો ? તેનું સમાધાન કરતાં કહે છે કે શુદ્ધ પુષ્ટિમાર્ગીય ત્યાગ કરનારનો નાશ થયો હોય તેવું કોઈ દષ્ટાંત જોવામાં આવતું નથી. છતાંપણ અપિ શબ્દથી થાય છે કે એવા દષ્ટાંતનો અભાવ છે તેવું કહેવાનો આશય (હેતુ) છે.

ખરેખર ! લૌકિક વિષયોમાં અનુરાગના કારણે સ્વર્ગાદિ અને અક્ષરબ્રહ્મનાં આનંદ કરતાં પણ ઉત્તમ ફલની અભિલાષાથી સ્વાસ્થ્યના નાશથી ફલ મેળવવામાં પ્રતિબંધ થવાના લક્ષનો દોષ પ્રકૃતપરિત્યાગ કરવા છતાં પણ થાય તેવી શંકાનું સમાધાન કરતા કહે છે. સ્વાસ્થ્યને કારણે અસ્વસ્થતા થવી અશક્ય છે. તે પ્રમાણે ભજનાનંદ મળે તે કરતાં બીજી અભિલાષા કરવી તુચ્છ છે. કારણ કે જો બીજી અભિલાષા ન કરવામાં આવે તો ફળ મેળવવામાં કોણ પ્રતિબંધક બની શકે ? અર્થાત્ કોઈ ફળ મળવામાં પ્રતિબંધક બની શકતું નથી. હવે ફળ મળવામાં જો કાળ વગેરે પ્રતિબંધક બને તો શું થાય તેનું સમાધાન નીચે પ્રમાણે કરે છે. ॥૧૮॥

હરિરત્ર ન શક્નોતિ કર્તું બાધાં કુતોઽપરે ।
અન્યથા માતરો બાલાન્ન સ્તન્યૈઃ પુપુષુઃ ક્વચિત્ ॥૧૯॥

શ્લોકાર્થ : હરિ અહીં વિઘ્ન કરી શકતા નથી, તો બીજાઓ ક્યાંથી કરી શકે ? એમ ન હોય તો માતાઓએ બાળકોને ધાવણથી કોઈ સ્થળે પોષણ કર્યું ન હોત. ॥૧૯॥

ભાવાનુવાદ : જો ભજનાનંદ મળવામાં કાલાદિ વિઘ્ન કરે તેનું સમાધાન કરે છે. પૂર્વ–પક્ષે મનમાં વિઘ્નનો વિચાર કરીએ તો કહે છે. આવો પ્રશ્ન ઉઠે તો સમજવું કે નજીકના કાળની વાત છે. નજીકના કાળમાં કરવામાં આવતા વિઘ્નને પૂછવામાં આવે તો બાળકને શું મા સ્તનપાન કરાવી તેનું પોષણ નથી કરતી નું દષ્ટાંત ધ્યાનમાં લેવું. જેમ મા બાળકને સ્તનપાન

કરાવી તેનું પોષણ કરે છે, તેમ ભગવાન પણ પોતાના ભક્તનું રક્ષણ કરે છે. જો તમને તે વાત નિશ્ચિત લાગતી હોય તો હું તમને પૂછું કે મા બાળકને સ્તનપાન કરાવી શા માટે તેનું પોષણ કરે છે? તેજ પ્રમાણે તે કાળમાં જેમ માતા બાળકનું પોષણ ન કરે તો તે મા રાક્ષસણી ગણાય તે જ રીતે ભગવાન પોતાના ભક્તનું પોષણ કરવામાં બાધક બને તો તે પણ મનમાં આપણને એવો જ લાગે.

તે પ્રમાણે બંને માતા અને ભગવાન પોષણ કરવામાં સમાન માનતા. (અર્થાત્ જેમ માતા બાળકનું પોષણ ન કરે એ અશક્ય છે તેમ ભગવાન ભક્તને પ્રતિબંધ કરે તે અશક્ય છે) ખરેખર ! દૈવથી મળેલા જ્ઞાનીનું જ્ઞાન સાનુભવજ્ઞાનપૂર્વક સ્વમાર્ગમાં ઉપદેશાયેલું હોય તે પ્રમાણે જ તેણે કરવું. આવું કરનારની ગતિ થાય? તેનું સમાધાન કરે છે.

ભગવાન પોતે તો પ્રતિબંધ ઉભો કરતો નથી. પરંતુ સ્વમોહિકા માયા જો મોહ ઉત્પન્ન કરે અને જીવને બીજા માર્ગમાં રુચિ કરાવે તેનું લક્ષણ દેખાય તો તે પ્રતિબંધ ઉભો કરે. આવી શંકા થાય તો નીચેના શ્લોકમાં તેનું સમાધાન કરે છે. ||૧૯||

'જ્ઞાનિનામપિ' વાક્યેન ન ભક્તં મોહયિષ્યતિ ।
આત્મપ્રદઃ પ્રિયશ્ચાપિ કિમર્થં મોહયિષ્યતિ ||૨૦||

શ્લોકાર્થ : જ્ઞાનીઓના વાક્યથી પણ પ્રભુ પોતાના ભક્તનો મોહ કરશે નહીં, તો પોતાના સ્વરૂપનું દાન કરનાર અને વળી પ્રિય એવા પ્રભુ શા માટે પોતાના ભક્તોને મોહ કરે ? ||૨૦||

ભાવાનુવાદ : જ્ઞાનીઓના ચિત્તમાં તે મહામાયા દેવી ભગવતી જ બળપૂર્વક આકર્ષીને મોહમાં જ્ઞાનીને નાખી દે છે. અહીં 'જ્ઞાનીઓ માટે જ' એમ કહ્યું છે. પણ ભક્તોને માટે નથી કહ્યું. તેથી મહામાયાની શક્તિ જ્ઞાનીને મોહ ઉત્પન્ન કરાવે તેવી છે પણ ભક્તને મોહ ઉત્પન્ન કરાવી શકતી નથી.

દૂરના વર્તમાનમાં પણ ભક્તને મોહ થવાનો અભાવ છે. તેથી ભક્તિમાર્ગથી પ્રતિબંધ થવાનો ભય નથી એ નિશ્ચિંત છે પરંતુ ભવિષ્યમાં એવું થવાનું સંદિગ્ધ સંભવ છે? તો કહે છે ભક્તિમાર્ગમાં થોડો પણ દોષ થવાનો સંભવ નથી તેથી મોહ ભક્તિમાર્ગથી દૂર રહે છે.

ભગવદ્ ઈચ્છાથી ભક્ત તો બધી રીતે સ્વતંત્ર છે. તેથી કદાચ પાછળથી ભક્તને પોતાને મોહ થાય તો શું કરવું ? તેનું સમાધાન કરે છે. પ્રભુ તો આત્મપ્રદ એટલે કે સ્વસ્વરૂપનું દાન કરનાર છે. તેથી ભક્ત જો લોભી, દ્વેષી અને ભવિષ્યમાં મહામાયાથી મોહ પામે તો ભગવાન જીવકૃત સાધ્યસાધન નિરપેક્ષ હોઈ–પોતે પ્રયત્ન કરીને મહાન ઉદારતા બતાવે છે. તેથી જીવને દ્વેષી પણ નથી બનતો અને ભક્ત તરફ ઉદાસીન ભાવ પણ નથી રાખતો. તેને ભક્તપ્રિય હોવાને લીધે પ્રયોજનનો વિચાર કરીને ભક્તમાં લોભ, દ્વેષ વગેરેનો અભાવ ઉત્પન્ન કરે છે. ભક્તને મોડું થવા દેતો નથી. ૨૦

શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

૨૧. સેવા

શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગમાં 'સેવા' એકલી જ ઉત્તમોત્તમ સાધન માની ગઈ છે. બ્રહ્મસંબંધ લેવાથી જીવ સેવાનો અધિકારી બને છે. કળીયુગમાં સેવા જ બંને રીતના ભગવત્ સાયુજ્યની પ્રાપ્તિ માટેનો એકમાત્ર માર્ગ છે. સેવા ભગવાનમાં અપૂર્વ માહાત્મ્ય જ્ઞાન સ્થાપિત કરીને અનન્ય ભગવાનમાં અને દઢ શ્રદ્ધા તથા આસ્થાપૂર્વક કરવી જોઈએ.

કળીયુગના પ્રભાવથી બધાય પદાર્થ અશુદ્ધ થઈ ગયા છે. શુદ્ધ પદાર્થ મળવા અત્યંત કઠીન છે. શુદ્ધ પદાર્થ મળતાં ત્યારે ઘણા સમય પૂર્વે યજ્ઞ યાગાદિક સંપન્ન થતા હતા. પરંતુ હવે દેશ, કાળ, દ્રવ્ય, મંત્ર, કર્તા અને કર્મ તેની શુદ્ધ પ્રાપ્તિ અત્યંત અસંભવ છે. અને તેથી આજકાલ યજ્ઞ યાગાદિક કાંઈપણ સફળ થતાં નથી. આ અમારા અનુભવની વાત છે. તેથી ભગવાનના ચરણારવિંદની પ્રાપ્તિ કરાવવાવાળી કળીયુગમાં ભક્તિ અથવા સેવા જ પ્રાપ્ત થાય છે.

ભગવાનની ભક્તિમાં સ્નેહ થવા માટે સેવાની અત્યંત આવશ્યકતા છે. જે વૈષ્ણવ થઈને સેવા કરતો નથી તે પુષ્ટિમાર્ગના રહસ્યને જાણતો નથી. અને તેને ભક્તિમાર્ગ વર્ણિત સફળતા પ્રાપ્ત થતી નથી. 'યો યદંશઃ સ તં ભજેત્ ।' ઈત્યાદી ન્યાયથી જીવ પ્રભુનો અંશ છે. તેથી પ્રભુની સેવા કરવી તે તેનો ધર્મ છે. ભગવાન સર્વત્ર છે અને હું પણ ભગવાનનો છું. આ ભાવ રાખીને ભગવાનની સેવા કરવી જોઈએ. શ્રીમહાપ્રભુજીએ કહ્યું છે કે 'જીવનો કોઈપણ દેશ અથવા કોઈપણ કાળમાં સેવા સિવાય એકેય ધર્મ નથી. સેવા વિના અન્ય ધર્મની સાધના કરવા માંડે તો તેને દુઃખની પ્રાપ્તિ થશે. સુખની પ્રાપ્તિ નહીં થાય.' સેવા જ ભક્તિ છે. ભગવાનમાં મન લાગવું તે ભક્તિ છે. આ જ મહાપુરૂષાર્થ છે. અને આનાથી જ ભગવાન વશ થાય છે. આપણે અહીં ભક્તિ અને સેવાનું અલગ અલગ વર્ણન કરીશું.

શ્રીહરિમાં એક તન, મન, પ્રાણ થઈને તેની પરિચર્યા કરવી તેને સેવા કહે છે. આ સેવા ત્રણ પ્રકારની છે. તનુજા, વિત્તજા અને માનસી. આમાં માનસી સેવા ઉત્કૃષ્ટ છે. આ માનસી સેવાન સાધનરૂપ જ તનુજા અને વિત્તજા સેવા છે. શ્રવણ, કીર્તન અથવા શરીરથી સેવા કરવામાં આવે છે. તેને તનુજા સેવા કહેવામાં આવે છે. તથા સન્મોર્ગોપાર્જિત દ્રવ્યથી પ્રભુનું મંદિર, આભૂષણ અને વસ્ત્ર આદિ બનાવવા તે વિત્તજા સેવા છે. આ બંને સેવા માનસી સેવામાં સહાયક છે. અને તેનો નિરંતર અભ્યાસ કરતા રહેવાથી તે બીજરૂપ ભાવનો ઉદ્‌બોધ થાય છે. અને આ ભાવ

ઉત્પન્ન થવાથી પ્રભુમાં પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે. આ રતિરૂપા પ્રથમ ભૂમિકા છે. તે ઉપરાંત ભક્તિવર્ધિનીની રીત પ્રમાણે નિરંતર સેવા કરવાથી આસક્તિ અને વ્યસન એ બંને એક પછી એક થાય છે. પ્રભુમાં વ્યસન થવાથી જીવ કૃતાર્થ થાય છે. વ્યસન થઈ જવાથી સાધનોનું આચરણ કરવું આવશ્યક નથી. અહીં સુધી તો જીવના હાથની વાત છે. પરંતુ સર્વાત્મભાવ તો કેવળ ભગવદ અનુગ્રહથી જ પ્રાપ્ત થાય છે. માનસી સેવા અથવા વ્યસનનું ચરમ ફળ ભગવદપ્રાપ્તિ જ છે.

આ સંપ્રદાયમાં પ્રભુની સેવા કોઈપણ ફળની આકાંક્ષા રાખ્યા વિના કરવામાં આવે છે. ઉત્તમ ભક્ત તો તે છે કે જે હૃદયમાં કોઈપણ કામના ન રાખીને ભગવાનની પરિચર્યા કરે. જે લોકો ભગવાનની શુદ્ધ રીતિ અને સાચા અંતઃકરણથી સેવા કરે છે. અને જે કાંઈ ફળની આશા રાખે છે. તે ભગવાનના સેવક નથી. તેઓ તો એક પ્રકારના લેવા દેવા કરવાવાળા વેપારી છે. જે એક ચીજ આપીને બીજાની આકાંક્ષા કરે છે.

આપણા સંપ્રદાયમાં ભગવાનની સેવા બાળભાવથી કરવામાં આવે છે. લોકોમાં જે પ્રકારે અતિ પ્રેમાસ્પદ બાળકને, સર્વ લોકો સર્વ રીતથી પ્યાર અને આદર કરે છે. તેજ પ્રકારે અહીંયા પણ ભગવાનની સેવા સર્વતોધિક ભાવથી કરવામાં આવે છે.

પ્રભુની પરિચર્યા કેવી રીતે કરીએ તો પ્રભુ વધારે સુખી થાય એ વાતનું ધ્યાન દરેક સેવકે રાખવાનું હોય છે. જે ભક્ત દુઃખહર્તા ભગવાનની પ્રિતિપૂર્વક સેવા કરે છે અને શ્રીકૃષ્ણના દુઃખ હરવાનો પ્રયત્ન કરે છે (એટલે કે પ્રભુને સેવા સમયે કેમ શ્રમ ઓછો પડે તે) તે સર્વત્ર વૈરાગ્યને પામ્યો છે તે નિશ્ચય જાણવું. પ્રભુમાં ગાઢ સ્નેહ હોય અને બીજા કોઈપણ પદાર્થમાં આસક્તિ ન હોય અને તે સમયે પ્રભુને થોડું પણ દુઃખ ભક્તથી સહન થતું નથી. તેથી તે સેવક સર્વતઃ ભગવાનના દુઃખની નિવૃત્તિનો પ્રયત્ન કરે છે. આ બધી વાતો પ્રભુમાં પ્રગાઢ સ્નેહ થવાથી થાય છે. આપણા માર્ગમાં પ્રભુ ઉપર ગાઢ સ્નેહભાવ રાખીને સેવા કરવામાં આવે છે. તેથી ભગવાનને પ્રસન્ન કરવાનો આ એક ઉત્તમ માર્ગ છે.

જે પ્રકારે શિશુની સેવા આપણે રાત્રિ દિવસ કર્યા કરીએ છીએ. અને કેવી રીતની તેની પરિચર્યા કરવાથી તે સુખી થાય એ વાતનું સર્વદા ધ્યાન રાખીએ છીએ. તેજ પ્રમાણે સેવા પ્રભુની કરતી વખતે ધ્યાન રાખવું. શીતકાલના દિવસોમાં પ્રભુને ગદલ તથા રાત્રિમાં રજાઈ ધરાવવામાં આવે છે. ગ્રીષ્મકાલમાં ચંદન, ગુલાબજલ આદિ અર્પણ કરવામાં આવે છે. તથા પ્રાતઃકાલથી લઈને સાયંકાળ સુધી, સમય સમય પર ઋતુને અનુકુળ સતુવા, ઉત્તમ પકવાન, પના, આમરસ, ખીર, દૂધ, દહીં, સંધાના, માખન, મિશ્રી, આદિ લોકપ્રિય ઉત્તમ પદાર્થ પ્રભુને ભોગ આદિમાં ધરાવવામાં આવે છે. એકાદશ સ્કંધમાં કહ્યા મુજબ–

યદ્યદિષ્ટતમં લોક યચ્ચાતિ પ્રિય માત્મનઃ । 'તતન્નિવેદયેન્મત્યમ્'

વાક્ય અનુસાર સેવા કરવામાં આવે છે. અને આ ઉપચાર પ્રભુમાં ગાઢ અનુરાગ પેદા

કરવાના સાધન છે. અને આ ભગવાનની આજ્ઞા પણ છે.

આપણે ત્યાં નામ સેવા અને સ્વરૂપ સેવા એ બે સેવાઓ પ્રસિદ્ધ છે. સ્વરૂપ સેવા (ભગવાનના સ્વરૂપની સેવા) અને નામસેવા (ભગવાનના સ્વરૂપને સમજાવવા ગ્રંથોને વાંચવા, વંચાવવા તથા સાંભળવા.) વૈષ્ણવે એ બંને સેવા કરવી જોઈએ. સ્વરૂપ સેવા અનોસરમાં નામ સેવા કરવી પરમ કર્તવ્ય છે. જો લોકો સ્વરૂપ સેવા કરતા હોય અને નામ સેવા ન કરે તેની સેવા અધૂરી ગણાય છે.

સેવા સંતોષજનોની એ ઋણરૂપા સેવા છે. જેમકે રાજસેવા, ગુરૂસેવા, પિતૃસેવા. પરંતુ આવી સેવા હંમેશા થવી સર્વત્ર દુર્લભ છે.

સેવા બે પ્રકારની છે. એક સાધનરૂપ સેવા અને બીજી ફળરૂપ સેવા. તેમાં માનસી સેવા ફળરૂપા સેવા છે. આ બંને પ્રકારની સેવા સાધન જ ફળરૂપ હોવાથી નિત્ય અનુષ્ઠેય છે. આ વાત સૂત્રકારે ફળાધ્યાયના પ્રથમ ચરણમાં 'આવૃત્તિ રસ કૃદુ પદેશાત્' આ સૂત્રમાં કહી છે. સૂત્રકારે ફળાધ્યાસમાં સાધનનો વિચાર કર્યો છે અને તેના અસદ્દુપદેશની આવશ્યકતા સિદ્ધ કરી. માનસી સેવા મુખ્ય છે. તે પણ સાધનાધ્યાયના સહકાર્યન્તરાધિકરણથી સિદ્ધ થાય છે.

શાસ્ત્રોમાં પણ કાયિક, વાચિક અને માનસિક આ ત્રણ સાધન ઉપદષ્ટિ કરવામાં આવ્યા છે. તેમાંથી માનસિક મુખ્ય સમજાવ્યું છે. કહેવામાં પણ આવ્યું છે કે 'મન સૈવાપ્તવ્યમ્' અથવા મનથી જ પ્રાપ્ત કરવું જોઈએ. આ શ્રુતિ પણ માનસી સેવા ઉત્કૃષ્ટ પદે છે તેમ કહે છે. બાહ્ય સાધન જ્યાં સુધી ભગવાનમાં સ્નેહનો સંચાર ન થાય ત્યાં સુધી એક કર્તવ્ય છે. અને ભગવદ્કૃપાથી સ્નેહ સ્વયં સ્ફુરિત થાય છે. તેનો નિર્ણય ભવિષ્ટકારે પણ કહ્યો છે. પુષ્ટિમાર્ગમાં તો તેની પરાકાષ્ઠા છે. આ નિશ્ચય છે. ભગવાન પણ બીજા રસ્તાથી પ્રસન્ન થતા નથી. ભગવાનને 'અથતત્પરમં ગુહ્યમ્' અને 'સુગોપ્યમપિ વક્ષ્યામિ' આમ કહીને આ પથ (રસ્તા)થી એકાન્ત પ્રેમ પ્રગટ કર્યો છે. તેથી માનસી સેવા જ ઉત્તમ છે. તેજ કર્તવ્ય છે અને તે ભગવાનમાં ગાઢ અનુરાગ પેદા કરવાવાળી છે.

ભગવાનમાં જ મનની અવિચ્છિન્ન ગતિ, તેમાં જ સર્વાધિક સ્નેહ અને તેમાં દઢ વિશ્વાસ પ્રભુની સેવા કરવાથી જ થાય છે.

સમાધિમાં જે પ્રકારે મન બાહ્ય જ્ઞાન શૂન્ય થઈ જાય અને પોતાના ધ્યેયમાં એકતાન થઈ જાય છે. તેજ પ્રકારે માનસી સેવામાં પણ મન પ્રભુના ચરણારવિંદમાં એક તાન મન અને પ્રાણ થઈ જાય છે. સેવાની પ્રથમ અવસ્થામાં મન નમ્ર થાય છે. બીજી અવસ્થામાં ભગવાનને આધીન થાય છે, અને ત્રીજી અવસ્થામાં ભગવાનમાં તન્મય થઈ જાય છે. આ સેવાની પરાકાષ્ઠા છે. ભગવાનની સેવામાં પહેલા પ્રેમ થાય છે. પછી આસક્તિ થાય છે. અને છેવટે ભગવાનમાં વ્યસન થાય છે. જ્યારે વ્યસન થઈ જાય ત્યારે એમ જાણવું કે ભક્તિ અથવા સેવાનું ઉત્તમ ફળ મળ્યું. જ્યારે મન બધીજ બાહ્યવૃત્તિમાંથી નીકળીને ભગવાનમાં એકતાની થઈ જાય—સર્વતઃ ભગવાનનું

જ્ઞાન થવા લાગે તો ભગવાન વિના એક ક્ષણ પણ ન રહી શકાય ત્યારે જાણવું કે માનસી સેવા સિદ્ધ થઈ. તે સમયે જીવનું કાંઈપણ કર્તવ્ય હોય તો ભગવાન, ધર્મ હોય તો ભગવાન અને ગતિ હોય તો ભગવાન. બધુંય ભગવાનમય થઈ જાય છે. ભગવાનના સિવાય ક્યાંય પણ કોઈપણ જગ્યાએ શેનુંય પણ જ્ઞાન (ભાન) ન રહે તેને ઉત્તમોત્તમ સેવાની સિદ્ધિ માનવામાં આવી છે. આવી સેવા જેને પ્રાપ્ત થાય તેને ધન્ય છે. તે મનુષ્ય નથી. દેવતાઓથી પણ અધિક શક્તિશાળી ભગવાન છે.

સેવાનું મૂળ અને પ્રમાણ શ્રીમદ્ ભાગવત છે. શ્રીમદ્ ભાગવતમાં બાહ્ય પ્રકારની સેવા નવ પ્રકારની લખવામાં આવી છે.

શ્રવણં, કીર્તનં, વિષ્ણોઃ સ્મરણં પાદસેવનં ।
અર્ચનં, વન્દનં, દાસ્યં, સખ્યમાત્મ નિવેદનમ્ ॥

અર્થ : શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, દાસ્ય, સખ્ય અને આત્મનિવેદન આ નવ પ્રકારની ભક્તિ (સેવા) છે.

આ નવ પ્રકારની ભક્તિ પ્રભુને પ્રસન્ન કરવાને સમર્થ છે.

૧. શ્રવણ ભક્તિ : પ્રભુ ભક્ત મુખથી પ્રભુના જન્મ આદિ ચરિત્ર, ભગવન્નામ તથા ભગવત્સ્તોત્ર પાઠોનું ધ્યાન અને શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરવાની ભક્તિને શ્રવણ ભક્તિ કહે છે. પ્રભુમાં અનુરાગ ઉત્પન્ન કરવાનું આ પ્રથમ સાધન છે. પ્રભુ અને તેની લીલાઓનું ધ્યાનપૂર્વક શ્રવણ પ્રથમા ભક્તિ છે.

૨. કીર્તન : પ્રભુનું નામ, ચરિત્ર તથા સ્તોત્રોનું અધિકારપૂર્વક શ્રદ્ધાથી કીર્તન કરે તેને કીર્તન કહે છે. આ ભક્તની બીજી સીડી છે.

૩. સ્મરણા ભક્તિ : પ્રભુનું સ્વરૂપ, લીલા તથા લીલા પરિકરને ધ્યાનપૂર્વક મનથી નિરંતર સ્મરણ કરવું તેને સ્મરણ ભક્તિ કહે છે. આ ભક્તિ ત્રીજી અવસ્થા છે. અને તે શ્રવણ અને કીર્તનથી સિદ્ધ થાય છે.

૪. પાદસેવન : શ્રદ્ધાથી પ્રભુની સદાય પ્રેમપૂર્વક પરિચર્યા કરતં રહેવું તેને પાદસેવન ભક્તિ કહે છે. અહીં પાદસેવનનો અર્થ સોહિની સેવાથી લઈને અન્નકૂટની સેવા પર્યંત છે.

૫. અર્ચન : શાસ્ત્રોક્ત રીતિ પ્રમાણે પ્રભુના મહાત્મ્યનું હૃદયમાં ધ્યાન ધરીને સેવા કરતાં જે જે ઉપચાર કરવામાં આવે તેને અર્ચન કહે છે.

૬. વંદન : પોતાની દીનતાને વ્યક્ત કરતાં પ્રભુને જે નમન કરવામાં આવે છે તેને વંદન કહેવાય છે.

૭. દાસ્ય : કોઈપણ પ્રકારનો અન્યાશ્રય ન કરીને કેવળ પ્રભુનાં જ દાસ થઈને રહેવું તેને દાસ્ય ભક્તિ કહે છે.

૮. સખ્ય : શ્રદ્ધાથી પ્રભુમાં અને પ્રભુની સેવામાં કોઈપણ જાતની પ્રેરણાથી રહિત થઈને પ્રભુના

સુખનું ધ્યાન રાખવામાં આવે છે. તેને સખ્ય ભક્તિ કહેવાય છે. જ્યાં પ્રભુની સેવા બિરાજમાન છે ત્યાં ગ્રીષ્મ ઋતુમાં પંખા કરવા, ચંદન ધારણ કરાવવું વગેરે વિધેય છે. તે જ રીતે શીતકાલમાં પ્રભુને ગદલ ધરાવવું. તેમની સન્મુખ અંગીઠી (સગડી) રાખવી વગેરે ઉપચાર કરવામાં આવે છે. ઋતુ અનુસાર પ્રભુના સુખનો વિચાર કરીને જે ઉપચાર કરવામાં આવે છે તેને સખ્ય ભક્તિ કહે છે.

૯. આત્મનિવેદન : દેહ, પુત્ર, સ્ત્રી, ધન અને અન્ય પ્રિય પદાર્થો સહિત પોતાને ઈશ્વરને આધીન સમર્પણ કરી દે તેને આત્મનિવેદન કહે છે. શ્રીવલ્લભાચાર્ય મતને અનુસરનારા વૈષ્ણવોને ત્યાં સર્વત્ર આ નવધા ભક્તિ કરવામાં આવે છે. સેવામાં અનોસરમાં અથવા જે સમયે શ્રી પોઢી રહ્યા હોય તે સમયે ભાગવત, શ્રીસુબોધિનીજી અને ભગવન્નનામોનું શ્રવણ કરવામાં આવે છે. તે શ્રવણ ભક્તિ છે. અનોસરમાં અથવા સેવા સમયમાં સંસ્કૃત એવં પ્રાકૃત કીર્તનોનું ગાન કરવામાં આવે છે. કારણ કે ગાન વિદ્યા ઉદ્વેગને નાશ કરવાવાળી છે. આ કીર્તન ભક્તિ થઈ. નિત્ય નિયમના સમયે શરણમંત્ર, સમર્પણ મંત્ર, તથા ભગવન્નામનું પુનઃ પુનઃ આવર્તન કરવું તે સદાચાર છે. આ સ્મરણ ભક્તિ છે. ભગવન્ન મંદિરમાં સોહિની પ્રભૃતિ થી સમાર્જન કરવું. ભગવદ પ્રસાદી વસ્ત્રોને ધોવા, રંગવા અને મંગલાથી લઈને શયન પર્યંત બધી સેવા 'પાદસેવન સેવા' છે.

પંચામૃત સ્નાન, અધિવાસન, સંકલ્પ, દેવોત્થાપન તથા આ બધાયના મંત્રોચ્ચારણ, ધૂપ, દીપ, શંખોદક આદિ ઉપચાર 'અર્ચનરૂપ ભક્તિ' છે. પ્રભુમાં દીનતા રાખીને સદાય તેમને નમસ્કાર કરતા રહેવું તે 'વંદન' છે.

ભગવદપ્રસાદ લેવો, પ્રસાદી વસ્ત્રોને ધારણ કરવા, કુંકુમ ચંદનાદીથી તિલક કરવું, અન્યાશ્રય ન કરવો તે દાસ્ય ભક્તિ છે.

શીતકાલમાં પ્રભુને દિવસમાં ગદલ તથા રાત્રે રજાઈ ધરાવવી, ઉષ્ણકાલમાં ચંદનગુલાબ જલ આદિ અર્પણ કરવું તથા પ્રાતઃકાલથી લઈને સાયંકાલ પર્યંત સમય સમય પર ઋતુ અનુસાર ઉત્તમ પકવાન, પના, દૂધ, દહીં, માખન, મિશ્રી આદિ લોકપ્રિય ઉત્તમ પદાર્થો પ્રભુને ભોગમાં ધરવા તે બધી 'સખ્ય ભક્તિ' છે. પ્રેરણા વગર હિતનું આચરણને સખ્ય કહે છે.

દેહ, ઈન્દ્રીય, અંતઃકરણ તથા સ્ત્રી, પુત્ર, ગૃહ, મિત્ર અને ધન આદિનો પ્રભુમાં વિનિયોગ કરીને પ્રભુની સેવા લાયક બનાવવો અથવા તે બધાનો પ્રભુ સાથે સંબંધ કરાવવો તે 'આત્મનિવેદન રૂપ ભક્તિ' કહેવાય છે.

અભ્યાસ માટેના પ્રશ્નો :

૧. સેવા શું છે ?

૨. નવધા ભક્તિનું વર્ણન કરો.

૩. સેવા કેટલા પ્રકારની છે ?

૪. સંપ્રદાયમાં સેવા કયા ભાવથી કરવામાં આવે છે ?

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

જીવ સર્વ હરિ અંશ છે, તેના વિવિધ ભાંતિ સ્વભાવ;
સર્વથી હળી મળી રહીયે આ તો છે સંજોગ નદી નાવ
નાવ તરંગ નદી એમ જાણો કોથી ના બગાડીશ બે દિનનો પ્રાહાણો
સહુને સદા એક સ્થળ નથી રહેવું, કટુ વચન માટે કોયને ન કહેવું
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૧)

વિવેચન : ગયા ચંદ્રાવળાનાં અનુસંધાનમાં જ આ કડીમાં ટુંકુને ટચ એવું કવિશ્રી કહે છે કે, જીવ માત્ર ઈશ્વરી અંશ છે. સર્વનો કર્તા હરિ એક જ છે. પરંતુ સ્વભાવો બધાનં જુદા જુદા છે. એને લીધે કર્મો પણ દરેકનાં જુદા જુદા હોય છે, તેમજ જેવો સમય તેવી બુદ્ધિ તેની રહે છે. જેથી ભીન્ન ભીન્ન વિચારધારા હોય, તેમાં આપણે મોહ કરવો નહીં.

આ સંસાર અનાદિકાળથી ચાલ્યો આવે છે. આજ સુધીમાં કેટલા આવ્યા, કેટલા ગયા, તે જાણવા કોઈ સમર્થ નથી. કોણ ક્યારે આવશે જશે, ક્યાં કેટલું રોકાશે, મનુષ્ય જન્મ લે છે, ક્યાં ઉછરે છે, ક્યાં ક્યાં તેનાં જીવનનો અંત છે, તે પણ કોઈ જાણતું નથી.

આ સંસારના સાથિઓ તો કાળે કરીને ભેગા થાય અને કાળે કરીને જુદા થાય છે. જેટલા સમય સાથે રહેવાનો થાય તેટલું રહી શકાય. જેટલો સમય રહેવાય તેટલો સમય સૌથી હળીમળીને રહેવું. કાયમ ક્યાં કોઈને રહેવું છે. માટે કટુ વચન કહી કોઈનું મન દુભાવવુ નહીં. સબ સે હીલ મીલ ચાલીયે નદી નાવ સંજોગ–તે મુજબ સૌથી હળીમળીને ચાલવું, નાવમાં બેઠેલા સૌ પોતાનું સ્થાન આવે ત્યાં ઉતરી જાય. થોડીવારનો મેળાપ હોય તેમ આ સંસારી જીવન છે. ટાણું આવ્યું કે ઉપડી જવાય છે. તેથી આ સંસારમાં આવીને કોઈથી બગાડવું નહીં. સદાકાળ કોઈને એક સ્થળે રહેવું નથી. આ સંસારમાં આવાગમન ચાલ્યા કરે છે. જ્યાં જન્મ લીધો ત્યાં સહુ પોતાના માન્યા, જીવન પુરૂં થયું કે વળી બીજે જ્યાં જન્મ લીયે ત્યાં પોતાના માન્યા. કોણ કેનું ? કોઈ કાયમી નથી. જેમ રોજ સૂર્યોદય થાય છે, પાછળ રાત્રી તૈયાર જ રહે છે. રાત્રી જતાં પાછો સૂર્યોદય થાય છે. નિત્ય નવો દિવસ ઉગે છે. તેમ આ જીવ ખોળીયા બદલ્યા કરે છે. જે ખોળીયામાં જાય ત્યાં નવું રૂપ; નવું નામ, નવા ગુણ, ધારણ કરે છે. જેમ સૂર્ય તો સદા સ્થિર છે, તેને જન્મ લેવો નથી, તેમ જીવાત્મા પણ અમર છે. ફક્ત ખોળીયાનો જન્મ મરણ છે. સંસારમાં કોને કેટલું રહેવું, તે કોઈ જાણતું ન હોવાથી, આ તત્વ સમજીને તેમજ કાલે હતા તે આજે નથી. આજ વાળાનું કોઈ જાણતું નથી. ક્યાં સુધી અત્રે રહેવું છે, આ જોતા કોણ કોનું કહેવું મુશ્કેલ છે. વળી સદા એક સ્થળે રહેવું નથી. આવો સાર સમજીને જીવ માત્ર ઈશ્વરી અંશ છે, તેમ જાણી કટુ વચન કોઈને કહીને કોઈનું દીલ દુભાવવું નહીં. સારમાં સાર–સહુમાં ઈશ્વર છે, તેમ જાણી સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૯૧)

દેવર્ષિ નારદ રચિત : ભક્તિસૂત્ર - પ્રેમદર્શન

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ

હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે પછી છ સૂત્રોમાં અન્ય આચાર્યોના મત મુજબ ભક્તિનાં સાધનો બતાવતાં, પોતાનો મત સ્પષ્ટ કરતાં મુમુક્ષુઓએ તો ભક્તિ જ સ્વીકારવી એમ સિદ્ધ કરતાં પ્રકરણાન્ત આરંભે છે કે–

તસ્યાઃ જ્ઞાનમેવ સાધનમિત્યેકે ॥૨૮॥

૨૮. તેનું (ભક્તિનું) સાધન જ્ઞાન જ છે, કેટલાક (આચાર્યો)નો આ મત છે. જો કે ભક્તિમાં આ જ્ઞાનની ખૂબ જ આવશ્યકતા છે કે હું જેની ભક્તિ કરું છું તેઓજ બધાના સ્વામી, બધાનો આધાર, બધાના મહેશ્વર, જગતની ઉત્પત્તિ, પાલન અને સંહાર કરનાર, માયાના પતિ, અજ, અવિનાશી, સર્વ શક્તિમાન, સર્વજ્ઞ, સર્વાત્મા, નિર્ગુણ, નિર્વિકાર, નિરાકાર, સગુણ, સાકાર ભગવાન છે. તેનાથી શ્રેષ્ઠ બીજું કાંઈપણ નથી. કારણ કે આટલું જ્ઞાન પણ જો ન થાય તો શ્રદ્ધા નહીં થાય, શ્રદ્ધા વિના પ્રેમ નહીં થાય અને પ્રેમ વગર ભક્તિ દૃઢ નહીં થાય.

જાનેં બિનુ ન હોઈ પરતીતી, બિનુ પરતીતી હોય નહીં પ્રીતિ.
પ્રીતિ બિના નહીં ભગતિ બઢાઈ, જિમિ ખગપતિ જલ કે ચિકનાઈ.

પરંતુ આમાં અદ્વૈત જ્ઞાનના સાધનની આવશ્યકતા નથી હોતી. ફક્ત શ્રદ્ધા અને ભાવથી જ પરમાત્માની ભક્તિ પ્રાપ્ત થઈ જાય છે. ગૃધરાજ, ગજેન્દ્ર, ધ્રુવ, શબરી વગેરેને ફક્ત ભગવાનની એવી જ ભક્તિથી ભગવાન પ્રાપ્ત થયા હતા. ૨૮

ભાષ્યાર્થ : જે જેને જાણતો નથી તે તેના ઉપર વાસ્તવિક રીતે પ્રીતિ કરી શકતો નથી. પ્રેમ, પોતાની ઉત્પત્તિ પહેલા, પ્રેમપાત્રના યથાર્થ જ્ઞાનની અપેક્ષા રાખે છે. આથી જે ઈશ્વરને વિશેષપણે જાણતો નથી તે તેને ચાહી શકતો નથી. આથી જ ભક્તિ જ્ઞાનરૂપી ઉપાયવાળી છે. એમ કેટલાક આચાર્યો માને છે. જેમ જેમ ભક્ત ભગવાનને વિશેષપણે જાણે છે તેમ તેમ તેનો પ્રેમ વૃદ્ધિ પામે છે. જ્યારે તે પૂર્ણપણે ઈશ્વરને જાણે છે ત્યારે તે પૂર્ણ પ્રેમયોગી બને છે. આથી પ્રેમનું સાધન સાચું જ્ઞાન જ એમ જે કહેવામાં આવે છે તે યોગ્ય છે ! અને કર્મો તો ચિત્તની શુદ્ધિ સાધન હોઈને જ્ઞાનના ઉપર ઉપકાર કરે છે. સાતમા અધ્યાયમાં ભગવાન વાસુદેવ કહે છે –

તેષાં જ્ઞાની નિત્યયુક્તઃ એકભક્તિઃ વિશિષ્યે ॥
પ્રિયો હિ જ્ઞાનિનોઽત્યર્થં અહં સ ચ મમ પ્રિયઃ ॥ ગીતા.૭ –૧૭ સ. ॥૨૮॥

અર્થ : તે બધામાં, નિત્ય સમભાવ રાખનાર યોગી અને એકનિષ્ઠ જ્ઞાની ભક્ત વિશેષ શ્રેષ્ઠ હોય છે. હું જ્ઞાનીને અત્યંત પ્રિય છું અને જ્ઞાની મને અત્યંત પ્રિય છે. (ગી.૭–૧૭) ૨૮.

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૯૯. નિર્ગુણ અને નિઃસ્વાર્થ ભક્તિનું સ્વરૂપ

શ્રીગોકુલનાથજીના પરમ ભગવદીય નારણદાસજીએ કહ્યું કે, તમારા ચિત્તમાં આવે, તો ને તમારે પ્રભુને પ્રસન્ન કરવા હોય તો હું હાથ જોડીને કહું છું, તમારા મનમાં આવે તો માનજો, તમે પ્રભુનું માહાત્મ્ય જાણીને પ્રભુની અથવા ગુરૂની સેવા કરશો, તો ફળશે નહીં, પ્રભુનું માહાત્મ્ય શ્રીગીતાજીમાં, વેદમાં પુરાણમાં કહ્યું છે, તે વિનાની વાત છે. તમારા ચિત્તમાં આવે તો માનજો.

પ્રભુને શિવજી, નારદજી, શેષજી સર્વે મોટા મોટા કહે છે. વેદની શ્રુતિઓ કહે છે, એથી કોઈ બીજો છે નહીં, એમ જાણીને ભજશે, તે પ્રભુને નહીં પણ મોટાઈને ભજે છે. તેમની મોટાઈના ભગવદીય અમારો ઉદ્ધાર કરશે, વળી સેવાથી અમને લીલાની પ્રાપ્તિ થશે. (જો પ્રભુની સેવા–ભજન કરીએ તે પ્રભુનુ નહીં)

જેને પ્રભુ પ્રસન્ન કરવા હોય તેને તો કશીએ વાસના જોઈએ નહીં. એમ જાણવું કે મારા ગુરૂએ મારે માથે પ્રભુ પધરાવ્યા, તેની મારે સેવા કરવી. જેવી બની આવે તેવી કરવી, પણ કશીએ વાસના રાખવી નહીં. એમ જાણવું કે હું શું કરું છું ? એમ ન જાણીએ કે ચોરાશી વૈષ્ણવ આમ ચાલ્યા છે, આપણે કશોએ ઉઠાવ (વાસનાના તરંગ) ન જોઈએ.

પ્રભુના મોં સામું જોવું, કશોએ વિચાર ન જોઈએ, મારી શી વલે થશે એમ જાણી પ્રભુ ઉપર સ્નેહ રાખવો અને કહેવું કે, રાજ તમે પ્રસન્ન થાઓ, તે કરો. ગમે તો રાજની પાસે રાખો, ગમે તો વેચો, ગમે તો નરકમાં નાંખો, ગમે તે કરો, હું તો તમારો જ છુ. સર્વ કરીએ પણ એમ કહીએ કે, હું તો કાંઈએ જાણતો નથી. મને આ પ્રભુ આપ્યા છે. તેમનું ભજન યથાશક્તિ જે થાય છે, તે કરું છું.

ધર્મના ભગવદીયને ધર્મની પ્રાપ્તિ થશે. અગીયારશ કરીને એમ જાણીએ કે, મારું કેવું મોટું ભાગ્ય છે કે અગીયારશ કરું ! તે અગીયારશ કરીને એમ ન જાણે કે હું કૃતાર્થ થવા કરું છું. માત્ર મોટા કહી ગયા તેથી કરું છું. મારે તો આ બેઠા છે તે જ છે. એમના સ્વરૂપમાં સર્વે છે.

આ અમારી પાસે બેસે છે, તે અમારું ભાગ્ય છે. આપણને એમનો સંગ થાય છે. બહુ મોટા પરમેશ્વર છે, અહીં આવું છે. પણ જ્યારે આપણે વેશ્યાના ઘરમાં બેસીએ, એના ગળામાં હાથ નાંખીએ, તેની જોડે રકાબીમાં ખીચડી ખાઈએ, એને કોળીયા ભરાવીએ, એ આપણને કોળીયા ભરાવે. વળી મદિરાના સીસા મોં આગળ પડયા હોય, વળી હુક્કાની નળી મોંમા મૂકી છે, ત્યારે આ શ્રોતામાં કાંઈ એ આપણી પાસે આવશે ?

ત્યારે જવાબ મળ્યો કે કાંઈપણ ન આવે. ત્યારે તમે મારા ઉપાસી તો નહીં, મારી દેહ તો અહીંયા હતી, ને વળી ત્યાં છે. દેહના ઉપાસી કોઈએ છે નહીં, સૌ ધર્મના ઉપાસી છે, ત્યારે દેહની(પ્રભુના અલૌકિક દેહની) પ્રાપ્તિ ક્યાંથી થાય ?

એટલે સૌ ધર્મના ઉપાસી છે, ધર્મીની ઉપાસના કોઈ કરતું નથી. તેથી ઉપરને ઉપર અથડાય છે, જ્યારે કેવળ આપણો સ્વાર્થ મૂકીએ ને ભક્તિ કરીએ, તો કામ થાય. જ્યારે લોકની લાજ, ભક્તિની લાજ, સગાની લાજ, શ્રીવલ્લભકુળના માર્ગની લાજ, માળાની, તિલકની, નાતની, જાતની બધી લાજ છોડીને ત્યારપછી પણે ઈચ્છારામની પાસે જઈને સેવા કરે, એવો કોઈ માએ જણ્યો નથી, ને જણશે પણ નહીં, એવું ભક્તિનું રૂપ છે. વળી લોકના મોં સામું જોવું, ને વળી ભક્તિ કરવી એ કેમ બને ? માથું વેગળું મૂક્યા પછીની વાત છે.

લોક કહેશે કે મુઓ ઘરમાંથી તો ગયો ! લોક કહેશે ભ્રષ્ટ થયો, લોક કોઈ જોડે બોલશે નહીં, કોઈ જે ગોપાળ પણ કહેશે નહીં. આમ છતાં એને પ્રભુનો આનંદ વધતો જશે. તે ભગવદીયનો માર્ગ છે. ૯૯

આચાર - અનાચાર - દુરાચાર - મિથ્યાચાર - ભ્રષ્ટાચાર - અત્યાચાર - લોકાચાર - સદાચારનો નિર્દેશ

સર્વ–પ્રસિદ્ધ છે. 'આચારઃ પ્રથમો ધર્મઃ ।' –આચાર પહેલો ધર્મ છે. આચાર એટલે આચરણ, વ્યવહાર, પ્રથા, રિવાજ, કામ કરવાની રીત – એવા અર્થ કોશમાં પ્રસિદ્ધ છે.

શ્રુતિમાં – 'યથાકારી યથાચારી તથા ભવતિ ।' –બૃહદારણ્યક (૪–૪–૫) કર્મ અને આચારનો ભેદ સ્પષ્ટ કહ્યો છે, તેથી આચાર–શબ્દથી 'સ્વાભાવિક રીતે થતી ઈન્દ્રિય–પ્રવૃત્તિ' સૂચવેલી સમજાય છે.

આચાર નહીં તે અનાચાર. પરંપરાગત કે શાસ્ત્રોક્ત, પોતાના આચારો ન પાળવા કે ન પાળી શકાવા તે અનાચાર ગણાય. 'આચારં– હીનં ન પુનન્તિ વેદાઃ યદ્યપ્યધીતાઃ સહ ષડ્ભિરઙ્ગૈઃ ॥ સ્મૃતિમાં સ્પષ્ટ છે, જોકે–ચારે વેદો, છ એ અંગો સહિત, ભણેલા હોવા છતાં આચાર–હીન (અનાચારી)ને પાવન કરતો નથી'

પોતાના પરંપરાગત કે શાસ્ત્રોક્ત આચારોથી વિરુદ્ધ દોષયુક્ત–દુષ્ટ–આચારો તે દુરાચાર. આ મુખ્યત્વે આંતર–દોષ છે, અસહ્ય છે, છતાં 'અપિ ચેત્ સદુરાચારો' (ગીતાજી ૯–૩૦) મહાપતિત સુદુરાચારી પણ જો અનન્યતાથી મને (ભગવાનને) ભજે તો તેને સાધુ (સત્પુરૂષ) જ માનવો. આમાં આચારની દુષ્ટતા હોવા છતાં અનન્ય ભક્ત તો દોષરહિત જ છે. પૂર્વાવસ્થામાં દુરાચારી હોવા છતાં ભગવદ્–ભજન પછી તેનો દુરાચાર રહેતો નથી; તે તો શીઘ્ર ધર્માત્મા બને છે, શાંતિ મેળવે છે. ધર્મ તો ભગવદ્–ભક્તિ કરાવનારો છે. જ્ઞાન–વૈરાગ્ય વગર પણ તે ભક્તિ જ બધું કાર્ય કરી લે છે.

કર્મેન્દ્રિયાણિ સંયમ્ય ય આસ્તે મનસા સ્મરન્ ।
ઈન્દ્રિયાર્થાન્ વિમૂઢાત્મા મિથ્યાચારઃ સ ઉચ્યતે ॥

બધી કર્મેન્દ્રિયોનો સંયમ કરીને જે મનથી કર્મ કરે છે, ઈન્દ્રિયોના વિષયોને સ્મરે છે, તે વિમૂઢાત્મા મિથ્યાચાર કહેવાય છે. તેના આચારો મિથ્યાચાર છે. મનથી વિષયોને સ્મરે, તત્સંબંધી કર્મ મનથી કરે, તેની સાથે તનથી પણ, ધર્મના ઓથે કે અયોગ્ય પ્રકારે, કર્મ–વિષયોનું સેવન ભ્રષ્ટાચાર છે.

આચારનું અતિક્રમણ–ઉલ્લંઘન–અત્યાચાર છે. અતિશય આચાર પણ અત્યાચાર છે. લોકસિદ્ધ, લોકપ્રસિદ્ધ, આચારો લોકાચાર છે, તે શાસ્ત્રસંમત હોય પણ ખરા, ન પણ હોય. શાસ્ત્ર સંમત, સાધુસંમત–પરંપરાગત આચારો સદાચાર છે.

તસ્મિન્ દેશે ય આચારઃ પારંપર્યક્રમાગતઃ ।
વર્ણાનાં સાન્તરાલાનાં સ સદાચાર ઉચ્યતે ॥

–મનુસ્મૃતિ (૨–૧૮)

(સરસ્વતી અને દેષદ્વતીની વચ્ચેનો પ્રદેશ બ્રહ્માવર્ત કહેવાય છે. તે દેવનદીઓ વચ્ચેનો દેવનિર્મિત દેશ છે.) તે દેશમાં પ્રાયઃ શિષ્ટપુરૂષોનો જન્મ હોવાથી તેના બ્રહ્મણાદિ–વર્ણો અને સંકીર્ણ જાતિયોનો પરંપરાગત જે આચાર છે તે સદાચાર કહેવાય છે.

કોશમાં– 'યસ્મિન્ દેશે' પાઠભેદ હોવાથી, અને ઉપલક્ષણ–વિધિથી પણ, જે દેશમાં પરંપરાગત ક્રમ પ્રાપ્ત જે દેશાચાર હોય, તે પણ તેમને માટે સદાચાર ગણી શકાય.

ભારત (બ્રહ્માવર્ત–કુરુક્ષેત્રાદિ) દેશમાં જન્મેલા બ્રાહ્મણો પાસેથી પૃથ્વી પર સૌ મનુષ્યો પોતપોતાના આચારોને–જીવન પદ્ધતિને શીખે ! આ ભારતીય સદાચારની સર્વોત્તમતાની, સર્વોપકારકતાની, ઉદ્‌ઘોષણા છે–

એતદ્દેશપ્રસૂતસ્ય સકાશાદગ્રજન્મનઃ ।
સ્વં સ્વં ચરિત્રં શિક્ષેરન્ પૃથિવ્યાં સર્વ માનવાઃ ॥

–મનુસ્મૃતિ (૨–૨૦)

આ સદાચારને 'શિષ્ટાચાર' પણ કહેવાય. આક્રમક આર્યો ભારતમાં આવ્યા. સાથે પોતાનો ધર્મ લાવ્યા, તે તો વિકૃત–ઈતિહાસ વાર્તા છે. ભારતમાંથી આર્યો પોતાનો ધર્મ–સંદેશ લઈને બહાર વિદેશોમાં ગયા, સૌને ઉત્તમ–જીવન પદ્ધતિ–સદાચાર શીખવ્યાં, તે તો આજે પણ અનેક રીતે પ્રસિદ્ધ છે.

['પુષ્ટિ–પુલિન'માંથી સાભાર]

આજીવન લવાજમ ભરનારને ભેટપુસ્તક

પૂ.પા.ગો.શ્રીશ્યામમનોહરજી લીખીત એન. કે. પરીખ પરિવાર દ્વારા પ્રકાશિત ''ષોડશગ્રંથ પરિચય'' જે દરેક વૈષ્ણવે વસાવવા લાયક પુસ્તક છે. 'શ્રીવલ્લભસુધા'ના ૨૦૦૧–૦૨ ના ગ્રાહકોને ભેટ સ્વરૂપે મોકલી અપાયેલ છે. આ પુસ્તક ન્યોછાવર સ્વરૂપે પ્રાપ્ય નથી. સાંપ્રદાયિક પ્રચાર પ્રસારના હેતુથી 'શ્રીવલ્લભસુધા' માસિકના આજીવન ગ્રાહક થનારને એન. કે. પરીખ પરિવાર દ્વારા વિશેષ લાભ સ્વરૂપે પુસ્તક સ્ટોકમાં હશે ત્યાં સુધી વહેલા તે પહેલાનાં ધોરણે 'ષોડશગ્રંથ પરિચય' પુસ્તક વિના મુલ્યે પહોંચાડવામાં આવશે.

શ્રી ષોડશગ્રંથની રચના તથા શ્રીમહાપ્રભુજીના ચરિત સાથે સંકળાયેલ મહત્વની તવારીખો

– ગો.વા.પ.ભ. નાગરદાસ કા. બાંભણિયા

રાજકોટ નિવાસી એક ભાવિક પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ભાઈ પાસેથી મને એક પ્રાચીન નોંધ મળી; જેમાં શ્રીમહાપ્રુજીના અમુક લઘુગ્રંથો ક્યારે પ્રકટ થયા તે અંગે ટાંચણ હતું. તેને વિસ્તૃત સ્વરૂપ આપી આ લેખ પુષ્ટિમાર્ગીય જાહેર જનતાના સમક્ષ મૂકતાં મને ઘણો જ આનંદ થાય છે.

(૧) શ્રીયમુનાષ્ટક સં.૧૫૪૯માં શ્રાવણ સુદ ૩ ના દિવસે શ્રીગોકુળમાં રચાયો. (૨) શ્રીબાલબોધ સં.૧૫૫૦માં પુષ્કરમાં રચાયો. આ ગ્રંથ અંબાલાના વૈષ્ણવ નારાયણદાસને શ્રીમહાપ્રભુજીએ દ્વારકામાં શીખવેલો. (૩) સિદ્ધાંતમુક્તાવલી સં.૧૫૫૫માં જતિપુરામાં રચાયો. આ ગ્રંથ અચ્યુતદાસ સનોઢિયા માટે શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કર્યો. (૪) શ્રીપુષ્ટિપ્રવાહમર્યાદા–? (૫) શ્રીસિદ્ધાંતરહસ્ય સં.૧૫૪૯માં શ્રાવણ સુદ ૧૧ ના દિવસે ગોકુળમાં રચાયો. આ ગ્રંથ સર્વપ્રથમ દામોદરદાસ હરસાનીજીને પ્રકટ કરી સંભળાવ્યો. ત્યારબાદ ગોપાલદાસ ઈટોડાને શીખવ્યો. (૬) શ્રીનવરત્ન સં.૧૫૫૮માં અડેલમાં રચાયો. આ ગ્રંથ ગોવિંદ દવે માટે પ્રકટ કરી તેના પર લખી મોકલાવ્યો. (૭) શ્રીઅન્તઃકરણ પ્રબોધ સં.૧૫૮૭માં રચાયો. ષોડશ ગ્રંથોમાં સૌથી છેલ્લો આ પ્રકટ થયો છે; અને તે સંન્યાસ લીધા પછી (૮) શ્રીવિવેકધૈર્યાશ્રય–? (૯) શ્રીકૃષ્ણાશ્રય સં.૧૫૭૦માં અડેલમાં રચાયો. આ ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ બૂલા મિશ્ર માટે પ્રકટ કરેલો. (૧૦) શ્રીચતુઃશ્લોકી સં.૧૫૮૦ (અથવા સં.૧૫૮૨)માં કાશીમાં રચાયો. આ ગ્રંથ શ્રીમહાપ્રભુજીએ રાણા વ્યાસને શીખવેલો; તેમ ભગવાનદાસ સાંચોરાને ભણાવેલો. (૧૧) ભક્તિવર્ધિની સં.૧૫૫૨માં પ્રયાગમાં રચાયો. આ ગ્રંથ પુરૂષોત્તમ જોશી સાંચોરા માટે પ્રકટ કર્યો અને ગદાધરદાસ કડાના નિવાસીને શીખવેલો (૧૨) શ્રીજલભેદ– ? (૧૩) શ્રીપંચપદ્યાનિ– ? (૧૪) શ્રીસંન્યાસ નિર્ણય સં.૧૫૫૧માં બદરીકાશ્રમમાં રચાયો. આ ગ્રંથ નરહરિ સંન્યાસી માટે પ્રકટ કર્યો. (૧૫) શ્રીનિરોધલક્ષણ સં.૧૫૫૬માં દ્વારકામાં રચાયો. આ ગ્રંથ રાજા દવે, માધવ દવે માટે શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલો. (૧૬) શ્રીસેવાફલ સં.૧૫૮૨માં આગ્રામાં રચાયો. આ ગ્રંથ વિષ્ણુદાસ છીપા માટે શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલો.

મારી પાસેની એક પુરાણી નોંધમાંથી મને નીચે મુજબનું લખાણ મળ્યું છે.

સંવત ૧૫૪૮ ની જન્માષ્ટમી શ્રીમહાપ્રભુજીએ શ્રીગોકુળમાં કરી. સં.૧૫૪૮ ભાદરવા સુદ ૨ ને રવિવારે પ્રથમ વ્રજયાત્રાનો આપે પ્રારંભ કયો; તે ફાગણ સુદ ૨ ને બુધવારે પૂરી થઈ. ત્યારબાદ ફાગણ સુદ ૬ ને રવિવારે આપશ્રી વૃંદાવન પધાર્યા. ત્યાં બંસીબટ છોંકર નીચે ચાર માસ બીરાજ્યા. સં.૧૫૪૯નો ચાતુર્માસ આપે શ્રીગોકુળમાં કર્યો. સં.૧૫૪૯ના શ્રાવણ સુદ ૧૧ ને ગુરૂવારે રાત્રે બ્રહ્મસંબંધની આજ્ઞા થઈ.

સં.૧૫૫૦ નો ચાતુર્માસ કાશીમાં કર્યો. શ્રીનંદમહોત્સવ પુરૂષોત્તમદાસ શેઠને ત્યાં કર્યો. તે વખતે નંદયશોદા, ગોપીગ્વાલ સૌ કૂવામાંથી પ્રકટ પધાર્યા (તે કૂવો શેઠના ઘરમાં છે) ત્યાંથી સં.૧૫૫૦ માગશર વદ ૨ ને શનિવારે અન્યત્ર પ્રયાણ કર્યું. સંવત ૧૫૫૧નો ચાતુર્માસ જગદીશમાં કર્યો. સં.૧૫૫૧ નો ડોલોત્સવ શ્રીરંગજીમાં કર્યો. સં.૧૫૫૨નો ચાતુર્માસ દ્વારકામાં કર્યો. ત્યાંથી માગશર વદ ૨ ને મંગળવારે અન્યત્ર પ્રયાણ કર્યું. સં.૧૫૫૩ના ચાતુર્માસમાં વામન જયંતિ શ્રીબદરીનારાયણમાં કરી. સંવત ૧૫૫૪ અક્ષય તૃતીયાને દિવસે પહેલી પરિક્રમા પૂર્ણ થઈ. સં.૧૫૫૫ ચૈત્ર સુદ બીજને રવિવારને દહાડે બીજી પરિક્રમાનો પ્રારંભ કર્યો. સં.૧૫૫૬ શ્રાવણ સુદ

પૂનમે શ્રીનવનીતપ્રિયાજી, શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીલાડિલેશજી, અને શ્રીલલિતત્રિભંગીજીને વૈષ્ણવો પર પધરાવ્યા.

સંવત ૧૫૫૬ ફાગણ સુદ સાતમના રોજ શ્રીમથુરેશજી સ્વયં ભેખડ તૂટતાં પ્રકટ થયા; અને શ્રીમહાપ્રભુજીએ તેમને પદ્મનાભદાસને માથે પધરાવ્યા. સં.૧૫૫૬ ની સાલમાં શ્રીગોકુળમાં બડી બેઠકમાં પ્રથમ નંદમહોત્સવ થયો.

આમાં આપેલા સંવત ચૈત્રી છે. કારણ કે સં.૧૫૫૦ના ચાતુર્માસ બાદ સં.૧૫૫૦ ના માગશર વદ ૨ ના રોજ પ્રયાણ તો જ સંભવે. તેમ સં.૧૫૫૧નો ચાતુર્માસ જગદીશમાં અને સં.૧૫૫૧નો ડોલોત્સવ શ્રીરંગજીમાં પણ તો જ સંભવે.

એક બીજા પુસ્તકમાંથી નીચે મુજબની સાલો પ્રાપ્ત થઈ છે.

સં.૧૫૪૬ માં પત્રાવલંબન ગ્રંથ પ્રકટ કર્યો. સં.૧૫૪૬ ના ફાગણ વદ ૯ ને દિવસે શ્રીલક્ષ્મણ ભટ્ટજીએ શ્રીલક્ષ્મણબાલાજીના મુખમાં પ્રવેશ કરી ભૂતલ–ત્યાગ કર્યો. સં.૧૫૪૯ ના ફાગણ સુદ ૧૧ ને દહાડે શ્રીનાથજીએ પોતાને પાટ બેસાડવા શ્રીમહાપ્રભુજીને ઝારખંડમાં આજ્ઞા કરી. સં.૧૫૫૫ માં શ્રીનાથજીને પાટ બેસાડયા. સં.૧૫૬૩ ના અષાઢ સુદ પાંચમને દહાડે શ્રીમહાપ્રભુજીએ શ્રીમહાલક્ષ્મીજીનું પાણીગ્રહણ કર્યું.

સંવત ૧૫૮૭ ના અષાઢ સુદ બીજ ઉપરાંત ત્રીજના રોજ મધ્યાહ્નને શ્રીમહાપ્રભુજીએ તેજ:પુંજ સ્વરૂપે શ્રીસૂર્યમંડળમાં પ્રવેશ કર્યો.

[વૈષ્ણવવાણી એપ્રિલ ૧૯૭૯ અંક ૪ માંથી સાભાર □ પ્રાપ્તઃ પ.ભ. શ્રી એન. કે. પરીખ દ્વારા]

શ્રીયમુનાજીના પદ (પદ–૯૩)

રચયિતા–મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી   ભાવાર્થ લેખક– 'માધુરી' રાજકોટ

જાકે હૃદય ભક્તિ યમુના કી;
સોઈ ચતુર ધર્મ વ્રત સાચોં, ભૂરિ બડાઈ તાકી. ૧
યમુને યમુને નામ લિયો જિનિ ઔર રહી કા બાકી;
દીનદાસ 'વલ્લભ' હિ ઉબારૌ અવધિ સકલ સુખમા કી. ૨

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી શ્રીયમુનાજીની ભક્તિની મહિમા બતાવે છે. જગતમાં આવી માનવ દેહધારી બનીને જેણે હૃદયથી શ્રીયમુનાજીની ભક્તિ કરી એજ વાસ્તવિકતામાં ચતુર જાણવો એજ ધર્મનું ગૂઢ રહસ્ય જાણ્યો સમજવો. ચતુરનો ધર્મ અને વ્રત સમજીને પાલન કર્યું, તેની જેટલી પ્રસંશા કરાય તેટલી ઓછી છે. જેણે શ્રીયમુને યમુને નામનું રટણ કર્યું, તો પછી તેને બીજું કરવાનું શું બાકી રહ્યું ? મતલબ કે તેણે બધું કર્યું, કોઈ ખામી ન રહી એવા સર્વ સુખની સીમા શ્રીયમુને આ દીનદાસ વલ્લભને આપ આ કલિકાલરૂપી કપટધર્મથી ઉગારો. ૯૩

॥ શ્રીહરિઃ ॥ ॥ શ્રીવલ્લભઃ ॥ ॥ શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥

શાસ્ત્ર સાર

ચતુઃશ્લોકી ભાગવત :

અહમેવા સમેવાગ્રે, નાન્યદ્યત્ સદસત્ પરમ ।
પશ્ચાદહં યદેતચ્ચ, યોવશિષ્યેત સોસ્મ્યહમ્ ॥ ૧ ॥

હું પૂર્વે હતો જ; બીજું કાર્ય કારણાત્મક અથવા એથી પર કાંઈ ન હોતું, પછી પણ હું જ છું. આજે દેખાય છે તે હું છું. પ્રલય પછી જે બાકી રહેશે તે પણ હું જ છું. ૧

ઋતેર્થંયત્ પ્રતીયેત, ન પ્રતીયેતચાત્મનિ ।
તદ્વિદ્યાદાત્મનોમાયાં, યથાભાસો યથાતમઃ ॥૨॥

અર્થ વગર જેની પ્રતીતિ થાય છે અને આત્મામાં જે દેખાતું નથી તેને જેમ 'તમ' અને 'આભાસ' દેખાય છે તેવી આત્માની માયા જાણો. ૨

યથા મહાન્તિ ભૂતાનિ, ભૂતેષૂચ્ચાવચેષ્વનુ ।
પ્રવિષ્ટાન્ય પ્રવિષ્ટાનિ, તથા તેષુ ન તેષ્વહમ્ ॥૩॥

જેમ મહાભૂતો પાછળથી ભૂતોમાં પ્રવેશ કરે છે, છતાં એથી જુદાં રહે છે. તેમ એમાં હું રહું છું, છતાં નથી પણ રહેતો. ૩

એતાવદેવ જિજ્ઞાસ્યં, તત્ત્વ જિજ્ઞાસુ નાત્મનઃ ।
અન્વય વ્યતિરેકાભ્યાં, યત્ સ્યાત્ સર્વત્ર ॥૪॥

તત્ત્વ જિજ્ઞાસુએ આત્માસંબંધી એટલું જ જાણવું બસ છે કે જે અન્વય અને વ્યતિરેકથી સર્વત્ર અને સર્વદા હોઈ શકે, એને જ જાણવાથી જણાય તે આત્મા. ૪

એક શ્લોકી ભાગવત :

આદૌ દેવકી દેહ ગર્ભજનનં, ગોપીગૃહે વર્ધનં,
માયા પૂતનજીવિતાપહરણં, ગોવર્ધનોદ્ધારણમ્ ॥
કંસચ્છેદન કૌરવાદિહનનં, કુંતી સુતા પાલનં,
હ્યેતદ્ભાગવતં પુરાણ કથિતં, શ્રીકૃષ્ણલીલામૃતમ્ ॥

પહેલાં દેવકીના ગર્ભમાં જન્મ, ગોપીના ઘરમાં મોટા થવું, કપટી પૂતનાનો નાશ, ગોવર્ધન પર્વતને ધારણ કરવો, કંસ અને કૌરવોનો નાશ અને કુંતીપુત્રોનું રક્ષણ–એ ભાગવત પુરાણમાં કહેલી શ્રીકૃષ્ણલીલાનો સાર છે. (આ ભાગવતનો ટૂંકો સાર છે)

એક શ્લોકી ગીતા :

નિર્માનમોહા જિતસંગદોષા, અધ્યાત્મનિત્યા વિનિવૃત્તકામાઃ ।
દ્વન્દ્વૈર્વિમુક્તાઃ સુખદુઃખસંજ્ઞૈર્ગચ્છન્ત્ય મૂઢાઃ પદમવ્યયં તત્ ॥

માન (ગર્વ) અને મોહ (અજ્ઞાન)થી રહિત થયેલા, આસક્તિથી ઉપજેલા રાગાદિ દોષોને જીતનારા, આત્મચિંતનમાં લીન રહેતા, કામનાઓથી સારી રીતે નિવૃત્ત થયેલા (અર્થાત્ જેમની વાસનાઓ નાશ પામી છે એવા) સુખ–દુઃખાદિ દ્વંદ્વોથી મુક્ત થયેલા જ્ઞાનીઓ તે અવ્યય પદને મોક્ષને પામે છે. (શ્રીમદ્‌ભગવદ્ ગીતાનો ટૂંકો સાર છે)

એક શ્લોકી રામાયણ :

આદૌ રામ, તપોવનાદિ ગમનં, હત્વામૃગં કાંચનં
વૈદેહી હરણં જટાયુમરણં, સુગ્રીવ સંભાષણમ્ ।
વાલી નિગ્રહણં,સમુદ્રતરણં, લંકાપુરી દાહનં
પશ્ચાદ્ રાવણકુમ્ભકર્ણ હનનમ્ એતદ્ધિ રામાયણમ્ ॥

પહેલા રામનું તપોવન વગેરેમાં ગમન, ત્યાં સુવર્ણમૃગની હત્યા, પછી સીતાજીનું હરણ, જટાયુનું મરણ, સુગ્રીવ સાથે સંભાષણ, વાલીનો વધ, સમુદ્રનું ઉલ્લંઘન, લંકાપુરીનું દહન, પછી રાવણ અને કુંભકર્ણનો નાશ, એ રામાયણનો ટૂંકો સાર છે.

એક શ્લોકી મહાભારત :

આદૌ પાંડવ ધાર્તરાષ્ટ્રજનનં, લાક્ષાગૃહે દાહનં
દ્યૂતે સ્ત્રીહરણં, વને વિચરણં, માત્સ્યાલયે વર્તનમ્ ।
લીલા ગોહરણં, રણે વિચરણં, સન્ધિ ક્રિયા વર્ધનં
પશ્ચાદ્‌ભીષ્મસુયોધનાદિહનનં, એતન્મહાભારતમ્ ॥

પહેલા પાંડવો અને કૌરવોનો જન્મ, પછી લાક્ષાગૃહમાં દહન, પછી જુગારમાં દ્રૌપદીનું હરણ, વનમાં નિવાસ, માત્સ્ય સ્થાનમાં–વિરાટ નગરમાં વસવાટ, લીલાથી ગાયોનું હરણ, સમરાંગણમાં ગમન, સુલેહનો પ્રયત્ન, પછી ભીષ્મ, સુયોધન (દુર્યોધન) વગેરેનું મરણ, આ મહાભારતનો ટૂંકો સાર છે.

શ્રીનાથજી સ્તુતિ :

ગુંજા પુંજા ભરણ નિચયં, ચન્દ્રકાલીકિરીટં
ગોત્રં વેત્રં કર કમલયોઃ, પૂજિતં ચિત્રવસ્ત્રમ્ ।
મધ્યે પીતં વસનમપરં, કિંકિણીં વક્રવેણીં
નાસામુક્તાં ધરતિ સ, મુદે મેસ્તુ ગોવર્ધનેન્દ્રઃ ॥

ગુંજાઓના પુંજનાં બનેલા આભરણોનો સમૂહ, મયૂરપિચ્છનો મુકુટ, એક હાથમાં શ્રીગોવર્ધન પર્વત અને બીજા હાથમાં છડી, સુંદર રંગબેરંગી વસ્ત્ર, વચ્ચે બીજું એક પીળું વસ્ત્ર, ઘૂઘરી, વાંકો અંબોડો અને નાકમાં મોતી, આ વસ્તુઓ ધારણ કરનારા શ્રીગોવર્ધનધરણ પ્રભુ મને અત્યંત આનંદ આપો.

યં બ્રહ્મા વરુણેંદ્રરુદ્ર મરુતઃ સ્તુન્વન્તિ દિવ્યૈઃ સ્તવૈઃ
વેદૈઃ સાંગપદક્રમોપનિષદૈર્ગાયન્તિ યં સામગાઃ ।
ધ્યાનાવસ્થિત તદ્ગતેન મનસા પશ્યન્તિ યં યોગિનો
યસ્યાન્તં ન વિદુઃ સુરાસુરગણા દેવાય તસ્મૈ નમઃ ॥

જેને બ્રહ્મા, વરુણ, ઈન્દ્ર, રુદ્ર અને મરુત વાયુ વગેરે દેવતાઓ દિવ્ય સ્તોત્રોથી સ્તવે છે; સામવેદનું ગાન કરનારા ઋષિઓ અંગો તેમજ પદ, ક્રમ અને ઉપનિષદો સહિત વેદો વડે જેમને ગાય છે; ધ્યાનાવસ્થિત થયેલા યોગીઓ તેમાં એકાગ્ર બનેલા ચિત્ત વડે જેમનાં દર્શન કરે છે અને દેવ તથા અસુરગણ જેમના પારને પામી શકતા નથી, તે પરમાત્મ–દેવને નમસ્કાર હો.

॥ શ્રીગોવર્ધનનાથકી જય ॥

॥ જયશ્રીકૃષ્ણ ॥

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

કાવ્ય–કુંજ : નૂતન વર્ષે

૧. નવનિધિ વંદના

[સોનેટ–વસંતતિલકા]

શ્રીનાથજી પ્રથમ દિવ્ય સ્વરૂપ વંદુ, નૌનીત પ્રિય પ્રભુ બાળ સ્વરૂપ વંદુ,
ભાવે કરું નમન શ્રીમથુરેશજી ને, નિત્ય નમું ચરણ વિઠ્ઠલનાથજી ને.
શ્રીદ્વારકાધીશ વિભુ ચરણે જ વંદુ, શ્રીસ્વામિની સહ શ્રીગોકુલનાથ વંદુ,
વેણુધરા નમન શ્રીગોકુલચંદ્રમાજી, શ્રીબાલકૃષ્ણ પ્રભુ ષષ્ઠપીઠેશ વંદી.
ભાવે નમું મદનમોહનજી પ્રભુ જે, સોહે સદૈવ કુસુમાયુધ કોટી તે જે,
રૂડાં મહા નવનિધિ સ્વરૂપો જ સર્વે, પુષ્ટિજનો હૃદયથી શુચિ નિત્ય વંદે.
આ વંદના સ્તુતિ સદા શુભ ભાવે સંગે, જેણે રટી હૃદયમાં શુચિ ભાવ તેને.

રચયિતા –દાસાનુદાસ જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' જૂનાગઢ

૨. નૂતન વર્ષાભિનંદન

સ્નેહીઓમાં વધે સ્નેહ, સગામાં ઋજુતા વધે,
આપણાંથી અજાણેયે કોઈને કષ્ટ થાય ના.
આપણા અન્નમાં ભાઈ, ભળે સંતોષનું અમી,
સત્કાર્યે ફોરતી ઈષ્ટ, સંપત્તિ જગની વધે.
કાને ઈર્ષા ને નિન્દાના, કોલાહલ ન આથડે,
ક્ષમાની હૃદયે ભાઈ, નિત્ય મંદાકિની વહે.
વિશ્વનાં વેર–અન્યાય, ભૂલવા શક્તિ પામીએ,
આપણાં મન એ આંખ, શોધે મંગલ જે જગે,
સાંનિધ્ય પ્રભુનું ભઈ, ઘડીએ ભૂલીએ નહીં,
પ્રાર્થીએ આ નવા વર્ષે, ઈશની પાસે આપણે.

આ માસના ઉત્સવ

કારતક વદ ૮ તા. ૮–૧૨–૦૧ શનિવાર : શ્રીગુસાંઈજીના બીજા લાલજી શ્રીગોવિંદરાયજીનો ઉત્સવ (સંવત ૧૫૯૯)

કારતક વદ ૯ તા. ૯–૧૨–૨૦૦1 રવિવાર : ગો.ચિ.શ્રીવ્રજભૂષણલાલજી (કાંકરોલી)નો તથા ગો.શ્રીઅક્ષયકુમારજી મહારાજ (મથુરા)નો જન્મદિન.

કારતક વદ ૧૦ તા. ૧૦–૧૨–૨૦૦1 સોમવાર : ગો. શ્રીઉત્તમશ્લોકજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

કારતક વદ ૧૨ તા. ૧૧–૧૨–૦૧ મંગળવાર : ઉત્પત્તિ એકાદશી વ્રત.

કારતક વદ ૧૩ તા. ૧૨–૧૨–૦૧ બુધવાર : શ્રીગુસાંઈજીના સાતમા લાલજી શ્રીઘનશ્યામજીનો ઉત્સવ (સંવત ૧૬૨૮) ગો. શ્રીરમેશચંદ્રજી મહારાજશ્રી (મુલુન્ડ–મુંબઈ)નો તથા ગો.શ્રીત્રિભંગરાયજી મહારાજશ્રી (બોરીવલી)નો જન્મદિન.

માગશર સુદ ૨ તા. ૧૬–૧૨–૦૧ રવિવાર : ધનુર્માસ આરંભ. ગો.ચિ.શ્રીગોવિંદરાયજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો તથા ગો.શ્રીશ્યામસુંદરજી મહારાજશ્રી (ચાંપાસેની–જામનગર)નો જન્મદિન.

માગશર સુદ ૪ તા. ૧૮–૧૨–૦૧ મંગળવાર : ગો.ચિ.શ્રીગોકુલનાથજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

માગશર સુદ ૫ તા. ૧૯–૧૨–૦૧ બુધવાર : શ્રીમદનમોહનજી (કામવન)નો પાટોત્સવ.

માગશર સુદ ૭ તા. ૨૨–૧૨–૦૧ શનિવાર : શ્રીગુસાંઈજીના ચોથા લાલજી શ્રીગોકુલનાથજીનો ઉત્સવ (સંવત ૧૬૦૮). અષ્ટ સખા પૈકી શ્રીપરમાનંદદાસજીનો જન્મદિન.

માગશર સુદ ૮ તા. ૨૩–૧૨–૦૧ રવિવાર : શ્રીગોવર્ધનેશજી મહારાજ કૃત સાત સ્વરૂપનો ઉત્સવ.

માગશર સુદ ૯ તા. ૨૪–૧૨–૦૧ સોમવાર : ભારત માર્તંડ શ્રીગટ્ટુલાલજીનો સ્મરણદિન. શ્રીગુસાંઈજીની વધાઈનો પ્રારંભ. ગો.શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રી (વેરાવળ–પોરબંદર)નો જન્મદિન.

માગશર સુદ ૧૧ તા. ૨૬–૧૨–૦૧ બુધવાર : મોક્ષદા એકાદશી વ્રત. ગીતા જયંતિ. ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (સુરત)નો જન્મદિન.

માગશર સુદ ૧૫ તા. ૩૦–૧૨–૦૧ રવિવાર : પૂર્ણિમા. શ્રીનાથજીનો છપ્પનભોગ. શ્રીબલદેવજીનો ઉત્સવ. ગોપમાસ વ્રતચર્યા સમાપ્તિ.

માગશર વદ ૨ તા. ૧–૧–૨૦૦૨ મંગળવાર : ગો.ચિ.શ્રીસંદીપકુમારજી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૩ તા. ૨–૧–૨૦૦૨ બુધવાર : ગો.ચિ.શ્રીહૃષિકેશજી બાવાશ્રી (મુંબઈ–ધોરાજી)નો જન્મદિન. (ચોથનો ક્ષય હોવાથી આજે).

માગશર વદ ૬ તા. ૪–૧–૨૦૦૨ શુક્રવાર : ગો.શ્રીહરિરાયજી બાવાશ્રી દ્વિતીય ગૃહ (નાથદ્વારા)નો તથા ગો.શ્રીરજનીશકુમારજી મહારાજશ્રી (મુંબઈ)નો જન્મદિન.

માગશર વદ ૭ તા. ૫–૧–૨૦૦૨ શનિવાર : શ્રીગુસાંઈજીના દ્વિતીય પુત્ર શ્રીગોવિંદજીના પુત્ર શ્રીકલ્યાણરાયજી (શ્રીહરિરાયજીના પિતાશ્રી)નો ઉત્સવ (સંવત ૧૬૨૫)

માગશર વદ ૮ તા. ૬–૧–૨૦૦૨ રવિવાર : હેમંતઋતુ પૂરી થઈ. ગો. ચિ. શ્રીપંકજકુમારબાવાશ્રી (મથુરા)નો જન્મદિન.

માગશર વદ ૯ તા. ૭–૧–૨૦૦૨ સોમવાર : શ્રીમત્ પ્રભુચરણ શ્રીગુસાંઈજી–શ્રીવિઠ્ઠલનાથજીનો પ્રાકટ્ય ઉત્સવ (સંવત ૧૫૭૨). જલેબી ઉત્સવ. શિશિર ઋતુની શરૂઆત થઈ મહા વદ ૪ સુધી.

પુસ્તક પરિચય

☐ **પુષ્ટિ પીયૂષ બિંદુ (શ્રીષોડશ ગ્રંથોના ભાવાનુવાદ) :** રચયિતા–શ્રીજયંત જી. ગાંધી 'કુસુમાયુધ' પ્રકાશક–શ્રીમતિ લતાબેન જયંતિલાલ ગાંધી (ઠકરાર) ૫૩– દુર્વેશનગર, 'ૐ જલનિધિ', જુનાગઢ–૩૬૨૦૦૧.
૧/૮ ડેમી સાઈઝ પાના ૫૬ + ૮ =૬૪, પીન બાઈન્ડીંગ, ન્યોછાવર રૂ.૨૫/– પોસ્ટેજ અલગ. 'શ્રીવલ્લભસુધા'ના ગ્રાહકોને રૂ.૧૫/– પોસ્ટેજ અલગ.

પુષ્ટિ પદ્ય સાહિત્યના સિદ્ધહસ્ત કવિ દ્વારા 'વલ્લભગીતા' તરીકે ઓળખાતા 'ષોડશગ્રંથો'નું તથા અન્ય પુષ્ટિ સાહિત્ય વિવિધ છંદોમાં ગુજરાતી કાવ્યરૂપે સફળ ભાવાનુવાદ આ પુસ્તિકામાં રજુ થયેલ છે.

ષોડશ ગ્રંથો તેમજ અન્ય સાહિત્ય સંસ્કૃતમાં રચાએલ છે, સૂત્રાત્મક અને દુર્બોધ છે. આ કારણથી તે ગ્રંથો સમજી શકાતા નથી. તેમજ તેમાં કહેલા સિદ્ધાંતોનું આચરણ પણ શક્ય બનતું નથી. કાવ્ય સ્વરૂપે સરળ રીતે સમજી શકાય તેવો આ ગુજરાતી ભાવાનુવાદ આ માટે જરૂર મદદરૂપ થઈ શકશે.

યુવા પેઢી તેમજ સમસ્ત વૈષ્ણવ સમાજને પુષ્ટિ સાહિત્ય ષોડશગ્રંથો સમજવા માટે ખૂબજ ઉપયોગી કાવ્ય રચનાઓ દરેક વૈષ્ણવે વાંચવા અને માણવા જોઈએ.

☐ **સુબોધિનીજી :** સંપાદક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ, પ્રાપ્તિસ્થાન–શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ, મર્સીવિલા, અશોકનગર, કાંદીવલી (પૂર્વ)મુંબઈ ૪૦૦૧૦૧. ન્યોછાવર રૂ.૫૦/– પોસ્ટેજ અલગ રૂ.૨૦/–

પૃષ્ઠ સંખ્યા ૨૧૬. શ્રીમદ્ ભાગવતજીના દશક સ્કંધ પર શ્રીમહાપ્રભુજી વિરચિત સુબોધિનીજી ગુજરાતીમાં પ્રકાશિત કરવાનો સંપાદકશ્રીએ મનોરથ સેવેલ અને એક પછી એક ભાગ પ્રકાશિત કરી રહ્યા છે. આ નવમો ભાગ પ્રકાશિત થયેલ છે. જેમાં રાજસ પ્રકરણ–પ્રમેય પ્રકરણ તેમજ ભ્રમરગીતનો સમાવેશ કરવામાં આવેલ છે. મૂળ શ્લોક, ગુજરાતી અનુવાદ તથા સંક્ષિપ્ત વિવરણ આપવામાં આવેલ છે. સંપાદકશ્રીએ જે નિયમિતતા અને સાતત્ય જાળવી રાખેલ છે જે ધન્યવાદને પાત્ર છે.

☐ **જય જય મહારાણી યમુના :** સંપાદક–શ્રીરમેશચંદ્ર નાથાલાલ શાહ, પ્રાપ્તિસ્થાન–શ્રીપુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સમાજ, મર્સીવિલા, અશોકનગર, કાંદીવલી (પૂર્વ)મુંબઈ ૪૦૦૧૦૧. ન્યોછાવર રૂ.૨૦ + ૩ પોસ્ટેજ.

સંપાદકશ્રી પુષ્ટિમાર્ગના પ્રચાર અને પ્રસાર માટે જે અવિરત પ્રયત્નો કરી રહેલ છે અને તેમના દ્વારા આ શ્રીપુષ્ટિમાર્ગીય પરિચય પુસ્તિકા ૩૯ મી પ્રકાશિત કરવામાં આવેલ છે. આ પુસ્તિકામાં શ્રીયમુનાષ્ટકમ્‌ના શ્લોક સાથે અન્વયાર્થ તેમજ અનુવાદ આપવામાં આવેલ છે તથા શ્રીયમુનાષ્ટકમ્‌ના સંપુટી પાઠ કઈ રીતે કરાય તેમજ સંપુટી એટલે શું તે જણાવેલ છે. ઉપરાંતમાં શ્રીયમુનાજીની નામાવલી, શ્રીયમુનાજીના ૧૦૮ પદ, શ્રીયમુનાજીની આરતી તેમજ શ્રીગિરિરાજ નામાવલી પણ આપેલ છે.

શુભ લગ્ન પ્રસ્તાવ

શુદ્ધાદ્વૈત શ્રીવલ્લભગૃહ આચાર્ય બેઠક
(કડી, અમદાવાદ, મુંબઈ)

સર્વે વલ્લભીય સૃષ્ટિને વધાઈ આપતા અત્યંત આનંદ થઈ રહ્યો છે, કે અખંડ ભૂમંડલાચાર્ય જગદ્‌ગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્ય વંશાવતંસ કોટા કડીવાળા નિ.લી.પૂ.પા.ગો.૧૦૮ શ્રીપુરૂષોત્તમલાલજી મહારાજશ્રીના જ્યેષ્ઠ આત્મજ નિ.લી.પ.પૂ.ગો.૧૦૮ શ્રીગોવિંદલાલજી મહારાજશ્રીના આત્મજ પ.પૂ.ગો.૧૦૮ શ્રીવિજયકુમારજી (શ્રીદામોદરલાલજી) મહારાજશ્રીના જ્યેષ્ઠ આત્મજ ગો.ચિ. શ્રીહરિરાયજી (શ્રીઅનુપકુમારજી)નો શુભ વિવાહ પ્રસ્તાવ અમદાવાદ સ્થિત શ્રીમાન તુષારજી કરંજીની સુપુત્રી સૌ.કાં.ચિ. રચના સાથે સંવત ૨૦૫૮ સને ૨૦૦૨ના માઘ સુદિ ૫ (વસંતપંચમી) તા. ૧૭ ફેબ્રુઆરી રવિવારના શુભદિને અમદાવાદમાં નિરધાર્યા છે.

વલ્લભીય વૈષ્ણવો સૌભાગ્યથી પ્રાપ્ત થતા આ અલૌકિક પ્રસંગને જીવનનો એક લ્હાવો સમજીને તન, મન, ધનથી આ પ્રસંગમાં જોડાઈ આ અદ્‌ભુત અવસરને દીપાવવા અમારું સ્નેહભર્યું હાર્દિક આમંત્રણ છે.

☐ શુભ પ્રસ્તાવ કાર્યક્રમ ☐

માઘ સુદ ૪ તા. ૧૬–૨–૨૦૦૨ શનીવાર : શ્રીગણેશ સ્થાપન સવારે ૯–૦૦ વાગે, સમાવર્તન બપોરે ૧–૦૦ વાગે, બડી સગાઈ સાંજે ૬–૦૦ વાગે, રાસગરબા રાત્રે ૮–૦૦ વાગે.

માઘ સુદ ૫ તા. ૧૭–૨–૨૦૦૨ રવિવાર (વસંતપંચમી) : કુળદેવતા સ્થાપન સવારે ૯–૦૦ વાગે, વરઘોડો સાંજે ૪–૦૦ વાગે, શુભવિવાહ રાત્રે.

માઘ સુદ ૬ તા. ૧૮–૨–૨૦૦૨ સોમવાર : કુળદેવતા વિસર્જન સવારે ૯–૦૦ વાગે.

☐ પ્રસ્તાવ સ્થળ ☐

સ્કાઉટ પાર્ટી પ્લોટ, સનરાઈઝ પાર્કની પાછળ, ડ્રાઈવઈન પેટ્રોલ પંપની સામે,
વસ્ત્રાપુર, અમદાવાદ. ફોન. ૦૭૯–૬૮૫૪૮૦૮, ૯૮૨૫૦૧૫૫૧૯,
૯૮૨૫૨૨૦૦૪૪૬, ૯૮૨૫૦૭૫૦૨૮, ૯૮૨૫૨૬૯૩૧૧.

☐ સંપર્ક સ્થળ ☐

૬૦૨, વ્રજ ટાવર, વિનસ એપાર્ટમેન્ટની પાસે, બોડકદેવ,
વસ્ત્રાપુર, અમદાવાદ– ૩૮૦૦૫૪ ફોન. ૦૭૯–૬૮૫૭૭૨૦, ૬૮૪૩૯૫૯
E-mail : prastavsamiti@epatra.com

☐ બહારગામથી આવનાર વૈષ્ણવોની રહેવાની વ્યવસ્થા કરેલ છે. પૂર્વ સૂચના મોકલવા માટે ખાસ વિનંતી છે.

☐ **અમદાવાદ :** અમદાવાદ શાહીબાગ ભક્તિ પરિવાર દ્વારા પરમ પવિત્ર પુરૂષોત્તમ માસ અધિક માસમાં શાહીબાગ ઘાસીરામ ચૌધરી હોલમાં તા. ૧૮–૯–૨૦૦૧ થી તા. ૧૬–૧૦–૨૦૦૧ સુધી વૈષ્ણવાચાર્ય પ.પૂ.ગો. શ્રીવિજય – કુમારજી મહારાજશ્રીના પરિવારની સાનિધ્યમાં ભગવદ્ ભાવગત શ્રીસર્વોત્તમ સ્તોત્ર રસપાન સંગીતમયનું આયોજન સાથે શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીની સન્મુખ અલૌકિક, દિવ્ય મનોરથોનો અલભ્ય લાભ અમદાવાદના તથા આસપાસના શહેરોના વૈષ્ણવોએ અત્યધિક સંખ્યામાં હાજર રહી લાભ લીધો. પ્રધાનવક્તાના રૂપમાં વૈષ્ણવાચાર્ય પરમ પૂજ્ય શ્રી૧૦૮ શ્રીવિજયકુમારજી મહારાજશ્રીએ 'શ્રીસર્વોત્તમ સ્તોત્ર'માં વર્ણિત વૈશ્વાનર શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં દિવ્ય અલૌકિક ૧૦૮ નામોનો ભાવાનુવાદ સાથે પુષ્ટિમાર્ગીય કર્તવ્ય, સેવા પ્રકારની વિસ્તૃત સમજ સહિત, રસાત્મક ઓજસપૂર્ણ વાણીમાં સંપૂર્ણ પુરૂષોત્તમ માસમાં સારગર્ભિત, રસપ્રદ મૌલિક અને સરલ શૈલીમાં પ્રવચનો દ્વારા ઉપસ્થિત ધાર્મિક જીજ્ઞાસુ ધર્મપ્રેમી વૈષ્ણવોની ધર્મ જીજ્ઞાસાને શાંત કરી અને સંપ્રદાય પ્રત્યે પ્રેમનિષ્ઠા અને ઉત્સુકતા જાગૃત કરી છે.

આ આયોજનમાં આપશ્રીનાં વહુજી ગોસ્વામી અ.સૌ. રશ્મીકુમુદિની વહુજીએ સ્વરચિત સુમધુર સ્વરમાં ધોળ, પદ, ધૂનનું ગાન કરી શ્રોતાઓને ભાવવિભોર કરી દીધા હતા. આયોજનમાં આપશ્રીના જ્યેષ્ઠ આત્મજ ગોસ્વામી શ્રીહરિરાયજી મહોદય તથા ગોસ્વામી શ્રીદર્શનકુમારજી મહોદયશ્રીએ પણ સમયોચિત માર્મિક પ્રવચનો કર્યા અને સંપૂર્ણ મનોરથનું માર્ગદર્શન આપ્યું.

☐ **જૂનાગઢ :** જૂનાગઢની શ્રી મોટીહવેલીના પૂ.પા.ગો.શ્રીકીશોરચંદ્રજીની અધ્યક્ષતામાં એકાદશી રવિવારની સલુણી સંધ્યાએ એક મનભાવન કાર્યક્રમનું આયોજન થયેલું, જૂનાગઢના કવિ 'કુસુમાયુધ' (જયંત જી. ગાંધી) દ્વારા શ્રી ષોડશગ્રંથો તેમજ અન્ય સ્તોત્રોના ભાવાનુવાદોનું પુસ્તક 'પુષ્ટિ પીયુષ બિંદુ' તથા ચાલીસા સ્તુતિઓની એક ઓડીયો કેસેટ 'શ્રીનાથજી ચાલીસા' (ઝેન મ્યુઝીક અમદાવાદ દ્વારા પ્રકાશીત)નો વિમોચનવિધી પૂ.પા.ગો. શ્રીકીશોરચંદ્રજી મહારાજશ્રીના વરદ હસ્તે થયેલ.

આ પ્રસંગે શ્રી મોટી હવેલીનો વિશાળ સભાખંડ વૈષ્ણવ ભાઈ બહેનો દ્વારા સંપૂર્ણ રીતે ભરાઈ ગયેલ. અતિથિ વિશેષ તરીકે પ્રા.શ્રી મનુસુખભાઈ સાવલીયા (ભૂ.પૂ.પ્રાચાર્ય મહિલા કોલેજ, જૂનાગઢ) ડૉ. શૈલેષ પંડીત (દૂરદર્શન રાજકોટ) તથા સાહિત્યકાર શ્રીસુમંત રાવલ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સંચાલન કવિ જયંત ભટ્ટ (પલપલ) દ્વારા સુપેરે થયેલ.

વિવેચન બાદ શ્રીસાવલીયા સાહેબે કવિ કુસુમાયુધની સંસ્કૃત સ્તોત્રોના છંદોબદ્ધ ભાવાનુવાદો કરવાની ઈશ્વરદત્ત શક્તિને સરાહતા શ્રીજયંત ગાંધી દ્વારા આવી નામસેવાનો યજ્ઞ ચાલુ રહે તે માટે સર્વે વૈષ્ણવોને તેમાં સહભાગી થવા વિનંતી કરેલ.

અતિથિ વિશેષ ડૉ.શૈલેષ પંડીતે હાસ્ય લેખક જયંત ગાંધીને ભક્તિમાર્ગીય કવિ બન્યા છે. તે માટે અભિનંદન આપવાની સાથે એમનું સાહિત્યના મૂળ સ્વરૂપમાં હાસ્યલેખન ક્ષેત્રે પણ ચાલુ રહેશે એવી આશા વ્યક્ત કરેલી.

અતિથિ વિશેષ સર્જક શ્રીસુમંતભાઈ રાવલ એ પણ શ્રીજયંત ગાંધીને શુભેચ્છાઓ અને અભિનંદન આપતા બે શબ્દો કહેલ તથા રાજકોટથી 'શ્રીવલ્લભ સુધા' સામયિકના તંત્રી તથા અખિલ ભારતીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ

પરિષદ–ધોરાજી શાખાના સચિવ પ.ભ.શ્રીરવજીભાઈ પટેલ અનિવાર્ય કારણોસર ઉપસ્થિત નહીં રહી શકતા તેમણે પાઠવેલ શુભેચ્છા સંદેશનું વાંચન કરેલ તથા આ પ્રસંગે જામનગરના પ.ભ.શ્રીલાભશંકરભાઈ પુરોહિત સાહેબે તેમજ વિસાવદરથી દેવમણી કોલેજના ગુજરાતી વિભાગના અધ્યક્ષ પ્રા.ડૉ. અરૂણભાઈ કક્કડે પણ શુભેચ્છા સંદેશ પાઠવેલ.

અધ્યક્ષ સ્થાનેથી પૂ.પા.ગો.શ્રીકીશોરચંદ્રજી મહારાજશ્રીએ એકાદશીના ઉપલક્ષમાં વચનામૃતનો ઉપસ્થિત વૈષ્ણવોને લાભ આપેલ. આપશ્રીએ કહ્યું કે ગદ્ય અને પદ્ય બંને સ્વરૂપોમાં પુષ્ટિ સાહિત્ય ઉદધિ સભર છે. પદ્યમાં રચના થાય ત્યારે ભાવિક વૈષ્ણવોને કંઠસ્થ થઈ શકે છે અને સેવા અનવસરમાં આવી પદ્ય રચનાઓના ગાન કરી કીર્તન સેવાનો આનંદ માણી શકાય છે.

કાર્યક્રમના સમાપનમાં કવિ કુસુમાયુધે પૂ.પા.ગો.શ્રીકીશોરચંદ્રજી મહારાજશ્રીની તેમના ઉપર હંમેશા કૃપા દ્રષ્ટિ રહી છે તે બદલ આપશ્રીને પ્રણમામી મુહુર્મુહુઃ એ શબ્દોથી કૃતજ્ઞતા વ્યક્ત કરતા તેમના પર શ્રીહરિ ગુરૂ વૈષ્ણવોના કૃપા આશિષ પ્રેરણાથી જ આ નામસેવાના યજ્ઞમાં પોતે નિમીત થઈ શક્યા છે તેમ દૈન્યભાવે કહેલું અને સંબંધિત સર્વેજનો પ્રત્યે આભાર વ્યક્ત કરેલ.

કાર્યક્રમના પ્રારંભમાં પ.ભ. ગોરધનભાઈ મ. સેજપાલ એ મંગલાચરણનું તેમજ કાર્યક્રમના સમાપનમાં તેમણે આશ્રયના પાઠનું પઠન કરાવેલ.

☐ **માંડવી (કચ્છ) :** શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ કર્તવ્ય બતાવ્યું કે શ્રીકૃષ્ણની સેવા સદા કરવી અને તે પણ શાસ્ત્રની રીતી અને સમજપૂર્વક કરવી આ માટે માર્ગીય પુસ્તકોનું વાંચન જરૂરી બને અને તે માટે પૂ.પા.ગો.શ્રીશરદ બાવાશ્રીએ શ્રીવલ્લભાચાર્ય ટ્રસ્ટ, માંડવીના ઉપક્રમે તા.૮–૧૦–૨૦૦૧ થી તા. ૧૮–૧૦–૨૦૦૧ દરમ્યાન એક મહા અભિયાન પુસ્તકો વિતરણની શરૂઆત કરેલ છે. અને આ અભિયાનમાં જૂનાગઢ, મહેસાણા, સુરત, નડીયાદ, પાટણ, ઈંદોર વિગેરે સ્થળોથી પ્રકાશનો અને સંસ્થાઓનો સુંદર સહયોગ પ્રાપ્ત થયેલ છે. આ મહાઅભિયાન માટે કાયમી ધોરણેની વ્યવસ્થા વિચારાઈ છે.

☐ **કપડવંજ :** પ્રતિવર્ષ મુજબ આ વર્ષે પણ કપડવંજથી નાથદ્વારા પદયાત્રાનો પ્રારંભ તા.૧૯–૧૧–૨૦૦૧ થી થનાર છે. આ અગીયારમી પદયાત્રામાં પૂ.આચાર્યશ્રીઓ, શાસ્ત્રીઓ, વૈષ્ણવ મહાનુભાવો ઉપસ્થિત રહીને પદયાત્રીઓને શુભેચ્છા ભરી વિદાય પાઠવશે. પદયાત્રાનું જે સાતત્ય જળવાઈ રહ્યું છે તેનો યશ 'પરિષદ'ને અને દિનશા શાહને છે.

'શ્રીષોડશગ્રંથ પરિચય' ભેટપુસ્તક શ્રીવલ્લભસુધા માસિકના આજીવન ગ્રાહકોને રાજકોટમાં સેવાભાવી પ્રતિનિધિ તથા આંગડીયા દ્વારા તેમજ જૂનાગઢ–ધોરાજી–ઉપલેટા–તણસવા તેની આસપાસના ગામો–ભાદરા, મોરબી, જેતપુરના સ્થાનિક સેવાભાવી કાર્યકરો દ્વારા મોકલી અપાયેલ છે. આ સિવાય બધા ગામોના ગ્રાહકોને પોસ્ટ દ્વારા મોકલી અપાયેલ છે. જેની ગ્રાહકોએ નોંધ લેવી.

મહત્વ છે. તેમજ શ્રીઠાકોરજીએ શ્રીમદ્ ગોકુલમાં ઠકરાણી ઘાટ ઉપર પધારી આચાર્યચરણ શ્રીમદ્વલ્લભાચાર્યજીને દૈવી જીવોને શરણે લેવાની આજ્ઞા કરેલ જેથી શ્રીમદ્ ગોકુલ તીર્થ અતિ મહત્વનું છે.

જે શ્રીમદ્ ગોકુલમાં સામે કાંઠે ગોકુલ બેરાજ પુલ બનતા, નવો ઘાટ બનાવતી વખતે આયોજન એ પ્રકારનું હતું કે શ્રીઠકરાણી ઘાટે કાયમી શ્રીયમુનાજીના શુદ્ધ જલ વહેતા રહે. પરંતુ કર્તાઓની ખામી તથા સ્થાનિક પ્રદુષણયુક્ત જલ બનતા હાલ શ્રીયમુનાજી ઘાટથી ઘણા દૂર બીરાજે છે.

શ્રીમદ્ ગોકુલમાં બિરાજતા પૂ.પા.ગો.શ્રીચીમનલાલજી મહારાજશ્રીની પ્રેરણા અને આશીર્વાદથી વ્રજમંડલનાં તીર્થસ્થલોનાં સંરક્ષણ અને સંવર્ધન માટે શ્રીડાયાભાઈ ડેલાવાળા દ્વારા તા. ૨૯–૧૨–૨૦૦૦ નાં પત્રથી કેન્દ્ર સરકાર, યુ.પી.સરકાર પાસે રજુઆત થઈ તથા સ્થાનિક જાગૃતિ લાવવા પ્રયત્નો થયા. સ્થાનિક બિરાજમાન ગોસ્વામી બાલકોની પ્રેરણા અને આશીર્વાદથી ‘શ્રીમદ્ ગોકુલ તીર્થ વિકાસ ટ્રસ્ટ’ની રચના તળે જાગૃતિ લાવવા પ્રયત્નો થયા. હાલ ગોકુલમાં પૂ.ગો.શ્રીપંકજકુમાર મહોદયશ્રીનાં માર્ગદર્શન તળે શ્રીયમુનાજીનાં તીરે ‘શ્રીમદ્ વલ્લભાચાર્યજી ઉદ્યાન’માં વિશાળ પ્રમાણમાં વૃક્ષ ઉછેર કાર્ય ચાલી રહેલ છે.

દિનાંક ૧૮–૯–૦૧ નાં રોજ શ્રીમદ્ ગોકુલ તીર્થસ્થલીનાં સંરક્ષણ–સંવર્ધન માટે યુ.પી.ના પ્રધાનોને પત્ર લખ્યા બાદ શ્રીડાયાભાઈ ડેલાવાળા રૂબરૂ શ્રીવૃજમાં જઈ પૂ.આચાર્યશ્રીઓનાં માર્ગદર્શન તળે ‘શ્રીમદ્ ગોકુલ તીર્થ વિકાસ ટ્રસ્ટ’નાં પ્રમુખ શ્રીનારાયણભાઈ તિવારી તથા ઉપપ્રમુખ મુંબઈ નિવાસી શ્રીકનુભાઈ શાહને સાથે રાખી જાગૃતિ લાવવા પ્રયત્ન કર્યો. ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતા કેન્દ્રીય પ્રધાનો શ્રીકાશીરામ રાણા તથા ડૉ.શ્રીવલ્લભભાઈ કથીરીયાએ પણ યુ.પી. સરકારને પત્રો લખી સહાયરૂપ બન્યા. જેના પરિણામ સ્વરૂપે યુ.પી. સરકાનનાં પર્યટન વિભાગ દ્વારા શ્રીમદ્ ગોકુલમાં શ્રીઠકરાણી ઘાટ ઉપર કાયમી જલ વ્યવસ્થા જળવાઈ રહે તે માટે હાલ ૨૩ ત્રેવીસ લાખ રૂપીયા સરકારશ્રીએ ફાળવ્યા છે તેમ જાણવા મળેલ છે.

પરંતુ ગોકુલ તીર્થસ્થલીનાં ઘાટોનાં વિકાસ માટે ખર્ચ વિશાળ છે. જે રીતે હરદ્વારમાં હરકી પેડી પાસે ઘાટ વ્યવસ્થીત બન્યા તેમજ સામે કાંઠે વિશાળ પ્લેટફોર્મ બનાવી ત્યાં પણ ઘાટ વ્યવસ્થીત બનાવતા વિશાળ યાત્રીવર્ગ શ્રીગંગાસ્નાનનો લાભ મેળવી શકે છે. તે પ્રકારે ગોકુલમાં આવેલ શ્રીઠકરાણી ઘાટ, મુરલીધર ઘાટ, અષ્ટસતી ઘાટ, ચૌવનમઢ ઘાટ, બજરંગગઢ ઘાટનાં જીર્ણોદ્ધાર સાથે નવા ઘાટ તેમજ સામે કાંઠે વિશાળ પ્લેટફોર્મ બનાવી તેની બંને બાજુએ ઘાટ બને તો યાત્રીઓની સુવિધા વધવાની સાથે શુદ્ધ પોષણયુક્ત જલની પ્રાપ્તિ વધે તે પ્રકારનાં આયોજન માટે વિશેષ જાગૃતિ લાવવી જરૂરી છે.

આ માટે દરેક કૃષ્ણભક્તોએ–સનાતન ધર્મીઓએ જનજાગૃતિ લાવવા નૂતન વર્ષનાં શુભ નવલા દિવસોએ સંકલ્પસિદ્ધ બનવું આવશ્યક છે.

તેમજ ભગવાન શ્રીકૃષ્ણે શ્રીયમુનાનાં ધરાનું જલ કાલીનાગનાં કારણે વિષયુક્ત હતું તે દૂર કરવા કાલીનાગને નાથી જલને વિષ મુક્ત બનાવેલ તેમ હાલમાં કારખાનાઓમાં રસાયણયુક્ત પાણીથી તેમજ ગામના કુડા–કચરાવાળા ગંદા પાણી વડે પ્રદુષિત બનતી બધી નદીઓનાં પાણીને કારણે જીવમાત્રનાં આરોગ્યને નુકશાન થઈ રહ્યું છે તે દૂર કરવા પોતાના તથા સમગ્ર જીવસૃષ્ટિનાં હિત માટે આપણે સૌ કૃષ્ણ ભક્તો તથા સનાતન ધર્મીઓ આજના નૂતન વર્ષનાં શુભ દિને સંકલ્પબદ્ધ બનીશું તો પ્રભુ આપણા ઉપર પ્રસન્ન થશે અને આપણે આપણા પોતાનું તથા સમગ્ર જીવસૃષ્ટિનું કલ્યાણ સાધી શકીશું.

સં. ૨૦૫૮ કારતક સુદ ૧/૨ શુક્રવાર
દિનાંક ૧૬–૧૧–૨૦૦૧

શ્રીવલ્લભ વિજ્ઞાન પ્રકાશન સમિતિ

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-12-2001.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

દેનેં હેં સુખ સંત વ્હાં,
તાતેં યહાં નહિ કોઈ ।
પરિ જ્યોં દ્યોં, પ્રભુ! દોહુ તલ,
કા કછુ અપજસ હોઈ ॥૪૧॥

ટીકા : સંતને ત્યાં વૈકુંઠમાં ઘણાં સુખ આપવા છે માટે અહીં કોઈ પ્રકારનું સુખ આપતા નથી, પણ અહીંને ત્યાં બધે ઠેકાણે કૃપા કરીને આપો તો શું કાંઈ તમારો અપજશ થાય ? એટલે શું કે સામો જશ થશે. હે શ્રીમહાપ્રભો ! સાધુને આ લોકમાં પણ સુખી રાખો તો સારું. ૪૧

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

• આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત •

શ્રી વલ્લભસુધા

વચનસુધા

આજની ફેશનમાં જેવી રીતે ધાર્મિક સિદ્ધાંત, પરંપરા અને સદાચારને લોકો નિકૃષ્ટ માનીને છોડતા જાય છે. અને હીન આચરણમાં પ્રવૃત્તિ કરે છે. જો ખરેખર ધર્મનું સૌરસ્ય સમજ્યા હોય તો આ પરિસ્થિતિ ઉભી થાત નહીં.

આ ખેદની વાત છે કે આપણો વૈષ્ણવ સમાજ પોતાના સિદ્ધાંતનું મનન નથી કરતો, ચિંતન નથી કરતો, તેમજ અભિમાનના વશીભૂત એક સંઘર્ષની ભાવના સેવે છે. હું કરું છું, આ જાતની આપણી એક માન્યતા છે. અને મંતવ્ય છે આ જાતનું. એ સંસારમાં, વ્યવહારમાં ઘણું જ બાધક છે. પણ છતાંય આપણે એને છોડી શકતાં નથી. અટલે શ્રીવલ્લભાચાર્યે આ અહંકારનું સમર્પણ કરાવ્યું પ્રેમની દ્વારા. ભગવાનમાં જો સ્નેહ હોય, સ્વધર્મમાં સ્નેહ હોય અને નિષ્ઠા હોય તો જ એની વિશેષતા સમજી શકાય. કોઈના પ્રત્યે આપણાં ભાવમાં રાગ દ્વેષાત્મક પ્રવૃત્તિ હોય તો ગમે તેટલી સારી વાત એ કહેતો હોય પણ આપણને વિશ્વાસ નહીં થાય એમાં !

આ રીતે એક ધર્મના સિદ્ધાંતને જાણી અને શક્તિપૂર્વક આચાર જે બની આવે એટલો આચાર. એ શા માટે ? કે જે થિયરી પ્રેકટીસમાં નથી આવતી એ થિયરી જીવી શકતી નથી. અને જે પ્રેકટીસ નથી એનાથી થિયરી બનતી નથી. એટલે પહેલાં ભક્તિમાર્ગનું આચરણ–ભક્તિમાર્ગના વિચારો અને વ્યવહારો જીવનમાં આવવા જોઈએ.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્‌સુધા–૨ પૃષ્ઠ–૭૩)

• ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો •

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ અંક : ૧૦
વિક્રમ સંવત : ૨૦૫૮ શ્રીવલ્લભાબ્દ : ૫૨૪ જાન્યુઆરી, ૨૦૦૨
વાર્ષિક લવાજમ રૂ.૪૦/– આજીવન લવાજમ રૂ.૫૦૧/–
“શ્રીવલ્લભસુધા” કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

‘‘શ્રીવલ્લભસુધા’’ના સેવાભાવી પ્રતિનિધિ–કાર્યકર

[૧] અમદાવાદ

શ્રીઅશ્વિનભાઈ નવનીતભાઈ દેસાઈ
૪૩, સરદારપટેલનગર, એલિસબ્રીજ,

[૨] અંકલેશ્વર

શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫, જી.આઈ.ડી.સી. કોલોની,
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,

[૩] કલ્યાણ

શ્રીકૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,

[૪] ઉપલેટા

શ્રીઅમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રીહરિ સ્ટોર્સ, રાજમાર્ગ,

[૫] કલકત્તા

શ્રીનિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા,
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,

[૬] જામનગર

નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન,
૫૬, દિગ્વીજય પ્લોટ,

[૭] જુનાગઢ

☐ શ્રીઅમૃતલાલ સુંદરજી હિંડોચા
C/O. શ્રીગોકુલ એજન્સી,
૬/શ્રીનાથજી ચેમ્બર, દાણાપીઠ,

☐ શ્રીપોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,

☐ શ્રીઅરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
‘કિરણ’ ૪–જલારામ સોસાયટી,
લોઢીયાવાડ સામે,

[૮] ડોમ્બીવલી

શ્રીવિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૭–નિસર્ગ બિલ્ડીંગ, ગૌતમ લબ્ધી સામે,
રોયલ કોલેજ,

[૯] ધોરાજી

શ્રીજાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
‘નંદાલય’, રાળીયા હનુમાન પાસે,

[૧૦] પાંચપીપળા

શ્રીગોકળભાઈ જાદવભાઈ પોલરા

[૧૧] ઘાટકોપર (પૂર્વ)

શ્રીછોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ. જી. રોડ,

[૧૨] મુંબઈ

☐ આં.રા.પુ.વૈ. પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,

☐ આં.રા.પુ.વૈ. પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે,

[૧૩] મલાડ

શ્રીજયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,

[૧૪] મોરબી

☐ ધર્મેન્દ્ર ભોગીલાલ કંસારા
C/O. ટોકરશી જાદવજી કંસારા

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૧૦ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ જાન્યુઆરી, ૨૦૦૨

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ સડસઠમો : " ઉત્થાપન સમય દૂધ આરોગાવે નહીં "

ઉત્થાપનનો સમય વનમાં પ્રભુને જાગી ગાયોને એકઠી કરી ઘરે પધારવાનો છે. ગાયોના વાછરડાંઓ બધાં ઘરે–ખીરકમાં હોય તેથી વનમાં વાછરડાં વિના ગાયને દોહવાય નહીં. તે ભાવથી ઉત્થાપનમાં દૂધ ભોગ ધરીએ તો ભાવ–ને બાધા થવાને અપરાધ લાગે.

☐ અપરાધ અડસઠમો : " ભોગ ઘડી એક ધરેં, સંધ્યા આરતી કરની."

સંધ્યા ભોગ એ પ્રભુ વનમાંથી ગાયો ચારીને વળતાં નંદાલય પધારે છે ત્યારે માર્ગમાં આવતાં સર્વે વ્રજભક્તો પોતપોતાના ઘરે અનેક મનોરથ કરી પ્રભુના દર્શન કરવા પોતાના ઘરનાં દ્વારે વિવિધ સામગ્રી આદી લઈ ઉભા રહે છે. પ્રભુ તેમના મનોરથો પૂર્ણ કરતાં–હાસ્ય–વિનોદ કરતાં માર્ગમાં જ તે તે વ્રજભક્તોનાં મનોરથોની સામગ્રીનો અંગીકાર કરે છે. આ ભોગ એક ઘડી જેટલો સમય (લગભગ વીસ બાવીસ મીનીટ) ધરવો. અને સંધ્યા આરતી કરવી. (વૈષ્ણવોને ઘરે આ બધો પ્રકાર પ્રકટ રૂપમાં ન બની આવે. પણ સર્વે લીલાનું ભાવન કરી તે–તે સમયના પદોનું ગાન કરી માનસી કરવી જેથી તે–તે વ્રજભક્તોના ભાવના મનોરથો હૃદયમાં થવાથી તે–તે વ્રજભક્તોનો આપણા હૃદયમાં આવેશ થાય છે. અને સર્વે લીલાનું સુખ પ્રાપ્ત થાય છે. આવું સુખ શ્રીમહાપ્રભુજી–શ્રીગુસાંઈજીની કૃપાથી મેળવવાનો અધિકારી હોવા છતાં, પ્રમાદથી તે સુખ ન લ્યે તેટલો જીવ અપરાધી બને છે.)

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

સંન્યાસ નિર્ણય

ચાચા શ્રીગોપેશજી વિરચિત વિવૃત્તિઃ —ભાષાંતર ગો.વા. શ્રીબાબુભાઈ પી. નાયક— કડી

—ગતાંકથી ચાલુ

તસ્માદુક્તપ્રકારેણ પરિત્યાગો વિધીયતામ્ ।
અન્યથા ભ્રશ્યતે સ્વાર્થાદિતિ મે નિશ્ચિતા મતિઃ ॥૨૧॥

શ્લોકાર્થ : તેથી ઉપર કહેલા પ્રકારથી ત્યાગ કરવો, એમ ન કરે તો સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે, એવો મારો સંદેહ વિનાનો નિર્ણય છે. ॥૨૧॥

ભાવાનુવાદ : આમ હોવાથી અહીં પણ દૂરના વર્તમાનમાં મોહનો અભાવ સૂચવે છે. ભગવાન જીવનું વરણ કરવાથી ભગવાન જીવનું વરણ અન્યથા થવા દેતા નથી તે નક્કી છે. બાકીનું બધું ભગવાન જ સાચવી લે છે એવું કહેવાનું ધ્યેય છે. આ પ્રમાણે પ્રકૃત પરિત્યાગમાં દોષના અભાવનું નિરૂપણ કરી તેની પ્રવૃત્તિ વિશે કહે છે. તેથી બધી રીતે તે ત્યાગ નિર્દોષ છે. માટે ઉપર કહ્યા પ્રમાણે 'સ્વીય બંધ નિવૃત્ત્યર્થં વેશ' પોતાના બંધનોની નિવૃત્તિ માટે સંન્યાસીનો ભગવા રંગનો વેશ ધારણ કરવો. પોતાના હિત માટે વિરહ થવાના અનુભવ લક્ષણ પોતાના પ્રયોજન રહિત બને છે. એમ કહેવાનો ભાવ છે. ત્યાં પ્રશ્ન થાય કે તેનું પ્રમાણ શું ? તેના સમાધાનમાં શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે ઉપર કહેલું પ્રમાણ નિશ્ચિત સાક્ષાત્ મારું નક્કી કરેલું છે. તેવો મારો સંદેહ વિનાનો મત એને જ પ્રમાણ માની લેવું. એમ કહેવાનો આશય છે. ॥૨૧॥

હવે આ પરિત્યાગ તુરીયાશ્રમમાં જ શા માટે કરવો ? અથવા ભક્તિમાર્ગીય સાધનવિશેષ છે ! તે શંકાનું સમાધાન હવે કરે છે.

ઈતિ કૃષ્ણપ્રસાદેન વલ્લભેન વિનિશ્ચિતમ્ ।
સંન્યાસવરણં ભક્તાવન્યથા પતિતો ભવેત્ ॥૨૨॥

શ્લોકાર્થ : એ પ્રકારે શ્રીકૃષ્ણની કૃપાથી શ્રીવલ્લભે ભક્તિમાર્ગમાં સંન્યાસનો સ્વીકાર નિશ્ચિત કર્યો છે. આ સિવાય બીજા પ્રકારથી સંન્યાસ લેવાથી પતિત થાય. ૨૨

ભાવાનુવાદ : આ પ્રમાણે સંન્યાસનિર્ણય ગ્રંથ અહીં સમાપ્ત થાય છે. ભગવાનની પ્રસન્નતાના હેતુથી તે સાક્ષાત્ રચવામાં આવ્યો છે. ભક્તિમાં ભક્તિમાર્ગમાં સંન્યાસવરણમાં પરિત્યાગનું લક્ષણ એ છે કે ભગવાન ભક્તનો અંગીકાર કરે. વળી આ સંન્યાસની વાત તુરીયાશ્રમની નથી કે ભક્તિમાર્ગીય સ્વકૃતિ સાધ્ય હોઈ સાધનવિશેષ છે. તેથી તે પરિત્યાગ ભગવત્કૃત હોઈ ભગવાને જીવનો અંગીકાર કર્યો છે. તેવા સ્વરૂપનો આ પરિત્યાગ સમજવો.

બીજી રીતે ભગવાન જીવનો અંગીકાર કરે તેનો અભાવ સમજી તે જીવ આ માર્ગમાંથી પતિત થાય છે એમ સમજવું. માટે પતિત પદપ્રયોગ કર્યો છે તેમ સમજવું. આ પ્રમાણે ભગવાન જ જ્યાં સુધી જીવને પોતાનાથી ભિન્ન સમજે ત્યારે લૌકિક કાલ અલૌકિક વિષયમાંથી અંતઃકરણને નિરુદ્ધ જો પોતાનામાં જીવને વ્યસનાવસ્થા પ્રાપ્ત કરાવી આપે તો આ ભક્તિમાર્ગીય પરિત્યાગ ભજનાનંદના અનુભવની યોગ્યતા સંપાદન કરાવે તો વિરહનો અનુભવ કરવો જોઈએ. એવો અનુભવ ન થાય ત્યાં સુધી જીવે તનુ—વિત્તજા સેવા કરવી જોઈએ એવો શ્રીમદાચાર્યચરણોનો હેતુ હોઈ નિરંતર અનુસંધાન રાખવું. આ વિશે શ્રીમત્પ્રભુચરણ વિદ્વન્મંડનમાં આજ્ઞા કરે છે કે "તસ્માજ્જીવાનાં મર્યાદૈવ હિતકારિણી" તેથી જીવોનું મર્યાદા જ હિતકારિણી છે—૨૨

[ચાચા શ્રીગોપેશકૃતા સંન્યાસ નિર્ણય વિવૃત્તિઃ સંપૂર્ણા.]

શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

૨૨. (૧) નિરોધ

પ્રપંચ અથવા જગતની વિસ્મૃતિ થવી અને ભગવાન શ્રીકૃષ્ણમાં આસક્તિ થવી તેને નિરોધ કહે છે. સેવા, શ્રવણ, કીર્તન અને સ્મરણનો મુખ્ય હેતુ નિરોધ પ્રાપ્ત કરવાનો છે. પુષ્ટિમાર્ગનું સાચું ફળ ભગવાન શ્રીકૃષ્ણમાં નિરોધ થવું તે છે. નિરોધની ત્રણ કક્ષા છે. પ્રેમ, આસક્તિ અને વ્યસન. પ્રેમનો અર્થ ભગવાનમાં નિરુપધિ સ્નેહ. ભગવાનનું માહાત્મ્ય જ્ઞાન થવાથી તેના ઉપર પ્રેમ ઉત્પન્ન થાય છે. આ પ્રેમ જ્યારે વધે છે તથા સંસારના પદાર્થો ઉપરથી સ્નેહ ઉઠી જાય છે અને ધીરે ધીરે સાંસારિક વસ્તુઓની વિસ્મૃતિ થઈ જાય અને ભગવાનના વિષયમાં દઢ અને નિરુપાધિ સ્નેહ ઉત્પન્ન થાય છે. મનની આ સ્થિતિને આસક્તિ કહે છે.

સર્વ શક્તિમાન ઈશ્વર સંબંધી વિચારોમાં મન સર્વ રીતે લાગી જાય અને ઈશ્વર વિના એક ક્ષણ પણ દુઃખદ લાગવા માંડે અથવા તો ભગવાન વિના જ્યારે કાંઈ પણ સારું ન લાગે તેને વ્યસન કહે છે.

જ્યારે સર્વ શક્તિમાન ઈશ્વરના ગુણ અથવા ધર્મ ભક્તના હૃદયમાં પ્રવેશ કરે છે. ત્યારે તે ગુણ અથવા ધર્મ તેને સાંસારીક વિષયોમાં સ્થિર વૈરાગ્ય ઉત્પન્ન કરવાવાળા થઈ જાય છે. ઈશ્વરના ગુણ અથવા ધર્મોના સ્પર્શથી ભક્તજનને ક્યારેય પણ દુઃખ ભોગવવું પડતું નથી.

આને જીવનમુક્ત સ્થિતિ કહે છે અને તે પહેલી દશા છે.

જેને નિરોધ અત્યાર સુધી પ્રાપ્ત થયો નથી. પરંતુ ભવિષ્યમાં તે પ્રાપ્ત થાય એવી આશા હોય એવી જે મિશ્ર પુષ્ટિભક્તિ છે તેને માટે નિરોધ પ્રાપ્તિનો ઉપાય આચાર્યશ્રીએ બનાવ્યો છે.

સંસારાવેશ દુષ્ટાનાં ઈન્દ્રીયાણાં હિતાય વૈ ।
કૃષ્ણસ્ય સર્વવસ્તૂનિ ભૂમ્ન ઈશસ્ય યોજયેત્ ॥

અર્થ : સંસારાવેશ દુષ્ટ ઈન્દ્રિયોના હિત માટે ભૂમ્ન ઈશ (વિરાટ પુરૂષના પણ ઈશ્વર) શ્રીકૃષ્ણના વિષયમાં બધી વસ્તુઓને જોડવી જોઈએ.

મનુષ્યની બધી ઈન્દ્રિયો સંસાર વિષયમાં ફસાયેલી છે. તેને બીજા વિષયોમાંથી હટાવીને ભગવાન શ્રીકૃષ્ણમાં લગાડવી જોઈએ. આ પ્રકારે ધીરેથી નિરોધ સિદ્ધ થઈ જાય છે. પુષ્ટિમાર્ગમાં 'નિરોધ' શબ્દનું મોટું મહત્વ રહેલ છે. શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધમાં નિરોધનું વર્ણન આપવામાં આવ્યું છે. શ્રીમદ્ ભાગવતમાં લખેલું છે કે–

નિરોધો સ્યાનુશયનમાત્મનઃ સહ શક્તિભિઃ ।

અર્થ : પરબ્રહ્મ ભગવાન શ્રીકૃષ્ણ પોતાની શક્તિ સહિત જે અનુશયન (લીલારૂપ સ્થિતિ)તેને નિરોધ કહે છે. આત્મપદથી નિર્ગુણ પરબ્રહ્મને ગ્રહણ કરવું જોઈએ. 'ગૌણશ્ચેત્રાત્મ શબ્દાત્' આ સૂત્રમાં પણ 'આત્મ' શબ્દને પરબ્રહ્મવાચક કહે છે. હવે વિચાર અને આવે છે કે પરબ્રહ્મ કોણ ? ગોપાલતાપનીયોપનિષત્ માં લખ્યું છે કે– 'કૃષિર્ભૂવાચકઃ શબ્દો ણશ્ચ નિર્વૃતવાચકઃ । તયૌ રૈક્યં પરબ્રહ્મ કૃષ્ણ ઈત્યભિધીયતે' અને 'કૃષ્ણ સ્તુ ભગવાન્સ્વયમ્ આ બંને વાક્યોથી કૃષ્ણ પરબ્રહ્મ ભગવાન છે તે સિદ્ધ થાય છે. તેથી હવે એ સિદ્ધ થાય છે કે કૃષ્ણનું જે અનુશયન (લીલારૂપ સ્થિતિ) તેને નિરોધ કહે છે. હવે વિચાર એ આવે છે કે અનુશયન કોને કહે છે. ભગવાનની લીલાનુરૂપ સ્થિતિને અનુશયન કહે છે. 'વિષ્ણુઃ સર્વ ગુહાશયઃ' આ વાક્યમાં શીઙ ધાતુની સ્થિતિમાં અર્થ કર્યો છે. જે પ્રકારે 'ગુહાશય'નો અર્થ 'ગુહાયાં શેતે' થતો નથી તે પ્રમાણે અહીં પણ અનુશયનનો અર્થ સુવું (સુઈ જવું) થતો નથી. કારણ કે નિંદ્રા તો અવિદ્યાવૃત્તિ છે. બ્રહ્મમાં તે હોવું સર્વથા અસંભવ છે. તેથી શીઙ ધાતુને અહીં અનુરૂપ સ્થિતિ અર્થ થાય છે. તેથી પોતાની દુર્વિભાવ્ય શક્તિઓ સહિત ભગવાનની જે સ્થિતિ તેને 'શયનમ્' કહે છે. અનુરૂપતા ઉપસંગાર્થમાં છે. તેથી શ્રીકૃષ્ણની જે લીલાનુંરૂપા સ્થિતિ તેને અનુશયન કહે છે. પોતાની અનેક શક્તિઓની સાથે શ્રીકૃષ્ણનું જગતમાં ક્રીડા કરવું તે નિરોધ છે. સુબોધિનીજીમાં પણ આ વાત કહી છે.

નિરોધોસ્યાનુશયનં પ્રપંચે ક્રીડનં હરેઃ ।
શક્તિ ભિર્દુર્વિભાવ્યાભિઃ કૃષ્ણસ્યેતિ હિ લક્ષણમ્ ॥

અર્થ : પ્રપંચમાં ભગવાન શ્રીકૃષ્ણનો પોતાની દુર્વિભાવ્ય શક્તિઓની સાથે જે ક્રીડન તેને નિરોધ કહે છે.

૨૨. (૩) નિરોધની સામાન્ય ટીકા

નિરોધનું લક્ષણ એ છે કે પ્રત્યેક અથવા કોઈપણ ઉપાય દ્વારા મનનો સર્વ વ્યાપાર ભગવાન શ્રીકૃષ્ણમાં સમર્પણ કરી દેવામાં આવે. ચતુઃશ્લોકીમાં આચાર્યશ્રીએ કહ્યું છે કે–

સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાયમેવ ધર્મોહિ નાન્યઃ ક્વાપિ કદાચન ॥

અર્થ : બધાજ ભાવોથી સર્વદા ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ. મનમાં એ દઢ કરી લેવું જોઈએ કે આ મારો ધર્મ છે. તેના સિવાય બીજો કોઈ ધર્મ નથી. આ પ્રમાણે લોકો ઈશ્વરમાં અનન્ય ભાવ રાખીને પોતાના મનને તેમાં લગાવે છે. ને તુરત જ તે મને પ્રાપ્ત કરે છે.

શ્રીસુબોધિનીજીમાં લખ્યું છે કે–

મય્યેવ મનો યુંજાનાઃ શીઘ્રમેવા ચિરાન્મામવાપ્સ્યય ।

અર્થ : જે લોકો કેવળ મારામાં જ મન લગાડે છે તેઓ મને શીઘ્ર પ્રાપ્ત થાય છે.

ભક્તજન ભગવાનના વિષયમાં એ રીતે થઈ જાય છે કે જેથી સર્વશક્તિમાન ભગવાનનો પણ નિરોધ ભક્તજનમાં થઈ જાય છે. આ બંને નિરોધના સંબંધથી ભક્તનો નિરોધ દઢ થાય છે. અન્યથા બીજા કોઈ પ્રકારે દઢ થઈ શકતો નથી.

સુબોધિનીજીમાં કહ્યું છે કે–

નિરોધો યદિ ભક્તાનાં સ્વસ્મિન્ સ્વસ્ય ચ તેષુ ચ ।
તદોભય સુસંબંધાત્દયોભયતિ નાન્યથા ।

અર્થ : જ્યારે ભગવાનનો નિરોધ ભક્તમાં અને ભક્તનો નિરોધ ભગવાનમાં થઈ જાય તો આ સંબંધ અત્યંત દઢ થઈ જાય છે. તેને દઢ કરવાનો બીજો કોઈ ઉપાય નથી. ભક્તિના વિષયમાં શાસ્ત્રોમાં વર્ણિત સંસ્કારોની આવશ્યકતા રહેતી નથી. કારણ કે ભક્તિ પ્રેમ અથવા બીજા સાધનોથી સિદ્ધ થાય છે. પરંતુ એટલું ધ્યાન રાખવું કે સેવા અથવા ભક્તિનો યોગ કરવાથી અથવા સેવાનું અનુકરણ કરવાથી, અથવા તો સેવા ભક્તિ રહિત કરવાથી કોઈ ફળ પ્રાપ્ત થતું નથી. આપશ્રીનું કથન છે કે–

કાપટ્યે ન તુ સેવાયાં ફલમ ।

અર્થ : ભગવાનમાં કપટ કરવાથી સેવાનું કાંઈપણ ફળ મળતું નથી. સંસારના વિષયોમાં જેનું મન ફસાયેલું છે. તેને નિરોધની પ્રાપ્તિ અસંભવ છે. સંન્યાસ નિર્ણયમાં કહ્યું છે કે–

વિષયાક્રાન્ત દેહાનાં નાવેશઃ સર્વથા હરેઃ ।

અર્થ : જેનું મન વિષયોથી ઘેરાયેલું રહે છે. તેના મનમાં ઈશ્વરીય શુદ્ધ અને ઉંચા વિચારોનો પ્રવેશ થતો નથી.

એ પ્રમાણે શ્રેષ્ઠત્વનો અનુભવ કરીને અમત્સર થઈને ભગવાનની ભક્તિ કરે. નિરોધ પ્રાપ્તિનો આ સરળ માર્ગ છે. નિરોધ પ્રાપ્તિનો આ પણ ઉપાય છે.

હરિમુર્તિઃ સદા ધ્યેયા સંકલ્પાદિ તત્ર વૈ ।
દર્શનં સ્પર્શનં સ્પષ્ટં તથા કૃતિગતી સદા ॥
શ્રવણં કીર્તનં સ્પષ્ટં પુત્રે કૃષ્ણપ્રિયે રતિઃ ।
પાયોર્મલાંશ ત્યાગેન શેષભાગં તનૌનયેત્ ॥

અર્થ : સંકલ્પ દ્વારા પણ હરિમુર્તિનું સદા ધ્યાન કરવું જોઈએ. આ રીતે તે હરિમૂર્તિમાં સ્પષ્ટ અને સાક્ષાત્ પુરૂષોત્તમ બિરાજે છે. એવી ભાવના કરીને દર્શન અને સ્પર્શ કરવા જોઈએ અને ભક્તને તે ઉચિત છે કે આ ભાવના રાખીને પોતાની કૃતિ અને ગતિ રાખે.

જ્યારે ઈન્દ્રિયો સ્પષ્ટ રિતીથી પ્રભુમાં જોડાઈ રહેતી રહે ત્યારે નિરોધ થવો સંભવ છે. આંખોથી પ્રભુનું દર્શન કરવા છતાંય જો મન બીજી જગ્યાએ જાય તો ફલ વ્યર્થ છે. આ વાતને સ્પષ્ટ માટે આપશ્રી આજ્ઞા કરે છે કે–

યસ્ય વા ભગવત્કાર્યં યદા સ્પષ્ટં નદશ્યતે ।
તદા વિનિગ્રહસ્તસ્ય કર્તવ્ય ઈતિ નિશ્ચયઃ ॥

જ્યારે જ્યારે એ માલૂમ પડે કે અમુક ઈન્દ્રિયો ભગવાનમાં લાગવામાં અસક્ત છે અથવા તે પોતાના ભગવતકાર્ય ઠીક કરતી નથી. ત્યારે તે ઈન્દ્રીયોને સુધારવાને માટે વિશેષ બળ તેના ઉપર દેતું રહેવું જોઈએ. જેથી સર્વદા બધી ઈન્દ્રિયો પોતાના ભગવદ્કાર્ય યથાશક્તિ કરતી રહે. અને નિરોધની પ્રાપ્તિ થાય.

આ નિરોધ સિવાય ભગવાનને વશ કરવા માટે બીજો કોઈ મંત્ર નથી. કોઈ સ્તોત્ર નથી. કોઈ વિદ્યા નથી. અને ન તો કોઈ તીર્થ છે. ભગવદ્ભક્ત માટે સર્વોત્તમ મંત્ર, તંત્ર, તીર્થ અને વિદ્યા બધું જ કેવળ નિરોધ છે. નિરોધ પ્રાપ્તિના અર્થે જ ભગવદભક્ત પ્રયત્ન કરે છે.

૨૨. (૪) નિરોધની વ્યાખ્યા

નિરોધની ત્રણ દશા

પ્રપંચમાંથી (જગતમાંથી) ચિત્ત હટાવીને પ્રભુના ચરણારવિંદમાં લગાડવું તે નિરોધની વ્યાખ્યા છે. આ નિરોધની ત્રણ દશા છે. પ્રથમ, મધ્યમ અને ઉત્તમ.

અવિદ્યાની નિવૃત્તિ થઈ જાય અને પ્રભુનું સ્વરૂપજ્ઞાન થાય કે "હું પ્રભુનો દાસ છું છતાં પણ મને પ્રભુનો વિયોગ થયો છે" આ સમજવામાં આવે તેને નિરોધની પ્રથમ અવસ્થા કહેવામાં આવે છે. આ દશા પ્રાપ્ત કરવાનું સાધન ભગવાનના ગુણોનું શ્રવણ અને કીર્તન કરવું તે છે.

નિરોધની મધ્યમ દશા : નિરોધની પ્રથમ દશામાં, અંતઃકરણમાં, ભગવદ્વિયોગ જનિત તાપ ક્લેશનો અનુભવ થયો હતો. તેથી સંસારમાંથી આસક્તિ હવે હટી જાય છે. અને પ્રભુમાં આસક્તિ વધતી રહે છે. આ મધ્યમે દશામાં પ્રભુની લીલાનો અનુભવ કરતાં ભગવદ્ સાક્ષાત્કાર થાય છે. પ્રભુના ગુણગાનમાં જ સંસાર આસક્ત મન પ્રભુની પ્રાપ્તિ અર્થે નાના પ્રકારના ક્લેશનો અનુભવ કરે છે. ત્યારે હૃદય સ્થિત પ્રભુ બહાર પ્રગટ થઈને દર્શન દયે છે.

નિરોધની ઉત્તમ દશા : પ્રભુ સાક્ષાત્કાર થવા ઉપરાંત ભગવાન જ્યારે ફરી હૃદયમાં બિરાજમાન થઈ જાય છે. ત્યારે ફલરૂપ વિરહ દશા પ્રાપ્ત થાય છે. આવી દશા, પ્રભુની જ્યારે ભક્ત ઉપર અત્યંત કૃપા થાય છે ત્યારે જીવની આ દશા થાય છે. નિરોધ દશા પોતાના બળથી પ્રાપ્ત થતી નથી. તેથી નિરોધ પ્રાપ્તિના ઈચ્છાવાળા પરમ ભગવદીયોનો સત્સંગ કરીને શ્રવણ અને કીર્તન કરતું રહેવું જોઈએ.

પરિક્ષાર્થી માટેના પ્રશ્નો

૧. નિરોધ શું છે ?
૨. આસકિત અને વ્યસન શું છે ?
૩. નિરોધ સિદ્ધ થાય તેનો ઉપાય શું છે ?
૪. નિરોધની કેટલી દશા છે તેનું વર્ણન કરો.

વેદ સાર- પ્રભુપ્રીતિ ! વર્ણાશ્રમધર્મ-તાત્પર્ય-પ્રભુસંતોષ !

લેખક : શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી

ભારતીય–ધાર્મિક–સંસ્કૃતિનું ઉદ્‌ગમસ્થાન છે વેદ ! સઘળા વેદથી ભગવાન શ્રીકૃષ્ણ જ વેદ્ય છે. વેદનો સાર છે ભગવાનમાં પ્રીતિ ! ભગવાન નિશ્ચલ (કૂટસ્થ) બ્રહ્માજીએ સંપૂર્ણ વેદનો મનઃ સંયમ કરતી બુદ્ધિથી ત્રણ વખત વિચાર કર્યો, મંથન કરીને નિશ્ચય કર્યો, આત્મારૂપ ભગવાન જ ફલ છે–શ્રીભાગવત (૨–૨–૩૪) તેના સાધનનો વિચાર કરતાં 'યમેવૈષ વૃણુતે' (પ્રભુ જેનું વરણ કરે તેને મળે)– શ્રુતિથી ભગવાનમાં પ્રીતિને જે અવાન્તર–વ્યાપાર જાણીને, 'ભક્ત્યૈવ તુષ્ટિમભ્યતે'– (ભક્તિથી જ ભગવાન સંતુષ્ય થાય છે)–એમ વિચારીને, ભક્તિને જ મુખ્ય સાધન જાણીને બીજા બધાં સાધનો ભક્તિસાધક જ છે તેમ નિશ્ચય કર્યો.

વર્ણાશ્રમ–ધર્મોનું પણ તાત્પર્ય તો પ્રભુની પ્રસન્નતામાં જ છે. ધર્મનું મુખ્ય ફલ તો ભગવત્પ્રસાદ (પ્રભુ પ્રસન્નતા) છે. ભગવાનની (કૃપા) પ્રસન્નતા વિના અંતઃકરણની શુદ્ધિ કે રુચિ સંભવતા નથી–શ્રીભાગવત (૧–૨–૧૩). બીજ–સંસ્કાર–સંસ્કૃત (પંચાગ્નિ–વિદ્યા પ્રકારે જ્ઞાનયોગ્ય દેહવાળા) લોકો તેવો ધર્મ કરે છે, કે ધર્મપોષક ભગવદ્દ્ઈચ્છાથી કરે છે. યથાધિકાર યથાર્થ શાસ્ત્રોક્ત ધર્મના આચરણથી ધર્મજ પરિપૂર્ણ થાય છે. કર્તાને પ્રતિષ્ઠા વગેરેની ઈચ્છા રહેતી નથી. ત્યારે જ ભગવત્પ્રસાદ સંભવે છે, નહીં તો કર્મથી કર્તાએ ઈચ્છેલું ફલજ થાય, પ્રભુ પ્રસન્નતા નહીં. શમ–દમ–તપઃ–પવિત્રતા–વર્ણધર્મો છે, કાલ–દ્રવ્ય–યજ્ઞાદિ સેવા વગેરે આશ્રમધર્મો છે.

આ બધા પરધર્મ–રહિત સ્વધર્મ–રૂપ છે. આ ધર્માચરણ દેશ–કાલ–દ્રવ્ય–કર્તા–કર્મ–મંત્ર એ છ ની શુદ્ધિ સમજીને થાય, આવા યથાર્થ ધર્માચારનું ફલ છે–ભગવાનનો સંતોષ ! ભગવાન જો સંતુષ્ટ ન થાય તો કરેલો ધર્મ વ્યર્થ છે. આત્માને માટે જ સર્વ કોઈ છે. સૌનો આત્મા(સર્વાત્મા) ભગવાન છે. તે સર્વાત્મા સંતુષ્ટ ન થાય તો તેવો ધર્મ શ્રમ જ છે.

યેષાં ન તુષ્ટો ભગવાન યજ્ઞલિંગો જનાર્દનઃ ।
તેમાં શ્રમો હ્યપાર્થાય યદાત્મા નાદતઃ સ્વયમ્ ॥ (ભા.૩–૧૩–૩)

આત્માના અનાદરથી તો દેહાદિથી ધર્મ સિદ્ધ થતો નથી. વિક્ષિપ્ત (વ્યાકુલ) ઈન્દ્રિયવાળાને જેમ શારીરધર્મ ફલ દેતો નથી, વ્યાકુલ મન હોય તો ઈન્દ્રિય ધર્મ સફળ થતો નથી. તેમ ભગવદ્–વિમુખને કોઈપણ ધર્મ ફળતો નથી. ભગવાનનો અનાદર કરવાથી તો સર્વનાથ થાય. આમ, વેદ–ધર્મ–જીવનનું ફલ પ્રભુ પ્રસન્નતા છે. પ્રભુ પ્રસન્ન થાય તેવું જીવન બને, તેવું ધર્માચરણ થાય, તે વેદાધ્યયન થાય.

[પુષ્ટિ–પુલિનમાંથી સાભાર]

સત્સંગ–મંડળ

લેખક : ગો.વા.પ.ભ.શ્રીમગનલાલ એલ. તન્ના બી.એ.(ઓનર્સ) કોવિદ, રાજકોટ

વ્રજપુર નામના હજારેકની વસ્તી ધરાવતા એક ગામમાં કનુભાઈ નામના એક નવા યુવાન વેપારી સ્થાયી થયા હતા. એમનું મૂળ નામ તો જયકૃષ્ણ હતું. બાલપણમાં જ કુટુંબના સંસ્કારને કારણે એ ગોપબાલકો સાથે ખેલતો હોય, બંસી બજાવતો હોય, ગોપીઓ સાથે રાસમંડળ રચતો હોય એવી એવી રમતો રમતો. તેમના ઘરમાં એક જુદું જ ઠાકર મંદિર હતું. ત્યાં ઠાકોરજીની સન્મુખ એકલો એ રીતે રમતો હોય. જુદી જુદી વસ્તુઓને એ જુદા જુદા નામ આપતો. આ મારા ગોવાળીયા છે, આ ગોપીઓ છે, એક લાકડીનો નાનો ટુકડો પોતાની પાસે જ રાખતો અને એને એ પોતાની બંસરી છે, એમ કહેતો. હવેલીનાં કીર્તનો સાંભળીને તેના કેટલાક શબ્દો બાળભાષામાં ગાયા કરતો. મંગળ ગીતોની કડીઓ તે યાદ રાખતો અને વારંવાર તે ગાયા કરતો. તેમનો રાગ બાલપણામાં જ આકર્ષક હતો અને ઘરનાં વડીલો એ ગાતો હોય ત્યારે તેના ગાનમાં તલ્લીન થઈ જતાં. સૌ કહેતા કે કનુને ગાતા પણ સરસ આવડે છે. તેમનું હુલામણું નામ કનુ હતું; તેમના રહનસહનથી, તેના દેખાવ ઉપરથી, તેના પહેરવાના વસ્ત્રો ઉપરથી સૌ તેને કનૈયો જ કહેતા. અજાણ્યાને પણ તેના ઉપર વહાલ ઉપજતું અને તેથી તેને સૌ એ કનૈયો, કનુ એવા નામથી બોલાવતા. ઘરના સંસ્કારો બાળકો ઉપર કેવી અસર છે, તેનું ઉત્તમ દષ્ટાંત કનુ હતો. તેના

પિતાનું નામ નંદલાલ હતું તેથી સૌ કહેતા કે નંદલાલભાઈ, તમારે ત્યાં તો સાક્ષાત્ શ્રીકૃષ્ણ અવતર્યા છે. જોગાનુજોગ કનુની માતાનું નામ પણ યશોદા હતું. તેથી બધી બહેનો તો 'જશોદાનો જાયો' એવા નામથી જ વાત કરતી. તેમની મીઠી વાણી, તેમનો સૌને મદદ કરવાનો સ્વભાવ, તેમની રહેણીકરણી વગેરેથી બધાંને કનુ ઉપર પ્રેમ ઉપજતો. આમ એક સંસ્કારી વૈષ્ણવ કુટુંબમાં કનુનો ઉછેર થયો હતો. કનુ જેમ જેમ મોટો થતો ગયો તેમ તેમ તેના ગુણો અભિવૃદ્ધિ પામતા ગયા. ભણવામાં એ એટલું ધ્યાન આપતો કે શીખવેલું બધું એમને હૈયે વસી જતું. પોતાના વર્ગમાં એ સદાય પહેલો નંબર રાખતો. તે ભણવામાં હોંશીયાર હતો તેથી જ નહીં પરંતુ એના વર્તનથી સૌ શિક્ષકો અને સહાધ્યાયી વિદ્યાર્થીઓ પણ એમને ખૂબ જ ચાહતા.

એ નાનો હતો ત્યારથી જ કીર્તનીયાઓ પાસે બેસીને કીર્તનો ધ્યાનપૂર્વક સાંભળતો. અને સાંભળ્યા પ્રમાણે તે ગાતો. આમ એ એક સારો કીર્તનીયો પણ બની ગયો હતો. વાજીંત્રો વગાડતાં પણ એ શીખી ગયો હતો. એને કશું જ અઘરું લાગતું નહોતું. જે સારું જુએ તે તેને ગમી જતું અને તેને તે પોતાના વર્તનમાં ઉતારી દેતો.

પ્રાથમિક શિક્ષણ તેમણે સારી રીતે મેળવ્યું હોવાથી માધ્યમિક શાળામાં પણ એ એક હોંશીયાર વિદ્યાર્થી બની રહ્યો હતો. એમને ગણિત અને ભાષાના વિષયો ખૂબજ ગમતાં. સંસ્કૃત એમને ઘણું જ પ્રિય લાગતું. તેમને સમજાઈ ગયું હતું કે ગુજરાતી ભાષાનું મૂળ તો સંસ્કૃત ભાષા છે. વળી આપણાં શાસ્ત્રો અને ધાર્મિક ગ્રંથો સંસ્કૃતમાં જ લખાયેલા છે. આવી સમજથી માધ્યમિક શિક્ષણ પુરૂં કરતાં કરતાં તો એમણે સંસ્કૃતનું ઊંચું જ્ઞાન મેળવી લીધું.

ઘણાં ધાર્મિક ગ્રંથો તેમણે સમજપૂર્વક વાંચી લીધા. વળી જે વાંચ્યું હોય તેનું તે મનન પણ કરતો, અને મનન કરતાં કરતાં તે એવો તો એકાગ્ર બની જતો કે તેમાં તેને નવી નવી પ્રેરણાઓ મળ્યા કરતી. માધ્યમિક શિક્ષણ પુરૂં કરતાં તો ગુજરાતી અને સંસ્કૃતનું ભાષાજ્ઞાન તેમજ ગણિતમાં એ પારંગત થઈ ગયો. એસ.એસ.સી.ની પરીક્ષા ઊંચે નંબરે એમણે પસાર કરી.

હવે પોતે ઉંમરલાયક થયો છે, તેમણે હવે કુટુંબને આર્થિક મદદરૂપ થવું જોઈએ. પણ શું ધંધો કરવો, નોકરી કરવી કે વેપારમાં ઝંપલાવવું, તે વિશે તેમણે ઊંડો વિચાર કર્યો. તેમને થયું કે નોકરી એટલે પરતંત્રતા, બાંધી આવક, અન્યને વશ રહીને કામ કરવું. નોકરીમાં સાચું ખોટું કરવાનું પણ દબાણ થાય, ક્યારેક મનમાં ખૂંચે એવું પણ બને. ધાર્મિક પ્રવૃત્તિઓ કરવા માટે તો અનુકુળતા હોય જ શેની ? પરંતુ વેપાર એટલે સ્વતંત્ર ધંધો, પોતાને ગમે તે રીતે અને ગમે તેટલો સમય કામ કરવાનું. આમ હોવાથી દેવદર્શન, સત્સંગ, કથા–વાર્તા, ઉત્સવો વગેરેમાં ઈચ્છા પ્રમાણે ભાગ લઈ શકાય. સ્વતંત્રતા એ મહત્વની વાત છે. જો માણસ પોતાની ઈચ્છા પ્રમાણે જીવી ન શકે તો જીવનને ઉન્નતગામી બનાવી શકે નહીં.

આવા આવા વિચારોથી તેમણે વ્રજપુરમાં વાસ કરીને પોતાનો સ્વતંત્ર વેપાર શરૂ કર્યો. તે સામાન્ય રીતે વેપારી જ હતો, છતાં એસ.એસ.સી. ભણેલ અને પાકો પુષ્ટિજીવ હતો. વ્રજપુરમાં

હવેલી હતી. નિયમિત રીતે તે મંગળાથી માંડીને શયન સુધીનાં દર્શન ચૂકતો નહીં. હવે તે સારો કીર્તનીયો પણ બની ગયો હતો. દરેક રીતે તેને પુષ્ટિજીવન જીવવાની જ મહેચ્છા હતી.

વ્રજપુરમાં એકવાર સુરતવાળા બાવાશ્રી પધાર્યા અને સપ્તાહ સુધી પ્રવચનનો લાભ આપ્યો. બાવાશ્રીને થયું કે વ્રજપુર પુષ્ટિને માર્ગે વળેલું છે, ત્યાંની પ્રજા ધર્મભાવી છે. કનુની આંતરિક ઈચ્છાથી તેઓશ્રીએ તેમને કેટલુંક પુષ્ટિ સંબંધી માર્ગદર્શન આપ્યું, તેથી કનુએ અને ગામના ઘણાં લોકોએ બ્રહ્મસંબંધ લીધું. કનુમાં જાણે કે નવું જ જીવન આવ્યું. હવે તેને એક યુવાનને શોભે તેવી અને અનેકવિધ પ્રેરક પ્રવૃત્તિઓ કરવાનું મન થયું. તેમના ઉત્સાહને ગામલોકોએ સારો એવો ટેકો આપ્યો. દૂધમાં સાકર ભળે તેમ બાવાશ્રીના વચનામૃતથી ગામલોકોમાં ઘણો જ ઉત્સાહ વધી ગયો. હવે બધાને થયું કે કનુભાઈની આગેવાની ગામના ધર્મપ્રેમીઓને ઉન્નતગામી બનાવશે.

—ક્રમશઃ

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

પ્રભુ પાસે કાંઈ ન માગીએ, માગે પસ્તાવો થાય;
ઉદાસી આવે નાથને, વ્યવહાર સરખું જણાય.
જણાય એવું માટે રખે જાચો, સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો;
વણ માગે સહુ આપે એ સ્વામિ, નથી અજાણ્યા એ અંતરયામી.
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૨)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી વિવેક રાખવા જણાવે છે કે, પ્રભુ પાસે કાંઈ માગવું નહીં, પ્રભુ અંતર્યામી છે. સૌનાં મનની જાણે છે, તેમ માની વિવેક રાખવો.

શ્રીમહાપ્રભુજી, વિવેકધૈર્ય આશ્રયમાં–

વિવેક ધૈર્ય, સતતં રક્ષણીયે તથાશ્રય
વિવેકસ્તુ હરિઃ સર્વં નિજેચ્છાતઃ કરિષ્યતિ

વૈષ્ણવોએ વિવેક, ધીરજ અને આશ્રયનો કદી ત્યાગ કરવો નહીં. પ્રભુ પર વિશ્વાસ રાખવો. પ્રભુ જે કાંઈ કરે છે, તે ભલું જ કરે છે. વળી માગવાથી તો વ્યવહાર જેવું થાય. વળી પ્રભુની ઉદાસી પણ થાય. તેમજ માગેલું મળશે તે નિશ્ચિત નથી, તેમ પ્રભુની ઈચ્છાને જાણવાની કોઈની શક્તિ નથી.

પ્રાર્થિતે વાતતઃ કિંસ્યાત્ સ્વામ્યાભિપ્રાય સંશયાત્
સર્વત્ર તસ્ય સર્વંહિ સર્વ સામર્થ્યમેવ ચઃ

પ્રાર્થના કરવાથી શું વળવાનું છે. સ્વામીનો અભિપ્રાય શું છે, તે તો આપણે જાણતા નથી. પ્રભુ સર્વેશ્વર સર્વત્ર બિરાજમાન છે. સર્વના મનની તે જાણે છે, કેમ કે અંતરાત્મા છે. એવા પ્રભુ સર્વ કાંઈ કરવાને સમર્થ છે. પરંતુ પ્રભુ પોતાની ઈચ્છા મુજબ કાંઈ પણ કરશે, માગવાથી મળવાનું નથી. વળી માગવું તે તો પ્રભુને શ્રમ દેવા બરોબર છે, આ ઉપર એક દ્રષ્ટાંત જોઈએ.

એક શેઠ હતા. તેની દુકાને તેના જ સગામાં થાય તેવા ભાઈને નોકરીએ રાખ્યા હતા. આ ભાઈ પણ ઈમાનદારી રાખીને શેઠની નોકરી તન, મનથી કરતા હતા. જરા પણ લોભ, લાલચ કે નિજી સ્વાર્થ ક્યારેય જોયા વગર નોકરી કરતાં. આમ કરતા વર્ષો વિત્યા, એક દિવસ તેને વિચાર આવ્યો કે આજ સુધી મેં ક્યારેય કાંઈ માગ્યું નથી, વળી વર્ષોથી નોકરી કરતા પગારનો વધારો પણ માગ્યો નથી. જો મારી પાસે કાંઈક પૈસો થાય તો મારું ઘર ક્યાંક બંધાય.

આ બાજુ શેઠ વિચાર કરે છે કે આ માણસ બહુ જ લાયક છે, મારે ફક્ત એક દિકરી જ છે, તો આ લાયકાતવાળો છે તેને માટે મનમાં દિકરીની સગાઈ કરવાનો વિચાર કરતો હતો. આને જ હું વારસદાર બનાવી દઉં.

બનવા જોગ એક તરફ શેઠ વિચારે ચડયા છે તે જ વખતે આ ભાઈ (નોકરે)એ શેઠને આવીને કહ્યું કે હું આપને ત્યાં વરસોથી નોકરી કરું છું મેં ક્યારેય કાંઈ માંગ્યું નથી, આજે મારે જરૂર છે, મને થોડાક રૂપિયા આપો તો મારું ઘર બંધાય.

આ સાંભળીને શેઠે વિચાર કર્યો કે હું તો આને દિકરી દેવા તૈયાર હતો, પરંતુ આ તો થોડાક રૂપિયામાં જ મહેનતાણું માંગી લે છે. આ વિચાર કરી શેઠે તેને માંગેલા રૂપિયા આપી દીધા. પરંતુ જે પોતાની દિકરી દેવાનો વિચાર કર્યો તે માંડી વાળ્યો.

આ દ્રષ્ટાંત સમજાવે છે કે જો નોકરે કાંઈપણ માગ્યું ન હોત તો જીતમાં રહેત. એકીસાથે ઘરબાર, ધન, સ્ત્રી બધું મળી રહેત. માગવાથી નુકસાની જ રહી. તેવી જ રીતે પ્રભુની ઈચ્છાને કોઈ જાણી શકતું નથી. જીવ શું માગી શકે ! માટે પ્રભુ પાસે માગવું નહીં.

પ્રભુ સ્વયં પોતાનાં ભક્તની નિષ્કામ ભક્તિ જોઈને યહલોક તથા પરલૌકિક પરમ ફળ દેવાની ઈચ્છા કરતા હોય, ત્યાં આપણે તુચ્છ લૌકિક સુખની માગણી કરીએ, અને તે મળે, તો પણ પ્રભુની મૂળ ઈચ્છા ધારેલી, તેનાથી વંચિત જ રહેવું પડે.

પુષ્ટિ ભક્તિ નિષ્કામ છે. કાળે કરીને નષ્ટ થાય તેવા તુચ્છ સુખની તો ઈચ્છા જ જ્યાં નથી. પરલૌકિક પણ પ્રભુ ઈચ્છા ઉપર નિર્ભર રહેવાય છે. પ્રભુનું અનંત ઐશ્વર્ય છે. જીવની શું શક્તિ કે તે માગી શકે ! આ બાબતે ટૂંકું દ્રષ્ટાંત જોઈએ.

એકવાર મહાદેવજી સતી પાર્વતી સાથે સંસાર ભ્રમણ કરતા ચાલ્યા જતા હતા, ત્યાં સાંજનો સમય, ગામડાની મજુરી કરતી બૈરાઓ માથે ઘાસના ભારા લઈને ચાલી જતી. ભાદરવા મહીનાનો સખત તાપ, ને ગભરાટ થાય તેવા દિવસો, બૈરાઓ પરસેવે રેબઝેબ થઈ ચાલી જાય. આ જોઈને સતિને દયા આવી કે,

આને માટે વરદાન આપી, દુઃખ દૂર કરવું. આમ વિચાર કરીને સતિ તે બૈરાઓ પાસે આવ્યા અને તેના દુઃખનું નિવારણ કરવા તેને માગવાનું કહ્યું. ત્યારે બૈરાઓ કહે છે કે જો તું સાચો સાચ પાર્વતી મા હો તો, અમે માગીએ તે અમને આપ. એમ કહીને તેણે માગ્યું કે માથે ભારો વાંહે વા એટલું દેજે પારવતી મા.

તાત્પર્ય–તે બાઈઓએ માગ્યું કે જ્યારે અમે માથે ભારો લઈને ગામ તરફ જઈએ છીએ, ત્યારે સામો પવન અમને લાગે છે, તેથી પગ ભરાઈ જાય છે, ચાલી શકાતું નથી, તેથી જો સાચી પારવતી મા હો તો આ દુઃખ અમારું ભાંગી દે. તથાસ્તુ, કહી સતિએ પવનને પાછળ કરી દીધો. મહાદેવજીએ સતિને કહ્યું કે, કહો સતિ તેનું દુઃખ દાળદર બધું મટાડી દીધું, ત્યારે સતિએ કહ્યું કે તેણે માંગ્યું તે મેં દીધું. જુઓ આમાં જીવને માગતા પણ નથી આવડતું. સતિ ધારે તો તેને ઘણું આપી શકે. આ બધા તત્વો જોતાં સારમાં સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. (૯૨)

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૧૦૦. વૈકુંઠમાં સુખ ને આનંદ નથી

આ પૃથ્વી આ લોકમાં છે, ને ત્યાં નથી, માટે રખે અજાણે વૈકુંઠના ભોગ માગતા. જુઓ તો સર્વે ચતુર્ભુજ રૂપ જેવા ભગવાન તેવા સર્વે છે. એટલે ત્યાં દીનભાવ તો છે નહીં. પ્રભુ ન ભજવાથી દીનતાવાળી વાણીથી કહીએ કે મારી શી વલે થશે ? તે દીનત્વ, સેવન ન બને તેનું દીનત્વ, કોટાન કોટિ પ્રકારનું દીનત્વ તે એ લોકમાં ક્યાં છે ? ક્યાં પ્રભુ ને જીવ ? જેટલાં દીનત્વ આ પૃથ્વીમાં છે, તે કહીએ છીએ. માટે જે કાંઈ આ લોકમાં છે, તે ક્યાંય નથી. દીનત્વથી પ્રભુ પ્રસન્ન થાય.

વળી આપણે કહેવું જોઈએ, કે રાજ વ્હાલા થાય ને રાજની સેવાને રાજનાં દર્શન તથા રાજના ભક્તોનો સત્સંગ તથા રાજની કથાવાર્તા કરીએ, એટલાં વાનાં કોઈપણ જગાએ છે નહીં. તે ભરતખંડમાં છે. ૧૦૦

૧૦૧. હરિ સૌમાં છે, પણ માનવા વિવેક જોઈએ

સૌમાં હરિ કહ્યા. બ્રહ્માથી તે કીડી સુધી શિવમાં, નારદજીમાં, ને આ જગતમાં સર્વમાં હરિ છે. એવાના પ્રતાપે આપણને દર્શન આપે છે ને આપણે તો મલીન છીએ, માટે હરિ જોવામાં જાત પર છે. માટે વિચારે કે જેમ જેમ મોટા તેમ તેમ હરિ દેખે છે, કૂતરાના હરિ (કૂતરામાં છે તે) ને મોટા ભગવદીયના હરિ (મોટા ભગવદીયમાં બિરાજે છે તે) સરખા ન કહેવાય.

(અહીં ભટ્ટજી સૌમાં પ્રભુ છે, પણ તેમાં તારતમ્ય છે, એમ બતાવે છે. જળ તો ખાળનું છે ને કુવાનું પણ છે, પણ બેયમાં ફેર છે. તેમ વાઘમાં પણ ઈશ્વર છે, કુતરામાં પણ ઈશ્વર છે, તેમ મોટા ભગવદીયમાં પણ છે, પણ દરેક સ્થાને જુદા સ્વરૂપમાં છે, માટે વિવેકપૂર્વક વર્તન રાખવું જોઈએ.) ૧૦૧

કપિલગીતા - અર્થાત્ શ્રીભગવાનનો કપિલાવતાર

લેખક : જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

– ગતાંકથી ચાલુ

આનંદથી પ્રફુલ્લ મુખકમલવાળા, કમળના મધ્યભાગમાં સ્થિત, પત્રવત્ અરુણ નેત્રોવાળા, નીલકલ પત્રવત્ શ્યામ શ્રીઅંગવાળા, હસ્તોમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ ધારણ કર્યાં છે એવા, પીળા સુંદર પીતાંબરવાળા, વક્ષ:સ્થળમાં શ્રીવત્સના ચિહ્નવાળા, કંઠમાં કૌસ્તુભમણિ ધારણ કર્યો છે એવા, વનમાળાથી વ્યાપ્ત છે એવા, હાર, કંકણ, કિરીટ, બાજુબંધ અને નૂપુર ધારણ કર્યાં છે એવા, કંદોરાથી શોભતા કટિપ્રદેશવાળા, ભક્તોના હૃદયઆસને વિરાજતા, દર્શનીય, શાંત એવા શ્રીભગવાનનું ધ્યાન ધરવું. એ પછી યોગીઓએ અતિ સુંદર કિશોર અવસ્થાવાળા, ભક્તો પર અનુગ્રહ કરવા સદા આતુર એવા ભગવાનના સંપૂર્ણ અંગોનું પણ મન તૃપ્ત થાય ત્યાં સુધી ધ્યાન ધરવું. ઉભા રહેલા, ચાલતા, બેઠેલા, પોઢેલા અને સર્વની હૃદય ગુહામાં વસેલા એ ભગવાનનું ધ્યાન ધરવું તેમ એમના પ્રત્યેક શ્રીઅંગમાં પણ મન જોડવું, ધ્યાન કરતી વખતે શરૂઆતમાં ચરણારવિંદમાં ધ્યાન કરવું. એ ચરણારવિંદ વજ્ર, અંકુશ, ધ્વજ અને કમલનાં ચિહ્નોથી યુક્ત છે. પછી શ્રી ભગવાનની બંને ગોઠણનું ધ્યાન ધરવું. તે પછી અનુક્રમે બે સાથળોનું, નિતંબ પ્રદેશનું, દરેકના આશ્રયસ્થાન એમના ઉદર પ્રદેશમાં સ્થિત જેમાંથી બ્રહ્માજીના આધારભૂત કમલ પ્રગટ થયું હતું એવા નાભિ સરોવરનું, વક્ષસ્થલનું, કંઠનું, બાહુઓનું ધ્યાન ધરવું. એ પછી ચક્ર અને શંખનું, કૌમોદકી ગદાનું અને કૌસ્તુભ મણિનું ધ્યાન ધરવું. એ પછી અત્યંત દર્શનીય તથા સર્વ લોકના માટે નમસ્કારણીય પવિત્ર યશકીર્તિવાળા એવા શ્રીભગવાનના મુખકમલનું ધ્યાન ધરવું. ઝળહળતાં મકરાકૃતિ કુંડળોથી મંડિત અતિશય સ્વચ્છ કપોલોવાળું, ઘુઘરાળી અલકાવલીથી મંડિત કમલ સરખાં બે નેત્રોવાળું, સુંદર ભ્રૂકુટિવાળું, ભગવાનનું મુખારવિંદ મનમાં સ્થિર કરીને તેનું ધ્યાન કરવું. હૃદય ગુહામાં ચિરકાલ સુધી ભક્તિભાવથી ભગવાનના નેત્રોનું ચિંતન કરતાં ધ્યાન ધરવું. જે અધિક કૃપાથી અને પ્રેમભર્યા મુસ્કરાટથી ક્ષણે ક્ષણે અધિકાધિક દયા કરે છે, વિપુલ પ્રસન્નતાનું પ્રદાન કરે છે અને ભક્તોના અત્યંત ઘોર એવા ત્રિવિધ તાપોને શાંત કરે છે તથા મુનિઓના હિતને માટે જ કામદેવને મોહિત કરવાને માટે જેનું સર્જન થયું છે એવા ભગવાનના શ્રીમુખારવિંદનું ધ્યાન ધરવું જોઈએ. આ પ્રકારે ભગવાનના સમસ્ત શ્રીઅંગોનું ધ્યાન કરવાથી સાધકનો પ્રેમ શ્રીહરિમાં સુદઢ બની રહે છે. એનું હૃદય દ્રવિત થઈ જાય છે. શરીરમાં આનંદને લીધે રોમાંચ થવા લાગે છે. ઉત્કંઠા જનિત પ્રેમાશ્રુઓની ધારામાં વારંવાર પીડિત બની રહેતા સકલ ભક્તિ સિદ્ધ બની રહેતાં તે શ્રીહરિને પોતાની તરફ આકર્ષિત કરવાના સાધનરૂપ પોતાના ચિત્તને ધીરેધીરે ધ્યેયથી દૂર કરે છે અને પછી સર્વપ્રકારના વિષયોના અભાવમાં આશ્રય વિષય અને રાગથી રહિત બની એનું મન શાંત બ્રહ્માકાર થઈ જાય છે. આ અવસ્થાની પ્રાપ્તિ પછી જીવ ગુણપ્રવાહ અને દેહાદિ ઉપાધિથી નિવૃત્ત થઈ જવાને કારણે ધ્યાતા ધ્યેય આદિ વિભાગથી રહિત એક અખંડ

પરમાત્માને જ સર્વત્ર અનુગત જુએ છે. યોગાભ્યાસથી અવિદ્યા રહિત અંતિમ અવસ્થાવાળા એ યોગી પરમાનંદમય સ્વરૂપમાં સ્થિત હોવાથી તેને પોતાના દેહાદિનું કશું જ જ્ઞાન રહેતું નથી. એનું શરીર તો પૂર્વજન્મના સંસ્કારોને અધીન છે તેથી જ્યાં સુધી તેનું પ્રારબ્ધ શેષ હોય ત્યાં સુધી ઈન્દ્રિયો સહિત જીવિત રહે છે પણ એ સિદ્ધ પુરૂષને કશીજ અહંતા મમતા રહેતી નથી.

દેહ, ઈન્દ્રિય, અંતઃકરણ અને પ્રાણથી આત્મા અલગ છે. અને એ આત્મા બ્રહ્મ છે, ભગવાનની સમાન પ્રકૃતિવાળો છે, તત્ત્વની પ્રકૃતિવાળો નથી. આત્મા ભગવાનનું અવિકૃત પરિણામ છે અને એમનો અંશ છે એટલે તેને ભગવત્સંબંધી કહ્યા છે. આત્માની વિલક્ષણતા સ્પષ્ટ હોવાથી સંઘાતથી આત્મા અલગ જ છે. પ્રાણી માત્રમાં પોતાના આત્માને અને પોતાના આત્માને પ્રાણી માત્રના આત્મામા અનન્યભાવથી તદાત્મતાનુંજ નિરીક્ષણ કરવાનું છે. આવું આ સાંખ્ય શાસ્ત્ર છે. યોગને તો એના અંગરૂપે કહેવામાં આવ્યો છે. સાંખ્યની આ પ્રકૃતિ દૈવી છે. ભગવત્સંબંધિની છે. એ પ્રકૃતિ ભગવાનની કૃપા વિના નિવૃત્ત થતી નથી. એ દૈવી પ્રકૃતિ સદસદાત્મિકા છે. કાર્યકારણરૂપા છે. એ પ્રકૃતિ ભગવદ્ કૃપાથી નિવૃત્ત થયા પછી આત્મા પોતાના સ્વરૂપમાં સ્થિત બની રહે છે અને એજ મોક્ષ છે.

આ રીતે સાંખ્ય આર્ય કપિલજીએ અંગસહિત જ્ઞાનનું નિરૂપણ કર્યું પણ એ જ્ઞાન વૈરાગ્યના અભાવમાં ઉત્પન્ન થઈ શકે નહીં તેથી વૈરાગ્યનો હેતુ અને પ્રથમ કહેવાયું છે તેમ ભગવાનની ભક્તિથીજ વૈરાગ્ય થાય છે એટલે કેવી ભક્તિ વૈરાગ્યને ઉત્પન્ન કરે છે તે તથા ભક્તિના ભેદો જાણવાની ઈચ્છાથી દેવહૂતિજી કહે છે કે હે મહામુનિ ! પ્રકૃતિ, પુરૂષ મહતત્ત્વ આદિ સ્વરૂપ સાંખ્યાનુસાર તમે મને કહ્યું. પણ હવે આપ મને ભક્તિયોગનો માર્ગ વિસ્તારપૂર્વક સમજાવો. માતાનાં આવા વચન સાંભળી કપિલજીએ એમની પ્રસંશા કરી અને પછી બોલ્યા : હે માતા, સાધકોના ભાવ અનુસાર ભક્તિયોગના અનેક પ્રકાર છે. ભેદદર્શી ક્રોધી મનુષ્યો હૃદયમાં હિંસા, દંભ, માત્સર્યનો ભાવ આવીને મારી ભક્તિ કરે છે તે મારા તામસ ભક્ત છે. જે મનુષ્યો વિષય, યશ, ઐશ્વર્યની કામનાથી પ્રતિમા આદિમાં ભેદભાવથી મારી પૂજા કરે છે તે રાજસ ભક્તો છે અને જેઓ પાપક્ષય માટે પ્રાયશ્ચિતરૂપમાં અને પછી સમર્પણ ભાવથી– સેવા એજ મારું નિત્ય કર્મ છે એમ માની મારી ભક્તિ કરે છે તે સાત્વિક ભક્તો છે. જે રીતે ગંગાજળ અવિચ્છિનરૂપે સમુદ્રની તરફ ગતિ કરે છે એ રીતે સર્વના હૃદયમાં વસેલા એવા ભગવાનના ગુણોના શ્રવણ માત્રથી ભગવાનમાં મનની ગતિ અવિચ્છિન્ન બની રહે છે. નિષ્કામ ભાવે અનન્યરૂપે પુરૂષોત્તમમાં જે ભક્તિ થાય છે એજ નિર્ગુણ ભક્તિનું લક્ષણ છે. નિષ્કામ ભક્તો તો ભગવાનની સેવાના બદલામાં સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્યરૂપ મુક્તિને પણ ગ્રહણ કરતા નથી. એવા ભક્તોનો ભક્તિયોગ જ પરમ પુરૂષાર્થ છે. નિષ્કામ ભાવે શ્રદ્ધાપૂર્વક નિત્ય નૈમિત્તક કર્તવ્યોનું પાલન કરવાથી નિત્ય પ્રતિ હિંસારહિત એવા ઉત્તમ ક્રિયાયોગથી, ભગવાનના સ્વરૂપનું દર્શન, સ્પર્શ, સ્તુતિ,વંદન કરવાથી, પ્રાણીમાત્રમાં સમાન ભાવ રાખવાથી, ધૈર્ય અને વૈરાગ્યનું અવલંબન કરવાથી, યમ નિયમોનું પાલન કરવાથી, શાસ્ત્રોનું શ્રવણ કરવાથી ભગવાનનું સંકીર્તન કરવાથી, સત્સંગથી, અહંકારના ત્યાગથી ચિત્તશુદ્ધ બની રહે છે અને ભગવાનમા લીન બની રહે છે. મોહવશ બનીને થતી મારી પૂજાએ તો ભસ્મમાંજ હવન કરવા બરોબર છે.

હે માતા ! ભેદદર્શી અને અભિમાની મનુષ્ય ભલે અનેક પ્રકારનાં વિધિ વિધાનોથી ભગવાનનું પૂજન કરે પણ એથી ભગવાન પ્રસન્ન થતા નથી. પ્રાણીમાત્રમાં જીવરૂપ પોતાના અંશથી ભગવાન પ્રવિષ્ઠ છે એમ માની સર્વ પ્રત્યે આદરભાવ રાખે તે મનુષ્ય પોતામાં અને પારકામાં ભેદ રાખતો નથી. આવા સમદર્શી મનુષ્યને જ ભક્તિયોગ સાધ્ય બની રહે છે.

☐ સમાપ્ત ☐

''શ્રીવલ્લભસુધા''ના આજીવન ગ્રાહક બની ''ષોડશ ગ્રંથ પરિચય'' પુસ્તકનો અલભ્ય લાભ મેળવો.

'શ્રીવલ્લભસુધા' માસિકનાં ૨૦૦૧–૦૨ ના ગ્રાહકોને તથા આજીવન ગ્રાહકોને 'ષોડશગ્રંથ પરિચય' પુસ્તક ભેટ સ્વરૂપે પહોંચાડી દીધેલ છે.

હજુ ઘણા ગ્રાહકોની આ પુસ્તક કઈ રીતે મેળવવું તે તપાસ ચાલુ છે. જેના અનુસંધાને જણાવવાનું કે આ પુસ્તક વેચાણ સ્વરૂપે પ્રાપ્ય નથી. પરંતુ શ્રી એન. કે. પરીખ –મુંબઈ દ્વારા આ પુસ્તક પ્રકાશિત થયેલ છે. તેઓએજ ભેટ સ્વરૂપે 'શ્રીવલ્લભસુધા'નાં ગ્રાહકોને મોકલેલ. હજુ જેઓ આ પુસ્તક વસાવવા માંગતા હોય તેઓએ 'શ્રીવલ્લભસુધા'ના આજીવન ગ્રાહક બની શ્રી એન. કે. પરીખનાં સહયોગથી આ પુસ્તકનો લાભ પ્રાપ્ત કરી શકે છે.

તો આ વર્ષ પૂર્ણ થવામાં છે. આ અંકમાં 'શ્રીવલ્લભસુધા'નાં સેવાભાવી કાર્યકરોને અગર સંસ્થાના કાર્યાલય ઉપર આજીવન ગ્રાહકનાં રૂ.૫૦૧/– ભરી આ વિશેષ લાભ પ્રાપ્ત કરી શકે છે. ચાલુ વર્ષનાં ગ્રાહકોને પણ પોતાનું લવાજમ રૂ.૪૦/– સેવાભાવી પ્રતિનિધી અગર સંસ્થાના કાર્યાલયે મોકલી આપવા વિનંતી છે.

''શ્રીવલ્લભસુધા'' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ–૩૬૦૦૦૧.

ખાસ નોંધ : લવાજમની રકમ મોકલતી વખતે મનીઓર્ડર સ્લીપમાં પોતાનું નામ, સરનામું, ગામ, જીલ્લો, પીનકોડ નંબર અવશ્ય લખવા.

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર - પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે મતાન્તર વર્ણવતા કહે છે–

અન્યોન્યાશ્રયત્વમિત્યન્યે ॥૨૯॥

બીજા (આચાર્યો)નો મત છે કે ભક્તિ અને જ્ઞાન પરસ્પર એક બીજાના આશ્રિત છે. ૨૯

એવું પણ બને છે કે ગૌણભક્તિથી ભગવાનના તત્ત્વનું જ્ઞાન થાય છે અને તત્ત્વને જાણવાથી ભગવાનમાં અત્યંત પ્રેમ ઉત્પન્ન થાય છે. પરંતુ ફક્ત ભક્તિના પ્રેમીજન એ વાતની પરવા નથી કરતા કારણ કે તેઓ એ જાણે છે કે જ્યારે નિર્મળ પ્રેમસ્વરૂપા ભક્તિનો પૂર્ણ ઉદય થાય છે ત્યારે કોઈનું જ્ઞાન અલગ રહી જ ન જાય. પ્રેમી અને પ્રેમપાત્ર બંને એક થઈ જાય છે. પછી કોનું જ્ઞાન કોને હોય? ૨૯

ભાષ્યાર્થ : અન્ય આચાર્યોની માન્યતા મુજબ ભક્તિ અને જ્ઞાનને એક બીજાની અપેક્ષા હોય છે ! કેમકે ભક્તિ સિવાય સાચું જાણી શકતો નથી. અને સમ્યક્જ્ઞાન સિવાય ભજી શકતો નથી ! આથી જ્ઞાન પ્રાપ્ત કરવા માટે આદરયુક્ત પ્રયત્નથી ભક્તિ પ્રાપ્ત થાય છે. અને સભાન ભક્તિ સંપાદન કરવાના પ્રયત્નથી સમ્યક્જ્ઞાન મળે છે. આમ તે પરસ્પરના ઉપર ઉપકાર કરે છે. આથી તેમની વચ્ચે પરસ્પર સાપેક્ષતા પણ યોગ્ય છે. કેમકે ભક્તિનિરપેક્ષ જ્ઞાન, શુષ્કતા અને દંભમાં તથા જ્ઞાનનિરપેક્ષ ભક્તિ, દંભ અને અવિવેકમાં પરિણમે છે. ભગવાન શ્રીકૃષ્ણચંદ્ર અઢારમા અધ્યાયમાં કહે છે કે–

ભક્ત્યા મામભિજાનાતિ યાવાન્ યશ્ચાસ્મિ તત્ત્વતઃ ॥
તતો માં તત્ત્વતો જ્ઞાત્વા વિશતે તદન્તરમ્ ॥ ગીતા. ૧૮–૫૫

અર્થ : જેટલો મોટો અને જેવો હું (ઈશ્વર) છું, તેટલો અને તેવો મને (ઈશ્વરને તે સારી રીતે જાણે છે.

બ્રહ્મજ્ઞાનીને ઈશ્વરના સ્વરૂપની ખબર છે. તેથી ઈશ્વર કેટલો મોટો છે અને કેવો છે તે, તે સારી રીતે જાણે છે. ઈશ્વરના સત્ય સ્વરૂપને જાણતો હોવાથી, તે તેના પ્રત્યે આકર્ષાય છે અને તેની ભક્તિ કરીને તેનો સાક્ષાત્કાર કરે છે.

ઉપર કહ્યું તેવા અને તેટલા ઈશ્વરને જાણીને, તે તેનામાં પ્રવેશ કરે છે. એટલે કે ઈશ્વરના સત્ય સ્વરૂપને જાણીને, તે તેમાં લીન થઈ જાય છે. પછી તે પોતાને ઈશ્વરથી અલગ જોતો નથી. તે પોતાની આજુબાજુ, ઉપર નીચે બધે પરમેશ્વરનો અનુભવ કરે છે અને પોતાને તે ઈશ્વર સાથે એકરૂપ થયેલો માને છે. એ એક જ સત્ય પરમાત્મ સ્વરૂપ, સર્વત્ર રહેલું છે એવું તે જાણે છે એટલું જ નહીં તેને તે સર્વત્ર દેખાય છે અને જેવું દેખાય છે તેવા સ્વરૂપનો તે સદા અનુભવ કરે છે. (ગી.૧૮–૫૫) ૨૯.

શ્રીયમુનાજીના પદ (પદ-૯૩)

રચયિતા–મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક– 'માધુરી' રાજકોટ

બિનતી સુનહુ યમુને મોરિ;
પરમ આરતિ શરણ યાચોં, ત્રાહિ અંજુલિ જોરિ. ૧
ચરન પંકજ ધૂરિ આશ્રિત, કર્મ વચ મન પ્રાણ;
કૃપા સીમ સમર્થ રવિજા, દેહુ જનકોં માન. ૨
સત્ય સુચિ સર્વજ્ઞ જાનહુ જો વિથા કછુ મોઈ;
કહ્યો વન્હિજ વિરદ અદ્‌ભુત, કહાં રાખ્યો ગોઈ. ૩
ભક્તિ કી મરિયાદ ચાપન લગૈ વિઘન અપાર;
દાસિ 'વલ્લભ' દીન બલિ તક્યો તેરો દ્વાર. ૪

ભાવાર્થ : શ્રીયમુને મારી વિનંતી સાંભળો. હું આર્તનાદથી પુકારું છું, કે આપનું શરણ મને પ્રાપ્ત થાવ. હવે હું ત્રાહિમામ થઈને બે હાથ જોડીને વિનવું છું. આપની ચરણકમલની ધૂળનો આશ્રય ચાહું છું. મન, કર્મ વચન અને પ્રાણ સર્વસ્વ ભેટ લઈને આવ્યા છું. આપ તો સર્વ સમર્થ છો. કૃપાની સીમારૂપ છો. તેથી હે રવિજા ! (સૂર્યપુત્રી) શરણાગતને માન આપી સ્વીકાર કરો. મારી જે વ્યથા છે તે સર્વ આપ જાણો છો. સત્ય છે કે નહીં તે પણ આપ સર્વજ્ઞ હોવાથી જાણો છો.

વહ્નિજ–શ્રીમહાપ્રભુજીએ આપનાં બિરદનું વર્ણન કર્યું છે તે બિરદ ક્યાં છુપાવી રાખ્યું છે કે યમુનાષ્ટકની પ્રથમ પંક્તિમાં 'નમામિ યમુના મહં સકલ સિદ્ધિ હેતુ મુદા' આપની પાસે છે અને તેના દાતા પણ તમે જ છો. 'ધાય કે જાય, જો શ્રીયમુના તીરેં, તાકી મહિમા અબ, કહાં લગ બરનિયેં' 'જાહિ પરસત, અંગ પ્રેમ–નીરેં.' વળી, 'મુકુન્દરતિ વર્ધિની' આવું વર્ણન શ્રીમહાપ્રભુજી એ કર્યું છે. મારી તો હાલત હાલમાં એવી થઈ ગઈ છે કે ભક્તિની મર્યાદા શું છે તે સમજી શકાતી નથી. ભક્તિ કરતાં વિઘ્ન અનેક સતાવે છે. ક્યાંય શાંતિ ન મળી. ત્યારે જ દાસ વલ્લભ કહે છે કે આપનાં દ્વારે આવી પુકાર કરું છું.

અથવા તો વહ્નિજ એટલે અગ્નિકુમાર જે વ્રજમાં કુમારિકા બનીને આવી, જેણે કાત્યાયિની વ્રત કર્યા અને આપની કૃપાથી જ ફળ પ્રાપ્ત થયું. તેઓએ આપના સામર્થ્યની યશોગાથા ગાઈ છે. તે અદ્‌ભુત આપનું બિરદ ક્યાં છુપાવીને રાખ્યું, તે સમજાતું નથી. ભક્તિની મર્યાદાનું ઉલ્લંઘન જ થાય, જો જીવ આપની પાસેથી ખાલી હાથે જાય. મને તો ભક્તિ કરતા અનેક વિઘ્નો સતાવે છે. તેથી હું વલ્લભદાસી આપના દ્વારે આવી પુકાર કરું છું. ૯૪

કાવ્ય–કુંજ : શ્રી ષોડશ ગ્રંથોનો મહિમા

રચયિતા: જયંત જી. ગાંધી 'કુસુમાયુધ' જૂનાગઢ

શ્રીષોડશગ્રંથો સોહામણા રે,
મહિમા તેનો છે અપાર રે રસિયા.
શ્રીવલ્લભપ્રભુજી છે રચયિતા રે,
પુષ્ટિજનો સહુ કાજ રે રસિયા... ૧
'શ્રીયમુનાષ્ટક' પ્રથમ ગ્રંથ છે રે,
શ્રીમહારાણીજીનો મહિમા ય રે રસિયા
'સકલ સિદ્ધિ' મૈયા આપતાં રે,
'સ્વભાવ વિજય' તેથી થાય રે રસિયા... ૨
'બાલ–બોધઃ' બીજો ગ્રંથ છે રે,
નવલા પુષ્ટિજન કાજ રે રસિયા.
નારાયણદાસ કાયસ્થને રે,
'બાલ–બોધઃ' રચી આપ્યો બોધ રે રસિયા... ૩
ત્રીજો 'સિદ્ધાંતમુક્તાવલી' રે,
નિજ ગૃહ શ્રીકૃષ્ણ સેવાય રે રસિયા.
અચ્યુતદાસને થયું ગ્રંથથી રે,
લીલા સિદ્ધાંતનું જ્ઞાન રે રસિયા... ૪
'પુષ્ટિ–પ્રવાહ–મર્યાદા ભેદ' રે,
ચતુર્થ ગ્રંથનું રૂડું નામ રે રસિયા.
વિગતે શ્રીવલ્લભ વર્ણવે રે,
ત્રિવિધ જે જીવના આ ભેદ રે રસિયા... ૫
પંચમ્ 'સિદ્ધાંત રહસ્ય' જી રે,
પુષ્ટિના દિવ્ય સિદ્ધાંત રે રસિયા.
શ્રીમુખથી શ્રીજી સ્વયં જે વદે રે,
શ્રાવણી એકાદશી રાત રે રસિયા... ૬
છઠ્ઠો તે નવલખા હાર શો રે,
'નવરત્નમ્' રૂડો ગ્રંથ રે રસિયા.
ચિંતા ટળે જીવનની સર્વદા રે,
'નવરત્નમ્' રટતાં નિર્ધાર રે રસિયા... ૭
'અંતઃકરણ પ્રબોધ' જી રે,
સપ્તમ્ ગ્રંથ સુજાણ રે રસિયા.
નિજ ને સંબોધી આપ જે વદે રે,
વાસ્તવમાં છે જીવને કાજ રે રસિયા... ૮
અષ્ટમ છે 'વિવેક ધૈર્યાશ્રય' રે,
ત્રિવિધ ભાવોનાં દ્રષ્ટાંત રે રસિયા.
ભક્તિ કરવાને દ્રઢ વૈષ્ણવોની,
આપે અષ્ટમ રચ્યો ગ્રંથ રે રસિયા... ૯
નવમો 'શ્રીકૃષ્ણાશ્રય' ગ્રંથ જી રે,
ગતિ સાચી આપણી શ્રીકૃષ્ણ રે રસિયા.
કઠણ કૂડા કળિકાળમાં રે,
આશ્રય સાચો દ્રઢ એજ રે રસિયા... ૧૦
દશમો 'ચતુઃશ્લોકી' ગ્રંથ જી રે,
જેમાં કહ્યા, ચારે પુરૂષાર્થ રે રસિયા.
રાણા વ્યાસ ને કાજે આ રચી રે,
કૃપાબળ દર્શાવે આપ રે રસિયા... ૧૧
અગિયારમો ગ્રંથ 'ભક્તિવર્ધિની' રે,
ભક્તિ વધારવા કાજ રે રસિયા.
'જ્ઞાન' અને 'કર્મ' માર્ગથી રે,
ચડિયાતો નિજ ભક્તિમાર્ગ રે રસિયા... ૧૨
'જલભેદ' એ દ્વાદશ ગ્રંથ જી રે,
વક્તાના વીસ કહ્યા ભેદ રે રસિયા.
શ્રીકૃષ્ણ કથા વક્તા ભૂતલે જે,
વિવિધ જળે ઉપમા જ રે રસિયા... ૧૩
'પંચપદ્યાનિ' ગ્રંથ તેરમો રે,
શ્રોતાઓના કહ્યા દ્વિવિધ ભેદ રે રસિયા.
'પુષ્ટિ' ને 'મર્યાદા' બેઉમાં રે,
ઉત્તમ છે 'પુષ્ટિ' શ્રોતા જ રે રસિયા... ૧૪
'સંન્યાસ નિર્ણય' ગ્રંથ ચૌદમો રે,
નરહર સંન્યાસી કાજ રે રસિયા.
ભક્તિમાર્ગીય સંન્યાસ નો રે,
શ્રીવલ્લભે સમજાવ્યો સાર રે રસિયા... ૧૫
'નિરોધલક્ષણ' ગ્રંથ છે રૂડો રે,
પંદરમો રચિયો પૂનિત રે રસિયા.
ત્રિવિધ દશા જે નિરોધની રે,
તેનાં નિરૂપ્યાં છે ફળ રે રસિયા... ૧૬
સોળમો 'સેવાફલમ્' ગ્રંથ છે રે,
સેવાનાં નિરૂપ્યાં છે ફલ રે રસિયા.
'સેવા ફલ વિવરણ' ટીકા રચી રે,
શ્રીવિષ્ણુદાસ છીપાને કાજ રે રસિયા... ૧૭
'ષોડશગ્રંથો' શુચિ આ સદા રે,
શ્રીવલ્લભ પ્રભુનાં વચન રે રસિયા.
સંસારે સાર પુષ્ટિમાર્ગ છે રે,
શ્રીષોડશ ગ્રંથે જેનો સાર રે રસિયા... ૧૮
સરળ દીસે છે 'ષોડશ ગ્રંથો'માં રે,
શ્રીવલ્લભી વચન સુજાણ રે રસિયા.
તોયે ગહન તેનોઅર્થ છે રે,
શ્રીવલ્લભકૃપાથી સમજાય રે રસિયા... ૧૯
કોટિ કુસુમાયુધ શુ વપુ રે,
શ્રીવલ્લભ પ્રભુનું સોહાય રે રસિયા.
એવા શ્રીવલ્લભ ને ભાવથી રે,
સાષ્ટાંગ કરીએ પ્રણામ રે રસિયા... ૨૦

['પુષ્ટિ પીયૂષ બિંદુ' માંથી સાભાર]

આ માસના ઉત્સવ

માગશર વદ ૧૦ તા. ૮–૧–૨૦૦૨ મંગળવાર : દશમ તથા એકાદશીના રોજ બાળલીલા ગવાય. ગો.શ્રીરસિકરાયજી મહારાજશ્રી (મથુરા–પોરબંદર–ઉપલેટા–રાજકોટ)નો જન્મદિન.

માગશર વદ ૧૧ તા.૯–૧–૨૦૦૨ બુધવાર : સફલા એકાદશી વ્રત. આજે વિશેષતઃ ફલ અવશ્ય ભોગ શ્રીપ્રભુને ધરવો. ફલનું દાન કરવું તથા સ્વયં ભગવત્પ્રસાદી ફલનું ભક્ષણ કરવું.

માગશર વદ ૧૨ તા. ૧૦–૧–૨૦૦૨ ગુરૂવાર : લલિતપંચમની શરૂઆત કરી મહા વદ ૫ ના રોજ ભોગ આવે ત્યાં સુધી બોલાય. ગો.ચિ.શ્રીવલ્લભલાલજી બાવાશ્રી (જામનગર–ચાંપાસેની)નો જન્મદિન.

માગશર વદ ૩૦ અમાસ તા. ૧૩–૧–૨૦૦૨ રવિવાર : શ્યામઘટા. ભોગી. ધનુર્માસ સમાપ્તિ.

પોષ સુદ ૧ તા. ૧૪–૧–૨૦૦૨ સોમવાર : મકરસંક્રાંતિ. તિલવા રાજભોગ અથવા ઉત્થાપનભોગમાં ધરવા. આ વખતે સંક્રાંતિ ૧૧–૨૧ મીનીટે બેસે છે ત્યાંથી સૂર્યાસ્ત સુધી માનેલ છે. તેમાં સંક્રાંતિની પાસેનો ૨ કલાકનો મુખ્ય પુણ્યકાલ છે ઉત્તરાયણ. ગો.ચિ.શ્રીભૂપેશકુમારજી બાવાશ્રી (નાથદ્વારા)નો જન્મદિન.

પોષ સુદ ૫ તા. ૧૮–૧–૨૦૦૨ શુક્રવાર : ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજ (નાથદ્વારા)નો તથા ગો.ચિ.શ્રીસંજીવકુમારજી (મથુરા)નો જન્મદિન.

પોષ સુદ ૮ તા. ૨૨–૧–૨૦૦૨ મંગળવાર : ગો.શ્રીશ્યામસુંદરજી મહારાજ (મથુરા–પોરબંદર–જામનગર)નો જન્મદિન.

પોષ સુદ ૯ તા. ૨૩–૧–૨૦૦૨ બુધવાર : ગો.શ્રીનવનીતલાલજી મહારાજ (ચાંપાસેની–જામનગર–જૂનાગઢ)નો જન્મદિન.

પોષ સુદ ૧૦ તા. ૨૪–૧–૨૦૦૨ ગુરૂવાર : ગો.શ્રીવ્રજેશકુમારજી મહારાજ (કાંકરોલી–વડોદરા)નો જન્મદિન.

પોષ સુદ ૧૧ તા. ૨૫–૧–૨૦૦૨ શુક્રવાર : પુત્રદા એકાદશી વ્રત.

પોષ સુદ ૧૨ તા. ૨૬–૧–૨૦૦૨ શનિવાર : ગો.શ્રીવિઠ્ઠલનાથજી મહારાજ (માંડવી–કચ્છ)નો જન્મદિન.

પોષ સુદ ૧૩ તા. ૨૭–૧–૨૦૦૨ રવિવાર : ગો. શ્રીવલ્લભલાલજી મહારાજ (બોરીવલી– જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

પોષ સુદ ૧૪ તા. ૨૮–૧–૨૦૦૨ સોમવાર : પુનમનો ક્ષય છે.

પોષ વદ ૩ તા. ૩૧–૧–૨૦૦૨ ગુરૂવાર : ગો.ચિ.શ્રીમુકુંદરાયજી બાવાશ્રી (સુરત)નો જન્મદિન.

પોષ વદ ૪ તા. ૧–૨–૨૦૦૨ શુક્રવાર : ગો. શ્રીમધુસૂદનલાલજી મહારાજ (મુંબઈ–ચેન્નાઈ)નો જન્મદિન.

પોષ વદ ૫ તા. ૨–૨–૨૦૦૨ શનિવાર : ગો.શ્રીપ્રભુજી મહારાજ (સુરત–વડોદરા)નો તથા ગો.ચિ. શ્રીવલ્લભ દીક્ષિતજી (મુંબઈ–ચેન્નાઈ)નો જન્મદિન.

પોષ વદ ૬ તા. ૩–૨–૨૦૦૨ રવિવાર : શ્રીદીક્ષિતજી શ્રીગોપીનાથજીનો ઉત્સવ. શ્રીમથુરેશજીના ઘરમાં મનાય છે. શ્રીલાલજી (કાંદીવલી–મુંબઈ)નો પાટોત્સવ. ગો.ચિ. શ્રીપરિતોષકુમારજી (મથુરા)નો જન્મદિન.

કેસેટ પરિચય

☐ **શ્રીનાથજી ચાલિસા (ઓડીયો કેસેટ) :** રચયિતા–શ્રીજયંત જી. ગાંધી 'કુસુમાયુધ'
ગાયક કલાકાર–નિધિ ધોળકીયા, રાજેશ વ્યાસ ઔર કોરસ. સંગીત–ભરત પટેલ–ભદ્રાયુ ધોળકીયા.
પ્રાપ્તિસ્થાન–ઝેન મ્યુઝિક, ૧૨–મારુતિ સેન્ટર, ડ્રાઈવઈન રોડ, અમદાવાદ અને તેના વિક્રેતાઓ
ન્યોછાવર રૂ. ૩૫/– પાંત્રીસ.

પ્રસ્તુત ઓડીયો કેસેટમાં ચાર ચાલિસા (૧) શ્રીનાથજી ચાલીસા (૨) શ્રીયમુનાજી ચાલીસા (૩) પુષ્ટિ ચાલીસા અને (૪) શ્રીવલ્લભપ્રભુ ચાલીસા તથા બે આરતી (૧) શ્રીયમુનાજી કી આરતી અને (૨) શ્રીનાથજી કી આરતીનો (હિન્દી ભાષામાં) આ કેસેટમાં સમાવેશ થયેલ છે.

આ અનોખી પુષ્ટિ પદ્ય સાહિત્ય રચનાનુ આ કેસેટ દ્વારા શ્રવણ પાન કરવાથી અવશ્ય ભાવાનંદ જાણવા–માણવા વસાવવા લાયક.

પુસ્તક પરિચય

☐ **૧. સેવા કુંજ :** લેખક–ગો.શ્રીજીવનલાલજી મહારાજશ્રી, પોરબંદર. સંપાદક– ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી, પોરબંદર. પ્રકાશક–શ્રીગોવિંદરાયપ્રભુ પુષ્ટિગ્રંથ પ્રકાશન ટ્રસ્ટ, રાજકોટ. પુસ્તકની ન્યોછાવર રૂ. ૨૦૦/– બસો.

પુષ્ટિ સંપ્રદાયની શ્રીગોપીનાથજીની હવેલી પોરબંદરમાં બિરાજતા શ્રીમહાપ્રભુજી નિધિ, યુગલસ્વરૂપ શ્રીમદનમોહનજી આદિ સ્વરૂપોની નિત્ય તથા ઉત્સવનો સેવાક્રમ વિસ્તૃતમાં નાથદ્વારા શ્રીનવનીતપ્રિયાજીના ઘરની પ્રણાલિકા અનુસાર અત્રે બિરાજતા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી ગોવિંદરાયજી મહારાજશ્રી દ્વારા સંપાદિત 'સેવા કુંજ' પુસ્તકરૂપે પ્રકાશિત થતાં તેનું વિમોચન શ્રીરણછોડજીની હવેલી પોરબંદરવાળા પૂ.પા.ગો.શ્રીશૈલેષકુમારજી મહારાજશ્રીની ઉપસ્થિતિમાં પૂ.પા.ગો. શ્રીચંદ્રગોપાલજી મહારાજશ્રીના કરકમલો દ્વારા શ્રીગોવર્ધનનાથજીની હવેલી, ગોવિંદ નિકેતન–૨, એમ.જી.રોડ, પોરબંદરમાં કરવામાં આવેલ.

પ્રસ્તુત પુસ્તક ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રીના બડે તાતચરણ ગો.શ્રીજીવનલાલજી મહારાજશ્રી (પોરબંદર) દ્વારા હસ્તલિખિત વૃજભાષામાં 'સેવા સિદ્ધાંત કૌમુદી (ભાવનાજી) ભાગ–૧, ૨, ૩, ઉપરથી ગુજરાતીમાં અનુવાદ કરી તૈયાર કરવામાં આવેલ.

પ્રસ્તુત પુસ્તકની પ્રસ્તાવના રૂપે 'સેવા કુંજ–સાધના સાગર' વિસ્તૃત લેખ પૂ.પા.ગો. શ્રીરસિકરાયજી મહારાજશ્રી (સંપાદક–નવપ્રકાશ, ઉપલેટા) એ લખેલ છે. જે આ પુસ્તકના વિષયને સમજવામાં અત્યંત ઉપયોગી છે. આ પુસ્તકમાં શ્રાવણ વદ–૮ જન્માષ્ટમીથી લઈને શ્રાવણ વદ–૭ આખા વર્ષનો સેવાક્રમ, તેમાં ઋતુ અનુસાર સેવાના બદલાતા જતા ક્રમ અનુસાર વસ્ત્ર, સાજ, શૃંગાર, સામગ્રી વગેરે તેમજ આ ઘરમાં મનાવાતા ઉત્સવો તથા જન્મદિવસોનો સેવાક્રમ દર્શાવેલ છે. જેથી દરેક વૈષ્ણવો પોતાને ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીનો સેવાક્રમ સંપ્રદાયની રીત પ્રમાણે, ગુરૂઘરની પ્રણાલિકા અનુસાર, લેખ મુજબ ગોઠવી શકે. ઉપરાંત શ્રીગુરૂદેવને ત્યાં બિરાજતા શ્રીઠાકોરજીના સેવાક્રમનું અવગાહન પણ થઈ શકે.

આ પુસ્તકની વિશેષતા એ છે કે આચાર્ય–શ્રીમહાપ્રભુજી શ્રીવલ્લભાચાર્યજીથી લઈને ગો.શ્રીહરિરાયજીના મહારાજશ્રીના લાલન ગો.શ્રીજયવલ્લભલાલજી (શ્રીજયગોપાલજી) સુધીના ૧૭ પેઢીની વંશાવલીના ચિત્રો, આપશ્રી ઉપર બિરાજતા નિધિ સ્વરૂપો, ભગવદ્ સ્વરૂપોના ચિત્રજી, શૃંગાર તેમજ વસ્ત્રોની સમજ આપતા ચિત્રો, ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રીના સ્વહસ્તથી સિદ્ધ થયેલ ચિત્રો આ રીતે ૧૦૦ ઉપરાંત ચિત્રો તે બધા આર્ટ પેપર ઉપર બહુરંગીમાં પ્રિન્ટ થયેલા છે.

ઉપરાંત આ ઘરની લીલા ભાવના પુષ્ટિમાર્ગીય મંદિરની ભાવના, પોરબંદર તેમજ મુંબઈ ઘરની

વંશાવલીના નામ, ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી ઉપર બિરાજતા ભગવદ્ સ્વરૂપો તેમજ મંદિરોની સૂચિ, શ્રીની સેવામાં ઉપયોગી માહિતી, સાંપ્રદાયિક પારિભાષિક શબ્દોના અર્થ, રત્નોની ઓળખ, સાંઝી, ગ્રહણ નિર્ણય, ઉત્સવ નિર્ણય, અધિક માસમાં સેવાક્રમ, શ્રીનો નિત્યનો સેવાક્રમ તથા નિત્યનો નેગ, અત્તર ધરવા અંગે માહિતી વગેરે વિભાગો દ્વારા સંકલિત આશરે ૩૫૦ પેઈજમાં બે કલરમાં પ્રિન્ટ થયેલ છે. આગળ પાછળ ટાઈટલ પેઈજ ઉપર શ્રીયુગલસ્વરૂપના ચિત્રજી તેમાં પ્રથમ સેવા કુંજમાં બિરાજમાન શ્રીયુગલસ્વરૂપ તથા પાછળ ટાઈટલ પેઈજમાં નિકુંજમાં બિરાજમાન શ્રીયુગલસ્વરૂપના ચિત્રજી આપેલા છે. પાકું પૂંઠું, લેમીનેશન કરેલ તેમજ પ્લાસ્ટીક જેકેટવાળું આ પુસ્તક પુષ્ટિ સંપ્રદાયમાં અનોખી ભાત પાડનાર તૈયાર થયેલ છે.

આ પુસ્તકનું ડીઝાઈનીંગ તેમજ પ્રિન્ટીંગ કામ પ્લસ કોમ્યુનીકેશન, રાજકોટ દ્વારા સુંદર રીતે કરવામાં આવ્યું છે.

આ પુસ્તકના પ્રાપ્તિસ્થાન : (૧) ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી, શ્રીગોવર્ધનનાથજીની હવેલી, ગોવિંદ નિકેતન–૨, એમ.જી.રોડ, પોરબંદર.. ફોન.૨૪૯૯૪૯ તથા (૨) ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રી, 'શ્રીકુંજ' ૧૦–બી, હરિહર સોસાયટી શેરી નં–૧, કાલાવાડ રોડ, રાજકોટ.. ફોન.૪૪૦૦૧૧ (૩) લલિતભાઈ, આશ્રમ ઓટો ગેરેજ, કમલપાર્ક સોસાયટી, બ્લોક નં.એ–૧૪, મરઘા કેન્દ્ર પાછળ, કાપોદરા ચાર રસ્તા, વરાછા રોડ, સુરત–૬. ફોન.૮૫૭૦૮૦૦. (૪) છોટાલાલ જમનાદાસ ધોળકીયા પ્રમેયબલ જ્વેલર્સ, રાજમાર્ગ, વડચોક, ઉપલેટા.. ફોન.૨૧૬૭૩ (૫) ચેતનભાઈ રાજાણી નવસારી ટાઈલ્સ, સ્ટેશન રોડ, નવસારી.. ફોન–૩૨૭૦૦. ઉપરના સરનામે રૂબરૂમાં જ પુસ્તકો મળશે. પોસ્ટથી મોકલવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.

☐ **૨. મંત્રરાજ શિરોમણી અષ્ટાક્ષરમંત્ર શ્રીકૃષ્ણઃ શરણં મમ :** (શ્રીગુસાંઈજી કૃત વૃજભાષા ટીકાનું સરળ ગુજરાતી ભાષાંતર.... પ્રકાશક–પ્લસ કોર્પોરેશન. ન્યોછાવર રૂ.૧૨/– (પોસ્ટેજ રૂ.૫/– અલગ)

પ્રસ્તુત પુસ્તકનું વિમોચન પોરબંદરવાળા પૂ.પા.ગો.શ્રીહરિરાયજી મહારાજશ્રીના કરકમલો દ્વારા વિશાળ વૈષ્ણવ સમુદાયની હાજરીમાં કરવામાં આવેલ. આ પુસ્તકમાં અષ્ટાક્ષર મહામંત્રની શ્રીગુસાંઈજી કૃત વ્રજભાષા ટીકાનું સરળ ગુજરાતી ભાષાંતર આલેખવામાં આવ્યું છે. ઉપરાંત ગોસ્વામી બાલકો અષ્ટાક્ષર મંત્ર ઉપરના વચનામૃતો તેમજ અષ્ટાક્ષરને લગતા ધોળપદનું સંકલન પણ કરવામાં આવેલ છે.

બહુરંગી મુખપૃષ્ઠ તેમજ સુંદર પ્રિન્ટીંગ કરવામાં આવેલ હોઈ, દરેક વૈષ્ણવોને આ પુસ્તક વસાવવા લાયક છે. અને ભગવદ્નામ પ્રચારાર્થે, સ્વજનોના સ્મરણાર્થે તેમજ મનોરથ ઉપક્રમે વૈષ્ણવોમાં વાંટવા લાયક છે. પ્રાપ્તિસ્થાન : પ્લસ કોમ્યુનીકેશન ૨૦૩, શાંતિ કોમ્પ્લેક્ષ, (મહેતા બિલ્ડીંગ) બીજા માળે, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ. ૩૬૦૦૦૧.. ફોન (૦૨૮૧)૨૩૫૬૧૧/૨૩૪૨૬૨.

સમાચાર

☐ **મુંબઈ : શ્રીવલ્લભસાખી ભાવાનુવાદનું મુંબઈમાં ભવ્ય આયોજન :** પૂ.ગો.શ્રીદ્વારકેશજી (પ્રાગટય પીઠ ચંપારણ્ય)ની અધ્યક્ષતામાં તથા મનોરથ સ્વરૂપે શ્રીવલ્લભ સાખી ભાવાનુવાદનો કાર્યક્રમ, મુંબઈ– કાંદીવલીમાં તા.૫–૧૦–૨૦૦૧ થી તા.૧૨–૧૦–૨૦૦૧ દરમ્યાન ખૂબજ ભવ્ય રીતે યોજાયો હતો. કાંદીવલીમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યજીનાં મંદિર–સત્સંગ હોલનાં લાભાર્થે આ કાર્યક્રમ થયો હતો.

હજારો વૈષ્ણવોએ પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી (અમદાવાદ)ની સૂત્રાત્મક તથા કાવ્યાત્મક વાણીનું શ્રવણ સુખ લીધું હતું. તે સાથે વૈષ્ણવોથી ભરેલો આખો હોલ જાણે સમાધિસ્થ અવસ્થામાં આવી ગયો હોય તેવું પ્રતીત થતું હતું. વૈષ્ણવોની આ અવસ્થા જોઈને, વ્યવસ્થાપકો પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા.

☐ **વ્રજયાત્રાની વધાઈ :** જગદ્ગુરૂ શ્રીમદ્વલ્લભાચાર્યજી તૃતીય પીઠ કાંકરોલી નરેશ પૂ.પા.ગો.૧૦૮ શ્રીવ્રજેશકુમારજી મહારાજશ્રીની પ્રેરણાથી તથા અધ્યક્ષતામાં તેમજ પોતાના સેવ્ય સ્વરૂપ શ્રીપ્રભુને પધરાવીને નિજ પરિવાર એવમ્ નિજ પરિકર સાથે શ્રીકૃષ્ણચંદની અલૌકિક લીલાસ્થળી વ્રજમંડળની પરંપરાગત રીતે

વ્રજયાત્રા આગામી વર્ષ ૨૦૦૨ માં સપ્ટેમ્બર મહિનામાં (સંવત ૨૦૫૮ના ભાદરવા માસમાં) કરવાનો નિર્ધાર કર્યો છે. આપશ્રીના તરફથી પૂર્વે એક અદ્‌ભુત વ્રજયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું એનો આનંદ પામનાર દરેક વૈષ્ણવ તથા એ આનંદથી વંછિત રહેનાર તમામ વૈષ્ણવો આવા અલૌકિક આનંદને માણવા થનગની રહ્યા હતા. આપની બધાની એ આતુરતાનો અનુભવ કરી પૂ.મહારાજશ્રીએ વૈષ્ણવોના સુખ ખાતર આ વ્રજયાત્રા ઉઠાવવાનું નક્કી કરેલ છે.

વૈષ્ણવો માટે એક અગત્યની જાહેરાત કે પૂ.મહારાજશ્રીના લાઈનદોરીના પાલમાં સિમીત માત્રામાં પાલ નોંધવાના હોઈ વૈષ્ણવો પોતાના પાલ નોંધાવવા મુખ્ય કાર્યાલયનો સંપર્ક વહેલા તે પહેલાના ધોરણે કરશો.

મુખ્ય કાર્યાલય : શ્રી વ્રજ વ્રજેશ વ્રજયાત્રા સમિતિ C/O. શ્રીવાક્‌પતિ ફાઉન્ડેશન, શ્રીબેઠક મંદિર, કેવડાબાગ, મદન ઝાંપા રોડ, વડોદરા–૩૯૦૦૦૧ (ગુજરાત) ફોન. (૦૨૬૫)૪૩૧૦૧૦, ૪૩૫૫૪૩.

☐ **શ્રીવલ્લભ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ જોગ જાહેર સુચના :** શ્રીવાક્‌પતિ ફાઉન્ડેશન વડોદરા દ્વારા સંચાલિત શ્રીવલ્લભ વિદ્યાપીઠના ગુજરાતી માધ્યમમાં તથા ચાલુ સાલથી હિન્દી માધ્યમમા અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને એમની અભ્યાસ બુકો સમયસર મળી જતી હશે. આપને શ્રીવલ્લભ વિદ્યાપીઠ વધારે સારી સગવડ પુરી પાડી શકે એની કાર્યાલય વધારે કાળજી લે છે. પરંતુ આજની પરિસ્થિતિ જોતા તથા વધતી જતી મોંઘવારીમાં પોસ્ટ, કાગળ, પ્રિન્ટીંગના વધતા ભાવોને પહોંચી વળવા દુઃખ સાથે શ્રીવલ્લભ વિદ્યાપીઠના વૈષ્ણવ વિદ્યાર્થીઓની ફી માં નજીવો વધારો કરવામાં આવ્યો છે. આગામી પ્રથમ વર્ષથી પ્રથમ વર્ષ વિનીતની ફી રૂ.૨૦૦ તથા પછીના તમામ વર્ષની ફી અનુક્રમે રૂ.૨૫૦/– કરવામાં આવી છે. આ ફી નો વધારો ગુજરાતી માધ્યમ તથા હિંદી માધ્યમ બંનેમાં કરવામાં આવેલ છે. તેની વિદ્યાર્થી મિત્રો નોંધ લેશો તથા આગામી પ્રવેશપત્ર વધારેલી ફી સાથે મોકલાવશો.

☐ **શ્રીવાક્‌પતિ ફાઉન્ડેશન દ્વારા વૈષ્ણવ બાળકોમાં વૈષ્ણવી સંસ્કારોના સિંચન માટે ચલાવાતી શ્રીશુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય પાઠશાળા :** શ્રીવાક્‌પતિ ફાઉન્ડેશન વડોદરા દ્વારા વૈષ્ણવ બાળકોને વૈષ્ણવ સંપ્રદાયનું પાયાનું જ્ઞાન મળી શકે તે હેતુથી શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગીય પાઠશાળા છેલ્લા એક વર્ષથી ચલાવવામાં આવે છે. જેને ખુબ જ સારા પ્રમાણમાં પ્રતિસાદ સાંપડેલ છે. જે કોઈ વૈષ્ણવને આ પાઠશાળા ચલાવવામાં રસ હોય તેઓ પોતાના ફળિયામાં, શેરીમાં, ગામમાં, પ્રાંતમાં, આ પાઠશાળા ચલાવી શકે છે. આ પાઠશાળા ચલાવવા માટે રસ ધરાવતા વૈષ્ણવો વાક્‌પતિ ફાઉન્ડેશન–વડોદરા કાર્યાલયનો સંપર્ક અવશ્ય કરશો. આ પાઠશાળા ચલાવવા માટે સરળ ભાષામાં તથા ચાર ભાગમાં પુસ્તકો તૈયાર કરવામાં આવેલ છે. જેની ન્યોછાવર રૂ.૫૦/– રાખવામાં આવેલ છે. જે પાઠશાળાઓમાં ભાગ–૩ અને ભાગ–૪ ન મળ્યા હોય તેઓ કાર્યાલયનો સંપર્ક કરી પુસ્તકો પ્રાપ્ત કરી લેવા.

☐ **સંસ્કાર બોધ પરીક્ષા :** સંસ્કાર બોધ પરીક્ષાના સંવાહક શ્રીહસમુખ એસ. શાહ જબુગામવાળા જણાવે છે કે પૂ.ગો.શ્રીવાગીશકુમારજી મહોદય દ્વારા વિદ્યાર્થીઓમાં સુસંસ્કારોનું સિંચન કરવાના, વ્યસનથી દૂર રાખવાના તથા ભારતીય સંસ્કૃતિની જાણકારી આપવાના શુભ હેતુથી આ પરીક્ષાનો આરંભ કરવામાં આવ્યો છે.

આપણો અમર વારસો અને વ્યસન મુક્તિ ૨૦૦૧ પુસ્તક દ્વારા આવેલ સંસ્કાર બોધ પરીક્ષામાં હજારો વિદ્યાર્થીઓ બેઠા હતા જેમાં ૫૫ થી વધુ વિદ્યાર્થીઓએ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરી ટ્રોફી માટે ભાગ્યશાળી બન્યા છે. સંસ્કાર બોધ પરીક્ષામાં સૌથી વધુ વિદ્યાર્થીઓ બેસાડી પ્રથમ ક્રમાંકે આવનાર (માધ્યમિક વિભાગ) શ્રીશેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ, બોડેલી. શિલ્ડ માટે તથા ટ્રોફી માટે નીચેની શાળાઓ ભાગ્યશાળી બને છે. (૧) ન્યુ ઈંગ્લીશ સ્કુલ, નડીઆદ (સ્ટેશન બ્રાંચ) (૨) શ્રી શેઠ એચ. એચ. શિરોલાવાલા હાઈસ્કૂલ, બોડેલી (પ્રાથમિક વિભાગ) અને (૩) ડૉ. એન. જી. શાહ સાર્વજનિક હાઈસ્કુલ, વાઘોડીયા.

☐ **શ્રીવાક્પતિ ફાઉન્ડેશન–વડોદરા** દ્વારા શ્રીમદ્‌વલ્લભાચાર્યજીના દિવ્ય સિદ્ધાંતોના પ્રચાર–પ્રસાર કરવાના હેતુથી જુન–૧૯૯૬ થી શ્રીવલ્લભ વિદ્યાપીઠના માધ્યમથી પત્રાચાર અભ્યાસક્રમ ભારત તેમજ વિદેશોમાં ચલાવવામાં આવે છે. ચાલુ વર્ષે (૨૦૦૦–૨૦૦૧)માં હજારોની સંખ્યામાં અભ્યાસાર્થીઓ લાભ લઈ રહ્યા છે. આગમી નવું વર્ષ મે ૨૦૦૨ થી શરૂ થાય છે. ગુજરાતી માધ્યમ સાથે હિંદી માધ્યમનુ પણ આયોજન શરૂ કરેલ છે. પુષ્ટિ સાહિત્યમાં રસ લેનાર વૈષ્ણવોને પ્રથમ વર્ષ શુદ્ધાદ્વૈત–વિનિતના અભ્યાસક્રમ માટે કાર્યાલયમાંથી પ્રવેશ ફોર્મ મેળવી, ફોર્મમાં સંપૂર્ણ વિગતો ભરી, નિયત ફી રૂ.૨૦૦/–નો ડ્રાફ્ટ શ્રીવાક્પતિ ફાઉન્ડેશનના નામનો વડોદરાના કોઈપણ બેન્ક ઉપરનો ફોર્મ સાથે કાર્યાલય પર તા. ૩૦–૪–૨૦૦૨ સુધી રજી. પોસ્ટ દ્વારા અથવા રૂબરૂ કાર્યાલય પર મોકલવા વિનંતી છે. બીજા વર્ષથી સાતમા વર્ષ સુધીના અભ્યાસક્રમ માટે રૂ.૨૫૦/–નો ડ્રાફ્ટ **વિશેષ નોંધ :** શ્રીવલ્લભ વિદ્યાપીઠના ભાગ્યશાળી વિદ્યાર્થીઓને એક નમ્ર સૂચન કરવામાં આવે છે કે આપશ્રી વલ્લભ વિદ્યાપીઠના વડોદરા કાર્યાલય સાથે જે પત્રવ્યવહાર કરો છો તેમાં પોસ્ટના ધારાધોરણ મુજબ રૂ.૪/–ની ટીકીટ લગાવીને જ મોકલાવશો.

☐ **ચંપારણ્ય ધામ યાત્રા :** શ્રીમદનમોહન પ્રભુના પરમ અનુગ્રહથી તેમજ પૂ.ગો.૧૦૮ શ્રીમધુરેશકુમારજી મહારાજશ્રીની આજ્ઞાથી પ.પૂ.ગો.શ્રીવસંતકુમારજી મહોદયની અધ્યક્ષતામાં તેમજ પ.પૂ.ગો. શ્રીવિશાલકુમારજી મહોદયશ્રીની પાવન નિશ્રામાં તા.૧૦–૧–૨૦૦૨ ના શુભદિને 'શ્રીચંપારણ્ય ધામ' યાત્રા પ્રવાસનો નિર્ધાર કર્યો છે. આપશ્રી દ્વારા સૌપ્રથમ વખત શ્રીવલ્લભપ્રભુના શ્રીચરણોમાં ઝારીજી તથા ચરણસ્પર્શ તેમજ વિવિધ અલૌકિક મનોરથો દ્વારા પુષ્ટિ ભક્તોના આનંદના આ અનુભવને માણવા વૈષ્ણવ સમુદાય થનગનાટ અનુભવી રહ્યો છે.

શ્રીચંપારણ્ય ધામ યાત્રા પ્રવાસ તા. ૧૦–૧–૨૦૦૧ નાં શુભ દિવસે પોરબંદરથી ૨×૨ પુશબેક લકઝરી બસ દ્વારા સિક્યોરીટી સાથે પ્રયાણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે . વિશેષ માહિતી માટે સંપર્ક : શ્રીચંપારણ્ય ધામ બેઠક યાત્રા સમિતિ ''માધવ ભવન'', શીતલા ચોક, પોરબંદર–૩૬૦૫૭૫ ફોન. (૦૨૮૬) ૨૪૫૫૧૨–૨૧૫૩૯૫.

☐ **અષ્ટછાપ કીર્તન સંગીત વિદ્યાપીઠ :** અષ્ટછાપ કીર્તન સંગીત વિદ્યાપીઠ (ભારત) તથા શ્રીવલ્લભસદન દ્વારા શ્રીમત્પ્રભુચરણ શ્રીવિઠ્ઠલનાથજી (શ્રીગુસાંઈજી)નો જન્મમહોત્સવ ભવ્ય અને રચનાત્મક રીતે અમદાવાદ મુકામે શ્રીવલ્લભસદનમાં ઉજવાઈ રહ્યો છે. તેમાં શ્રીવલ્લભકુળ આચાર્યો તથા ગોસ્વામી બાલકો પધારી વચનામૃતનો લાભ આપશે. તા. ૬, ૭, ૮ જાન્યુઆરી, ૨૦૦૨ ના રોજ વૈષ્ણવ સમાજ, કીર્તન–સમાજ પ્રાતઃ નગર કીર્તન કરતાં કરતાં મનોરથીઓનાં નિવાસસ્થાને તથા મંદિરે જશે. ત્યારબાદ કીર્તનો કરતાં કરતાં બસોમાં નગરમાં ફરશે. સાથોસાથ નરોડા–અસારવા–બેઠકજી પણ જશે. સવારે છ વાગ્યાથી નગર–કીર્તનનો આરંભ થશે. શ્રીવલ્લભ–સદનમાં બપોરના બે વાગ્યે ૮ થી ૧૦ કીર્તનમંડળીઓ વધાઈ–કીર્તન કરશે. શ્રીવલ્લભકુળના આચાર્યો વચનામૃત કરશે. પછી શ્રીગુસાંઈજીને આરતી થશે. પછી વૈષ્ણવોના રાસ–ગરબા થશે. શ્રીયમુનાજીને ભોગ ધરાશે. આ જલેબી ઉત્સવમાં વૈષ્ણવોને બહોળા પ્રમાણમાં લાભ લેવા હાર્દિક નિમંત્રણ છે.

સરનામુ : અષ્ટછાપ કીર્તન સંગીત વિદ્યાપીઠ ૪૦૧–બી, આશ્રમ એપાર્ટમેન્ટ, તુલસીબાગ, હિરાબાગ ક્રોસીંગ, પોલીસ ઓ. ફલેટ પાસે, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૧૫. ફોન. (૦૭૯) ૬૪૨૧૬૩૧.

☐ **અમૃતપુર :** આં.રા.પુ.વૈ.પરિષદ મણીનગર મહિલા શાખાના ઉપક્રમે તા.૧૭, ૧૮, ૧૯ નવેમ્બરના રોજ ધારી તાલુકાના અમૃતપુર ગમે પ્રો.વીણાબેન શેઠના સત્સંગ પ્રવચનો ગોઠવ્યા. વૈષ્ણવોએ ખૂબ લાભ લીધો અને સત્સંગનો આનંદ માણ્યો.

☐ **તરસાલી :** આ.રા.પ.વૈ.પરિષદ તરસાલી શાખાના સૌજન્યથી તરસાલી મુકામે દીપાવલી પર્વ નિમિત્તે

સમાજથી બહિષ્કૃત થયેલા માનવીઓ માટે મીઠાઈ વિતરણનો કાર્યક્રમ પૂ.પા.ગો. ઈન્દીરાબેટીજીના વરદ હસ્તે પરિષદના વરિષ્ઠ અધિકારીઓ સાથે સંપન્ન થયો. પ્રાસંગિક પ્રવચનો કરવામાં આવેલ.

☐ **જંબુસર :** આં.રા.પુ.વૈ.પરિષદના ઉપક્રમે પુષ્ટિ પ્રચાર–પ્રસાર માટે ભક્તિવર્ધિની યાત્રા તા.૨૧–૧૦–૨૦૦૧ ના રોજ સંપન્ન થઈ. જંબુસર–ભરૂચ–અંકલેશ્વર સ્થળોએ વૈષ્ણવોની વિશાળ હાજરી હતી. પરિષદની માધ્યમથી થતી સંગઠનાત્મક પ્રવૃત્તિઓની વિગતપૂર્વક માહિતી આપવામાં આવેલ.

☐ **ગાંધીનગર :** આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશની કારોબારી અને કાર્યકરોની સંયુક્ત મીટીંગ તા. ૯–૯–૨૦૦૧ના રોજ ગોવર્ધનનાથજીની હવેલી, સેકટર–૨૧, ગાંધીનગર મુકામે પૂ.પા.ગો.શ્રીવિજયકુમારજી મહોદય (કડી–અમદાવાદ)ની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થઈ. આપશ્રીને માલા અર્પણ બાદ આવેલ સંદેશાઓનું વાંચન કરવામાં આવેલ. સાહિત્ય પ્રકાશન તથા પ્રચાર માટે ભક્તિવર્ધિનીની સ્થાપના ધર્મ સંસ્કાર શિબિર વિગેરેની માહિતી આપવામાં આવેલ.

☐ **શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ (રતનપર–રાજકોટ) મુકામે શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને પધરાવવાનો પાટોત્સવ**

આં.રા.પુ.વૈ.પરિષદ આયોજીત રાજકોટથી ૧૪ કિલોમીટર દૂર રાજકોટ–મોરબી રોડ ઉપર નિર્માણધીન શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ રતનપર સ્થાને ૧૨૦×૪૦ =૪૮૦૦ ચો.ફુટના વિશાળ શ્રીમહાપ્રભુજીના સ્વરૂપને પધરાવવાનો પાટોત્સવ પૂ.પા.ગો. ૧૦૮ શ્રીવ્રજેશકુમાર મહોદયશ્રી (કામવન–રાજકોટ)ની અધ્યક્ષતામાં તા.૨૪–૨–૨૦૦૨ નાં રોજ ભવ્ય ધામધુમથી ઉજવાશે. ત્યારબાદ આગામી વૈષ્ણવ ગુરૂકુલ પ્રોજેકટના નિર્માણ કાર્યનો પણ પ્રારંભ થશે.

આ પાટોત્સવના આયોજન અંતર્ગત રાજકોટ શહેરના શાસ્ત્રીમેદાન ખાંતે પૂ.પા.ગો. ૧૦૮ શ્રીવ્રજેશકુમાર મહોદયશ્રી (કામવન–રાજકોટ)ની અધ્યક્ષતામાં પુષ્ટિમાર્ગના પ્રખર જ્ઞાના શ્રીમદ્ ભાગવત મર્મજ્ઞ શ્રીકિશોરચંદ્ર શાસ્ત્રીજી (વડોદરાવાળા)ની વ્યાસાસને તા.૧૩–૨–૨૦૦૨ થી તા.૨૦–૨–૨૦૦૨ દરમ્યાન શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન છે. તા. ૨૨–૨–૨૦૦૨ નાં રોજ ૧૦૮ બ્રહ્મસંબંધી વૈષ્ણવ બટુકોને વિનામૂલ્યે સમુહ યજ્ઞોપવિત ઉત્સવ તેમજ તા.૨૩–૨–૨૦૦૨ નાં રોજ વિશાળ વૈષ્ણવતા પ્રચાર મહોત્સવ શ્રીપુરૂષોત્તમ મહાયાગનું આયોજન ૧૦૮૦ યજમાન દ્વારા ૧૦૮ કુંડથી ભારતીય સંસ્કૃતિની વૈદિક વિધિથી યજ્ઞ સંપન્ન થશે.

જે વૈષ્ણવ કુટુંબો પોતાના બાળકને યજ્ઞોપવિત અપાવવાની ઈચ્છા ધરાવતા હોય તેઓએ આયોજન કાર્યાલય શ્રીમદન મોહન પ્રભુ હવેલી, લક્ષ્મીવાડી ચોક, રાજકોટ–૩૬૦૦૦૨. ફોન. ૨૩૫૦૫૨ નો સંપર્ક કરવા પ્રોજેકટના સંયોજન શ્રીહસમુખભાઈ ખખ્ખરની યાદીમાં જણાવાયું છે.

શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ રતનપર(રાજકોટ)માં શ્રીમહાપ્રભુજી સંકિર્તન ભવન નિર્માણ પાટોત્સવના સહભાગી–મનોરથી બનવા રૂ.૧૦૦/– કુટુંબદીઠ આપી સંકિર્તન ભવનનાં પ્લાસ્ટર–ટાઈલ્સ–બારીબારણા લગાવવામાં સહયોગી બની સાથે મળી ડ્રાફટ મોકલી શકાય.

☐ સેવા મોકલવાના સ્થળ ☐

(૧) મુકુંદભાઈ શાહ : C/O. ગોલ્ડન સન મેન્યુ કું. રણવીર બિલ્ડીંગ, ૭૦–પ્રીન્સેસ સ્ટ્રીટ, બોમ્બે–૪૦૦૦૦૨.
(૨) કેન્દ્રીય કાર્યાલય : જી–૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, પોલીસ સ્ટેશન સામે, બોમ્બે–૪૦૦૦૦૨.
(૩)ઈન્દ્રકાંતભાઈ શેઠ : નોબલ બિલ્ડીંગ–એ, ત્રીજે માળે, આશ્રમ રોડ, નહેરૂ બ્રીજ સામે, અમદાવાદ– ૩૮૦૦૦૯.

☐ **શ્રીગોપાલલાલના દર્શન ઈન્ટરનેટ ઉપર :** શ્રીગૌરાંગ મહેન્દ્રભાઈ ગોરડીયા ધારીવાળા દ્વારા આપણા પુષ્ટિમાર્ગીય સંપ્રદાયની વેબસાઈટ www.jaigopal.com પ્રગટ કરેલ છે. આ વેબસાઈટનું સંપૂર્ણ સંશોધન શ્રીમહેન્દ્રભાઈ ગોકળદાસ ગોરડીયા ધારીવાળાને ફાળે જાય છે. આ વેબસાઈટ પર રહેલા ચિત્રજી તેમજ માહિતી આપનાં કોમ્પ્યુટરમાં Download , Store કરી શકો છો.

[૧૫] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ

[૧૬] રાધનપુર
શ્રીદામોદરભાઈ કંસારા,
કંસારા બજાર, ટાવર રોડ,

[૧૭] રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ', માલીવાડ,

[૧૮] વડોદરા
☐ શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડાપોળ,
☐ શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
ગોવર્ધન હવેલી,
C/O. ઉર્મી સોસાયટી, પ્રોડક્ટીવીટી રોડ,
૬૦–૬૧ અલકાપુરી,

[૧૯] વાપી
શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦ "અનુકુલ"
એન. એચ. નં.૧૮, જી.આઈ.ડી.સી.

[૨૦] વાંકાનેર
☐ શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
☐ શ્રીકાકુભાઈ ગોરધનભાઈ દોશી
C/O. ભારત એજન્સી, પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,

[૨૧] સુરત
શ્રીભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩ બી,
હરિપુરા, પીરછડી,

રાજકોટમાં 'શ્રીવલ્લભસુધા'નું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા,
૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર,
૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ,
૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન', ૨૫–ન્યુ જાગનાથ,
૫...શ્રી વસંતભાઈ એન.વોરા
C/O. વોરા એન્ડ કું., દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ,
૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ,
૭...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ,
૮...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા', ૫–ગાયત્રીનગર,
૯...શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર,
૧૦...શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ,
૧૧...શ્રી વી. જે. પીઠડીયા
'મોહક', ૭–નીલકંઠનગર,
૧૨...શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,
શ્રીસાતસ્વરૂપ હવેલી, મહાત્મા ગાંધી રોડ,
દેના બેંક પાસે,
૧૩...શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા
નાલંદા સોસાયટી, શેરી નં. ૨, કાલાવાડ રોડ,
૧૪...શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ ગજેરા
'નવનીત કુંજ', ૩–વિશ્વનાથ મેઈન રોડ,
પટેલ બિલ્ડીંગનો સામેનો રોડ,

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-01-2002.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.
આ.શ્રા.નં.૧૫૪

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

બલિ બિભિષન પ્રહલાદ ધ્રુવ,
ભજ સભોગ, ભગવંત ।
તાતેં બિદૂર સુદામ દિન,
શ્રુતદેવ સુ બડ સંત ॥૪૨॥

ટીકા : હે ભગવંત! બલિરાજાને, વિભિષણને, પ્રહલાદજીને, ધ્રુવજી વગેરે ઘણાં એક ભક્તને તમે રાજ્ય વૈભવ આપીને તેમાં તમારું ભજન તમે સારી રીતે કરાવ્યું, ત્યારે તે શું કાંઈ મોટા ભક્ત ના કહેવાયા? ને દારિદ્રપણામાં રહીને વિદુરજીએ, સુદામાજીએ અને શ્રુતદેવજીએ તમને ભજ્યા તે શું કાંઈ પેલા કરતાં મોટા કહેવાયા? [illegible] કાંઈ છે નહીં. સાહમા મોટા તો પરમ ભગ[illegible]દીની ગણતરીમાં તે લખાયા છે, કાંઈ આ તો નથી લખાયા, પણ ઈશ્વર સ્વતંત્ર છો, ગમે તેમ કરો. ૪૨

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **‘શ્રી વલ્લભસુધા’**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** ‘અમૃત’ જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોન: ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

● આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત ●

શ્રી વલ્લભસુધા

વચનસુધા

અને એ જીવનમાં જેને વ્યવહાર, ભક્તિમાર્ગી કહીએ તે ફળીભૂત થયો હોય તો એવા ભક્તોને સંસાર બાધા કરી શકતો નથી પણ એ સંસાર ફલાત્મક છે. દુનિયામાં બધા સંસારને વખોડે છે અને માયાને પણ વખોડે છે બીજી વસ્તુ, કાળને પણ વખોડે છે. જેવી રીતે કહી શકાય કે ''અયંતુ યુગ ધર્મોહી દીયતે કસ્ય દૂષણમ્'' કે ભાઈ ! આ તો યુગ દોષ છે કલિયુગનો, કલિ એટલે ક્લેશ જ્યાં થાય તે કલિ. અને કલિ ઉત્પન્ન ક્યારે થાય? કે જ્યારે દુરુક્તિ હોય, વાણીનો વિવેક ખોઈ નાંખે ત્યારે. એટલે એ કલહ જે કલિ છે. એનો આ દોષ છે કે આજે લોકો વિરૂદ્ધ આચરણ કરી રહ્યાં છે એમ કરીને બધાં છૂટી જવા માંગે છે. 'અયંતુ યુગ ધર્મોહી દીયતે કસ્ય દૂષણમ્' કોને દોષ આપવો? ખરેખર, ભક્તિમાર્ગમાં કોઈને દોષ આપવા જેવી વાત રહેતી જ નથી. કારણ કે જેની જગતમાં, ભગવત્‌લીલાત્મક દ્રષ્ટિ છે, કે આ પ્રભુની લીલા છે? અને જે એમ માનીને ચાલે છે કે, પ્રપંચ એ ભગવત્કાર્ય છે—પ્રપંચમાં પણ પ્રભુને જુએ છે. જગતની જડતાથી જડીભૂત નથી થતો, એની બુદ્ધિ જે છે વિચલિત નથી થતી. પરંતુ ત્યાં પણ એ રસાત્મક તત્ત્વનું અન્વેષણ કરે છે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા—૨ પૃષ્ઠ—૭૩—૭૪)

● ગૌરક્ષા—ગો—પાલનમાં તત્પર બનો ●

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા—ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ **અંક : ૧૧**

વિક્રમ સંવત : ૨૦૫૮ **શ્રીવલ્લભાબ્દ : ૫૨૪** **ફેબ્રુઆરી, ૨૦૦૨**

વાર્ષિક લવાજમ રૂ.૪૦/– **આજીવન લવાજમ રૂ.૫૦૧/–**

''શ્રીવલ્લભસુધા'' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

"શ્રીવલ્લભસુધા"ના સેવાભાવી પ્રતિનિધિ–કાર્યકર

[૧] અમદાવાદ
શ્રીઅશ્વિનભાઈ નવનીતભાઈ દેસાઈ
૪૩, સરદારપટેલનગર, એલિસબ્રીજ,

[૨] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫, જી.આઈ.ડી.સી. કોલોની,
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,

[૩] કલ્યાણ
શ્રીકૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,

[૪] ઉપલેટા
શ્રીઅમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રીહરિ સ્ટોર્સ, રાજમાર્ગ,

[૫] કલકત્તા
શ્રીનિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા,
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,

[૬] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન,
૫૬, દિગ્વીજય પ્લોટ,

[૭] જુનાગઢ
☐ શ્રીઅમૃતલાલ સુંદરજી હિંડોચા
C/O. શ્રીગોકુલ એજન્સી,
૬/શ્રીનાથજી ચેમ્બર, દાણાપીઠ,
☐ શ્રીપોપટલાલ જમ્નાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
☐ શ્રીઅરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
'કિરણ' ૪–જલારામ સોસાયટી,
લોઢીયાવાડ સામે,

[૮] ડોમ્બીવલી
શ્રીવિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૭–નિસર્ગ બિલ્ડીંગ, ગૌતમ લબ્ધી સામે,
રોયલ કોલેજ,

[૯] ધોરાજી
શ્રીજાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
'નંદાલય', રાળીયા હનુમાન પાસે,

[૧૦] પાંચપીપળા
શ્રીગોકળભાઈ જાદવભાઈ પોલરા

[૧૧] ઘાટકોપર (પૂર્વ)
શ્રીછોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ. જી. રોડ,

[૧૨] મુંબઈ
☐ આં.રા.પુ.વૈ. પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
☐ આં.રા.પુ.વૈ. પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે,

[૧૩] મલાડ
શ્રીજયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,

[૧૪] મોરબી
☐ ધર્મેન્દ્ર ભોગીલાલ કંસારા
C/O. ટોકરશી જાદવજી કંસારા

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યું સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૧૧ ❑ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ❑ ફેબ્રુઆરી, ૨૦૦૨

[ચોરાશી અપરાધ]

❑ અપરાધ ઓગણસીત્તેરમો : "સંધ્યા ભોગમેં નયી ભાંત કે ફલ ધરેં, નંઈ સામગ્રી ધરે."

સંધ્યાભોગમાં નવા ઋતુઅનુસારના ફળો તેમજ જે કાંઈ સુંદર સામગ્રી ઋતુ સુહાતી બની આવે તે ધરવી. (દ્રવ્ય, સાધન વગેરે સૌકર્ય સગવડ ન હોય તો યથા શક્તિ જે બની આવે તે ધરવું.)

❑ અપરાધ સીત્તેરમો : "ફૂલ આદિ કે કસ્તુરી ગંધ અનેક યથા શક્તિ ધરે."

શ્રીઠાકોરજીને વિવિધ પ્રકારના સુગંધી પદાર્થો અવશ્ય સમર્પવા જોઈએ. તેમાં પણ ઋતુ અનુસાર અનેક સુગંધી પદાર્થો–અત્તરો વગેરે ધરવા જોઈએ. ઉનાળામાં વિશેષ કરીને ફૂલોનો પ્રકાર અંગીકાર કરાવાય. પ્રભુને કોમલ શિતલતા અને મીઠી સુગંધ આપે તેવા ગુલાબ, મોગરો, ચંપો વગેરે પુષ્પોની વિવિધ રચનાઓ કરી પ્રભુને લાડ લડાવવા. શીતકાલ–શિયાળાની ઋતુમાં કસ્તુરીની થેલી, સુગંધી અને ઉષ્ણતા અર્થે આવે તેમજ સામગ્રીઓમાં પણ કેશર, અંબર કસ્તુરી વગેરે ઉષ્ણપ્રકૃતિના સુગંધી પદાર્થો યોજાય છે. (જોકે, હાલમાં કસ્તુરી મળવી પ્રાયઃ દુર્લભ છે. અંબર પણ સાચું–ખોટું પારખવાનું અઘરૂં છે) આમ, ઋતુનો વિચાર કરી, સુગંધી–અનેક પ્રકારના અત્તરો (સાચા–દેશી હોવા જોઈએ) સમર્પી પ્રભુને લાડ લડાવવા. આવી ઉત્તમ વસ્તુઓ ખરીદવાની તથા પારખવાની, વગેરે સગવડ હોય છતાં, લૌકિક લોભ પ્રકૃતિને વશ થઈ જો ન ધરે તો અપરાધ પડે. (દ્રવ્ય–સાધન ન હોય તેમની તો જે બને તે સેવા પ્રભુ પ્રસન્નતાથી અંગીકાર કરે છે.)

❑ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ❑ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ❑ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ❑ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ❑ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ❑ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ❑ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ❑ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

નિરોધલક્ષણમ્- ગ્રંથપરિચય

લેખક : પૂ.પા. ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા–કિશનગઢ)

ભાષાંતર : ગો.વા.શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

નિરોધલક્ષણ ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ ગુજરાતના પોતાના શિષ્યો રાજા દુબે (દવે) અને માધવ દુબે(દવે)ને માટે લખ્યો છે. એક લોકવાયકા અનુસાર તેની રચનાનો કાળ વિ. સં. ૧૫૬૯છે. (વૈષ્ણવવાણી અંક ૪, વર્ષ ૭૯ શ્રીનાગરદાસ શાસ્ત્રી લિખિત લેખ અનુસાર). ચોરાસી વૈષ્ણવોની વાર્તા અંતર્ગત આ બે ભાઈઓની કથા ભાવપ્રકાશમાં આ પ્રમાણે મળી આવે છે–

રાજા દુબે અને માધો દુબેનાં માતા–પિતા માંદા પડ્યાં, ત્યારે તેમણે તેમના બંને દીકરાઓને કહ્યું, "હવે અમને આ વખતે શ્રીરણછોડજીનાં દર્શન કરાવો તો બહુ સારું". ત્યારે તે બંને દીકરાઓ એક ડોલી (પાલખી) ભાડે કરી તેમાં માતા–પિતાને બેસાડી શ્રીઠાકોરજી પાસે લઈ ચાલ્યા. તે રીતે તેમણે માતા–પિતાને શ્રીરણછોડરાયજીનાં દર્શન કરાવ્યાં. તે વખતે કેટલાક દિવસો સુધી શ્રીઆચાર્યજી દ્વારકામાં હતા... ત્યારે રાજા દુબે–માધો દુબે લોકોને પૂછતા 'અહીં કોઈ જગાએ કથાવાર્તા–ભગવત્ચર્ચા થતી હોય તો ત્યાં સાંભળવા જઈએ'... ત્યારે એક જણે તેમને કહ્યું, 'શ્રીવલ્લભાચાર્યજી પૃથ્વી–પરિક્રમા કરી અહીં પધાર્યા છે. તેઓશ્રી બહુ સારી કથા કહે છે.' ત્યારે તે બંને ભાઈ પ્રસન્ન થઈ જ્યાં કથા થતી હતી ત્યાં ગયા અને આગળ જઈને બેઠા. તે વખતે શ્રીમહાપ્રભુજી નંદમહોત્સવનું વર્ણન કરતા હતા. આ વર્ણન શ્રીભાગવતજીના દશમસ્કંધના પાંચમા અધ્યાયનું હતું. તે વખતે આપશ્રીએ બંને ભાઈઓને નંદાલયની લીલાનો પ્રગટ અનુભવ કરાવ્યો...

...વહેલી સવારે બંને ભાઈ શ્રીમહાપ્રભુજીની પાસે આવ્યા અને આપશ્રીને વિનંતી કરી, 'મહારાજ ! અમને શરણે લો.' ત્યારે શ્રી આચાર્યશ્રીએ બંને ભાઈઓને ફરીથી સ્નાન કરાવી, નામ સંભળાવ્યું અને બ્રહ્મસંબંધ આપ્યું. પછી શ્રીમહાપ્રભુજીએ તેમને કહ્યું, 'હવે તમે ભગવત્સેવા કરો. !'... પછી શ્રીમહાપ્રભુજીએ શ્રીઠાકોરજીને પંચામૃત–સ્નાન કરાવી અને રાજા દુબે અને માધો દુબેને માથે પધરાવ્યું અને તેમને આજ્ઞા કરી કે 'બધાં સ્થળોએથી મનને મુક્ત કરીને મનનો નિરોધ કરી ભગવત્સેવા કરો.' ત્યારે રાજા દુબે અને માધવ દુબેએ આપશ્રીને વિનંતી કરી કે 'મહારાજ ! નિરોધનું સ્વરૂપ શું છે ?'...

આ પ્રકારે બંને ભાઈની દીનતા અને સરળ સ્વભાવ જોઈને 'દશમસ્કંધ' જેને નિરોધ સ્કંધ કહ્યો છે તેને આપે નિરોધલક્ષણ ગ્રન્થ કરી બંને ભાઈઓને તેનો પાઠ કરાવી કહ્યું, 'તમને બંને ભાઈઓને નિરોધ સિદ્ધ થશે.' તે જ સમયે બંને ભાઈઓનું મન અલૌકિક બની ગયું. તેમને લીલારસનો અનુભવ થવા લાગ્યો; ત્યારે શ્રીઆચાર્યશ્રીએ કહ્યું, 'હવે તમે ઘેર જઈ સેવા કરો...જ્યારે કોઈ દૈવી જીવ તમારી

પાસે આવે ત્યારે તેને નામ સંભળાવજો. તમને નિરોધ સિદ્ધ થયો છે અને જે જીવ તમારી સાથે મન લગાવીને રહેશે તેને નિરોધ સિદ્ધ થશે.'

પછી તે બંને ભાઈઓ પોતાના ગામ મણુંદ આવ્યા અને ઘરમાં બંને ભાઈઓ ભગવત્સેવા કરવા લાગ્યા. ઘરમાં જે કંઈ દ્રવ્ય હતું તેમાં તેઓ નિર્વાહ કરે. કોઈ સાથે બહુ બોલે પણ નહિ. જે આવે તેના પર દયા કરીને ખાવા–પીવાની વ્યવસ્થા કરે. આમ ભગવદ્વાર્તા કરી બંને ભાઈ શ્રીઠાકોરજીના લીલારસમાં મગ્ન રહેતા !''

ભગવાનનું ભક્તોમાં અને ભક્તોનું ભગવાનમાં તલ્લીન થઈ જવું તે કથાનું શ્રીભાગવતના દશમસ્કંધમાં નિરોધલીલાના રૂપમાં વર્ણન થયું છે. ભગવાનની આ નિરોધલીલાના ફલસ્વરૂપ કહેવામાં આવ્યું છે કે "તે ભક્તોની એવી સ્થિતિ થઈ ગઈ કે તેઓ સૂતાં–જાગતાં, ચાલતાં, વાર્તાલાપ કરતાં, ક્રીડા કરતાં, સ્નાન કરતાં અને ભોજન કરતાં કરતાં પણ પોતાની બધી સૂધ–બૂધ ખોઈને કેવળ શ્રીકૃષ્ણમાં જ તલ્લીન રહેતા હતા." "(શય્યાસનાટનાલાપક્રીડાસ્નાનાશનાદિષુ ન વિદુઃ સન્તમાત્માનં વૃષ્ણયઃ કૃષ્ણચેતસઃ. પરમાત્મા શ્રીકૃષ્ણ સાથે જ શયન કરતાં, ફરતાં, વાતો કરતાં, ક્રીડા કરતાં, સ્નાન કરતાં અને ભોજન કરતાં તેઓ પોતાની બધી સૂધબૂધ ખોઈ પોતાના આત્માને પણ જાણતાં ન હતાં, કારણ કે તેઓ આ બધું કૃષ્ણમાં ચિત્તવાળા થઈને કરતા હતા. (ભાગ.૧૦–૯૦:૪૬). આ નિરોધનું સૂક્ષ્માતિસૂક્ષ્મ સિદ્ધસ્વરૂપ છે. આ નિરોધનું પરિનિષ્પન્ન સ્વરૂપ પણ છે.

યોગનું લક્ષણ આપણી કેવળ ચિત્તવૃત્તિઓનો નિરોધ માનવામાં આવ્યું છે– "યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ" કેવળ ચિત્તવૃત્તિના નિરોધને ભક્તિમાર્ગમાં અપર્યાપ્ત માનવામાં આવ્યો છે. પુષ્ટિભક્તિરૂપ નિરોધ શ્રીકૃષ્ણના સંયોગ અને વિયોગની ઊંડાઈથી અનુભૂતિ કરવા માટે છે. કેવળ ચિત્તવૃત્તિ જ નહિ, પણ દેહ, ઇન્દ્રિયો, પ્રાણ, મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત, આત્મા તથા અન્ય પણ આત્મીય વસ્તુ અને પરિજનોનો શ્રીકૃષ્ણના ભજનમાં (સેવામાં) વિનિયોગ કરવો અથવા તેમ કરવા તેમને તત્પર બનાવવા એ જ પુષ્ટિમાર્ગીય નિરોધ છે.

આ ભક્તિયોગમાં નિરોધની વ્યાખ્યા, તેનાં (૧) કારણલક્ષણ (૨) સ્વરૂપલક્ષણ (૩) કાર્યલક્ષણ તથા (૪) પ્રયોજનલક્ષણના આધારે ચાર રીતે આપી શકાય છે.

(૧) કારણલક્ષણ

શ્રીભાગવતજીના દ્વિતીયસ્કંધના દશમા અધ્યાયની છઠ્ઠી કારિકા– "નિરોધોસ્યાનુશયનમાત્મનઃ સહ શક્તિભિઃ" (નિરોધ એટલે પરબ્રહ્મનું પોતાની બધી શક્તિઓ સાથે અને વડે સ્થિત થવું) માં નિરોધના કારણલક્ષણનું નિરૂપણ થયું છે. શ્રીમહાપ્રભુજીએ પણ ભાગવતાર્થ નિબંધ (૧૦/૧૪–૧૭)માં તેનું વિવેચન કર્યું છે. ત્યાં એવું સમજાવવામાં આવ્યું છે કે પોતાની કલ્પી કે ચિંતવી ન શકાય એવી શક્તિઓની સાથે શ્રીકૃષ્ણનું આ ભૂતલ પર ક્રીડા માટે પ્રગટ થવું તેને નિરોધ કહેવામાં આવે છે. 'નિરોધ'ના આ પ્રકારના અર્થમાં કે લક્ષણમાં 'નિરોધ' શબ્દનો રૂઢાર્થ નહિ, પરંતુ યૌગિકાર્થ કહેવાનો

અર્થ છે. નવમા સ્કંધનો વર્ણ્ય–વિષય ભક્તિ અને દસમા સ્કંધનો વર્ણ્ય–વિષય નિરોધ માનવામાં આવ્યા છે. તેની પૂર્વાપર હોવાની ક્રમસંગતિ એવી માનવામાં આવી છે કે નવમા સ્કંધમાં બતાવેલી ભક્તિ જેનામાં પ્રગટ થાય છે, એવા ભક્તોનો, તેમને વિમુક્ત કરવા માટે ભગવાન દ્વારા જે 'રોધ' (અટકાવ) કરવામાં આવે છે, તેને 'નિરોધ' કહે છે. કારણકે જેમનો શ્રીકૃષ્ણ દ્વારા નિરોધ થાય છે તેઓ સંસારથી મુક્ત થઈ જાય છે. સંસારાવેશ ભક્તિને અશુદ્ધ બનાવે છે. તેથી ભક્તિની શુદ્ધિને માટે શ્રીકૃષ્ણ દ્વારા ભક્તોનો નિરોધ આવશ્યક છે.

દશમસ્કંધમાં વર્ણવેલી ભગવાનની પ્રત્યેક લીલાની ચરમ પરિણતિ એ બતાવવામાં આવી છે કે તે તે લીલાઓથી જોડાયેલા ભક્ત શ્રીકૃષ્ણ તરફ તેમના પ્રબળ આકર્ષણને લીધે પ્રપંચને (સંસારને) ભૂલીને કેવી રીતે શ્રીકૃષ્ણમાં અનન્યતાપૂર્વક આસક્ત થઈ ગયા હતા.

વાત્સલ્યભાવવાળાં નંદ–યશોદાની આ ગતિ થઈ. સખ્યભાવવાળા ગોપબાળકોની પણ આ જ ગતિ થઈ. માધુર્યભાવવાળાં ગોપીઓની પણ આ જ ગતિ થઈ. વ્રજનાં તો પશુ, પક્ષી, વૃક્ષ, પર્વત, નદી વગેરે સૌની આવી જ ગતિ થઈ એવું વર્ણન કરવામાં આવ્યું છે. આથી આગળ ચાલીને મથુરાલીલા કે દ્વારકાલીલા સાથે સંકળાયેલા ભક્તોની પણ પ્રપંચની વિસ્મૃતિ અને શ્રીકૃષ્ણમાં આસક્તિ, એ પૂરા બાકી રહેલા દશમસ્કંધનો મુખ્ય વર્ણિત વિષય છે.

આ જગતમાં ભગવાને કરેલી લીલાની જેમ જેવી લીલાને કારણે ભક્ત, પ્રપંચને ભૂલીને ભગવાનમાં અનન્યતાથી આસક્ત થઈ જાય તો સમજવું કે ભગવાનની તે લીલા ભક્તના મનનો ભગવાનમાં નિરુદ્ધ થવાનું કારણ જ છે. તેથી ભગવાનની એવી લીલા દ્વારા નિરોધની વ્યાખ્યા નિરોધનું કારણલક્ષણ માનવામાં આવે છે.

ભગવાનની મનોહારી લીલાઓ દ્વારા અવતારકાળમાં તો ભક્તોનો નિરોધ શ્રીભાગવતના દશમસ્કંધમાં વર્ણવવામાં આવ્યો છે; પરંતુ આધુનિક ભક્તોના નિરોધની સંભાવના કેટલી થઈ શકે? આ શંકાનું સમાધાન શ્રીમહાપ્રભુજીએ ભાગવતાર્થ નિબંધના ગુણપ્રકરણમાં કર્યું છે. ત્યાં એવું કહેવામાં આવ્યું છે કે જેમ ધર્મીરૂપમાં શ્રીકૃષ્ણ સ્વયં જ પ્રગટ થવાથી ભક્ત એમાં જ નિરુદ્ધ થઈ થયા, તેમ ભગવાનના ગુણધર્મોનું નિરન્તર શ્રવણ–સ્મરણ–કીર્તન કરવાથી આધુનિક ભક્ત પણ ભગવાનમાં નિરુદ્ધ થઈ શકે છે. તેથી દશમસ્કંધના અંતમાં છ અધ્યાયના ગુણપ્રકરણમાં એ રૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

પરમાત્મા વાસ્તવિક રીતે જો નિર્ગુણ, નિર્ધર્મક, નિરાકાર, નિર્વિશેષ હોય તો કૃષ્ણાવતારની લીલા માયાનું કપટનાટક માનવી પડશે. તે પ્રમાણે પરમાત્માનું મૂળ રૂપ શ્રીકૃષ્ણ ન હોય તો દશમસ્કંધમાં વર્ણવાયેલી લીલાઓની આધિદૈવિક મહત્તા ખંડિત થઈ જશે. તેથી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન સ્વયં સગુણ–સાકાર શ્રીકૃષ્ણ છે. આ બતાવવા માટે અંતિમ ગુણપ્રકરણમાં શ્રીકૃષ્ણના દિવ્ય અકુંઠિત અને પારમાર્થિક સાચા સ્વરૂપને, જેમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય રૂપ છ ગુણો છે તેને, છ અધ્યાય દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે (ભા.નિ. ૧૦/૪૧૮/૪૨૦).

–ક્રમશઃ

શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક – દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ– ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા– વિશારદ, મુંબઈ.
ભાષાંતર – ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

૨૩. વૈષ્ણવોનું કર્તવ્ય

૧. ભગવાન શ્રીકૃષ્ણની સેવા કરવી, તેની ભક્તિ કરવી અને તેમાં એકતાન મન અને પ્રાણથી થઈ જવું તે વૈષ્ણવોનું પરમ કર્તવ્ય અને ધર્મ છે.

શ્રીમદ્‌ભાગવતમાં કહ્યું છે કે–

સ વૈ પુંસાં પરો ધર્મો યતો ભક્તિરધોક્ષતે ।
અ હૈતુકય પ્રતિહતા યયાત્મા સંપ્રસીદતિ ॥

અર્થઃ મનુષ્યનો સૌથી પરમ ઉત્કૃષ્ટ ધર્મ તે છે કે જેમાં ભગવાન શ્રીકૃષ્ણની ભક્તિ હોય અને જેમાં ભગવાન પર પ્રીતિ વધતી રહે.

શ્રીવલ્લભાચાર્યએ આજ્ઞા કરી છે કે–

સર્વદા સર્વ ભાવેન ભજનીયો વ્રજાધિપઃ ।
સ્વસ્યાય મેવ ધર્મોહિ નાન્યઃ ક્વાપિ કદાચન ॥

અર્થઃ સર્વદા સર્વભાવનાઓથી શ્રીયશોદાત્સંગલાલિત શ્રીકૃષ્ણની સેવા કરવી વૈષ્ણવનો પરમ ધર્મ છે. કોઈ સમયમાં અથવા કોઈપણ સમયે કોઈપણ પ્રકારનો અન્ય ધર્મ વૈષ્ણવનો હોઈ શકે નહીં.

૨. ગૃહને શ્રીમહાપ્રભુજીએ અનર્થનું મૂળ કહ્યું છે. અને તેનો સર્વથા ત્યાગ કરવો તેવો ઉપદેશ આપ્યો છે. અને કહ્યું છે કે ‘જો ઘર છોડવામાં અસમર્થતા હોય તો તે ગૃહને શ્રીકૃષ્ણના અર્થે વિનિયોગ કરી દેવું જોઈએ.’ ભગવાનને સમર્પણ કરીને તેમાં નિવાસ કરવો જોઈએ. ભગવાન બધાય અનર્થોના તારક છે.

૩. સંગને પણ આચાર્યએ દોષ ગણ્યો છે. પરંતુ કહ્યું છે કે તે સંગ જો વૈષ્ણવોની સાથે, સત્પુરૂષોની સાથે અને ભગવદ્‌ભક્તની સાથે કરવામાં આવે તો તે શ્રીકૃષ્ણમાં ભક્તિ વધારવાવાળો છે. કારણ કે સત્પુરૂષ સંગ જ પ્રભુની સન્મુખ રાખે છે.

૪. આચાર્યજીની આજ્ઞા છે કે ભગવત્સેવા પોતાના પુત્ર અને કલત્ર(સ્ત્રી)ની સાથે

કરવી જોઈએ. જો તેઓની અભિરૂચિ સેવામાં ન હોય તો એકલા જ કરે. અને જો તેઓ સેવામાં વિઘ્ન નાંખે અને સેવા કરતી વખતે ઉદ્વેગ કરાવે તો પછી ઘરનો ત્યાગ કરી દેવો તે કર્તવ્ય છે. બહિર્મુખ ઘરનો ત્યાગ કરવામાં કોઈ જ દોષ નથી.

૫. વૈષ્ણવોને ભગવાનમાં પરમ વિશ્વાસ હોવો જોઈએ. ભગવાને સ્વયં આજ્ઞા કરી છે કે—

મયિ ચેદસ્તિ વિશ્વાસઃ શ્રીગોપીજન વલ્લભે ।
તદા કૃતાર્થા યૂથં હિ શોચનીયં ન કર્હિચિત્ ॥

અર્થઃ જ્યારે મારામાં એટલે કે ગોપીજન વલ્લભમાં વિશ્વાસ છે તો તમે કૃતાર્થ છો. તમારે કોઈ ચિંતા કરવી જોઈએ નહીં.

જે લોકો પોતાના ઘર, સ્ત્રી, પુત્ર, ધન અને પ્રાણ બધુંય ભગવાનમાં સમર્પણ કરીને પ્રભુમાં વિશ્વાસ રાખે છે. તેને ભગવાન ક્યારેય છોડતા નથી તે નિશ્ચિત છે.

વૈષ્ણવોનાં કર્તવ્ય ત્રણ પ્રકારના છે. આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક. ભગવાનના નિમિતે જે કાર્ય કરવામાં આવે છે તે આધિદૈવિક છે. વેદાનુકુલ તો ધર્મ છે જ. તે આધ્યાત્મિક છે. અને જે દેહસંબંધી છે તે બધું આધિભૌતિક કર્તવ્ય કહેવાય છે.

૬. શાસ્ત્રની આજ્ઞા પ્રત્યેક વૈષ્ણવે માનવી જોઈએ તેમ કહેવામાં આવેલા વર્ણાશ્રમ ધર્મનું પાલન સદા કરતું રહેવું જોઈએ. સ્પર્શા સ્પર્શમાં વિચાર રાખવો જોઈએ. પાત્રશુદ્ધિ અને ભક્ષાભક્ષ વિષયમાં પણ શાસ્ત્ર મર્યાદાઅનુસાર કર્તવ્ય કરવું જોઈએ. તે સર્વથા ઉચિત નથી કે વૈષ્ણવ લોકોએ એ શાસ્ત્રીય કર્મોની ઉપેક્ષા કરવી. શાસ્ત્રીય કર્મોને ભગવદ્દર્શક સમજીને કરવા જોઈએ.

જે લોકો એમ સમજે છે કે શાસ્ત્રની બધી વાતો માનવાથી અન્યાશ્રય થાય તો તે ભૂલભરેલું છે. વાસ્તવમાં કહેવામાં આવે તો ગાયત્રી જપથી અન્યાશ્રય નથી આવતો. અન્યાશ્રય તો ત્યારે જ થાય છે કે જ્યારે 'સ્વર્ગકામો યજેત્' (સ્વર્ગની કામના કરવાવાળા યજ્ઞ કરવાથી) ઈત્યાદી શ્રુતિઓ અનુસાર સ્વર્ગ આદિની કામનાથી યજ્ઞાદિક કરે. ભગવદ્દર્શક યજ્ઞ કરવાથી અન્યાશ્રય થતો નથી.

૭. પ્રત્યેક વૈષ્ણવને બ્રહ્મસંબંધ લેવું અત્યંત જરૂરી છે. બ્રહ્મસંબંધ વિના જીવમાં સેવાનો અધિકાર આવતો નથી. બ્રહ્મસંબંધ લીધા પછી પ્રત્યેક કાર્ય ભગવાનને સમર્પણ કરવું જોઈએ. તેવી જ રીતે પ્રત્યેક વસ્તુનો ઉપયોગ પણ ભગવાનને અર્પણ કરીને કરવો જોઈએ.

ઈશાવાસ્યોપનિષદ્‌માં કહ્યું છે કે—

ઈશાવાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્ ।
તેન ત્યક્તેન ભુંજીથા મા ગૃધઃ કસ્યશ્ચિદ્ધનમ્ ॥

અર્થ : આ જગત ઈશ્વરમય છે. બધાયમાં ઈશ્વરનો નિવાસ છે. તેથી ભગવાનને બધુ વસ્તુ સમર્પણ કરીને પોતાના ઉપયોગમાં લેવી. તેમાં લાલસા ક્યારેય ન રાખવી. આ ધન કોઈનું નથી. ધનાદિ સર્વ પદાર્થ ઈશ્વરના છે. પારકી વસ્તુમાં લાલસા રાખવી ઉચિત નથી.

૮. પ્રભુ પાસે ક્યારેય કોઈ ચીજની માંગણી કરવી નહીં. કારણ કે પ્રભુ સર્વસમર્થ છે. આપણા મનની બધીય વાત જાણનારા છે. આપણે ઈશ્વર ઈચ્છાને જાણી શકતા નથી. તેથી જો આપણે કોઈ વાતની યાચના કરીએ અને પ્રભુને તે આપવાની ઈચ્છા ન હોય અને ન આપે તો વૃથા દુઃખ થાય છે. અને ભક્તિમાં બાધા આવે છે.

૯. દેહધર્મો કરતાં ભગવદ્દધર્મોમાં વિશેષ પ્રિતી હોવી જોઈએ.

૧૦. જીવ સર્વથા પ્રભુને આધીન છે. તેથી અભિમાનનો સર્વથા ત્યાગ કરી દેવો વૈષ્ણવ માટે ઉચિત છે.

૧૧. વૈષ્ણવે હઠાગ્રહનો સર્વથા ત્યાગ કરવો યોગ્ય છે. કરજ કરીને સેવા કરવી તે મહાન મૂર્ખપણું છે. ભગવાન તેનાથી ક્યારેય પ્રસન્ન થતાં નથી.

૧૨. દેહપર, સમયપર જે જે દુઃખ પડે તેને ધીરજપૂર્વક સહન કરવા જોઈએ. જેવી રીતે માખણ કાઢી લીધાં પછી છાસ સત્વહીન થઈ જાય છે તેવી રીતે દેહનું જાણવું. દુઃખને સહન કરવું જોઈએ. દુઃખ સહન કરવામાં જડભરતનો આદર્શ સન્મુખ રાખવો. જે પ્રકારે તેમણે સમસ્ત દુઃખ ધૈર્યપૂર્વક સહન કર્યા. તેવી રીતે જીવ માત્રે દુઃખ સહન કરવા જોઈએ. સવારે વહેલા ઉઠીને નીચે લખેલ શ્લોકનું ઉચ્ચારણ કરવું.

શ્રીગોવર્ધનનાથ પાદયુગલં હૈયંગવીનપ્રિયં
નિત્યં શ્રીમથુરાધિપં શુખકરં શ્રીવિઠ્ઠલેશં મુદા ॥
શ્રીમદ્દારવતીશ ગોકુલપતી શ્રીગોકુલેન્દું વિભું
શ્રીમન્મમન્મથમોહનં નટવરં શ્રીબાલકૃષ્ણં ભજે ॥
શ્રીમદ્દવલ્લભ વિઠ્ઠલૌ ગિરિધરં ગોવિન્દરાયા ભિધં
શ્રીમદ્દાલક કૃષ્ણ ગોકુલપતી નાથં યદૂનાયતથા ॥
એવં શ્રીરઘુણાં કિલ ઘનશ્યામં ચ તદ્દશંજાન્
કાલિન્દીં સ્વગુરૂં ગિરિં ગુરૂ વિભું સ્વીય પ્રભૂશ્ચં સ્મરેત્ ॥

ત્યારપછી નિત્યનું દૈનિક કૃત્ય કરવું અને વિદ્યાર્થી વર્ગ હોય તેને પોતાના અભ્યાસમાં લાગવું. અભ્યાસ કર્યા પછી સ્નાન કરીને તથા સંધ્યાદિકથી નિવૃત્ત થઈને શ્રીસ્વરૂપની પ્રેમપૂર્વક સેવા કરે. સેવા કર્યા પછી પુષ્ટિમાર્ગીય મંદિરમાં જઈને પ્રભુનાં દર્શન કરવા અને ત્યારપછી શ્રીઠાકોરજીનો પ્રસાદ લઈને પોતાના સ્વાધ્યાયમાં લાગી જવું. રાત્રીના યથા શક્તિ સેવા કરવી

અને રાત્રે ભગવદ્વાર્તા નિયમિત રૂપથી અવશ્ય સાંભળવી અથવા કહેવી. આ સાધારણ વૈષ્ણવ માત્રનો ધર્મ છે.

પોતાની જીંદગીને સર્વદા સરળ અને આડંબર રહિત રાખવી. તથા તેની ઉપરથી અહંતા, મમતા હટાવીને કાંઈપણ કાર્ય કરવું તે બધું ભગવદર્શક કહે. આ વૈષ્ણવનું પરમ કર્તવ્ય છે.

વૈષ્ણવો માટે શાસ્ત્રોનો અર્થ તો આ છે કે—

૧. ભગવાન શ્રીકૃષ્ણની નિર્ગુણ ભક્તિ દ્વારા તેની કૃપા પ્રાપ્ત કરવી આ સર્વ શાસ્ત્રનો અર્થ છે.

૨. ભગવાને શ્રીગીતા ઉપદેશમાં કહ્યું છે કે—

સર્વ કર્માણ્યપિ સદા કુર્વાણો મદ્વપયાશ્રયાઃ ।
મત્પ્રસાદાદ્ વાપ્નોતિ શાશ્વતં પદમ વ્યયમ્ ॥ ૧૮—૫૬
મચ્ચિત્તઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્તરિષ્યસિ ॥ ૧૮—૫૮

અર્થઃ જે મનુષ્ય બધાય કર્મ મારો આશ્રય લઈને કરે છે તે મારી કૃપાથી તે સ્થાનને પ્રાપ્ત કરે છે કે જે નાશરહિત અને શાંત છે.

મારામાં ચિત્ત દઢ રાખવાથી મારી કૃપાથી બધાજ ભયોને (જે દુસ્તર છે તે કામ, ક્રોધ, લોભ, મોહ, મત્સર આદિને) તરી જાય છે.

૨૪. બહિર્મુખતા

"બહિર્મુખતા" આ સંપ્રદાયમાં ખૂબ મોટો દોષ માનવામાં આવ્યો છે. ઈશ્વરમાં આસક્તિ ન રાખીને ઈન્દ્રીયસુખમાં આસક્તિ રાખવી તેને બહિર્મુખતા કહે છે. અને ઈન્દ્રીયોના સુખમાં આસક્તિ ન રાખીને ઈશ્વરમાં આસક્તિ રાખવી તેને અન્તર્મુખતા કહે છે. બહિર્મુખતા થવાનાં મુખ્ય ચાર કારણો છે. (૧) અન્યાશ્રય (૨) અસમર્પિત (૩) અસદાલાપ (૪) દુઃસંગ.

વૈષ્ણવોએ આ ચારેયથી સાવધાન રહેવું જોઈએ. અને એવો પ્રયત્ન કરવો જોઈએ જેમાં ઉપરના ચારેય દોષ ન આવે અને તે પ્રભુથી બહિર્મુખ ન થઈ જવાય.

જ્યારે કોઈપણ પ્રકારથી જીવ બહિર્મુખ થાય છે. ત્યારે કાળ, તેનો પ્રવાહ દેહ તથા ચિત્તનું ભક્ષણ કરે છે. અથવા તો જીવના અલૌકિક દેહ ચિત્ત આદિક, લૌકિક થઈ જાય છે. તેથી સર્વથા ભગવાનની અન્તર્મુખ રહેવું જોઈએ. જો જીવ બહિર્મુખ થઈ જાય તો તે સાથે જીવનો દેહ, ચિત્ત, આદિ ભગવાનનું ચરણામૃત અને ચરણકમલથી ઉત્પન્ન થયેલો હોવા છતાંય કાલપ્રવાહસ્થ બની જાય છે. બહિર્મુખ થઈ ગયા પછી સેવા કરવામાં આવે તો પ્રભુ તે સેવાનો અંગીકાર કરતા નથી. કારણ કે ફળરૂપ શ્રીકૃષ્ણચંદ્ર લૌકિક નથી. તે લૌકિકને ક્યારેય માનતા નથી. અલૌકિક પ્રભુને પ્રસન્ન કરવામા આપણો ભાવ જ સાધન થઈ શકે છે. પ્રત્યેક ક્ષણે એ વિચારતું રહેવું

જોઈએ કે "આ બધુંય ભગવાનનું છે અને ભગવાન શ્રીકૃષ્ણ બધાથી પર છે."

જ્યારે ભગવાનનો સેવક દ્રવ્યપાર્જનમાં અને ઘરમાં જ આસક્ત થઈ જાય છે અથવા પોતે પોતાની જાતને પૂજાવા માટેના પ્રયાસ કરવા લાગે છે ત્યારે ભગવાન તેના ઉપર કોપાયમાન થાય છે. અથવા તો તે સમયે સેવક બહિર્મુખ થાય છે.

જ્યારે ભગવદ્સેવકને અહંકાર થાય છે અને તે શાસ્ત્ર અથવા ભગવદીયોનો અનાદર કરે છે ત્યારે ભગવાન તેના ઉપર કોપ કરે છે. અને તે બહિર્મુખ થાય છે. જ્યારે મોટા કુલમાં ઉત્પન્ન થયાં અને ભગવદ્ભક્ત પોતાના કુલની રીતી છોડવા લાગે છે ત્યારે તેના સ્વામી શ્રીકૃષ્ણ તેના ઉપર કોપાયમાનં થાય છે. અને તે જીવને બહિર્મુખ કરી દે છે.

થોડામાં કહીએ તો જ્યાં સન્માર્ગમાં સ્થિતિ નથી. જેની આચાર્યમાં શ્રદ્ધા નથી, દૈન્ય નથી અથવા આચાર્ય ઉપદેશમાં નિષ્ઠા નથી તે બધાય બહિર્મુખ છે.

બહિર્મુખતાની નિવૃત્તિને માટે શ્રીઆચાર્યચરણોનું અહર્નિશ ચિંતન કરવું જોઈએ.

જો બહિર્મુખતાની નિવૃત્તિ કરવી હોય તો સદાય ભગવદીયોનો સંગ કરવો જોઈએ. નિરંતર હરિ સેવા કરવી તે જ સ્વમાર્ગીય મુખ્ય ધર્મ છે. સેવા સાધન બુદ્ધિ રાખ્યા વગર મન ઈન્દ્રીય સર્વેને પ્રભુમાં લગાડીને શુદ્ધબુદ્ધિથી કરવી જોઈએ.

બ્રહ્મસંબંધ અથવા આત્મનિવેદન કરીને સદાય તેમનું સ્મરણ કરતું રહેવું જોઈએ. વારંવાર સ્મરણ કરવાથી પ્રભુ હૃદયમાં જલદી પ્રગટ થાય છે અને બહિર્મુખતાની નિવૃત્તિ થાય છે.

શ્રીસુબોધિનીજી અનુસાર શ્રીભાગવતનો ભાવાર્થ સદાય શ્રવણ કરવો જોઈએ. પ્રભુમાં દઢ આશ્રય રાખીને શ્રવણ અને કીર્તન કરવાથી બહિર્મુખતાની નિવૃત્તિ થાય છે.

પરીક્ષા માટે પ્રશ્નો :

૧. બહિર્મુખતા શું છે ?

૨. બહિર્મુખતા દૂર થાય તેના માટે ઉપાય શું છે ?

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગોં. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

ભગવત્સેવામાં ઉપયોગી તન–મનની શુદ્ધિ–પવિત્રતા માટેનો બીજો મુખ્ય આચાર અસ્પર્શ (અપરસ)

લેખક : શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી

શરીરની શુદ્ધિ–પવિત્રતા દૃષ્ટિએ સ્નાનનો ભારતીય ધાર્મિક–સંસ્કૃતિમાં સ્વાભાવિક આચાર છે. સ્વાસ્થ્ય તો તેમાં ગૌણ રીતે ઘસડાતું આવે છે. તેમાં પણ અનેકવિધ ઉદ્દેશોથી અનેકવિધ સ્નાન–પ્રકાર છે. આશૌચ સ્નાન, તીર્થ સ્નાન, હેમાદ્રિ સ્નાન વગેરે. તે બધા સ્નાન તો દેહશુદ્ધિ માટે કે લૌકિક–પારલૌકિક ફલના લાભ માટેના છે.

પુષ્ટિભક્તિમાર્ગમાં સ્નાન પણ ભગવત્સમર્પિત થાય છે, ભગવાનની સેવા માટે સ્નાન કરવામાં આવે છે, તેથી તેમાં પ્રસાદી જલ નથી વપરાતું ! સ્નાન જ પ્રભુ માટે સમર્પિત હોવાથી તેમાં દોષ નથી.

પુષ્ટિભક્તોનું તો જીવન પણ કૃષ્ણ સમર્પિત જ હોય, સઘળો જીવન વ્યવહાર પણ તે તો પ્રભુ સેવા બુદ્ધિથી પ્રભુ પ્રસન્નતા માટે જ કરતા હોય. કૃષ્ણ સેવાના ઉદ્દેશથી થતું સ્નાન ‘અસ્પર્શ’ કહેવાય છે. અપભ્રંશ છે ‘અપરસ’ ! તેથી સાચી સમજ ન હોવાથી, લોકપ્રાયઃ તેનાથી ડરીને ડગીને સેવાથી દૂર ભાગે છે ! બીજે ન અડકવું તેટલું જ અસ્પર્શનું કાર્ય સમજીને, તે ન પળાય તેમ વહેમથી પીડાય છે ! નાના મોટા સૌને મુંઝવી મૂકતી લાગે છે આ અપરસ !

પરંતુ તેનો સાચો અર્થ સમજીએ તો, આ અસ્પર્શ આવકાર્ય અને આદરણીય થશે. લોકોને ન અડકવાના ઉદ્દેશથી તો અસ્પર્શ કરવામાં આવતી નથી, પણ કૃષ્ણને અડકવા માટે કરવામાં આવે છે. ‘અ’–કૃષ્ણ, ‘સ્પર્શ’–અડકવું તે. જે પવિત્ર સ્થિતિમાં સદાનંદ–પ્રિય કૃષ્ણને અડકવાનો લાભ મળે તે ‘અસ્પર્શ’ ! પછી તેમાં સ્વાભાવિક થઈ જાય છે,–લોકોનો કે અપવિત્રતાનો કે ભગવત્સંબંધ રહિતનો, ‘અ’–નહીં, ‘સ્પર્શ’ લોકો–વગેરેનો સ્પર્શ નહીં; ભગવાન શ્રીકૃષ્ણનો સ્પર્શ જે પવિત્રતાથી પ્રાપ્ત થાય,–તે ‘અસ્પર્શ’ છે. અકળાવતી–મુંઝવતી અસ્પર્શ, આમ સાચી રીતે સમજાતાં તો આનંદ–ઉત્સાહ–મધુરતા દેતી થઈ જાય. જરૂર છે, ખોટા દૃષ્ટિકોણથી ઘેરાઈ જવાને બદલે, સાચા દૃષ્ટિકોણથી સમજીને યથાર્થ આચરણની !

‘અસ્પર્શ’ જ વિચારીએ તો, ‘અપ–પરિવર્જને’થી ત્યજાઈ ગયો છે, છૂટી ગયો છે, લૌકિક વિષયરસ જેમાંથી તે ‘અપરસ’ ! તનની અપરસ આમ સ્નાનથી થાય, મનની અપરસ ભગવદ્રસ–રત રહેવાથી થાય. તન જેમ બાહ્યસ્પર્શથી છુવાય, તેમ મન પણ લૌકિક આવેશોથી કામ–ક્રોધથી છુવાય; તન–મન ભગવત્સંબંધ વગરના બને તો અપરસ છુવાય. તન–મન ભગવત્સંબંધને યોગ્ય બને તે ‘અસ્પર્શ’ છે– ‘અપરસ’ છે.

[‘પુષ્ટિ–પુલિન’માંથી સાભાર]

સત્સંગ-મંડળ

લેખક : ગો.વા.પ.ભ.શ્રીમગનભાઈ તન્ના, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

કનુભાઈનું મૂળ વતન યદુપુર હતું. જે વ્રજપુરથી બહુ નજીક હતું. ત્યાં તેનો નાનો ભાઈ અને તેના માતાપિતા રહેતા હતા. અવારનવાર કનુભાઈ યદુપુર આવતા અને પોતાના વેપાર ધંધા ઉપરાંત વ્રજપુરમાં ચાલતી પુષ્ટિમાર્ગીય પ્રવૃત્તિઓ વિશે ચર્ચાઓ કરતા, તેથી તેમના માતા–પિતા અવર્ણનીય આનંદ પામતા.

હવે નંદલાલભાઈને થયું કે, કનુ સારું કમાય છે અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સારો રસ લે છે. તેમને પુષ્ટિપ્રવૃત્તિઓ અને પુષ્ટિ જીવન અત્યંત ગમે છે. તે ઉંમરલાયક પણ થયો છે તેથી તેમને યોગ્ય સંસ્કારી કન્યા મળી જાય તો સારું.

કનુભાઈના જીવનથી આસપાસના ગામોના વૈષ્ણવો સારી રીતે પરિચિત થઈ ગયા હતા. વ્રજપુરથી દશેક માઈલ દૂર લખમગઢ નામે નાનું ગામ હતું, ત્યાં તેની જ જ્ઞાતિના ઓધવજીભાઈ નામે એક મોટા વૈષ્ણવ વેપારી હતા, તેમને ઈંદિરા નામની એક સંસ્કારી પુત્રી હતી. ઓધવજીભાઈ પણ પોતાની પુત્રી માટે સંસ્કારી મુરતિંયાની શોધમાં હતા. કનુભાઈની પ્રશંસા તેમણે સાંભળી હતી. તેથી તે માટે જ તેઓ નંદલાલભાઈને મળવા માટે યદુપુર આવેલા હતા. કનુભાઈ પણ તે જ દિવસે પોતાનાં માતાપિતાને મળવા યદુપુર આવેલા. ઓધવજીભાઈને તો કનુભાઈ વિશે કશુંજ પૂછવા જેવું હતું નહીં, તેથી કનુભાઈને જોતાંજ ઓધવજીભાઈએ કહ્યું, નંદલાલભાઈ, આ તમારા કનૈયાએ તો વ્રજપુરમાં સારી જમાવટ કરી છે. તેમનો પુષ્ટિ પ્રેમ ખૂબજ જાણીતો છે, કનુભાઈ જેવા દીકરા ભાગ્યશાળીને ત્યાં જ હોય. વ્રજપુરથી કનુભાઈ સાથે આવેલા કાનજીબાપા બોલી ઉઠયા: અરે, નંદલાલભાઈ, હું તો તમને અને ઓધવજીભાઈને–બંનેને સારી રીતે ઓળખું છું. તમે પુષ્ટિ પ્રેમી છો તેવા જ ઓધવજીભાઈ પણ પુષ્ટિજન છે. બંનેમાં ધર્મના ઉત્તમ સંસ્કારો છે. બંને એકજ જ્ઞાતિના છો. ઓધવજીભાઈને પણ સંસ્કારી પુત્રી છે. હું તો ઈચ્છું કે કનુભાઈ અને ઈંદિરાની જોડી થાય તો સોનામાં સુગંધ ભળ્યા જેવું ઉત્તમ કામ થાય અને તમારા મનોરથો બધા પૂરા થઈ જાય.

ઓધવજીભાઈ તો આ કાનજીબાપાનો ઓચિંતો ધડાકો સાંભળીને કાનજી બાપાની સામું જ જોઈ રહ્યા, તેમને થયું કે મારા ઠાકોરજીએ જ કાનજી બાપાનો ભેટો કરાવી દીધો છે. નંદલાલભાઈ પણ આનંદમાં આવી ગયા અને બોલ્યા કે કાનજી બાપા, તમારા મોમાં સાકર, ઓધવજીભાઈને તો હું એ ઓળખું છું, પણ તેમને ત્યાં ઉંમરલાયક પુત્રી છે, તેની મને ખબર નહોતી. ઓધવજીભાઈ સંમત હોય તો ખાઓ ગોળ ધાણા.

ઓધવજીભાઈ ને નંદલાલભાઈ બંનેએ કાનજી બાપાનો આભાર માન્યો. બપોરના પ્રસાદ માટે સંબધી વૈષ્ણવોને મહેમાનો માટે વ્યવસ્થા કરી. પ્રસાદ લેવાનો સમય થતાં પોતના કરી આસનિયાંઓ પથરાઈ ગયા. એટલે વૈષ્ણવો પંગતમાં ગોઠવાઈ ગયા. સૌ આનંદથી પ્રસાદ લઈ રહ્યા હતા, તેવામાં કાનજી બાપા બોલ્યા– હેં નંદલાલભાઈ, રસોઈ તો અમારે ત્યાં પણ થાય છે, પરંતુ આ પ્રસાદમાં જેવી મીઠાશ છે, તેવી મીઠાશ અમારી રસોઈમાં હોતી નથી. શું રાંધવા–રાંધવામાં ફેર હશે ?

એટલે નંદલાલભાઈ બોલ્યા, કાનજી બાપા શ્રીઠાકોરજીને ધરાવેલું બધું જ શ્રીઠાકોરજી પ્રેમપૂર્વક આરોગે છે, એટલે તેમાં અધરામૃત ભળે છે. તમને લાગતી મીઠાશ, શ્રીઠાકોરજીને ધરાવેલ હોવાથી અધરામૃતની છે.

આ હવે તો લગ્નની તિથિ નક્કી થઈ ગઈ, દશેક દિવસમાં તો ધામધૂમથી લગ્ન પણ પતી ગયા.

—ક્રમશઃ

પરમ ભગવદીય શ્રીપરમાનંદદાસજી

[જેમણે પોતાના કિર્તનોના આલોકમાં પરમાનંદને ગોતી કાઢયું]

– હરિનારાયણ નીમા ઉજ્જૈન

શ્રીહરિરાયજી મહારાજ આજ્ઞા કરે છે 'જે તાપાત્મક, સુંદર, સરસ, રસાત્મકરૂપથી પૃથ્વી ઉપર પ્રકટ થયા છે. એવા શ્રીમહાપ્રભુજીના સ્વરૂપનું જે અહર્નિશ ચિંતન કરે છે અને જે સદા આદરથી ગાય છે એવા ભગવદીયોનાં દાસ્ય જ દીનતાના ભાવથી પ્રતિ જન્મમાં મને પ્રાપ્ત થાય.'

શ્રીપરમાનંદદાસજી આવી કોટિના ભગવદીય હતા. દીનાનાથ, દયાલ, જગતગુરૂ, આરતિહરણ ભાવચિન્તામણિ પ્રભુ શ્રીનાથજીના સાત્વિક સખા તોકના સ્વરૂપમાં એમની ઓળખાણ છે. કન્નૌજથી આત્માનંદની ખોજમાં તેઓ તીર્થરાજ પ્રયાગ આવી ગયા અને પાવન ત્રિવેણીના તટ ઉપર રહી પ્રભુના ગુણગાન કરવા લાગ્યા.

સરસિજ સુવાસની ભાંતિ તેમની ખ્યાતિ ચારે દિશામાં ફેલાતી ગઈ. હર કોઈ તેમના કિર્તન ગાનને સાંભળવાની લાલસા રાખતા હતા. દૈવયોગથી શ્રીમહાપ્રભુજીના સેવક પ.ભ.શ્રીદેવાકપૂર (ક્ષત્રિય)ને પણ પરમાનંદદાસજીના કિર્તન સાંભળવાનું મન થયું. તેઓ

શ્રીનવનીતપ્રિયાજીની સેવામાં ખાસા જલની સેવા કરતા હતા. પૂરી સેવા થઈ ગયા પછી તેઓ જ્યારે રાત્રિના ગંગાતટ ઉપર પહોંચ્યા તો અડેલથી પ્રયાગ જાવા માટે નાવ ન મળી ત્યારે તેઓ તરીને પ્રયાગ પહોંચી ગયા. પરમાનંદ સ્વામીના આશ્રમના સૌમ્ય અને આધ્યાત્મિક વાતાવરણ તેમને બહુજ અનુકૂળ આવ્યું. આસન પાથરી એક તરફ તેઓ દત્તચિત્ત થઈ બેસી ગયા. પરમાનંદના અર્ન્તમનથી નિસૃત હરિગુણ ગાનની તરંગો પ્રત્યેક શ્રોતાઓને ઝંકૃત કરી રહી હતી. વૈષ્ણવોચિત્ત વેશભૂષા, પ્રશસ્ત કપાળ ઉપર કંકુ તિલક, ભવ્ય પ્રભામન્ડલ, શ્રોતા મંડલીમાં પોતાનું વિશિષ્ઠ સ્થાન બનાવી રહ્યું હતું. પરમાનંદદાસજીની નજર ત્યાંજ રોકાઈ ગઈ. બૃજભૂમિ ભક્તિવન— વૃંદાવનથી પ્રભુ અહીંયા પધાર્યા? તેમણે એક ટક નિહાળ્યું. શ્રીદેવાકપૂરની ગોદમાં શ્રીમહાપ્રભુજીના લાડિલા શ્રીનવનીતપ્રિયાજી બિરાજી રહ્યા છે. કવિવાણી ધન્ય થઈ ગઈ. પરમાનંદજી પોતે ચાલીને અડેલ ગયા. શ્રીનવનીતપ્રિયાજીના દર્શન કરી શ્રીમહાપ્રભુજીને દંડવત્ કર્યા. શરણમંત્ર શ્રીઠાકોરજીના સન્મુખ શ્રીવલ્લભપ્રભુએ પરમાનંદદાસજીને આપ્યો. કેવી કૃપા, કેવી આર્તિ. પરમાનંદ સ્વામી પરમાનંદદાસ થઈ ગયા. સુકૃત ફલિત થઈ ગયું. શ્રીગોવર્ધનધરની કિર્તન સેવા આગળ ચાલીને તેમને મળી.

શ્રીમહાપ્રભુજીનું શરણ ગ્રહણ કરી પરમાનંદદાસજી ધન્ય થઈ ગયા. તેમનું અંગ્રાકિત પદ મનનીય છે.

મૈં શ્રીવલ્લભ રતન
જતન કરિ પાયો ।
બહ્યો જાત મોહિરાખ લિયો હૈ
પિય સંગ હાથ ગહાયો
દુસંગ, સંગ સબ દૂર કિયે હૈં
ચરણન સીસ નવાયો
પરમાનંદદાસ કો ઠાકુર
નૈનન પ્રકટ દિખાયો.

પરમાનંદદાસજી ગુરૂ અને ગોવિંદને એકજ માનતા હતા. હકીકતમાં ગુરૂ સ્વયં પ્રભુ છે. માર્ગ નહીં પરંતુ મજલ છે. પુષ્પ પણ છે અને પુષ્પસાર પણ, સૂર્ય છે અને પ્રકાશ પણ, ચંદ્રમા છે અને તેની ચંદ્રિકા પણ. એવો તેમનો દૃઢ મત હતો.

'પરમાનંદદાસકો ઠાકુર જે વલ્લભ તે સુંદર શ્યામ'

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

દાસીના સુતનાં સૌ પિતા, રાણી સુતનો એક જ રાય;
ભક્તિ અંશ શ્રીકૃષ્ણ જ સેવે ને માયીક સર્વને ધાય
ધાયે તોયે કરે સહાય ન કોય, કામ પડે ત્યારે અંતે રોય
આવાગમનમાં સદા અથડાય, કો કાળે હરિ વિનાં ગત્ય ન થાય
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૩)

વિવેચન : અત્રે તત્વ બતાવે છે કે કોઈ પણ કાળે પ્રભુ સિવાય ગતિ નથી. જેમ કે દાસી પુત્રનાં પિતા કોણ? એટલે ઘણાંય છે. પરંતુ રાજાની રાણી તેનાં પુત્રનો તો તેનાં પિતા જ રાજા છે. મતલબ કે રાણીપુત્ર તે રાજાનો પુત્ર કહેવરાવશે પરંતુ દાસી પુત્રનો પિતા કોણ ?

પ્રભુનો ભક્ત પ્રભુને જ ભજે છે. જેથી ભક્તિ તેની માતા અને પ્રભુ તેમના પિતા થયા. પરંતુ માયાને આધારે જીવન જીવવાવાળા અનેક જગોપર ભટકશે. તે કોને મુખ્ય કરી માનશે તેને તો કોઈ નિશ્ચિત મન કર્યું ન હોવાથી અસ્થિરતામાં દાસી પુત્રની જેમ જ જીવન પુરૂં કરવાનું છે. તેનું ફળ પણ કર્મના આધારે આવાગમન જ છે.

ભક્તિ સુંદરી છે. માયા દાસી છે. ભક્તને જ્યારે ટાણું આવશે ત્યારે પ્રભુ તેની સહાય કરવા આવશે. જેમ કે રાજાના દિકરાની સહાય તેનો પિતા કરવા દોડે છે. પરંતુ દાસીપુત્ર તે માયાનો દિકરો, જેને પિતા જ નિશ્ચિત નથી, તેની સહાય કરવા કોણ દોડીને આવશે?

સારમાં–અનન્ય ભક્તિ કરવાવાળાને તો પ્રભુ સર્વ જગો સહાયક રહે છે. પરંતુ દાસી પુત્રની માફક દરદર ભટકવાવાળાની સહાય કોણ કરશે? જીવનમાં સ્થિરતા પકડી નથી, અનેક દેવદેવિયોને પોતાનાં સ્વાર્થની ખાતર મનાવવા કોશીષ કરી છે, પણ જેનો કોઈ નિશ્ચિત આશ્રય નથી, તેની સહાય કરવા કોઈ તૈયાર નહીં થાય. કેમકે કોઈ નથી માનતા કે આ જીવ મારો છે. આમ આ જીવની હાલત એક આશ્રય ન હોવાથી દાસી પુત્ર જેવી થાય છે. તેને દુઃખના સમયમાં કોઈ સાંભળવાવાળું મળતું નથી, તેથી તે રૂદન કરે છે. આમ પિતાની જાણ ન હોવાથી બને છે. હવે રાણી પુત્રનું જોઈએ.

ગીતા વાક્ય અ.૯ શ્લોક ૨૨–૨૩–૨૪

અનન્યાશ્ચિતવન્તોમાં યે જનાઃ પર્યુપાસતે
તેષાં નિત્યાભિયુક્તાનાં યોગ ક્ષેમં વહામ્યહમ્

જેઓ અનન્ય ભાવે મારું ચિંતન કરતા, મને નિષ્કામ ભાવે ઉપાસે છે, તેઓ નિત્ય મારામાં જોડાયેલા યોગને લઈને તેને જે વસ્તુ પ્રાપ્ત ન થાય તેવી હોય, તે પણ મેળવી શકે છે. કારણ કે તેનાં યોગને ક્ષેમ

બંનેની પ્રાપ્તિ કરવાનો બોજ હું જ ઉઠાવું છું.

હે કુંતીપુત્ર ! જે ભક્તો શ્રદ્ધાથી યુક્ત થઈ, બીજા દેવતાઓને પૂજે છે, તેઓ પણ અવિધિપૂર્વક મને જ પૂજે છે કારણ કે સર્વ યજ્ઞોનાં ભોક્તા અને પ્રભુ હું જ છું. એમ જેઓ સત્ય સ્વરૂપે મને જાણતા નથી, આથી તેઓ બીજાને ઉપાસીને સંસારમાં પડે છે, તેનું આવાગમન ચાલુ જ રહે છે.

ગીતા અ.૧૦ શ્લોક ૯–૧૦–૧૧

મચ્ચિત્તા મદ્‌ગતપ્રાણા બોધયન્તઃ પરસ્પરમ્
કથયન્તશ્ચમાં નિત્યં તુષ્યન્તિ ચ રમન્તિ ચ

જેઓ મારામાં ચિત્તવાળા, મારામાં પ્રાણવાળા, પરસ્પર બોધ કરતા અને મારી કથા કરતા, સદા સંતોષ પામે છે તથા આનંદથી રહે છે, તે મારા ભક્તો મારામાં સતત યુક્ત રહેનારા પ્રેમપૂર્વક મનેજ પામે છે. તેનાં ઉપર કૃપા કરવા તેના અંતઃકરણમાં રહેલો હું જ્ઞાનમય પ્રકાશરૂપી દીવા વડે અજ્ઞાનરૂપી અંધારાનો નાશ કરું છું. ભક્તિ અંશ શ્રીકૃષ્ણને સેવે–

હું સેવું ગીરધરન છબીલો શ્રીમોહનલાલ રંગીલો શ્યામ
ઓર અનેક અવતાર ધરેહે તીનસો મેરો નાહીન કછુ કામ

ઉપર મુજબ ભક્તિપુત્રતો મનમોહન યશોદાત્સંગ લાલીતને જ સેવે છે. પ્રભુનાં બીજા અંશકળા અવતારો પણ થયા છે, પરંતુ ભક્તને તો એકમાંજ પ્રિતિ છે, તેથી બીજું જાણવાનું રહેતું નથી.

ઓર કોઉ સમજો સો સમજે, હમકું ઈતની સમજ ભલી. ઠાકુર નંદકિશોર, હમારે ઠકુરાની વૃષભાન લલી, બીજા બધા ભલે ગમે તે સમજે, જેવી સૌની મતિ. અમારા માટે તો નંદકુમાર અમારો ઠાકુર છે અને ઠકુરાની વૃષભાન કુમારી છે. આનાથી વિશેષ સમજની જરૂર નથી. આ શબ્દો પુષ્ટિ સૃષ્ટિના છે, કેમ કે પુષ્ટિ સૃષ્ટિ પ્રભુનાં શ્રીઅંગથી જ પ્રગટી છે. તેથી ભક્તિ અંશ તે તો શ્રીકૃષ્ણને જ સેવે. પ્રભુ સમર્થ છે, જેથી કામ પડે ત્યારે બીજાની સહાય લેવાની જરૂર જ નથી પડતી. તેમજ આવાગમનની પણ ચિંતા રહેની નથી. કૃષ્ણ એવ ગતિર્મમઃ સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૯૩

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૧૦૨. મન અચલ રાખવું

આ જીવને અભિમાન ને વળી અહંકાર ન હોય ને દીનતા આવે ત્યારે પ્રભુ પ્રસન્ન થાય. વળી અચળ બુદ્ધિ થાય. ગમે તેટલું દુઃખ પડે, ગમે તેટલા રોગ થાય, ભૂખે મરાય પણ પ્રભુજી વહાલા લાગે. ભગવદીય પણ વહાલા લાગે. વાણીને વશ રાખે, કાંઈ બોલે નહીં. બોલવાથી સામાને દુઃખ થાય. વળી મનને અચલ રાખવું, મનને ચળાવવું નહીં, એટલાં વાનાં આવે, ત્યારે પ્રસન્ન પ્રભુજી થાય. ૧૦૨

કપિલગીતા-૨ અર્થાત્ શ્રીભગવાનનો કપિલાવતાર

લેખક : જેઠાલાલ છો. શાહ "ઊર્મિલ"

શરીરનું સઘળું હલનચલન ભગવાનની સેવા અર્થે વાણી દ્વારા ભગવાનનાં ગુણોનું કથન, મનનું સમર્પણ અને કામનાઓનો ત્યાગ આ ધર્મો દ્વારા આત્મનિવેદન કરનાર જીવાત્માના હૃદયમાં ભક્તિનો ઉદય થાય છે. અને પછી તેને માટે પ્રાપ્ત કરવાનું કશું જ બાકી રહેતું નથી. ભક્તિ તો સ્વતંત્ર છે. જ્ઞાન અને વૈરાગ્ય ભક્તિ દ્વારા જ શક્ય છે. પરમાત્માનું ચિંતન દૃઢ થયા પછી એ જ્ઞાન અને વૈરાગ્યને શોધવા નહીં જવું પડે. હે માતા ! હવે હું તમને પરબ્રહ્મ પરમાત્માના અદ્‌ભુત પ્રભાવ સંપન્ન જગત સંબંધી પદાર્થોની વિચિત્રતાના કારણ સ્વરૂપ વિશેષ જેને કાલ કહે છે તેનું સ્વરૂપ સમજાવું. પ્રકૃતિ અને પુરૂષના નિયામક એ કાલ ભગવાન જ છે. એજ સર્વનો આધાર છે. સર્વ કાલને અધીન છે. મહતત્વ આદિના અભિમાની ભેદદર્શી પ્રાણી માત્ર માટે કાલ ભયરૂપ છે. જે બહિર્મુખ થાય છે તેને કાલ ભગવાન શાસન કરનાર બ્રહ્મા આદિના પણ પ્રભુ એવા એ કાલ ભગવાન જ યજ્ઞોનું ફલ પ્રદાન કરનાર ભગવાન વિષ્ણુ છે. એ કાલ ભગવાનને કોઈ શત્રુ નથી, કોઈ મિત્ર નથી. એમના ભયથી પવન વાય છે, સૂર્ય તપે છે, તારાઓ પ્રકાશે છે, અગ્નિ પ્રજળે છે, નદીઓ વહે છે, સમુદ્ર સીમાબદ્ધ બની રહે છે. એ ભગવાનથી જ ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે. એ અનંત છે, અનાદિ છે છતાં સર્વના આદિ કર્તા છે, અવિનાશી છે. જીવાત્માઓ કાલના પાશને અધીન છે. પરમાત્માને ભૂલી જાય છે તેમને કાલ ભગવાન વારંવાર જન્મમરણની ઘટમાળમાં ફેરવ્યા કરે છે. સ્વયં કાર્ય કરે છે, પણ વિકારરહિત છે. એ પિતાથી પુત્રની ઉત્પત્તિ કરે છે. એ રીતે સમસ્ત જગતની રચના કરે છે અને પોતાની સંહાર શક્તિથી સૌને નષ્ટ પણ કરે છે. આવા કાલ ભગવાનના માહાત્મ્યને જે જાણે છે તેને જ સાચું વૈરાગ્ય પ્રાપ્ત થાય છે.

એ પછી કપિલ ભગવાન કાલના માહાત્મ્યથી અજ્ઞાન એવા સંસારી ગૃહસ્થાશ્રમી જીવાત્માને જન્મથી લઈને પુનર્જન્મ પર્યંત જે જે મહાન દુઃખો આ લોકમાં તેમ પરલોકમાં ભોગવવાં પડે છે તેનું વર્ણન કરે છે. મોહવશ દુષ્ટબુદ્ધિ એવો એ જીવાત્મા નશ્વર દેહનાં સંબંધી એવા પુત્ર પૌત્ર આદિ સહિત ઘર, જમીન, જોરુ અને ધનને જ પોતાનું સર્વસ્વ માને છે. એ સૌના પાલનપોષણની ચિંતાથી તે મૂઢ અનેક પ્રકારનાં પાપોનું આચરણ કરે છે. ધનસંચય કરવામાં તે ભયંકર હિંસા આચરતા પણ પાછો પડતો નથી. કુટુંબના ભરણપોષણ માટે જ્યારે તે અશક્ત બની રહે છે ત્યારે સર્વ કુટુંબીજનો, ખેડૂત વૃદ્ધ બળદની જેમ ઉપેક્ષા કરે તેમ, તેની ઉપેક્ષા કરે છે. તેને સુખે ખાવાપીવા દેતાં નથી. અન્ય તો ઠીક, પણ તેની પત્ની પણ તેનો આદર કરતી નથી. આમ છતાં એ પાપી જીવને વૈરાગ્ય ઉપજતું નથી, વૃદ્ધાવસ્થાને કારણે તેનું રૂપ વિકૃત

બની રહે છે અને મરણોન્મુખ એવો તે પથારી સેવે છે. એનું શરીર રોગગ્રસ્ત થઈ જાય છે. અગ્નિ મંદ પડી જવાથી તેનાથી ખવાતું નથી. સ્ત્રીપુત્રાદિ દ્વારા અપમાનપૂર્વક અપાતા અન્નના ટુકડા તે ખાય છે. અનેક પ્રકારના દુઃખો સહન કરી અંતે તે મૃત્યુ પામે છે. એ પછી એનાં કર્મો અનુસાર યમદૂતો તેને અસહ્ય પીડા આપે છે. તામિસ્ર અન્ધતામિસ્ર, રૌરવ આદિ અઠ્ઠાવીસ પ્રકારની યાતનાઓ તેને કર્માનુસાર ભોગવવી પડે છે. આ પ્રકારની યાતનાઓ અનુક્રમે ભોગવીને, જીવાત્મા શુદ્ધ બનીને ફરી મનુષ્યના અવતાર માટે આવે છે. માતાના ગર્ભમાં ક્રમશઃ વૃદ્ધિ પામતો એ જીવાત્મા સાત માસનો થાય છે ત્યારે તેનામાં જ્ઞાનનો ઉદય થાય છે. પ્રસૂતિવાયુથી તે માતાના ઉદરમાં ચલાયમાન પણ થાય છે અને પછી પોતાના છૂટકારા માટે ભગવાનની સ્તુતિ કરે છે, પરંતુ જન્મ્યા પછી વળી પાછો તે ભગવાનને ભૂલી જાય છે અને વારંવાર જન્મમરણની ઘટમાળમાં અટવાયા કરે છે. કર્મના ફળ અનુભવીને ફરી જન્મેલો જીવાત્મા જુવાન સમજણો થતાં સદ્‌બુદ્ધિને બદલે કુબુદ્ધિ તરફ જ વળે છે અને સંસારમાં હું અને મારું એ અવિદ્યાથી અજ્ઞાનમાં ફસાઈ સારાસારનો વિચાર કર્યા વિના વળી પાછો મિથ્યા બુદ્ધિ કરે છે અને પૂર્વવત્ બની નરકમાં જાય છે. એવા દુષ્ટોના સંગથી સત્ય, પવિત્રતા, દયા, મૌન, પરમ પુરૂષાર્થ, બુદ્ધિ, લક્ષ્મી, શરમ, કીર્તિ, ક્ષમા, બાહ્યેન્દ્રિય નિગ્રહરૂપ શમ, મનોનિગ્રહરૂપ દમ અને ઉન્નતિ એ સર્વ નષ્ટ બની રહે છે. મુમુક્ષુઓએ એવા દુષ્ટોથી દૂર રહેવું. સતી સ્ત્રીઓ સિવાયની સ્ત્રીઓથી બચવા તો બ્રહ્માથી લઈને ઋષિમુનિઓ પણ મોહિત થયા છે. દેવ મનુષ્યાદિમાં એક માત્ર નારાયણ જ એવા છે, જે ભક્તોથી મોહિત થાય, પણ કોઈપણ સ્ત્રીથી તો મોહિત ન જ થાય. એવા એ નારાયણની પ્રાપ્તિ માટેના મુમુક્ષુઓએ ધીરજથી રહીને મૃત્યુનો ભય ન રાખવો અને જીવવા માટે હીનતા ન કરવી. જીવે તો નિત્ય જ્ઞાનસર્વરૂપ છે એવી પ્રતીતિ સાથે આ જગતમાં વિચરવું જોઈએ. યોગ અને વૈરાગ્ય ધારણ કરનારી બુદ્ધિ વડે જીવકૃત સંસાર ઉપરની આસક્તિ છોડી નિર્લેપ ભાવે વિચરવું જોઈએ.

એ પછી શ્રીકપિલ ભગવાને સાત્ત્વિક ધર્મો પડે ઊર્ધ્વ ગતિ અને તત્ત્વજ્ઞાનરહિત મનુષ્યનું ફરી સંસારમાં આવવું એનું નિરૂપણ કરતાં કહે છે કે કામ્ય કર્મો કરનારા મનુષ્યો ભગવાનની ભક્તિરૂપ ધર્મથી વિમુખ રહે છે, વળી શ્રદ્ધાથી યુક્ત થઈને યજ્ઞો દ્વારા પ્રાકૃત દેવો અને પિતૃઓને પૂજે છે ને છેવટે ચંદ્રલોકમાં જાય છે. એની સાથે સોમપાન કરે છે, પણ પુણ્ય ક્ષીણ બની રહેતાં ફરી આ મનુષ્યલોકમાં પાછો આવે છે, પરંતુ ભગવત્કર્મોનું જે આચરણ કરે છે, મમતારહિત અને અહંકારશૂન્ય પુરૂષ ધર્મપાલનરૂપ સત્ત્વ ગુણ દ્વારા જે સર્વથા શુદ્ધચિત્ત બની રહે છે તે અંતમાં સૂર્યમાર્ગ દ્વારા સર્વવ્યાપી પૂર્ણ પુરૂષ શ્રીહરિને પ્રાપ્ત થાય છે અને બ્રહ્માના પ્રલયપર્યંત એમના સત્યલોકમાં નિવસે છે તથા અક્ષરાત્મક પુરૂષને પ્રાપ્ત કરે છે.

—ક્રમશઃ

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર - પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદ્દાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે પોતાનો નિશ્ચય બતાવે છે–

સ્વયં ફલરૂપતા ઈતિ બ્રહ્મકુમારાઃ ॥ ૩૦ ॥

૩૦. બ્રહ્મકુમારોના (સનતકુમારાદિ અને નારદના) મત મુજબ ભક્તિ સ્વયં ફલરૂપા છે. તેથી આ ભક્તિ જ સાધન છે અને ભક્તિ જ સાધ્ય છે. મૂળ પણ એ અને ફળ પણ એ. ભક્તગણ ભક્તિ માટેજ ભક્તિ કરે છે, કારણ કે ભક્તિ પોતે ફલરૂપ છે. તે ન કોઈ સાધનથી મળે છે અને ન કોઈ તેનાથી શ્રેષ્ઠ વસ્તુ છે. જેને મેળવવાનું તે સાધન હોય.

સો સ્વતંત્ર અવલંબ ન આના, તેહિ આધીન ગ્યાન વિગ્યાના.૩૦

ભાષ્યાર્થ : જ્ઞાનથી જોઈએ તો ભક્તિનો ઉદય થાઓ કે જ્ઞાન ભક્તિની પરસ્પર સાપેક્ષતા હો, પણ છેવટે તો એકલી ભક્તિ જ રહે છે, કેમકે તે જ છેવટની ગતિ છે. સરિતાઓનું જેમ સમુદ્ર, તેમ કર્મ–યોગ જ્ઞાનનું પરાયણ–ફલ તો નિર્હેતુક ભક્તિ જ છે.

આથી તેની વસ્તુતઃ ફલરૂપતા છે. અર્થાત્ આશય એ છે કે વચ્ચે જ્ઞાન વિગેરેની સહાય હોય પણ પરિણામે તો ભક્તિ જ વિરાજે છે. ૩૦

ભક્તિની ફલરૂપતામાં દષ્ટાતં બતાવે છે કે–

રાજગૃહ ભોજનાદિષુ તથૈવ દષ્ટત્વાત્ ॥ ૩૧ ॥

૩૧. રાજગૃહ અને ભોજનાદિમાં આવું જ જોવામાં આવે છે.

આ પહેલા કહેવાયેલ ભક્તિની ફલરૂપતાને સમજવા માટે ઉદાહરણ છે. ૩૧

ભાષ્યાર્થ : ભક્તિની ફલરૂપતામાં રાજાનો મહેલ તથા ભોજનનું દષ્ટાંત છે. જેમ કોઈ રાજા 'આ પ્રાસાદ ભવ્ય, સુંદર, પ્રશસ્ત રહેવાલાયક છે' ઈત્યાદિ મહેલને લગતું વિશેષજ્ઞાન મેળવે અગર તો જેમ કોઈ ભોજન જોઈને 'આ સરસ, હૃદયંગમ અને સ્વાદિષ્ટ ભોજન છે' એમ જાણે તેથી તે રાજાનું કે તે મનુષ્યનું પ્રયોજન તૃપ્ત થતું નથી.

પ્રયોજન તો પ્રાસાદમાં રહેવાથી અને ભોજનને જમવાથી સિદ્ધ થાય છે. એજ મુજબ અનુભવશૂન્ય કેવળ કોરા જ્ઞાનથી પ્રયોજનની પૂર્તિ નથી. વિદ્વાનો તો અનુભવમાં અવતરતી વિદ્યાને વિદ્યા તરીકે ગણે છે અને અનુભવ એ ભક્તિથી ભિન્ન નથી. આથી ભક્તિની ફલરૂપતા છે એમ નિશ્ચય જાણવો. ૩૧

શ્રીયમુનાજીના પદ (પદ-૯૩)

રચયિતા–મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક– 'માધુરી' રાજકોટ

દૈવી જન યે શરણ તિહારે;
વિધિ પ્રપંચ તે મુકરિ બસાયે, શ્રીયમુના જલરેણુ સહારે. ૧
પરમાધીન વિરદ છાયાતર, અગ્નિજ વાસ દયો;
ભક્તિ છાપ શિર છાપિ વચન દે, દઢ સંબંધ ભયો. ૨
તાહૂપે યે દશા હમારી, તુમ્હેં વિદિત સબ બાતેં;
સિંહ ભાગ કોં સ્યાર લેત હૈ, વિનય કરતો હોં તાતે. ૩
સો કરુણા બિસારિ કંહ દીની જો શ્રુતિ વિદિત બડાઈ;
'વલ્લભ' દાસિ ભવજ ભય વ્યાકુલ, ચરન આસરેં આઈ. ૪

ભાવાર્થ : આ પદમાં કવિશ્રી વ્યાકુલ બનીને આર્તનાદ કરે છે. દૈવી જીવ આપની શરણે આવેલછે તેને વિધિ નિષેધ કાંઈ બાધા કરવા સમર્થ નથી. દૈવી જીવોને તો આપના જળની રેતીમાં વાસ કરાવ્યો છે. આપના બિરદને જાણીને શ્રીમહાપ્રભુજી આપના તટ પર બિરાજમાન રહી બ્રહ્મસંબંધ આપી ભક્તિરૂપી છાપ ધરી છે. વળી તેજ વખત વચન આપ્યું છે કે જે જીવને તમે શરણે લેશો તેને કદી નહીં છોડું. તે વખતે સાક્ષીરૂપ આપ જ હતા.

પુષ્ટિજીવ શરણાગતની આવી દશા અમારી થઈ છે તે વસ્તુ સર્વ આપ જાણો છો. કલિકાલ તેનો ધર્મ બતાવે છે તે શિયાળરૂપ છે, પરંતુ આપ તો સિંહરૂપ હોઈ તેની શું તાકાત કે સિંહનો ભાગ શિયાળ લઈ શકે, માટે જ હું વારંવાર વિનંતી કરું છું.

વેદ શ્રુતિઓ આપના યશોગાન કરીને કહે છે તેમજ ભક્તો પણ કહે છે કે 'તુમ સમ ઓર ન કોઈ શ્રીયમુનાજી' 'વિનતી કરત તુરત સુન લીની'–આ વાક્યાનુસાર ક્યારનો વિનંતી કરું છું કે મારી પણ વિનંતી સાંભળો. આ આપની વલ્લભ દાસી સંસારના ભયથી વ્યાકુલ બનીને આપના આશ્રયે આવી છે.

નોંધ : આ પદનો ભાવાર્થ સમજતાં એવું તાદશ્ય થાય છે કે દાસી વલ્લભી છાપ તે પૂર્વ લીલામાં દાસી હોય અને કોઈ કારણસર સંસારમાં આવવાનું બન્યું હોય મૂળ સ્વરૂપનું જ્યારે જ્યારે ધ્યાન આવે છે ત્યારે ત્યારે તે પદમાં દાસી છાપ આવે છે. મૂળ લીલાથી સંસારમાં આવીને ક્યાંક હું આ કલિકાલનાં ધર્મમાં લોપાયમાન થઈ જાઉં, આ ભયથી વારંવાર શરણાગતિની વિનતી કરે છે. ૯૫

કાવ્ય–કુંજ

પુષ્ટિમાર્ગ

ગો.શ્રીગોકુલેશબાવા (જૂનાગઢ)

રસિકતા જ્યાં ક્ષણક્ષણમાં સમાયેલી છે !
કલ્યાણકારી ભાવના કણકણમાં સમાયેલી છે !
પરમ પ્રેમની પ્રકૃતિ જ્યાં મનમનમાં સમાયેલી છે !
એવા અલૌકિક,
સર્વમંગલકારી,
રસમય,
પુષ્ટિમાર્ગની સદા જય હો ! ૧
જ્યાં
જપ નથી તપ નથી
યોગ નથી યાગ નથી
કષ્ટ આપનારા દુર્ગમ
કોઈ મોટા ત્યાગ નથી
છે માત્ર
સ્નેહ સભર નિષ્કામ
ભક્તિ !
એથી સાક્ષાત પ્રભુ પ્રાપ્તિ કરાવતા
પુષ્ટિમાર્ગની સદા જય હો ! ૨
જ્યાં છે
વૈરાગ્યનો વિલક્ષણ પ્રકાર
સેવાનો વિચક્ષણ પ્રકાર
બ્રહ્મભાવથી સર્વદોષ મુક્તિ
સ્મરણ કીર્તનનો સુલક્ષણ પ્રકાર
જ્યાં
વિરહાત્મક તાપાત્મક આનંદથી
ઉન્મતિ છે એવા
પુષ્ટિમાર્ગની સદા જય હો ! ૩

પુષ્ટિલોકો વિલોકો શિક્ષાશ્લોકો રે

પ્રા. એમ. આર. પાલેજા (રાજપીપળા)

૧. શિક્ષાશ્લોકો રે
પુષ્ટિલોકો વિલોકો
મા રે વિસારો.

૨. પુષ્ટિલોકો રે
વલ્લભનો વારસો
શિક્ષાશ્લોકો રે.

૩. 'શિક્ષાશ્લોકો'માં
વલ્લભ આદેશ દે
કૃષ્ણ સેવો રે.

૪. તાણી જશે રે
કાલનો પ્રવાહ રે
કૃષ્ણ ભૂલ્યા જો.

૫. શિક્ષાશ્લોકો રે
'દીવાદાંડી' રૂપ રે
રુકો, વિલોકો.

૬. શિક્ષાશ્લોકો રે
બિંદુ–નાદ સૃષ્ટિ પે
કૃપા વૃષ્ટિ રે !

૭. બિંદુ સૃષ્ટિને
શિક્ષાશ્લોકો બોધ દે
નાદસૃષ્ટિને.

૮. કૃષ્ણ સ્મરો રે
વિસ્મર્યા તે મર્યા રે
સ્મર્યા તર્યા રે.

આ માસના ઉત્સવ

પોષ વદ ૧૨ તા. ૮–૨–૨૦૦૨ શુક્રવાર : ષટ્તિલા એકાદશી વ્રત. તલની વસ્તુનો ભોગ ધરવો. દાન આપવું, પ્રસાદ લેવો. (આ એકાદશી સિવાયની બધી એકાદશીઓના વ્રતમાં તલભક્ષણ વર્જિત છે) ભારતમાર્તંડ પંડિત શ્રીગટુલાલજીનો જન્મદિન (સંવત ૧૯૦૧)

મહા સુદ ૧ તા. ૧૩–૨–૨૦૦૨ બુધવાર : શ્રીબાલમુકુન્દજીનો પાટોત્સવ. શ્રીલાડુબેટીજી મંદિર–મુંબઈ.

મહા સુદ ૪ તા. ૧૬–૨–૨૦૦૨ શનિવાર : શ્રીમુકુન્દરાયજી (કાશી)નો પાટોત્સવ. મહાનુભાવ શ્રીદામોદરદાસ હરસાનીજીનો જન્મદિન (સંવત ૧૫૩૧). ગો.શ્રીકૃષ્ણકુમારજી મહારાજ (મથુરા–વડોદરા)નો તથા ગો.ચિ.શ્રીયોગેશકુમારજી (કામવન–ગોકુલ–પાર્લા)નો જન્મદિન.

મહા સુદ ૫ તા. ૧૭–૨–૨૦૦૨ રવિવાર : વસંતપંચમી. શ્રીમદનમોહનજી (શેઠ પુરૂષોત્તમદાસ કાશીવાળા ઉપર બિરાજતા) પોરબંદરનો પાટોત્સવ.

મહા સુદ ૬ તા. ૧૮–૨–૨૦૦૨ સોમવાર : શ્રીયશોદાજીનો જન્મદિન. ગો.શ્રીરાજકુમારજી (અનિરુદ્ધલાલજી) મહારાજ (મુંબઈ)નો તથા ગો.ચિ.શ્રીઘનશ્યામલાલજી બાવાશ્રી (મુંબઈ–મુલુંડ)નો જન્મદિન.

મહા સુદ ૮ તા. ૨૦–૨–૨૦૦૨ બુધવાર : ગો.શ્રીમાધવરાયજી મહારાજ (વેરાવળ)નો જન્મદિન.

મહા સુદ ૧૨ તા. ૨૪–૨–૨૦૦૨ રવિવાર : જયા એકાદશી વ્રત. શ્રીલાડીલેશજી (વેરાવળ)નો પાટોત્સવ.

મહા સુદ ૧૩ તા. ૨૫–૨–૨૦૦૨ સોમવાર : ગો.શ્રીઘનશ્યામલાલજી મહારાજ (કામવન)નો જન્મદિન.

મહા સુદ ૧૫ તા. ૨૭–૨–૨૦૦૨ બુધવાર : હોળીદંડારોપણ દિન. ધમારનો પ્રારંભ. પૂર્ણિમા. માઘ સ્નાન સમાપ્તિ.

મહા વદ ૨ તા. ૧–૩–૨૦૦૨ શુક્રવાર : ગો.શ્રીવિઠ્ઠલેશરાયજી મહારાજ (ચાંપાસેની–જૂનાગઢ)નો જન્મદિન. (ત્રીજનો ક્ષય હોવાથી આજે)

મહા વદ ૪ તા. ૨–૩–૨૦૦૨ શનિવાર : ગો.શ્રીનૃત્યગોપાલજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

મહા વદ ૫ તા. ૩–૩–૨૦૦૨ રવિવાર : શ્રીરણછોડરાયજી (ડાકોર)નો પાટોત્સવ. ગો.શ્રીકલ્યાણરાયજી મહારાજ (સુરત)નો તથા ગો.ચિ.અભિષેકજી બાવાશ્રી (મથુરા–પોરબંદર–રાજકોટ)નો જન્મદિન.

મહા વદ ૬ તા. ૪–૩–૨૦૦૨ સોમવાર : ગો.ચિ.શ્રીરઘુનાથજી બાવાશ્રી (મુંબઈ–મુલુંડ)નો તથા ગો.શ્રીરસિકપ્રીતમજી (વિરમગામ–અમદાવાદ)નો જન્મદિન.

મહા વદ ૭ તા. ૫–૩–૨૦૦૨ મંગળવાર : શ્રીનાથજીનો પાટોત્સવ (સતઘરા) નાથદ્વારા.

પુસ્તક પરિચય

☐ **૧. જીવનની સાર્થકતા :** લેખક–પ.ભ.શ્રીબાબુભાઈ પી. નાયક. પ્રકાશક–ડૉ. કિરીટકુમાર બી. નાયક મહાલક્ષ્મી જનરલ હોસ્પીટલ, ૨૭–શ્રીનગર, કલોલ–૩૮૨૭૨૧ (ઉ.ગુ.) (જી.ગાંધીનગર) ફોન.૨૩૨૮૦

૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૧૬૦ બહુરંગી ટાઈટલ; સેક્સન સિલાઈ, મૂલ્ય રૂ.૧૦૦/–એકસો.

પુષ્ટિમાર્ગના મર્મજ્ઞ અને વિવેચક, સિદ્ધ હસ્ત લેખક દ્વારા લખાયેલ સુંદર ૨૭ લેખોનું સંકલન આ પુસ્તકમાં કરવામાં આવેલ છે. આ લેખો પુષ્ટિ સંપ્રદાયના વિવિધ પ્રકાશનો જેવા કે વૈષ્ણવ પરિવાર, શ્રીવલ્લભસુધા, વૈષ્ણવવાણી, સત્સંગ વિગેરેમાં વિવિધ સમયે પ્રકાશિત થયેલ છે.

શ્રીવલ્લભના ગૂઢ સિદ્ધાંતોને વાંચવા, સમજવા, જીવનમાં ઉતારવા આજના યુગમાં યુવાપેઢી પાસે સમય જ નથી. તેને સરળ રીતે લોકભોગ્ય શૈલીમાં અને આજની જીવનશૈલીને અનુરૂપ લેખકે સફળ રીતે રજૂ કરેલ છે. સર્વેને વાંચવા ગમે, જીવનમાં ઉતારવા ગમે તેવી રીતે સંક્ષિપ્ત રૂપે પુષ્ટિ સિદ્ધાંતોને સરલ રૂપે લખીને લેખકે સુંદર સંપ્રદાયની શબ્દ સેવા કરી છે. જે લેખક આજીવન શિક્ષક જ કરી શકે તે માટે તેમને સવિનય વંદન.

સર્વે વૈષ્ણવ પરિવારે વસાવવા, વાંચવા અને શુભપ્રસંગે ભેટ આપવા લાયક પુસ્તક.

☐ **૨. ''શ્રીગિરિરાજજીની નવકોશી પરિક્રમા''**નું ચિત્રજી જે પ્રકાશિત કરવામાં આવેલ છે તેમાં આ પરિક્રમામાં આવતા સ્થળોની ઝાંખી કરાવતા ચિત્રજીનો સમાવેશ થાય છે. સાઈઝ ૧૧''×૧૬'' ન્યોછાવર રૂ.૧૫ + પોસ્ટેજ. તેમજ ''કૃષ્ણં વંદે જગદ્‌ગુરૂમ્''નું ચિત્રજી પ્રકાશિત કરવામાં આવેલ છે. આ ચિત્રજીમાં શ્રીસ્વામિનીજી, શ્રીયમુનાજી, આચાર્ય શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી તથા શ્રીનાથજીના ચરણારવિંદની ઝાંખી કરાવવામાં આવેલ છે. (સાઈઝ ૮''×૧૦'') ન્યોછાવર રૂ.૧૦ + પોસ્ટેજ.

પ્રાપ્તિસ્થાન : ક્રિએટીવ કોમ્પ્યુગ્રાફીક્સ શ્રીનિકુંજ શાહ, ૧૩૩–વી.પી.રોડ, ત્રીજા માળે, નાથાલાલ ભુવન, મુંબઈ–૪૦૦૦૦૪.

કેસેટ પરિચય

☐ શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ : શ્રીબાલકૃષ્ણલાલજી હવેલી–રાજકોટ દ્વારા સં.૨૦૫૮ કા.શુ.૫ (લાભપાંચમ) તા.૨૦–૧૧–૨૦૦૧ નાં રોજ શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ. વિદ્વાન શાસ્ત્રીજી ગ્વાલીયરવાળા શ્રીસતીશ શર્માજીની રસમય શૈલી–વાણીનો પ્રતિદિન વૈષ્ણવોએ શ્રીમદ્ ભાગવત સપ્તાહનો રસાસ્વાદ માણ્યો. આ અલૌકિક આનંદ સંભારણું બની રહેશે. આ સંભારણું સાચવવા અને રસાસ્વાદ પુનઃ પુનઃ માણી શકાય તે માટે કેસેટ–ઓડીયો–સી.ડી. વીડીયો તૈયાર કરવામાં આવેલ છે. હાલ ઓડીયો કેસેટ ઉપલબ્ધ છે. જે નીચે જણાવેલ સ્થળેથી પ્રાપ્ત થશે.

ઓડીયો કેસેટ સેટ (૨૮), ન્યોછાવર રૂ.૫૫૦/–

પ્રાપ્તિસ્થાન : શ્રીબાલકૃષ્ણલાલજી પુસ્તક ભંડાર શ્રીબાલકૃષ્ણલાલજીની હવેલી,
દરબારગઢ, રાજકોટ–૩૬૦૦૦૧.
સમય : સાંજના ૬ થી ૮

સમાચાર

☐ **જૂનાગઢ : શ્રીવિરાય સોમયજ્ઞ મહોત્સવ :** તા. ૧૪–૧૨–૨૦૦૧ થી ૧૯–૧૨–૨૦૦૧ આ વિરાટ સોમયજ્ઞના યજ્ઞકર્તા પૂ.પા.ગો.શ્રીગોકુલોત્સવજી (ઈન્દોર) હતા. પ્રથમ દિને શ્રીમહાપ્રભુજીની બેઠકેથી શોભાયાત્રા દ્વારા પ્રારંભ કરેલ. મહોત્સવ દરમ્યાન યજ્ઞવિધિ, પલના, નંદમહોત્સવ કાર્યક્રમો થયેલ હતા. આ મહોત્સવમાં પૂ.પા.ગો.શ્રીકિશોરચંદ્રજી મહારાજ (જૂનાગઢ), પૂ.પા.ગો.શ્રીપિયુષકુમારજી બાવાશ્રી (જૂનાગઢ), પૂ.પા.ગો.શ્રીપુરૂષોત્તમલાલજી (પંકજબાવાશ્રી, રાજકોટ), પૂ.પા.ગો.શ્રીમુકુંદરાયજી (રાજકોટ), પૂ.પા.ગો.શ્રીલલિતત્રિભઁગીરાયજી (બિલખા), પૂ.પા.ગો.શ્રીયમુનાવલ્લભજી, પૂ.પા.ગો.શ્રીશ્યામસુંદરજી (પોરબંદર), પૂ.પા.ગો.શ્રીપુરૂષોત્તમલાલજી, પૂ.પા.ગો.શ્રીવૃજેન્દ્રકુમારજી, પૂ.પા.ગો.શ્રીવિશાલકુમારજી, પૂ.પા.ગો.શ્રીવૃજવલ્લભજી (જૂનાગઢ) પધાર્યા હતા. પ્રતિદિન હજારો કાર્યકરોએ તન, મન, ધન અને દિનતાથી સેવા બજાવેલ જે સરાહનીય હતી. આ અલૌકિક કાર્ય સુંદર રીતે સંપન્ન થયેલ.

☐ **જામનગર : શતાબ્દી સમારોહ :** પૂ.પા.ગો.શ્રીવિઠ્ઠલનાથજી મહારાજશ્રીના સાનિધ્યમાં 'શ્રીશ્યામમનોહરપ્રભુ'નો શતાબ્દી મહોત્સવ તા. ૧૭–૨–૨૦૦૨ થી ૨૪–૨–૨૦૦૨ દરમ્યાન ચૌપાસની–જોધપુર (રાજસ્થાન) યોજાનાર છે. આ સમય દરમ્યાન શ્રીનાથજીના ધ્વજાજી પણ પધારવાના છે. તેમજ શ્રીમદ્ ભાગવત સપ્તાહનું આયોજન છે. તે માટે વૈષ્ણવોને નિમંત્રણ છે. વિશેષ જાણકારી માટે સંપર્ક સ્થળ.

૧. શ્રીવિઠ્ઠલેશ ભુવન –શ્રીવિઠ્ઠલેશ માર્ગ, સનાતન ચોક, જુનાગઢ. ફોન. ૬૨૭૦૨૨.

૨. શ્રીમોટી હવેલી–હવાઈ ચોક, જામનગર. ફોન. ૬૭૬૨૧૨.

☐ **રાજકોટ :** શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ–સંકિર્તન ભવન : આં.રા.પુ.વૈ.પરિષદ આયોજીત શ્રીમદ્ વલ્લભાચાર્ય ઋષીકુલ (રતનપર–રાજકોટ) શ્રીમહાપ્રભુજીના સંકિર્તન ભવન–પાટોત્સવ અંતર્ગત વિવિધ મનોરથો તા.૩–૩–૨૦૦૨ થી ૧૬–૩–૨૦૦૨ દરમ્યાન ૧૦૮ બ્રહ્મસંબંધ વૈષ્ણવ બાળકોને નિઃશુલ્ક યજ્ઞોપવિત, બ્લડ ડોનેશન કેમ્પ, શ્રીઠાકોરજીના મનોરથો, શ્રીમદ્ ભાગવત સપ્તાહ, શ્રીપુરૂષોત્તમ સહસ્રનામ યજ્ઞ કરવામાં આવનાર છે. શ્રીબાલકૃષ્ણ પ્રભુના સાનિધ્યમાં અને હવેલીના પ્રાંગણમાં.

આ પ્રસંગે વૈષ્ણવી ગુરૂકુલ નિર્માણને આશીર્વચન પાઠવવા પૂ.પા.ગો.મહારાજશ્રીઓ પધારશે તેમજ દેશ–પરદેશની શાખાઓના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે. વૈષ્ણવોએ દર્શન–શ્રવણ–આનંદનો લાભ માટે આમંત્રણ છે. વિશેષ માહિતી માટે સંપર્ક સ્થળ :

સંયોજક : શ્રીહસમુખભાઈ ખખ્ખર, સંજય ગેસ સર્વીસ, ભુપેન્દ્ર રોડ, રાજકોટ. ૩૬૦૦૦૧.

☐ **રાજકોટ :** શ્રીમદ્ પ્રભુચરણ શ્રીગુસાંઈજીના પ્રાકટ્ય ઉત્સવની ઉજવણી : પૂ.પા.ગો.૧૦૮ શ્રીવલ્લભલાલજી મહારાજશ્રીના બંગલે ત્રિદીવસીય કાર્યક્રમનું આયોજન થયેલ. તા.૫–૧–૨૦૦૨ શનિવાર તેમજ તા. ૬–૧–૨૦૦૨ રવિવારે પૂ.પા.ગો.શ્રીગોવિંદરાયજી બાવાશ્રીએ શ્રીગુસાંઈજીના અષ્ટોત્તરશત નામ "શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર" ઉપર સુંદર અને મનનીય વિવેચન કરી વચનામૃત કરેલ. ઉત્સવના દિવસે સવારે

વૈષ્ણવો દ્વારા "શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર"ના સમૂહ પાઠ શ્રીગુસાંઈજીના ચિત્રજી સન્મુખ કરેલ. સાંજે વધાઈ કીર્તન અને સત્સંગ સભામાં પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી મહારાજશ્રી, પૂ.પા.ગો.શ્રીભાગવતકુમારજી, પૂ.પા.ગો. શ્રીગિરધરલાલજી તેમજ પૂ.પા.ગો.શ્રીઘનશ્યામબાવાશ્રીએ ઉત્સવ નાયક શ્રીવિઠ્ઠલેશપ્રભુચરણના યશોગાન કરેલ. વિદ્વાન પ્રો.શ્રીઘનશ્યામભાઈ પોપટે પણ પ્રસંગોચિત પ્રવચન કરેલ. પૂ.પા.ગો.બાલકોના ચરણસ્પર્શ બાદ કાર્યક્રમ સમાપન થયેલ. વૈષ્ણવોઓએ આનંદ લીધેલ.

☐ **મુંબઈ :** શ્રીગુસાંઈજી ઉત્સવ સમિતિ અને શ્રીલાડ જ્ઞાતિ, મુંબઈ દ્વારા તા.૫–૬ અને ૭ જાન્યુઆરી ૨૦૦૨ નાં રોજ મુંબઈમાં શ્રીગુસાંઈજી ઉત્સવ યોજાયેલ. આ પ્રસંગે કાંદિવલી વૈષ્ણવ સમાજ દ્વારા પુષ્ટિ સાહિત્ય મેળાનું આયોજન કરવામાં આવેલ. જેનું ઉદ્‌ઘાટન પૂ.પા.ગો.૧૦૮ શ્રીઉત્તમશ્લોકજી મહારાજશ્રી (મોટા મંદિર મુંબઈ)એ કરેલ. ઉપરાંત શ્રીગુસાંઈજી ઉત્સવને અનુરૂપ પુષ્ટિ કલા દર્શન (પ્રદર્શન) નું આયોજન પૂ.ગો.શ્રીજ્યોતિરાજા (પૂ.પા.નિત્યલીલાસ્થ ગો.શ્રીગોપીનાથજીના બેટીજી) હસ્તે થયેલ.

પ.ભ.શ્રીમતી હાર્દિકાબેન મહેતાએ વધાઈ, કીર્તન તથા ધોળ પ્રસ્તુત કરેલ. આ ઉપરાંત વિભિન્ન હરિફાઈઓનું પણ આયોજન કરવામાં આવેલ. આરતી હરિફાઈ, માળાજી હરિફાઈ, પાઠવાંચન હરિફાઈ તથા પ્રશ્નોત્તરી સ્પર્ધા તથા વચનામૃતનો કાર્યક્રમ થયેલ. જેમાં ભાગ લીધેલ દરેક સ્પર્ધકોને સ્મૃતિ ચિહ્ન આપવામાં આવેલ. તેમજ પૂ.પા.ગો.૧૦૮ શ્રીરાજકુમાર નૃત્યગોપાલજી (મોટા મંદિર, મુંબઈ)ની અધ્યક્ષતામાં અને એમની આજ્ઞાથી દરેક સ્પર્ધામાં ૩ ઈનામો અપાયેલ.

સોમવાર તા.૭–૧–૨૦૦૨ સાંજના ૫.૦૦ કલાકે શ્રીલાડીવાડી થી બેંડ, શરણાઈ, કીર્તન અને વલ્લભનાદ સાથે અને ગોસ્વામી બાલકોની હાજરીમાં શ્રીગુસાંઈજીની ભવ્ય શોભાયાત્રા યોજાયેલ. શ્રીગુસાંઈજી જીવન ચરિત્ર પર પ.ભ.શ્રીરમેશલાલ નાથાલાલ શાહ, કાંદીવલીએ સુંદર પ્રવચન કરેલ. ત્યારબાદ પૂ.પા.ગો. શ્રીમિલનબાવા મહોદય (જતિપુરા–કોટા–મુંબઈ) (પૂ.પા.ગો.૧૦૮ શ્રીપ્રથમ પીઠાધીશ શ્રીલાલમણિજી મહારાજશ્રીના આત્મજ) તથા પૂ.પા.ગો.શ્રીરાજકુમાર નૃત્યગોપાલજી (મોટા મંદિર, મુંબઈ)ના પ્રેરક વચનામૃતોનું પાન કરી કાર્યક્રમ પૂર્ણ થયેલ.

શ્રીવલ્લભ સદન મુંબઈના આગામી કાર્યક્રમો : શ્રીકૃષ્ણાશ્રય ગ્રંથ વિવેચન

જાન્યુઆરી ૨૦૦૨ : પૂ.પા.ગો.૧૦૮ શ્રીગોવિંદરાયજી નિરજકુમારજી (નંદુબાવા–મોટા મંદિર)
ફેબ્રુઆરી ૨૦૦૨ : વચનામૃત–પૂ.પા.ગો.૧૦૮ શ્રીમથુરેશજી મહારાજશ્રી (સુરત–વડોદરા)
માર્ચ ૨૦૦૨ : શ્રીમદ્ ભાગવત શ્રીસુબોધિનીજી (સપ્તાહ) પ.ભ.શ્રીજીતેન્દ્ર મુલશંકર શાસ્ત્રી

શ્રીવલ્લભ સદનમાં આરોગ્ય વિષયક સેવાઓ કાયમ ચાલે છે.

હોમીયોપેથી દવાખાના : સોમવાર, મંગળવાર, ગુરૂવાર, સવારના ૧૦ થી ૧૨ સુધી ડૉ.યામિની ભગત

ઈલેક્ટ્રોફિજિયોથેરેપી (હાડવૈદ) કન્સલ્ટીંગ : સોમવાર, બુધવાર, શુક્રવાર સાંજના ૬.૩૦ થી ૭.૩૦ ડૉ.પ્રફુલ એમ. પંડયા

આયુર્વેદિક દવાખાના : બુધવાર, શુક્રવાર બપોર ૩ થી ૫ વૈદરાજ શ્રીરાજેશભાઈ ખાખરીયા

સ્થળ : શ્રીવલ્લભ સદન ૬૧–એ, ડૉ. આત્મારામ મર્ચન્ટ રોડ, ભુલેશ્વર, મુંબઈ–૪૦૦ ૦૦૨.

[૧૫] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ
[૧૬] રાધનપુર
શ્રીદામોદરભાઈ કંસારા,
કંસારા બજાર, ટાવર રોડ,
[૧૭] રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ', માલીવાડ,
[૧૮] વડોદરા
☐ શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડાપોળ,
☐ શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
ગોવર્ધન હવેલી,
C/O. ઉર્મી સોસાયટી, પ્રોડક્ટીવીટી રોડ,
૬૦–૬૧ અલકાપુરી,
[૧૯] વાપી
શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦ ''અનુકુલ''
એન. એચ. નં.૧૮, જી.આઈ.ડી.સી.
[૨૦] વાંકાનેર
☐ શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
☐ શ્રીકાકુભાઈ ગોરધનભાઈ દોશી
C/O. ભારત એજન્સી, પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,
[૨૧] સુરત
શ્રીભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩ બી,
હરિપુરા, પીરછડી,

રાજકોટમાં 'શ્રીવલ્લભસુધા'નું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા,
૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર,
૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ,
૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન', ૨૫–ન્યુ જાગનાથ,
૫...શ્રી વસંતભાઈ એન.વોરા
C/O. વોરા એન્ડ કું., દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ,
૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ,
૭...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ,
૮...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા', ૫–ગાયત્રીનગર,
૯...શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર,
૧૦...શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ,
૧૧...શ્રી વી. જે. પીઠડીયા
'મોહક', ૭–નીલકંઠનગર,
૧૨...શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,
શ્રીસાતસ્વરૂપ હવેલી, મહાત્મા ગાંધી રોડ,
દેના બેંક પાસે,
૧૩...શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા
નાલંદા સોસાયટી, શેરી નં. ૨, કાલાવાડ રોડ,
૧૪...શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ ગજેરા
'નવનીત કુંજ', ૩–વિશ્વનાથ મેઈન રોડ,
પટેલ બિલ્ડીંગનો સામેનો રોડ,

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-02-2002.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO
POST WITHOUT PREPAYMENT TO
POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.ગ્રા.નં.૧૫૮
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.
પીન.

સાતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ભક્ત ભક્તિ કિય ભદ્ર તુમ,
હરિ વ્યોહારકિ ચાલ ।
તાર્યોં તારોં એક મો,
નાતેં ધરમ, ગુપાલ ! ॥૪૩॥

ટીકા : હે શ્રીગોપાલજી ! ભક્તે તમારી ભક્તિ કરી ને તમે તેનું કલ્યાણ કર્યું, એ તો વહેવાર ઠર્યો, એમાં કોઈ કોઈને સપાડૂં નાં મલે, એ વહેવારમાં કાંઈ એક ધરમ પણ કરવો જોઈએ, ત્યારે મને એકલાનેં ધરમ ખાતર તારો. ૪૩

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ **સંચાલિત** શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, **મૂદ્રક અને** પ્રકાશક : **શ્રી રવજીભાઈ પ. પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ,૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચેમ્બર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**

॥ શ્રી હરિઃ ॥

• આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલીત •

શ્રી વલ્લભસુધા

વચનસુધા

એટલે જડતા ક્યાં આવે ? દુરાગ્રહ હોય ત્યારે, અભિમાન આવે ત્યારે, પોતાની જાતને કોઈ મહાન માની લ્યે. ત્યારે આ બધી પરિસ્થિતી ઉત્પન્ન થાય. આ વસ્તુ સમાજમાં લગભગ બધા લોકો ધર્મના વ્યવહારને સમજ્યા વગર– અમારા જેવા ધાર્મિક લોકો કહેવાતા પણ, એનું આચરણ કરે છે અને ઉદ્વેગ પામે છે.

શા માટે ? આપણને પોતાના ધર્મની મહત્તા ઉપર એની વિશેષતા ઉપર વિશ્વાસ નથી અને તેનું બરાબર જ્ઞાન નથી. વિચારધારા બે જાતની હોય છે. એક કંસ્ટ્રક્ટીવ (સર્જનાત્મક) અને એક ડીસ્ટ્રીક્ટીવ (ખંડનાત્મક) વલ્લભાચાર્ય પોતાના વિચારોમાં ડીસ્ટ્રીક્ટીવ વિચારધારા પસંદ નથી કરતા. જેમ મકાન છે, એને ચણવામાં વાર લાગે પણ જો ભાંગવું હોય–એક એક ઈંટ નોખી કરી નાખવી હોય, તેમાં વાર ન લાગે. પણ ખરેખર, જેમ મકાન અથવા મશીન, એના જો કોઈપણ ભાગો નોખા પાડવા હોય તો નોખા તે જ પાડીને વિવેચન કરી શકે, જે પાછા એને સરખા કરવાનું જાણતો હોય તો ! અને સરખા કરતા ન જાણે ને જીજ્ઞાસામાં બધા ખોલી નાખે તો મશીન પણ બગડે અને મકાન પણ બગડે.

(વાજપેયી દીક્ષિત સોમયાજી નિ.લી.ગો. શ્રીરણછોડાચાર્યજી મહારાજ, શ્રીપ્રથમેશજીના વચનામૃતો. શ્રીપ્રથમેશવાક્સુધા–૨ પૃષ્ઠ–૭૪–૭૫)

● ગૌરક્ષા–ગો–પાલનમાં તત્પર બનો ●

☐ પ્લાસ્ટીકની પાતળી કોથળી જ્યાં ત્યાં ન નાંખો. તે ખાઈ જવાથી અસંખ્ય ગાયો બીમાર થાય છે, અને મૃત્યુ પામે છે. આ એક ઘોર અપરાધ છે.

☐ શ્રીગિરિરાજજીના ઉલ્લંઘનના અપરાધથી બચવા–ગોવર્ધન ગામમાંથી શ્રીગિરિરાજજી ઉપર જતી સડકનો ઉપયોગ ન કરો. આન્યોરના રસ્તેથી પૂછરી થઈને જતીપુરા જવું. આ રીતે શ્રીગિરિરાજજીની મર્યાદા અવશ્ય જાળવો.

વર્ષ : ૨૦ અંક : ૧૨
વિક્રમ સંવત : ૨૦૫૮ શ્રીવલ્લભાબ્દ : ૫૨૪ માર્ચ, ૨૦૦૨
વાર્ષિક લવાજમ રૂ.૪૦/– આજીવન લવાજમ રૂ.૫૦૧/–
"શ્રીવલ્લભસુધા" કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ. ૩૬૦૦૦૧

“શ્રીવલ્લભસુધા”ના સેવાભાવી પ્રતિનિધિ–કાર્યકર

[૧] અમદાવાદ
શ્રીઅશ્વિનભાઈ નવનીતભાઈ દેસાઈ
૪૩, સરદારપટેલનગર, એલિસબ્રીજ,

[૨] અંકલેશ્વર
શ્રીગોપાલભાઈ એન. શાહ
સી/૫, જી.આઈ.ડી.સી. કોલોની,
જી.આઈ.ડી.સી. વાલીયા રોડ,

[૩] કલ્યાણ
શ્રીકૃષ્ણદાસ મથુરાદાસ અઢીયા
હવેલી બિલ્ડીંગ, પાર નાકા,

[૪] ઉપલેટા
શ્રીઅમૃતલાલભાઈ પટેલ
C/O. શ્રીહરિ સ્ટોર્સ, રાજમાર્ગ,

[૫] કલકત્તા
શ્રીનિતિનભાઈ મહેતા
C/O. કાનજી સવજી મહેતા,
મહેતા બિલ્ડીંગ, ૧ લે માળે,

[૬] જામનગર
નગીનદાસ પ્રેમચંદ કંસારા
C/O. દિપેશ મેટલ કોર્પોરેશન,
૫૬, દિગ્વીજય પ્લોટ,

[૭] જુનાગઢ
☐ શ્રીઅમૃતલાલ સુંદરજી હિંડોચા
C/O. શ્રીગોકુલ એજન્સી,
૬/શ્રીનાથજી ચેમ્બર, દાણાપીઠ,
☐ શ્રીપોપટલાલ જમનાદાસ
બી/૨, રવિકિરણ એપાર્ટમેન્ટ,
☐ શ્રીઅરજણભાઈ જેસાભાઈ વૈષ્ણવ
‘કિરણ’ ૪–જલારામ સોસાયટી,
લોઢીયાવાડ સામે,

[૮] ડોમ્બીવલી
શ્રીવિઠ્ઠલભાઈ એસ. લાખાણી
૭–નિસર્ગ બિલ્ડીંગ, ગૌતમ લબ્ધી સામે,
રોયલ કોલેજ,

[૯] ધોરાજી
શ્રીજાદવજીભાઈ જીવરાજભાઈ વઘાસીયા
‘નંદાલય’, રાળીયા હનુમાન પાસે,

[૧૦] પાંચપીપળા
શ્રીગોકળભાઈ જાદવભાઈ પોલરા

[૧૧] ઘાટકોપર (પૂર્વ)
શ્રીછોટાલાલ જીવરાજ મહેતા
લાભ સદન, અર્ચના નિવાસ,
રાજાવાડી, એમ. જી. રોડ,

[૧૨] મુંબઈ
☐ આં.રા.પુ.વૈ. પરિષદ
અનંતવાડી, વૈદભુવન, કાલબાદેવી રોડ,
☐ આં.રા.પુ.વૈ. પરિષદ
જી/૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ,
પોલીસ સ્ટેશન સામે,

[૧૩] મલાડ
શ્રીજયંત સી. ભાઠા
૫૨, રામચંદ્ર લેન, અલ્હાબાદ બેંકની સામે,

[૧૪] મોરબી
☐ ધર્મેન્દ્ર ભોગીલાલ કંસારા
C/O. ટોકરશી જાદવજી કંસારા

॥ શ્રી હરિઃ ॥

આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ સંચાલિત

શ્રીવલ્લભસુધા

પુષ્ટિમાર્ગને અનુરૂપ, પુષ્ટિભાવથી ભરપૂર, ભક્તિભાવભર્યુ સરળ છતાં રસપૂર્ણ સાહિત્ય પીરસતું માસિક

વર્ષ : ૨૦ અંક : ૧૨ ☐ શ્રી વલ્લભાબ્દ ૫૨૪ ☐ માર્ચ, ૨૦૦૨

[ચોરાશી અપરાધ]

☐ અપરાધ એકોતેરમો : "તારા દેખે પહેલે દીવા કરેં."

પહેલાના સમયમાં જ્યારે વિજળી–કેરોસીન વગેરેના દીવા નહોતા તે વખતે પ્રભુના દર્શન સુપેરે થાય તે માટે દીવેલ (એરંડીયા તેલ)માં રૂ ની વાટ મુકી દીવા કરાતા. ભગવન્ન મંદિરમાં જ્યાં વિશેષ વૈભવથી સેવા થતી હોય (મર્યાદામાર્ગીય મંદિરોમાં તથા શ્રીનાથજી આદિ પુષ્ટિમાર્ગીય સ્થાનોમાં) ત્યાં ઘી ના દીવાનો પ્રકાર રહેતો. તેમજ સામાન્યજનો પણ પોતપોતાના ઈષ્ટ દેવો આગળ સાંજના ઘીનો દીવો પ્રકટાવતાં. આ દીવા કરવાનો સમય અહીં દર્શાવ્યો છે. સાંજના સૂર્યાસ્ત પછી તુરત, આકાશમાં તારામંડલ દેખાવા શરૂ થાય તે પહેલા પ્રભુના આગળ પ્રથમ દીપ પ્રગટાવી બાદમાં ઘરના બધા સ્થાનોમાં દીવા થાય.

☐ અપરાધ બોંતેરમો : " વાસી દીવટીમેં દીવા કરે નહીં"

દીવો કરવાનું સ્થાન દીવડી, (તે પીતળની હોય અથવા સાધારણ સ્થિતિનાને ત્યાં માટીનું કોડિયું હોય) સાફ કરી તેમાં નવી વાટ મૂકી સુઘડતાપૂર્વક દીવો કરવો.

☐ શ્રી વલ્લભસુધા દર માસની ૩ જી તારીખે પ્રકાશિત થાય છે. પ્રકાશન વર્ષ એપ્રીલ થી માર્ચ. ☐ શ્રી વલ્લભસુધાના ગ્રાહક વર્ષ દરમિયાન ગમે ત્યારે થઈ શકાય છે. વર્ષના પ્રારંભથી ગ્રાહક ગણીને આગળ પ્રકાશિત થયેલ અંકો મોકલાય છે. ☐ ગ્રાહકોએ પત્ર વ્યવહાર કરતી વખતે પોતાનો ગ્રા. ક્રમાંક અવશ્ય લખવો. મ.ઓ.થી લવાજમ મોકલતી વખતે નીચેની કાપલીમાં પોતાનું પુરૂ સરનામું અવશ્ય લખવું. ☐ શ્રી વલ્લભ સુધામાં શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દિવ્ય સિદ્ધાંતોને સરળ ભાષામાં સમજાવતાં લેખો પ્રકાશિત થાય છે. પૂ.ગો.આચાર્યશ્રી આદરણીય વિદ્વાનો, તથા ભગવદીય વૈષ્ણવોને લેખો, પદોના ભાવાર્થ ગ્રંથોના અનુવાદ અને ધોળ, પદ, કાવ્ય આદિ રચનાઓ મોકલવા વિનંતી. ☐ લેખ આદિ કાગળની એક બાજુ સ્પષ્ટ અક્ષરે લખેલા હોવા જરૂરી છે. ☐ શ્રી વલ્લભસુધામાં વૈષ્ણવો તરફથી આર્થિક સહાય પૃષ્ઠદાન રૂપે સ્વીકારવામાં આવે છે. એક પૃષ્ઠ એક વખતના રૂ. ૫૧ , વાર્ષિક એક પૃષ્ઠ રૂ. ૫૦૧ , જાહેરખબર લેવાતી નથી. ☐ શ્રીવલ્લભ સુધા માટે ગ્રાહક નોંધી લવાજમ એકત્ર કરી આપવાની સેવા કરવા પરિષદની સર્વે શાખાના પદાધિકારીઓ તથા સેવાભાવી વૈષ્ણવોને વિનંતી. ☐ ચેક, ડ્રાફ્ટ વગેરે શ્રી વલ્લભવિજ્ઞાન એ નામે લખવા જરૂરી છે.

પત્રવ્યવહાર સંપર્ક : 'શ્રી વલ્લભસુધા' કંસારા મહાજન વાડી બિલ્ડીંગ, લોહાણા પરા, રાજકોટ. ૩૬૦ ૦૦૧.

નિરોધલક્ષણમ્- ગ્રંથપરિચય

લેખક : પૂ.પા. ગો.શ્રીશ્યામમનોહરજી મહારાજશ્રી (પાર્લા–કિશનગઢ)
ભાષાંતર : ગો.વા.શ્રીબાબુભાઈ પી. નાયક– કડી

–ગતાંકથી ચાલુ

પરમાત્મા વાસ્તવિક રીતે જો નિર્ગુણ, નિર્ધર્મક, નિરાકાર, નિર્વિશેષ હોય તો કૃષ્ણાવતારની લીલા માયાનું કપટનાટક માનવી પડશે. તે પ્રમાણે પરમાત્માનું મૂળ રૂપ શ્રીકૃષ્ણ ન હોય તો દશમસ્કંધમાં વર્ણવાયેલી લીલાઓની આધિદૈવિક મહત્તા ખંડિત થઈ જશે. તેથી પરબ્રહ્મ પરમાત્મા ભગવાન સ્વયં સગુણ–સાકાર શ્રીકૃષ્ણ છે. આ બતાવવા માટે અંતિમ ગુણપ્રકરણમાં શ્રીકૃષ્ણના દિવ્ય અકુંઠિત અને પારમાર્થિક સાચા સ્વરૂપને, જેમાં ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય રૂપ છ ગુણો છે તેને, છ અધ્યાય દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે (ભા.નિ. ૧૦/૪૧૮/૪૨૦).

અવતારકાળમાં પોતાના સ્વરૂપના આકર્ષણથી ભગવાન ભક્તોને પોતાનામાં નિરુદ્ધ કરે છે. અનવતાર કાળમાં સ્વયં ભગવાન પ્રગટ ન હોવાથી, ભગવદ્‌ગુણોનું એવું માહાત્મ્ય છે કે ગુણ ગાનાર ભક્તનો ભગવાનમાં નિરોધ થઈ જ જાય છે. એટલે કે ભગવાનના ગુણોનું સંકીર્તન કરવાથી પણ પ્રપંચની વિસ્મૃતિ અને ભગવદાસક્તિ સુલભ થઈ જાય છે. – ‘‘સ્કંધાર્થસ્તુ નિરોધો હિ તતસ્તેનોપસંહૃતિઃ અગ્રેऽપિ યે ભવિષ્યન્તિ કીર્તનાત્તેऽપિ તાદશાઃ’’. દશમ સ્કંધનો વિષય જ નિરોધ છે અને તેનાથી જ તેનો ઉપસંહાર થાય છે. આગળ પણ જે ભક્તો થશે તેમનો પણ કીર્તન દ્વારા તેવો જ નિરોધ પરમાત્મામાં પરિણમશે. (ભા.નિ. ૧૦/૪૬૬).

તેથી સિદ્ધ થાય છે કે ભગવલ્લીલાથી પ્રત્યક્ષ સંબંધની માફક પરોક્ષમાં તેમનાં શ્રવણ–સ્મરણ–કીર્તન પણ પ્રપંચ–વિસ્મૃતિ અને ભગવદાસક્તિરૂપ નિરોધનું કારણ બને છે.

ભક્તિવર્ધિનીમાં તેથી બંને કલ્પ બતાવવામાં આવ્યા છે : સેવા અને કથા; તથા કેવળ કથા. ભાગવતાર્થ–નિબંધના તામસ ફલ પ્રકરણના ઉપસંહારમાં (૧૦/૧૧૦–૧૧૧) એ કહેવામાં આવ્યું છે કે ‘‘ગુણજ્ઞાન–કથા પરોક્ષમાં કરવી જોઈએ. પ્રત્યક્ષમાં ભજન–સેવા શ્રેષ્ઠ છે. આ પ્રમાણે વિયોગ અને સંયોગની અનુભૂતિઓનું ચક્રની જેમ આવર્તન નિરંતર ચાલુ રહે તો તેને નિરોધ અવસ્થાની સિદ્ધિ માની લેવી જોઈએ’’. અનવતાર કાળમાં ભગવત્સેવા પુષ્ટિમાર્ગમાં ભગવલ્લીલાની પ્રત્યક્ષ અનુભૂતિની માફક મનાય છે. તેથી સેવાના અનોસરમાં કથાનું સારી રીતે શ્રવણ કરવું આવશ્યક છે.

સ્વરૂપલક્ષણ

નિરોધના કારણ–લક્ષણની સમજ પડ્યા પછી સ્વરૂપલક્ષણ સારી રીતે સમજાઈ જાય છે. પ્રપંચને સર્વથા ભૂલીને ભગવાનમાં જ અનન્યતાપૂર્વક આસક્ત થઈ જવું નિરોધનું સ્વરૂપલક્ષણ છે. ‘‘પ્રપંચવિસ્મૃતિઃ તસ્માત્ કૃષ્ણાસક્તિશ્ચ વર્ણ્યતે’’. (પ્રપંચની વિસ્મૃતિ થાય અને કૃષ્ણાસક્તિ થાય છે તેનું નિરોધ તરીકે વર્ણન થયું છે.)

શ્રીભાગવતના નવમા સ્કંધમાં ભક્તિનું વર્ણન માનવામાં આવ્યું છે. એવી ભક્તિ કરવાવાળા જીવે પ્રપંચને ભૂલીને અનન્યતાપૂર્વક ભગવાનમાં કેવી રીતે આસક્ત થઈ જવું એ દશમસ્કંધમાં સારી રીતે સમજાવ્યું છે. તે અનુસાર ષોડશગ્રન્થમાં પણ, ભક્તિવર્ધિનીમાં પહેલાં ભક્તિના વિવિધ પ્રકારોનું વર્ણન કરવામાં આવ્યું છે. તે પછી નિરોધલક્ષણ ગ્રન્થમાં એવી ભક્તિ કરવાવાળા જીવો માટે અનન્યતાપૂર્વક ભગવાનમાં નિરુદ્ધ કેમ થવું તેના ઉપાય સમજાવ્યા છે. તે માટે ભક્તિવર્ધિનીમાં નિરૂપાયેલા ભક્તોના પાંચ પ્રકારો પર દષ્ટિપાત કરવો ઉપયોગી થઈ પડશે.


ભક્તિમાર્ગીય જીવ (પાંચ પ્રકાર)
દઢબીજભાવ
અદઢબીજભાવ
*(૧) ગૃહત્યાગપૂર્વક—શ્રવણ– કીર્તનાદિપરાયણ
વર્ણાશ્રમધર્માનુરૂપ ગૃહસ્થિતિપૂર્વક ભગવદ્– ભજનપરાયણ
અવ્યાવૃત્ત
વ્યાવૃત્ત
(૨) પૂજા—શ્રવણાદિપરાયણ
કેવલશ્રવણાદિપરાયણ
જાતવ્યસન
અજાતવ્યસન
*(૩) ગૃહત્યાગી
ભગવદીયસંગી
(૪) પરિચર્યા—કથા– શ્રવણાદિપરાયણ
(૫) કેવલ કથા—શ્રવણાદિ– પરાયણ

* આ બે પ્રકાર અંતે એક જ બની જાય છે.

ઉપરના કોષ્ટક પર દષ્ટિપાત કર્યા પછી તે સમજી લેવું પણ આવશ્યક છે કે ષોડશગ્રન્થોમાં કયો ગ્રન્થ કયા અધિકારી માટે ખાસ કરીને ઉપદેશાયો છે. તેના અંતર્ગત નિરોધલક્ષણનો ઉપદેશ કયા અધિકારી જીવ માટે રચાયો છે અને તેની સમજથી, બીજા ભક્તિવર્ધિની વગેરે ગ્રન્થોની સાથેની સંગતિ તથા તાત્પર્યનું નિશ્ચિતપણું સરળ બની જશે.

ગ્રન્થ	કયા અધિકારી માટે
(૧) યમુનાષ્ટક	ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે
(૨) બાલબોધ	ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે
(૩) સિદ્ધાંતમુક્તાવલી	ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે
(૪) પુષ્ટિપ્રવાહમર્યાદા	ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે
(૫) સિદ્ધાંતરહસ્ય	બીજા તથા ચોથા પ્રકારના ભક્તોને માટે
(૬) નવરત્ન	ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે

(૭) અંતઃકરણપ્રબોધ	ભક્તિવર્ધિન્યુક્ત પાંચે પ્રકારના ભક્તોને માટે
(૮) વિવેકધૈર્યાશ્રય	ખાસ કરીને ચોથા,પાંચમા અને સામાન્યરીતે બધાંને માટે
(૯) કૃષ્ણાશ્રય	બધાંને માટે
(૧૦) ચતુઃશ્લોકી	બીજા તથા ચોથા પ્રકારના ભક્તોને માટે
(૧૧) ભક્તિવર્ધિની	બધાંને માટે
(૧૨) જલભેદ	બધાંને માટે
(૧૩) પંચપદ્યાનિ	બધાંને માટે
(૧૪) સંન્યાસનિર્ણય	પહેલા, ત્રીજા અને પાંચમા પ્રકારના ભક્તોને માટે
(૧૫) નિરોધલક્ષણ	બધાંને માટે
(૧૬) સેવાફલ	બીજા તથા ચોથા પ્રકારના ભક્તોને માટે

ઉપરના કોષ્ટકને જોવાથી હવે નિરોધલક્ષણગ્રન્થની બધી રીતે યોગ્ય અધિકારીઓ માટે ઉપયોગિતા માન્ય કરવાથી તેના તાત્પર્યનિર્ધારણમાં કોઈ કષ્ટ રહી જશે નહિ. —ક્રમશઃ

શ્રીમદ્‌વલ્લભાચાર્ય અને તેમના સિદ્ધાંતો

લેખક — દેવર્ષિ ભટ્ટ શ્રીરમાનાથ શાસ્ત્રી તનુજ— ભટ્ટ શ્રીવ્રજનાથ શર્મા— વિશારદ, મુંબઈ.
ભાષાંતર — ઈન્જી. ગોવિંદભાઈ એમ. કરશાળા, રાજકોટ.

—ગતાંકથી ચાલુ

૨૫. શ્રીમહાપ્રભુજીની ઉત્તમોત્તમ શિક્ષાઓ

૧. વૈષ્ણવોએ ભગવાન શ્રીકૃષ્ણને સર્વ સમર્થ ઈશ્વર માનીને કેવળ તેમનો જ આશ્રય કરવો જોઈએ. અન્યાશ્રય ક્યારેય પણ ન કરે. કારણ કે અન્ય દેવતા ગણિતાનંદ (ગણતરી કરી શકાય તેવું સુખ, ક્ષણભંગુર) દેવાવાળા છે, તેમની સામર્થ્ય જ નથી કે તે કાંઈ વધારે દઈ શકે. તેથી માલિકને છોડીને તેની નીચેના અધિકારી વર્ગોની સેવા કરવી અજ્ઞાનતા છે.

૨. પ્રત્યેક વૈષ્ણવની ઈચ્છા પરબ્રહ્મને પ્રાપ્ત કરવાની હોય છે. આ પ્રાપ્તિ ભગવદ્‌સેવા દ્વારા સંભવ છે. તેથી નિષ્કામ થઈને ભગવાનની આરાધના કરવી. કપટ ક્યારેય રાખવું નહીં.

૩. વેદો ઉપર અટલ વિશ્વાસ રાખવો. તેમાં પ્રભુનું સ્વરૂપ રક્ષિત છે. તેવી જ રીતે શ્રીમદ્‌ભાગવતની પણ સેવા કરે.

૪. શ્રીકૃષ્ણ ઉપર અટલ વિશ્વાસ રાખીને તેની સેવા કરે. સેવામાં મન હંમેશા એકાગ્ર રાખે. માનસી સેવા ઉત્તમ છે. તેની સિદ્ધિ માટે તનુજા, અને વિત્તજા સેવા છે.

૫. જીવ અક્ષર બ્રહ્મનું અંગ છે. પરંતુ અવિદ્યાને લીધે પોતાનું સ્વરૂપ જાણતો નથી. અવિદ્યાથી મુક્ત થવાથી સ્વરૂપાનંદ પ્રાપ્ત થાય છે.

૬. શ્રવણ ભક્તિ કરવાથી ભગવાનનું માહાત્મ્ય જાણી શકાય છે. અને ભગવાનની સેવામાં અભિરૂચિ વધે છે. સેવાની સાથે શ્રવણાદિ કરવાથી અવિદ્યાથી જીવ શીઘ્ર મુક્ત થાય છે.

૭. જીવોના બે ભેદ છે. દૈવી અને આસુરી. દૈવીસૃષ્ટિ મોક્ષની અધિકારીણી છે. તેના બે ભેદ છે. પુષ્ટિ અને મર્યાદા. પુષ્ટિ સૃષ્ટિ પ્રભુના સ્વરૂપમાં જ આસક્ત રહે છે. અને તેની પ્રવૃતિ પ્રભુની સેવા કરવામાં જ હોય છે.

મર્યાદા સૃષ્ટિ વેદ આજ્ઞામાં આસક્ત હોવાથી મર્યાદામાં જ તેની વિશેષ આસક્તિ રહે છે. આસુરી, પ્રવાહી સૃષ્ટિ છે. આ સૃષ્ટિ લૌકિક પ્રવાહમાં જ આસક્ત રહે છે. પુષ્ટિભક્તિના પણ ભેદ છે. તેમાં શુદ્ધ પુષ્ટિભક્તિ અત્યંત શ્રેષ્ઠ ગણવામાં આવી છે. આ ભક્તિના અધિકારી જીવ, કેવળ પ્રભુની આજ્ઞાથી જ પ્રભુની લીલા ઉપયોગી અનુકુલતા કરવાને માટે પ્રગટ થયા છે. પ્રભુની આજ્ઞાનુરૂપ કાર્ય કરીને તે ફરી પ્રભુની સમીપ ચાલ્યા જાય છે. મિશ્રપુષ્ટિ—અપરાધવશ પ્રભુ દ્વારા આ લોકમાં આવે છે. તેના ત્રણ ભેદ છે. પુષ્ટિમિશ્ર પુષ્ટિ, મર્યાદામિશ્ર પુષ્ટિ અને પ્રવાહમિશ્ર પુષ્ટિ ભક્ત.

પુષ્ટિમિશ્ર પુષ્ટિ ભક્ત ભગવાનનાં બધાય સ્વરૂપોને અને તેના ગુણોને, અને તેની લીલાઓને અને પોતાા ઉપર થયેલા દંડને અને હવે તેમનું શું કર્તવ્ય છે ? એ બધું જાણવાવાળા છે.

મર્યાદામિશ્ર પુષ્ટિ ભક્ત ભગવાનનાં ગુણોને જાણવાવાળા છે.

પ્રવાહમિશ્ર પુષ્ટિ ભક્તોમાં ભગવાનમાં સ્નેહ થોડો હોય છે. લૌકિક આસક્તિ વશ તે પ્રભુ સેવા સંબંધી કાર્ય સ્નેહ રહિત થઈને કરે છે. આ મિશ્રપુષ્ટિ ભક્તોનો ક્રમથી શુદ્ધ પુષ્ટિમાં પ્રવેશ થઈ શકે છે.

પ્રવાહી જીવોના બે ભેદ છે. સહજ આસુર અને અજ્ઞઆસુર. સહજ આસુરોનું વર્ણન ગીતાજીના સોળમાં અધ્યાયના સાતથી વીશ શ્લોકમાં આપ્યું છે.

અજ્ઞઆસુર સાચું પુછવામાં આવે તો તે દૈવી જ છે, તેનો સમાવેશ પ્રવાહમિશ્ર પુષ્ટિ ભક્તોમાં થાય છે. તે સહજ આસુરમાં મળી જતાં નથી. તે ભક્તિમાર્ગનું અનુસરણ કરવાવાળા હોય છે. અને દંડને ભોગવીને ક્રમે કૃતાર્થ થઈ જાય છે.

પુષ્ટિસૃષ્ટિ પ્રભુના અંગમાંથી ઉત્પન્ન થઈ છે. તેથી તેની ક્રિયા, પ્રભુ-સ્વરૂપની સેવા અને આસક્તિ પણ તે સ્વરૂપમાં જ થાય છે. જેથી અંતિમ ફળ પણ પ્રભુ સ્વરૂપની પ્રાપ્તિ અને તેની અવિચ્છિન્ન સેવાનું ફળ મળે છે. મિશ્ર પુષ્ટિ જીવ પણ ક્રમ અનુસાર અંતે શ્રીભગવત્સ્વરૂપને પામી શકે છે.

મર્યાદા સૃષ્ટિ પ્રભુની વાણી દ્વારા ઉત્પન્ન થઈ છે. તેથી તેની આસક્તિ વાણીરૂપ વેદમાં જ વિશેષ થાય છે. પ્રભુના સ્વરૂપમાં તેની આસક્તિ થતી નથી. વેદના જ્ઞાનમાં જ આસક્તિ રહેવાથી તેને ચરમ ફળ માને છે. તેથી જ્ઞાનરૂપ વેદ તેને ફળ આપે છે. પ્રભુપ્રાપ્તિનુ ફળ તેને મળતું નથી.

પ્રવાહી સૃષ્ટિ પ્રભુની ઈચ્છાથી આ જગતના આરંભથી અંત સુધી, મહાકાળ પર્યંત, લૌકિક સુખ દુઃખમાંજ આસક્ત રહીને તેમાં જ ભટક્યા કરે છે. તે સહજ આસુર (અહંકારી) છે. આ આસુરી જીવોમાંથી કેટલાયે ચર્ષણી વાચ્ય જીવો છે. તેઓ પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદામાં ભ્રમણ કર્યા કરે છે. તે માર્ગમાં દિક્ષિત થઈને તેને અનુસાર કર્મ કરે છે. પરંતુ તેમનું ચિત્ત એકેયમાં લાગતું નથી. હંમેશા ડગમગ ડોલતું રહે છે. તેને તેની બાહ્ય ક્રિયા અનુસાર લૌકિક ફલ પ્રાપ્ત થાય છે.

૮. દોષોની નિવૃત્તિ માટે 'બ્રહ્મસંબધ' અવશ્ય લેવું જોઈએ. બ્રહ્મસંબંધ થવાથી જીવને સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે.

૯. દરેક વસ્તુનો પ્રભુને નિવેદન કરીને જ ઉપયોગ કરવો.

૧૦. સેવકનો સ્વામી પ્રત્યે જે ધર્મ છે. તેનું અનુસરણ કરીને પ્રભુની પરિચર્યા કરવી. પોતાના સુખની ઈચ્છા ન રાખીને પોતાના પ્રભુના સુખની જ ઈચ્છા રાખવી.

૧૧. સેવા કરવામાં કોઈપણ ભાવાન્તર આવવો ન જોઈએ. અને જો આવી જાય તો પ્રભુની ક્ષમાયાચના કરવી જોઈએ.

૧૨. વૈષ્ણવે દીનતા અવશ્ય રાખવી. જેને સાચી દીનતા પ્રાપ્ત થાય છે તેને પ્રભુની અંગીકૃતિનો પરિચય થાય છે. દીનતા પ્રાપ્ત કરવા માટે 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' આ મંત્ર ઉત્તમ છે.

૧૩. વિવેક, ધૈર્ય અને આશ્રયની રક્ષા દરેક વૈષ્ણવે કરવી જોઈએ. 'ભગવાન બધુંજ પોતાની ઈચ્છાથી કરશે' તે ભાવનાને વિવેક કહે છે. પ્રભુ આગળ ક્યારેય દુઃખની નિવૃતિ માટે કે સુખની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવી નહીં. આપત્તિ સમયે કાર્યમાં ઠહનો ત્યાગ કરવો. અને ધર્માધર્મમાં ધર્મનું મહત્વ સમજીને તેને અપનાવવો. વ્યર્થ હઠને ગ્રહણ ન કરવો. તેને વિવેક કહે છે.

સર્વ પ્રકારે હરિની શરણાગતિ રાખવી. ભય થાય ત્યારે પણ પ્રભુનો આશ્રય ન છોડવો. ભગવાનમાં અવિશ્વાસનો ત્યાગ કરીને દઢ આશ્રય રાખવો.

પ્રભુ ભક્તની પરીક્ષા કરવા દુઃખ મોકલે છે. તેથી તેને ધૈર્યપૂર્વક સહન કરવા જોઈએ. તે દુઃખ ભગવદ્દઈચ્છાથી જ દૂર થઈ શકશે. વ્યર્થ મહેનત કરીને ઈશ્વર ઉપર અવિશ્વાસ પ્રગટ કરવો જોઈએ નહીં.

૧૩. બધા પ્રકારનું અપમાન, અને કઠોરતા, પ્રાણીમાત્રમાં ઈશ્વરની ભાવના રાખીને સહન કરવું.

૧૪. ઈન્દ્રિયોના વિષયમાં સર્વથા ત્યાગની ભાવના રાખવી.

૧૫. આ લોક અને પરલોકના વિષયમાં ભગવાન શ્રીકૃષ્ણચંદ્રનો જ આશ્રય રાખવો. અન્યાશ્રય ક્યારેય પણ કરે.

૧૬. દુઃખથી બચવા માટે ભય આવે ત્યારે સર્વથા ભગવાનનો આશ્રય ગ્રહણ કરે.

૧૭. જીવથી જો અપરાધ થઈ જાય તો પણ કૃષ્ણનો આશ્રય કરવાથી અપરાધમાંથી મુક્તિ મળ છે. કોઈ કાર્યની સિદ્ધિ મળે તો ભગવાને સિદ્ધ કર્યું એમ માને. અને જો કાર્યની સિદ્ધ ન થાય તો ભગવાનની ઈચ્છા એમ માને. આ પ્રકારે વિચારવાથી દુઃખ થતું નથી.

૧૮. અભિમાન ક્યારેય ન કરે. અને જો ક્યારેય અભિમાન આવી જાય તો 'શ્રીકૃષ્ણઃ શરણં મમ' આ મંત્રનો પાઠ કરવો. તેથી અહંકારની નિવૃત્તિ થાય છે. ખરેખર યોગ્ય તે જ છે કે સર્વદા અને સર્વત્ર નિઃસ્વાર્થ ભાવે દીનતા સાથે ભગવાનનો આ મંત્ર જપતો રહેવો.

૧૯. પોતાના ધર્મને સદાય શ્રેષ્ઠ માનીને તેમાં શ્રદ્ધાપૂર્વક પોતાનું જીવન વ્યતિત કરવું. વિધર્મ અથવા બીજાના ધર્મથી અથવા તો પોતાના ધર્મથી વિરુદ્ધ ધર્મથી હંમેશા દૂર રહેવું.

૨૦. પોતાના ઈન્દ્રિયરૂપી ઘોડાઓને બળપૂર્વક રોકવા. કોઈવાર જીજ્ઞાસા અથવા કુતૂહલવશ પણ તેનો બીજી રીતે ઉપયોગ ન કરે.

પ્રત્યેક વૈષ્ણવે પ્રાતઃકાલ ચારથી પાંચ વાગ્યા સુધીમાં ઉઠી જવું જોઈએ. જાગ્યા પછી 'શ્રીકૃષ્ણ', 'શ્રીવલ્લભાધીશ', 'શ્રીગુસાંઈજી', 'શ્રીયમુનાજી', 'શ્રીગુરૂદેવ' ઈત્યાદિ નામોનું ઉચ્ચારણ કરવું. તે ઉપરાંત શ્રીનાથજીના ચિત્રજી અને પોતાના ગુરૂદેવના ચિત્રજીના દર્શન કરવા.

પરીક્ષા અર્થે પ્રશ્નો :

૧. વૈષ્ણવે કોનો આશ્રય ગ્રહણ કરવો ? (૨) અન્યાશ્રય શા માટે ન કરવો જોઈએ ? (૩) પુષ્ટિ સૃષ્ટિના ભેદ સહિત નિરૂપણ કરો. (૪) આસુરી સૃષ્ટિનું ભેદ સહિત દિગ્દર્શન કરાવો. (૫) મર્યાદા સૃષ્ટિ શું છે ? (૬) વિવેક, ધૈર્ય અને આશ્રય દર્શાવો. (૭) શ્રીમહાપ્રભુજીની શિક્ષાઓનું સંક્ષેપમાં વર્ણન કરો.

શ્રી વલ્લભવિજ્ઞાન સમિતિ દ્વારા પ્રકાશિત સાહિત્ય

૧.	**ભ્રમરગીત રસમય વ્યાખ્યા**	અપ્રાપ્ય
૨.	**શ્રીવલ્લભાખ્યાન સરળ ગુજરાતી ભાવાર્થ**	અપ્રાપ્ય
૩.	**કીર્તનકુંજ—સેવાપ્રકાર**	અપ્રાપ્ય
૪.	**શ્રીવિઠ્ઠલેશ સ્ત્યુત્યાવલી**	અપ્રાપ્ય
૫.	**શ્રીપ્રથમેશ ચરિતામૃત** (શ્રીપ્રથમેશજીનું જીવનચરિત્ર તથા વચનામૃતો—લેખો)	ન્યોછાવર રૂા.૨૦
૬.	**શ્રીપ્રથમેશ વાક્સુધા—૧** (શ્રીપ્રથમેશજી મહારાજશ્રીના પ્રવચનો—લેખો)	ન્યોછાવર રૂા.૨૦
૭.	**શ્રીપ્રથમેશ વાક્સુધા—૨** (શ્રીપ્રથમેશજી મહારાજના વચનામૃતો)	ન્યોછાવર રૂા.૨૦
૮.	**૮૪ ભગવદીય રત્નાવલિ** (૮૪ વૈષ્ણવોના બધાંજ પ્રાચીન અર્વાચીન ધોળ પદો ચોખરાનો અદ્વિતીય સંગ્રહ) પૃષ્ઠ ૩૦૦	ન્યોછાવર રૂા.૩૫
૯.	**૨૫૨ ભગવદીય રત્નાવલિ** (૨૫૨ વૈષ્ણવોના પ્રાચીન અર્વાચીન ધોળપદો તથા શ્રીગોકુલેશપ્રભુના ૭૮ ભગવદીયોનું ધોળ) પૃષ્ઠ ૨૦૪	ન્યોછાવર રૂા.૩૦
૧૦.	**શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનું જીવનચરિત્ર** (ગો.વા.લલ્લુભાઈ પ્રાણવલ્લભદાસ પારેખ દ્વારા ૯૦ વર્ષ પૂર્વ લખાયેલ મહાનજીવન ચરિત્રગ્રંથ જેમાં શ્રીમહાપ્રભુજીનું સંપૂર્ણ જીવનચરિત્ર તથા સિદ્ધાંતનિરૂપણ) મોટી સાઈઝ પૃષ્ઠ લગભગ ૩૦૦.પાકું પૂંઠું.	ન્યોછાવર રૂા.૧૦૦
૧૧.	**શ્રીપુષ્ટિ સિદ્ધાંતસાર** (ઈન્દોરવાળા વાજપેયી સોમયાજી દીક્ષિત પૂ.પા.ગો.શ્રીગોકુલોત્સવજી મહારાજશ્રીએ રચેલ 'પુષ્ટિમાર્ગ સિદ્ધાંત'નો ગાગરમાં સાગર સમાન અનુપમ ગ્રંથ) પૃષ્ઠ ૨૦૮	ન્યોછાવર રૂા.૩૦

ઉપરોક્ત દરેક પુસ્તકોની ન્યોછાવર ઉપરાંત જે તે સમયે અમલમાં રહેલ દર મુજબ પોસ્ટેજ ખર્ચ અલગ.

પ્રાપ્તિસ્થાન : 'શ્રીવલ્લભસુધા' કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા, રાજકોટ—૩૬૦૦૦૧.

સામાન્યતઃ આચાર–સંકલન

લેખક : શ્રીનવનીતપ્રિય શાસ્ત્રીજી

ધર્માચરણ ભક્તિમાર્ગમાં તો કૃષ્ણસેવા માટે છે. પ્રભુની પ્રસન્નતા માટે છે. ધર્મ–આચાર તેને અનુરૂપ જોઈએ.

શ્રીભાગવતમાં ધર્મના ચાર ચરણ કહેલા છે.

તપઃ શૌચં દયા સત્યમિતિ પાદાઃ કૃતે કૃતાઃ । (૧–૧૭–૨૪)

કલ્પભેદ કે યુગભેદથી ધર્મના ચરણ જુદા જુદા કહેલા દેખાય છે.

સત્યયુગમાં તે સમયે– (૧) તપઃ –કૃચ્છ્રાદિ. (કાયાને કલ્યાણ–કૃષ્ણ–માટે કસવી સંતાપ સાધવો; સ્વશાસ્ત્ર ગ્રંથોનું આલોચન (વિચાર). (૨) શૌચ : સર્વથા શુદ્ધતા, (અંદર–બહાર, મન–તનની પવિત્રતા), (તેના કારણ–રૂપ આચાર). (૩) દયા : પરદુઃખ દૂર કરવાની ઈચ્છા, (સૌનું મંગલ થાય તેવી કલ્યાણ–કામના). (૪) સત્ય : સાચું બોલવું તે. (વિચાર–વાણી–વર્તનની સત્યતા).

આ ચાર ચરણ ધર્મના કહેલાં છે. આ ચારથી ધર્મ ઓળખાય છે. આ ચાર આચારમાં આવે તો ધર્મ છે, તેમ સમજાય. આચરણમાં આ–ચરણ ન હોય તો ધર્મ સંપૂર્ણ ન ગણાય. હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી વગેરેમાંથી કોઈપણ ધર્મ હોય, તેમાં આ ચાર આચારમાં વણાએલા હોય તો, તે ધર્મની જપ–પાઠાદિ પ્રક્રિયાઓ ફલિત થાય છે; નહીં તો શિથિલ રહે છે.

ભારતીય–ધાર્મિકતામાં આ ચારના આધારે વર્ણાશ્રમ વગેરે ધર્મો છે. વર્ણાશ્રમ– ધર્મો ભગવાને સર્વજન હિત માટે પ્રવર્તવેલા છે. તેનું યથાધિકાર યથાશક્તિ આચરણ કરવું આવશ્યક છે. જેના માટે પ્રભુ પ્રકટ થઈ ગયા હોય; અને આ પ્રકટ પ્રભુના સ્વરૂપથી, લીલાથી, રસાનુભવથી તેનામાં ભક્તિ પ્રકટ થઈ જાય તેવા શુદ્ધ, પુષ્ટિ, ભક્તિવાળાને તો બધા અન્ય ધર્મો ગૌણ બની જાય છે. જરૂરી રહેતા નથી, સર્વધર્મ પરિત્યાગપૂર્વક (આત્મધર્મથી) એક માત્ર કૃષ્ણને શરણે જનાર માટે પણ તે જરૂરી રહેતા નથી. જેને પહેલા હૃદયમાં ભક્તિ પ્રકટ થઈ અને ભક્તિથી ભગવાન પ્રકટ થાય, તે મિશ્ર–પુષ્ટિમાં ગણાય. તે સૌને તો વર્ણાશ્રમધર્મ જરૂરી છે. નિરોધ–વ્યસન–ફલદશાવાળાને પણ વર્ણાશ્રમ ધર્મની આવશ્યકતા નથી. પ્રેમ–આસક્તિ સુધી તો વર્ણાશ્રમધર્મ જરૂરી છે. શુદ્ધ પુષ્ટિભક્તો માટે પણ.

લૌકિકત્વં વૈદિકત્વં કાપટ્યાત્ તેષુનાન્યથા

પુષ્ટિપ્રવાહમર્યાદામાં સ્પષ્ટ છે. પુષ્ટિભક્ત બધા આવશ્યક લૌકિક, વૈદિક કાર્યો કરવા છતાં તેમાં અહંતા, મમતા, આસક્તિ, ફલાપેક્ષા વગર જ કરશે. આ અહીં "કાપટ્ય" છે, લોકપ્રસિદ્ધ છલ–કપટ કરવું તે નહીં.

લૌકિકં વૈદિકં ચાપિ કાર્યં કુવન્નનાસ્થયા (શિક્ષાપત્ર ૧–૧)

લૌકિક, વૈદિક કાર્ય અનાસ્થાથી કરતાં પોતાની કૃષ્ણભક્તિમાં રત રહેવું.

યથાકથંચિત્ કર્તવ્યો વ્યવહારો હિ લૌકિકઃ ।
અપકીર્તિભયાત્તેન બુદ્ધિશૈથિલ્ય સંભવાત્ ॥

–શિક્ષાપત્ર (૫–૧૦)

કોઈ રીતે (આસક્તિ, ફલલાલસા વગર) આવશ્યક હોય તેટલો લૌકિક (વૈદિક) વ્યવહાર કરવા જરૂરી છે, નહીં તો અપકીર્તિ થાય, તેથી બુદ્ધિ શિથિલ થાય. ભગવાનમાં બુદ્ધિ સ્થિર ન રહે. આ ભયથી જરૂરી લૌકિક, વૈદિક વ્યવહારો પણ નિર્લેપ રીતે કરી લેવા, પતાવી દેવા.

સંધ્યા વંદનાદિ નિત્યકર્મો તથા પુત્ર–પુત્રીનાં લગ્નાદિ, નૈમિત્તિક કર્મોમાં શાસ્ત્રીય વિધિ તથા જરૂરી લોકવ્યવહાર જે પ્રાપ્ત થતાં હોય તે પણ આસક્તિ વગર કરી લેવા.

ભગવલ્લીલા, શ્રવણ અને સેવારૂપ આત્મધર્મ તો મુખ્ય નિત્યકર્મ છે, તે તો પ્રેમથી કર્યા કરવા જ. લૌકિક, વૈદિક અહંતા–મમતા હોય ત્યાં સુધી તો વર્ણાશ્રમ–ધર્મો કપટપૂર્વક પણ થયાશક્તિ પાળવા જરૂરી છે. વ્યસનદશામાં આ અહંતા–મમતા છૂટી જતાં, બધા વર્ણાશ્રમાદિ–ધર્મો સ્વતઃ છૂટી જશે; પ્રયત્નપૂર્વક છોડવા ન પડે. પોતાને માટે શરીર સાચવવાનું ભાન હોય, ગમતું હોય, ત્યાં સુધી વર્ણાશ્રમધર્મો જરૂરી છે. ભગવાને માંટે શરીર સાચવવું ગમે, ત્યારે તે ગૌણ થઈ જાય છે.

તદાશ્રય તદીયત્ત્વ–બુદ્ધયૈ કિંચિત્ સમાચરેત્ ।
સ્વધર્મમનુષ્ઠિન્ વૈ ભારદ્વૈગુણ્ય મન્યથા ॥

–બાલબોધઃ (૧૯)

તદાશ્રય અને તદીયત્વ સધાય તેમ સમજવા માટે, સ્વધર્મનું યથાશક્તિ આચરણ કરતાં નિશ્ચિત રીતે કાંઈક (શ્રવણાદિ) કરે, નહીં તો ભાર (દોષ) બમણો થઈ જાય, તેથી ફલમાં વિલંબ થાય. તેમ ન થાય માટે, વર્ણાશ્રમધર્મ પણ ઉપયોગી છે.

કોઈ–સાધનદશામાં તદાશ્રય અને તદીયતા યોગ્ય રીતે ન નિભાવી શકે અને વર્ણાશ્રમ ધર્મ છોડી દે તો બંને ખોવાઈ–ખોરવાઈ જશે. તદાશ્રય અને તદીયત્ત્વ જ્યાં સુધી વ્યસનદશાને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તો યથાસંભવ વર્ણાશ્રમ ન છોડાય, પુષ્ટિ ભક્તે તો કૃષ્ણના અનન્ય બનીને, સ્વધર્મનું પાલન કરવાનું હોય ધર્મ તો સાધન છે, ભગવત્પ્રીતિ સાધ્ય છે; પ્રભુપ્રીતિ સાધન છે, ભગવાન ફલ છે.

આમ, શ્રીમહાપ્રભુજીના પુષ્ટિમાર્ગમાં તો, સિદ્ધાન્તદર્શન અને આચારની એકતા સ્પષ્ટ છે. 'કૃષ્ણસેવા' જ આચાર છે. તેમાં સાનુકુલ રીતે વર્ણાશ્રમધર્મ, લૌકિક–વૈદિક વ્યવહારો આવશ્યક હોય તેમ, યથાશક્તિ કરવા, પુષ્ટિ ભક્તે તો 'કૃષ્ણસેવા'ને ગૌણ કરીને છોડીને, કાંઈજ કરવાનું ન હોય, ધર્મ તો સાધન છે, ભગવત્પ્રીતિ સાધ્ય છે, પ્રભુ–પ્રીતિ સાધન છે, ભગવાન ફલ છે.

આમ, 'કૃષ્ણસેવા'ને સાનુલ ધર્માચરણમાં મનવાણી–દેહ ત્રણે સંકલિત થઈ જાય છે.

ત્રણેનો વિનિયોગ એવી રીતે કરાવવો કે મનનો વિનિયોગ સરલતાથી થઈ જાય. તેમાં શાસ્ત્ર–સમજ પહેલાં જરૂરી છે–

શાસ્ત્રમવગત્ય મનોવાગ્ દેહૈઃ કૃષ્ણ સેવ્યઃ । (શાસ્ત્રાર્થ પ્રકરણ પ્રકાશ–૪)

(શ્રીમદ્ ભાગવત) શાસ્ત્ર સમજીને મન, દેહ, વાણી વડે કૃષ્ણને સેવવા જરૂરી છે. આ ત્રણે સેવામાં સાનુકૂલ થાય, યોગ્ય બને તે માટે મન, વાણી, દેહની શુદ્ધિ, પવિત્રતા માટે સ્વધર્મના યથાધિકાર યોગ્ય આચારો આવશ્યક છે.

[પુષ્ટિ–પુલિનમાંથી સાભાર]

સત્સંગ–મંડળ

લેખક : ગો.વા.પ.ભ.શ્રીમગનભાઈ તન્ના, રાજકોટ.

–ગતાંકથી ચાલુ

જેવો કનુભાઈનો સ્વભાવ તેવો જ ઈંદિરાનો સ્વભાવ. ઈંદિરાએ પણ એસ.એસ.સી. પાસ કરેલ છે અને પોરબંદરવાળા બાવાશ્રી પાસે બ્રહ્મસંબંધ પણ લીધેલ છે. પુષ્ટિ જીવો છે. બંનેને પોતાના ધર્મમાં અથાગ પ્રેમ છે. હવે તો જે પ્રવૃત્તિ વ્રજપુરમાં કનુભાઈ કરે છે તે બધી જ પ્રવૃત્તિ ઈંદિરા મહિલાઓમાં કરી રહ્યાં છે. ધોળ, મંગળ ગીતો, રાસ–ગરબા, ઉત્સવો, કથા–વાર્તાઓ, ધૂન વગેરે બધી જ પ્રવૃત્તિઓ ઈંદિરાની આગેવાનીમાં મહિલાઓમાં પણ થવા માંડી છે.

હવે કનુભાઈને વિચાર આવ્યો કે આ ગામમાં એક મોટી ઉણપ સત્સંગ–મંડળની છે. ગામમાં હવેલી છે. વસતીનો મોટો ભાગ વૈષ્ણવોનો છે, છતાં અહીં સત્સંગ મંડળ ચાલતું નથી. વૈષ્ણવોનો પ્રાણ સત્સંગ છે. સત્સંગ દ્વારા જ પોતાના સંપ્રદાયનો મહિમા જાણી શકાય. રાગ–રાગણી અને સંગીતના સાધનો દ્વારા મનને આકર્ષી શકાય, છતાં જે ગવાઈ રહ્યું છે તેનું રહસ્ય કોઈક જ પૂરી રીતે સમજતું હશે. જો પ્રતિદિન રાત્રિના એકાદ કલાક સત્સંગ–મંડળ ચાલે તો અને તેમાં વાચન, શ્રવણ, મંગળ ગીતો, ધૂન, પ્રશ્નોત્તરી વગેરે થાય તો પુષ્ટિમાર્ગના રીતિ, પદ્ધતિ અને જ્ઞાન પ્રાપ્ત થાય. એ બધું ખૂબજ આવશ્યક છે. માત્ર દર્શન કે કીર્તનથી પુષ્ટિ જીવન સિદ્ધ થાય નહીં. પુષ્ટિમાર્ગ અન્ય માર્ગો કરતાં અનોખો અને ઉત્તમ માર્ગ છે, એ તો પુષ્ટિ સાહિત્ય દ્વારા જ અને સત્સંગથી જ પૂર્ણપણે જાણી શકાય.

આવા વિચારો આવતાં, એક દિવસ તેમણે પોતાના આ વિચારો ગામના વયોવૃદ્ધ અને પુષ્ટિજીવ એવા કાનજી બાપાને જણાવ્યા.

કાનજીબાપા આ સાંભળીને અત્યંત આનંદિત થઈ ગયા, અને બોલી ઉઠયા કે લાંબા સમયથી ઘોળાયા કરતી મારા અંતરની પ્રાર્થના પ્રભુએ સાંભળી ખરી !

તેણે કહ્યું, ઓહો, ભાઈ, તમે યુવાન છો, વળી તમે સારું એવું ભણેલા પણ છો. જો તમે આ ભાર ઉપાડી લેતા હો તો અમે બધાજ વૈષ્ણવો સાથ આપીશું. આ ગામની એક મોટામાં મોટી ઉણપ પુરાશે અને પુષ્ટિજ્ઞાનનો ખરો મહિમા આજના યુવાનોને તેમજ વધુમાં વધુ તો આજના બાળકોને સમજાશે. એમ થાય તો તે ઘણું જ ઉત્તમ કામ ગામમાં થયું ગણાશે. અમો વૃદ્ધો તો આ વિચાર વારંવાર કરતા હતા, પણ એવો પુષ્ટિ જીવ મેળવવો ક્યાંથી ? કે જે વાંચીને સમજે અને બીજાને સમજાવે. વળી આજના જુવાનિયાઓ રાત્રે જ્યાં ત્યાં અને ગમે તેમ સમયને વેડફી નાંખતા હોય છે, તેઓ સારે રસ્તે ચડશે. અમારી પાસે તો શ્રમ અને પૈસો બંને છે, પણ જ્ઞાન નથી. આ ઉણપ તમે પૂરી કરો તો તો તેનાથી અધિક રૂડું બીજું શું હોઈ શકે ?

કનુભાઈને તો 'ભાવતુ તું ને વૈદ્યે બતાવ્યું' એમ થવાથી પોતે હર્ષમાં આવી ગયા અને પોતે પ્રતિદિન રાત્રે ૮–૩૦ થી ૧૦–૩૦ બે કલાક સત્સંગમાં આપવા બંધાઈ ગયા. ગામલોકોના હર્ષનો પાર રહ્યો નહીં.

—ક્રમશઃ

ડાકોરવાળા મહાનુભાવ વિદ્વાન ભગવદીય ઈચ્છારામ ભટ્ટના આંતર ઉદ્‌ગારો

૧૦૩. સેવામાં વિરહ ભાવ

વેદની શ્રુતિ પ્રભુનું વર્ણન કરે છે. સર્વે એમ કહે છે, કે આ જગતમાં હરિ છે, ત્યારે વેદની શ્રુતિઓએ કહ્યું કે એવું ખોટું શું બોલ્યા ? ક્યાં આ જીવ ને ક્યાં આ મોટા પ્રભુ ? આ જીવને બંધ છે, કાંઈ પ્રભુને બંધન છે નહીં. વળી આ જીવ નરકમાં પડે છે, ત્યારે તેની સાથે પ્રભુ કાંઈ નરકમાં પડતા નથી. માટે આ જીવને પ્રભુ સમાન છે નહીં.

આ જીવને કરોડો મા ને બાપ થાય છે, ને વળી થશે. એના બાપને ગાળ દે તો તેને જીવ મારવા દોડે, પણ હરિને ગાળ દે ત્યારે કોઈ બોલે નહીં. વળી માને ગાળ દે, ત્યારે લડીએ, પણ શ્રીલક્ષ્મીજીને ગાળ દે ત્યારે કંઈએ નહીં.

ત્યારે જીવને અને પ્રભુને શો સંબંધ છે ? તું કરોડવાર કુતરો થાય ત્યારે કુતરી મા, ને ગધેડો થાય ત્યારે ગધેડી મા, વળી ઓળગાણો થાય ત્યારે ઓળગાણી મા થાય, ત્યારે તારે ને પ્રભુને શો સંબંધ ? તું હતો તો પ્રભુનો અંશ પણ આપદાએ તને જીવ કર્યો છે. જીવને ને પ્રભુને કાંઈ બનતું નથી. જ્યારે તું જીવ મટીશ, ને પ્રભુનો દાસ

થઈશ, ને મા ને બાપનું સગપણ નહીં જાણું, ને આ લોકનો મટી જઈશ, તથા પ્રભુનો છોકરો થઈશ, ને પ્રભુ તે બાપને શ્રીલક્ષ્મીજી તે મા જાણીશ, એમને સુખે સુખી ને એમને દુઃખે દુઃખી થઈશ ત્યારે પ્રભુનો દાસ થઈશ. જ્યારે તારો જીવભાવ જશે ત્યારે તારે ને પ્રભુનો પાછો સંબંધ થશે, તે કેમ જાણીએ ?

અહોરાત પ્રભુની સેવા, પ્રભુનું કીતર્ન, પ્રભુની કથા, પ્રભુનું ધ્યાન, એમના વિના કાંઈએ જાય નહીં, ત્યારે તો દાસ થયો. ત્યારે પ્રભુને તારા ઉપર મમતા આવે. જેવા તને પ્રભુ વહાલા લાગે, તેવો તું પ્રભુને વહાલો થઈશ.

શ્રીમહાપ્રભુજીએ ગદ્યમાં કહ્યું છે, કે સહસ્ર વત્સરથી પ્રભુથી વિછર્યો છું, માટે પ્રભુ વિના ક્યાંય મન ઘાલીશ નહીં. વળી પુષ્ટિમાર્ગની રીત તો આઘી છે. ત્યારે પૂછ્યું કે આ શી રીતે જણાય ?

ત્યારે જવાબ આપ્યો કે જેને છોકરો ન હોય, તેની વંશ જતી હોય, ત્યાર પછી તેને વળી છોકરો આવે તો તેને કેવો આનંદ થાય ? રાત દહાડો છોકરામાં જ મન રહે, ને વળી દેખે ત્યારે આનંદના ઓઘ ઉઠે. વળી છોકરો આવ્યા પછી એમ જાણે કે વીસ પચીસ વર્ષ જીવું તો છોકરો પરણાવું. વળી છોકરાની વહુની અઘરણી કરું ને છોકરાનાં છોકરાં જોઉં. આવો રાતદિવસ વિચાર કરે છે.

તેમ આ જીવને પોતાના પ્રભુની ચિંતા કરવી કે હવે હું તો મરવા પડયો, મારા પ્રભુની સેવા કોણ કરશે ? એવી ચિંતામાં રાતદિવસ જાય, ચિંતાથી આંખે આંસુ વહ્યા જ કરે. અહોરાત પ્રભુના વિચારમાં જાય, કે એમને કોણ સારી સામગ્રી આરોગાવશે ? વળી એમને મારા કોણ કહેશે ? મા હું તો મરવા બેઠો છું, મારા પ્રભુની શી વલે થશે ? એમ કરતાં કરતાં આંખમાંથી આંસુ ચાલ્યા જાય ને તેની દેહ છૂટે, ત્યારે તેને પુષ્ટિનું દાન થાય. ૧૦૩

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ચેતો

બ્રહ્મસંબંધ એટલે શું ? તે કોની પાસે લેવાય !

સનાતન વૈદિક હિંદુ ધર્મ અનેક સંપ્રદાયોથી શુશોભીત છે. દરેક સંપ્રદાયો પોતાની વિશિષ્ટ પ્રણાલિકા અને સિદ્ધાંતો દ્વારા જીવને ભગવદ્પ્રાપ્તિ સુધી લઈ જતા હોય છે. વલ્લભ સંપ્રદાય (પુષ્ટિમાર્ગ) પણ સનાતન હિંદુ ધર્મમાં આગવું સ્થાન ધરાવે છે. આજથી ૫૦૦ વર્ષ પૂર્વ હિંદુ ધર્મ કર્મ પ્રધાન હતો. જીવ જેવા કર્મ કરે તે અનુસાર તેની ગતિ. માનસમાં કહ્યું છે તેમ “કર્મ પ્રધાન વિશ્વ કર રાખા, જો જસ કર તસ ફલ ચાખા” અને જ્યારે જીવના પાપ અને પુણ્ય સમાન થાય ત્યારે તેનો મોક્ષ, આ વિચારધારા સમાજમાં પ્રચલિત હતી.

શ્રાવણ સુદ ૧૧ ના પાવન દિવસે શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુને ચિંતા થઈ કે અત્યારના સમયમાં જીવ ધર્મના બધાજ સાધનો છોડી બેઠો છે અને અનેક દોષોથી ગ્રસ્ત થયો છે. તો આવો દોષિત જીવનો નિર્દોષ પ્રભુ સાથે સંબંધ કઈ રીતે થાય. આ ચિંતા કરતા હતા ત્યારે મધ્યરાત્રિએ સાક્ષાત્ પૂર્ણ પુરૂષોત્તમ શ્રીકૃષ્ણ ત્યાં પ્રગટ થયા અને તેમણે બ્રહ્મસંબંધ મંત્ર શ્રીમહાપ્રભુજીને આપ્યો અને આજ્ઞા કરી કે આપના દ્વારા આ મંત્રથી જે જીવ મારી સાથે જોડાશે તેના દોષો સામે ન જોતા એ જેવો છે તેવો હું તેને સ્વીકાર કરીશ અને પછી ક્યારેય છોડીશ નહીં. આમ આ દિવસે પુષ્ટિમાર્ગનો પ્રારંભ થયો. પુષ્ટિ એટલે કૃપા અને પ્રભુની

સૌથી મોટી કૃપા એજ કે આપણે જેવા છીએ તેવા આપણને સ્વીકારી લે. મર્યાદામાર્ગમાં શુદ્ધિ પછી સ્વીકાર પણ પુષ્ટિમાર્ગમાં પહેલા સ્વીકાર અને પછી શુદ્ધિ. આમ, બ્રહ્મસંબંધ દ્વારા કૃપામાર્ગનો પ્રારંભ થયો.

વલ્લભ સંપ્રદાય (પુષ્ટિમાર્ગ)માં ગદ્યમંત્ર (બ્રહ્મસંબંધ મંત્ર)ની દિક્ષા લીધા પછી જીવને સ્વરૂપ સેવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. પરંતુ આજના સમયમાં એ સમજવાની ખાસ જરૂર છે કે આ મંત્રની દીક્ષા કોની પાસે લેવી જોઈએ. ઘણીવાર વૈષ્ણવોની અજ્ઞાનતાનો લાભ ઉઠાવીને કેટલાક કથાકારો અને કહેવાતા પરમજ્ઞાનીઓ આ દીક્ષા આપવા લાગ્યા છે. પણ વૈષ્ણવો આવા કપટધારીઓથી ચેતજો, બ્રહ્મસંબંધ આપવાનો અધિકાર કેવળ વલ્લભકુળના બાલકોને જ છે. એજ આપણા સંપ્રદાયની પરંપરા છે કે વલ્લભકુળના આચાર્યો શ્રીમહાપ્રભુજીની આડીથી બ્રહ્મસંબંધ આપે છે અને વૈષ્ણવો દામોદરદાસજીની કાનીથી બ્રહ્મસંબંધ લે છે. વલ્લભકુળના બાલકો સિવાય અન્ય કોઈ (કહેવાતા સંતો કે કથાકારો) પાસે લેવામાં આવેલું બ્રહ્મસંબંધ ક્યારેય ફલિત થતું નથી. આ કપટધારી લોકો પોતાનો શિષ્ય વર્ગ વધારવા, કિર્તિ વધારવા, પૈસા એકઠા કરવા પોતાના ગુરૂદેવનું નામ વટાવી બ્રહ્મસંબંધ આપે છે પણ ધ્યાન રાખજો આવા બ્રહ્મસંબંધ દાતાઓ તો અજગર બને છે પણ શિષ્યને પણ કીડી બનવું પડે છે. (અજગર કીડીનો પ્રસંગ) શ્રીવિઠ્ઠલનાથજીના ચતુર્થ લાલ શ્રીગોકુલનાથજી સિદ્ધાંતરહસ્યની ટીકામાં સ્પષ્ટ આજ્ઞા કરે છે–

"બ્રહ્મસંબંધકરણં નામ એતન્માર્ગીયાચાર્ય દ્વારા ભગવન્નિવેદનમ્।" બ્રહ્મસંબંધ એટલે આ માર્ગના આચાર્ય દ્વારા ભગવાનને કરવામાં આવતું નિવેદન.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો ભોળા અને સરળ હોવાને કારણે ઘણીવાર તેઓને ખોટા માર્ગે દોરવામાં આવે છે. પણ વૈષ્ણવો હવે જાગૃત થવાનો સમય આવી ગયો છે. ધ્યાન રાખજો કે તમારી શ્રદ્ધાનો કોઈ ગેરલાભ તો નથી લઈ રહ્યું ને ? ધર્મનું નામ આપી તમને કોઈ પતનના માર્ગે તો નથી લઈ જઈ રહ્યું ને ? સાચો વૈષ્ણવ એને જ કહી શકાય કે જે, જ્યાં આવું ખોટું કાર્ય ચાલતું હોય ત્યાં જઈ તેનો સામી છાતીએ વિરોધ કરવાની તાકાત ધરાવતો હોય.

(પાષંડપ્રચુરે લોકે કૃષ્ણ એવ ગતિર્મમ)

બંસીલાલ જી. શાહ (લેખક–પત્રકાર)
૧૨, તત્સત્ સોસાયટી, માણેકબાગ પાસે, આંબાવાડી, અમદાવાદ–૧૫

આજીવન પૃષ્ઠ પ્રકાશન સહાયક

૧. ગો.વા. મણીબેન કેશરીયા રાજકોટના જય શ્રી કૃષ્ણ હ.પ.ભ. છોટાલાલ ગીરધરલાલ કેશરીયાના જય શ્રી કૃષ્ણ
૨. ગો.વા.પ.ભ. ગજરાબેન કેશવલાલ દાણી હ. હસુબેન એસ. પરીખ, મુંબઈ ના જય શ્રી કૃષ્ણ
૩. મહાકારુણિક જગતગુરૂ શ્રીમદ્ વલ્લભાચાર્યજી પંચશતાબ્દિ મહોત્સવ સમિતિ. રાજકોટના સૌજન્યથી
૪. ગો.વા વીઠ્ઠલદાસ ભગવાનદાસ પોપટ તથા ગો. વા. લીલાવંતી ભગવાનદાસ પોપટના સ્મરણાર્થે હસ્તે ભગવાનદાસ વલ્લભદાસ પોપટ દ.ગોકુલ બી. પોપટના જય શ્રીકૃષ્ણ.
૫. ગો. વા. પ. ભ. શ્રીજશવંતીબેન છગનલાલ શાહના જયશ્રી કૃષ્ણ. હસ્તે ડૉ. અશ્વીન સી. શાહ (અંધેરી–મુંબઈ)

શ્રીયમુનાજીના પદ (પદ-૯૬)

રચયિતા—મહાકવિ શ્રીવલ્લભદાસ શર્મા, દેવરી ભાવાર્થ લેખક- 'માધુરી' રાજકોટ

ઔર કૌન કેં રીતિ હેં ઐસી;
પરમ ઉદાર બડાઈ અદ્‌ભુત હરિ હૂ કી નહીં તૈસી. ૧
કૃપા ખાનિ જન દૈવી પાલનિ, શ્રીરવિજા કી બાનિ;
યમ યાતના ટરતિ ગુન ગાવત, સકલ સુમંગલ દાનિ. ૨
નિજ તટસ્થ લીલા ઉપયોગી, જીવ પરમ ફલ પાવૈ;
યહ પ્રતાપ બલ શ્રીયમુને કૌ, નૈક શરણ જો આવૈ. ૩
મેરી વ્યથા નંદનંદન સોં, સકલ કહૌ સમુઝાઈ;
'વલ્લભ' દીન દાસ કી વિનતી, ભક્તિ ટેક નહીં જાઈ. ૪

ભાવાર્થ : શ્રીયમુને આપની રીત પ્રીત અદ્‌ભુત છે, જેવી કે શ્રીહરિની પણ નથી. આપની ઉદારતા, શરણાગતની રક્ષા વિગેરે દૈવી જીવો ઉપર તો ખાસ આપની વિશેષ કૃપા છે. જેને આપે અભય આપ્યું છે તેને યમયાતના કદી ભોગવવી પડતી નથી. તેઓ તો હે સૂર્યપુત્રી, (રવિજા) આપના ગુણાનુવાદ કરી અને મંગલમય જીવન પુરૂં કરે છે, કારણ કે મંગલનું દાન આપના તરફથી તેને મળેલ છે. આપના યુગલ તટ પર સર્વ લીલા ઉપયોગી સામગ્રી સદા એક રસ હોવાથી તે લીલાનો આનંદ દૈવી જીવ સદા ફળરૂપ પ્રાપ્ત કરે છે.

આવો આપનો પ્રતાપબળ છે. જે કોઈ જીવ કેવળ આપનું શરણ ગ્રહણ કરે તે ઈચ્છિત ફળ પ્રાપ્ત કરે. આવા અદ્‌ભુત ચરિત્ર આપના છે, તો હું વલ્લભ દીનદાસ છું તેની વ્યથા નંદનંદનને કહો, વિનંતી કરીને કહો કે જેથી આપની ટેક જે ભક્તિદાનની છે તે બની રહે. ૯૬

ભક્તિપોષણ

વિવેચક : પ.ભ. શ્રીમથુરાદાસ જીવરાજભાઈ મહેતા, રાજકોટ.

નાનો પદાર્થ મોટો દેખાડે, ને પાક્યાને દેખાડયો કાચો;
ઉગ્ર હોય તેને અણુ બતાવે, ને જુઠો મનાવે સાચો.
સાચો ભાસે એ જ માયાનું રૂપ, એણે કીધા વશ રંકને ભૂપ
એને જીત્યાનો છે એક ઉપાય, સાચું શરણ ગ્રહો લહો શ્રી વૃજરાય
સેવો શ્રી કૃષ્ણ કૃપાળ (૯૪)

વિવેચન : આ ચંદ્રાવળામાં કવિશ્રી માયા, માયાનું રૂપ અને તેનાથી બચવાનો ઉપાય બતાવે છે.

માયાએ બધાને લપેટમાં લઈ લીધા છે. વિશ્વ વિમોહિની માયાએ રાજા હોય કે રંક, પ્રાણીમાત્રને વશમાં કરી લીધા છે.

માયા–સાચી વસ્તુને બદલે જુઠાને સાચું કરી બતાવે છે. નાની વસ્તુને મોટી બતાવે, મોટાને નાનું કરી બતાવે. આવી રીતે તે જુઠા આભાસો ઉભા કરી તેનામાંથી કોઈને છટકવા દેવા માગતી નથી.

જેવી રીતે રેતીના રણમાં મૃગજળનો આભાસ થાય. હરણ પાણીનું તરસ્યું દોડયા કરે તેમ, જેમ દોડે તેમ તેમ દૂર પાણી દેખાય. આખરમાં થાકે છે, તેનો શ્રમ વૃથા જાય છે, તેમ જીવ માત્ર આ સંસારને જ સર્વસ્વ માનીને હું સુખી કેમ થાઉં, આના માટે દોડધુમ કરે છે, પણ બધાયને સુખ મળતું નથી. દોડી દોડીને થાકે ત્યાં આવરદા પુરી થાય, ત્યારે તેને પસ્તાવો થાય કે મારી મહેનત નકામી ગઈ.

માયા વિશે ગીતા અ. ૭ શ્લોક ૧૪–૧૫

મારી માયા ત્રિગુણી છે. તેને ઓળંગવી મુશ્કેલ છે. છતાં પણ જેઓ મારે શરણે આવે છે, તેઓ માયાનાં માથે પગ દઈને આગળ આવી મને પ્રાપ્ત કરે છે. પરંતુ માયામાં અતિ મોહિત બનેલા આઠો પ્રહર તેમાં જ રચી પચી રહેલા તેવા મૂઢ પાપી અને આસુરી ભાવનો આશ્રય કરી રહેલા અધમ પુરૂષો મારે શરણે આવતા નથી. તેથી તેઓ મૃગજળને સાચું માની હરણની માફક દોડયા કરે છે. જેનું આખરમાં કોઈ ફળ નથી. તેઓનો કરેલો શ્રમ તે વૃથાશ્રમ જાય છે.

આ માયાથી તો પ્રભુ આપ બચાવે ત્યારે જ બચી શકાય. કોઈ તો કંચન, કોઈ કામની, કોઈ ધનમાં મોહિત થઈ તેમાં જ ઉંમર પુરી કરે છે. કોઈને મળી જાય તો તે તેનામાં બંધાઈ જાય. કોઈને મળે નહીં તો તે મેળવવામાં જ ઉંમર પુરી કરે. પરંતુ આખર તો અહીંનુ બધું અહીંજ રહેવાનું. સંસાર છોડતી વખતે મેળવ્યું તે, ને જેને નથી મલ્યું તે બંને ખાલી હાથે જ જવાના છે. આમ માયામાં જ રચ્યા પચ્યા રહેલાને જમરાજ આવીને પળમાં કાળનો કોળીયો કરી જાય છે. ત્યાં કોઈનું કાંઈ કામ આવતું નથી. તેમ તે સમય

ક્યારે આવશે તેની તેને ખબર નથી. છતાં પણ આખરી શ્વાસ સુધી માયાનાં જ ગુણો તેમાં પ્રવર્તે છે. આવા જીવો કર્મને આધારે કેવળ આવાગમન કર્યા કરે છે, કેમકે તે માયાને આધિન બનીને રહ્યાં છે.

કોઈ કંચન કોઈ કામીનીમાં લપટે, ત્યાંથી બચે તો યશમાં ઝપટે
ત્યાંથી પણ ભાગીને જાય તો રસનાં રપટે.

યોગી તપસ્વી ક્રોધમાં કુટે જ્ઞાની ત્યાગી સિદ્ધિ ન લુટે
અહંતા મમતા કોઉન છુટે સિદ્ધ થયે સબ જગત પુજાયે

માયાના આવા વિચિત્ર ગુણો છે. કોઈ તો ધનની લાલચમાં કે તેની પ્રાપ્તિમાં એવા તલ્લીન બની જાય કે ઉમર આખી મેળવ્યા જ કરે, તેને સંતોષ જ ન થાય. ગમે તેટલું મેળવ્યા છતાં અસંતોષ જ રહે. તેમાંથી કાંઈ ઉપયોગ કરે તે પહેલાં જ યમના ઝપટામાં આવી જાય.

કોઈ તો સુંદર નારીના રૂપમાં મોહિત થઈ તેને મેળવવા જતાં પોતે જ પોતાની જાતની પુર્ણાહુતિ કરી લે. મળે કે ન મળે બંને બાજુ મોહિની ફાંસ, તે તો દુઃખદાયક જ નીવડે. કદાચ કોઈ કંચન કામનીથી દુર રહી કાર્ય કરે તો તે યશ મેળવવામાં જ મગ્ન રહેતો હોય. હું સર્વથી શ્રેષ્ઠ છું, હું દાની છું, હું જ્ઞાની છું, આવું અભિમાન તેને લપેટી રાખે. કદાચ તેમાંથી પણ બચી આગળ નીકળી જાય તો રસનાં નામ જીભને પોતાનાં સ્વાદમાં જ જકડી રાખે. જીભ કોઈને કટુ વચન કહી દુશ્મન ઉભા કરાવે.

આવી રીતે યોગી હોય કે તપસ્વી હોય, તો તે ક્રોધમાં કંઈકનું ભલું બુરૂ કરી નાખે. વિશ્વામિત્ર મહાન યોગી તપસ્વી, પણ પળમાં ક્રોધ આવે તો કાંઈકનું ધનોત પનોત કરી નાંખે. શકુંતલાને શ્રાપ દઈ પતિથી વિયોગ કરાવ્યો. આવા ઘણાં દ્રષ્ટાંતો છે જે ક્રોધમાં આવી, શ્રાપ આપી, બીજાને દુઃખી કરી મુકે. વળી કોઈ તો વર્ષો સુધી તપશ્ચર્યા કરે, બ્રહ્મચર્ય પાળે વનમાં રહીને કાયાને કષ્ટ આપે. તેવામાં ઈંદ્ર એકાદી અપ્સરા મોકલાવી તેનું તપ ભંગ કરાવી નાંખે. પાછા હતા ત્યાંને ત્યાં જ ઉભા રાખી દ્યે છે. બધાનું કારણ માયાના બે ગુણ મોટા (૧) અહંતા (૨) મમતા. તેને કોઈ છોડી શકતું નથી. ભલે સિદ્ધ થઈ જાય, જગતમાં પુજાવા માંડે, તો પણ હું અને મારું તેનાથી તે મુક્ત થઈ શકે નહીં.

ઉપર મુજબ ક્યાંકને ક્યાંક તો માયા પોતાના ઝપાટામાં લઈ જ લ્યે છે. આ માયાથી બચવા માટે તો એક જ ઉપાય છે, તે માત્ર અનન્ય ભાવથી ભગવાન શ્રીકૃષ્ણનું શરણ. આના સિવાય બીજો કોઈ રસ્તો જ નથી. ભગવદ્ ભક્તને માયા લપેટી શકતી નથી. અકળ ગતિ પ્રભુની છે, તેમ તેની માયાની પણ અકળ ગતિ જ છે. માટે માયાનાં મોહમાં ન પડતાં, માયા પતિનું શરણ ગ્રહણ કરવું તેજ સર્વશ્રેષ્ઠ ઉપાય છે. પ્રભુ સર્વસમર્થ છે. તેને શરણે આવેલાનું રક્ષણ કરે છે. તેથી ત્યાં જ નિર્ભયતા પ્રાપ્ત થશે. આગળ શાસ્ત્રોમાં જોતાં દ્રષ્ટાંતો જોવા મળે છે કે જેને ભગવાને શરણ આપ્યું તે સદા નિર્ભર થઈ ભક્તિ પ્રાપ્ત કરે છે. તે માયામાં લોભાયમાન થતો નથી. પ્રભુ ભજવા માટે શું જોઈએ ? “નેન બેન રસનાં અરૂપાન” નિરખવા માટે આંખો, સાંભળવા કાન, બોલવા જીભ આપી, ગુણગાન કરો, પગે ચાલીને દર્શને જાવો, આ સંપત્તિ તો તેણે આપી જ છે, તેનો ભગવદ્ વિનિયોગ થાય તો જ માયાથી દૂર રહેવાય. માટે જ કવિશ્રી કહે છે કે સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૯૪

દેવર્ષિ નારદ રચિત : **ભક્તિસૂત્ર - પ્રેમદર્શન**

ભાષ્યકાર – શ્રીનલિન મણિશંકર ભટ્ટ, એમ. એ. કોવિદ
હિન્દી ભાવાર્થ – શ્રીહનુમાનપ્રસાદ પોદાર. ભાષાંતર – ડૉ. ચુનીલાલ આર. બાલધા, આંખના સર્જન.

– ગતાંકથી ચાલુ

હવે આચાર્ય જાતે જ આજ્ઞા કરે છે–

ન તેન રાજપરિતોષઃ ક્ષુધાશાન્તિર્વા ॥ ૩૨ ॥

૩૨. ન તેનાથી (માત્ર જાણી લેવાથી) રાજાને ખુશી થાય કે ન ભૂખ મટે.

ફક્ત રાજમહેલનું વર્ણન સાંભળી અને જાણી લેવાથી કામ ન ચાલે. રાજા ધર્માત્મા છે, શક્તિશાળી છે, પ્રજાહિતૈષી છે, રૂપગુણ સંપન્ન છે, એ વાત પણ જાણી લીધી, પરંતુ તેનાથી શું થાય તે જાણી લેવા માત્રથી રાજા પ્રસન્ન થોડા જ થઈ જાય. એ રીતે જાણી લઈએ કે હલવો મીઠો હોય છે, ઘી અને સાકરથી બને છે, ખૂબ સ્વાદિષ્ટ છે. પરંતુ તેનાથી ભૂખ તો નથી મટતી. તેવી રીતે ફક્ત શબ્દજ્ઞાનથી ન તો ભગવાન પ્રસન્ન થાય છે અને ન આપણને શાંતિ મળે છે. જોકે ભગવાન માટે બધા સમાન છે. છતાં પણ પ્રસન્નતા તો ભક્તિથી જ મળે છે.

તેઓ પોતે કહે છે–

સમોઽહં સર્વભૂતેષુ ન મે દ્વેષ્યોઽસ્તિ ન પ્રિયઃ ।
યે ભજન્તિ તુ માં ભક્ત્યા મયિ તે તેષુ ચાપ્યહમ્ ॥

(ગી.૯–૨૯)

હું બધા ભૂતો (જીવો)માં સમાન છું. ન કોઈ મારું ઈર્ષાપાત્ર છે અને ન પ્રિય છે. પરંતુ જે મને ભક્તિપૂર્વક ભજે છે તેઓ મારામાં છે અને હું તેમનામાં છું. (ગી.૯–૨૯) ૩૨.

ભાષ્યાર્થ : કેવળ મહેલના જ્ઞાને રાજાને સંતોષ ઉપજતો નથી. પરંતુ મહેલમાં રહેવાથી સંતોષ થાય છે એજ પ્રમાણે ખાદ્ય પદાર્થના જ્ઞાન માત્રથી તૃપ્તિ થતી નથી પણ તેને ખાવાથી તૃપ્તિ છે, એ જ મુજબ પરમાત્માને લગતાં કેવળ વાણીમાં રહેલાં જ્ઞાનમાત્રથી જીવને "અલંબુદ્ધિ" પણ તે પરમાત્માના અભેદાનુભવથી થાય છે અને અનુભવ તો સ્વયં ભક્તિરૂપ છે. આથી ભક્તિ ફલરૂપા છે એ દઢ થાય છે. ૩૨

કેમ આમ છે–

તસ્માત્ સૈવ ગ્રાહ્યા મુમુક્ષુભિઃ ॥૩૩॥

૩૩. તેથી (સંસારના બંધનથી) મુક્ત થવાની ઈચ્છા રાખનારે ભક્તિ જ ગ્રહણ કરવી જોઈએ.

ભક્તિથી ભવબંધન અનાયાસે કપાઈ જાય છે, સાક્ષાત્ ભગવાન તેના પ્રેમપાત્ર બની તેની સાથે દિવ્ય લીલા કરે છે.

અતિ દુર્લભ કૈવલ્ય પરમ પદ, સંત પુરાન નિગમ આગમ વદ.
રામ ભજત સોઈ મુકુતિ ગોસાઈ, અનઈચ્છિત આવઈ બરિઆઈ.

જુદા જુદા મોટા મોટા સાધનોથી પણ સહજમાં ન મળનાર અતિ દુર્લભ મુક્તિ માગ્યા વગર બળ જબરીથી આવે છે, પરંતુ તે ભક્ત તો–

મુક્તિ નિરાંદર ભગતિ લુભાને

મુક્તિ તરફ આંખ ઉઠાવીને પણ નથી જોતા. એવી સુલભ અને સર્વોપરિ સ્થિતિરૂપ ભક્તિને છોડીને બીજા સાધન કોઈ શા માટે કરે ? શ્રદ્ધાળુ અને બુદ્ધિમાન પુરૂષોએ ફક્ત ભક્તિ જ કરવી જોઈએ. ૩૩

ભાષ્યાર્થ : ફલરૂપ ભક્તિ જ મુમુક્ષુઓએ અપનાવવી જોઈએ, કેમકે ભક્તિ સિવાય જાતનો (પોતાનો) મોક્ષ નથી. કોઈપણ જીવ પોતાના બળે સંસાર સમુદ્રને તરી જવાને શક્તિશાળી નથી. પરમપિતા પરમાત્માની કૃપા જ કેવળ સંસારમાંથી તારક છે અને તે કૃપા ભક્તિથી મળે છે. ખરે ! તે જનેતા જેવી કલ્યાણી હોઈને હંમેશા મુમુક્ષુને સંસારના અનર્થ વૃન્દમાંથી રક્ષે છે. આથી પોતાનું હિત કરવા ઈચ્છતા વિચક્ષણ મુમુક્ષુએ તો ભક્તિનો જ પાલવ પકડવો. ૩૩

૭. પ્રેમરૂપા ભક્તિના સાધન અને સત્સંગનો મહિમા

હવે કનિષ્ઠ અને મધ્યમ અધિકારીઓ માટે ભક્તિનાં સાધનો વર્ણવવા શરૂ કરે છે કે–

તસ્યાઃ સાધનાનિ ગાયન્તિ આચાર્યાઃ ॥૩૪॥

૩૪. આચાર્યગણ તે ભક્તિના સાધન બતાવે છે.

કર્મ અને જ્ઞાન કરતા ભક્તિની શ્રેષ્ઠતા પ્રતિપાદિત કરીને હવે દેવર્ષિ નારદ ભક્તિશાસ્ત્રનું મુખ્ય પ્રવર્તક અને ભક્તિતત્ત્વના અનુભવી આચાર્યો તેમજ સંત–ભક્તો દ્વારા ગવાયેલા એ શ્રેષ્ઠતમ ભક્તિના સાધનોનું વર્ણન કરે છે. ૩૪

ભાષ્યાર્થ : ઉત્તમ અધિકારીઓને માટે સાધનો બતાવવાની કશી જરૂર નથી, કેમકે તે તો જાતે જ ઈષ્ટ સાધનને શોધી કાઢે છે. પરંતુ જેઓ કનિષ્ઠ અને મધ્યમકોટિના છે તેમને માર્ગદર્શન કરાવવું ઉચિત છે. આથી ભક્તિનો ઉદય કરનારા સાધનોને કરુણાને લીધે આચાર્યો અહીં બતાવે છે. એનાં આચરણથી ભક્તિનો ઉદય થશે અને ઉદિત ભક્તિ ભક્તનું કલ્યાણ કરશે. ૩૪

કાવ્ય–કુંજ હોરી કો પદ (રાગ : બસંત)

રચયિતા : ગો.શ્રીગોકુલેશબાવાશ્રી (જૂનાગઢ)

ખેલન લાગે હોરી હો હોરી, ખેલન લાગે હોરી.
અબીર ગુલાલ ચોવા ચંદન કેસર ગાગર ઢોરી..૧
હર્યો પીરો રંગ્યો સબ ગોકુલ લાલ ગુલાબી સબ પોરી.
કેસુકી પિચકારી રસીલી ખેલત સબ દોરા દોરી..૨
ચતુર કન્હૈયા રંગે ગીનગીન રંગે સબ ગોપીન ભોરી.
નટખટ કાન્હ મગ્ન ગોપીન કો ચિત્ત હું લેત હૈં ચોરી..૩
રામશ્યામ મચે ઉધમ પર કોઉ ન રહત હે કોરી.
પ્રેમ રંગમે મગન હર હૃદય કરત મીઠી જોરાજોરી..૪
રંગ સો તન તો રંગત હૈં પર મન સ્નેહ સોં રંગ્યો રી.
ગોકુલેશપ્રભુ રાસ રંગભીને પાગલ ભયો મન મોરી..૫

હોરી કે દુલારે શ્યામ,
નટખટ કપટી લીલા કે ધામ
અબીર ગુલાલ કે રંગ ઉડારી,
બ્રજમેં કરત હૈં અપનો નામ
વિવિધ પચરંગી શોભા મનમોહિત,
સુંદર આભા ગોકુલ ધામ
પ્રેમ રંગ સોં રંગ્યો બ્રજ આજ,
પ્રસન્ન પ્રફુલ્લ ચારો યામ.

હોરી ગીત

રાધારાણી સંગ ખેલે કહાન બરસાને હોરી
ઈન ગ્વાલન કો છોરો ઉત આહિર કી છોરી...રાધારાણી
કોમલ રાધાકી કલૈયાં જોર સે પકડી હૈ સાંવરિયા
ઐસી બરજોરી કરે કહાન ખેલે રે હોરી...રાધારાણી
મારી સરર પીચકારી, ભીગી ચુનરિયા સારી,
લાજ આજ બીસરાઈ રાધા ખેલે રે હોરી...રાધારાણી
કહાન સંગ ગ્વાલ ટોલી, રાધા સંગ સબ સહેલી,
ધુમ કેસી યે મચાઈ ખેલે બરસાને હોરી...રાધારાણી
તેરી દાસી ભી જો હોતી એક બ્રજનાર ભોલી,
ખેલંત કહાન સંગ મેં ભી બરસાને હોરી...રાધારાણી

રચયિતા : શ્રીમતિ રશ્મિબેન વિજયભાઈ દોશી, મુંબઈ

કાવ્ય–કુંજ

રાગ કાન્હરો (આઠેં ભાદોંકી ઉજીયારી પ્રમાણે ગાઈ શકાય)
સપ્તમી ફાગુનકી સુખદાઈ।
દામોદરગૃહ પાટ વિરાજે ગિરિ ગોવર્ધનધારી. ૧
કિયો શૃંગાર અદ્‌ભુત ગિરિધરકો દામોદર હરષાઈ
ચંદ્રવલી લલિતા સબ સખિયન લાલન કંઠ લગાઈ. ૨
વ્રજવનિતા પ્રિય રસનિધિ નિરખત બહુવિધ મંગલ ગાઈ
નૂતન કુંજ વિમલ યમુનાતટ બંસીબટ રૂચિકારી. ૩
ખેલ કિયો મન ભાયો સબમિલ નિર્તત પ્રીતમ પ્યારી
તાલ મિલાવત રાગ અલાપત ડોલત કુંજવિહારી. ૪
ઉડત ગુલાલ અબીર કુમકુમા ખેલ મચ્યો અતિભારી
સ્વાંગ રચ્યો પ્રભુકો રિઝવેકો કિલક હસે ગિરિધારી. ૫
હરિરાય, ગોવિંદ આદિ સંગ ભૂલ ગયે પ્રભુતાઈ
બાલ વિશાલ સહિત શ્રીરાજીવ અનુપમ રસનિધિ પાઈ. ૬
શ્રીરાકેશ સહિત સબ હિલમિલ અદ્‌ભુત રસ બરસાઈ
નિરખિ વિજય, રાશિ પ્રાણ નાથકો ‘દામોદર બલ જાઈ. ૭

રચયિતા : શશીકાંત મનુભાઈ લીમડી (એટલાન્ટા અમેરિકા–મુંબઈ)

આ માસના ઉત્સવ

મહા વદ ૯ તા.૭–૩–૨૦૦૨ ગુરૂવાર : ગો.શ્રીઅનિરૂદ્ધલાલજી મહારાજ (માંડવી–કચ્છ)નો તથા ગો.શ્રીપ્રશાંતકુમારજી (મુંબઈ)નો તથા ગો.શ્રીગોપાલલાલજી (કાંકરોલી–મથુરા)નો જન્મદિન.

મહા વદ ૧૦ તા. ૮–૩–૨૦૦૨ શુક્રવાર : ગો.ચિ.શ્રીનૂપુરકુમારજી બાવાશ્રી (બોરીવલી)નો તથા શ્રીરાજેશકુમારજી મહારાજ (કોટા–કડી–અમદાવાદ)નો જન્મદિન.

મહા વદ ૧૧ તા. ૯–૩–૨૦૦૨ શનિવાર : વિજયા એકાદશી વ્રત.

મહા વદ ૧૨ તા. ૧૦–૩–૨૦૦૨ રવિવાર : ગો.ચિ.શ્રીવસંતકુમારજી બાવાશ્રી (મથુરા–પોરબંદર)નો જન્મદિન.

મહા વદ ૩૦ તા. ૧૩–૩–૨૦૦૨ બુધવાર : દ્વાપર યુગાદિ તિથિ. ગો.ચિ.શ્રીવલ્લભલાલજી બાવાશ્રી (ગોકુલ)નો જન્મદિન.

ફાગણ સુદ ૨ તા. ૧૬–૩–૨૦૦૨ શનિવાર : ગો.ચિ.શ્રીવલ્લભલાલજી બાવાશ્રી (કામવન) તથા ગો.શ્રીદ્વારકેશલાલજી બાવાશ્રી (બોરીવલી–જામખંભાળીયા–રાજકોટ)નો જન્મદિન.

ફાગણ સુદ ૩ તા. ૧૭–૩–૨૦૦૨ રવિવાર : ગો.ચિ.શ્રીઅનિરૂદ્ધલાલજી બાવાશ્રી (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૪ તા. ૧૮–૩–૨૦૦૨ સોમવાર : ગો.શ્રીગોકુલનાથજી મહારાજ (કામવન)નો જન્મદિન.

ફાગણ સુદ ૬ તા. ૨૦–૩–૨૦૦૨ બુધવાર : શ્રીલલિતત્રિભંગરાયજી (વેરાવળ)નો પાટોત્સવ. ફાગણ સુદ ૭ તા. ૨૧–૩–૨૦૦૨ ગુરૂવાર : શ્રીમથુરેશજી (કોટા)નો પાટોત્સવ. ગો.શ્રીકૃષ્ણકુમારજી (કોટા–કડી)નો જન્મદિન.

ફાગણ સુદ ૮ તા. ૨૨–૩–૨૦૦૨ શુક્રવાર : હોળાષ્ટકનો પ્રારંભ. ગો.ચિ.શ્રીવ્રજવલ્લભજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૧ તા. ૨૫–૩–૨૦૦૨ સોમવાર : આમલકી (કુંજ) એકાદશી વ્રત. ગો.શ્રીકુંજેશ– કુમારજી બાવાશ્રી (કોટા–કડી)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૩ તા. ૨૭–૩–૨૦૦૨ બુધવાર : ગો.શ્રીમુરલીમનોહરજી મહારાજ (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ સુદ ૧૫ તા. ૨૮–૩–૨૦૦૨ ગુરૂવાર : ડોલોત્સવ. હોલીકા ઉત્સવ. હોલીકા પ્રદીપન સાંજે. ગો.ચિ.શ્રીગોકુલનાથજી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ વદ ૧ તા. ૨૯–૩–૨૦૦૨ શુક્રવાર : ધૂળેટી, ધૂલીવંદન, દ્વિતીયા પાટોત્સવ.

ફાગણ વદ ૫ તા. ૨–૪–૨૦૦૨ મંગળવાર : રંગપંચમી. શ્રીરણછોડરાયજી (ડાકોર)નો ષોડશોપચાર.

ફાગણ વદ ૯ તા. ૬–૪–૨૦૦૨ શનિવાર : ગો.ચિ.શ્રીવત્સલરાયજી બાવાશ્રી (મુંબઈ)નો જન્મદિન.

ફાગણ વદ ૧૧ તા. ૮–૪–૨૦૦૨ સોમવાર : પાપમોચિની એકાદશી વ્રત. ગો.શ્રીભરતકુમારજી મહારાજ (પુના–ચેન્નાઈ)નો જન્મદિન.

પુસ્તક પરિચય

☐ **૧. શ્રીવિઠ્ઠલેશ ચરિતામૃત :** લેખક–શ્રીકાંતીભાઈ ર. ગાંધી, અમદાવાદ પ્રકાશક–શ્રી જયદેવપ્રભુ ચેરીટેબલ એન્ડ એજ્યુકેશનલ ટ્રસ્ટ, ૯/એ, મિલન સોસાયટી, મિરામ્બિકા સ્કુલની સામે, અમદાવાદ–૩૮૦૦૧૩.

૧/૮ ડેમી સાઈઝ પૃષ્ઠ ૨૮ પીન બાઈંડીંગ. ન્યોછાવર રૂા. ૧૦/– દશ.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીના દ્વિતીય લાલ શ્રીમદ્ વિઠ્ઠલનાથજી જેમને સંપ્રદાયમાં શ્રીગુસાંઈજીના હુલામણા નામથી સંબોધીએ છીએ. કલિમલ દુઃખને હરનારા, ત્રિવિધ તાપનો નાશ કરનારા, પૂર્ણ પુરૂષોત્તમ, દૈવી જીવોના હિત માટે, મનુષ્ય દેહ ધારણ કરી સાક્ષાત્ પ્રભુએ પોતે શ્રીવિઠ્ઠલનાથ તરીકે અવતાર લીધો છે. એવા સર્વ સુખોના દાતા, ભૂતલમાં દઢ ભક્તિને પ્રકટ કરનારા શ્રીવલ્લભ સુતનું પ્રાકટયથી લઈ નિત્યલીલામાં પધાર્યા ત્યાં સુધીનું દ્રષ્ટાંતો સાથેનું સાંગોપાંગ જીવનચરિત્ર સંપ્રદાયના સિદ્ધહસ્ત લેખક–શ્રીહરસાનીજી સાહિત્યકાર સન્માન એવોર્ડ પ્રાપ્ત કરનાર પ.ભ. શ્રીકાંતીભાઈ ર. ગાંધીએ સચોટ–સરળ શૈલીમાં સૌ કોઈ સમજી શકે તેવી રીતે લખીને સાગરને ગાગરમાં ભરી રજુ કરેલ છે. તે બદલ લેખક–પ્રકાશક ધન્યવાદને પાત્ર છે. વાંચવા–વસાવવા–મનન કરવા ઉપયોગી પુસ્તિકા.

☐ **૨. શ્રીસુદર્શન કવચ (સરળ ગુજરાતી ભાવાર્થ સાથે) :** પ્રકાશક–પ્લસ કોમ્યુનીકેશન્સ.

પુસ્તક પ્રાપ્તિસ્થાન : પ્લસ કોમ્યુનીકેશન્સ, ૨૦૩–શાંતી કોમ્પલેક્ષ, (મહેતા બિલ્ડીંગ) બીજે માળે, ૧–કોટક શેરી મેઈન રોડ, હોટલ આદિત્યની પાછળ, રાજકોટ–૩૬૦૦૦૧. ફોન–(૦૨૮૧) ૨૩૫૬૧૧–૨૩૪૨૬૨

ન્યોછાવર રૂા. ૭/– (પોસ્ટેજ રૂા. ૫/– અલગ)

પ્રસ્તુત પુસ્તકમાં શ્રીસુદર્શન કવચ, શ્રીનારાયણ કવચ તથા શ્રીયમુના કવચ સરળ ગુજરાતી અર્થ સાથે આપવામાં આવેલા છે. મુખપૃષ્ઠ ઉપર સુંદર શ્રીસુદર્શન સ્વરૂપનું શ્રીનાથજીનું બહુરંગી ચિત્રજી મુકવામાં આવેલ છે. પુસ્તકમાં સુંદર શ્રીસુદર્શનયંત્રનું ચિત્રજી પણ મૂકવામાં આવેલ છે.

આ પુસ્તકનું વિમોચન પૂ.પા.ગો.૧૦૮ શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રીના કરકમલો દ્વારા 'શ્રીનાથજી ચરિતામૃત' સપ્તાહ દરમ્યાન વિશાળ સમુદાયની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું.

સમાચાર

☐ **પોરબંદર : "શ્રીચંપારણ્યધામ યાત્રા" :** પૂ.પા.ગો.શ્રીવસંતકુમારજી મહોદયે જે મનોરથ સેવેલ અને વૈષ્ણવોએ વધાવેલ તે તા. ૧૦–૧–૨૦૦૨ થી તા. ૨૫–૧–૨૦૦૨ કાર્યક્રમ દ્વારા અતિ અલૌકિક આનંદ સાથે સંપન્ન થયો. આપશ્રીની અધ્યક્ષતા હેઠળ પોરબંદર–રાજકોટથી નરોડા (અમદાવાદ), ગોધરા, ઉજ્જૈન, જબલપુર, ચંપારણ્ય (રાયપુર), અને જગન્નાથપુરી આ સર્વે શ્રીમહાપ્રભુજીની બેઠકોએ ઝારીજી–ચરણસ્પર્શ કર્યા. દરેક સ્થળોએ વૈષ્ણવોએ સ્વાગત કરેલ. દરેક સ્થળોએ તપેલી મનોરથો થયા અને આપશ્રીએ સુંદર અને પ્રેરક વચનામૃતો કર્યા. આપશ્રી સાથે પૂ.પા.ગો.શ્રીકનૈયાલાલજી મહારાજ (પોરબંદર–રાજકોટ) તેમજ પૂ.પા.ગો.શ્રીવિશાલકુમારજી, શ્રીઅક્ષયકુમારજી, શ્રીઅભિષેકકુમારજી પધાર્યા હતા. વૈષ્ણવોએ અલૌકિક આનંદ પ્રાપ્ત કર્યો. જે સંભારણું બની રહેશે.

☐ **આણંદ : આં.રા.પુ.વૈ.પરિષદ દ્વારા વિશાળ સત્સંગ સભા :** કેન્દ્રની કાર્યકારિણીની બેઠક તા. ૨ અને ૩ ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ મળેલ હતી. અને પૂ.ગો.આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં જાહેર સત્સંગ સભાના આયોજનમાં વૈષ્ણવોની વિશાળ મેદની રહી હતી. કેન્દ્રના પદાધિકારીઓએ પ્રવચનો કરેલ તેમજ પૂ.પા.ગો.શ્રીવલ્લભલાલજી (કામવન–વિદ્યાનગર) તથા અધ્યક્ષસ્થાનેથી પૂ.પા.ગો.શ્રીવૃજેશકુમારજીએ વચનામૃતો કરેલ હતા. આપશ્રીએ જણાવ્યું કે ધર્મનું સેવન યશ માટે ન હોવું જોઈએ. આનંદની અભિવ્યક્તિ સાથે સભા પૂર્ણ થઈ.

☐ **આં.રા.પુ.વૈ.પરિષદની કાર્યકારિણીની બેઠક :** તા. ૨ અને ૩ ફેબ્રુઆરી ૨૦૦૨ ના રોજ જે કેન્દ્રની બેઠક મળેલ તેમાં સૌરાષ્ટ્ર, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, રાજસ્થાનના કારોબારીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષશ્રી ઈન્દ્રકાન્તભાઈ પરીખે સૌનું હાર્દિક અભિવાદન કરેલ હતું. આ મીટીંગમાં મહત્વના નિર્ણયો લેવામાં આવેલ હતા.

– કેન્દ્રની અદ્યતન ઓફિસ માટે કાર્યવાહી કરવી.

– જતિપુરામાં શ્રીવલ્લભ ગૌશાળા સુંદર ચાલી રહેલ તેમાં સહાયભૂત થવા માટે અપીલ કરવામાં આવી.

– પરિષદ અને ભાગવત વિદ્યાપીઠ દ્વારા પુષ્ટિમાર્ગની સી.ડી. તૈયાર થઈ રહી છે.

– પરિષદના ઈતિહાસ અને કેન્દ્ર તથા રાજ્યોની પરિષદ દ્વારા થઈ રહેલ પ્રવૃત્તિઓની 'વેબસાઈટ' તૈયાર કરવી.

– ગોસ્વામી પરિષદ વૈષ્ણવ પરિષદને માર્ગદર્શન અર્પશે અને એના જ અંતર્ગત ગોસ્વામી પરિષદના ધર્મઅધ્યક્ષ તરીકે કાર્ય કરે તેવી ભાવના વ્યક્ત કરવામાં આવી. આ માટેનો પ્રસ્તાવ જનરલ કાઉન્સીલમાં લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

– વૈષ્ણવ પરિષદ માત્ર સંસ્થા નથી પણ વિશાળ વૈષ્ણવ પરિવાર છે. તે ભાવના સાથે મીટીંગ પૂરી થયેલ.

☐ **વડોદરા :** કારોબારી કાર્યકરોની મીટીંગ : આં.રા.પુ.વૈ.પરિષદ ગુજરાત પ્રદેશની કારોબારી તેમજ કાર્યકરોની સંયુક્ત બેઠક પૂ.આચાર્યશ્રીઓની ઉપસ્થિતિમાં તા. ૨૦–૧–૨૦૦૨ ના રોજ 'વૃજધામ' વડોદરા ખાતે મળી. ભક્તિવર્ધિની દ્વારા થઈ રહેલી પ્રચારયાત્રા તેમજ ભારત બહાર પણ પુષ્ટિમાર્ગીય પ્રવચનો ઓડીયો કેસેટ વિગેરે દ્વારા પ્રચાર–પ્રસાર થઈ રહ્યો છે. પરિષદ જ્યારે શતાબ્દીના આરે ઉભી છે ત્યારે સંસ્થા માટે સમર્પિત થવું જરૂરી છે. મીટીંગમાં પદાધિકારીઓ તેમજ કાર્યકરોની સારી સંખ્યા હતી. આશ્રયના પદ બાદ મીટીંગ પૂરી થયેલ હતી.

□ **કલ્યાણપ્રાસાદની સ્વપ્નસિદ્ધિના પ્રથમ સોપાન સમાન વ્રજમંગલ મહોત્સવ ભારે હર્ષોલ્લાસ અને ભક્તિમય વાતાવરણમાં સંપન્ન :** યુવા ચેતનાના હૃદયાધાર અને પથદર્શક પ.પૂ.ગો.શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીના સર્વહિતચિંતનના પરિપાકરૂપે સાકાર થનારા સેવા, સંસ્કાર, સ્થાપત્ય, ભાવના અને ચારિત્ર્ય ઘડતરનું કેન્દ્ર બની રહેનારા ભવ્ય અને બેનમૂન 'કલ્યાણ પ્રાસાદ'ની સ્વપન સિદ્ધિના પ્રથમ સોપાનના રૂપમાં શ્રીકલ્યાણરાય સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ત્રિદિવસીય વ્રજમંગલ મહોત્સવનું સમાયોજન કરવામાં આવ્યું હતું જે ભારે હર્ષોલ્લાસ અને આનંદપૂર્વક સંપન્ન થયું. આ મહોત્સવ તૃતીય પીઠાધીશ્વર કાંકરોલી નરેશ પૂ.પા.ગો.૧૦૮ શ્રીવૃજેશકુમારજી મહારાજશ્રીના સર્વાધ્યક્ષસ્થાને યોજાયો હતો. વિશાળ સમિયાણામાં દેશ–વિદેશના અસંખ્ય વૈષ્ણવજનોએ ૮૯ વર્ષમાં ત્રીજીવાર નિજમંદીરની બહાર પધારેલા શ્રીકલ્યાણરાયજી પ્રભુના અલૌકિક દર્શનનો તથા સમગ્ર કાંકરોલી આચાર્ય પરિવાર અને બાળગોપાળોની ઝાંખીનો અલભ્ય લ્હાવો માણ્યો હતો.

મહોત્સવના પ્રારંભ દિવસે વડોદરાના આંગણ નવનિર્મિત થનારા 'કલ્યાણ પ્રાસાદ' ભવનની ભૂમિપૂજન વિધિ ભારતીય સ્થાપત્યકલાના આદર્શ અને આધારભૂત વસ્તુશાસ્ત્રના આધારે પૂ.પા.ગો.૧૦૮ શ્રીપરાગકુમારજી મહારાજશ્રી તથા પ.પૂ.ગો.૧૦૮ શ્રીશિશિરકુમારજી મહારાજશ્રીના કરકમલો દ્વારા સંપન્ન થઈ હતી. આ અલૌકિક અવસરે શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીનો સેવાધર્મ જેમના દ્વારા અનંત યુગો સુધી વિશ્વમાં વિસ્તરવાનો છે એવા વલ્લભકુલના પરમ પવિત્ર આચાર્યશ્રીઓ સહિત વિદ્વત્તજનો, રાજકીય મહાનુભાવો તેમજ શહેરના અગ્રણી મહાનુભાવો અને ધર્મપ્રેમી અસંખ્ય વૈષ્ણવભાવિકોની શુભ ઉપસ્થિતિમાં સંપન્ન થયો હતો.

વ્રજમંગલ મહોત્સવના એક અતિ અગત્યના ચરણરૂપે સેવા, સહિષ્ણુતા, પરહિત અને સૌમ્યતાનો પદાર્થ પાઠ જગતને શીખવાડનાર ગૌમાતાના અપાર મહિમાને વિશ્વમાં ગુંજતો કરવા માટે 'ગૌ માતા વિશ્વની માતા શ્રુતિ' વિષયને હાર્દમાં રાખીને પ.પૂ.ગો.૧૦૮ શ્રીદ્વારકેશલાલજી મહારાજશ્રીની પ્રેરણાથી શ્રીસંતવિભૂતિઓએ જગતમાતા ધરતીના સાક્ષાત્ અને જીવંત પ્રતિક જેવી ગૌમાતાના માહાત્મ્યનું વિસ્તૃત વર્ણન કરી પ્રેરણાત્મક ઉદ્બોધન કર્યા હતા. ઉપસ્થિત વિશાળ વૈષ્ણવ સમુદાયે તલ્લીનતાપૂર્વક ગૌમાતાની ગુણગાથાનું શ્રવણ કર્યું હતું અને માતૃચરણને વંદન કર્યા હતા.

ભૂમિપૂજન પ્રસંગ શ્રૃંખલાના ભાગરૂપે શ્રીકલ્યાણરાયજી મંદિરના પટાંગણમાં પૂર્ણપુરૂષોત્તમ શ્રીકૃષ્ણના નામાત્મક સ્વરૂપ દ્વાદશ કુંડી પુરૂષોત્તમ યજ્ઞ આચાર્ય પરિવાર તેમજ યજમાન પરિવાર દ્વારા ભારે ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો. આ યજ્ઞમાં શ્રીવલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલાં ૧૦૦૮ નામોને વિધિપૂર્વક યજ્ઞાત્મક રીતે બાર યજમાનો દ્વારા સમર્પણ કરવામાં આવ્યા હતા. આ પૂર્વે પહેલા બે દિવસ સુધી પુરૂષોત્તમ સહસ્ત્ર નામના પાઠ કરવામાં આવ્યા હતા. વ્રજમંગલ મહોત્સવની કડીરૂપે ભક્તિ સંગીત સંધ્યા યોજાઈ હતી જેમાં ઋતંભરા ગૃપના શ્રીઅતુલભાઈ પુરોહિત, શ્રીઅશ્વિનભાઈ જોષી, તથા સાથી કલાકારવૃંદે શ્રીકૃષ્ણ રાધાજીની જીવનલીલાઓના વિવિધ પ્રસંગો સુંદર ભક્તિગીતો રજુ કર્યા હતા.

મહોત્સવના અંતિમ ચરણમાં પુષ્ટિ સંપ્રદાયના ઈતિહાસમાં સાત વર્ષના લાંબાગાળા બાદ ત્રીજીવાર

શ્રીકલ્યાણરાય પ્રભુજીએ પોતાના ચરણારવિંદની રજકણ દ્વારા કલ્યાણ પ્રાસાદની પાવનભૂમિને કૃતાર્થ કરવા નિજમંદિરની બહાર પધરામણી કરી હતી. અને પાવન શ્રીઠાકોરજીના સાંનિધ્ય અને આચાર્યશ્રીઓની દિવ્ય છત્રછાયામાં ગૌચારણ લીલાનો મનોરથ સાકાર કરવામાં આવ્યો હતો. ગૌમાતાઓને મોરપીચ્છ, ઘુઘરા, ચાકળાથી સજાવામાં આવી હતી અને લીલાચારાનું નિરણ કરાવ્યું હતું. પૂજન અને દર્શન દ્વારા ભાવિકોએ તેમને લાડ લડાવ્યા હતા. અંદાજે બે લાખ ભાવિકોએ આ અલૌકિક દર્શનનો લાભ લીધો હતો. આપાર જનસમુદાય ઉમટવા છતાં આ પ્રસંગ શિસ્ત અને સંપ્રદાયની ગરિમાના વાતાવરણમાં સંપન્ન થયો હતો.

આ અલૌકિક મહોત્સવનો લહાવો વડોદરામાં બિરાજમાન સર્વે વલ્લભકુલ આચાર્યશ્રીઓ, સંતવિભૂતિઓ, વિદ્વતજનો, રાજકીય આગેવાનો, રાજ્યના મંત્રીશ્રીઓ, દેશ–વિદેશ મહાનુભાવો તથા અસંખ્ય વૈષ્ણવભક્તજનોએ મહોત્સવના વિવિધ તબક્કે લીધો હતો.

ધી રજીસ્ટ્રેશન ઓફ ન્યૂઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૭ અન્વયે
"શ્રીવલ્લભસુધા" પત્ર અંગેની માહિતી

(૧)	પ્રકાશન સ્થળ	રાજકોટ
(૨)	પ્રકાશનની સામયિકતા	માસિક
(૩)	મુદ્રકનું નામ	રવજી પરસોત્તમ પટેલ
	રાષ્ટ્રીયતા	ભારતીય
	સરનામું	'અમૃત' જલારામ–૧, માર્ગ–૩, યુનિવર્સિટી રોડ, રાજકોટ–૩૬૦૦૦૫
(૪)	પ્રકાશકનું નામ	ઉપર મુજબ
	રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
	સરનામું	ઉપર મુજબ
(૫)	સંપાદકનું નામ	ઉપર મુજબ
	રાષ્ટ્રીયતા	ઉપર મુજબ
	સરનામું	ઉપર મુજબ
(૬)	જે વ્યક્તિ આ અખબારના માલિક હોય અને કુલ થાપણનો એક ટકાથી વધારે રોકનારનું સરનામું	આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદ જી–૨, સીતારામ બિલ્ડીંગ, પલ્ટન રોડ, મુંબઈ–૪૦૦૦૦૧

હું રવજી પરસોત્તમ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર પ્રમાણે માહિતી મારી વધુમાં વધું જાણ માન્યતા મુજબ સાચી છે.

તારીખ ૨૦–૨–૨૦૦૨

રવજી પરસોત્તમ પટેલ
મુદ્રક, પ્રકાશક અને સંપાદક

[૧૫] મોટાભાદરા
પોંકીયા વલ્લભભાઈ રાઘવભાઈ
[૧૬] રાધનપુર
શ્રીદામોદરભાઈ કંસારા,
કંસારા બજાર, ટાવર રોડ,
[૧૭] રાજપીપળા
પ્રા. એમ. આર. પાલેજા
'લકુલીશ', માલીવાડ,
[૧૮] વડોદરા
☐ શ્રીવામનભાઈ બી. પટેલ
વાયડાપોળ,
☐ શ્રીકૃષ્ણકાંતભાઈ એમ. મહેતા
ગોવર્ધન હવેલી,
C/O. ઉર્મી સોસાયટી, પ્રોડક્ટીવીટી રોડ,
૬૦–૬૧ અલકાપુરી,
[૧૯] વાપી
શ્રીમતિ ભામિનીબેન કિશોરભાઈ
૧૦ ''અનુકુલ''
એન. એચ. નં.૧૮, જી.આઈ.ડી.સી.
[૨૦] વાંકાનેર
☐ શ્રીસુભાષચંદ્ર ભીખાલાલ કંસારા
☐ શ્રીકાકુભાઈ ગોરધનભાઈ દોશી
C/O. ભારત એજન્સી, પુલ દરવાજાની દુકાન,
મોટી શાકપીઠને નાકે,
[૨૧] સુરત
શ્રીભદ્રેશકુમાર હિંમતલાલ ઠક્કર
વાસણના વેપારી, ૫/૩૩ બી,
હરિપુરા, પીરછડી,

રાજકોટમાં 'શ્રીવલ્લભસુધા'નું લવાજમ નીચેના સ્થળે ભરી શકાય છે.

૧...શ્રી વલ્લભસુધા કાર્યાલય
કંસારા મહાજનવાડી બિલ્ડીંગ, લોહાણાપરા,
૨...શ્રી મનસુખલાલ માવજીભાઈ સોની
શ્રૃંગાર જ્વેલર્સ, સોની બજાર,
૩...શ્રી જશવંતભાઈ ત્રિભોવનદાસ જુઠાણી
શ્રીત્રિકમરાયજીની હવેલી, જાગનાથ પ્લોટ,
૪...શ્રી મુખીયાજી મથુરાદાસ જીવરાજભાઈ
'શારદા સદન', ૨૫–ન્યુ જાગનાથ,
૫...શ્રી વસંતભાઈ એન.વોરા
C/O. વોરા એન્ડ કું., દુર્લભ ચેમ્બર, ઢેબર રોડ,
૬...શ્રી ગોરધનભાઈ વેલજીભાઈ શનિશ્ચરા
'લલિત કુંજ', ૪–કૈલાસવાડી, જંકશન પ્લોટ,
૭...શ્રી મનસુખભાઈ સખીયા
C/O. પટેલ હાર્ડવેર માર્ટ, રૈયા રોડ,
૮...શ્રી કનુભાઈ જે. દેવાણી
'શ્રીનાથજી કૃપા', ૫–ગાયત્રીનગર,
૯...શ્રી અવંતીલાલ ભાઈલાલ સોની
સવજીભાઈની શેરી, સોની બજાર,
૧૦...શ્રી દેવજીભાઈ પડીયા
શ્રીરાજકમલ એજન્સી, પ્રહલાદ રોડ,
૧૧...શ્રી વી. જે. પીઠડીયા
'મોહક', ૭–નીલકંઠનગર,
૧૨...શ્રી વજુભાઈ પીઠડીયા
પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય,
શ્રીસાતસ્વરૂપ હવેલી, મહાત્મા ગાંધી રોડ,
દેના બેંક પાસે,
૧૩...શ્રી ગોવિંદભાઈ મનજીભાઈ કરશાળા
નાલંદા સોસાયટી, શેરી નં. ૨, કાલાવાડ રોડ,
૧૪...શ્રી ગોરધનભાઈ વાલજીભાઈ ગજેરા
'નવનીત કુંજ', ૩–વિશ્વનાથ મેઈન રોડ,
પટેલ બિલ્ડીંગનો સામેનો રોડ,

SHREE VALLABH SUDHA Monthly Magazine Regd. No. G/RJ.212-L.P.W.P.43
Published on third date of Every Month Date: 03-03-2002.

REGD.NO.G.RJ.212, THE LICENSE TO POST WITHOUT PREPAYMENT TO POSTEGE CHARGES NO, L.P.W.P.43

FROM:
SHREE VALLABH SUDHA
KANSARA MAHAJAN WADI, BUILDING,
LOHANA PARA, RAJKOT. PIN.360001.

પ્રતિ શ્રી,

આ.શ્રી.નં. ૧૫૪
SHRI N. K. PARIKH
F/78 GUJARATI SOCIETY, NEHRU
ROAD, VILLE PARLA (EAST),
MUMBAY - 400057.

પીન.

સતસૈયા

૨. ભગવદ્ – સ્તુતિ વિજ્ઞપ્તિ

ભૂખ ભગો કી ભોગ દ્યો,
કૈં ટારોં વહ ભાંન ।
કાંહાંન ! કહૂં હૂં કૌનસોં,
ક્યોં ન ધરત બતિ કાંન ? ॥૪૩॥

ટીકા : હે કહાન ! કહેતાં શ્રીકૃષ્ણચંદ્ર ! મારી ભૂખ જે તૃષ્ણાઓ તે ભાંગી નાખો કે પૂરણ કરો કે તેંનૂં ભાન ટાળો, હું કે દાહાડાનો કરગરૂં છૂં ને મારી વાત કાંન નથી ધરતા, ત્યારે હવે હૂં તે તમ વિના કોંને કહૂં ? કૃપા કરો. ૪૪

– ભક્ત કવિ શ્રી દયારામભાઈ, ડભોઈ.

આં.પુ.વૈ.પરિષદ સંચાલિત શ્રી વલ્લભવિજ્ઞાન પ્રકાશન સમિતિ દ્વારા પ્રકાશિત માસિક પત્રિકા **'શ્રી વલ્લભસુધા'**
તંત્રી, સંપાદક, મૂદ્રક અને પ્રકાશક : **શ્રી રવજીભાઈ [illegible] પટેલ** 'અમૃત' જલારામ પ્લોટ;૧ માર્ગ ૩, યુનિ. રોડ, રાજકોટ–૫.
સહાયક તંત્રી : **શ્રી વસંતભાઈ ન. વોરા.** દુર્લભ ચે[illegible]ર્સ, ઢેબરભાઈ રોડ, બસ સ્ટેશન સામે, રાજકોટ–૧.

મૂદ્રણ સ્થાન : શ્રી રાજકોટ જિલ્લા સહકારી પ્રકાશન અને મૂદ્રણાલય લિ. રાજકોટ–૨. **ફોનઃ ૩૬૨૧૩૮**
કોમ્પ્યુટરાઈઝડ ટાઈપ સેટીંગ : **મેનેરા કોમ્પ્યુસ્કેચ** રાજકોટ. **ફોન : ૨૪૦૫૪૧.**